Ordinary Gazette Part - I / 1999

Issue No.	Date	Department
Issue No.1	07-01-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.2	14-01-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.3	21-01-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.4	28-01-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.5	04-02-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.6	11-02-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.7	18-02-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.8	25-02-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.9	04-03-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.10	11-03-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.11	18-03-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.12	25-03-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.13	01-04-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.14	08-04-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.15	15-04-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.16	22-04-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.17	29-04-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.18	06-05-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.19	13-05-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.20	20-05-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.21	27-05-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.22	03-06-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.23	10-06-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.24	17-06-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.25	24-06-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.26	01-07-1999	This Gazette may contain multiple departments/offices

Ordinary Gazette Part - I / 1999

Issue No.	Date	Department
Issue No.27	08-07-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.28	15-07-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.29	22-07-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.30	29-07-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.31	05-08-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.32	12-08-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.33	19-08-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.34	26-08-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.35	02-09-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.36	09-09-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.37	16-09-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.38	23-09-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.39	30-09-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.40	07-10-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.41	14-10-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.42	21-10-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.43	28-10-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.44	04-11-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.45	11-11-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.46	18-11-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.47	25-11-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.48	02-12-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.49	09-12-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.50	16-12-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.51	23-12-1999	This Gazette may contain multiple departments/offices
Issue No.52	30-12-1999	This Gazette may contain multiple departments/offices

©

1-33

REGISTERED No. G—GA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JANUARY 7, 1999 / PAUSA, 17, 1920 [No. 1

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1-10	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	1-18
Part I-A-Orders and Notifications, other than those published in Part IV- under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	1	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1—94

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માં ની પેટા કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર એસ.બી/ઉગાક/જાહેરનામું/૩૭/૯૮.—સુરત શહેરમાં શાંતી અને ...મતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે, હું, ... આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નિચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૩મી ડિસેમ્બર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ કલાક કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઇપણ સ્ફોટક અથવા ક્ષયકર્મી પદાર્થો લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભીપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચીન્હો નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઇ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જેને અશકતીના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસ ની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

મણીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No ADM / 2 / 2245 of 1998.— In accordance with para 625 of Chapter XXXI of Civil Manual, Volume I, 1960, the District Judge Valsad at Navsari is pleased to notify the following Holidays, as shown below to be observed in the year, 1999. The District Court, Valsad at Navsari and all Subordinate Courts to it in the Judicial District of Valsad shall remain closed on these days :—

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14th January, 1999	Thursday
2	Ramzan-Id (Id-Ul-Fitr)	[illegible] 1999	Wednesday
3	Republic Day	26th January, 1999	Tuesday
4	Holi- 2nd Day (Dhuleti)	2nd March, 1999	Tuesday
5	Cheti Chand	19th March, 1999	Friday
6	Ram Navmi	25th March, 1999	Thursday
7	(1) Bakri-Id (Id-Ul-Aza)	29th March, 1999	Monday
	(2) Mahavir Jayanti (Janmakal Yanaka)	29th March, 1999	Monday
8	Good-Friday	2nd April, 1999	Friday
9	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 1999	Wednesday
10	Muharram	27th April, 1999	Tuesday
11	Raksha Bandhan	26th August, 1999	Thursday
12	Janmashtami (Krishna Jayanti)	3rd September, 1999	Friday
13	Samvantsari (Chaturthi Paksha)	13th September, 1999	Monday
14	Mahatma Gandhi's Birthday	2nd October, 1999	Saturday
15	Dusherra	19th October, 1999	Tuesday
16	Diwali (Extra)	6th November, 1999	Saturday
17	Diwali (Extra)	8th November, 1999	Monday
18	Diwali (New Year Day)	9th November, 1999	Tuesday
19	Diwali (Bhai Bij)	10th November, 1999	Wednesday
20	Diwali (Extra)	11th November, 1999	Thursday
21	Diwali (Extra)	12th November 1999	Friday
22	Guru Nanak's Birthday	23rd November, 1999	Tuesday
23	Christmas	25th December, 1999	Saturday

INDEX

Note :— (1) The following days have not been notified as public holidays as they fall on Sunday

1.	Maha-Shivratri	14th February, 1999
2.	Bhagwan Shri Parshuram Jayanti	18th April 1999
3	Id-E-Milad-Un-Nabi (Prophet Mohamad's Birthday)	27th June, 1999
4.	Independence Day	15th August, 1999
5	Parshi New Year (Parshi Shalenshahi)	22nd August, 1999
6	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 1999
7	Diwali	7th November, 1999

NOTE.—(2) In addition to the holidays notified above Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination Out of the list of Optional Holidays declared vide, Government Notification No GAD No GS/98-45 PHD/1098/2720/GH, dated 13th November, 1998 Permission for availment of those Optional Holidays should however, be applied or in writting in advance and will nromally be granted by the Officer competent to grant Casual leave with the due regard to exigncies of the Court and Office work which should not be affected in any way whatsoever This leave of two days taken by Government Servants at their option on the festival of their choice which should not be debited to their Casual Leave Account.

NOTE.— (3) If any of the Muslim festival notified above, does not fall on the day notified the muslim-Government Employees who choose the particular holidays may be granted an Optional holiday on the festival actually falls, in lieu of a holiday on the day notified.

Navsari, 9th December, 1998.

MISS P. S. SHUKLA,
District Judge, Valsad, At : Navsari.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એડીએમ/૨/૨૨૪૫/૧૯૯૮.—સીવીલ મેન્યુઅલ, ૧૯૬૦ ના પ્રથમ ભાગના ફકરા ૬૨૫ અન્વયે, મળેલ અધિકારની રૂએ ડિસ્ટ્રીક્ટ જજ, વલસાડ, મુ. નવસારી સને ૧૯૯૯ ના વર્ષ માટે આ નીચે દર્શાવેલ દિવસો રજાના દિવસો તરીકે જાહેર કરે છે. વલસાડ જિલ્લા ન્યાયાધીશો જિલ્લા કોર્ટ, વલસાડ, મુ. નવસારી તથા તેના તાબા હેઠળની તમામ અદાલતો આ રજાના દિવસો દરમ્યાન બંધ રહેશે.

અ. નં.	તહેવારનું નામ	તારીખ	દિવસ
૧	મકરસંક્રાંતિ	... ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯	ગુરૂવાર
૨	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	... ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯	બુધવાર
૩	પ્રજાસત્તાક દિન	... ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૯	મંગળવાર
૪	હોળી બીજો દિવસ (ધૂળેટી)	... ૨જી માર્ચ, ૧૯૯૯	મંગળવાર
૫	ચેટીચાંદ	... ૧૯મી માર્ચ, ૧૯૯૯	શુક્રવાર
૬	રામનવમી	... ૨૫મી માર્ચ, ૧૯૯૯	ગુરૂવાર
૭ (૧)	બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	... ૨૯મી માર્ચ, ૧૯૯૯	સોમવાર
(૨)	મહાવીર જયંતિ (જન્મ કલ્યાણક)	... ૨૯મી માર્ચ, ૧૯૯૯	સોમવાર
૮	ગુડફ્રાઈડે	... ૨જી એપ્રિલ, ૧૯૯૯	શુક્રવાર
૯	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	... ૧૪મી એપ્રિલ, ૧૯૯૯	બુધવાર
૧૦	મોહરમ	... ૨૭મી એપ્રિલ, ૧૯૯૯	મંગળવાર
૧૧	રક્ષાબંધન	... ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૯	ગુરૂવાર
૧૨	જન્માષ્ટમી (કૃષ્ણજયંતિ)	... ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
૧૩	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	... ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯	સોમવાર
૧૪	મહાત્મા ગાંધીનો જન્મદિન	... ૨જી ઓક્ટોબર, ૧૯૯૯	શનિવાર
૧૫	દશેરા	... ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૯	મંગળવાર
૧૬	દિવાળી (વધારાની)	... ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૯	શનિવાર
૧૭	દિવાળી (વધારાની)	... ૮મી નવેમ્બર, ૧૯૯૯	સોમવાર

INDEX

૧	૨	૩	૪
૧૮	દિવાળી (નૂતનવર્ષ દિન)	... ૯મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૧૯	દિવાળી (ભાઈબીજ)	... ૧૦મી નવેમ્બર, ૧૯૯૯	બુધવાર
૨૦	દિવાળી (વધારાની)	... ૧૧મી નવેમ્બર, ૧૯૯૯	ગુરૂવાર
૨૧	દિવાળી (વધારાની)	... ૧૨મી નવેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
૨૨	ગુરૂનાનકનો જન્મદિન	... ૨૩મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૨૩	નાતાલ	... ૨૫મી ડિસેમ્બર, ૧૯૯૯	શનિવાર

નોંધ : ૧.—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૧. મહાશિવરાત્રી	... ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૯
૨. ભગવાન શ્રી પરશુરામ જયંતિ	... ૧૮મી એપ્રિલ, ૧૯૯૯
૩. ઈદે-મિલાદ-ઉન-નબી) (મોહંમદ પેગમ્બર સાહેબનો જન્મદિન)	૨૭મી જુન, ૧૯૯૯
૪. સ્વતંત્ર દિન	... ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૯
૫. પારસી નવું વર્ષ (પારસી શહેનશાહી)	... ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯
૬. સરદાર વલ્લભાઈ પટેલનો જન્મદિન	... ૩૧મી ઓકટોબર, ૧૯૯૯
૭. દિવાળી	... ૭મી નવેમ્બર, ૧૯૯૯

નોંધ : ૨.—ઉપરોકત જાહેર કરેલ રજાઓ ઉપરાંત કર્મચારી પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૮ના ક્રમાંકના : જીએડી/નં. ૯૮/૪૫/પીએચડી/૧૦૯૮/૨૭૨૦/જીએચ ની અધિસૂચનામાં જણાવેલા તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ કોઇપણ બે રજા ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી, કોર્ટ અને કચેરીના કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. કર્મચારીગણના સભ્યોએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમની પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

નોંધ ૩.—ઉપર જાહેર કરેલ મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે કર્મચારીગણના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

નવસારી, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૮.

કુમારી પી. એસ. શુકલ,
ડીસ્ટ્રીકટ જજ, વલસાડ.
મુકામ : નવસારી.

Notification

ORDER

No. ADM / 1320 of 1998.— In accordance with para 625 of Chepter XXXI of Civil manual, Vol --I, 1960, the District Judge, Kheda at Nadiad, is pleased to notify the Holidays, as shown below to be ob^erved in the Year 1999. The District Court, Kheda at Nadiad and all subordinate Courts to it in Judicial District of Kheda shall remain closed on those days :

Sr. No.	Name of the Holidays	Date According to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14th January, 1999	Thursday
2	Ramzan-Id (Id-Ul-Fitra)	20th January, 1999	Wednesday
3	Republic Day	26th January, 1999	Tuesday
4	Holi— 2nd Day (Dhuleti)	2nd March, 1999	Tuesday
5	Cheti Chand	19th March, 1999	Friday

INDEX

1	2	3	4
6	Ramnavmi	25th March, 1999	Thursday
7	Mahavir Jayanti (Janmkalyanaka)	29th March, 1999	Monday
	Bakri-Id (Id-Ul-Aza)		
8	Good Friday	2nd April, 1999	Friday
9	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 1999	Wednesday
10	Muharram	27th April, 1999	Tuesady
11	Raksha Bandhan	26th August, 1999	Thursday
12	Janmashtami	3rd September, 1999	Friday
13	Sanvantsari (Chaturthi Paksha)	13th September, 1999	Monday
14	Mahatma Gandhi's Birthday	2nd October, 1999	Saturday
15	Dussehra	19th October, 1999	Tuesday
16	Diwali (Extra)	6th November, 1999	Saturday
17	Diwali (Extra)	8th November, 1999	Monday
18	Diwali (New Year Day)	9th November, 1999	Tuesday
19	Bhai Bij	10th November, 1999	Wednesday
20	Diwali (Extra)	11th November, 1999	Thursday
21	Diwali (Extra)	12th November, 1999	Friday
22	Guru Nanak's Birthday	23rd November, 1999	Tuesday
23	Chistmas Day	25th December, 1999	Saturday

Note :

(1) The following Public Holidays have not been notified as Public Holidays on account of :—

(1)	Maha Shivratri	14th February, 1999
(2)	Bhagvan Shri Parshuram Jayanti	18th April, 1999
(3)	Id-e-Milad-Un Nabi (Prophet Mohammad's Birthday)	27th June, 1999
(4)	Independence Day	15th August, 1999
(5)	Parsi New Year Day (Parsi Shahenshahi)	22nd August, 1999
(6)	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 1999
(7)	Diwali	7th November, 1999

as they fall on Sunday.

(2) No Local holiday for Nadiad Courts is notified as "Public Holiday" on 31th January, 1999 on account of Maha Sud Purnima (Sakar Varsha) as it falls on Sunday.

(3) In addition to the Holidays notified above, members of the staff may avail of a maximum of any Two (2) holidays on the festival occassion at their option and irrespective of their Religious denomination out of the list of Optional Holidays declared for the year, 1999. Permission for availment of those optional holidays should however, be applied for in writing in advance and will normally be granted by the Officer Competent to grant Causal Leave with due regard to the exigencie of the function of the court and of the Office work. These leave of two days taken by Government servants at their option on the Festival of their choice will not be debited to their Casual Leave Account.

(4) If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on the day on which the holiday is actually observed.

Nadiad, 7th December, 1998.

M. D. SHAH,
District Judge, Kheda at Nadiad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

૧૯૫૧ના મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ (૧) એમ મુજબ.

ક્રમાંક પીઓએલ/વશી/૪૧૩/૯૮.—પાટણ જિલ્લાના હારીજ તાલુકાની પીવાના પાણીની તીવ્ર ખેંચની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતા જાહેર જનતાને પીવાનું પાણી સ્વચ્છ થતા યોગ્ય પ્રમાણમાં મળી રહે તે માટે હારીજ મહેસૂલી તાલુકાના તમામ ગામોમાં તાલુકા પંચાયત ગ્રામ પંચાયત સંપ્રાપ્ત ગામતળ થતા સીમતળમાં આવેલ તમામ તળાવોના પાણીનો ઉપયોગ નિયંત્રીત કરવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, હિમાંશુ શેઠ, આઇ. એ. એસ. કલેક્ટર, અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (સને ૧૯૫૧ના ૨૨માં) મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (એમ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ

INDEX

હારીજ તાલુકાના ગામતળના થતા સીમના તળાવોમાંના પાણીની **નીચે પ્રમાણે** વ્યવસ્થા રાખવા હુકમ કરૂ છું.

(૧) ઉપરોકત તળાવોના પાણીનો ઉપયોગ ફકત પીવાના હેતું પુરતો જ મર્યાદિત રહેશે.

(૨) સદરહું તળાવોના પાણીનો ઉપયોગ સિંચાઈ માટે કરી શકાશે નહી તથા ઉકત પાણી દુષિત થાય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(૩) ઉકત પાણીનો ઉપયોગ ફકત પીવાના હેતુસર જ થાય અને અન્ય કોઇ રીતે તેનો ઉપયોગ ન થાય કે પાણી દુષિત થાય નહી તે જોવાની જવાબદારી સંબંધકર્તા ગ્રામ પંચાયતની રહેશે.

આ પ્રતિબંધિત કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

દિવ્યાંશુ શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/વલસ/રજી. નં. ૫૩/૯૮.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડના પત્ર નંબર હથર/સીબી/૨/-૧/ફ/૮૦૧૯/૯૮ તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૯૮થી જણાવ્યા અનુસાર વલસાડ જિલ્લાના પોલીસ કર્મચારીઓનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે આથી કોઇ પણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧, મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગામ જિલ્લા વલસાડના ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮ તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઇ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઇ ફરમાવું છું.

સદરહું ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઇજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૫૪/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી નાતાલના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૮ થી ૪થી જાન્યુઆરી ૧૯૯૯ સુધી (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદૂક ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઇ સરઘસમાં બળતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની

(ઘ) વ્યકિતઓ, અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની, ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની થતા ચિત્રો પત્રિકા પ્લેબોર્ડ અથવા બીજી કોઇપણ પદાર્થ અતવા વસ્તુ તૈયાર કરવી બતાવવા થતા ફેલાવો કરવાની, આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગું પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની હોય, અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લાં મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૫૫/૯૮.—જિલ્લામાં આગામી નાતાલના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૮ થી ૪થી જાન્યુઆરી ૧૯૯૯ સુધી (બંને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી. તેમજ વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા જતાં મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ હુકમ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૧) /વશી-૭૦૨૮-૪૦/૯૮.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૮ થી ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૮ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉછેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થશે હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર જેઓને શારીરિક અશક્તિના છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યાં.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ :

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું / ૩૭ (૩) / વશી-૭૦૪૧-૫૨/૯૮.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મારી સત્તાની રૂઈએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૮ થી ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૮ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

ક્રમાંક એમ.એ.જી./વશી/૮૦૫૪.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયુ છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માંની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૮ ના દિવસે સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુદ્ધા)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો."

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને,
૨. ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
૩. કોઈ લગ્નના વરઘોડાને.
૪. કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ના ૪૫માં ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકક/પીઓએસ / વશી-૪૦૨૭-૪૦૪૮ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. પી. સુડાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ જિલ્લામાં જાહેર શાંતિ જોખમાય તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે. તેમજ જાહેર સુલેહ શાંતિને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈપણ વ્યકિતઓને તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.
(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથ વા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

INDEX

(ગગ) કોઈ સરઘસમાં બળતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓની અથવા તેના શબ અથવા આકૃતિઓ [illegible] પૂતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા બીજા કોઈ નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવી સટાદાર ભાષણ આપવાની, તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કરતી વ્યક્તિ કે જે એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેનું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૩) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૧ માહે ડિસેમ્બર, સને ૧૯૯૮નાં રોજ મારી સહી કરીને સિક્કો કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના.

ક્રમાંક પલસ/મજસ/વશી-૨૨૨૫.—પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના જહુરપુરા શાકમાર્કેટ વિસ્તારમાં શાકભાજી, ફળફળાદી, તેમજ અન્ય વેપાર ધંધાની દુકાનો આવેલી છે. શાકમાર્કેટના કારણે હાથલારીઓ અને પથારામાં શાકભાજીનો વેપાર કરનાર ઈસમો મોટી સંખ્યામાં વેપાર-ધંધો કરે છે. તેમજ શહેરના જુદી જુદી કોમના નાગરિકો ખરીદી માટે આ વિસ્તારમાં સતત અવર-જવર કરે છે. આમ અનેક નાગરિકોની અવર-જવર અને અન્ય પ્રકારના વાહનોની અવર-જવરના કારણે આ વિસ્તારમાં ઘણી ગીચતા જોવા મળે છે. પરિણામે ટ્રાફિકના પ્રશ્નો ઉભા થાય છે. જેના કારણે લોકો વચ્ચે ઘર્ષણ થવાના કારણે કોમી હુલ્લડો પણ થવાના પ્રસંગો બનેલ છે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય નહીં અને લોકોમાં ભયમુક્ત વાતાવરણ રહે તે માટે સદર સાર્વજનિક જગ્યામાં આવતા પ્રજાજનો અને તમામ પ્રકારના વાહનો જેવા કે હાથલારી, સાયકલ, સ્કુટર, ઓટોરીક્ષા હળવા કે ભારી વાહનો વિગેરેનું નિયમન કરવાનું આવશ્યક જણાતાં અત્રેના હુકમ નંબર પલસ/મજસ/વશી/૨૨૨૫, તારીખ [illegible] ઓક્ટોબર, ૧૯૯૮ થી જહુરપુરા શાક-માર્કેટને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી વાહનોની અવર-જવર અંગે નિયમન કરવામાં આવેલ છે.

આ પ્રતિબંધીત વિસ્તારમાંના વેપારીઓના વેપાર-ધંધાના માલની હેરફેર તથા સ્થાનિક રહીશોના વાહનોની વિગેરેની અવર જવર માટે નિયમન કરવું આવશ્યક જણાય છે.

સબબ હું સંજય પટણી, જી.એ.એસ., સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પ્રાંત ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ ફરમાવું છું કે, આ સાથેની અનુસૂચિમાં નિર્દેશીત રસ્તાઓથી જહુરપુરા શાકમાર્કેટ વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો જેવા કે હાથલારી, સાયકલ, સ્કુટર, ઓટોરીક્ષા, હળવા કે ભારી વાહનોએ પ્રવેશ કરવો નહીં કે અવર-જવર કરવી નહીં. તેમજ જહુરપુરા શાકમાર્કેટ વિસ્તારની ૧૫૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ લારી-ગલ્લા ઉભા રાખવા નહીં.

પરંતુ આ સાથેની અનુસૂચિમાં કોલમ નં. ૩માં નિર્દિષ્ટ રસ્તાઓ પૈકીના અનુ. (૩) જુના એસ. ટી. સ્ટેન્ડ, પોષ્ટ ઓફીસ, તરફથી આવતા રસ્તેથી બપોરના ૧૩-૦૦ કલાકથી સાંજના ૧૬-૦૦ કલાક અને રાત્રીના ૨૦-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી વાહનોની અવરજવર કરી શકશે.

અનુસૂચિના કોલમ ૩ માં જણાવેલ અનુ. (૧) (૨) (૪) (૫) (૬) (૭) (૮) ના રસ્તાઓ પર ઈસમો પગે ચાલીને જઈ શકે તેવી કાયમી આડસોની વ્યવસ્થા નગરપાલિકા, ગોધરાએથી તાત્કાલિક અસરથી કરવી.

અનુસૂચિ

ક્રમ નં.	પ્રતિબંધીત વિસ્તાર	પ્રતિબંધીત વિસ્તારમાં વાહનોએ પ્રવેશ નહીં કરવાના રસ્તાઓ.
૧	૨	૩
૧	જહુરપુરા શાકમાર્કેટ	(૧) સોનીવાડના નાકેથી પોલીસ ચોકી પાસેના રસ્તેથી.
		(૨) ગુહ્યા મહોલ્લાની આવતા રસ્તેથી.
		(૩) જુના એસ. ટી. સ્ટેન્ડ પોષ્ટ ઓફીસ સામેના રસ્તેથી. (દરરોજ બપારના ૧૩-૦૦ કલાકથી સાંજના ૧૬-૦૦ કલાક અને રાત્રીના ૨૦-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે).
		(૪) પોલીસ ચોકી નંબર ૫ તરફથી આવતા રસ્તેથી.
		(૫) જ્યોતિ પ્રેસ તરફથી આવતા રસ્તેથી.
		(૬) શ્રી ગુસાઈજી બેઠક તરફથી આવતા રસ્તેથી.
		(૭) મજમુદાર ફળીયા તરફથી આવતા રસ્તેથી.
		(૮) લુહાર સુથાર ફળીયા તરફથી આવતા રસ્તેથી.

આજરોજ તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

સંજય પટણી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધર.

INDEX

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CELING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (1) *Read* with Rule (6)].

No. ULC /1076 / 1115 / D / 2574 / Majalp r.— It is hereby notified that such vacant land as is decribed in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Tarunkumar Jaga Mohandas Sheth and Others.

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. Mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Majalpur	493/1 Paiki	16913	
,,	,,	,,	390/1	15580	
,,	,,	,,	480	1113	
			Total	33606	

Vadodara, 21st October, 1994.

K. D. KAPADIYA,
Competent Authority and Deputy Collector, U.L.C.
Vadodara, Unit No.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. ૧૦૭૬ / ૧૧૧૫ / ડી.-૨૫૭૪ / માંજલપુર.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહું જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેના હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહું જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ :—તરૂણકુમાર જગમોહનદાસ શેઠ વિગેરે.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ ચો.મી.	૫
વડોદરા	વડોદરા	માંજલપુર	૪૯૩/૧ પૈકી	૧૬,૯૧૩	
,,	,,	,,	૩૯૦/૧	૧૫,૫૮૦	
,,	,,	,,	૪૮૦	૧,૧૧૩	
				૩૩,૬૦૬	

વડોદરા, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૪.

કે. ડી. કાપડીયા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર (શ. જ. ટો. મ.)
વડોદરા યુનિટ નં.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. GBA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JANUARY 14, 1999 / PAUSA 24, 1920 [No. 2

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	11-26	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	19-30,
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	2	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	95-154

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૪૧૫/વિ. શા./૧૯૯૯ .—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા,સોટી, બંદૂક,ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવાબીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામો રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નીશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માહે ડીસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૧૬/વિ. શા./૧૯૯૯ .—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું હીરાલાલ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી માહે ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૧૬/૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે તે સદરી જગ્યા પર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯- થી ૩૧મી માર્ચ ૧૯૯૯ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓની રીવોલ્વર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ, સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાંખરની સલામતી સારૂ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ સુધી સવાર કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુ રહીશો તેમજ બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતએ ઉપરોકત સમય દરમીયાન આ જમીનની હદમાં જવુ નહી અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહી. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસ નો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય રોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી સિકકા માર્યા છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/પોલી/૧૨/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) ના ખંડો (૫) (ઇ) અને (લ) થી મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઇને આથી નીચે જણાવ્યા પ્રમાણેના નિયમો કરે છે. અને આ જાહેરનામાનો મુસદ્દો કાયદાથી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પૂરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી કોઇ પણ વાંધા અથવા સૂચનો વિચારણામાં લેશે નહી. ઉપરોકત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઇ વ્યકિત પાસેથી જે કોઇ વાંધા અથવા સૂચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારીને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદ્દો. :

નંબર ડીસીબી/એમએજી/પોલી/૧૨/૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડો (૫) (ઇ) અને (લ) થી મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઇને આથી નીચેના નિયમો કરે છે.

૧. (૧) આ નિયમો સભા અને સરઘસ (નવસારી જિલ્લા વિસ્તાર) ના નિયમન અને વ્યવસ્થા નિયમો ૧૯૯૮ કહેવાશે.

(૨) આ સાથેની અનુસૂચિમાં જણાવેલ મ્યુનિસિપલ રહીશો અને ગામડાઓમાં તે લાગુ પડશે.

૨. કોઇ સરઘસ અથવા સભાના સંચાલકે નવસારી જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટે જેનો આમા હવે પછી "અધિકૃત અધિકારી" તરીકે ઉલ્લેખ કરેલો છે. તેણે આ માટે અધિકૃત કરેલ અધિકારી જે સરઘસ માટે પેટા વિભાગીય પોલીસ અધિકારીથી ઉતરતા નહી હોય તેવા દરજ્જાના પોલીસ અધિકારીને અને (૨) સભા માટે સ્થાનિક કાર્યપાલક મેજીસ્ટ્રેટ-(મામલતદાર) તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને "અધિકૃત અધિકારી" તરીકે અધિકૃત કરવામાં આવે છે. કે જેઓની લેખિત પરવાનગી મેળવી હોય તે સિવાય એવું સરઘસ રસ્તા ઉપર અથવા રસ્તાની બાજુએ કાઢવું નહી અને એવી સભા રસ્તા ઉપર અથવા તેની બાજુએ અથવા જાહેર સ્થળે ભરવી નહી.

૩. અધિકૃત અધિકારીની પરવાનગી સિવાય સરઘસ અથવા સભામાંના કોઇ વ્યકિતએ.

(ક) શારીરિક ઇજા પહોંચાડવા માટે વાપરી શકાય તેવા કોઇ શસ્ત્રો, ડંડાઓ, તલવાર, ભાલો, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાંઠી અથવા બીજી કોઇ વસ્તુ સાથે રાખવી નહી;

(ખ) કોઇ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક મિસાઇલ હથિયારો સાધનો અથવા જલતા સળગતી મશાલ સાથે રાખવા નહી;

(ગ) કોઇ વાહન અથવા પશુ પોતાની સાથે લઇ જવું નહી;

૪(૧) સરઘસ કાઢવાની અથવા સભા ભરવાની પરવાનગી માટેની અરજી આ નિયમો સાથે જોડેલ અનુસૂચિના નિર્દિષ્ટ કરેલા નમુના (ક) પ્રમાણે લેખિત કરવી જોઇએ. અને સરઘસ કાઢવા અથવા સભા યોજવા માગતી વ્યકિતએ તેના ઉપર સહી કરવી જોઇએ,

(૨) જે તારીખે સરઘસ કાઢવા ધાર્યુ હોય અથવા સભા ભરવા ધારો તે તારીખના ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ આવી અરજી અધિકૃત અધિકારીને કરવી જોઇએ.

પરંતુ ઉપર્યુકત પ્રમાણેની સમય મર્યાદામાં અરજી કરવામાં આવી ન હોય તો પણ સબબ અને પુરતા કારણે દર્શાવવામાં આવ્યેથી અધિકૃત અધિકારી જે તારીખ સરઘસ કાઢવા ધાર્યું હોય અથવા સભા ભરવા ધારી હોય તે તારીખના ઓછામાં ઓછા બે દિવસ અગાઉ અરજી કરવામાં અવી હોય તો પરવાનગી આપી શકશે.

૫. અરજીમાં નીચેની વિગતો હોવી જોઇએ.

(ક) સંચાલક અથવા પ્રયોજકનું પુરૂ નામ અને તેના નિવાસ્થાનનું સરનામું.

(ખ) સરઘસ અથવા સભામાં ભાગ લેવાનો સંભવ હોય તેવી વ્યકિતઓની વધુમાં વધુ સંખ્યા.

(ગ) સરઘસ વાજિંત્ર સાથે કે તે વિના અને લાઉડસ્પીકર સાથે તે વિના કાઢવાનું છે કે કેમ? અને સભા લાઉડસ્પીકરો સાથે કે વિના ભરવાની છે કે કેમ?

(ઘ) સરઘસ કાઢવાનું હોય અથવા સભા ભરવાની હોય તે તારીખ.

(ચ) સરઘસ પસાર થવાના માર્ગ અથવા સભા ભરવાનું સ્થળ.

(છ) (૧) સરઘસ નીકળવાનો અથવા સભા શરૂ કરવાનો સમય.

(૨) સરઘસની બાબતમાં નિર્ધારીત સ્થળે પહોંચવામાં સરઘસને લાગવાનો સમય અને માર્ગ ઉપર થોભવાનો સમય અને સ્થળ.

(૩) સભાની બાબતમાં કયારે સભા વિખેરાઇ જવાની છે તેનો સંભવિત સમય.

(૪) સરઘસ કાઢવાનો હેતુ અથવા સભા ભરવાનો હેતુ.

(ઝ) સરઘસ લઇ જવાના અથવા સભામાં વાહનો પશુઓ વાજીત્રોના સાધનો અથવા બીજી કોઇ ચીજોની વિગતો.

૬. પોતાને આપેલી પરવાનગી અંગેના દસ્તાવેજ સાથે અરજદારે સરઘસની જોડે રહેવું અથવા સભામાં હાજર રહેવું જોઇએ અને ફરજ ઉપરના કોઇ પોલીસ અધિકારી તે તપાસવા માટે માંગે ત્યારે તેણે તે રજુ કરવું જોઇએ.

૭. (૧) સરઘસ કાઢવા અથવા સભા ભરવા માટેની આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા નમુના "ખ" પ્રમાણે પરવાનગી અધિકૃત અધિકારી નીચેની તમામ અથવા કોઇપણ શરતે આપી શકશે.

INDEX

સરઘસ કાઢવાની પરવાનગી માટેની શરતો :

(ક) સરઘસમાં ભાગ લેનાર વ્યકિતઓએ રસ્તાની ડાબી બાજુની નજીક ચાલવું અને ટ્રાફીકની મુકત અવર, જવરને અવરોધ થાય તે રીતે ચાલવું નહી.

(ખ) લોકોને ભય અવરોધ અથવા અગવડ થાય તે રીતે સરઘસનું સંચાલત કરવું નહી અને નવસારી જિલ્લાના મેજીસ્ટ્રેટની પરવાનગી સિવાય પરવાનગી આપેલ માર્ગથી વિચલિત થવું નહી.

(ગ) સરઘસમાં ભાગ લેનાર વ્યકિતઓએ રાહદારીઓ માટે રસ્તો ઓળંગવા મુકરર કરેલ સ્થળોએ(ક્રોસીંગ) જ અથવા ફરજ ઉપરની કોઇ પોલીસ અધિકારી દર્શાવે તેવી બીજી અનુકુળ જગ્યાએથી જ રસ્તો ઓળંગવો.

(ઘ) સરઘસમાં ભાગ લેનાર વ્યકિતઓએ કોઇ અશ્લીલ અથવા નિંદાજનક જાહેર પત્રિકા, ભીતપત્રો, આકૃતિઓ પ્રદર્શીત કરવા નહી અથવા જયારે તેઓ કોઇ રસ્તા અથવા સાર્વજનિક સ્થળે હોય ત્યારે અશ્લીલ અથવા નિંદાજનક ચાળા કરવા નહી અથવા તેવા શબ્દો બોલવા નહીં.

(ચ) કોઇ સરઘસમાં એકી સમયે એક ઝંડો અને ૧૨ કરતા વધુ ધ્વજ દંડો હોવા જોઇએ નહી અને ધ્વજ દંડની લંબાઇ એક મીટર કરતાં વધુ હોવી જોઇએ નહી અને તેનો વ્યાસ બે સેન્ટીમીટર કરતાં વધુ હોવો જોઇએ નહી.

(છ) ભારતના સાર્વભોગતા અને અખંડીતતા, રાજયની સલામતી, વિદેશી રાજયો સાથે મૈત્રી ભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટતા અથવા નિતિમત્તાના હિતમાં ફરજ ઉપરના કોઇ પોલીસ અધિકારી આપે તે નિયંત્રણ સંચાલન અથવા પગલાં અંગે તમામ હુકમો અથવા આદેશોનું સરઘસમાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવું જોઇએ.

સભા ભરવાની પરવાનગી માટેની શરતો :

(ક) સભાના સંચાલકે તેમાં ભેગા થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓ માટે મળવાની જગ્યા ધ્યાનમાં લઇને આપી સભા માટે સ્થળ નકકી કરવું.

(ખ) સભા ટ્રાફિકને અથવા તેની નજીકમાં રહેતી વ્યકિતને અગવડ અથવા અવરોધ અથવા ત્રાસ ન થાય તે રીતે ભરવા દેવી.

(ગ) આવી કોઇ સભાના સંચાલકોએ આવી સભાના સ્થળે કોઇ અશ્લીલ અથવા નિંદાજનક જાહેરપત્રિકા પુતળા, ભીંતપત્રો, આકૃતિઓ પ્રદર્શીત કરવા નહીં અને આવી સભાના સંચાલકે અથવા પ્રયોજકે કોઇ અશ્લીલ અથવા નિંદાજનક ચાળા અથવા કોમો અથવા વર્ગવેર ઉશ્કેરવાનો સંભવ હોય તેવા શબ્દો બોલવા નહીં.

(ઘ) ફરજ ઉપરના કોઇ પોલીસ અધિકારી ભારતના સાર્વભૌમત્વ અને અખંડીતતા, રાજયની સલામતી, વિદેશી રાજયો સાથેના મૈત્રી ભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટતા અથવા જાતિમત્તાના હિતમા આપે તેવી નિયંત્રણ સંચાલન વર્તણુંક અથવા પગલાં અંગેના તમામ હુકમો અથવા આદેશોનું સભામાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવું જોઇએ.

(ચ) પરવાનગી આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા નમુના 'ખ' પ્રમાણે રહેશે.

(૧) અરજી આ નિયમો અનુસાર કરવામાં આવી ન હોય તો આવી પરવાનગી આપવી તે ભારત ના સાર્વભૌમત્વ અને અખંડીત રાજયની સલામતી વિદેશી રાજયો સાથેના મૈત્રી ભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા શિષ્ટતા અથવા નિતિમત્તાના હિતમાં થશે નહી એવો પોતાનો અભિપ્રાય થાય તો અધિકૃત અધિકારી સરઘસ કાઢવાની અથવા સભા ભરવાની પરવાનગી આપવાની ના પાડી શકશે.

(૨) અધિકૃત અધિકારીને પરવાનગી આપવાની ના પાડી હોય, ત્યારે ત્યારે તેણે તે માટેના કારણો નોંધવા અને પરવાનગી અપવાની ના પાડવા માટેના કારણો નિર્દિષ્ટ કરતા હુકમની એક નકલ અરજદારને આપવી. આવો હુકમ અરજી મળ્યાની તારીખથી પાંચ દિવસની અંદર જણાવવી.

(૩) પરવાનગી આપવાની ના પાડતો હુકમ કરવામાં આવે ત્યારે અરજદાર હુકમ મળ્યાની તારીખથી પાંચ દિવસની મુદતની અંદર નવસારી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને અપીલ કરી શકશે. અને તેઓ અરજદારે સુનાવણીની તક આપ્યા પછી પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે. નવસારી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ કોઈ હુકમ કર્યો ન હોય અથવા ત્રણ દિવસની મુદતની અંદર આવી અપીલના સંબંધમાં તેમના તરફથી કોઈપણ મળ્યો ન હોય તો અપીલ કરનારની તરફેણમાં અપીલનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમ ગણાશે અને પરવાનગી આપવામાં આવી એમ ગણાશે.

૯. ખરેખરી સ્મશાનયાત્રા કે વરઘોડા માટે પરવાનગીની જરૂર રહેશે નહી.'

૧૦. અરજદાર શરતોમાં નિર્દિષ્ટ કરેલી તમામ શરતોનું પાલન કરવા માટે જવાબદાર રહેશે અને ભારતના સાર્વભૌમત્વ અને અખંડીત રાજયોની સલામતી વિદેશી રાજયો સાથેની મૈત્રી ભર્યા સંબંધો જાહેર વ્યવસ્થા, શિષ્ટતા અથવા નીતીમત્તાના હિતમાં ફરજ ઉપરના કોઇ પોલીસ અધિકારી આપે તે નિયંત્રણ, સંચાલન વતુણુંક અથવા પગલાં અંગેના તમામ હુકમો અથવા આદેશોનું તેણે પાલન કરવું જોઇશે.

૧૧. ભારતના સાર્વભૌમતા અને અખંડીત રાજયની સલામતી વિદેશી રાજય સાથેની મૈત્રી ભર્યા સંબંધો જાહેર વ્યવસ્થા, શિષ્ટતા અથવા નિતિમત્તાના હિતમાં અધિકૃત અધિકારી લેખિત હુકમથી કોઇપણ સમયે પરવાનગી રદ કરી શકશે.

પરંતુ અધિકૃત અધિકારીએ પરવાનગી રદ કરવા માટેના કારણો નિર્દિષ્ટ કરતો સદરહુ હુકમની નકલ અરજદારને આપવી જોઇશે.

નિયમ-૧ (૨) પ્રમાણેનો વિસ્તારો

	તાલુકાનું નામ ૧	મ્યુનિસિપલ શહેર કે ગામોના નામો કે જેને આ નિયમો લાગુ પડે છે. ૨
૧	નવસારી (શહેર) (ગ્રામ્ય)	નવસારી શહેર ઉભરાટ, મહુવર, વેસ્મા, ડાંભેલ આટ, કનેરા, અબ્રામા, સિસોદ્રા ગણેશ
૨	જલાલપોર	જલાલપોર, સીમલક, મરોલી, દાંડી, મટવાડ, ડાંભર, વેડછા અને વિજલપોર.
૩	ચીખલી	ચીખલી, સાદકપોર, સાદડવેલ, ચાસા, સરૈયા, જોગવાડ, માણેકપોર, હરણગામ, ઢેબરપાડા, સમરોલી, ખેરગામ, બ્રામણવેલ, દેગામ અને આલીપોર.
૪	વાંસદા	વાંસદા, ચાપલધરા, ઉનાઇ, પ્રતાપનગર, રાણીફળિયા, નાની ભમટી, હનુમાનબારી અને મનપુર.
૫	ગણદેવી	બીલીમોરા, ગણદેવી, સરીબુજરંગ, અમલસાડ, ગણદેવા દેસરા, આંતલિયા અને બીગરી.

INDEX

"નમૂનો "ક"

જુઓ નિયમ ૪(૧)

સરઘસ કાઢવાની અથવા સભા ભરવાની પરવાનગી અંગેની અરજી.

પ્રતિ,

૧ સંચાલક અથવા પ્રયોજકનું પુરૂ નામ અને તેના નિવાસસ્થાનનું સરનામું :

૨ સરઘસ અથવા સભામાં ભાગ લેવાનો સંભવ હોય તેવા વ્યકિતઓની વધુમાં વધુ સંખ્યા. :

૩ સરઘસ વાજિંત્રા સાથે અથવા તે વિના અથવા લાઉડસ્પીકર સાથે કે તે વિના તે બંને સાથે કે તે વિના કાઢવાનું છે કે વિના ભરવાની છે કે કેમ.? :

૪ સરઘસ કાઢવાની અથવા સભા ભરવાની તારીખ. :

૫ સરઘસ જયાંથી જવાનું હોય તે માર્ગ અથવા સભા જયાં ભરવાના હોય તે સ્થળ. :

૬ (૧) સરઘસ શરૂ થવાનો સમય અથવા સભા શરૂ થવાનો સમય :

(૨) સરઘસની બાબતમાં નિર્ધારિત સ્થળે પહોંચવામાં સરઘસને લાવવાનો સમય અને માર્ગ ઉપર થોભવાના સમય અને સ્થળ :

(૩) સભાની બાબતમાં સભા વિખેરાઇ જવાનો સંભવિત સમય

૭ સરઘસ કાઢવાનો અથવા સભા ભરવાનો હેતુ :

૮ સરઘસમાં લઇ જવામાં અથવા સભામાં રાખવાના વાહનો પશુઓ વાજિંત્રના સાધનો અથવા બીજા કોઇ ચીજોની વિગતો. :

તારીખ. —— —— ૧૯૯

સંચાલક / પ્રયોજકની સહી.

નમૂનો ખ

જુઓ નિયમ ૭ (૧) (૨)

ક્રમાંક તારીખ

શ્રી એમને સરઘસ કાઢવાની પરવાનગી આપવા માટે અરજી કરી છે. તેથી હું શ્રી હોદ્દો આથી "સભા અને સરઘસ" નવસારી જિલ્લાના વિસ્તારના વિસ્તાર નિયમન અને વ્યવસ્થા નિયમો-૧૯૯૮ થી મને મળેલ સત્તાની રૂએ નિયમોમાં દર્શાવેલા સમયે અને સ્થળે અને શરતોએ સરઘસ કાઢવાની/સભા ભરવાની પરવાનગી આપું છું.

૧ સરઘસ / સભાની તારીખ :

૨ સરઘસ/સભાનો હેતુ :

૩ સરઘસ/જવાનો માર્ગ અથવા સભા ભરવાનું સ્થળ. :

૪ (ક) સરઘસ શરૂ થવાનો સમય :

અથવા

મીટીંગ અથવા સભા શરૂ થવાનો સમય :

(ખ) નિર્ધારિત સ્થળે પહોંચવાનો સમય :

અથવા

મીટીંગ અથવા સભા પુરી થવાનો સમય .

અથવા

મીટીંગ અથવા સભાપુરી થવાનો સમય :

(ગ) સરઘસનો માર્ગ ઉપર થોભવા માટે પરવાનગી આપેલ સમય અને સ્થળ. :

૫ સરઘસમાં જેમની પરવાનગી આપી હોય તે વાહનો પશુઓ વાજિંત્ર સાધનો અથવા બીજી કોઇ ચીજોની વિગતો :

૬ સભા/સરઘસમાં ભાગ લેનાર વ્યકિતઓની વધુમાં વધુ સંખ્યા :

૭ સભામાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે કે કેમ? અને સરઘસમાં વાજિંત્રના સાધનો સાથે રહેશે કે કેમ.?

તારીખ :

સ્થળ :

નવસારી, તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૮.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી/સંચારબંધી/વશી.—તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ મુકામે આમોદના કેટલાંક વિસ્તારોમાં બે કોમી જૂથ વચ્ચે થયેલ અથડામણ તથા હુલ્લડ થવાના પરિણામે તંગ પરિસ્થિતિ પ્રવર્તેલ છે અને લોકોનાં જાનમાલને સખ્ત રીતે જોખમમાં છે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો ભય છે અને એવી રીતે ભંગ થતો અટકાવવાનું ઇષ્ટ છે અને તેમ થવું તાત્કાલીક અટકાવવાનું તથા ઝડપી ઉપાયે યોજવાનું ઇચ્છનીય છે.

આથી હું બી. બી. સ્વેન, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે આપેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારના રહેવાસીઓએ તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલ તારીખ તથા કલાકો દરમ્યાન અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારની અંદર આવેલ કોઇપણ માર્ગ જાહેર રાહદારી રસ્તા, રાજ્ય માર્ગ, શેરી ગલી, પેટા ગલી માં સવારી કરવી નહી, વાહન હકારવું નહી, ચાલવું નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી, અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજી કોઇ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

અનુ. નંબર	વિસ્તારનું નામ	તારીખ	સમય
	આમોદ ગ્રામ પંચાયત વિસ્તાર જંબુસર-ભરૂચ હાઈવેને બાદ કરતાં	૩૧મી ડીસેમ્બર ૧૯૯૮	૧૭-૦૦ વાંગ્યાથી અચોકકસ મુદત સુધી.

આ હુકમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને અથવા આ અર્થે તેમને અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિત-ઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વેયે કાઢેલો.

વાંચ્યો :—(૧) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક: એમ.એ.જી./સંચારબંધી/ વશી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

ક્રમાંક એમ.એ.જી./સંચારબંધી/વશી.—આમુખ-૧ માં જણાવેલા હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિ ધ્યાન લેતાં આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવેલ છે.

પરંતુ જનતાની સુવિધા માટે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ ૧૨-૩૦ કલાકથી ૧૬-૩૦ કલાક સુધીનાં સમય માટે આમોદ ગ્રામ પંચાયતનાં તમામ વિસ્તાર માટે ફકત મહિલાઓ માટે આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા તેમજ શાકભાજીનાં ફેરિયા માટે સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૧લી જાન્યુ-આરી, ૧૯૯૯ નાં ૧૬-૩૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે. પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સંચારબંધીનાં અમલની મુદતમાં ફેરફાર કરવા સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ભરૂચને અધિકૃત કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨મો) ની કલમ૩૭ ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ / જાહેરનામું / ૩૭(૧)/વશી/૭૨૦૩-૧૨/૯૮.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૮ થી ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઇ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

INDEX

(૬) છે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઇ જવાનું, ધોરણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરરે જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ થતા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું-૩૭/(૩)/વશી/૭૨૧૩-૨૩/૯૮.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા કોલેજ જેવી સરકારી ઇમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩થી મારી સત્તાની રૂએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ થી ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી કે સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી સીક્કા કરી આપ્યાં.

જાહેરનામું

મકર સંક્રાંતિના ઉત્સવ નિમિત્તે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબ.

નંબર ડીસી/બીપીએ/૩૩/(૧)(ખ)/જા.નામું./વ–૧ થી ૨૦/૯૯.—આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મકરસંક્રાંતિનો ઉત્સવ ઉજવવામાં આવનાર છે આ પ્રસંગે લોકો દ્વારા પતંગ ચગાવીને લોકો આનદ મનાવે છે. પરંતુ ભુતકાળમાં આવા પ્રસંગો દરમ્યાન રાજ્યમાં કેટલાક શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પતંગ ચગાવવા બાબતે અલગ અલગ કોમના લોકો વચ્ચે સામાન્ય પ્રકારની અથડામણ થવા પામેલ અને તેમાંથી મોટું સ્વરૂપ ધારણ કરી કોમી રમખાણો ઉદ્‌ભવવા પામેલ કેટલાક સ્થળોએ નાના છોકરાઓ લાકડી ઉપર કાંટાવાળા ઝાડના ડાળા બાંધી તેના ઝંડા બનાવી પતંગ દોરી પકડવા જાહેર રોડ ઉપર દોડાદોડી કરવા જતાં અકસ્માતનો ભોગ બનવા પામેલ. આવી દોડાદોડી કરવાથી ટ્રાફીકને ખૂબજ અડચણ ઉભી થવા પામેલ છે.

આમ ઉપર્યુકત તમામ પરિસ્થિતિઓનું પુનરાવર્તન ન થાય તથા આ પ્રસંગે કોઇપણ જાતનાં અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ ઉત્સવ શાંતીપુર્ણ વાતાવરણમાં પુર્ણ થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય નહી તે હેતુથી હું કે. એલ. બચાણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯ થી ૨૦મી જાન્યુઆરી ૧૯૯૯ સુધીના સમય ગાળા દરમ્યાન નીચેના કૃત્યો નહી કરવા ફરમાવુ છું.

(૧) જાહેરમાં લોકોના અવર જવરના રસ્તાઓ ઉપર તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે પતંગ ચગાવવા.

(૨) લાકડી ઉપર કાંટાવાળા ઝાડના ડાળા બાંધી ઝંડા બનાવી કે બીજી કોઇપણ રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ પકડવા.

INDEX

(૩) પતંગ દોરી ઉપર બિભત્સ પ્રકારના અગર કોમી તેમજ ધાર્મિક લાગણી દુભાય તેવા કે ઉશ્કેરણીજનક લખાણો લખવા.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી તથા શહેરી વિસ્તાર.

આજતારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી. / વશી-૮૨૪૮.— ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટામ્પ ગોઠવી કેટલાક લોકો છોકરાઓ બોલબેટથી ક્રિકેટ રમતા તથા જાહેર રસ્તા પર પતંગ ચગાવતાં હોય છે. આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મકર-સંક્રાંતિનો તહેવાર આવતો હોય, જેથી જાહેર રસ્તાઓ તેમજ શેરીઓમાં છોકરાઓ ઉભા રહી ક્રિકેટ રમતા હોય કે પતંગ ચગાવતા હોય તેના કારણે વાહન વ્યવહાર તથા અવર જવર કરતાં લોકોને અવરોધ ઉભો થઈ અકસ્માતો થવાનો સંભવ રહે છે તે ઉપરાંત બેટથી બોલ ઉછાળીને જતો હોય, લોકોને વાગવાની તથા જાહેર માલ મીલ્કતને લાગવાથી નુકશાન થવાનો સંભવ રહે છે જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તેમજ શેરીઓમાં ક્રિકેટ રમત રમવા તથા પતંગ ઉડાવવા લૂટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

આથી હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) બી) અને કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિતઓ જાહેર રસ્તા અથવા જગ્યાએ તથા શેરીઓમાં બોલબેટથી ક્રિકેટની રમત રમવી નહિ તેમજ પતંગ ઉડાવવા કે લૂંટવા નહિ.

ઉપરોકત જાહેરનામાનો અમલ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૯થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૯ બંને દિવસ સહિત પ્રતિબંધ કરવામાં આવે છે. ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહું અધિનિયમ ની કલમ ૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧ મી માહે ડિસેમ્બર, ૧૯૯૮નાં રોજ મારી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. / વશી-૮૨૪૯.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ મા) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૯નાં દિવસે સવારના ૦૬.૦૦ કલાકથી તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો"

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માહે ડિસેમ્બર, ૧૯૯૮નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી/વશી .—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી. એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

INDEX

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવુ કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારિરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા સાથે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ—૨૨માંની કલમ-૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૭૬૦/૯૮.—મહેસાણા જિલ્લાના પોલીસ હેડકવાર્ટસ મહેસાણા ખાતે ફાયરીંગ બટના સ્થળે પાટણ જિલ્લાના પોલીસ અધિકારીઓની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૯ દરમ્યાન યોજવાનું નકકી થયેલ છે. જેથી લોકોની તથા ઢોરઢાખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૪) થી મળેલ સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડકવાર્ટરના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રૂપે માણસો તથા ઢોર ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૭૬૧/૯૮.—ખેરાલુ થાલુકાના ધરોઈ ગામે પાટણ જિલ્લાના પોલિસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસનો કેમ્પ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ તી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી રાખવામાં આવેલ, હોઈ લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ મહેસાણા તાલુકાના ધરાઈ ગામના સર્વે નંબર ૫૦ અને તેની આજુબાજુના એક કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી સવારના ૭-૦૦ કલાકતી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીના પગલા રૂએ માણસો થતા ઢોર ઢાંખરની અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેર હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૫૧/૯૮.—પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ ફાયરીંગ બટ વિસ્તાર સેનાપતિ રાજય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના તાબા હેઠળની જુદા જુદા એસ. આર. પી. યુનીટો તથા જિલ્લા પોલીસ યુનીટો મીલીટરી યુનીટો, એન. સી. સી. યુનીટો, એરફોર્સની ફાયરીંગ પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે. આ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૯ સુધીના સમય માટે ચાલુ રહેનાર હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારની પ્રજાની સલામતી જાળવવા સારૂ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવા માટે સેનાપતિ, રાજય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાએ તેઓના પત્ર ક્રમાંક સીબી/૪/ફા. બટ/૭૬૬૮/૯૮ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮ થી વિનંતી કરેલ છે.

સબબ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૯ (બંન્ને દિવસો સહ) સેનાપતિ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના યુનીટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળના ફાયરીંગ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઇપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ. પી. કો. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે આ હુકમની બહોળી પ્રસિધ્ધિ ઉપરોકત વિસ્તારી તથા અન્ય જાહેર સ્થળોએ દાંડી પીટાવીને પોલીસ ખાતાએ કરવી.

ગોધરા, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર મકમ - પલસ-મજસ-વશી-૧ થી ૪૦.—આગામી તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૯ દરમ્યાન ઉત્તરાયણ, રમજાન ઇદ, પ્રજાસત્તાક દિન જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઇ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૯ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૯ (બન્ને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાંર, ધોકા, બંદૂક છરો લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાની કે યંત્રો સાધનો સાથે લઇ જવા નહી એકઠાં કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવાં નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી, બતાવવા નહી અથવા તો તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઇન્સ્પેકટરથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આજરોજ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ / ફાયરીંગ/શેરૂલા / વશી. ૬૫૫૯.—સુરત જિલ્લાનાં ઉકાઇ ખાતે સુરત જિલ્લાના હોમગાર્ડઝનો બેઝિક તાલીમ અંગેનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ થી ૨જી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું વી ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઇ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ થી ૨જી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઇ સદરહુ વિસ્તારનાં આજુબાજુ રહેતા તથા બહારની કોઇ પણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ થી ૨જી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પેનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ / શેરુલા / વશી./૬૫૮૫/ ૬૬૪૮ / ૯૮.—સુરત જિલ્લાનાં ઉકાઇ ખાતે સુરત જિલ્લાનાં પોલીસ માણસો તથા પોલીસ ઓફીસર્સનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ--૩૭ (૪) મુજબ મળેલ અધિકારની

રુએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેક્ટીશનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારમાં આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અનધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુ-બાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ મારી સહી સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) અને (૨) મુજબ.

નંબર પલસ / વશી / જાહેરનામું / વ. ૬૭૩૧/૯૮.— આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ ખ્રિસ્તી લોકો ક્રિસમસની ઉજવણી અંગે દેવળમાં ભેગા થઈ પ્રાર્થના તથા મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરનાર હોઈ તેમજ વનવાસી સંગઠન તથા હિંદુ સંગઠનો દ્વારા હિન્દુ લોકોને ભેગા કરી હિન્દુ મહાસભાનું આયોજન થવાની સંભાવના હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા-જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરુર છે. તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ અને ૨ અન્વયે મળેલ અધિકારની રુએ હું શ્રી વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિ-સ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) સુધી કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ઘોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા, કરવા નહી. તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરુચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં, તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર :

(પોલીસ કમિશનરશ્રી વિસ્તાર સિવાય)

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યક્તિઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૨ મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર પલસ / વશી / જાહેરનામું / ૯૮ વ. ૬૭૩૧/૯૮.—આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ ખ્રિસ્તી લોકો ક્રિસમસની ઉજવણી અંગે દેવળોમાં ભેગા થઈ પ્રાર્થના તથા મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરનાર હોઈ તેમજ વનવાસી સંગઠનો તથા હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ લોકોને ભેગા કરી હિન્દુ મહાસભાનું આયો-જન થવાની સંભાવના હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થ-જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રુરલ) જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરુર જણાવ્યું છે.

વાસ્તે હું વી. ડી. અસાંરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંની કલમ-૩૭ ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે સુરત (રુરલ) જિલ્લામાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજથી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યક્તિ-ઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમાં, ટાઉનહોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસ માં મુસાફરી કરવા માંગતા મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનો ફાઈડ વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૨) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી, અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૮નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪(૧) અને (૨) અન્વયે કાઢેલો.

નંબર એમ.એ.જી/વશી/૨૬/૨૭ થી ૪૪.—ડાંગ જિલ્લામાં હિન્દુઓ તથા ખ્રિસ્તીઓ વચ્ચે તથા ભરૂચ જિલ્લામાં આમોદ ગામમાં હિન્દુઓ તથા મુસ્લિમો વચ્ચે ધર્મ બાબતે ઘર્ષણ થતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમમાં મુકાયેલી છે જેથી સબ ડીવીઝનલ રાજપીપલામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોંચે તથા સુલેહ શાંતિ સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી મને મળેલ સૂચના પ્રમાણે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

આથી હું એસ. કે. મોદી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાજપીપલા જિલ્લો નર્મદા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ રાજપીપલા, દેડીયાપાડા, સાગબારા અને તિલકવાડા નર્મદા જિલ્લાના ૪ (ચાર) તાલુકાઓમાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના કર્મચારી તથા અધિકારી

(૨) લગ્ન વરઘોડો સ્મશાન યાત્રામાં જોડાયેલ વ્યકિતને.

ઉપરોકત હુકમ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ નામાં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમાનુસાર પ્રસિદ્ધિ કરવી.

રાજપીપળા, તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૯.

એસ. કે. મોદી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
રાજપીપળા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC-6 (i) 1/1737,1/1777,1/1976,/1/1905/Rander/Unit-5.—Whereas draft statement dated 30th Sepetember 1982 was served on Shri Kantilal Ishwarlal Tamakuwala under sub-section 3 of section 8 of the Urban Land (Coiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 9th July 1998 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now, therefore in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :

(i) The vacant land as specified in the the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit :

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No. Final plot No. 5(a)	Details of land: Area in Sq.Mts. 5(b)	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1	Kantilal Ishawarlal Tamakuwala	Rander	Chorasi	221, 222 224, 225 paiki	338.00	

Surat, 31st December, 1998.

M. S. GOHIL,
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Surat.

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ--૧૦(૧) તથા નિયમ--૬ અનુસાર].

નંબર યુએલ.સી./૬(૧) ૧/૧૭૩૭, ૧/૧૭૭૭, ૧/૧૯૭૬, ૧/૧૯૦૫/રાંદેર / યુનિટ--૫.—જે અર્થે, શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ તમાકુવાળા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ--૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ નાં નિયમ--૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૨ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવા આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૨ નું આખરી પત્રક કલમ--૮(૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ--૧૦ (૧) અન્વયે મળેલ અધિકારી રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે,અને (૨) આ સાથેના પરિશિષ્ટ જણાવેલમાં ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાં તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત રાજ્ય સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખાથી દિન ૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત: ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧.	કાંતિલાલ ઈશ્વરલાલ તમાકુવાળા	રાંદેર	ચોર્યાસી	૨૨૧, ૨૨૨, ૨૨૪, ૨૨૫ પૈકી	૩૩૮--૦૦	

સુરત, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

એમ. એસ. ગોહીલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC 6 (1) 2/591-24, 2/579-27 1/647-28, 2/582-29, 2/629-30, 2/585-38, 2/592-33, 37/3-34, 2/645-34-Unit-3.—Whereas draft statement dated was served on Shri Jagabhai Lallubhai & others under sub-section (3) of section 8 the Urban Land (Ceiling & Regulation) Act, 1976 in Form III appended to rule5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 30th November 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section (3) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit,

Sr. No.	Name of the Holder	Village	Taluka	Survey No. final plot No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
(1)	Shri Jagabhai Lallubhai and others.	Puan	Chorasi	536/3	4351	sq. mt.
		,,	,,	536/1	2327	,,
		Karanj	,,	29/1	1560.75	,,

Surat, 23rd December, 1998.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧) ૨/૫૯૧-૨૪, ૨/૫૭૯-૨૭, ૨/૫૮૨-૨૯ ૧/૬૪૭-૨૮, ૨/૬૨૯-૩૦, ૨/૫૮૫-૩૮, ૨/૫૯૨-૩૩,૩૭/૪-૩૪, ૨/૬૪૫-૩૪, યુનિટ-૩.—જે અર્થે શ્રી જગાભાઈ લલ્લુભાઈ ડાહ્યાભાઈ વિગેરે ના એડવોકેટશ્રી કે.કે. ત્રિવેદી એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નંબર ૩ પ્રમાણેનું તા. નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩૦-૧૧-૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, આથી જાહેર કરૂં છું કે. (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે. અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમનાં હકક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી જગાભાઈ લલ્લુભાઈ ડાહ્યાભાઈ વિ.ના	પુણા	ચોર્યાસી	૫૩૬/૩	૪૩૫૧—૦૦	ચો. મી.
		,,	,,	૫૩૬/૧	૨૩૨૭—૦૦	,,
		કરંજ	,,	૨૯/૧	૧૫૬૦—૭૫	,,
		,,	,,			

સુરત, તારીખ ૨૩મી ડિસેમ્બર ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section *10(1)* *Read* with Rule *(6)*]

No. ULC—6 (i) 1/900 - 62 - Dumbhal -Unit-3.- —Whereas draft statement dated 17th March, 1986 was servedon Shri Vallabhbhai Vasanjibhai under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 2nd December, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks.
				Survey No. Final Plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5 (a)	5 (b)	6
1	Shri Vallabhbhai Vasanjibhai	Dumbhal	Chorasi	44/2 Paiki	19,102.96	

Surat, 23rd December 1998.

M. S. THAKKAR,
Competent Authority and
Additional Collector,
Urban Land Ceiling, Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી ૬/(૧) / ૧/૯૦૦/૬૨ / ડુંભાલ / યુનિટ-૩.—જે અર્થે શ્રી વલ્લભભાઈ વસનજીભાઈ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેના તારીખ ૧૭મી માર્ચ ૧૯૮૬ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા, અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરું છું કે :—(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત: સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત: ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી વલ્લભભાઈ વસનજીભાઈ	ડુંભાલ	ચોર્યાસી	૪૪/૨ પૈકી	૧૯,૧૦૨.૯૬ ચો. મી.	

સુરત, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૮.

એમ. એસ. ઠક્કર,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
(શ. જ. ટો. મ.), સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JANUARY 21, 1999 / MAGHA, 1, 1920 [No. 3

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	27-40	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	31-44
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-F under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	3	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	155—202

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબનું.

ક્રમાંક ઉ/ગપક/એસ. બી. / મકરસંક્રાંતી/જાહેરનામું/૧ / ૯૯.—તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મકરસંક્રાંતીનો તહેવાર આવતો હોય, સુરત શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેરમાર્ગો, રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા, ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ ગલી શેરીઓમાં દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફિકને અડચણ થાય છે. અને કેટલીક વખત ગંભીર અકસ્માતો થાય છે. તેમજ સુલેહ શાંતિનો ભંગ થવાની પણ શકયતાઓ ઉભી થાય છે. જેથી જાહેર સલામતિ માટે આવી રીતે જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાડવા હાથમાં ઝંડા તથા વાંસ અથવા અન્ય વસ્તુઓ લઈ દોડાદોડી કરી પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતું હોઈ, વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ

INDEX

પોલીસ કમિશનર, સુરત શહેર, સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ કલમ-૩૩ (૧) બી થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર રસ્તામાં અથવા જગ્યા ઉપર પતંગો ઉડાડવા નહીં તથા હાથમાં ઝંડા, લાંબા કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો અથવા દોરા મેળવવા જાહેર રસ્તા ઉપર અથવા જગ્યાઓમાં દોડાદોડી કરવી નહીં કે હરવું ફરવું નહીં તથા ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર 'દોરી' નાંખવાનું કૃત્ય કરવું નહીં કે કરાવવું નહીં.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હદમાં આવતો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ઉ/ગપક/એસ. બી. /વીશી/જાહેરનામું/૨/૯૯.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી, વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા-કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી, ચાળા વિગેરે કરવાથી અથવા ચિન્હો, નિશાનીઓ, તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

BY DISTRICT JUDGE

Notification

No. B 10/1834/1998.—In accordance with para 625, Chapter-XXXI of the Civil Manual Volume-I 1960 the District Judge, Surat is pleased to notify the follow ing days as Holidays to be observed in the year 1999. The District Court, Surat and all the Courts subordinate to it in the Judicial District of Surat shall remain closed on these days.

Sr. No. 1	Name of the Holidays 2	Date according to Geregorian Calendar 3	Day 4
1	Makar Sankranti	14th January, 1999	Thursday
2	Ramzan-Id (Id-Ul-Fitra)	20th January, 1999	Wednesday
3	Republic Day	26th January, 1999	Tuesday
4	Holi 2nd Day (Dhuleti)	2nd March, 1999	Tuesday
5	Cheti Chand	19th March, 1999	Friday

INDEX

1	2	3	4
6	Ramnavmi	25th March, 1999	Thursday
7	(1) Mahavir Jayanti (Janmkalyanaka)	29th March, 1999	Monday
	(2) Bakri-Id (Id-Ul-Aza)	29th March, 1999	Monday
8	Good-Friday	2nd April, 1999	Friday
9	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 1999	Wednesday
10	Muharaam	27th April, 1999	Tuesday
11	Raksha Bandhan	26th August, 1999	Thursday
12	Janmashtami (Krishna Jayanti)	3rd September, 1999	Friday
13	Samvatsari (Chaturthi Paksha)	13th September, 1999	Monday
14	Mahatma Gandhi's Birthday	2nd October, 1999	Saturday
15	Dassehra	19th October, 1999	Tuesday
16	Diwali (Extra)	6th November, 1999	Saturday
17	Diwali (Extra)	8th November, 1999	Monday
18	Diwali-New Year Day	9th November, 1999	Tuesday
19	Bhai-Bij	10th November, 1999	Wednesday
20	Diwali (Extra)	11th November, 1999	Thursday
21	Diwali (Extra)	12th November, 1999	Friday
22	Guru Nanak's Birthday	23rd November, 1999	Tuesday
23	Christmas Day	25th December, 1999	Saturday

Note :—

1. The following days have not been notified as Public Holiday, as they fall on Sunday.

1.	Maha Shivrathri	14th February, 1999
2.	Bhagvan Shri Parshuram Jayanti	18th April, 1999
3.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohamed's Birthday)	27th June, 1999
4.	Independence Day	15th August, 1999
5.	Parsi New Year Day (Parsi Sahenshahi)	22nd August, 1999
6.	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 1999
7	Diwali	7th November, 1999

2. In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list optional holidays declared *vide* Government Notification No. GAD No GS/98-45-PHD 1098/2720/G, dated 13th November, 1998 should however, be applied for in advance and will normally be granted by the Officer competent to grant Casual leave with the due regards to exigencies of Government work. This leave of two days taken by Government servants at their option on the festival of their choice will not be debited to their casual leave account.

3. If any of the Muslim festival notified above, does not fall on the day notified, the Muslim servant of Government who choose the particular holiday may begranted as optional holiday on the day on which festival actually falls. In lieu of a holiday on the day notified.

Surat, 7th December, 1998.

A. A. KURESHI,
District Judge,
Surat.

ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા

જાહેરનામુ

જાવક નંબર બી. ૧૦./૧૮૩૪/૧૯૯૮.— સને ૧૯૬૦ ના સીવીલ મેન્યુઅલ (વોલ્યુમ--૧) ના ચેપ્ટર--૩૧ ના ફકરા ૬૨૫ મુજબ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત સને ૧૯૯૯ ના વર્ષ માટેની નીચે જણાવેલ દિવસોએ રજાઓ પાડવાનું જાહેર કરેલ છે. સુરત જિલ્લામાં આવેલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ અને તેની તાબાની તમામ કોર્ટોને તે દિવસે રજા પાડશે.

અનુ. નંબર	રજાના દિવસોના નામ	તારીખ	વાર
૧	૨	૩	૪
૧	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯	ગુરૂવાર
૨	રમજાન ઈદ (ઈદ--ઉલ--ફીત્ર)	૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯	બુધવાર

INDEX

૧	૨	૩	૪
૩	પ્રજાસત્તાકદિન	૨૬મી જાન્યુઆરી, ૧૯૯૯	મંગળવાર
૪	હોળી (બીજો દિવસ)	૨જી માર્ચ, ૧૯૯૯	મંગળવાર
૫	ચેટીચાંદ	૧૯મી માર્ચ, ૧૯૯૯	શુક્રવાર
૬	રામનવમી	૨૫મી માર્ચ, ૧૯૯૯	ગુરૂવાર
૭	(૧) મહાવીર જયંતિ (મહાવીર જન્મ કલ્યાનક)	૨૯મી માર્ચ, ૧૯૯૯	સોમવાર
	(૨) બકરી ઈદ (ઈદ–ઉલ–ઝુહા)	૨૯મી માર્ચ, ૧૯૯૯	સોમવાર
૮	ગુડફ્રાઈડે	૨જી એપ્રિલ, ૧૯૯૯	શુક્રવાર
૯	ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ	૧૪મી એપ્રિલ, ૧૯૯૯	બુધવાર
૧૦	મોહરમ	૨૭મી એપ્રિલ, ૧૯૯૯	મંગળવાર
૧૧	રક્ષાબંધન	૨૬મી ઓગસ્ટ, ૧૯૯૯	ગુરૂવાર
૧૨	જન્માષ્ટમી (કિષ્ણ જયંતિ)	૩જી સપ્ટેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
૧૩	સંવત્સરી (ચતુર્થીપક્ષ)	૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯	સોમવાર
૧૪	મહાત્મા ગાંધી જયંતી	૨જી ઓકટોબર, ૧૯૯૯	શનિવાર
૧૫	દશેરો	૧૯મી ઓકટોબર, ૧૯૯૯	મંગળવાર
૧૬	દિવાળી (એકસ્ટ્રા)	૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૯	શનિવાર
૧૭	દિવાળી (એકસ્ટ્રા)	૮મી નવેમ્બર, ૧૯૯૯	સોમવાર
૧૮	દિવાળી (નવું વર્ષ)	૯મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૧૯	ભાઈબીજ	૧૦મી નવેમ્બર, ૧૯૯૯	બુધવાર
૨૦	દિવાળી (એકસ્ટ્રા)	૧૧મી નવેમ્બર, ૧૯૯૯	ગુરુવાર
૨૧	દિવાળી (એકસ્ટ્રા)	૧૨મી નવેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
૨૨	ગુરુનાનક જન્મ જયંતિ	૨૩મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૨૩	નાતાલ	૨૫મી ડીસેમ્બર, ૧૯૯૯	શનિવાર

નોંધ :— (૧) નીચેની રજા રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

(૧)	મહાશિવરાત્રી	૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૯
૨.	ભગવાનશ્રી પરશુરામ જયંતિ	૧૮મી એપ્રિલ, ૧૯૯૯
૩.	ઈદ-ઈ-મિલાદ-ઉન-નબી (મહંમદ પયગમ્બર જન્મ દિન)	૨૭મી જુન, ૧૯૯૯
૪.	સ્વાતંત્ર દિન	૧૫મી ઓગસ્ટ, ૧૯૯૯
૫.	પારસી નવું વર્ષ દિન	૨૨મી ઓગસ્ટ, ૧૯૯૯
૬.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ દિન	૨જી ઓકટોબર, ૧૯૯૯
૭.	દિવાળી	૭મી નવેમ્બર, ૧૯૯૯

(૨) ઉપર જાહેર રજાઓના દિવસો ઉપરાંત સરકારના કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે સંપ્રદાયના બાધ વિના સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૮ ના જીએડી નં. જીએસ/૯૮-૪૫-પીએચડી / ૧૦૯૮/ ૨૭૨૦/જીએચ, ના જાહેર-નામાંમાં ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ. અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારીઓને તેમની પસંદગી પ્રમાણેના બે તહેવારોની લીધેલી રજા તેમની પરચુરણ રજાના હિસાબોમાં ઉધારવામાં આવશે નહિ.

(૩) ઉપર નિર્દિષ્ટ કરેલા મુસ્લીમોના કોઈપણ જાહેર તહેવાર જાહેર કરેલા દિવસો આવતા ન હોય તો સરકારના મુસ્લીમ કર્મચારીઓને જે દિવસે તહેવાર ઉજવાય તે દિવસે મરજીયાત રજા આપી શકાશે.

સુરત, તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૮.

એ. એ. કુરેશી,
ડીસ્ટ્રીકટ જજ, સુરત.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ માં) ની કલમ-૩૭(૧) (છ) અન્વયેના.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર ૧/૯૯.— મુંબઈ-પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ ૩૭(૧)(છ) ના આધારે મળેલ સત્તાની રુએ હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ સુરુચિ અથવા નીતિનો ભંગ ન થાય તે સારું ફરમાવું છું કે, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૪ થી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૯ દરમ્યાન કોઈપણ વ્યકિત અગર ઈસમોએ જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર તેમજ જેના કારણે તેની અસર બીજા કોઈ વ્યકિતની જીંદગી ભયમાં મુકાય અથવા મીલકતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાવવો નહીં, પતંગ લુટવો નહીં, પતંગ ઉપર કોઈપણ જાતની ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહીં, રાખવા નહી, લાઉડસ્પીકર અવાજ કરે અને ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫-(૧) તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર--૨૨) ની કલમ--૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર ૨/૧૯૯૯.— આગામી દિવસોમાં અમદાવાદ ફરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શેટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અયવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવ બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ--૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ થી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ., ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માં) ની કલમ--૩૭(૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એસએજી / એસ.આર. ૩/૯૯.--આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી,૧૯૯૯ના કલાક૦૦.૦૦ થી તારીખ ૨૭-મી જાન્યુઆરી, ૧૯૯૯ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ (વિસ્તાર) : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર).

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪ થી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ / ૧ / ૯૯ :—જાન્યુઆરી ૧૯૯૯ ના માસમાં રમજાન ઈદ, મકરસંક્રાંતી ૨૬મી જાન્યુઆરી જેવા તહેવારો આવતા હોઇ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઇ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક છરા લાકડી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બનાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલીસત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઇ કરૂ છું. આ હુકમ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીએ તેમણે અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીશ્રીએ જેને તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૩૧મી ડિસેમ્બર સને ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ--૩૭ ની પેટા કલમ--૧ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૧) / વશી-૧૯૫ થી ૧૯૯/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા--કાલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર--નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

INDEX

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ તે વસ્તુઓ ફેંકવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી-જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યો આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકતી છે તેવા કારણોસર લાકડી/ સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ—૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ—૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯ રોજ મારી સહી સીકકા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું/૩૭(૩)/વશી/૨૦૦ થી ૨૦૪/ ૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મારી સત્તાની રૂઈએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજિ. નં. ૧/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી રમજાન ઈદના તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને અનેલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી/તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં સમગ્રવિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધીનાં) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્ર અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા સુત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાં, બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ હોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમનો (સને ૧૯૫૧ નાં ૨૨ મા) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ / રજી. નં. ૨/૯૯.—જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહિ.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટેજતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨ માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માંની) કલમ-૩૩ (૧) બી મુજબનું

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / મકરસંક્રાંતિ-રજિ. ૩/૯૯.—તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મકર સંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે કેટલાંક લોકો પતંગો રસ્તા ઉપર ઉડાડે છે. અને કપાયેલા પતંગો તથા દોરા મેળવવા કેટલાક લોકો હાથમાં લાંબા ઝંડા તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડા દોડી કરતા હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અંગવડભરી રીતે વર્તવા સંભવ છે. જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝંડા તથા વાંસ ટેલીફોન તથા ઈલેકટ્રીક તારને અડવાથી સંદેશા વ્યવહાર ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેકટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા હાથમાં લાંબા ઝંડા તથા વાંસ વગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા, દોડા દોડી કરવા તથા લંગરો નાંખી પતંગો કે દોરા લુંટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. જે વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ના દિવસો દરમ્યાન વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહિ તેમજ હાથમાં લાંબા ઝંડા કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવું ફરવું નહિ, કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહીંતથા ટેલીફોનના કે ઈલેકટ્રીક તાર પર લંગર દોરો નાંખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહીં.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ / ફાયર / તલમ/રજિ. નં. ૪/૯૮.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડના પત્ર નં. હથર/સીબી-૨/વા. ક./૯૮-૯૯ તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૯ થી જણાવ્યાં અનુસાર વલસાડ જિલ્લાનાં પોલીસ કર્મચારીઓનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે, આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે આખરી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે

INDEX

વાસ્તે હું ડી. બી રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકાના ઉમરગામ જિલ્લા વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહું ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૯નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) અને (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહેરનામું/૨ થી ૧૪૦/૯૯.—માહે જાન્યુઆરી, ૧૯૯૯ માં માસમાં મકર સંક્રાંતિ, રમજાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ તેમજ હાલમાં ખ્રિસ્તી, હિંદુ કોમો વચ્ચે ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિનાં ગુન્હાઓ બનવા પામેલ હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે, તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) સુધી કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાકડા લાઠી શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાં નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં. તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકોર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમને અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

૧. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ નોં ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/વશી / જાહેરનામું/૯૯/વશી-૨/થી ૧૪૦ / ૯૯.—માહે જાન્યુઆરી ૧૯૯૯ ના માંસમાં મકર સંક્રાંતિ રમજાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ તેમજ હાલમાં ખ્રિસ્તી હિંદુ કોમો વચ્ચે ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિના ગુનાઓ બનવા પામેલ હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨)માંની કલમ-૩૭ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજથી તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :—

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૨. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

૩. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૨૩)

INDEX

મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૫૬-૮૦/૧૯૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ સમગ્ર ડાંગમાં જાહેર શાંતિ જોખમાઈ તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, તેમજ જાહેર સુલેહ શાંતિને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈપણ વ્યક્તિઓને તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવી છટાદાર ભાષણ આપવાની, તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કામ કરતી વ્યક્તિ કે જેને એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકતતાને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૫મી માહે જાન્યુઆરી,-૧૯૯૯ના રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા

સુધારા જાહેરનામું

ક્રમાંક મસલ / જમન / ૩ / ૫ /૧૨૨૮-૭૭/૯૮ :--આથી હું શ્રી આર. કે. પાઠક, (આઇ. એ. એસ.) જિલ્લા વિકાસ અધિકારી અમદાવાદ જમીન મહેસુલ નિયમોના નિયમ ૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ અત્રેની કચેરીનું જાહેરનામાં ક્રમાંક મસલ/જમન--૧/૩૭૦૫/૧૯૮૩, તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૮૩ થી જે જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેમાં બિનખેતી આકાર તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૮૩ થી લાગુ પાડવાનુ ઠરાવેલ છે. પરંતુ સરકારશ્રીના તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૮૩ના જાહેરનામાંથી આપેલ સૂચના મુજબ બિનખેતી આકારની વસુલાત તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૮૧ થી લાગુ પાડવાની સૂચના આપેલ હોવાથી તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૮૧ થી બિનખેતી આકાર લાગુ પાડી વસુલાત કરવાનું ઠરાવવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૮.

આર. કે. પાઠક,
જિલ્લા વિકાસ અધિકારી,
અમદાવાદ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચો :— (૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી-તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી-તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક એમ.એ.જી./સંચારબંધી/વશી.– આમુખ (૧)માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઇ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમો અધિકૃત કરવામાં આવેલ છે.

INDEX

જનતાની સુવિધા માટે તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે દુકાનો, તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાકથી સંચારબંધી નો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યા :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી-તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી-તારીખ (૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી./સંચારબંધી/વશી.- આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ ગામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઇ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ ૨ થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે, દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે

ભરૂચ, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી,/તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી-તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯

હુકમ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી .—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ના રોજ આમોદ ગામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે અશાંત પરિસ્થિતિને ધ્યારે લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાંદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિને ધ્યાને લઇ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે

જનતાની સુવિધા માટે તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સવારન ૬-૦૦ થી સાંજનાં ૧૯-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરિકો માટે દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાજના ૧૯-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્સ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યા :(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી/તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી-તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી/સંચારબંધી/વશી .—આમુખ (૧) જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામપંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઇ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે, દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૨૦-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યા :(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી-તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/ સંચારબંધી/વશી/તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમ.એ.જી/સંચારબંધી/વશી .—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતાં આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસમુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

INDEX

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે ૯મી જાન્યુઆરી ૧૯૯૯ નો રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૨૧-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરિકો માટે દુકાનો તથા વાહનો સહીત સંચારબંધિનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૨૧-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો : (૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી-તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમ.એજી/વશી/સંચારબંધી/વશી.—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેવા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૨૨-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૨૨-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો : (૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી-તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી-તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી.—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ સવારના ૬-૦૦ થી સાંજના ૨૨-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સાંજના ૨૨-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૧માં જાન્યુઆરી, ૧૯૯૯.

રાજીવ ટોપનો,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

The Urban Land (Ceiling and Regulation) Act, 1976.

[Under Section 10 (1) read with Rule (6)]

No. ULC-1076-1115-D-2300/Jambuva —It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat The claims of all person interested in such vacant land may be made by them presonally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

INDEX

SCHEDULE

Name of the Holder : Parshotam Desaibhai Patel

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
Vadodara	Vadodara	Jambuva	502 P,	488,50	

Vadodara, 20th November, 1998,

P. V. NATHANI,
Competent Authority and Deputy Collector,
U. L. C. Vadodara Unit No.

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/ડી.-૨૩૦૦/જમ્બુવા.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિતની સંપૂર્ણ વિગતસહ રજુ કરશે.

INDEX

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

સિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : પરસોત્તમ દેસાઈભાઈ પટેલ.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	જમ્બુવા	૫૦૨ પૈ.	૪૯૮૮.૫૦ ચો. મી.	

વડોદરા, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૮.

પી. વી. નાથાણી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર (શ. જ. ટો. મ.),
વડોદરા યુનિટ નં.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

4 to 7

REGISTERED No. G-BA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JANUARY 28, 1999 / MAGHA 8, 1920 [No. 4

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	41-50
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	4
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	45-60
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	203-253

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/અપક/૪૧૭/૯૮/વિ. શા./૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુંમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી જાન્યુઆરી,૧૯૯૯ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી૧૯૯૯ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫ માહે જાન્યુઆરી સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને-૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩નાં પેટા-કલમ (૧)-બી હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામા/ઉગપક/૧૨૩૬/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માંની કલમ-૩૩ ની પેટા-કલમ (૧)-બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર મ્યુ. કોર્પો. ના હદ વિસ્તારમાં આવેલ જુદા જુદા સ્થળોમાં નવા રિક્ષા સ્ટેન્ડો નક્કી કરવા બાબતે બહાર પાડવા ધારેલા જાહેરનામાનાં મુસદાથી અસર પામતા લાગતા વળગતા તમામનાં જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કોઈપણ વ્યક્તિ / સંસ્થા તરફથી વાંધા સુચનો લેખિતમાં પોલીસ કમિશનર વડોદરા શહેરનાઓ તરફથી મોકલવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માંની કલમ-૩૩ ની પેટા—કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર મ્યુ. કોર્પો. નાં હદ વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સ્થળો ઉપર લોકોને ભય અગવડ ન થાય અને વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર નવા ઓટોરીક્ષા ઉભા રહેવા માટે નીચે મુજબનાં સ્ટેન્ડો નક્કી કરવા નિયમ કરું છું.

વિસ્તાર	ઓટોરીક્ષા સંખ્યા
(૧) નરહરી હોસ્પીટલ સામે કારેલીબાગ જવાના મેઈન ગેટ કમ્પાઉન્ડ વોલને અડીને ૮+૬૦ નાં.	૧૦
(૨) ફતેગંજ સર્કલ પાસે પોસ્ટ ઓફીસની સામે પુર્વનાં મોઢે રોડનાં કિનારે જુડા ઓફીસ જતા રોડની ડાબી બાજુ ૮×૩૦ ની જગ્યામાં.	૫
(૩) હોમ સાયન્સ હોસ્ટેલના દરવાજા પાસે કમાટીબાગ સામે નરહરી સર્કલનાં મોઢે દિવાલને અડીને ૮×૩૦ ની જગ્યામાં.	૫
(૪) આણંદ હોસ્પીટલ પાસે સર્વોદય સોસાયટીનાં નાકાથી ઈલેક્ટ્રીકનાં થાંબલા સુધી છાણી જકાતનાકા તરફ જવા રોડની ડાબી બાજુ.	૫
(૫) પેન્શનપુરા નાકે નિઝામપુરા ચાર રસ્તા પાસે ફતેગંજ સર્કલથી છાણી જકાતનાકા રોડ ઉપર પશ્ચિમના મોઢે.	૫
(૬) બેલબાગ શોપીંગ સેન્ટરનાં બાજુમાં દક્ષિણે કોર્પો.ની ખુલ્લી જગ્યામાં રેલ્વે સ્ટેશનનાંમોઢે. બે હરોળમાં	૧૦
(૭) સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી છાણી જકાત નાકાંનાં રોડ ઉપર પંડયા હોટલની બાજુમાં શાસ્ત્રી ઓવરબ્રીજ નીચે રાધિકા સ્ટેશનરીથી ગુરૂકૃપા હોટલ સુધી પશ્ચિમના મોઢે.	૧૬
(૮) લાલબાગ પાણીની ટાંકી મુખ્ય દરવાજાના ઉત્તરે વડના ઝાડ સુધી દક્ષિણના મોઢે.	૧૫
(૯) લાલબાગ ફાટક બહાર અરિહંત સુપર માર્કેટના દક્ષિણે માંજલપુર જવાના રસ્તા ઉપર પુર્વનાં મોઢે.	૧૫
(૧૦) માંજલપુર નાકાની સામે રેલ્વે સ્ટાફ કોલેજના દરવાજા ના દક્ષિણે તરફ.	૧૦
(૧૧) પ્રતાપનગર ઓવરબ્રીજ નીચે દંતેશ્વર જતા રોડ ઉપર પુર્વના મોઢે.	૧૦
(૧૨) પ્રતાપનગર રોડ ગંગોત્રી સર્કલ સામે નવાપુરા તરફના મોઢે.	૫
(૧૩) બરાનપુરા ભુરાભાઈ મેન્શન શિવાજી ચોક ઉત્તરના મોઢે.	૫
(૧૪) અપ્સરા ટોકીઝના મેઈન દરવાજા દક્ષિણ તરફના ભાગે ઉત્તરના મોઢે.	૫
(૧૫) જુના નેશનલ હાઈવે નર્સિંગ હોમ પોઈન્ટ લાલબાગ તરફ જતાં ડાબી તરફ ફુટપાથને અડીને દક્ષિણના મોઢે.	૧૦
(૧૬) જી.ઈ.બી. સર્કલ પાસે બેન્કને અડીને ઓફીસ તરફ મોઢું રાખીને.	૫
(૧૭) જયરાજ બિલ્ડર્સ બસ સ્ટેન્ડ ઈલોરા પાર્ક રોડ તરફ મોઢું રાખીને.	૫
(૧૮) ડો. કે. આર. બુચના દવાખાના પાસે દિવાલને અડીને રોડ તરફ મોઢું.	૫
(૧૯) અજન્ટા કો. ઓ. હા. લા. ઈલોરા પાર્ક દિવાલને અડીને રોડ તરફ મોઢું.	૫
(૨૦) સારાભાઈ સર્કલ ગુ. રા. બ્રીજ નિગમ દિવાલને અડીને રોડ તરફ મોઢું.	૫
(૨૧) પોલીટેકનીક બસ સ્ટેન્ડથી ૧૦૦ ફટ દૂર રોડ તરફ મોઢું રાખીને.	૧૦
(૨૨) અક્ષર ચોક પ્રમુખ સ્વામી હોસ્પીટલ દિવાલને અડીને રોડ તરફ મોઢું.	૫
(૨૩) અક્ષર ચોક સામે પેન ફેક્ટરીની દિવાલને અડીને રોડ તરફ મોઢું.	૧૦

મેં આજ રોજ તારીખ ૧૫ માહે જાન્યુઆરી, સને ૧૯૯૯નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયેનો.

નંબર ડીસી/એમએજી/એસ.આર. ૪/૯૯.—અમદાવાદ જિલ્લાની મહેસુલી સરહદમાં પસાર થતાં મોજે બાવલીયારી, તાલુકો ધંધુકા પાસે ખાડી પર રસ્તામાં કી. મી. ૧૨૮/૨થી ૧૨૮/૪ માં આવેલ

INDEX

પુલ ઉપરથી ૨૦ મેટ્રીક ટનથી વધારે વજનવાળા વાહનોને પસાર ન થવા તેમજ પુલ ઉપરથી પસાર થતાં વાહનોની મહત્તમ ગતિ મર્યાદા કલાકના ૨૦ કી. મી. સુધી સીમિત રાખવા અત્રેના તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના હુકમ ક્રમાંક ડીસી/એમએજી/એસ.આર.-૩૪/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

તાજેતરમાં જ સદર પુલને વધારે નુકસાન થયાનું જણાતાં રીપેરીંગનું કામકાજ હાથ ધરવામાં આવેલ છે. જેને કારણે આ પુલ ઉપરથી ભારે વાહનો પસાર થવાનું ચાલુ રહેવા દેવામાં આવે તો દુર્ઘટના થવાની શકયતાઓ રહેલી છે. જેથી તકેદારીના પગલાં રૂપે સદરહુ પુલ ઉપરથી કોઈપણ જાતના ભારે વાહનો (એસ.ટી.બસો સહિત) પસાર ન થાય તે અત્યંત જરૂરી છે. આથી હું વી. એસ. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબ હુકમ કરું છું.

મોજે બાવલીયારી તાલુકો ધંધુકા પાસે ખાડી પર રસ્તાના કી.મી. ૧૨૮/૨ થી ૧૨૮/૪ માં આવેલ પુલ ઉપરથી કોઈપણ જાતના ભારે વાહનોને (એસ. ટી. બસો સહિત) પસાર કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૧૦મી મે, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત / વાહન ચાલક મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૪) તેમજ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

———

જાહેરનામું

નંબર ડી/એમએજી-૧/ડીસા-ટ્રાફિક-વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૩ (૧) પેટા-કલમ (૧) ના ખંડ (ક) મુંજબ કાઢવા ધારેલા જાહેરનામાની નીચે મુજબનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યકિતઓની જાણ સારું સદરહું કલમ-૩૩ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે, અને આથી નોટિસ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર જે રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનો પુરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થતા પહેલાં સદરહું મુસદ્દા સબંધમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કોઈ વાંધા કે સુચનો, મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો.

નં. ડી/એમએજી-૧/ડીસા/ટ્રાફિક/વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને મળેલ અધિકારોની રૂએ ડીસા મુકામે

(૧) પંદર ખુરસી ચાર રસ્તાથી ફુવાર તથા દેના બેંક ચાર રસ્તા સુધી.

(૨) ફુવાર ચાર રસ્તાથી એસ. ટી. સ્ટેન્ડ સ્પોર્ટસ કલબ સુધીના રોડ ઉપર

સવારના ૮-૦૦ થી ૧૨-૦૦ સુધી તથા સાંજના ૧૬-૦૦ થી ૧૯-૦૦ કલાક સુધી ભારે માલવાહક વાહનો જેવાં કે ટ્રક, ટ્રેકટર, મીનીટ્રક, મેટાડોર તથા ઉંટગાડીઓ ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. અને ડીસા ફુવારા સર્કલથી એસ. ટી. સ્ટેન્ડ તથા સ્પોર્ટસ કલબ સુધીનો રસ્તો એકમાર્ગીય (વન-વે) જાહેર કરવામાં આવે છે.

આજ તારીખ ૫મી માહે જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

———

વંચાણમાં લીધાં :—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુર તરફથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખંડ ડબલ્યુ અને વાય હેઠળના જાહેરનામા નં. ડી/એમએજી-૨/હિટલ જા. ના. ૨-૯૦.

સુધારા હુકમ

નંબર ડી/એમએજી-૨/હિટલ/વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના ખંડો ડબલ્યુ અને વાય થી મળેલ સત્તાની રૂએ હું પી. ડી. વાઘેલા, જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા આમુખ-૧ માં જણાવેલ જાહેરનામામાં નીચે મુજબનો સુધારો (ટાઈપ ભુલ થઈ હોવાથી) કરવા હુકમ કરું છું, તેમજ તે મુજબ સુધારો વંચાણમાં લેવો.

૧ (૫) આ નિયમો જાહેર મનોરંજનના સ્થળો એટલે કે બોર્ડીંગ હાઉસ, લોજિંગ હાઉસ અથવા નિવાસી હોટલો અને દારૂ કેફી પદાર્થો પુરા પાડવા માટેના સ્થળોને લાગુ પડશે.

પાલનપુર, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

———

આખરી જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ/રજી-૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૪૪ ની પેટા-કલમ (૧) ના કલોઝ (બી) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો સદરહું કાયદાની કલમ-૩૩ પેટા-કલમ-૬ થી ઠરાવ્યા પ્રમાણે રાજયપત્રમાં તારીખ૩૦મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર મુદત દરમ્યાન સદરહું મુસદા સંબંધમાં કોઇ વાંધા અથવા સૂચનો અત્રે મળેલ નથી. જેથી સદરહુ મુસદાનું પ્રાથમિક જાહેરનામું આથી આખરી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

મુસદો

નંબર ડીસીબી-એમએજી-બીપીએ-રજી. નં. ૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) કલોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

INDEX

"નવસારી જિલ્લાના કબીલપોર ખાતે આવેલ નેશનલ હાઈવે નં. ૮ ગ્રીડ ચાર રસ્તા જંકશનથી કબીલપોર કાલીયાવાડી રોડની રસ્તા પૈકીની જમીનને ૨૫ રીક્ષા માટે રીક્ષા સ્ટેન્ડ તરીકે અને ગ્રીડ ચાર રસ્તાથી બારડોલી તરફના રસ્તાની પૂર્વે આવેલ રસ્તા પૈકીની જમીનને ૨૫ ટેમ્પો માટે ટેમ્પો સ્ટેન્ડ તરીકે તથા તે સિવાયની જંકશનથી ૧૫૦ (એકસો પચાસ) મીટરની ત્રિજ્યામાંના રસ્તા તથા રસ્તા પૈકીની જમીનને "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈ ના ૨૨ માંની (કલમ ૩૩ (૧) બી મુજબ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / મકરસંક્રાંતિ/રજી/૧૫/૧૯૯૯.—તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો પતંગો રસ્તા ઉપર ઉડાડે છે અને કપાયેલા પતંગો તથા દોરો મેળવવા ઘણા લોકો હાથમાં લાંબા ઝુંડા તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડાદોડી કરતા હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અગવડભરી રીતે વર્તવા સંભવ છે. જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝુંડા તથા વાંસ ટેલીફોન તથા ઈલેટ્રીક તારને અડવાથી સંદેશા વ્યવહાર ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેકટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાવવા હાથમાં લાંબા ઝંડા તથા વાંસ વગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા ફરવા, દોડાદોડી કરવા લંગરો નાંખી પતંગો કે દોરી લુંટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. જે વાસ્તે હું આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૯થી તારીખ ૨૨સી જાન્યુઆરી, ૧૯૯૯ સુધીના દિવસો દરમ્યાન નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવવા નહિ તેમજ હાથમાં લાંબા ઝુંડા કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવું ફરવું નહિ કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહિ તથા તથા ટેલીફોનના કે ઈલેકટ્રીક તાર પર લંગર દોરો નાંખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહિ.

સ્પષ્ટીકરણ :— રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહું અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રૂા. ૫૦/- સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

હુકમ

નંબર/એમએજી/વશી/૧૧૫ થી ૧૫૦/૯૯.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪નો બીજો એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું એચ.બી. વરિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને તેમની સામે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૮૪ના અધિકાર તેઓ હવાલો સંભાળે ત્યાં સુધીની સમય માટે આપું છું.

અનું. નંબર.	નામ અને હોદ્દો	કાર્યક્ષેત્રનો વિસ્તાર
૧	૨	૩
૧	શ્રી એચ. ડી. રામાવત નાયબ મામલતદાર (મહેસુલ) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર, કચેરી, મહેસાણા.	મહેસાણા.
૨	શ્રી રસિક આર. ઓઝા, નાયબ મામલતદાર (પુરવઠા) વ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, મહેસાણા	"
૩	શ્રી જી. કે. ભાવસાર, ... નાયબ મામલતદાર (મહેસુલ) વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, વિસનગર	... વિસનગર
૪	શ્રી કે. એમ. કડીયા, નાયબ મામલતદાર (પુરવઠા) વ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, વિસનગર.	"
૫	શ્રી કે. આર. મછાર, નાયબ મામલતદાર (મહેસુલ વ-એકઝીકયુટીર મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, વિજાપુર	વિજાપુર.
૬	શ્રી જે. એમ. સોલંકી, નાયબ મામલતદાર (પુરવઠા) વ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, વિજાપુર.	"
૭	શ્રી જે. જે. પટેલ, ... નાયબ મામલતદાર (મહેસુલ) વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, કડી. ...	... કડી

૧	૨	૩
૮	શ્રી વી. કે. પંચાલ, નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી કડી.	... કડી
૯	શ્રી ડી. જે. પટેલ. નાયબ મામલતદાર (મહેસૂલ) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી કલોલ.	... કલોલ
૧૦	શ્રી એન. આર. પ્રજાપતિ. નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી કલોલ.	... "
૧૧	શ્રી એમ. એ. પ્રજાપતિ નાયબ મામલતદાર (મહેસૂલ)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી ગોઝારીયા.	... ગોઝારીયા
૧૨	શ્રી એચ. એન. રાઠોડ. નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી ગોઝારીયા.	"
૧૩	શ્રી એસ. એસ. કલાસવા. નાયબ મામલતદાર (મહેસૂલ)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી ખેરાલુ.	... ખેરાલુ.
૧૪	શ્રી પી. જે. જાની. નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી ખેરાલુ.	... "
૧૫	શ્રી એચ. બી. મેણાત. નાયબ મામલતદાર (મહેસૂલ)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી વડનગર.	વડનગર.
૧૬	શ્રી પી. એમ. પ્રજાપતિ નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી વડનગર.	... "
૧૭	શ્રી બી. કે. સથવારા નાયબ મામલતદાર (મહેસૂલ)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી બેચરાજી.	... બેચરાજી
૧૮	શ્રી એમ. કે. ચાવડા નાયબ મામલતદાર (પુરવઠા)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી બેચરાજી.	"
૧૯	શ્રી એસ. બી. સુવેરા નાયબ મામલતદાર (મહેસૂલ)-વ-એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી, સતલાસણા.	સતલાસણા તાલુકો
૨૦	શ્રી સી. એચ. પણદા નાયબ મામલતદાર (પુરવઠા) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મામલતદાર કચેરી સતલાસણા	... "

મહેસાણા, તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯.

જાહેરનામું

નંબર એમએજી/વશી/૧૫૧ થી ૧૬૪/૯૯.—સને ૧૯૭૩ના (સન ૧૯૭૪નો બીજો એકટ ફોજદારી અધિનિયમની કલમ-૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું એચ.બી. વરિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ તેમની સામે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૭૪ના અધિકાર તેમણે મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે હવાલો સંભાળ્યા તારીખથી આપુ છું.

અનું. નંબર.	નામ અને હોદ્દો	કાર્યક્ષેત્રનો વિસ્તાર	હવાલો સંભાળ્યા તારીખ
૧	૨	૩	૪
૧	શ્રી કે. એલ. પરમાર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, વિસનગર.	વિસનગર તાલુકો	૨૭મી ઓકટોબર ૧૯૯૮
૨	શ્રી ડી. ડી. રાવલ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, વિજાપુર, (ઇનચાર્જ)	વિજાપુર તાલુકો	૧૦મી ડીસેમ્બર ૧૯૯૮
૩	શ્રી એમ. કે. વ્યાસ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, કલોલ.	કલોલ તાલુકો	૨જી જુન ૧૯૯૭
૪	શ્રી એચ. એન. પટેલ. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, કડી.	કડી તાલુકો	૧૯મી જાન્યુઆરી ૧૯૯૮

INDEX

૧	૨	૩	૪
૫	શ્રી ડી. ડી. રાવલ. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ગોઝારીયા	ગોઝારીયા તાલુકો	૧૭મી ઓકટોબર ૧૯૯૮
૬	શ્રી પી. પી. વ્યાસ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ખેરાલુ.	ખેરાલુ તાલુકો	૨૭મી ઓગસ્ટ ૧૯૯૮
૭	શ્રી એચ. એમ. પટેલ. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, વડનગર.	વડનગર તાલુકો	૨૯મી મે ૧૯૯૮
૮	શ્રી એસ. જે. ત્રિવેદી. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, બેચરાજી.	બેચરાજી તાલુકો	૪થી સપ્ટેમ્બર ૧૯૯૮
૯	શ્રી પી. પી. બ્યાસ. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સતલાસણા	સતલાસણા તાલુકો	૨૮મી ઓગસ્ટ ૧૯૯૮

મહેસાણા, તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯.

એચ. બી. વરિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૩ (૧) (ખ) મુજબ.

ક્રમાંક પલસ/મજસ/વશી/૭૬.—પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના જહુરપુરા શાક માર્કેટ વિસ્તારમાં શાકભાજી, ફળફળાદી તેમજ અન્ય વેપાર ધંધાના દુકાનો આવેલી છે. શાક માર્કેટના કારણે હાથલારીઓ તથા પથારાવાળાઓ મોટી સંખ્યામાં વેપાર ધંધો કરે છે વળી શહેરના જુદી જુદી કોમના નાગરીકોની તથા અનેક પ્રકારના વાહનોની આ વિસ્તારમાં સતત અવર જવર રહે છે. જેના પરિણામે આ વિસ્તારમાં ઘણી ગીચતા જોવા મળે છે. તથા ટ્રાફીકના પ્રશ્નો પણ અવાર નવાર ઉભા થાય છે. અને આના કારણે પ્રજાજનો વચ્ચે ઘર્ષણ થવાના કારણે કોમી હુલ્લડ પણ થવાના પ્રસંગો બનેલ છે. જેથી આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય નહી અને લોકોમાં ભયમુકત વાતાવરણ રહે તે માટે જહુરપુરા શાક માર્કેટની જાહેર અને સાર્વજનિક જગામાં આવતા પ્રજાજનો અને તમામ પ્રકારના વાહનો જેવા કે હાથલારી સાયકલ સ્કુટર, ઓટોરીક્ષા હળવા કે ભારે વાહનોની નિયમની કરવાનું આવશ્યક જણાતા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરાએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૯૮ થી ક્રમાંક પલસ/મજસ/વશી/૨૨૨૫/થી હુકમ કરેલ છે.

આ કામે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરાના જણાવ્યાનુસાર તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી ગોધરા શહેરએ જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરા મારફતે તેઓના જા. નં. ૪૭/૯૯ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૯ થી જહુરપુરા શાક માર્કેટ વિસ્તારમાં કાયમી જાહેરનામુ બહાર પાડવા જણાવેલ છે.

ઉપર જણાવેલ હકીકતે જહુરપુરા શાક માર્કેટ વિસ્તારમાં લોકો શાંતીથી અને ભયમુકત અવર જવર કરી શકે અને લોકોને ભય હરકત કે અગવડ ન થાય અને જાહેર જનતાની સલામતી ખોરવાઇ જાય તે હેતુથી જાહેર હીત માં મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ ૧ (ખ) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હુ એ. કે. રાકેશ આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા આ સાથેની અનુંસૂચિમાં નિર્દેશેલા રસ્તાઓથી જહુરપુરા શાકમાર્કેટ વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો જેવા કે હાથલારી સાયકલ, સ્કુટર, ઓટોરીક્ષા, હળવા કે ભારે વાહનો એ પ્રવેશ કરવો નહી કે અવર જવર કરવી નહી તેમજ જહુરપુરા શાક માર્કેટ વિસ્તારની ૧૫૦ મીટરની ત્રિજયામાં કોઇપણ લારી ગલ્લો ઉભા રાખવા નહી.

પરંતુ આ સાથેની અનસૂચિમાં કોલમ નં. ૩ માં નિર્દિષ્ટ રસ્તાઓ પૈકીના અ. નં. (૩) જુના એસ. ટી. સ્ટેન્ડ પોસ્ટ ઓફીસ તરફથી આવતા રસ્તેથી બપોરના ૧૩.૦૦ કલાકથી સાજના ૧૬.૦૦ કલાક અને રાત્રીના ૨૦.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી વાહનો અવર જવર કરી શકશે.

અનુસૂચિના કોલમ-૩ માં જણાવેલ અ. ન. (૧) (૨) (૩) (૪) (૫) (૬) -૭) (૮) ના રસ્તાઓ પરથી જનાર ઇસમો પગે ચાલીને જઇ શકે તેવી કાયમી આડશોની વ્યવસ્થા નગરપાલિકા ગોધરાએ તાત્કાલીક કરવી.

અનુસૂચિ

ક્રમ નંબર	પ્રતિબંધિત વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારોમાં વાહનોએ પ્રવેશ નહી કરવાના રસ્તાઓ.
૧	જહુરપુરા શાકમાર્કેટ વિસ્તાર	(૧) સોનીવાડના નાકેથી પોલીસ ચોકી પાસેના રસ્તેથી (૨) ગૂહયા મહોલ્લાથી આવતા રસ્તેથી. (૪) જુના એસ.ટી. સ્ટેન્ડ પોસ્ટ ઓફીસ સામેથી રસ્તેથી. (દરરોજ બપોરના ૧૩.૦૦ કલાકથી સાંજના ૧૬.૦૦ કલાક અને રાત્રિના ૨૦.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે) (૪) પોલીસ ચોકી નં. ૫ તરફથી આવતા રસ્તેથી (૫) જયોતીપ્રેસ તરફથી આવતા રસ્તેથી (૬) શ્રી ગુસાઇજી બેઠકના મંદીર તરફથી આવતા રસ્તેથી. (૭) મજમુદાર ફળીયા તરફથી આવતા રસ્તેથી. (૮) લુહાર સુથાર ફળીયા તરફથી આવતા રસ્તેથી

આજ રોજ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કર્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ.
પંચમહાલ ગોધરા.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અને (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહેરનામું/૨૫૪ થી ૩૯૪/૯૯.—માહે જાન્યુઆરી ૧૯૯૯ના માસમાં મકર સંક્રાંતિ, રમજાનઈદ, જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ તેમજ હાલમાં ખ્રિસ્તી, હિંદુ કોમો વચ્ચે ખ્રિસ્તીવટાળ પ્રવૃત્તિના ગુન્હાઓ બનવા પામેલ હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાય છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હું શ્રી આર. એમ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ **૧૬મી જાન્યુઆરી ૧૯૯૯** થી તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૯ બંને દિવસો સુધ્ધાં) સુધી કોઈપણ વ્યકિતએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકા, બંદૂક છરા, લાકડી કે લાઠી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી,

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવાનાં શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવો આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવાં હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહી તેમજ તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારી એ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાના સમગ્ર વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી વિસ્તાર સિવાય.)

૧. આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ થતા અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજતારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પલસ/વશી/જાહેરનામું/૯૯/ વશી-૨૫૪ થી ૩૯૪/૯૯ :— માહે જાન્યુઆરી ૧૯૯૯ ના માસમાં મકર સંક્રાંતિ, રમજાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ તેમજ હાલમાં ખ્રિસ્તી-હિંદુ કોમો વચ્ચે ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિના ગુનાઓ બનવા પામેલ હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવા ી તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનુ જરૂર જણાય છે.

વાસ્તે હું આર. એમ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨)માંની કલમ-૩૭ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજથી તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા ટાઉનહોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૨. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

૩. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૧૩૫ (૨૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(યુ) અન્વયે.

ક્રમાંક એમએજી-જાહેરનામું-વશી-૫૯૪.—મકરસંક્રાંતિનો તહેવાર નજીક આવતો હોય કેટલાંક લોકો તથા બાળકો પંગત, દોરો, લુંટવાના ઈરાદે દોડાદોડ કરી શહેરમાં ચાલતા ટ્રાફીકને અડચણ પડે તેમજ લોકોના તેમજ પોતાની સલામતી જોખમાય તેવી રીતે વર્તન વ્યવહાર અટકાવવો ખુબ જ જરૂરી હોવાથી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધીનાં દિવસો દરમ્યાન નર્મદા જિલ્લામા આવેલ જાહેર માર્ગો, રસ્તાઓ ઉપર કોઈપણ ઈસમ અથવા ઈસમોએ પતંગ ઉડાડવી નહી કે પતંગ કે દોરા લુંટવા કે પકડવાનાં ઈરાદા સારું દોડાદોડ કરવી નહી, હાથમાં મોટા વાંસ કે ઝાખરા કે તેવા કોઈપણ સાધનો જાહેર માર્ગો

પર લઈને દોડવું નહીં કે પોતાના હાથમાં રાખવા ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક, જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યું) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોક્ત જણાવેલ તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ ના દિવસો દરમ્યાન નર્મદા જિલ્લામાં આવેલ તમામ શહેરના માર્ગો, રસ્તાઓ, ઉપર કોઈપણ ઈસમ અથવા ઈસમોએ પતંગ ઉડાડવી નહીં કે પતંગ કે દોરા લુંટવા કે પકડવાના ઈરાદા સારૂ દોડાદોડ કરવી નહીં. હાથમાં મોટા વાંસ કે ઝાખરા કે તેવા કોઈપણ સાધનો લઈને દોડવું નહીં કે પોતાના હાથમાં રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૫ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુંજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૦૨.—આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૯ દરમ્યાન ઉત્તરાયણ (મકરસંક્રાંતિ), રમજાન ઈદ, પ્રજાસત્તાકદિન વિગેરે જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું જે. એમ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૯ (બંને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવુ નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓને જેનાં ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશક્તિનાં કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને,

આજરોજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) મુંજબનું.

જાહેરનામું

નંબર પલસ / મકરસંક્રાંતિ / વશી. ૨૩૯ /૯૯.— તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવતો હોઈ, આ તહેવાર નિમિત્તે કેટલાંક લોકો રસ્તા ઉપર પતંગો ઉડાડે છે. કપાયેલાં પતંગો તથા દોરો વિગેરે મેળવવા હાથમાં લાંકડા ઝંડા, વાંસ વિગેરે રાખી જાહેર રસ્તા, ગલીઓ, શેરીઓમાં દોડાદોડી કરતા હોય છે જેને કારણે ટ્રાફીકને અડચણ ઉભી થાય છે. અને ગંભીર અકસ્માત થવાનો પણ સંભવ રહે છે. સુલેહભંગ થવાની પણ શકયતા ઉભી થાય છે. જેથી જાહેર સલામત ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાવતા હાથમાં ઝંડા તથા વાંસ અને અન્ય વસ્તુઓ લઈ રસ્તાઓમાં દોડાદોડ કરી, પતંગો લુંટવી ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

જે વાસ્તે હું વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૯થી તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) દરમ્યાન સુરત (ગ્રામ્ય) જિલ્લા વિસ્તારમાં (પોલીસ કમિશનર, સુરત શહેર વિસ્તાર સિવાય) કોઈપણ વ્યક્તિએ જાહેર રસ્તા જગ્યાએ ઉપર પતંગો ઉડાવવા નહીં. તેમજ હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો કે દોરો મેળવવા જાહેર રસ્તા અથવા જગ્યાઓમાં દોડાદોડ કરવી નહીં. કે હરવું ફરવું નહીં, તેમજ ટેલીફોનના કે ઈલેક્ટ્રીકના તાર ઉપર લંગર (દોરી) નાંખવાનું કૃત્ય કરવું નહીં, કે કરાવવું નહીં.

સ્પષ્ટીકરણ :— રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

INDEX

સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

વાંચ્યો.—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી.—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ ના સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ સવારનાં ૬-૦૦ થી સાંજના ૨૨-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરિકો માટે દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૨-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯.

રાજીવ ટોપનો,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચ.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section *10(1) Read* with Rule *(6)*]

No. ULC—6 (i) 1 / 1958 / Rander / Unit - 5.- —Whereas draft statement dated 28th January 1987 was servedon Shri Yogeshchandra Chhaganlal Kaji under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 12th November, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No. Final Plot No.	Details of land: Area in (Sq. Mts.)	Remarks
1	2	3	4	5 (a)	5 (b)	6
1	Shri Yogeshchandra Chhaganlal Kaiji	Rander	Chorasi	86	1440.25	

Surat, 7th January 1999.

M. S. GOHIL,
Competent Authority and
Deputy Collector,
Urban Land Ceiling, Surat.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુએલ.સી/૬/(૧)/૧૯૫૮/રાંદેર યુનિટ-૫.- જે અર્થે શ્રી યોગેશચંદ્ર છગનલાલ કાજીએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમ) અધિનિયમ, ૧૯૭૬ કલમ-૬ ની (૩) મુજબ શહેર જમીન (ટોચમર્યાદા અને નિયમન)ા બાબતના નિયમો ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૮૭નું મુસદા પત્ર વાંધો રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધો રજૂ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળતારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરૂ છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઇસમો તેમના હકક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકાશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર ફાઇનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં.	શેરો
૧	૨		૪	૫-અ	૫-બ	૬
૧	યોગેશચંદ્ર છગનલાલ કાજી	રાંદેર	ચોર્યાસી	૮૬	૧૪૪૦.૨૫	

સુરત, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૯.

એમ. એસ. ગોહીલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
સુરત.

ભાગ--૧

અસાધારણ રાજયપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦ મી જૂન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮ માહે જાન્યુઆરી સન ૧૯૯૯ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજયપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૨
૧	૨૫૪/૩૦મી નવેમ્બર, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર
૨	૨૫૫/૧લી ડિસેમ્બર, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૩	૨૫૮/૭-મી ડિસેમ્બર, ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૪	૨૫૯/૮મી ડિસેમ્બર, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૫	૨૬૦/૯મી ડિસેમ્બર, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૬	૨૬૩/૧૮મી ડિસેમ્બર, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૭	૨૬૭/૨૪મી ડિસેમ્બર, ૧૯૯૮	કલેકટર, વડોદરા

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XI] THURSDAY, FEBRUARY 4, 1999 / MAGHA 15, 1920 [No. 5

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

	Pages
Part-I Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	51-59
Part I-A—Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	5
Part- I-B-Government Notifications published under Land Acquisition Act only.	61-69
Part-I-L-Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	254-297

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.—

નંબર ઉં/ગંપક/૪૧૮/વિ. શા/૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે. વાસ્તે હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મળેલ સત્તાની રૂએ ફરમાવં છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ ઉપર અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY DISTRICT JUDGE

Read.—High Court Letter No. C.-2103/91 dated 7th January 1991.

Notification

No. ADM/1/145 of 1999.—In exercise of the powers vested under peragraph 628 chapter XXXI of the Civil Manual Volume-I 1960 and in view of instructions contained in the High Court letter dated 7th January 1991, cited in the preamble. I the undersigned, direct the closure of the District Court and all the Civil Courts in the Judicial District of Valsad, for the annual Summer Vacation for Six Weeks from Monday 3rd May, 1999 to Sunday the 13th June, 1999 (both days inclusive).

The offices of Nazir and Record-Keeper District Courtt Valsad at Navsari, and the offices of Nazir of all the subordinate Civil Courts in the District will remain open durng the Vacation on working days.

Navsari, 29th January 1999.

MISS P. S. SHUKLA,
District Judge, Valsad,
At : Navsari.

ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા

વંચાણે લીધા : હાઈકોર્ટ પત્ર નંબર સી-૨૧૦૩/૯૧, ૭મી જાન્યુઆરી ૧૯૯૧.

અધિસૂચના

ક્રમાંક વહીવટી/૧/૧૪૫ સને ૧૯૯૯.—સિવિલ મેન્યુઅલ ૧૯૬૦ ના ફકરા ૬૨૮ થી મળેલા અધિકારની રૂએ હું નીચે સહી કરનાર આથી ઠરાવું છું કે, વલસાડ જિલ્લા ન્યાયાલય તથા જિલ્લાની બધી દિવાની અદાલતો સોમવાર ૩જી મે ૧૯૯૯ થી રવિવાર તારીખ ૧૩મી જુન, ૧૯૯૯ (બંને દિવસો સહીત) છ અઠવાડીયા સુધી વાર્ષિક ઉનાળુ વેકેશન નિમિત્તે બંધ રહેશે.

ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ મુકામ નવસારીની નાઝર શાખા તેમજ દફતરખાનાની શાખા અને જિલ્લામાંની તાબાની બધી અદાલતોની નાઝર શાખાની કચેરીઓ ઉપરોક્ત ઉનાળુ વેકેશન દરમ્યાન કામકાજના બધા દિવસોએ કામકાજ કરશે.

વલસાડ, મુકામ : નવસારી, તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૯

કુમારી પી. એસ. શુકલ,
ડીસ્ટ્રીક્ટ જજ,
વલસાડ.
મુકામ : નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. વશી.૭૪૧ થી ૭૫૭.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયરહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૯ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૨મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં કોઈ મંડળી તથા સરઘસ કાઢવા ઉપર મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમની નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક / ગ્રામરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ર. ન. યાજ્ઞિક,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

INDEX

વાંચ્યું :—

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારીના પત્ર નંબર સીબી-૪ / જાહેરનામું / ૩૧૯/૯૯, તારીખ ૧૨મી-જાન્યુઆરી, ૧૯૯૯.

(૧) પ્રમુખશ્રી નગરપાલિકા, નવસારીના પત્ર નંબર ૨૦૭૮/૯૮-૯૯, તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૮.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેના.

નંબર ડીસીબી / એમએજી / વશી-૨૪૦/૯૯.— તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૪૦ (ચાલીસ) દિવસ દરમ્યાન સ્ટેશન ફાટકથી મફતલાલ મીલ રોડ સુધી ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી કરવાની હોય રસ્તા ઉપર ખોદકામ કરવામાં આવશે. જેથી આ રસ્તા ઉપર સદરહુ કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારના વાહનો અવરજવર કરી શકશે નહીં. આ અંગે ઉપરોકત સમય દરમ્યાન તમામ વાહનો વિજલપોર ફાટકથી માણેકલાલ રોડ તરફ અને ઘેલખડીથી જલાલપોર તરફના રસ્તાથી જઈ શકશે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨) ની કલમ-૩૩ ની પેટા કલમ ૧ ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામું બહાર પાડું છું. આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની (૨૨-મા) કલમ-(૧૩૧) માં ઠરાવ્યાં મુજબ શિક્ષાને પાત્ર થશે.

નવસારી, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૯.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૧૭/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૯થી તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વગાડવાની, અપમાન થવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા અને પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અવા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકતિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીઓ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય ;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનયમની (૧૯૫૧ના ૨૨ માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર ૪ માસથી અને વધુમાં વધુ ૧ એક વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

જાહેરનામું

આહાર ગૃહ નોંધણી નિયમો, ૧૯૮૯ અન્વયે.

નંબર હટલ/વશી/૩૦૩-૩૧૮/૯૯.—ગુજરાત સરકારે રાજયમાં આહારગૃહો ખોલવા ચલાવવા માટે લેવા પડતાં લાયસન્સને બદલે નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) આપવા નિર્ણય કરેલ હોવાથી સને બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧માં સુધારો કરેલ હોવાથી તે અન્વયે વડોદરા જીલ્લાની (પો. કમીશનર શ્રી, વડોદરા શહેરના હુકમત સિવાયના) ન વિસ્તારમાં ચાલતા આહારગૃહોને લાયસન્સ આપવાને બદલે નોંધણી પ્રમાણપત્ર (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ આપવા અંગેની નિયમો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૯ થી અમલમાં છે. જે નિયમોના નિયમ-૫માં આહારગૃહ રજીસ્ટ્રેશન મેળવવા માટેની ફી માં સરકારશ્રીના પત્રાંક/જમસ/૧૦૯૩/૫૦૨૯/જ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૪ અન્વયે સુધારો કરી નોંધણી પ્રમાણપત્ર ફી રૂા. ૨૫૦૦/- અને રીન્યુઅલ ફી રૂા. ૨૫૦૦/- વસુલ લેવાનું વિચારેલ હોવાથી અત્રેના જાહેરનામાં ક્રમાંક હોટલ/વશી/૯૯૩/૯૫ તારીખ ૧૭માં એપ્રિલ ૧૯૯૫ થી પ્રાથમિક જાહેરનામું બહાર પાડી જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫માં સંબંધકર્તા હોટલ માલીકોએ તેઓના કોય વાંધા સૂચનો હોય તો તે અત્રે મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

સદરહું જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પાર્ટ-૧માં તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૬ ના પાન નં. ૪૯ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે સામે કોઈ વાંધા રજુ થયેલા નથી જેથી આહાર

INDEX

ગૃહો નોંધણી નિયમોના નિયમ-૫ માં સરકારશ્રીના ગૃહવિભાગના પત્રાંક/જમસ/૧૦૯૩/૫૦૨૯/મ તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮ની વિગતે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. અને આ નોંધણી ફી તથા રીન્યુઅલ ફીના વધારાના દરનો અમલ આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવે તે પ્રમાણે હુકમ કરૂં છું. હાલમાં ચાલુ આરામગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પુરી થયેથી નવા દરો લાગુ કરવાના રહેશે.

નિયમ-૫ (સુધારેલ દર)

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી દશ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(બ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી દશ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(ક) જો દશ વર્ષ કરતાં ઓછા સમય માટે એક વર્ષના ભાગ અંગે નોંધણી પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન / રૂા. ૨૫૦/- નોંધણી ફી કરાવવાનું હોય રીન્યુ કરાવવાનું હોય તથા રીન્યુઅલ ફી. તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/-ના ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે તાજુ કરી આપી શકાશે

(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક એક અઠવાડીયા માટે અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ હંગામી ધોરણે આહાર રહેવાનુ હોય તો તેવા સ્થળે હંગામી ગૃહ ચલાવવા માટેની ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા.૭૫ ફી રૂા. ૭૫/- ફી વસુલ લઈ હંગામી નોંધણી પ્રમાણ-પત્ર આપી શકાશે.

મેં આજ તારીખ ૨૨મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

અનીલ મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧)(ફ) અન્વયેનો.

નંબર પીઓએએલ / વશી.— જિલ્લા પોલીસ અધિકારીશ્રી આણંદનાએ તેમના તારીખ ૨૧ અને ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૯ ના પત્રથી ૪-ગુજરાત એન. સી. સી. બટાલીયન વિદ્યાનગરનાઓ તરફથી બાકરોલ રેન્જ ખાતે તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૫ મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી કોલેજના એન. સી. સી., વિદ્યાર્થીઓનું ફાયરીંગ રાખેલ છે. આ સમય દરમ્યાન જાહેર જનતાની સલામતી જળવાય રહે તે માટે ફાયરીંગ બટ વિસ્તાર (૧ કીલો મીટરના વિસ્તારમાં) અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ હું કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ મોજે બાકરોલ રેન્જ તાલુકા આણંદ, ખાતે ફાયરીંગ બટના (૧ કીલોમીટર વિસ્તારમાં) તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ દરમ્યાન (બન્ને દિવસો સુધ્ધાંત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં, તથા પોતાના આશ્રિત પશુઓ વિગેરેને આ સ્થળેથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર-જવર કરે નહિ તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે

નંબર ડી.સી.બી. / એમ.એ.જી. / બી.પી.એ. / રજી. ૭/૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી દિવસોમાં પ્રજા સત્તાકદિન રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરરી જણાત ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૯ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ, છરા લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠાં કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રીકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

INDEX

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

નંબર ડીસીબી / એમએજી / બી.પી.એ / ફાયર / તલમ / ૨જી. નંબર ૮/૯૯.— કમાન્ડન્ટ એકઝીકયુટીવ ઓફીસરશ્રી કોસ્ટગાર્ડ એર સ્ટેશન દમણના પત્ર નં. ૩૧૧/૨ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૯ થી જણાવ્યાનુસાર તેમના સ્ટાફનુ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે આખરી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા - કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ--૩૭ ની પેટા કલમ ૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ જિલ્લા વલસાડની ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી સમય સવારે ૭--૦૦ થી સાંજની ૧૮--૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજૂબાજૂનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/વશી-૩૩૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાં નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરુચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીઓએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શરીરીકિ અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી જાન્યુઆરી સને ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી-વશી-૭૨૧ થી ૭૩૮.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ થી તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા,છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ,' અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અસ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

" નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર ".

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી સક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપલા),

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અને (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/ પીઓએલ/વશી-૭૩૩-૫૦/૧૯૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) અધિનિયમની કલમ, ૩૭(૧) અને (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું શ્રી બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ સમગ્ર ડાંગમાં જાહેર શાંતી જોખમાય તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં મને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ યોગ્ય રીતે જળવાય રહે તેમજ જાહેર સુલેહશાંતીને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈપણ વ્યતિઓને તારીખ ૨૦મી જાન્યઆરી ૧૯૯૯ થી તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કલમ ૩૭ (૧) :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેમાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડ-વાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાની દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવી છટાદાર ભાષણ આપવાની તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

કલમ ૩૭(૩)

કોઈપણ મંડળી સભા અથવા સરઘસ અટકાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે જરૂરી જણાય ત્યારે અને ત્યાં સુધી એવી મંડળી સભા અથવા સરઘસને લેખીત હુકમ કરીને અટકાવી શકશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કામ કરતી વ્યકિત કે જેને એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશક્ત તાને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કાયદાની કલમ ૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી કરીને સીક્કો કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ, આહવા.

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નંબર એજીકે / ક્યુએલ / જાહેરનામું / ૯૯.— આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમ ધારો ૧૯૬૬ના નિયમ અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ ક્વૉરી લીઝની મુદત પુરી થતાં લીઝનો વિસ્તાર જાહેરજનતા માટે ફરીથી ખુલ્લો મૂકવા માટે ગુજરાત ગૌણ-ખનીજ નિયમ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) સી મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેતું હોઈ હું કલેક્ટર સક્ષમ અધિકારી આણંદને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટ જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરૂ છું. નિયત સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

અનુ. નંબર	નામ	ગામનું નામ	તાલુકો	સર્વે નંબર	ખનીજ	વિસ્તાર
૧	શ્રી બી. ડી. પટેલ એન્ડ કં.	વાસદ	આણંદ	મહીનદી પટ્ટ પૈકી.	રેતી કંકર, ગ્રેવલ	૮-૦૦ હેકટર

આણંદ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૯.

(સહી)અવાચ્ય,
કલેક્ટર, આણંદ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ હેઠળનો.

નંબર પલસ / મજસ/વશી. ૪૭/૯૯.— પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના જહુરપુરા શાકમાર્કેટ વિસ્તારમાં વાહનોની અવર-જવર માટે અત્રેના હુકમ નંબર. પલસ/મજસ/વશી. ૨૨૨૫ તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૮ થી પ્રતિબંધ ફરમાવી નિયમન કરવામાં આવેલ છે. પરંતુ આ અંગે કાયમી વ્યવસ્થા કરવાની આવશ્યક જણાતાં મે. કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ, પંચમહાલ ગોધરાએ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૩(૧) (ખ) મુજબ તેઓના જાહેરનામા ક્રમાંક પલસ/મજસ/વશી. ૭૬ તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯થી વાહનોની અવરજવર અંગે જાહેરનામું બહાર પાડેલ છે. જેથી અત્રેથી બહાર પાડેલ હુકમ નં. પલસ/મજસ/વશી. ૨૨૨૫ તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૮ નો આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

હુકમ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ. બહાર પાડેલ.

ક્રમાંક ઉ-મકમ-પલસ-વશી-૨૫૨ .—કાર્યપાલક ઇજનેરશ્રી મુખ્ય બંધ વિભાગ, ગોધરાના તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૯ તથા પોલીસ અધિક્ષકએ પંચમહાલ ગોધરાના તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૯ ના રીપોર્ટ મુજબ કોલીયારી બંધ ડેમ વિસ્તારમાં ડેમના અસરગ્રસ્તો દ્વારા ડેમસાઈટને નુકશાન થાય તેવી માહીતી મળેલ છે. તથા ડેમના મજુરો અને અધિકારીઓની સલામતી જોખમાય તેવી શકયતાઓ રહેલી છે. જેથી લોકોના જાનમાલ જોખમ અને ભયમાં મુકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને એવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા તથા આ ડેમસાઈટનો સરકારી મિલકતોનો તોડફોડ ન થાય તેથી તેને અંકુશમાં લેવાનું અને ઝડપી ઉપાયો યોજવાનું ઇચ્છનીય છે.

તેથી હું, સંજય પટણી (જી. એ. એસ). સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાંત, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના કોઈપણ ઈસમોએ તેમનું અવર જવર કરનારાઓએ પ્રસંગોપાત અવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન વિસ્તારની અંદર આપેલ કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી.

વાહન હંકારવું નહી, ચલાવવું નહી, ઉભા રહેવું નહી, રખાડવું નહી, અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઇ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત તારીખ
કોલીયારી સિંચાઇ ડેમના બાંધકામનો આજુબાજુનો ૨૦૦ મીટરનો વિસ્તાર.	તા. ૨જી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તા. ૨જી માર્ચ ૧૯૯૯ સુધી.

આ હુકમ ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

મેં આજરોજ તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કર્યો.

સંજય પટણી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પ્રાંત ગોધરા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC-6 (i) 1 / 758 / Variav Unit-5.—Whereas draft statement dated 17th December, 1998 was served on Shri Pravinbhai Ramjibhai Patel under sub-section (*3*) of section 8 of the Urban Land(Ceiling and Regulation) Act,1976, In Form III appended to rule 5 of the Urban Land(Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 17th December, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I he hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No	Name of the holder	Village	Taluka	Details of land: Survey No./	Details of land: Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1.	Shri Pravinbhai Ramjibhai Patel	Variav Dist. Surat	Chorasi Surat	1406 Block No. 1356	9084-00	

Surat, 28th January, 1999.

M. S. GOHIL,
Competent Authority and Deputy Collector, Urban Land Ceiling,
Surat.

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન ટોચ-મર્યાદા અને નિયમ અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુએલસી/૬/(૧)/૬/૭૫૮/વરીયાવ/યુનિટ-૫.—જે અર્થે શ્રી પ્રવિણભાઇ રામજીભાઇ પટેલ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૮નું મુસદ્દા પત્ર વાંધા

રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધાં બાદ કલમ-૯ હેઠળ તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૮નુ આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ હું આથી જાહેર કરૂ છું કે:-(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામુ ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ.

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ. ચોરસ મીટરમાં.	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	પ્રવિણભાઈ રામજીભાઈ પટેલ	વરીયાવ	ચોર્યાસી જિલ્લો સુરત	સ.નં. ૧૪૭૬/ બ્લોક નં. ૧૩૫૬	૯૭૪૮/૦૭ ચો.મી.	

સુરત, તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૯.

એમ. એસ. ગોહિલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, FEBRUARY 11, 1999 / MAGHA 22, 1920 [No. 6

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	60-66	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	70-83,
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	6	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	298-342

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ એલબી/૧૯૯૮.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧ નો મુંબઈના ૨૨મા) ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ ની કલમોની (એક્સ) અને (વાય) થી આપાયેલા અધિકારો અન્વયે સુરત શહેરના પોલીસ કમિશનરે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ તારીખ ૨૫મી ઓક્ટોબર ૧૯૮૯થી જાહેરનામા ક્રમાંક ઉ/ગપક/એલબી/ ૩૭૦૬૮થી પ્રસિધ્ધ થયેલા પોલીસ કમિશનરેટ વિસ્તાર માટેના આહારગૃહોનો નોંધણી પ્રમાણપત્ર (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) માટેના નિયમોમાં સરકારશ્રીના ગૃહવિભાગના પત્ર ક્રમાંક: જમસ/૧૦૯૩/૫૦૨૯/મ, તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮થી નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છે.

આત્રેના જાહેરનામા ક્રમાંક ઉ/ગપક/એલબી/૩૭૦૬૮, તારીખ ૨૫મી ઓક્ટોબર ૧૯૮૯ના નિયમ-૫માં નીચેનો નિયમ દાખલ કરવો એટલે કે અરજદારે આપવાની લાયસન્સ ફી નીચેના કોષ્ટકમાં જણાવ્યા રહેશે.

INDEX

લાયસન્સ ફીનું કોષ્ટક

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી દશ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(બ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી દશ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(ક) જો દશ વર્ષ કરતા ઓછા સમય માટે નોંધણી પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોય/રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/-ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે/તાજું કરી આપી શકાશે.

(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તો તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/-ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકશે.

સુરત, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર ૧૯૯૮.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક દ્વારા

વંચાણમાં લીધું :—

૧. એલ.ડી.ઓ. ભાવ અંગેનો તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૮નો અત્રેની કચેરીનો હુકમ નં. અન/પુનિ/એલડીઓ/ભાવ/૯૮ /

૨. એસોસીએટેડ પેટ્રોલીયમ કોર્પોરેશનની તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ની અરજી.

હુકમ

નંબરૂ અન/પુ.નિ./એલ.ડી.ઓ. /ભાવ/૧/૯૯/૬૪૭.—આમુખ-૧ને વંચાણે લેતા એલ.ડી.ઓ.ના ભાવ ઘટાડેલ છે તેના અનુસંધાને ભાવ ફરી બાંધવા માટે એસો. પેટ્રો. કોર્પો. એ આમુખ-૨થી રજુઆત કરી છે તેને ધ્યાને લઈને હું વી. પી. પટેલ, એડીશનલ કલેક્ટર અને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેરને મળેલ સત્તાની રૂઈએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે નીચે મુજબના એલ.ડી.ઓ. ના ભાવ ઠરાવુ છું. સદરહુ ઠરાવેલ ભાવ કરતાં કોઈપણ જથ્થાબંધ પરવાનેદાર વધારે ભાવથી એલ.ડી.ઓ.નું વેચાણ કરી શકશે નહીં.

	રૂા. પૈ.
જથ્થાબંધ વેપારી /એજન્ટ વિક્રેતાને પોતાના ડેપોથી વેચાણ કરવાનો ૧ કી. લી. નો ભાવ	૮,૪૨૩-૪૫

ઉપરોત અમલવારીનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે, જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૯.

વી. પી. પટેલ,
અન્ન અને નાગરિક પુરવઠા
નિયંત્રક, અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી.સી. / એ.ડી.એમ. / ૧૭૩/બી.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ના ખંડો (ડબલ્યુ) અને (વાય) થી મળેલ સત્તાની રૂઈએ જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી તારીખ ૨૦મી જુન, ૧૯૭૨ ના તેમના જાહેરનામાં ક્રમાંક ડીસી / પીઓએલ / ૧૭૩ /બી થી પ્રસિધ્ધ થયેલ અમદાવાદ જિલ્લા માટે જાહેર ખાનપાનની જગ્યાઓ સંબંધી પરવાના આપવા અને નિયંત્રણ માટેના નિયમોમાં તારીખ ૨૨ મી ડિસેમ્બર, ૧૯૭૭ ના જાહેરનામાં ક્રમાંક ડીસી / પીઓએલ / ૧૭૩ / બી થી કરેલ સુધારામાં નીચે મુજબ સુધારા કરે છે.

જાહેર ખાનપાનની જગ્યાઓ સંબંધી પરવાના આપવા અને નિયંત્રણ માટેના નિયમોના નિયમ-૪ માં પેટા નિયમ-૪ ને બદલે નીચેનો મજકુર મુકવો.

અરજદારે આપવાની લાયસન્સ ફી નીચેના કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે રહેશે.

લાયસન્સ ફીનું કોષ્ટક

અનુ. નંબર	હેતુ	૫૦,૦૦૦ થી નીચેના વસ્તીવાળા સ્થળ માટે. (રકમ રૂા.)	૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા સ્થળ માટે. (રકમ રૂા.)	૧,૦૦,૦૦૦ થી વધારે વસ્તીવાળા સ્થળ માટે. (રકમ રૂા.)
૧	૨	૩	૪	૫
૧	(ક) સવારે ૫-૦૦ થી રાત્રીના ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેના ભોજનગૃહના સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
	(ખ) સવારના ૫.૦૦ થી રાત્રે ૧૧.૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનિક ખાનપાનની બીજી કોઈ જગા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦

INDEX

૧	૨	૩	૪	૫
૨	બાબત--૧ માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતના દરેક વધારાના કલાક માટે.	૧૦૦	૧૫૦	૨૦૦
૩	લાયસન્સ તાજુ કરવા માટે ...	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૪	પેટા-નિયમ (૨) ના પરંતુક હેઠળ કાઢી આપેલા દરેક કામચલાઉ કામચલાઉ લાયસન્સ માટે.	૨૫૦	૨૫૦	૫૦૦
૫	ગમે તેટલા કલાક સુધી જગા ખુલ્લી રાખવા માં આવી હોય તો પણ અને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામચલાઉ લાયસન્સ માટે. પરંતુ નીચે જણાવેલ કોઈપણ સંસ્થા તરફ રાખવામાં આવેલ "આનંદમેળા" માટે કામચલાઉ લાયસન્સની જરૂર પડે ત્યારે "આનંદ મેળા' માટેની લાયસન્સ ફી સ્ટોલની સંખ્યા ગમે તેટલી હોય અને મેળો ગમે તે સ્થળે રાખવામાં આવ્યો હોય તો પણ એક દિવસના રૂા. ૨૫૦/-- રહેશે. (૧) શૈક્ષણીક અથવા ધાર્મિક સંસ્થા : (૨) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલી સંસ્થાઓ.	૧૦૦	૧૫૦	૨૦૦
૬	તમામ અઠવાડીક બજારો ખાતેની દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૭	જગા નામ ફેર કરવા માટે ...	૨૫૦	૨૫૦	૨૫૦
૮	જે હેતુ સારૂ સાર્વજનિક ખાનપાનની જગાનો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા લાયસન્સ ફરી તાજ કરવાના-- સમયે નહી પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯	લાયસંન્સમાં દરેક એજન્ટનું નામ દાખલ કરવા માટે ... નોંધ :— લાયસન્સ ફરી તાજુ કરવામાં આવે ત્યારે તેમાં તેના તેજ-- એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહીં.	૧૦૦	૧૫૦	૨૦૦
૧૦	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે ...	૨૫૦	૨૫૦	૨૫૦
૧૧	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે ...	૧૦૦	૧૦૦	૧૦૦

ઉકત મજકુર મુજબ ફીના નવા દરો તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી લાગુ પડશે. હાલમાં જે લાયસન્સો માટેની અસ્તિત્વ ધરાવે છે તેવા કિસ્સાઓમાં લાયસન્સની મુદત પુરી થયા બાદ રીન્યુઅલ માટે અરજી કરવામાં આવે ત્યારે નવા દરો લાગુ કરવાના રહેશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ(૧) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૮૭ થી ૧૯૭/૯૯.—મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૩ની કલમ(૧) (સી) મુજબ બહાર પાડવા વિચારેલા જાહેરનામાનો ખરડો ઉક્ત કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તથા તમામની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ પુરો થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉક્ત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી લેખિત વાંધાના સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

જાહેરનામા ખરડો

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ નીકલમ (સી) થી મને મળેલ અધિકારની રુએ હું એચ. બી. વરિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મહેસાણા જિલ્લા બેચરાજી તાલુકાના બેચરાજી ગામે રસ્તાઓ અને હાલના ટ્રાફીકને અનુલક્ષીને બેચરાજી ગામે આવતા વાહનોને પાર્કીંગ કરવા માટે નીચે મુજબની જગ્યા મુકરર કરુ છું.

(૧) મોટા વાહનો મેળાના મેદાનમાં પાર્ક કરવા.

(૨) નાના વાહનો મેળાના મેદાન ઉપરાંત / માતાજીના વિશ્રાંતિ-ગૃહની સામેના ભાગે પાર્ક કરવા.

આજ રોજ તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એચ. બી. વરિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ બહાર પાડેલ ૧૪૪ હેઠળ :

ક્રમાંક ઉં/મજસ/પલસ/વશી /૨૬૫.— પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાંથી પસાર થતો નર્મદા મુખ્ય કેનાલના કિ. મી. ૧૪૨.૨૦૮ વાળા સ્થળે જયાંથી જનીધરી-નદી-ઘરનો હયાત રોડ ક્રોસ થાય છે. ત્યાં કેનાલ ઉપર બનાવેલ પુલને જોડતા બક્કી કર્યા મુજનનો એપ્રોચ રોડ બનાવવાની કામગીરી સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી હાથ ધરાનાર છે. જેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને સુચિત એપ્રોચ રોડ બનાવવાની કામગીરી સરળતાથી ચાલી શકે તે માટે હું એ. કે. રાકેશ, આઈ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે :—

(૧) નર્મદા મુખ્ય કેનાલના કુલ તથા મહી નદી વચ્ચેથી પસાર થતી કેનાલવાળા વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૫ મી માર્ચ, ૧૯૯૯ (બન્ને દિવસો સહીત) ૪ (ચાર) અથવા તેથી વધુ વ્યકિતઓએ કુણ અને મહી નદી વચ્ચેની નર્મદા મુખ્ય કેનાલના કોઈ સ્થળે ભેગા થવુ નહી આ હેરાફેરી કરવી નહીં કે કોઈ તંબુ ઉભા કરવા નહીં.

(૨) નર્મદા મુખ્ય કેનાલ કિ. મી. ૧૪૨.૨૦૮ વાળી ઉપયુકત જગાએ જયાંથી એપ્રોચ રોડનં કામ નક્કી થયા મુજબ કરવાનુ છે તે વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૫ મી માર્ચ, ૧૯૯૯ (બંન્ને દિવસો સહીત) ૪ (ચાર) થી વધુવ્યકિતઓએ એક સ્થળે ભેગા થવુ નહીં યા હેરાફેરી કરવી નહીં.

(૩) ઉકત એપ્રોચ રોડ બનાવવાના સ્થળે—

(અ) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકા, બંદક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ન) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવુ નહીં.

(ક) પત્થર અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા અથવા વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુખો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ડ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેમજ શાંતિ અને કાયદો વ્યવસ્થા ખોરવાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(ઈ) સરકાર દ્વારા અધિકૃત કરેલ સરહદોને ઓળંગવાનો પ્રયત્ન કરવો નહીં, તેમજ સરકારી મિલ્કતો વાહનોને નુકશાન પહોંચાડવું નહીં કે પહોંચાડવાનો પ્રયત્ન પણ કરવો નહીં.

(૪) આ હુકમ સરકારી ફરજ ઉપરના તથા એપ્રોચરોડની કે નર્મદા કેનાલની બાંધકામ કામગીરી સાથે સંકળાયેલા તથા ફરજ ઉપરના પોલીસ સ્ટાફને લાગુ પડશે નહીં.

(૫) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩ જી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

૧.	શૈક્ષણિક સંસ્થા અથવા ધાર્મિક સંસ્થા ...	...	...	...
૨.	મુંબઈ અધિનિયમ ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજીસ્ટર થયેલી સંખ્યાઓ.			
૭.	તમામ અઠવાડીક બજારો પોતાના દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૮.	જગ્ગા નામફેર કરવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
૯.	જે હેતુ સારૂ સાર્વજનીક ખાનપાનની જગાઓ ઉપયોગ કરવામાં અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા (લાયસન્સ ફરી તાજો કરવાના સમયે નહી પણ વર્ષ દરમ્યાન પૂરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર કે પ્રકારના ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯.	લાયસન્સમાં દરેક એજન્ટનો નામ દાખલ કરવા માટે. નોંધ : લાયસન્સ ફરી તાજું કરવામાં આવે ત્યારે તેમાં તેના તેજ એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી નહી.	૧૦૦	૧૫૦	૨૦૦
૧૦.	લાયસન્સ બીજા નામે કરી આપવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
૧૧.	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે.	૧૦૦	૧૦૦	૧૦૦

મે, આજ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯ના રોજ મારી સહી કરી સીક્કા મારેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/ગપક//એસબી. જાહેરનામું//૩૯૯.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી, વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ-વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા. દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્યં વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણ આપવાથી, અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિન્હો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરશ્રીરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીણેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર ડીસીબી / એમએજી / જેલમૃત્યુ/વશી-૪૪૬/૧૯૯૯.—અધિક્ષક નવસારી સબ જેલ નવસારીનાં જાવક નં. ૧૭૪/૯૯ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના અહેવાલથી જણાવ્યા મુજબ જેલના કાચા કેદી નં. ૧૭૫ અફઝલ ઉવીકી ઈકબાલ અંસારી રહે. (મુળ) બડીપુડરી પો. સંબલપુરબિત્રા તા. નજીબાબાદ જિ. બીજનોર (ઉત્તરપ્રદેશ) નું માંદગીની સારવાર દરમ્યાન તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નાં રોજ આશરે ૨૧-૩૦ કલાકે મૃત્યુ નિપજેલ છે.

આ બનાવ સંદર્ભે કયા કારણને લઈને સદરહું કેદીનું મૃત્યુ થયેલ છે. તેની મેજિસ્ટ્રીયલ તપાસ કરવાનું આવશ્યક જણાતા હું આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો નવસારી આથી શ્રી મહેન્દ્ર એસ. પટેલ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ-શ્રી નવસારીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૭૬ હેઠળ તપાસ કરી તપાસનો અહેવાલ પાંચ અઠવાડિયામાં હમોને રજુ કરવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

જાહેરનામુ

હોટલ પરવાના અંગેના નિયમોના નિયમ, ૪(૪)માં સુધારા કરવા બાબતે.

નંબર પીઓએલ/હોટલ/વશી-૩૧૪.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા)ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (ડબલ્યુ) અને વાય થી મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ રાજ્ય સરકારશ્રીની અગાઉથી સંમતિ અનુસાર ખેડા જિલ્લાના હોટલ પરવાનો બાબતે કરેલ નિયમો નં. પી.ઓ.એલ.-૮૩૯, તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૫૯થી પ્રસિધ્ધ કરેલ છે. તેના નિયમ ૪(૪) સુધારવા નીચેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ નિયમો આહારગૃહની નોંધણી પ્રમાણપત્ર અંગેના નિયમો સંદર્ભમાં લાગુ પડતા નથી. નિયમો આહરારગૃહની નોંધણી પ્રમાણપત્ર અંગેના નિયમો સંદર્ભમાં લાગુ પડતા નથી.

(૧) આ નિયમો સને ૧૯૯૯નાં હોટલ પરવાના અંગેના નિયમો કહેવાશે.

તે સને ૧૯૯૯ના જાન્યુઆરી માસની ૧લી તારીખથી અમલમાં આવશે અને હોટલ પરવાના ચાલુ હોય તેવ પ્રસંગે પરવાનાની મુદત પુરી થયેથી આ નવા દરો લાગુ પડશે.

(૨) સદરહું સને ૧૯૫૯ના મુળ નિયમોનાં નિયમ ૪(૪) ને બદલે નવો નિયમ ૪(૪) નીચે પ્રમાણે દાખલ કરવામાં આવે છે.

—નિયમ ૪(૪) હોટલ પરવાના સંબંધે હવેથી નીચે મુજબની ફી વસુલ કરવાની રહેશે.

અનુ. નંબર	વિગત	૫૦,૦૦૦થી નીચેની વસ્તીવાળા સ્થળ માટે રકમ રૂ.	૫૦,૦૦૦ થી ૧૦,૦૦૦ વચ્ચે ની વસ્તીવાળા માટે સ્થળ માટે રકમ	૧૦૦૦૦૦ વધારે વસ્તીવાળા માટે રકમ રૂ.
(૧)	ક સવારે ૫-૦૦ થી રાત્રીના ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરેટ અથવા તે સાથેના ભોજનગૃહમાં સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે	૨૫૦	૫૦૦	૧,૦૦૦
(૨)	ખ સવારના ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનિક ખાનપાનની બીજી કોઈ જગા માટે	૨૫૦	૫૦૦	૧,૦૦૦
(૨)	બાબત (૧) માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતનો દરેક વધારામાં કલાક	૧૦૦ (વાર્ષિક)	૧૫૦ (વાર્ષિક)	૨૦૦ (વાર્ષિક)
(૩)	લાયસન્સ તાજુ કરવા માટે	૨૫૦	૨૫૦	૧,૦૦૦
(૪)	પેટા નિયમ(૨)ના પરંતુક હેઠળ કાઢી આપેલ દરેક કામચલાઉ લાયસન્સ માટે.	૨૫૦	૨૫૦	૫૦૦
(૫)	ગમે તેટલા કલાક સુધી ખુલ્લી રાખવામાં આવી હોય તો પણ અને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામચલાઉ લાયસન્સ માટે પરંતુ નીચે જણાવેલ કોઈપણ સંસ્થા તરફથી રાખવામાં આવેલ "આનંદ મળા" માટે કામ ચલાઉ લાયસન્સની જરુર પડે ત્યારે "આનંદ મેળા" માટેની લાયસન્સ ફી સ્ટોલની ગમે તેટલી સંખ્યા હોય અને ગમે તે સ્થળે રાખવામાં આવ્યો હોય તો પણ એક દિવસના ૨૫૦ શૈક્ષણિક સંસ્થા અથવા ધાર્મિક સંસ્થા (૨) મુંબઈ ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ રજીસ્ટર્ડ થયેલી સંસ્થાઓ.	૧૦૦	૧૫૦	૨૦૦

INDEX

૧	૨	૩	૪	૫
(૬)	તમામ અઠવાડીક બજારો ખાતાનાં દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી	૨૫૦	૫૦૦	૧,૦૦૦
(૭)	જગા નામ ફેર કરવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
(૮)	જે હેતુ સાર સાર્વજનિક ખાનપાનની જગાઓ ઉપયોગ કરવામાં અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા લાયસન્સ ફરી તાજુ કરવામાં સમયે નહીં પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ. ખાનપાનનાં પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે	૨૫૦	૫૦૦	૧૦૦
(૯)	લાયસન્સમાં દરેક એજન્ટનું નામ દાખલ કરવા માટે નોંધ લાયસન્સ ફરી તાજુ કરવામાં આવે ત્યારે તેમાં તેના એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહી.	૧૦૦	૧૫૦	૨૦૦
(૧૦)	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
(૧૧)	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે.	૧૦૦	૧૦૦	૧૦૦

(ખેડા) નડીઆદ, તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૯.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા-કલમ ૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું / ૩૭ (૩)/વશી-૧૦૦૩ થી ૧૦૦૮/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા-કલમ-૩ થી મારી સત્તાની રૂઈએ હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ ૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ ૩૭ (૧).

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૯/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી દિવસમાં મહાશિવરાત્રિના તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ (બંને દિવસો સુધીનાં) સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

INDEX

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તૈયારી કરવાની.

(ગગ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી, બિભત્સ પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવં ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાં, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરી, કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૧૮/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આનંદ ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી મહાશિવરાત્રીના તહેવારને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતિ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.
(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.
(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ચ) વ્યકિતઓ અથવા તેના સબ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની, અથવા ટોળામાં ફરવાની.
(જ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, અને પ્લે બોર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની .

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને-૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ૪ ચાર માસની અને વધુમાં વધુ ૧ એક વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આનંદ ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને -૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ./વશી./૧૪૯૩ થી ૧૫૦૧.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તથા બીજા

INDEX

જિલ્લાઓમાંથી મોટા પ્રમાણમાં જન-સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય, તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-સને-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધીના સમયગાળામાં (બન્ને દિવસો સહિત) દેવમોગરા ગ્રામ પંચાયત તથા સીમમાં યોજનાર મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં, એક જગ્યા-એથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરંતુ પોલીસખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯નાં રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક : પી.ઓ.એલ./વશી/ ૧૫૦૨ થી ૧૫૧૦.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અને ઘાંસ-કામળા-વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત વિસ્તારમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોક્ત શિવરાત્રીના મેળાના દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી માહે ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) અન્વયેનું.

ક્રમાંક પી.ઓ.એલ./ વશી-૧૫૧૧ થી ૧૫૨૦.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ દરમ્યાન મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામાં, આજુબાજુના ગામોમાંથી તથા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પૂરો સંભવ છે. તેથી દરેક વ્યક્તિએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

૧. જે સ્થળો, પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં, ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર ન્હાવું, ધોવું, કે કપડાં ધોવા કે જાનવરો ને નવડાવવા નહિ. વાસણો-વાહનો ધોવાં નહિ.

૨. મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેસાબ કરવો નહિ.

૩. ગંધાતાં, વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બિનઉપયોગી એવાં ફળ-ફળાદિ પીણાં તથા ખોરાક વેચવા નહિ.

૪. ખાન-પાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

૫. જે ભાવિકો કોલેરા-શિતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડતા હોય તેમણે ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેક્ટર પાસેથી, તેવી રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે, હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ, દેવમોગરા મુકામે મહાશિવરાત્રીના મેળાનું આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોના જે કોઈ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે, તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અગર બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી સને ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમ.એ.જી. વશી/૧૫૨૧ થી ૧૫૩૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી ત્યા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. કે. વાગડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા)

આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯, ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી. /વશી./૧૫૩૭ થી ૧૫૫૨.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) અધિનિયમની કલમ-(૩૭)ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. વાગડીયા., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેકંવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહિ. અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવુ નહિ.

(૬) જેનાથી સુરૂચિ-નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવુ નહિ. તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, (રાજપીપલા).

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

વાંચ્યા :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી/વશી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / વશી, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

હુકમ

ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી.—આમુખ (૧)માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથો વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેવા અને ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલી મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના આમુખ (૨) થી અમને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી રાત્રી ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે દુકાનો

INDEX

તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ રાત્રી ૨૪-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૯.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

વાંચ્યો :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી./સંચારબંધી/વશી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / વશી, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / વશી.—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધી અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી રાત્રી ના ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે, દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક થી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે.

વાંચ્યો :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / વશી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી. / સંચારબંધી / વશી, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

હુકમ

આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૩૧ મી જાન્યુઆરી, ૧૯૯૯ નાં રોજ સવારનાં ૬-૦૦ થી રાત્રી ના ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે, દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજ રાત્રી ૨૪-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૯.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે :

વાંચ્યો :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી./ સંચારબંધી/વશી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના હુકમ ક્રમાંક એમ.એ.જી./ સંચારબંધી/વશી, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

હુકમ

ક્રમાંક એમ. એ. જી. / સંચારબંધી / વશી.—આમુખ (૧) માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતા આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના આમુખ (૨) થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

જનતાની સુવિધા માટે તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધીના સમય માટે આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરીકો માટે, દુકાનો તથા વાહનો સહિત સંચારબંધીનો અમલ હળવો કરવામાં આવે છે. તારીખ ૧ લી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ રાત્રી ના ૨૪-૦૦ કલાકથી સંચારબંધીનો અમલ અચોક્કસ મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૯.

રાજીવ ટોપનો,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચ.

એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫ મુજબ બિન વારસી મીલ્કત અંગેનું જાહેરનામું.

નંબર બિન.વા. / મુ.મા. / હરીજી / વશી-૩૫૫ થી ૩૬૨.—આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આ કચેરીના જાહેર નંબર એમ. એજી. બિનવારસી મુદ્દામાલ વશી. ૯૯૮ થી ૯૯૮ તારીખ થી આ સાથેની યાદીમાં જણાવેલ બિનવારસી મુદ્દામાલની માલીકી

INDEX

અંગે હક્ક દાવા રજુ કરવા જણાવેલ હતું જેને છ માસ ઉપરાંતનો સમય થવા છતાં હજુ સુધી કોઈ હક્ક દાવો રજુ થયેલ નથી. જેથી આ બિનવારસી મુદ્દામાલ સરકારશ્રીની મિલકત ગણી તેનો હરાજીથી નિકાલ કરવાનો થાય છે.

સબબ આ સાથેની યાદી મુજબના બિનવારસી મુદ્દામાલની જાહેર હરાજી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૯ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં અમારી સમક્ષ રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ ઉકત તારીખે અને સમયે અત્રેની કોર્ટમાં હાજર રહેવા નોંધ લેવી.

હરાજી અંગેની શરતો હરાજીપૂર્વે રુબરું વાંચી સંભળાવવામાં આવશે. હરાજીની ચીજ વસ્તુઓ જાહેર રજાઓ સિવાયના ચાલુ દિવસોએ કચેરી સમય દરમ્યાન આ કોર્ટમાં જોવા મળી શકશે.

હરાજી મંજુર રાખવી કે કેમ તે અંગેનો આખરી નિર્ણય લેવાનો હક્ક આ નીચે સહી કરનારને આધારીત રહેશે.

બિનવારસી મુદ્દામાલની વિગતો દર્શાવતી યાદી.

રજીસ્ટર ક્રમાંક	અ.નં.	ચીજ વસ્તુની વિગત	પંચ કિંમત
૧	૨	૩	૪
૧/૯૧	૧.	એક સફેદ થેલીમાં રાઈનું બિયારણ કિલો-૨	૩૦.૦૦
	૨.	એક નાનું ઈપ્કો માર્કોનું પર્સ જેમાં સાદર નંગ-૧ જની તથા નાનો કાંચકો એક તથા કવરમાં રંગીન ચશ્મા નંગ-૧	૧૫.૦૦
	૩.	એક જુની થેલીમાં જુનો કોથળો નંગ-૧	૨.૦૦
	૪.	છત્રી નંગ-૧	૨.૦૦
૨/૯૧	૩.	જુનું સ્ટીલનું ડોલચું નંગ-૧	૧૫.૦૦
	૪.	પ્લાસ્ટીકના કાગળના કાળા કલરની થેલી જેમાં જુનું ગરમ સ્વેટર-૧ તથા જુનું પેન્ટ-૧	૨૦.૦૦
	૫.	લાલ કલરની થેલી એક જેમાં છીકણીયા કલરની જુની સાલ-૧ તથા ઉંદા કલરની જુની સાલ-૧ તથા લાલ કલરનું જુનું સ્વેટર-૧	૪૦.૦૦
	૬.	એક જુનો પતરાનો અડધીયો ડબ્બો-૧ જેમાં સ્ટીલની જુની થાળી નંગ-૧, જુના ડબ્બા નંગ-૩	૧૫.૦૦
	૭.	એક જુની કંતાનની થેલી જેમાં જુની એલ્યુમિનીયમની તપેલી-૧ તથા એલ્યુ. ની જુની થાળી નંગ-૧	૧૦.૦૦
૨/૯૧	૯.	રૂવાટીવાળો કોટ નંગ-૧	૦૦.૦૦
	૧૦.	એક કાગળનું બોક્સ જેમાં ડબ્બો નંગ-૧ સ્ટીલનો તથા વાટકી નંગ-૪ સ્ટીલની	૫.૦૦
૩/૯૧	૧.	એક સ્લેટીયો રંગની નાની એટેચી જેમાં જુના બે પેન્ટ તથા જુના બેશર્ટ જુની તથા જુની બંડી નંગ-૧, જુનો જાંગીયો નંગ-૧ જુનો હાથ-રૂમાલ-૧, મોજા જોડી-૧	૬૫.૦૦
૧	૨	૩	૪
	૨.	એક જુની લોક મજાગરા તુટેલી ખાલી સુટકેસ	૧૦.૦૦
	૩.	એક જુનો બગલ થેલો જેમાં જુની લુંગી-૧, સાદર-૧ જુનું ચાકુ-૧, માળા ૧.	૮.૦૦
	૪.	ખેતીવાડીના પોષ્ટર નંગ-૧ કેલેન્ડર માતાજીના નંગ-૪, એક લાલ રંગનું પર્સ જેમાં ઈસ્ત્રીના પુર્જા-૧૨, નાના પાવર નંગ-૧૦.	૫૦.૦૦
	૫.	એક કાગળનું બોક્સ જેમાં કાળારંગની પ્લાસ્ટીકની ટ્રે મોટી નંગ-૧, નાની નંગ-૨.	૬૦.૦૦
	૬.	ચોકલેટ કલરની સુટકેશ લેધરની-૧ જુની જેમાં જુની સફેદ બેગ-૨ જુનો જાંગીયો-૧.	૨૦.૦૦
	૭.	પ્લાસ્ટીકની થેલી જેમાં કથ્થાઈ કલરની જુની ચણીયાચોળી-૧, તથા જુની નાની ઓઢણી નંગ-૧.	૧૦.૦૦
૪/૯૧	૧.	જુની છત્રી નંગ-૧	૫.૦૦
	૨.	લાલ રંગના રેગ્ઝીનના ચશ્માના કવરમાં જુનુ ઘડિયાળ-૧	૨૦.૦૦
	૩.	જુનો નાનો તૂટેલો રેડીયો નંગ-૧ તથા ચોકલેટ કલરનું પર્સ જેમાં જુની બ્લ્યુ કલરનું પેન્ટ-૧ તથા જુનો ચોકડીવાળો બુશર્ટ-૧.	૨૦.૦૦
	૪.	એક વી.આઈ.પી. સુટકેસ જેમાં નવા અડધી બાંયના બનીયન નંગ-૧૧, જુના બુશર્ટ-૩, લેડીઝ સફેદ રંગની મોજડી એક જોડ જુની બંગડી નંગ-૩	૧૫૦.૦૦
	૫.	એક રેગ્ઝીનની હૈયાજેની માર્કવાળી મોટી હેન્ડ બેગ-૧ જેમાં સફેદ કાપડ-૧, બુશર્ટનું કાપડ-૧ સફેદ પેન્ટપીશ-૧, બ્લ્યુ રંગના પેન્ટ પીશ-૨, આછા લીલા રંગનો પેન્ટ પીશ-૧ જુના બુશર્ટ નંગ-૪; બીલ સાથે ટાઈટન નાની ઘડિયાળ (લેડીઝ) નંગ-૧, બીલ નં. ૬૬૯ તા. ૧૧મી ઓક્ટોબર ૧૯૯૧ રૂા.૮૮૩ પી. એચ. શાહ મેજી. કું. મુંબઈ મોડલ-૨૯/૧૧૧૯.	૧,૫૦૦.૦૦
	૭.	લાલ રંગની પ્લાસ્ટીકની થેલીમાં જુનો બુશર્ટ-૧, જુનો ઝબ્બો-૧, જુનો લેંગો-૧, જુનો અંડરવેર-૧, જુનો બુશર્ટ-૧ તથા ચાવીઓનો ઝુમખો તથા જુનું એન્ટર.	૫.૦૦
	૧૦.	કાળા કલરની હેન્ડ પર્સ-૧ જેમાં કાળા કલરનું જુનુ પેન્ટ-૧ તથા છીંકણી કલરનું પેન્ટ જુનુ-૧, તથા જુનુ સફેદ શર્ટ-૧ તથા જુની લુંગી.	૧૦.૦૦

INDEX

૧	૨	૩	૪
	[illegible]	કાળા કલરની બેગ-૧ જેમાં જુની લુગી -૧, તથા જનુ બ્લાઉઝ-૧, તથા જુની અંડરવેર-૧ તથા જનુ ચણીયુ-૧ સીકા-ટોન હેર વાસીંગ પાવડરના બોક્સ નંબ -૪૦૦-૭૫ગ્રામ તથા સફેદ જુનો રૂમાલ નંગ-૧ તથા બગલ થેલો-૧ તથા થેલી-૧ તથા જુના ચંપલ જોડ-૧ જુની જરસી-૧	૪૦.૦૦
	૧૨.	બગલથેલો-૧ જેમાં જુની સાદર-૧ તથા જુનો બુશર્ટ-૧ તથા જુના કાળા કલરનું પેન્ટ-૧ તથા જુની લુગી-૧	૨૫.૦૦
	૧૩.	બ્લ્યુ કલરનું પાકીટ-૧ જેમાં નંબરવાળા ચશ્મા તથા જુની ટોર્ચ-૧ ખાલી ખોખુ તુટેલું.	૫.૦૦
૧૨/૯૧	૧.	એક ભરત ભરેલી થેલી જેમાં બંડી નંગ-૧ જુનો સફેદ કલરનો બુશર્ટ-૧, જુનું કાળું પેન્ટ-૧ જુનો રૂમાલ-૧, જુનો બેબીકંટ-૪	૨૫.૦૦
	૩.	એક તુટેલી હાલતમાં વી.આઈ.પી. જુની બેગ જેમાં જુના બ્લાઉઝ-૨ જુની નાની ચડ્ડી-૨ જુની નાની બનીયન-૨ જુનુ નાનું સ્વેટર-૧, જુની નાની ટોપી-૧ જુના નાના મોજા એક જોડ.	૪૦.૦૦
	૫.	બે પુઠાના ખોખા નાના જેમાં સાદર ચશ્મા નંગ-૧૯	૩૮૦.૦૦
	૬.	જુનું તુટેલું પર્સ-૧, જેમાં જુનો બુશર્ટ-૧, ફાટેલો, તથા જુનુ પેન્ટ એક તથા મફલર જુનુ એક.	૫.૦૦
	૭.	સફેદ પતરાની જુની પેટી ખાલી નંગ એક.	૧૦.૦૦
	૮.	ભરત ભરેલો જુનો થેલો એક જેમાં લાલ કલરનું ગરમ સ્વેટર જુનુ એક, તથા નાના બાળકનુ જુનું સ્વેટર એક, નાની જુની ચડ્ડી એક તથા જુની સાદર નંગ એક, રબ્બરની રીંગો નંગ ત્રીસ, તથા લોખંડની સ્પ્રીંગ (જપરીયુ)એક જુનું.	૪૦.૦૦
	૯.	એક પ્લાસ્ટીકની થેલી જેમાં જુનુપેન્ટ એક, જુની શર્ટ એક	૫.૦૦
	૧૦.	પ્લાસ્ટીકનો ગુથેલી થેલી એક જેમાં માતાજીની ચુંદડી, માંકડું તથા વેલણ-૨ તથા જુનો સાડલો-૧ જનો કબજો એક, બંગડી નંગ દશ. કંઠી માળા એક ખોરીધુપની નાની ડબ્બી બે. ધાર્મિક પુસ્તકો બે,	૧૦.૦૦
	૧૧.	કોથળામાં જુનો ઉષા માર્કાનો સીલીંગ ફેન એક, પાંખો તથા રેગ્યુલેટર સાથે તથા જુનુ નાનુ કુકર નંગ એક,સ્ટીલના-ના નાના ગ્લાસ બે, સ્ટીલની નાની વાટકી નંગ આઠ, જુની વાટકી નંગ-૧ સ્ટીલનો ડબ્બો એક, ડોઈ એક, લોખંડનો ચીપીયો એક, નાની ચમચી ત્રણ, મોટા ચમચા બે, સ્ટીલનો તાવીતો એક, છાસ બનાવવાનો નાનો રવૈયો એક. લોખંડની સાણસી એક, ઝારો એક, નાના તાસક પાંચ લોખંડની તવી નાની એક, નાની કડાઈ, એક, ટીફીન ડબ્બો એક, એલ્યુ. નાની તપેલી બે, પીત્તળની તપેલી એક. સ્ટીલના તપેલા બે, પ્લાસ્ટીકનો નાનો કરંડીયો એક સ્ટીલનો નાનો ખડંચો એક, એલ્યુ.ની બરણી . એક, જુનુ ચાક એક, જુની સાદર એક, જુનો રૂમાલ એક. જુના બ્લાઉઝ, બે, જુની નાની ચડ્ડી બે, લેડીઝ જુનુ મફલર એક, જુનું સ્વેટર એક નાના બાબાની બાયસીકલ એક નંગ, સારી કંડીશનમાં.	૪૫૮.૦૦
૯/૯૨	૧/૧૨	એક જુના બગલ થેલામાં જુનું કાળું પેન્ટ એક, જુની ફાટેલી લુગી એક જુના સ્લીપર જોડ એક, તથા બોકસમાં નવા લાલ કલરના બુટ જોડી-૧	૪૦.૦૦
	૩/૧૪	જુના પ્લાસ્ટીકના થેલા જુના તકીયા નંગ બે, ગોળ આકારના ડીઝાઈનવાળા	૩૦.૦૦
	૫/૧૮	જુનુ એક કાંડા ઘડિયાળ તુટેલાપટાનું	૫૦.૦૦
	૫૬/૧૯.	એક કથ્થાઈ રંગની શુટકેશ જેમાં જુનુ ગરમ સ્વેટર અડધી બાયનું એક, જુના પેન્ટ નવ, જુના બુશર્ટ નંગ-૩.	૭૦.૦૦
		કુલ સરવાળો...	૩,૩૨૦.૦૦

દાંતા, તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯.

(સહી) અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
દાંતા.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)
તારીખ ૪, ૧૧, ૧૮, ૨૫ માહે ફેબ્રુઆરી સન ૧૯૯૯ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧/૧-૧-૧૯૯૯	કલેક્ટર, દાહોદ
૨	૨/૧-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૩	૩/૧-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૪	૪/૪-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ
૫	૫/૪-૧-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૬	૬/૫-૧-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૭	૭/૬-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૮	૮/૭-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર
૯	૯/૭-૧-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૧૦	૧૦/૮-૧-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૧૧	૧૧/૮-૧-૧૯૯૯	કલેક્ટર, નવસારી

INDEX

૧	૨	૩
૧૨	૧૨/૧૩-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૩	૧૩/૧૩-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૪	૧૪/૧૬-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૧૫	૧૫/૧૯-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૧૬	૧૬/૧૯-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખડા, નડીઆદ
૧૭	૧૭/૨૧-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૧૮	૧૮/૨૧-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૯	૧૯/૨૨-૧-૧૯૯૯	કલેકટર, વડોદરા જિલ્લો
૨૦	૨૦/૨૨-૧-૧૯૯૯	કલેકટર, પંચમહાલ, ગોધરા
૨૧	૨૧/૨૫-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાં, હિમતનગર
૨૨	૨૨/૨૭-૧-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૨૩	૨૩/૨૮-૧-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૨૪	૨૪/૮-૨-૧૯૯૯	સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર, શહેરી જમીન ટોચમર્યાદા, વડોદરા
૨૫	૨૫/૯-૨-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૨૬	૨૬/૧૧-૨-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૨૭	૨૭/૧૧-૨-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા
૨૮	૨૮/૧૨-૨-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાં, હિમતનગર
૨૯	૨૯/૧૫-૨-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૩૦	૩૦/૧૬-૨-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૩૧	૩૧/૧૮-૨-૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૩૨	૩૨/૧૯-૨-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. GB-A-14 E

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY MARCH 4, 1999 / PHALGUNA 13, 1920 [No. 9

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	91-100
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	9
Part- I-B	—Government Notifications published under Land Acquisition Act only.	107-114
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	467-53

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/શપક/એલબી/૨૧૭/૪૬૦૫/૯૯.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ ધારા (૧૯૫૧નો બોમ્બે-૨૨) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ઉપવાક્યો એક્સ અને વાય તથા ગુજરાત સરકારના ગૃહવિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક જમસ/૧૦૯૮/૧૨૦૩/મ, તાટરીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૮ થી બહાર પાડેલ હુકમ વંચાણમાં લેતા તે હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરના પોલીસ કમિશ્નરે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારના બોર્ડીંગ હાઉસ, લૉજિંગ હાઉસ અથવા નિવાસી હોટલોના પરવાનાની ફીના દરમાં વધારો કરવા અંગેના અત્રેના નિયમો નીચે મુજબ ઘડેલ છે.

INDEX

નિયમો :—

(૧) આ નિયમો-૧૯૯૯ ના બોર્ડીંગ હાઉસ, લોજિંગ હાઉસ અથવા નિવાસી હોટલોના પરવાનાની ફીના દરમાં વધારો કરવા બાબતના નિયમો કહેવાશે.

(૨) તે સુરત શહેરના પોલીસ કમિશનરના કાર્યક્ષેત્રના વિસ્તારને લાગુ પડશે.

(૩) તે સને ૧૯૯૯ ના જાન્યુઆરી માસની પહેલી તારીખથી અમલમાં આવશે.

(૪) આ નિયમો લોજિંગ હાઉસ, બોર્ડીંગ હાઉસ અથવા નિવાસી હોટલો એટલે કેજ્યાં જાહેર જનતાને કોઈ પ્રકારની લોજિંગ તથા બોર્ડીંગની સુવિધા પુરી પાડવામાં આવતી હોય તેવા સ્થળોને ખોલવા / ચલાવવા માટે લાગુ પડશે.

(૫) આ નિયમો આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર (રજિસ્ટ્રેશન સર્ટીફીકેટ) માટેના સ્થળોને લાગુ પડશે નહીં.

બોર્ડીંગ હાઉસ, લોજિંગ હાઉસ અથવા નિવાસી હોટલોના પરવાનાની ફીનો વધારો નીચે મુજબનો છે.

અનુ. નંબર	વિગત	૫૦,૦૦૦ થી નીચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)	૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)	૧,૦૦,૦૦૦થી વધારે વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)
૧	૨	૩	૪	૫
૧	(ક) સવારે ક. ૫-૦૦થી રાત્રીના ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેના ભોજનગૃહના સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
	(ખ) સવારના ક. ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનિક ખાનપાનની બીજી કોઈ જગ્યા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૨	બાબત ૧માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતનો દરેક વધારાના કલાક માટે.	૧૦૦ (વાર્ષિક)	૧૫૦ (વાર્ષિક)	૨૦૦ (વાર્ષિક)
૩	લાયસન્સ તાજું કરવા માટે	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૪	પેટા નિયમ (૨) ના પરંતુક હેઠળ કાઢી આપેલા દરેક કામચલાઉ લાયસન્સ માટે	૨૫૦	૨૫૦	૫૦૦
૫	ગમે તેટલા કલાક સુધી જગા ખુલ્લી રાખવામાં આવી હોય તો પણ અને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામચલાઉ લાયસન્સ માટે પરંતુ નીચે જણાવેલ કોઈપણ સંસ્થા તરફથી રાખવામાં આવેલ "આનંદ મેલા" માટે કામચલાઉ લાયસન્સની જરૂર પડે ત્યારે "આનંદ મેલા" માટેની લાયસન્સ ફી સ્ટોલની સંખ્યા ગમે તેટલી હોય અને મેળો ગમે તે સ્થળે રાખવામાં આવ્યા હોય તો પણ એક દિવસના રૂ. ૨૫૦ રહેશે. (૧) શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થા. (૨) મુંબઈ સ્ટેટ ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલી સંસ્થાઓ	૧૦૦	૧૫૦	૨૦૦
૬	તમામ અઠવાડીક બજારો ખાતાના દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી ...	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૭	જગા નામફેર કરવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
૮	જે હેતુ સારૂં સાર્વજનિક ખાનપાનની જગાઓ ઉપયોગ કરવામાં અધિકાર આપ્યો હોય તે હેતુ અથવા લાયસન્સ ફરી તાજુ કરવાના સમયે નહી. પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯	લાયસન્સમાં દરેક એજન્ટનું નામ દાખલ કરવા માટે ... નોંધ.—લાયસન્સ ફી તાજું કરવામાં આવે ત્યારે તેમાં તેના તેજ એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહીં.	૧૦૦	૧૫૦	૨૦૦
૧૦	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે ...	૨૫૦	૨૫૦	૨૫૦
૧૧	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે ...	૧૦૦	૧૦૦	૧૦૦

૫. રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવા સુધારા-વધારા આ નિયમોમાં કરી શકશે અને આ નિયમો બોર્ડીંગ હાઉસ, લોજિંગ હાઉસ અથવા નિવાસી હોટલોના લાયસન્સ ધારણ કરતા તમામને બંધનકર્તા રહેશે.

સુરત, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

કુલદીપ શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક પીઓએલ/વશી/૩૧૦/૯૯.—મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉકત કલમ-૩૩ ની પેટા-કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તથા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખ થી એક માસ પુરો થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા ઉકત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધી માં આ જાહેરનામાના ખરડા સબંધમાં કોઈપણ વ્યકિત તરફથી લેખીત વાંધાના સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ની કલમ-સી થી મને મળેલ અધિકારની રૂએ હું અચ. બી. વરિયા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા જિલ્લામાં મહેસાણા શહેરના રસ્તાઓ અને હાલના ટ્રાફિક ને અનુલક્ષીને (પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે) વાહનોના નિયમન માટે રીક્ષા/ટેક્ષી સ્ટેન્ડ અને રસ્તાઓ ઉપર પ્રતિબંધ તથા રસ્તાઓ વનવે કરવા નીચે પ્રમાણે હુકમ કારું છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે રીક્ષા અને ટેક્ષી સ્ટેન્ડ, તથા રસ્તાઓ ઉપર પ્રતિબંધ મુકવા અને રસ્તાઓ વનવે કરવા અંગે અમલ કરવા હુકમ કરૂ છું.

પરિશિષ્ટ

(૧) એસ.ટી. બસો/ભારે વાહનો ઉપર પ્રતિબંધ :

(૧) ધોબી ઘાટથી હેદરીચોક થઈ નવાફુવારા થઈ એસ.ટી. ડેપો ડેપો તરફ એસ.ટી. બસો તથા ભારે વાહનો આવતા જતા હોય છે તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેના વિકલ્પે આ એસ.ટી. બસો હેદરીચોકથી સિન્ધીસોસાયટી સર્કલ થઈ જિલ્લા પંચાયત. રોડ થઈ એસ.ટી. ડેપો ઉપર જશે. તેજ પ્રમાણે ભારે વાહનો સાઈ બાબા મંદિર થઈથી સીધેસીધા માનવ ઉત્થાન ચાર રસ્તા થઈ રામોસણા જકાતનાકા થઈ બારોબાર હાઈ-વે ઉપર જશે.

(૨) એસ.ટી. બસો/ભારે વાહનો (સ્કુલ બસ સિવાય) હાઈ-વે ગુરદ્વારાથી જેલ રોડ ઉપર થઈ ગોપીનાળા તરફ આવવા તથા ગોપી-નાળાથી જેલરોડ ઉપર થઈ ગુરદ્વારા થઈ હાઈ-વે ઉપર જવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેના વિકલ્પે એસ.ટી. બસો/ભારે વાહનો પાલનપુર તરફથી આવતી રાધનપુર ચાર રસ્તા ડેરી રોડ ઉપરથી આવશે તેમજ જવા માટે ગોપીનાળાથી મગપરા થઈ રાધનપુર ચાર રસ્તા થઈ જશે.

(૨) રીક્ષા તથા ટેક્ષી ઉભી રાખવા રીક્ષા/ટેક્ષી સ્ટેન્ડ :

(૧) સીવીલ સામે ફોરેસ્ટ ઓફીસની દિવાલ પાસે ૧૦(દશ) રીક્ષા નું સ્ટેન્ડ રાખવું.

(૨) રાજમહેલ પોલીસ ચોકીની પાછળ ૧૦(દશ) ટેક્ષી સ્ટેન્ડ રાખવું.

(૩) મહેસાણા એસ.ટી. ડેપોના આઉટગેટ જેમાં સીટી બસ સ્ટેન્ડ ની બંને બાજુ મળીને ૧૦(દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૪) એસ.ટી. ડેપોના ઈનગેટથી ઉત્તરે ૧૦(દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૫) જનતા સુપર માર્કેટના મુખ્યગેટ સામે ૧૦(દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું તેમજ ૪ (ચાર) ટેક્ષીનું સ્ટેન્ડ રાખવું.

(૬) ગોપીનાળા બહાર પાર્વતી શોપીંગ સેન્ટર સામે દશ (૧૦) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૭) રાધનપુર ચાર રસ્તા જયભારત સોસાયટીની દિવાલને અડીને ૧૫(પંદર) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૮) રાધનપુર ચાર ક્ષળમાં ડેરી રોડ ઉપર ઊમીયાનગરના સોસાયટી પાસે ૫(પાંચ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૯) રાજકમલ પેટ્રોલપંપ સામે માલ ગોડાઉનમાં જવાના રોડની બંને બાજ મળીને ૧૦(દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૦) મોઢેરા ચાર રસ્તા સીટી બસ સ્ટેન્ડ પાસે ૫(પાંચ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૧) મોઢેરા પીકઅપ સ્ટેન્ડની ઉત્તરે, એસ.ટી. વર્કશોપથી દિવાલ પાસે ૧૦ (દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૨) મોઢેરા રોડ ઉપર જી.આઈ.ડી.સી. ની દિવાલ પાસે ૧૫ (પંદર) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું તથા ૫(પાંચ) ટેક્ષીનું સ્ટેન્ડ રાખવું.

(૧૩) બી. કે. સિનેમા પાસેના ફુવારા ની ઉત્તર-દક્ષિણ તરફ મળીને ૨૦(વીસ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૪) મેઘરથ બીલ્ડીંગ સામે લાયબ્રેરી અને તોરણવાળી માતાના મંદિરના દરવાજા વચ્ચેની જગામાં ૧૦(દશ)રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૫) આઝાદ ચોકના બોર્ડ પાસે ૫(પાંચ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૬) હેદરીચોક ટાવર પાસે ૧૫(પંદર) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૭) પાણીની ટાંકી પાસે ૧૦ (દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

(૧૮) મંગલમથી પૂર્વે તાલુકા પંચાયતની દિવાલને અડીને ૧૦ (દશ) રીક્ષાનું સ્ટેન્ડ રાખવું.

આજ રોજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કા કર્યો.

એચ. બી. વરિયા
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨)ની કલમ-૩૭ (૧) મુજબનો હુકમ.

નંબર ડીસી / પીઓએલ / એમએજી/એસ.આર./૭/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨)ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી તારીખ ૯મી માર્ચ, ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દડા, તલવાર, સોટી, બંદક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાઈ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું.

INDEX

તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલ વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે ઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને, દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, નંબર-૨૨)માંની કલમ-૩૭ (૩). મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૮/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને સુપ્રત અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી માર્ચ, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર).

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો પછી સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ- હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ ૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(સી) હેઠળ બહાર પાડેલ.

વાંચ્યો :

(૧) કાર્યપાલ ઈજનેરશ્રી, ભરૂચ, પંચાયત મા × મ વિભાગ નં. ૧, જિલ્લા પંચાયત, ભરૂચના પત્ર ક્રમાંક જી.પં./ /૫૧/સીબી-૧૦૦, તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૯.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી./પી.ઓ.એલ./વશી.-૫૧૬.—કાર્યપાલક ઈજનેરશ્રી, ભરૂચ પંચાયત મા × મ વિભાગ નંબર-૧ જિલ્લા પંચાયત, ભરૂચને આમુખ (૧) થી દરખાસ્ત કરી જણાવેલ છે, હાંસોટ કંટીયા-જાલ રોડ કી. મી. ૯/૦ થી ૧૬/૦ તાલુકા હાંસોટના રસ્તાનું મરામત તથા કારપેટ સીલકોટનું કામ ચાલુ હોય તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી સદર માર્ગ-વાહન વ્યવહાર માટે બંધ કરવા જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરી છે.

સબબ હાંસોટ-કંટીયાજાલ રોડ કી. મી. ૯/૦ થી ૧૬/૦નાં માર્ગનું મરામતનું કામ ચાલુ હોય સદરહુ રસ્તો તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી બંધ રાખવો આવશ્યક જણાય છે.

INDEX

વાસ્તે. હું જે. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૩(૧)(સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, એસ.આર. ટૂ હાંસોટ કંટીયાજાલ રોડના કી.મી. ૯/૦ થી ૧૬/૦ સુધીનાં માર્ગ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવા હુકમ કરૂં છું. સદર માર્ગ બંધ થતાં વાહન વ્યવહાર વમલેશ્વર પાટીયાથી આંકલવા, ધમરાડ થઈ છીલોદરા દંત્રાઈ થઈ બાડોદરાથી હાંસોટ માર્ગે પસાર થઈ શકશે.

આ હુકમનો અનાદર કરનારે સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજ તારીખ ૧૫મી માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમ.એ.જી.-વશી-૭૪૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરુરી જણાયુ છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭(૩)થી મને મળેલ સત્તાની રુએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૯નાં દિવસે સવારના ૬.૦૦કલાકથી તારીખ ૭મી માર્ચ ૧૯૯૯નાં રોજ સાંજના ૨૪.૦૦કલાક સુધી (બંન્ને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરુ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
૨. ફરજ ઉપર હોય તેવી ગુહરક્ષકદળની વ્યકિતઓને
૩. કોઈ લગ્નના વરઘોડાને.
૪. કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર મકસ-પ્લસ-મજસ-વશી-૪૦૪.—આગામી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી તારીખ ૮મી માર્ચ, ૧૯૯૯ દરમ્યાન હોળી, ધુળેટી, રંગપંચમી જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું આર. એમ. પગી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૮મી માર્ચ, ૧૯૯૯ (બન્ને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની, ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બનાવવા નહીં, અથવા તો તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીથી નીચેની પાયરીના ન હોય, તેવા અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આજરોજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા કરી આપવામાં આવ્યો.

આર. એમ. પગી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ / ફાયરીંગ / ચેરલ્લા/વશી/૮૦૧/૯૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાષ્ટ્રીય અનામત દળ જુથ-૧૦ ઉકાઈ જિલ્લો સુરતના જવાનોના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૦મી ફેબ્રુઆરી,

INDEX

૧૯૯૯ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ રાખેલ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોરઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯થી ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૫) મજબ :

ક્રમાંક ઉં/મકડ/એમએજી/વશી-૧૩૫૨-૧૩૬૨ / ૧૯૯૯.—(૧) ડાંગ દરબાર મેળા દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓની આજુબાજુની જમીનમાં મેળાના પ્રસંગે હંગામી ધોરણે ઉભી કરેલ વિવિધ પ્રકારની દુકાનો હોવાથી સદરહુ રસ્તાઓ ઉપરથી પગે ચાલીને જનારાઓની અવરજવર વિશેષ પ્રમાણમાં રહેવાની છે. એટલે મેળાના સમય દરમ્યાન આવા લોકોને ભય, હરકત કે અગવડ કે અકસ્માત ન થાય તે માટે સદરહુ રસ્તાઓના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

(૨) તેથી તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના ૭-૦૦ કલાકથી તારીખ ૪થી માર્ચ, ૧૯૯૯ ના ૨૪-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ ઉપર—

(ક) મોટર તેમજ અન્ય વાહન.
(ખ) ઢોરો સાથે અથવા ઢોરો દ્વારા ચાલતા વાહન દ્વારા જઈ શકશે નહીં તેવો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના ખંડ અન્વયે આથી પ્રતિબંધ ફરમાવેવામાં આવે છે.

પરિશિષ્ટ

(ક) આહવા ખાતેની જાહેર બાંધકામ વિભાગ (સ્ટેટ) ની કચેરીનું મકાન અને ગ્રામ પંચાયત આહવાનું મકાન આ બે મકાનો વચ્ચે રાજ્ય ધોરી માર્ગ જોડે જે ભાગ પડે તે ભાગ.

(ખ) આહવા સબ પોસ્ટ ઓફીસનું મકાન અને રંગ ઉપવન આ બે વચ્ચે આવેલા શ્રી મોરારજી દેસાઈ માર્ગ એ રસ્તાના જે ભાગ પડે તે ભાગ.

અપવાદ :

આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહીં :

(ક) પીવાના પાણીની સેવા, ગંદા પાણીના નિકાલની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સેવાઓ પૂરી પાડવા માટે મોટર વાહનમાં જનારાઓ.
(ખ) જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલી હોય તેવા વાહનમાં જનારાઓ.

(૩) ઉપર જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે આશ્રમ રોડ થઈ, સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોનીથી હાઈસ્કુલ રોડ તરફથી સરદાર વલ્લભભાઈ માર્ગથી એસ. ટી. ડેપો જતાં માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

સહી (અવાચ્ય),
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

સુધારા હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪ ૪ હેઠળ બહાર પાડેલ.

નંબર પલસ/મજત/વશી/૨૪૬/૯૯.—ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ કોલીયારી ડેમ વિસ્તારના અસરગ્રસ્તો દ્વારા ડેમને નુકશાન ન પહોંચાડે તે માટે અત્રેના જાહેર હુકમ મકમ/પલસ/વશી ૨૪૬ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પરંતુ સ્થળ મુલાકાત અને હાલની પરિસ્થિતિ ધ્યાને લેતાં પ્રતિબંધિત વિસ્તારમાં પૂર્વ તથા ઉત્તર બાજુએ ખાનગી માલિકીના ખેતરો આવેલા છે. તથા જાહેર રસ્તો આવેલ છે. આથી નીચે જણાવ્યા મુજબ સુધારા હુકમ કરવાની જરૂરિયાત જણાય છે. જેથી નીચે દર્શાવેલ અનુસૂચિ પ્રમાણે સુધારા હુકમ કરવામાં આવે છે.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત
કોલીયારી સિચાઈ ડેમના બાંધકામની આજુ-બાજુનો ૨૦૦ મીટરના વિસ્તારમાં આવતા ખાનગી માલિકીના ખેતરો અને તેના રસ્તા સિવાયનો ખુલ્લો વિસ્તાર.	તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૨જી માર્ચ ૧૯૯૯.

આ હુકમ ફરજ પરના પોલીસ તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીને લાગુ પડશે નહીં.

મેં આજરોજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

(સહી) અવાચ્ય,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
દાહોદ.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC-6 (i) / Rj. No. 3 to 6 / 25, 26/87/ Vesu /Unit-1.—Whereas draft statement dated was served on Shri Nanubhai Jivubhai etc. under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 22nd February 1999 under section 9 was served on him in the manner referred to in the said sub-sectton 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the Holders	Village	Taluka	Survey No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
(1)	Nanubhai Jivabhai	Vesu	Chorasi	16	54.72	

Surat, 22nd February, 1999.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૩.

[કલમ-૧૦(૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુ. એલ. સી./૬ (૧) રજી.નં/૩થી ૬ ૨૫, ૨૬/૮૭/વેસુ/યુનિટ-૧.— જે અર્થે, શ્રી નાનુભાઇ જીવાભાઈ પટેલ વિગેરેએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન)અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ–૯ હેઠળ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦(૧) અન્વયે મળેલ અધિકાર રૂએ હું, આથી જાહેર કરું છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર / ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫–અ	૫–બ	૬
૧	શ્રી નાનુભાઇ જીવાભાઈ પટેલ વિગેરે	વેસુ	ચોર્યાસી	૧૬	૫૪.૭૨	

સુરત, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC/6(i)/1/1697, 1/734, 1/1067, Majura/Unit 1. — Whereas draft statement dated 10th November, 1982 was served on Shri Balvantbhai Somabhai Bhandari Etc. under sub-section (*3*) of section-8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 28th May, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I/he hereby notify that:—

(i) the vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land personally or through their agents giving particulars of the nature of their interest in the said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No./ Final plot No.	Details of land: Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Balvantbhai Somabhai Bhandari Etc	Libayat	Chorasi	27 Paiki	6272	
		Majura	,,	61+170	40166	
					46438	

Surat, 22 nd February, 1999.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦(૧) તથા નિયમ--૬ અનુસાર].

નંબર યુએલ.સી./૬(૧) ૧/૧૬૯૭, ૧/૭૩૪, ૧/૧૦૬૭,/મજુરા/ યુનિટ--૧.—જે અર્થે, શ્રી બળવંતભાઈ સોમાભાઈ ભંડારી વિગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ--૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ નાં નિયમ--૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૨ નું મુસદા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવા આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૮મી મે, ૧૯૯૮ નું આખરી પત્રક કલમ--૮(૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારી રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે,અને (૨) આ સાથેના પરિશિષ્ટ,જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાં તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત રાજ્ય સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૩૦માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત — ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧.	શ્રી બળવંતભાઈ સોમાભાઈ ભંડારી વિગેરે	લીંબાયત	ચોર્યાસી	૨૭ પૈકી	૬૨૭૨	
		મજુરા	,,	૬૧+૧૭૦	૪૦૧૬૬	
					૪૬૪૩૮	

સુરત, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-6(i) 2/2014, 407/83/2/2324/Bhestan Unit-1.—Whereas draft statement dated 9th July 1998 was served on Shri Dhansukhbhai Dulbhbhai Etc. under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 24th July 1997 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I/he hereby notify that.—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Details of land — Survey No. / final Plot No	Details of land — Area in (Sq. Mts.)	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Dhansukhbhai Dulbhbhai Etc.	Bhestan	Chorasi	126	9646	
				136	22055	
				81	33791	
					65492	

Surat, 22nd February 1999.

M. S. THAKKAR,
Competent Authority
and Additional Collector,
Urban Land Ceiling,
Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.
[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧) ૨/૨૦૧૪, ૪૦૭/૮૩, ૨/૨૩૨૪/ભેસ્તાન યુનિટ-૧.—જે અર્થે શ્રી ધનસુખભાઈ દુર્લભભાઈએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૯મી જુલાઈ ૧૯૮૨ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૪મી જુલાઈ ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરૂ છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકાશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચો. મી.	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી ધનસુખભાઈ દુર્લભભાઈ	ભેસ્તાન	ચોર્યાસી			
				૧૨૬	૯૬૪૬	
				૧૩૬	૨૨૦૫૫	
				૮૧	૩૩૭૯૧	
				કુલ	૬૫૪૯૨	

સુરત, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

એમ. એસ. ઠક્કર,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, MARCH 11, 1999 / PHALGUNA 20, 1920 [No. 10

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	101-116	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	115-128
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-A under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	10	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	536—594

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક ઉ/ગપક/૪૨૦/વિ. શા./૧૯૯૯.—આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતાં શખ્સો ઉપર કાદવ તથા રંગ મિશ્રીત પાણી તથા તેની ઈત્યાદી વસ્તુઓ ફેંકવાની શકયતા છે.

અને તેવા કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખાડો કે હુલ્લડ થવાનો સંભવ છે.

અને તેની ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પૂરતા કારણો છે. તેમ થતું તાત્કાલીક અટકાવવાનું ઈચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે.

INDEX

તેથી હું હીરાલાલ પોલીસ કમીશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ;

અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૭મી માર્ચ ૧૯૯૯ (બન્ને દિવસો સહિત) કોઈપણ વ્યક્તિઓ જાહેર જગ્યાએ આવના જતા રાહદારીઓ ઉપર યા મકાનો અથવા મિલ્કતો ઉપર યા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ કીચડ, રંગ અથવા રંગ મિશ્રીત કરેલા પાણી યા તેલ તથા આવી બીજી કોઈ વસ્તુઓ નાંખવી કે નંખાવવી નહી અથવા હોળી ધુળેટીના પૈસા ઉઘરાવવા નહી. અથવા બીજા કોઈ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતાં આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના અધિનિયમ-૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થવા જે ગુનો ગુજરાત સરકારના ગૃહ ખાતાના જાહેરનામાં નંબર જી જી/૩૬૫/૭૯/એસ બી/૧/સીએલએ/-૧૦૭૯/૧૦૭૨૬/તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીન જામીન લાયક ગુનો બને છે.

આજ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) હેઠળ

નંબર / ગપક/૪૨૧/વિ. શા/૧૯૯૯.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રા, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું, તેમજ લાકડી, અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઇ જવી;

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની ;

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની;

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, તેનો ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તથા ચાળા, વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ--આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઆને લાગુ પડશે નહી.—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હાથયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી;

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોઈ કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી:

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર-૪૫)ની કલમ ૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૨૨/વિ. શા/૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ સમે ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ, ૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ

વિસ્તારોમાં તારીખ ૨જી માર્ચ ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગાં થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માની પેટા કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/એસબી / જાહેરનામું / ૪/૯૯ :—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી માર્ચ ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુઓ લઇ જવાની;

(ખ) કોઇપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઇ જવાની.
(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો, ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;
(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.
(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.
(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાની અથવા નકલ કરવાથી તથા નીશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીનો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી ચાળા વિગેરે કરવાથી અથવા તેનો ફેલાવો કરવાની;

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.
૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવુ કોઇ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇ પણ અધિકારીએ જે ને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઇ પોલીસ અધિનિયમની સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી હેઠળ

ક્રમાંક એસબી/જાહેરનામું/૫/૯૯ .—તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ના રોજ હોળી તથા તારીખ ૨જી માર્ચ ૧૯૯૯ ના રોજ ધુળેટીનો તહેવાર છે. આ તહેવારના દિવસે લોકો એક બીજા ઉપર પાણી, રંગ ગુલાલ વિગેરે ઉડાડી જાહેર જગ્યામાં એક સ્થળેથી બીજા સ્થળે દોડાદોડી કરતા હોય છે. જેના કારણે રસ્તાઓ ઉપર અડચણો, અવરોધો ઉભા થઇ વાહન વ્યવહારને અડચણરૂપ તેમજ ભયજનક પરિસ્થિતિ ઉદભવવા પૂરતી સંભવના રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતી સલામતી જોખમાય છે.

આથી હું, કે. એન. શર્મા, (આઇ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી માર્ચ ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધી નીચે જણાવેલ વિસ્તારમાં કોઇ પણ વ્યકિતઓ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર એક બીજા ઉપર પાણી, રંગ, ગુલાલ માટે વપરાતાં બીજા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી કરવી નહી તથા અન્ય કોઇ પણ રીતે એક બીજા ઉપર કોઇ પદાર્થ નાખવો નહી, તે માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદર અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

કે. એન. શર્મા.
પોલીસ કમિશનર,
સુરત.

INDEX

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૪મી જુન, ૧૯૯૬ના ક્રમાંક : સરમ-૦૧-ખ-૧૧૧૪-૯૬ નો હુકમ.
(૨) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૮ના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-ખ-૨૨૪૫-૯૮ ના પત્ર સાથે સામેલ થઈ આવેલ ફડચા અધિકારી-૧ સુરતની દરખાસ્ત.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦

પ્રસ્તાવના

ક્રમાંક : સરમ/૦૧/ક/૩૩૭/૯૯.—શ્રી નિઝર વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નિઝર, તાલુકો નિઝર, જિલ્લા સુરતને આમુખ-૧નાં હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જઈ આ અધિનિયમની કલમ ૧૦૭ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી લગત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતની નિમણુંક કરવામાં આવેલ હતી.

ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરતાં મંડળીના સરવૈયા મુજબના લેણાં-દેણાંની પતાવટ કરી મંડળીનું સરવૈયું શૂન્ય કરવામાં આવેલ છે અને બાકી રહેતી રકમ સરકારશ્રીમાં સરપ્લસ ખાતે જમા કરાવવામાં આવેલ છે. ઉપરાંત મંડળીના છેવટના હિસાબોની ઓડિટની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવેલ છે. આમ સદરહું મંડળીની ફડચાની તમામ કામગીરી પૂર્ણ થયેલ હોવાથી મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત રજૂ કરેલ હતી, તેવી દરખાસ્ત આમુખ-૨ થી પ્રસ્તુત મંડળીની નોંધણી રદ કરવાની ભલામણ કરવામાં આવેલ છે. આમ સઘળી હકીકતો તેમજ સહકારી કાયદાની કલમ-૨૦ ની જોગવાઈઓ જોતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું બ્રહ્મભટ્ટ ડી. એચ., ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય ગાંધીનગર મને મળેલ સત્તાની રૂએ શ્રી નિઝર વિભાગ ખાંડ ઉદ્યોગ મંડળી લી. નિઝર, તાલુકો નિઝર, જિલ્લો સુરત કે જેની નોંધણી નં. સે-૬૯ તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર પ્રસ્તુત મંડળીની નોંધણી આથી રદ કરું છું.

(સહી) ડી. એચ. બ્રહ્મભટ્ટ,
ખાંડ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

નંબર ડીએમએજી-૧બસ-સ્ટોપ-વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (મુંબઈ ૨૨માં)ની કલમ-૩૩ પેટા કલમ (૧) ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાની નીચે મુજબનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યક્તિઓની જાણ સારૂ સદરહું કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યા છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે સદરહું મુસદ્દો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર જે રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનો પુરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોક્ત મુદત પુરી થતાં પહેલાં સદરહું મુસદ્દો સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠાને જે કોઈ વાંધા કે સુચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

નંબર ડી/એમએજી/૧/બસ/સ્ટોપ/વશી :— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠાને મળેલ અધિકારોની રૂએ ગુજરાત કૃષિ યુનિ. સરદાર કૃષિ નગર દાંતીવાડાની બસો પાલનપુર મુકામે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીના બંગલાની બાજુમા જ્યાં એસ. ટી. બસો ઉભી રહે છે તે જગ્યાએ ઉભી રાખવાની રહેશે.

ગુરૂનાનક ચોકમાં આવેલ પંચાયત ક્વાર્ટસના કોટને અડીને આવેલ જગ્યાએ મુસાફરો બસની અંદર બેસે અને ઉતરે એટલા પુરતીજ રાખવાની રહેશે.

આજ રોજ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું.

નંબર પીઓ એલ/૪૭૦/૯૮/૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ની (ડબલ્યુ) અને (વાય) થી મળેલ સત્તાની રૂએ સુરત જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આહાર ગૃહો ખોલવા/ચલાવવા માટે લેવાતાં નોંધણી પ્રમાણપત્ર(રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) અંગેના નિયમોમાં નીચે મુજબનો સુધારો સરકારશ્રીના પત્ર નંબર જમસ/૧૦૯૩/૫૦૨૯/મ, તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮ થી સુધારો કરેલ છે.

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી રૂા. ૨૫૦૦ દશ વર્ષ માટે.

(બ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી રૂા. ૨૫૦૦/- દશ વર્ષ માટે.

(ક) જો દશ વર્ષ કરતાં ઓછા સમય માટે નોંધણી પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોય / રીન્યુ કરાવવા / હોય તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/- ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે / તાજુ કરી આપી શકાશે.

(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું હોય તો તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ આપી શકાશે.

સુરત તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯.

INDEX

જાહેરનામું

નંબર પીઓએલ/ ૭૨૪/ ૯૮.—સને. ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ની કલમોની (ડબલ્યુ) અને (વાય) થી અપાયેલાં અધિકારો અન્વયે જિલ્લા ફોજદારી ન્યાયાધીશ આથી રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને તારીખ ૧૭મી એપ્રિલ-૧૯૬૧ અને તારીખ ૧૨મી જુન ૧૯૭૦ની તેની ,અધિસુચના ક્રમાંક પીઓ.એલ. ૪૭૦ હેઠળ પ્રસિધ્ધ થયેલા સુરત જિલ્લા માટેનાં સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખવા માટેનાં નિયમોમાં નીચે પ્રમાણે સરકારશ્રીનાં પત્ર નં. જમસ/૧૦૯૮/૧૨૦૩/મ/૩૦મી ડીસેમ્બર ૧૯૯૮થી સુધારો કરે છે. એટલે કે ઉકત નિયમોમાંનો નિયમ-૪ની પેટા [નિયમ-૪ માં નીચેનો નયમ દાખલ કરવો અટલે કે "અરજદારે આપવાની લાયસન્સ ફી નીચેનાં કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે રહેશે".—

લાયસન્સ ફીનું કોષ્ટક

	હેતુ	૫૦,૦૦૦થી નીચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)	૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ વચ્ચે ની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)	૧૦,૦૦,૦૦૦થી વધારે વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂ.)
૧	૨	૩	૪	૫
૧	ક. સવારે ૫-૦૦ થી રાત્રીનાં ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેનાં ભોજનનાં સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
	ખ. સવારનાં ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનીક ખાનપાનની બીજી કોઈ જગા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૨	બાબત-૧માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતનાં દરેક વધારાના કલાક માટે.	૧૦૦ (વાર્ષિક)	૧૫૦ (વાર્ષિક)	૨૦૦ (વાર્ષિક)
૩	લાયસન્સ તાજુ કરવા માટે	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૪	પેટા-નિયમ (૨)નાં પરંતુક હેઠળ કાઢી આપેલા દરેક કામચલાઉ લાયસન્સ માટે.	૨૫૦	૨૫૦	૫૦૦
૫	ગમે તેટલા કલાક સુધી જગા ખુલ્લી રાખવામાં આવી હોય તો પણ અને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામચલાઉ લાયસન્સ માટે પરંતુ નીચે જણાવેલી કોઈપણ સંસ્થા તુરફથી રાખવામાં આવેલ "આનંદ મેળા માટે કામચલાઉ લાયસન્સની જરૂર પડે ત્યારે "આનંદ મેળો" માટેની લાયસન્સ ફી સ્ટોલની સંખ્યા ગમે તેટલી હોય અને મેળો ગમે તે સ્થળે રાખવામાં આવ્યો હોય તો પણ એક દિવસનાં રૂા. ૨૫૦ રહેશે. (૧) શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થા (૨) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજીસ્ટર થયેલી સંસ્થાઓ.	૧૦૦	૧૫૦	૨૦૦
૬	તમામ અઠવાડીક બજારો ખાતાનાં દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી-	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૭	જગા નામફેર કરવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
૮	જે હેતુ સારું સાર્વજનિક ખાનપાનની જગાએ ઉપયોગ કરવામાં અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા (લાયસંન્સ) ફરી તાજુ કરવાના સમયે નહીં પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનનાં પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯	લાયસન્સમાં દરેક એજન્ટનું નામ દાખલ કરવા માટે નોંધ. લાયસન્સ ફરી તાજુ કરવામાં આવે ત્યારે તેમાં તેની તેજ એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહી.	૧૦૦	૧૫૦	૨૦૦
૧૦	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે.	૨૫૦	૨૫૦	૨૫૦
૧૧	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે.	૧૦૦	૧૦૦	૧૦૦

સુરત, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ (૧) (બી) મુજબ.

નંબર ડી. સી./પીઓએલ/એમ.એ.જી/એસ.આર/૯/૯૯.—આગામી તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ તથા તારીખ ૨જી માર્ચ ૧૯૯૯ના રોજ રાજ્યમાં હોળી ધુળેટીના તહેવારો આવે છે આ દિવસોમાં ગુજરાત ભરમાંથી પગપાળા યાત્રાળુઓ ડાકોર રણછોડજીના મંદિરે દર્શનાર્થે જાય છે. અત્રેના જિલ્લામાંથી પણ પગપાળા જનાર યાત્રાળુઓની મોટી સંખ્યા હોય છે. જિલ્લાના દશક્રોઇ તાલુકાના હીરાપુર ગામથી ખાત્રજ ચોકડી સુધી પસાર થતા રોડ ઉપર યાત્રાળુઓ મોટી સંખ્યામાં પગપાળા પસાર થાય છે. અમદાવાદ શહેરમાંથી પણ મોટી સંખ્યામાં યાત્રાળુઓ આ રોડ ઉપર પગપાળા આવે છે યાત્રાળુઓની મોટી સંખ્યા તથા ભીડ જોતાં એક તરફી વાહન વ્યવહાર ચલાવવો પણ મુશ્કેલ ભર્યો બને તેવું જણાય છે. તેમજ વાહનોની યાત્રાળુઓને જાનહાંની થવાનો સંભવ છે.

વાસ્તે હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) (બી)થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૪થી માર્ચ ૧૯૯૯ સુધી જશોદાનગર ચોકડીથી ખાત્રજ ચોકડી તરફ જતાં સ્ટેટ હાઇવે રોડ ઉપર આ જિલ્લાની હદ શરૂ થઇ પુરી થાય ત્યાં સુધીના રોડ ઉપર ભારે વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૫૦ના અધિનિયમ નં. ૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી અને અને સિક્કો કરી આપ્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭-(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી.પી.એ. ૩/૯૯.—તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ તથા તારીખ ૨જી માર્ચ ૧૯૯૯ ના રોજ હોળી ધૂળેટીનો તહેવાર આવતા હોઈ તથા તારીખ ૮મી માર્ચ ૧૯૯૯ના રોજ ડીસા તાલુકાના કુપટ ગામે શીતળા માતાનો મોટો મેળો ભરાનાર હોઈ તેમજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૯ સુધી એસ.એસ.સી. તથા એચ. એસ. સી. પરીક્ષાઓ લેવાનાર હોઈ તેમજ ચેટીચાંદ, રામનવમી, બકરી ઈદ જેવા તહેવારો માર્ચ-૯૯ ના માસમાં આવતા હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરા, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય એવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ, સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રચી અથવા નીતિનોભંગ થતો હોય તેવું કરવાનુ નહિ.

વાસ્તે હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું. આ હુકમ તારીખ ૧લી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીની એ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૬મી માહે ફેબ્રુઆરી સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ / ફાયર / તાલીમ રજિ. નં. ૧૦/૯૯.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડનાં પત્ર નં. ૪૭૮/સીબી-૨/વા.ફા. /૯૯, તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી જણાવ્યા અનુસાર વલસાડ જિલ્લાના પોલીસ કર્મચારી, અધિકારીઓનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભલાડ તાલુકા ઉંમરગામ, જિલ્લો વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ૮મી માર્ચ, ૧૯૯૯ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ

INDEX

અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહું ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૭ (૩)અન્વયે કાઢેલો.

નંબર ડી.સી.બી/અમએજી/બીપીએ/રજી/૧૧/૯૯ --મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ, ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી હોળી, ધુળેટી તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ વ્યકિત માટે નીચે જણાવેલ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૧૩મી માર્ચ ૧૯૯૯ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક ચપ્પુ, છરી, લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ;

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવા ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી, બતાવવા તથા ફેલાવો કરવાની, આ હુકમ ખંડ (ક) નીચે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ખંડ ( ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું હોય, અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ ના ૨૨માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મા) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/ એમએજી/ બીપીએ/રજી. નં. ૧૩/૯૯.—જિલ્લામાં આગામી હોળી, ધૂળેટીના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નો અધિનિયમ ૨૨મો)ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૭મી ફેબ્રૂઆરી ૧૯૯૯થી ૧૩ મી માર્ચ ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહિ. તેમજ ચાર વધુ વ્યકિતઓએ એકત્ર ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા, કે એસ.ટી.બસમાં રેલ્વેમાં મુસાફરી કરતાં માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નોજી ૨૨માની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૯નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ

ક્રમાંક એમ.એ.જી/વશી/ ૯૧૭. —ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સુધ્ધા).

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ શસ્ત્રો સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ફેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહી, તથા તેની ફેલાવો કરવો નહીં તથા સરકારી રેકર્ડ નોટીસ પરિપત્ર ખરડા, વિગેરેની હોળી કરી સળગાવવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં :—

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલ પોલીસ અધિકારીને કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાં આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના દિને મારી સહી તથા સિકકો કરી આપ્યો છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની ૨૨ માંની કલમ-૩૭ (૪) મુજબનો.

નં. પીઓએલ-વશી-૩૬૧/૯૯.—મહેસાણા જિલ્લાના પોલીસ હેડકવાર્ટર મહેસાણા ખાતે ફાયરીંગ બટના સ્થળે ૭ એન.સી.સી. ગુજરાત બટાલિયનના તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ તથા ૮મી માર્ચ, ૧૯૯૯ થી ૧૩મી માર્ચ, ૧૯૯૯ દરમ્યાન યોજવાનું નકકી થયેલ છે. જેથી લોકોની તથા ઢોરઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ (૨૨ માંની) કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડકવાર્ટરના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના સવારના ૭-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી તેમજ તારીખ ૮મી માર્ચ, ૧૯૯૯થી તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૯ ના સવારના ૭-૦૦ કલાકથી બપોરના ૧૧-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાંરૂપે માણસો તથા ઢોરઢાંખરની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં. ૧૯/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ- ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. જે. બરંડા, જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી જિલ્લામાં આગામી હોળી-ધુળેટીના તહેવારને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે. નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ, ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા. લાકડી, લાઠી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની, તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા અને પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

INDEX

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીને જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. જે. બારંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મો) અધિનિયમની કલમ-૩૭(૧) અને (૨) મુજબનું.

નં. પલસ/વશી./જાહેરનામું/વશી./૬૯૫/૯૯.—હાલમાં ખ્રિસ્તી હિન્દુ કોમો વચ્ચે ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિનાં ગુન્હાઓ બનવા પામેલ હોઈ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ લોકહિત સંઘર્ષ સમિતિ દ્વારા તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી જલયાત્રા અંગે આંદોલન કરનાર હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાહેર સુલેહશાંતી અને સલામતી જાળવવાની જરૂર છે, તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ની પેટા-કલમ-(૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે નીચેની પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ (બંને દિવસો શુધ્ધા) સુધી કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાકડા, લાઠી શારીરિક ઈજા પહોંચાડી શકાદ તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ આવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય બતેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવાનાં શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી, તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર : પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય

૧. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ, રોજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/વશી/જાહેરનામું/કા. વ્ય./વશી/૬૯૫/૯૯.—હાલમાં ખ્રિસ્તી હિંદુ કોમો વચ્ચે ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિઓ અંગેનાં ગુનાઓ બનતા હોઈ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ લોકહિત સંઘર્ષ સમિતિ દ્વારા તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી જલયાત્રા અંગે આંદોલન કરનાર હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થન પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાય છે.

વાસ્તે હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨માંની કલમ-૩૭ ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત રૂરલ જિલ્લામાં તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજથી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા સીનેમા ટાઉન હોલ, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓ ને લાગુ પડશે નહી.

INDEX

(૨) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારો મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૨૩) મુજબ અથવા ભારતનાં ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪)હેઠળ

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૬૯૪/૯૯.—સુરત જિલ્લામાં ઉકાઇ ખાતે સી. આઇ. એસ. એફ. યુનીટ કે. એ. પી. એફ. કાકરાપારના જવાનોનો અર્ધ વાર્ષિક ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેનાં ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું, વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાનાં ઉકાઇ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ રાખેલ હોઇ સદરહું વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઇપણ અનઅધિકૃત વ્યકિતએ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઇન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૭૬૪/૯૯.—સુરત જિલ્લાના ઉકાઇ ખાતે રાષ્ટ્રીય અનામત દળ જુથ-૧૧ વાવ જિલ્લા સુરત યુનિટના 'સી' કપનીના જવાનો તથા અધિકારીઓનો સને ૧૯૯૯ ના વર્ષનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ કાર્યક્રમ તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું, વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઇ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ હોઇ સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઇપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ મારી સહી સીકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળ

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૭૮૪/૯૯.—સુરત જિલ્લાના ઉકાઇ ખાતે સુરત રૂરલ જિલ્લાના પોલીસ ઓફીસરોનો વાર્ષિક ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઇ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોય સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારથી કોઇપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઇન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો છે.

વી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અને (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ / વશી-૧૩૭૨-૮૨ / ૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) અને (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ સમગ્ર ડાંગ જિલ્લામાં જાહેર શાંતી જોખમાય તેમ હોવાથી જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય રહે તેમજ જાહેર સુલેહ શાંતીને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈપણ વ્યકિતઓની

INDEX

ઓને તારીખ ૨૧મી ફેબ્રુઆરી; ૧૯૯૯ થી તારીખ ૭મી માર્ચ, ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કલમ-૩૭ (૧) :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

કલમ-૩૭ (૩) :

કોઈપણ મંડળી સભા અથવા સરઘસ અટકાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે જરૂરી જણાય ત્યારે ત્યારે અને ત્યાં સુધી એવી મંડળી સભા અથવા સરઘસને લેખિત હુકમ કરીને અટકાવી શકશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ, હથિયાર લઈ જવાનું અથવા તેવું કોઈપણ હથિયાર લઈજવાની તેની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે.

(બી. પી. સુદાણી),
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર ડીસી/એમએજી/આહારગૃહ/રજી. નિયમ/વ. ૮૯થી ૧૦૩/૯૯.– આહાર ગૃહ ખોલવા/ચલાવવા અંગેનાં આહાર ગૃહ નોંધણી પ્રમાણ-પત્ર નિયમો ૧૯૮૯ અમારા જાહેરનામા નં. ડીસી / એમએજી / આહારગૃહ/રજી. નિયમ/વ. ૨૮૭૨/૮૯ તારીખ ૩જી માર્ચ ૧૯૮૯ થી બનાવવામાં આવેલ છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૧૭મી જૂલાઈ ૧૯૯૮ના પત્રથી થયેલ સુધારા વધારા આધારે હું સંજય પ્રસાદ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માનો ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ (એકસ-એ) અને વાય થી મળેલ સત્તાની રૂઈએ ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે આહારગૃહો ખોલવા/ચલાવવા માટેના આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો-૧૯૮૯ના નિયમ-૫માં નીચે મુજબ સુધારો કરું છું.

(૧) આ નિયમો સને ૧૯૯૯ના આહારગૃહ નોંધણી પ્રમાણ-પત્ર નિયમો હેઠળ સુધારેલા નિયમો ૧૯૯૯ કહેવાશે.

(૨) તે સમગ્ર ગાંધીનગરનાં જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

(૩) આ નિયમો ૧૯૯૯ના માર્ચ માસનો તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૯થી અમલમાં આવશે.

(૪) આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો ૧૯૮૯ના નિયમ-૫ ની જોગવાઈઓ રદ કરી નવેસરથી નીચે મુજબ જોગવાઈઓ કરવામાં આવે છે.

(અ) આહારગૃહો ખોલવા/ચલાવવા માટેનું નોંધણી પ્રમાણપત્ર જે વર્ષમાં આપવામાં આવ્યું હોય તે વર્ષથી શરૂ કરી (પ્રમાણ-પત્ર અપાયાના વર્ષ સહીત) દશમા વર્ષના ૩૧મી ડીસેમ્બર સુધી કાયદેસર ગણાશે. નોંધણી પ્રમાણપત્ર મેળવવા અરજદારે નિર્દિષ્ટ કરેલ દશ વર્ષના સમયગાળા માટે નોંધણી પ્રમાણપત્ર ફી તરીકે રૂા. ૨૫૦૦/- ભરવાના રહેશે.

(બ) નોંધણી પ્રમાણપત્ર ની મુદત પૂર્ણ થયા પછી તે દશ દશ વર્ષના સમયગાળા માટે રીન્યુ કરાવી શકશે અને દશ વર્ષનાં સમયગાળા માટે રીન્યુઅલ ફી પણ રૂા. ૨૫૦૦/- રહેશે.

(ક) નોંધણી પ્રમાણપત્ર જો દશ વર્ષથી ઓછી સમય માટે મેળવવા કે રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ અંગે વર્ષ દીઠ રૂા. ૨૫૦/- ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે/ રજૂ કરી શકાશે. જો વર્ષ કરતાં ઓછો સમયગાળો હોય તો તેની ફીની વસુલાતના સંદર્ભમાં સંપૂર્ણ વર્ષ ગણી વાર્ષિક દરે લેવાની થતી ફી રૂા. ૨૫૦/-લેખે વસુલ લેવાની રહેશે.

(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તો તેવા સ્થળે હંગામી ધોરણે આહાર ગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/-ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પુરી થયે થી આ નવા દરો લાગુ કરવાના રહેશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૯ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

સંજય પ્રસાદ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ.

નં. ડીસીબી/હોટલ/બીપીએન/ રજી. ૩/૯૯.–સરકારશ્રીના ગૃહ વિભાગનાં પત્ર ક્રમાંક : જમસ-૧૦૮૮-૬૯૦૧-મ, તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૮૯ થી આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફીના ઘડેલા નિયમો સરકારશ્રીએ બનાવેલ છે. તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૭ થી નવસારી જિલ્લાની રચના થતાં જૂના વલસાડ જિલ્લાનાં વાંસદા, ચીખલી, ગણદેવી, નવસારી, (શહેરી વિસ્તાર સહીત) તથા જલાલપોર તાલુકાઓનો સમાવેશ નવસારી જિલ્લામાં થયેલ છે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડના આખરી જાહેરનામાં નં. ડીસીબી-હોટલ બીપીએ-રજી. ૧૩/૮૯, તારીખ ૪થી જૂલાઈ ૧૯૮૯ના આહારગૃહ ખોલવાના / ચલાવવા માટે લેવા પડતા રજીસ્ટ્રેશન અંગેના નિયમો અમલમાં હતા. હવે સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : જમસ-૧૦૯૩-૫૦૨૯-મ, તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮થી જણાવ્યા મુજબ ફીમાં કરવાના સુધારાને આવરી લઈને નવસારી જિલ્લા માટે આહારગૃહ ખોલવાના / ચલાવવાના માટે રજીસ્ટ્રેશન અંગેના નિયમો બનાવવા આવશ્યક છે. આથી મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)નાં ખંડ (ડબલ્યુ) થી મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા માટે નીચે મુજબના નિયમો બનાવવામાં આવે છે.

આહારગૃહો ખોલવા/ચલાવવા માટે લેવા પડતા રજીસ્ટ્રેશન અંગેના નિયમો :–

(૧) (૧) આ નિયમો સને ૧૯૯૮ના આહારગૃહોના નોંધણી રજીસ્ટ્રેશન બાબતના નિયમો કહેવાશે.

(૨) તે સમગ્ર નવસારી જિલ્લાને લાગુ પડશે.

(૩) તે નિયમો સને ૧૯૯૮ના સપ્ટેમ્બર માસની ૧લી તારીખથી અમલમાં આવશે.

(૪ આ નિયમો આહારગૃહો એટલે કે જયાં જાહેર જનતાને કોઈ પ્રકારના ખોરાક અથવા પીણાં પુરાં પાડવામાં આવતાં હોય, જેમાં રીફ્રેશમેન્ટ, રૂમ, કોફીહાઉસ, અથવા દુકાન કે જયાં લોકોને કોઈ પ્રકારનો આહાર અથવા પીણાં પુરાં પાડવામાં આવતાં હોય; તેવાં સ્થળોને ખોલવા/ચલાવવા માટે લાગુ પડશે.

(૫) આ નિયમો જાહેર મનોરંજનના સ્થળો એટલે કે, બોર્ડીંગ હાઉસ, લોજીંગ હાઉસ અથવા નિવાસી હોટલો અને દારૂ કે કેફી પદાર્થો પુરા પાડવા માટેના સ્થળોને લાગુ પડશે નહી.

(૬) આહારગૃહો ખોલવા/ચલાવવા માટે નોંધણી પ્રમાણપત્ર આપનાર તથા આપેલ નોંધણી પ્રમાણપત્ર તાજુ કરી આપનાર પ્રાધિકારી સંબંધિત વિભાગના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી રહેશે.

(૨) કોઈપણ વ્યકિતએ આહારગૃહ સબંધમાં આ નિયમો અનુ-સાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ જેનો આમાં હવે "અધિ-નિયમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.) અન્વયે આપવામાં આવેલ નોંધણી પ્રમાણપત્ર (રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ) તે ધરાવતી હોય તે સિવાય આહારગૃહ ખોલવું નહીં અથવા ચલાવવું નહી.

(૩)(અ) ૧ આહારગૃહો ખોલવા /ચલાવવા માટે નોંધણી પ્રમાણ-પત્ર માટેની અરજી નોંધણી પ્રાધિકારી (રજિસ્ટ્રેશન ઓથોરીટી) ને આ નિયમો સાથે જોડેલા નમુના-૧ પ્રમાણે કરવી. અને નિયમ-૫ અન્વયે ઠરાવેલી ફી ભરેલી છે તેના પુરાવારૂપે અરજી સાથે ફી ભર્યાનું ચલન સામેલ રાખવું.

INDEX

(૨) આહારગૃહ ખોલવા / ચલાવવા માટે ભાગીદારીમાં અથવા સ્વતંત્ર રીતે વ્યકિતગત નોંધણી પ્રમાણપત્ર મેળવી શકાશે.

(૩) ભાગીદારીમાં અથવા વ્યકિતગત આહારગૃહ ખોલવા/ચલાવવા માટે નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય,તેવા કિસ્સામાં કોઈ એક ભાગીદારીનું અવસાન થાય. અથવા ભાગીદારી છૂટા થાય અથવા નવા ભાગીદાર લેવાના થાય અથવા નોંધણી પ્રમાણપત્ર ધારકનું અવસાન થાય ત્યારે તેવા કિસ્સામાં આવો પ્રસંગ બન્યા તારીખથી એક માસની મુદત દરમ્યાન નવેસર થી નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરવાની રહેશે' નવેસરથી નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે નિયમ-પમાં ઠરાવ્યા પ્રમાણેની ફી ભરવાની રહેશે.

(બ)(૧) આ નિયમોના અમલની શરૂઆત પહેલાં લાયસન્સ થી ચાલતા કોઈપણ અહારગૃહોના કિસ્સામાં નિયમો નો વાસ્તવિક આમલ શરૂ કર્યા તારીખથી ૩૦ દિવસ ની અંદર નોંધણી પ્રમાણપત્ર મેળવવા અરજી કરવાની રહેશે. આવી અરજી કરતાં પહેલાં જો લાયસન્સ રીન્યુ કરાવી આપેલ હોય તો તેવા કિસ્સામાં પ્રમાણ-પત્ર મેળવવા માટે ભરવાની થતી ફીમાંથી લાયસન્સ રીન્યુ કરાવવા માટે ભરેલફી જેટલી રકમ મજરે મળી શકશે.

(૨) નોંધણી પ્રમાણપત્ર જે વર્ષમાં આપવામાં આવ્યું હોય તે તે વર્ષ સહિત કુલ દશમા વર્ષના ૩૧મી ડિસેમ્બર સુધી તે આમલમાં રહેશે. ત્યાર પછી તે નિયમ-પમાં નોંધણી પ્રમાણપત્ર થી મેળવવા માટે ઠરાવેલ ફી જેટલી ફીવસુલ લઈ દશ વર્ષ માટે નોંધણી પ્રમાણ-પત્ર તાજુ કરી શકાશે.

(૪)(આ) નોંધણી પ્રાધિકારીશ્રીએ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ(૭) અન્વયે અરજી નામંજુર કરવામાં આવી આવી હોય તે સિવાય, અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર આહારગૃહ ખોલવા/ચલાવવા માટે આ નિયમો સાથે જોડેલા નમૂના-૨પ્રમાણે રજૂ અરજદારને નોંધણી પ્રમાણપત્ર આપવું.

(આ)(૧) હોટલ લાયસન્સ અંગેના નિયમો નીચે અપાયેલ પર-વાના જે સમયાંતરે તાબ કરાયેલ હોય તેવા પરવા-નાનેબદલે નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે નિયત ફી ભરીને અરજી કરવામાં આવી હોય ત્યારે કોઈપણ બાબતની પોલીસ તપાસ કર્યા સિવાય પવરવાનેદારને નોંધણી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) નવેસરથી આહારગૃહ ખોલવા/ચલાવવા માટે નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે નિયત ફી ભરીને કરવામાં આવેલ અરજીની ચકાસણી જેવી વિધિ પૂરી કરવી અરજી મળ્યા તારીખથી એક માસમાં નોંધણી પ્રમાણ-પત્ર આપવા કે ન આપવાની નો નિર્ણય કરીને અરજદારને અચુક જાણ કરવાની રહેશે' એક માસમાં અરજદારને નોંધણી પ્રમાણપત્ર આપવા બાબતના નિર્ણયની જાણ કરવામાં ચૂક થાય તો અરજદારને આપોઆપ નોંધણી પ્રમાણપત્ર મળી ગયેલ ગણાશે. અને કોઇ વિલંબવગર તે આપવાનું રહેશે.

(બ) નોંધણી પ્રમાણપત્ર જે વ્યકિતએ/ભાગીદાર પેઢીએ મેળવેલ હશે તે વ્યકિતએ/ભાગીદાર પેઢીએ પોતાના અંગત હેતુ માટે જ ઉંપયોગમાં લેવાનું રહેશે. આ નોંધણી પ્રમાણપત્ર અન્ય કોઈ વ્યકિતને કે ભાગીદારી પેઢીને તબદીલ કરી શકાશે નહીં. નોંધણી પ્રમાણપત્રની આવી કોઈ તબદીલી કરવામાં આવી હશે તો નોંધણી પ્રમાણપત્ર રદ કરવા માટે નોંધણી પ્રાધિકારી, તેને યોગ્ય લાગે તેવી કાર્યવાહી કરી શકશે.

(ક) નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનાર વ્યકિત કે ભાગીદાર પૈકી નોંધણી પ્રમાણપત્રમાં નિર્દેશ કર્યા મુજબના સમય સિવાયના સમયે નોંધણી પ્રાધિકારીની પૂર્વ મંજુંરી મેળવ્યા સિવાય, આહારગૃહ ખુલ્લુ રાખી શકશે નહી કે ચલાવી શકાશે નહિ.

(ડ) જ્ઞાતિ જાતિ કે ધર્મની ધોરણે કોઈપણ નાગરિકને આહાર-ગૃહમાં પ્રવેશતો આવી શકાશે નહીં

(ઈ) આહારગૃહો ખોલવા/ચલાવવા માટે જે સ્થળનું નોંધણી-પત્ર મેળવ્યું હશે તે સ્થળ પૂરતો જ તેનો ઉંપયોગ થઈ શકશે. સ્થળ બદલતાંના કિસ્સામાં નવા સ્થળ માટે નવેસરથી નોંધણી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૫) આવું નોંધણી પ્રમાણપત્ર જે વર્ષમાં આપવામાં આવ્યું હોય તે વર્ષથી શરુ કરી (પ્રમાણપત્ર અપાયાના વર્ષ સહિત) દશમા વર્ષના એકત્રીસમી ડિસેમ્બર સુધી કાયદેસર ગણાશે. નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે રૂા. ૨૫૦૦/- નોંધણી પ્રમાણપત્ર તરીકે ભરવાની રહેશે. નોંધણી પ્રમાણપત્ર જો દશ વર્ષ કરતાં ઓછા સમય માટે મેળવવા માટે અરજી કરવામાં આવે તો વાર્ષિક કે એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/- ના દરે ફી વસુલાત લઈ નોંધણી પ્રમાણ પત્ર આપી શકાશે. કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડિયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું હોય, તો તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/- ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

(૬)(૧) આહારગૃહ ખોલવા /ચલાવવા માટે મેળવેલ નોંધણી પ્રમાણપત્રની કાયદેસરતા પુરી થાય તે તારીખથી એક માસની સમયમર્યાદામાં નોંધણી પ્રમાણપત્ર તાજું કરાવવા માટે અરજી કરવાની રહેશે. નોંધણી પ્રાધિકારીએ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૭) અન્વયે તે અરજી નામંજૂર કરવામાં આવી હોય તે સિવાય અથવા પ્રાધિકારીએ અરજી મળ્યા તારીખથી એક માસના સમયમાં નોંધણી પ્રમાણપત્ર તાજુ કરી આપવું.

(૨) નોંધણી પ્રમાણપત્ર તાજુ કરાવવા માટેની ફી નિયમ-પમાં નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે ઠરાવેલ ફી જેટલી જ રહેશે.

(૩) ઉપર પેટા નિયમ (૧)તાં ઠરાવેલ સમય મર્યાદામાં નોંધણી પ્રમાણપત્ર તાજુ કરાવવામાં ચુક થતાં તે આપોઆપ રદ થયેલું ગણાશે/નોંધણી પ્રાધિકારી તેને રદ કરી શકશે.

(૭)(૧) આહારગૃહ ચલાવવા/ખોલવા નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનારે આહારગૃહ તદન સ્વચ્છ અને આરોગ્ય-પ્રદ રહે તે અંગે સંપૂર્ણ કાળજી લેવાની રહેશે. તેમજ આહાગૃહોમાં લાઈટ, પાણીની સગવડવાળા ટોયલેટની વ્યવસ્થા ફરજિયાત રાખવાની રહેશે. નોંધણી પ્રાધિકારી તેને યોગ્ય લાગે તે સમયે અને ત્યારે આરોગ્ય અધિકારીને આહારગૃહ નીસ્વચ્છતા અંગે યોગ્ય તપાસણી કરવાનો આદેશ આપી શકશે. અને

આવા આદેશ અન્વયે આરોગ્ય અધિકારી આહારગૃહની તપાસણી કરી નોંધણી પ્રાધિકારીને પોતાનો અહેવાલ મોકલશે.

(૨) આહારગૃહ ચલાવવા/ખોલવા માટે જે સ્થળનુ નોંધણી પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હશે તે સ્થળનો, રાજયના પ્રવર્તમાન કાયદાઓથી નિષેધ એવી કોઈ પ્રવૃતિ ચલાવવા દેવા માટે ઉપયોગ થવા દેશે નહી.

(૩) નોંધણી પ્રાધિકારીને સંતોષ થશે કે નોંધણી પ્રમાણપત્ર ધરાવતી વ્યકિતએ ઉપર પેટા નિયમ(૧) માં નિર્દેશ કર્યા મુજબ આહારગૃહ સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં રાખવા, તેમજ આહારગૃહમાં લાઈટ પાણીની સગવડવાળા ટોયલેટની વ્યવસ્થા રાખવા માટે યોગ્ય અને પુરી તકેદારી લીધી નથી અથવા પેટા નિયમ (૨)માં નિર્દેશ કર્યા મુંજબ રાજય સરકારના કાયદાથી નિષેધ કરેલી હોય, એવી કોઈપણ ગુનાહિત પ્રવૃતિ કરવા માટે આહારગૃહનો ઉપયોગ થવા દીધો છે તેવું જણાઈ આવે તો નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનાર વ્યકિતને કારણદર્શક નોટીસ આપી નોંધણી પ્રાધિકારી નોંધણી પ્રમાણપત્ર તેને યોગ્ય લાગે તેટલા સમય સુધી મોકફ રાખી શકશે કે રદ કરી શકશે.

(૮) નોંધણી પ્રમાણપત્ર ચોરાઈ જાય, ખોવાઈ જાય અથવા તેનો નાશ થાય તો નોંધણી પ્રધિકારીએ તેના માંગણીદાર તરફથી અરજી કરવામાં આવે એટલે રૂા. ૧૦/- ની ફી વસુલ લઈ, તેને યોગ્ય લાગે તેવી ચકાસણી કર્યા પછી પ્રસંગ પ્રમાણે નોંધણી પ્રમાણપત્રની બીજી નકલ કાઢી આપવી.

(૯) નોંધણી પ્રસિદ્ધકારીએ, તેમણે વખતો વખત કાઢી આપેલ અને તાજા કરી આપેલા નોંધણી પ્રમાણપત્રોના સંબંધમાં આ નિયમો સાથે જોડેલા નમુના-૩ પ્રમાણે એક નોંધણી રજિસ્ટર રાખવું.

(૧૦) આહરગૃહ ખોલવા/ ચલાવવા માટે માંગવામાં આવેલ નોંધણી પ્રમાણપત્ર આપવાનો અથવા આપેલ નોંધણી પ્રમાણપત્ર તાજુ કરી આપવાનો નોંધણી પ્રાધિકારા જો ઈન્કાર કરે તો અથવા નિયમ-૭(૩) નીચે નોંધણી પ્રમાણપત્ર મોકુફ રાખે અથવા રદ કરે તો તેવા હુકમ સામે હુકમની તારીખથી ૩૦ દિવસમાં નોંધણી પ્રાધિકારી જો પોલિસ કમિશનર/ જિલ્લા મેજિસ્ટ્રેટ હોય તો સરકારમાં અને જો નોંધણી પ્રાધિકારી સબ ડીવીબનલ મેજિસ્ટ્રેટ હોય તો સંબંધકર્તા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને રૂા. ૫૦/- ફી ભરી ચલન સાથે અપીલ થઈ શકશે.

(૧૧) વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ બજાવેલ આહારગૃહ નોંધણી નિયનો નીચે કરાવેલ નોંધણી આ નિયમો નીચે કરેલ નોંધણી તરીકે ગણવામાં આવશે. રાજય સરકારને યોગ્ય લાગે તેવા સુધારા વધારા આ નિયમોમાં કરી શકશે અને આ નિયમો નીચે નોંધણી પ્રમાણપત્ર ધારણ કરતા તમામને બંધનકર્તા રહેશે.

આજ રોજ તારીખ ૫મી માહે માર્ચ ૯૯ના રોજ મારી -સહી-સિક્કાથી આપ્યું.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો

ક્રમાંક એમ. એ.જી/વશી-૨૨૨૨ થી ૨૨૩૫ :—આગામી બકરી ઈદના તહેવારની ઉજવણી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૯ ના રોજ થશે અને આ તહેવારના દિવસોમાં કતલખાનાની બહાર કોઈપણ જાહેર કે ખાનંગી સ્થળે જુદા જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીમાં કે સ્થળપર દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને આથી સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવાનું ઇચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે.

સબબ હું, એસ. કે. મોદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સંત્તાની રૂએ આથી ફરમાઉ છું નર્મદા જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યકિતએ તારીખ- ૨૮મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૯ (બન્ને દિવસો સહીત) કતલખાનાની મકાનની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જૂદા પશુઓની કતલ કરવી નહી તેમજ નર્મદા જિલ્લાની હદમાં કોઈપણ જાહેર એરીયા જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલ કરવી નહી.

આજ તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એસ. કે. મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
નર્મદા, રાજપીપળા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

ક્રમાંક એમ.એ.જી/વશી/૧૨૭૮ .—આગામી બકરી ઈદના તહેવારની ઉંજવણી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૯ નાં રોજ થશે અને તહેવારના દીવસોમાં કતલખાનાની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલોં કારણે તેમજ જાહેર શેરીમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને આથી સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવાનું ઇચ્છનીય છે અવો માંરો અભિપ્રાય છે.

સબબ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાઉં છું કે ભરૂચ જિલ્લાની હદના અંદર કોંઈપણ વ્યકિતએ તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૯ થી ૩૦મી માર્ચ ૧૯૯૯ સુધી (બંન્ને દિવસો સહીત) કતલખાનાનો મકાનની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલ કરવી નહી તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ જાહેર એરીયા કે જાહેર સ્થળોમાં દેખાયં તે રીતે અન્ય કોઈપણ પશુની કતલ કરવી નહી.

આજ તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ૩૭ (૩)અન્વયે. કાઢેલો

ક્રમાંક એમ.એ.જી/વશી-૧૨૭૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાની મને જરૂરી જણાયે છે..

અત્રેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૯ ના રોજ દિવસે સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓના કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો"

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હકમ નીચેનાને લાગુ પડશે નહી.
૧ સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
૨ ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
૩ કોઇ લગ્નના વરઘોસાને.
૪ કોઇપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબનો ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫ના) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૯ના દિને મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબનો.

નંબર મકપ/પલસ/મજસ/વશી/૭૯૬.—આગામી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૯ના રોજ બકરી ઈદનો તથા મહાવીર જયંતિ તહેવાર ની ઉજવણી હોઇ જાહેર શાંતી જળવાઇ રહે તે માટે તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ દરમ્યાન કોઈપણ વ્યકિત કતલખાનાની બહાર કોઈ જાહેર કે ખાનગી જગ્યામાં ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ બકરા/વાછરડીની કતલ કરે નહી તેમજ જાહેર જગ્યામાં દેખાય તે રીતે કોઇ પશુની કતલ કરે નહી તે માટે જાહેરનામુ સમગ્ર પંચમહાલ જિલ્લા માટે પ્રસિધ્ધ કરવાનું રહે છે.

જેથી હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ. ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે પંચમહાલ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ સુધીમાં (બંને દિવસ સહિત) કતલખાના બહાર કોઈ જાહેર કે ખાનગી જગ્યામાં ગાય, આખલા, બળદ પાડા, ભેંસ વાછરડા કતલ કરવા નહી તથા પંચમહાલ જિલ્લાની-હદની અંદર કોઈપણ જાહેર જગ્યામાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહી.

ગોધરા, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૯.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

સને ૧૯૭૩ની ક્રિમીનલ પ્રોસીજરની કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પલસ/બકરી ઈદ/વશી./૧૧૦૯-૯૯.—આગામી બકરીઈદના દિવસો દરમ્યાન ગાયો, બળદો, પાડાઓ, ભેંસો, વાંછરડાઓ વિગેરેની કતલખાનાનો તેમજ બહારના ખાનગી જગ્યા ઉપર કતલો થી તથા તે સિવાયના બીજા પ્રાણીઓ મહોલ્લામાંથી અગર બીજી કોઈપણ જગ્યાઓથી દેખી શકાય તેવી રીતની કતલથી કોઈ વિખવાદ હુલ્લડ તોફાન, અથવા ઈતર વિખવાદ થવાનો ભય હોવાથી હું વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત એવો મત ધરાવું છુ કે, આવા કોમી વિખવાદ હુલ્લડ તથા તોફાનો તથા સુલેહશાંતિ તેમજ જાહેર વ્યવસ્થાનો ભંગ થતો અટકાવવાને અને તેને લગતા તાત્કાલક ઉપચારો લેવા માટે ક્રિમીનલ પ્રાસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનો હુકમ કરવા માટે પુરતા કારણો છે.

જેથી કરીને ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મળેલ અધિકારની રુંએ હું વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત (સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તાર સિવાયના) સુરત જિલ્લાની સમગ્ર વિસ્તાર પુરતુ આથી ફરમાવુ છું કે કોઈપણ ઈસમો આ કતલખાનાનો બહાર અથવા જાહેર યા ખાનગી જગ્યાઓમાં ગાય, આખલા, પાડા, બળદો, ભે સો યા વાછરડા કાપવા કે કપાવવા નહીં તેમજ તે સિવાયના પ્રાણીનો મહોલ્લાઓમાંથી યા જાહેર જગ્યા-અથી દેખી શકાય તેવી કોઈપણ ઈસમે કત્લ કરવી યા કરાવવી નહીં.

આ હુકમનો અમલ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૯નાં રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯નાં રોજ કલાક ૨૪-૦૦ સુધીના દિવસો દરમ્યાન (સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીના વિસ્તાર સિવાય) સુરત જિલ્લાના સમગ્ર વિસ્તારમાં અમલાં રહેશે.

સ્પષ્ટીકરણ:-(૧)રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.
(૨) આ હુકમને કારણે બોમ્બે એનીમલ પ્રીઝર્વેશન કાયદાની જોગવાઈઓને કોઈ અસર થતી નથી.

આજ તારીખ ૨૩મી માર્ચ-૧૯૯૯નાં રોજ મારી સહી કરીને સિક્કા કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

વાંચ્યો :—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક એમએજી/સંચારબંધી/વશી/તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

(૩) અત્રેના હુકમ ક્રમાંક : એમએજી/સંચારબંધી/વશી/ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૯.

હુકમ

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/.—આમુખ (૧)માં જણાવેલ હુકમથી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ આમોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોમી જુથ વચ્ચે થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતાં આમોદ ગ્રામ પંચાયતની હદમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ના રોજ સાંજે ૫-૦૦ કલાકથી અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવેલ છે.

આમોદની પરિસ્થિતિ ધ્યાને લઈ સંચારબંધીના અમલની મુદતમાં ફેરફાર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચના આમુખ(૨)થી અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

આજની તાજેતરની સુધરતી પરિસ્થિતિને ધ્યાને લેતાં જનતાની સુવિધા માટે તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજથી બીજો હુકમ કરવામાં આવે ન ત્યાં સુધી આમોદ ગ્રામ પંચાયતના તમામ વિસ્તાર માટે તમામ નાગરિકોમાટે , દુકાનો તથા વાહનો સહિત સંચારબંધી સંપૂર્ણ રીતે ઉઠાવી લેવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ સવારના ૬.-૦૦થી શરૂ કરવો.

રાજીવ ટોપનો,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, MAY 27, 1999 / JYAISTHA 6, 1921 [No. 21

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	249-255	Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	465-486
Part-I-A	Order and Notification (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	21	Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C. under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	1081-1152

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

BY DISTRICT JUDGE

Read : High Court Letter No. C-2103/99, dated 22nd March 1999.

Notification

No. UHC/B-10/2714/1999.—In exercise of the powers vested under paragraph 629, chapter XXXI of the Civil Manual, Volume-I, 1950. The District Judge, Bhavnagar with the previous persmission of the High Court, *vide* its letter dated 22nd March 1999 cited in a preamble declare the closing of all the civil courts in the Judicial District of Bhavnagar for the ensuring Annual Summer Vacation for Five Weeks commencing from Monday 10th May, 1999 to Sunday 13th June 1999 (Both days inclusive).

The District Judge, Bhavnagar further declare that the closing of all the Civil Courts, of the Judicial District of Bhavnagar. for the remaining period of Annual Summer vacation for One Week commencing from Monday 15th Novembor 1999 to Sunday 21st November, 1999 (both days inclusive) profixing Diwali Holidays.

The offices of the Nazir and the Record keeper, District court, Bhavnagar, and the Nazirs of all subordinate Courts in the District shall remain open during the aforesaid period of vacation on working days.

Bhavnagar, 24th March 1999.

C. A. SEJPAL,
District Judge,
Bhavnagar.

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નં. એમ. ઈ. ડી./કોલેરા/વશી/૧૪૮૨ થી ૧૪૯૨ / ૧૯૯૯.—પાદરા તાલુકાના આમળા ગામે કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક /ઈએમઓ/કોલેરા/જાહેરનામું/ ૫૦૪/૯૯, તારીખ ૧૧મી મે ૧૯૯૯ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખે ૨૬મી મે, ૧૯૫૬નાં મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટેડ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પાદરા તાલુકાના આમળા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુ-બાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી પાદરાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૧મી મે, ૧૯૯૯.

એ. જી. મુંકીમ,
કલેક્ટર, વડોદરા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (1) read with Rule (6)]

No. ULC-1076-1115-D. Kapnrai 1088-1090.—It is hereby notified that such vacant land as is described in the scheduele below is to to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

SCHEDULE

Name of the Holder : (1) Shri Ramanbhai Bhikhabhai
(2) Ambaben daughter of Keshvlal Garbadbhai

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Desception of irthe land		Remarks
			Sr. No.	Area Sq. Mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Danteshwar	557 F.P.No. 835	497	
„	„	Bapod	Sr. No. 838/1	28, 733	
„	„	Danteshwar	Sr. No. 251/1	1821	

Vadodara, 11th March, 1999.

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫ ડી. કપુરાઈ/ ૧૦૮૮-૧૦૯૦.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિતની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામુ સરકારી રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : (૧) રમણભાઈ ભાંખાભાઈ
(૨) અંબાબેન તે કેશવલાલ ગરબડની દિકરી

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	દંતેશ્વર	સર્વે નંબર ૫૫૭ ના ફા. પ્લોટ નં. ૮૩૫ પૈકી	૪૯૭ ચો. મી.	
વડોદરા	વડોદરા.	બાપોદ	સર્વે નંબર ૮૩૮/૧	૨૮૭૩૩ ચો. મી.	
વડોદરા	વડોદરા	દંતેશ્વર	સર્વે નંબર ૨૫૧/૧	૧૮૨૧ ચો. મી.	

વડોદરા, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૯.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *Read* with Rule (6).]

No. ULC / 1076 / 1115/ D. 6513-8016/Kapurai.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of sall person interested in such vacant land may be made by them personally or by their agent giveing particulars of the nature of their interest The claims will be received by the Competent Authority up to thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Shantaben w/o Chandulal Ambalal Patel

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land.	
			Sr. No.	Area (Sq. mts.)
1	2	3	4-a	4-b
Vadodara	Vadodara	Dhanteshwar	237	2630
"	"	Kapurai	420/1	18023
				20,653

Vadodara, 11th March, 1999.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા-અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુ.એલ.સી.-૧૦૭૬/૧૧૧૫-ડી-૬૫૧૩ ૮૦૧૬/કપુરાઈ.—આથી જાહેર કરવામાં આવે છે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિતની વિગતસહ રજૂ કરશો.

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારી સદરહુ જાહેરનામું સરકારી રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશો.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનાર નામ : શાંતાબેન તે ચંદુલાલ અંબાલાલ પટેલની વિધવા
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા ...	વડોદરા	દંતેશ્વર	૨૩૭	૨૬૩૦ ચો. મી.	
„	„	કપુરાઈ	૪૨૦/૧	૧૮૦૨૩	
				૨૦૬૫૩	

વડોદરા, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૯.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *Read* with Rule (6)]

No. ULC-1076-1115-D-8096-Kapurai.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acqu red by the Government of Gujarat. The claims of all person Interestee in such vacant land may be made by them personally or by their agent giving particulars of the natur of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

SAHEDULEz

Name of the Holder : Vrajlal Dalshukhbhai Patel.
Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. Mtr.	
Vadodara	Vadodara	Kapurai	643/1	8600	
		,,	643/2	1922	
		,,	644	3136	
		,,	675	5666	
		,,	655	3339	
		,,	654	5969	
		,,	642	4118	
		Danteshwar	337 Paiki	9283	
		,,	691/1	2125	
		,,	691/2	1113	
				45301	

Vadodara, 11th March, 1999.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫ ડી. ૮૦૯૬-કપુરાઈ અન્વયે.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિતની સંપૂર્ણ વિગતસહ રજૂ કરશે.

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામુ સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનુ નામ : શ્રી વ્રજલાલ દલસુખભાઈ પટેલ
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો (૧)	તાલુકો (૨)	ગામ (૩)	જમીનની વિગત		શેરો (૫)
			સ. નં. (૪-અ)	વિસ્તાર (૪-બ)	
વડોદરા	વડોદરા	કપુરાઈ	૬૪૩/૧	૮૬૦૦ ચો.મી.	
			૪૪૩/૨	૧૯૨૨ ,,	
,,	,,	,,	૬૭૪	૩૧૩૬ ,,	
,,	,,	,,	૬૭૫	૫૬૬૬ ,,	
,,	,,	,,	૬૫૫	૩૩૩૯ ,,	
,,	,,	,,	૬૫૪	૫૯૬૯ ,,	
,,	,,	,,	૬૪૨	૪૧૧૮ ,,	
,,	,,	દંતેશ્વર	૩૩૭પૈ.	૯૨૮૩ ,,	
,,	,,	,,	૬૯૧/૧	૨૧૨૫ ,,	
,,	,,	,,	૬૯૧/૨	૧૧૧૩ ,,	
				૪૫૩૦૧ ,,	

વડોદરા, તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૯.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *Read* with Rule (6)]

No. ULC / 1076 / 1115 / D / 3566 / Tarsali.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority up to thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Jayantilal Somabhai Patel.

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area (Sq. mtrs.)	
Vadodara	Vadodara	Tarsali	2	4410	
			3/1	2023	
			3/2	29340	
			Total	35773	

Vadodara, 11th March, 1999.

B. V. KOTAD,
Competent Authority and Deputy Collector, U.L.C.
Vadodara Unit No.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/ડી. ઉપદ૬/તરસાલી.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશે.

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : જયંતિભાઈ સોમાભાઈ પટેલ.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
				ચો.મી.	
વડોદરા	વડોદરા	તરસાલી	૨	૪૪૧૦	
		„	૩/૧	૨૦૨૩	
			૩/૨	૨૯૩૪૦	
				૩૫૭૭૩	

વડોદરા, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૯.

બી. વી. કોટડ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર (શ.જ.ટો.મ.),
વડોદરા યુનિટ નં.

ભાગ-૧/૧

અસાધારણ રાજયપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે તારીખ ૬, ૧૩, ૨૦, ૨૭ માહે મેં સને ૧૯૯૯ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજય-પત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનું. નંબર	અસાધારણ રાજયપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૬૧ / ૨૪-૩-૧૯૯૯	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૨	૬૨ / ૨૬-૩-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર
૩	૬૩ / ૨૬-૩-૧૯૯૯	પોલીસ કમીશનર, વડોદરા શહેર

INDEX

૧	૨	૩
૪	૬૪/૩૦-૩-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૫	૬૫/૧-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ
૬	૬૬/૧-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૭	૬૭/૫-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૮	૬૮/૫-૪-૧૯૯૯	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર
૯	૬૯/૬-૪-૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૦	૭૦/૭-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હિંમતનગર
૧૧	૭૧/૭-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૧૨	૭૨/૮-૪-૧૯૯૯	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૧૩	૭૩/૯-૪-૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

22 to 25

REGISTERED No. G•BA-14-E

©

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JUNE 3, 1999 / JYAISTHA 13, 1921 [No. 22

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	256-262	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	487-528
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	22	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1153-1215

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Notification

Read : High Court letter No. C-2103/99, dated 22nd March, 1999.

No. 685 of 1999.—In pursuance of the Instructions contained in Paragraph 629, Chapter XXI, Civil Manual, Volume-I, 1960 and with the previous permission of the High Court of Gujarat, Ahmedabad the District Judge, Panch Mahals, at Godhra is hereby pleased to notify that all the Civil Courts in the Disrict of PachMahals shall remain closed during the Annual Summer Vacation for Five Weeks from Monday the 10th May, 1999 to Sunday 13th June, 1999 (both days inclusive) and for One Week from Monday 15th November, 1999 to Sunday 21st November, 1999 (both days inclusive) suffi Diwali Holidays.

The Office of the Nazir and the Record Keeper, District Court, Panch Mahals at Godhra and the offices of the Nazir of the Subordinate Courts in the District shall, however remain open during the vacation on working days. Civil work of urgent nature will received during the vacation.

Godhra, 26th March, 1999.

V. S. BHATT,
District Judge,
Godhra.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

ઉચ્ચ ન્યાયાલયના પત્ર ક્રમાંક નંબર સી ૨૧૦૩/૯૮-તારીખ ૨૪ની માર્ચ ૧૯૯૮નો વંચાણે લીધો

જાહેરનામુ

નંબર ૬૮૫ સને ૧૯૯૯.—સીવીલ મ્યુઅલના ભાગ-૧, ૧૯૬૦ના પ્રકરણ-૩૧ના ફકરા નંબર -૬૨૯માં આપેલી સુચનાઓ અનુસાર તેમજ ગુજરાત રાજ્યની વડી અદાલતની પૂર્વ મંજૂરીથી આથી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેના જિલ્લા ન્યાયાધીશ એવું જાહેર કરે છે કે, સને ૧૯૯૯ના ઉનાળુ વેકેશન દરમ્યાન મે-માસ ની ૧૦મી ને સોમવારથી જૂન-માસની તારીખ-૧૩મીને રવિવાર (બન્ને દિવસો સહીત) પાંચ અઠવાડીયાનો તેમજ એક અઠવા-ડીયાની સને ૧૯૯૯ના નવેમ્બર માસની તારીખ -૧૫મીને સોમવાર થી નવેમ્બર માસની તારીખ ૨૧મીને રવિવાર સુધી (બન્ને દિવસો સહિત) દિવાળીની રજાઓ જોડીને પંચમહાલ જિલ્લામાં આવેલ તમામ દિવાની અદાલતો બંધ રહેશે. તેમ છતાં આ વેકેશન દર-મ્યાન ચાલુ કામકાજના દિવસોએ પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ખાતેના જિલ્લા ન્યાયાધીશના નાઝર તથા દફતરેનો તેમજ જિલ્લામાં આવેલી તાબાની તમામ અદાલતોના નાઝરની ઓફીસોનું કામકાજ ચાલુ રહેશે.

તાકીદના પ્રકારના દિવાની કામો પણ વેકેશન દરમ્યાન સ્વીકા-રવામાં આવશે.

ગોધરા, તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૯.

વિ. એસ. ભટ્ટ,
જિલ્લા ન્યાયાધીશ,
પંચમહાલ, ગોધરા.

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણ દ્વારા

હુકમ

વંચાણમાં લીધું :—

(૧) એલ. ડી. ઓ. ભાવ અંગેનો તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૯ નો અત્રેની કચેરીનો હુકમ નં. અન/પુનિ/એલડીઓ/ભાવ/૧/ ૧૯૯૯.
(૨) એસોસીએટેડ પેટ્રોલીયમ કોર્પોરેશનની તારીખ ૪થી માર્ચ ૧૯૯૯ની અરજી.

નંબર અન/પુનિ/એલડીઓ/ ભાવ/૩/૯૯/૬૪૭/૧૬૫૨.— આમુખ ૧ને વંચાણે લેવા કેન્દ્ર સરકારશ્રીએ એલ.ડી.ઓ.ના એકસાઈઝ દરમાં વધારો કરેલ હોઈ તેના અનુસંધાને ભાવ ફરી બાંધવા માટે એસોસીએટેડ પેટ્રોલીયમ કોર્પોરેશને આમુખ-૨ થી રજુઆત કરેલ છે તેને ધ્યાને લઈને હું વી. પી. પટેલ એડીશનલ કલેક્ટર અને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક અમદાવાદ શહેર મને મળેલ સત્તાની રૂઈએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે નીચે મુજબના એલ. ડી. ઓ. ના ભાવ ઠરાવુ છું. સદરહુ ઠરાવેલ ભાવ કરતાં કોઈપણ જથ્થાબંધ પરવાનેદાર વધારે ભાવથી એલ.ડી.ઓ. નું વેચાણ કરી શકશે નહી.

	રૂ. પૈ.
જથ્થાબંધ વેપારી / એજન્ટ વિક્રેતાઓ પોતાના ડેપોથી વેચાણ કરવાનો ૧કી લી નો ભાવ	૮,૪૯૩-૬૫

ઉપરોક્ત અમલવારીનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૯.

વી. સી. પટેલ,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક,
અમદાવાદ શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર ડી.સી.બી / એમ.એજી. / બી.પી.એ. / રજી. નં. ૧૬/૯૯.— જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરસ્થિતિ અને ગુડફ્રાઈડે તહેવાર અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧ લી એપ્રિલ, ૧૯૯૯ થી ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહિ. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહિ.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) નો કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યાં છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ -૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીજી/એમએજી/બીપીએ/રજી. ૧૭/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી.બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ આગામી પ્રવર્તમાન પરિસ્થિતિ અને ગુડ ફ્રાઈડે તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૯(બન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તૈયારી કરવાની.

(ગગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ, અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવો હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રીકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪(૧) અને (૨) અન્વયે કાઢેલો'.

ક્રમાંક એમ.એ.જી./ વશી/૨૨૫૭—તાજેતરમાં ધાર્મિક તહેવારોના પ્રસંગોએ, ગુજરાત રાજયમાં કોમી તોફાનો ફાટી નીકળેલા હતા જેથી સમગ્ર જિલ્લામાં કોમી એખલાસ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ બને નહી, સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોચે તથા સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

આથી હું કે, કે, વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી :—

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડસ/ ગ્રામરક્ષક દળના કર્મચારી તથા અધિકારી

(૨) લગ્ન, વરઘોડો, સ્મશાન યાત્રામાં જોડાયેલ વ્યકિત,

ઉપરોકત હુકમ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૯૯ સુધીમાં અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦(સને-૧૮૬૦નામા) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમાનુસાર પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૩૦મી માર્ચ-૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો..

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા,

INDEX

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :

૧. આ કચેરીના હુકમ નંબર ઈ-પુરવઠા-કસન/કુડતેલ/ભાવ/વશી/૪૧૮૦/૪૨૪૨.— તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૭.
૨. મંત્રીશ્રી બનાસકાંઠા પેટ્રોલીયમ એસોસીએશનના તારીખ ૪થી માર્ચ ૧૯૯૯નો પત્ર.
૩. ગુજરાત સરકારશ્રીના નાગરિક પુરવઠા વિભાગના લાઈટ ડિઝલ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓડર ૧૯૭૩ની જોગવાઈઓ.

હુકમ

નંબર ઈ/પુરવઠા/કસન/કુડતેલ/ભાવ/વશી-૧૧૭૨-૧૨૩૨ :—આમુખ-૧ના હુકમથી આ જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કંડલા અને કોયલી ડેપોથી પ્રાપ્ત થતા કુડતેલના છુટક તથા જથ્થાબંધ ભાવ ઠરાવેલ છે.

આમુખ-૨ ના પત્રથી બનાસકાંઠા પેટ્રોલીયમ એસોસીએશન એ કેન્દ્રીય બજેટની જોગવાઈ પ્રમાણે કુડતેલના કંપની ભાવમાં ફેરફાર થયેલ હોઈ નવીન ભાવ કોયલી ડેપોથી પ્રાપ્ત થતા કુડતેલના જથ્થાના એક કીલો લીટરની કિંમત રૂ. ૭૯૭૬-૧૬ પૈસા થયેલ હોઈ તે મુજબ ગણતરી કરી નવીન જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

કેન્દ્રીય બજેટની જોગવાઈ પ્રમાણે કુડતેલના કંપની ભાવમાં ફેરફાર થયેલ હોઈ બનાસકાંઠા પ્રોલીયમ એસોસીએશન ની માંગણી ધ્યાને લઈ આમુખ-૩માં દર્શાવેલ આદેશથી મળેલ સત્તાની રૂએ હું પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ. કલેકટર, બનાસકાંઠા કુડતેલના ભાવો કેન્દ્રવાર નીચે મુજબના ઠરાવું છું

કંપનીના એજન્ટોએ પોતાનાં ધંધાનાં સ્થળેથી રીટેલરો કુડતેલ (એલડીઓ.) વેચાણ આપવાના ૧ કીલો લીટરના જુદા જુદા કેન્દ્રો માટે ભાવ.

અનુ. નંબર	કેન્દ્ર	કોયલી ડેપોથી આપતા કુડતેલનો ભાવ
૧	પાલનપુર	૮૫૭૮-૬૮
૨	ડીસા	૮૬૪૪-૨૦
૩	ધાનેરા	૮૭૧૦-૭૬
૪	દિયોદર	૮૭૨૭-૮૦
૫	ભાભર	૮૭૧૦-૭૬
૬	થરા	૮૭૬૯-૦૦
૭	થરાદ	૮૭૧૮-૦૪
૮	શિહોરી	૮૭૨૩-૨૪
૯	વડગામ	૮૬૧૦-૯૨
૧૦	કાણોદર	૮૫૬૧-૦૦
૧૧	છાપીં	૮૫૩૬-૦૪
૧૨	કાંત	૮૬૬૦-૮૪
૧૩	વાવ	૮૭૯૩-૯૬

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફથી કોઈપણ જકાત લેવામાં આવતી હોય તો તે ઈલાયદા દર્શાવવાની રહેશે.

છુટક વિક્રેતાઓને એજન્ટો પાસેથી ધંધાના સ્થળેથી ઉકત ભાવ ખરીદેલ કુડતેલ ગ્રાહકો વાપરનાર વર્ગને વેચાણ આપતી વખતે નચે મુજબની વિગતો ખરીદી ભાવોમાં ઉમેરીને ગ્રાહકો પાસેથી તે મુજબ ભાવની ગણતરી કરીને ભાવ લેવાનો રહેશે તેમજ આ ભાવો નીચેની શરતોને આધીન રહેશે.

શરતો :

(૧) ૧ કીલોલીટર દીઠ રૂ. ૩૫-૦૦ લેખે કમીશન.
(૨) એજન્ટે ધંધાના સ્થળથી છુટક વિક્રેતાના ધંધાના સ્થળના ટ્રાન્સપોર્ટ ચાર્જ માં ભાવ દર કીલોલીટરના રૂ. ૧-૦૪ પૈસા મુજબ
(૩) છુટક વિક્રેતાના ધંધાના સ્થળે ઓકટ્રોય લેવામાં આવતો હોય તો ઉપર મુજબના નકકી થતા ભાવો ઉપરાંત ઓકટ્રોય લઈ શકાશે
(૪) એજન્ટ તેમજ રીટેલર તેમજ ડેપો ઉપર જે તે કેન્દ્રોને કુડતેલનો સ્ટોક હોય તો કેન્દ્રનું નામ તથા વેચાણ કિંમત ગ્રાહક વાંચી શકે તે રીતે બોર્ડ પર રાખવાની રહેશે.
(૫) વેચાણ આપવામાં આવેલ જથ્થાનું દરેક ગ્રાહકને ફરજીયાત બીલ આપવું અને તેની સ્થળપ્રત રાખવી તેમજ ગ્રાહકની સહી લેવી અને પુરૂ સરનામું લખવાનું રહેશે.
(૬) આ ભાવોનો તારીખ ૧લી માર્ચ ૧૯૯૯થી અમલ કરવાનો રહેશે આ અગાઉ કુડતેલ ના ભાવો નકકી કરવા બહાર પાડેલ હુકમો રદ ગણાશે પરંતુ આ અંગે થયેલ ગુનાઓ પુરતો તે હુકમ કાયદેસર ગણાશે. કંડલા ડેપોથી કુડતેલ આવતું ન હોય ભાવો નકકી કરવામાં આવેલ નથી પરંતુ તે સ્થળેથી કુડતેલ લાવવાનું થશે તો ટ્રાન્સપોર્ટ ચાર્જ તથ ટ્રાન્સપોર્ટ તથા કમીશન ઉમેરી તે મુજબ ભાવ લઈ શકાશે.

INDEX

૭. એજન્ટના ધંધાના સ્થળેથી કુડતેલનું છુટક વેચાણ કરે તો તેઓ એજન્ટવાર કમીશન લઈ શકશે.

૮. આ ભાવ જાહેર થયા પછી નવિન ભાવો જાહેર ન થાય ત્યાં સુધી એક્સ ઈન્સ્ટોલે ન સરકારશ્રીના ભાવોમાં ફેરફાર થાય તો તે પ્રમાણે ફેરફારની ગણતરી કરી શકાશે. પરંતુ તે પ્રમાણે ભાવો વધઘટ બોર્ડમાં જણાવવાની રહેશે.

૯. એક્સ સાબરમતી, કંડલા કે કોયલી ડેપોથી ડીલીવરીથી કોઈ એજન્ટ કુડતેલ (એલડીઓ) નું વેચાણ બારોબાર કરી શકશે નહી. એજન્ટના ધંધાના સ્થળે આવ્યા બાદજ છુટક વિક્રેતાઓને વેચાણનું બીલ આપી જથ્થાનું વિતરણ કરી શકાશે એજન્ટે ધંધાના ગામની ઓક્ટ્રોય ભરવાની રહેશે.

લાઈટ ડીઝલ ઓઈલ (એલડીઓ) કોયલીના ડેપોના ભાવની વિગત દર્શાવતું પત્રક.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	કંપનીના કોયલી ડેપોથી તમામ ટેક્ષ સાથે ૧કી.લી.નો ભાવ કમીશન સાથે	એજન્ટનું કમીશન તથા તમામ પ્રકારનું વહીવટી ખર્ચ	ટ્રાન્સપોર્ટ ચાર્જ કીલોમીટર	ટ્રાન્સપોર્ટ ચાર્જ ૧કીલો લીટર ના. ૧.૦૪પૈસા મુજબ	ટ્રાન્સપોર્ટ ચાર્જ, કમીશન તથા તમામ ટેક્ષ સાથેનો નવો ભાવ (જકાત સિવાય)	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પાલનપુર	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૫૧૩	૫૩૩.૫૨	૮,૫૭૮.૬૮	
૨	ડીસા	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૫૭૬	૫૯૯.૦૪	૮,૬૪૪.૨૦	
૩	ધાનેરા	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૪૦	૬૬૫.૬૦	૮,૭૧૦.૭૬	
૪	દિયોદર	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૫૬	૬૮૨.૨૪	૮,૭૨૭.૪૦	
૫	ભાભર	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૪૦	૬૬૫.૬૦	૮,૭૧૦.૭૬	
૬	થરા	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૯૬	૭૨૩.૮૪	૮,૭૬૯.૦૦	
૭	થરાદ	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૪૭	૬૭૨.૮૮	૮,૭૧૮.૦૪	
૮	શિહોર	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૬૫૨	૬૭૮.૦૮	૮,૭૨૩.૨૪	
૯	વડગામ	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૫૪૪	૫૬૫.૭૬	૮,૬૧૦.૯૨	
૧૦	કાણોદર	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૪૯૬	૫૧૫.૮૪	૮,૫૬૧.૦૦	
૧૧	છાપી	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૪૭૨	૪૯૦.૮૮	૮,૫૩૬.૭૪	
૧૨	દાંતા	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૫૯૨	૬૧૫.૬૮	૮,૬૬૦.૮૪	
૧૩	વાવ	૭,૯૭૬.૧૬	૬૯.૦૦	૭૨૦	૭૪૮.૮૦	૮,૭૯૩.૯૬	

ઉપર મુજબ નકકી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ લેનાર સામે તેમજ ઉપરોકત શરતોનો અમલ ન કરનાર સામે નિયમોનુસાર કાયદેસરના કાર્યવાહી કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૯.

પી. ડી. વાઘેલા,
કલેક્ટર, બનાસકાંઠા.

વાંચ્યો :—૧ અત્રેનો તારીખ ૩૦મી મે ૧૯૯૮ના હુકમ નં પરવ-ઈસીએ વશી ૯૭૨/૯૮

૨ ઉપસચિવશ્રી, અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ ગાંધીનગરના તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ તથા ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ના પત્ર નં ઈસીએ. ૧૦૯૮.૩૬૩. બ.

આદેશ

નંબર કમકપ/પરવ/ઈસીએ/વશી.—આથી હું એ. કે. રાકેશ, (આઈ.એ.એસ.) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ ૨ (ii-૦) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ ૬(એ) અને કલમ ૭૬(બી) ના તળે મળેલ અધિકારો પૈકી નિયામક, નાગરીક પુરવઠા, ગુજરાત રાજયની કચેરીના રાજય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કીંમત રૂપિયા બે(૨.૦) લાખથી ઓછી હોય તો નિયામક, નાગરીક પુરવઠાની કચેરીના સંયુકત (નાયબ નિયામકને અને તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા બે (૨.૦) લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠા ને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું

ગોધરા, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૯.

એ. કે. રાકેશ,
કલેક્ટર, પંચમહાલ,
ગોધરા.

વાંચ્યા :

૧. ધી કેરોસીન (રીફીકસેશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩

૨. અન્ન ,નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના પત્ર ક્રમાંક-કસન- ૧૧૯૭/૨૩, ૫૪/ભાગ-૧/બ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮.

INDEX

૩. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના પત્ર ક્રમાંક- સપ/કસન/૧૧૯૭/૨૩૫૪/બ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૮

૪. અત્રેના હુકમ નં. સપ/કસન/વશી / ૧૮૬૪/૯૮ તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૮

૫. સરકારશ્રી તરફથી ઓકટ્રોયના દરોમાં ઘટાડો કરેલ તે અંગે ડે. મેનેજરશ્રી ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન વડોદરાનો તારીખ ૩જી માર્ચ ૧૯૯૯નો પત્ર

હુકમ

નં સપ/કસન/વશી/૬૮૭/૧૯૯૯.—ભારત સરકાર તરફથી બજેટમાં જાહેર વિતરણ યોજના હેઠળના ગૃહ વપરાશ માટેના ભુરા રંગના કેરોસીનની એકસાઈઝ ડ્યુટીમાં ૧૦ ટકામાંથી ઘટાડો કરીને આઠ ટકાના દરો નક્કી કરવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે આધારે ઓઈલ કુા. ઓએ તાત્કાલીક અસરથી માહે-માર્ચ-૯૯થી ઓઈલ કુા. ના ઈસ્યુ દરોમાં ઘટાડો કરીને નીચે પ્રમાણે ઈસ્યુ દર નક્કી કરવામાં આવેલ છે આ અંગે વંચાણ-૫માં પત્રથી ડે. મેનેજરશ્રી આઈ.ઓ.સી. તરફથી પણ જરૂરી વિગત જણાવેલ છે. તથા આ દરથી ઓઈલ કુા. ઓ બીલ આપે છે.

અનુ. નંબર	વિગત	એક કે એલના દર
૧	બેઝીક દર	૨,૦૦૧-૪૦
૨	૭૮ ટકા એકસાઈઝ ડ્યુટી	૧૬૦-૧૧
૩	સ્ટેટ સરચાર્જ	૪૧-૯૦
	કુલ	૨,૨૦૩-૪૧

ઓઈલ કુા. ના ઈસ્યુ દરોમાં ઘટાડો થતાં ભુરા રગના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક ભાવો નવેસર નક્કી કરવાના રહે છે.

કેન્દ્ર સરકારશ્રીના ધી કેરોસીન (ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કલમ-૨ (બી) ના પેરાગ્રાફ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું અનીલ મુકીમ, જિલ્લા કલેકટર વડોદરા, વડોદરા જિલ્લાના જુદા જુદા તાલુકાઓના મથકો માટે ગૃહ વપરાશના હેતુ માટેનાં ભુરા રંગના કેરોસીનના વેચાણ ભાવો નીચે પ્રમાણેની વિગતે તાત્કાલીક અમલમાં આવે તે રીતે જાહેર કરું છું અને- અત્રેના વંચાણ નં. ૪ ના તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ ના— હુકમ ક્રમાંક સપ / કસન / વશી / ૧૮૬૪ / ૯૮, થી નક્કી કરેલ ભાવ રદ કરું છું

આ ભાવો કોયલી રીફાઈનીરીમાંથી આવતા ગૃહ વપરાશના ભુરા રંગના કેરોસીન માટેના છે જે ભાવો કોયલી રીફાઈનરીમાંથી આવતાં ગૃહ વપરાશના ભુરા રંગના કેરોસીનને લાગુ પડે છે.

આ ભાવો ગુરૂત્તમ હોઈ, તેનાથી વધુ ભાવો કોઈપણ એજન્ટ (જથ્થાબંધ) તથા છુટક વિક્રતા લઈ શકશે નહી.

આ ભાવો તમામ એજેન્ટો માટે જકાત સાથેના છે અને અનુસૂચિ-૧માં દર્શાવેલ વિગતે નક્કી કરેલ છે જે જથ્થાબંધ વિક્રતા (ડીલર) સંગ્રહ શકિત સુવિધા ધરાવતા નથી તેઓ પાસેથી સરકારશ્રી વંચાણ નં ૨ના પત્રની સુચના પ્રમાણે એક. કે. એલ. ના રૂા ૪૩/– (અંકે રૂપિયા તેતાલીસ પુરા) સબંધીત ઓઈલ કું ઓએ વસુલ કરવાના રહેશે.

અનુ. નંબર	તાલુકાનું નામ	એક કીલો લીટરના ના ભાવો રૂા. પૈ.	એક લીટરના છુટક ભાવો રૂા. પૈ.
૧	વડોદરા શહેર- તથા તાલુકો	૨૪૪૫-૨૧	૨-૬૫
૨	ડભોઈ	૨૪૬૭-૩૫	૨-૬૫
૩	પાદરા	૨૪૬૦-૮૦	૨-૬૫
૪	સાવલી	૨૪૬૪-૭૧	૨-૬૫
૫	કરજણ	૨૪૫૯-૭૧	૨-૬૫
૬	વાઘોડીયા	૨૪૭૪-૭૧	૨-૬૫
૭	જેતપુર-પાવી	૨૪૬૯-૭૧	૨-૬૫
૮	છોટાઉદેપુર	૨૪૬૯-૭૧	૨-૬૫
૯	નસવાડી	૨૪૮૩-૭૧	૨-૭૫
૧૦	સંખેડા	૨૪૬૨-૨૧	૨-૬૫
	શિનોર	૨૪૬૪-૭૧	૨-૬૫
	કવાંટ	૨૪૬૯-૭૧	૨-૬૫

ઉપર પ્રમાણે નક્કી થયેલા કેરોસીનના ભાવો કરતાં વધુ ભાવો લેવામાં આવશે તો કસુરદાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારો, ૧૯૫૫ની કલમ-૩(૭) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અનુસૂચિ-૧

વડોદરા જિલ્લામાં ગૃહ વપરાશ માટેના કેરોસીનના ભાવનું પત્રક

અનુ. નંબર	વિગત	વડોદરા શહેર તથા ગ્રામ્ય તાલુકો	ડભોઈ	પાદરા	સાંવલી	કરજણ	વાઘોડીયા	જેતપુર-પાવી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ઈન્સ્ટાલેશન ભાવ	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧
૨	ઓકટ્રોય	૫-૫૦	૧૭-૬૪	૧૧-૦૯	૧૫-૦૦	૧૦-૦૦	૨૫-૦૦	૧૦-૦૦
૩	ટ્રાન્સપોર્ટ ચાર્જીસ	૭૦-૦૦	૮૦-૦૦	૮૦-૦૦	૮૦-૦૦	૮૦-૦૦	૮૦-૦૦	૯૦-૦૦
૪	જથ્થાબંધ કમીશન	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦
૫	ઈતર ચાર્જીસ	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦
	જથ્થાબંધ કે.એલ.ના	૨૪૪૫-૨૬	૨૪૬૭-૩૫	૨૪૬૦-૮૦	૨૪૬૪-૭૧	૨૪૫૯-૭૧	૨૪૭૪-૭૧	૨૪૬૯-૭૧

INDEX

૧	૨	૩		૪	૫	૬	૭	૮
૧	છુટક કમીશન	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫
૨	ઇતર ચાર્જીસ	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦
૩	ટ્રાન્સપોટ ચાર્જીસ	૬૩-૩૦	૪૭-૫૦	૬૦-૩૦	૫૪-૮૦	૬૦-૮૦	૬૦-૮૦	૪૪-૮૦
૪	છુટક ભાવ કે.એલ.ના	૨૬૫૫-૪૬	૨૬૬૧૮૦	૨૬૬૮-૦૫	૨૬૬૬-૪૬	૨૬૬૭-૪૬	૨૬૮૨-૪૬	૨૬૬૧-૪૬
૫	૧ લીટરના ભાવ	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫

અનુ. નંબર	છોટાઉદેપુર ૯	નસવાડી ૧૦	સંખેડા ૧૧	શિનોર ૧૨	કવાંટ ૧૩
૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧	૨૨૦૩-૪૧
૨	૧૦-૦૦	૨૪-૦૦	૧૨-૫૦	૧૫-૦૦	૧૦-૦૦
૩	૯૦-૦૦	૯૦-૦૦	૮૦-૦૦	૮૦-૦૦	૯૦-૦૦
૪	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦	૧૨૬-૦૦
૫	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦	૪૦-૩૦
	૨૪૬૯-૭૧	૨૪૮૩-૭૧	૨૪૬૨-૨૧	૨૪૬૪-૭૧	૨૪૬૯-૭૧
૧	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫	૧૧૨-૯૫
૨	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦	૩૪-૦૦
૩	૫૦-૮૦	૪૫-૮૦	૬૦-૮૦	૫૯-૮૫	૫૦-૮૦
૪	૨૬૬૭-૪૬	૨૬૭૬-૪૬	૨૬૬૯-૯૬	૨૬૭૧-૫૧	૨૬૬૭-૪૬
૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫	૨-૬૫

વડોદરા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૯.

અનીલ મુકીમ,
કલેક્ટર, વડોદરા.

Supple. C. G. I—64

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—GA-14-B

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JUNE 10, 1999 / JYAISTHA 20, 1921 [No. 23

Separate paging is given to each part as the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation.

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	263-268	Part I-B-Government Notifications published under Land Acquisition / ct only.	529-540
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-l under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette,	23	Part I L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1216-1285

Miscellaneous Notifications, Appointments, etc.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબ મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેથી સર્વે વ્યકિતઓની જાણ સારું સદરહુ કલમ-૩૩ની પેટા કલમ ૧ થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનો પુરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દા સંબંધે કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કોઈ વાંધા કે સૂચનો મળશે તેની પર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાંનો મુસદ્દો

નંબર ડી.બી.પી.એ.-૧-ડીસા-રીક્ષા-વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (મુંબઈના ૨૨માં)' ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને મળેલ અધિકારોની રૂએ આથી ડીસા શહેરમાં નીચે જણાવેલ વિગતે ઓટો રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવામાં આવે છે.

અનુ. નંબર	સ્થળનું નામ કે જ્યાં ઓટોરીક્ષા સ્ટેન્ડ રાખવાનું છે.	રીક્ષાની સંખ્યા
૧	એસ. ટી. સ્ટેન્ડ સામે	૫ (પાંચ)

આજરોજ તારીખ ૨૩મી માહે માર્ચ સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડીબીપીએ-૪/૯૯.—તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ આવતી હોઈ તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ પાલનપુર/ડીસા શહેરમાં તથા અન્ય ગામોએ મહોરમનો તહેવાર ઉજવાતો હોઈ તથા તાજીયા જુલુસ નીકળતા હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી શાંતિ અને સલામતી જાળવવા સારુ નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહિ.
(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;
(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં; એકઠા કરવા નહિ.
(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહિ.
(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં;
(છ) અલંકારિક ભાષણો, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની, રૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે, હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું આ હુકમ તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૯ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કઈ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૩જી માહે એપ્રિલ, સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર / તલમ/રજિ. ૬/૯૯.—કમાન્ડીંગ ઓફિસરશ્રી, એન.સી.સી., નવસારીના તારીખ ૯મી માર્ચ, ૧૯૯૯નાં થી જણાવ્યા મુજબ એન.સી.સી. ની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબારથી ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરાવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, આનંદ ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ હોમગાર્ડ શોર્ટ રેન્જ મુ. પો. દાંડી, તાલુકો જલાલપોર ખાતે તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૯નાં રોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૧૭-૦૦ કલાક દરમ્યાન ગોળીબાર પ્રેકટીસ થનાર છે જેથી આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ઉપરોકત સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનની હદ વિસ્તારમાં કે તેના ફરતેનાં ૩ કિ. મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખર સાથે જવા અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આનંદ ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ. એ. જી.-વશી ૨૨૮૬,—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં અધિનિયમની કલમ-(૩૭) ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. વાણીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અંગે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૨૨૬૯—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુ તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ નો સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને કોઈ લગ્નના વરઘોડાને,

(૩) કોઈપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાનો પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (યું) અન્વયે.

ક્રમાંક પીઓએલ. વશી. ૨૪૧૮.—નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગોરા ગામે તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૯ સુધી સુરપાણેશ્વર મહાદેવનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજ્યના જુદા જુદા વિસ્તારેમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રિત થશે. અને ઘાસ કામળા વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન ગોરા ગ્રામ પંચાયત વિસ્તારમાં દારખાનુ ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે ઉપરોકત સુરપાણેશ્વર મહાદેવજીના મેળાનાં દિવસો દરમ્યાન ગોરા ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનું દારૂખાનુ ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૯મી એપ્રિલ ૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો છે.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧)અન્વયેનું.

ક્રમાંક પીઓએલ. વશી. ૨૪૦૮.—નર્મદા જિલ્લાનાં નાંદોદ તાલુકાનાં ગોરા ગામે તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૯ દરમ્યાન સુરપાણેશ્વર મહાદેવનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રિત થશે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેનાં નિયમોનું પાલન કરવુ જરૂરી છે.

(૧) જે સ્થળો પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીક માં ૧૨ ફૂટનાં વિસ્તાર માં અથવા તે જગ્યા ઉંપર ન્હાવું કે ધોવુ કે કપડાં ધોવા કે જાનવરોને નવડાવવા નહિ વાસણો, વાહનો ધોવા નહિ.

(૨) મેળાનાં સાથે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો, પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલાં અગર માનવ ખાદ્ય માટે બીન ઉપયોગી એવા ફળ-ફળાદિ પીણાં તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાન-પાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) જે ભાવિકો કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતાં હોય તેમણે ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ગોરા મુકામે સુરપાણેશ્વર મહાદેવના મેળાનુ આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા આથી મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ અનુસાર ૩ (ત્રણ) માસની કેદ અથવા રૂપિયા ૨૦૦ સુધીનાં દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૯૯ થી ૧૭મી એપ્રિલ ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

જાહેરનામું

સન ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

નંબર મકમ-પલસ-મજસ-વશી-૮૫૦.—આગામી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૯ દરમ્યાન ગુડ-ફ્રાયડે, ડો. આંબેડકર જયંતિ, ભગવાન પરશુરામ જયંતી, મહોરમ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧નીકલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧-ની કલમ -૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રુઈએ હું આર. એમ. પગીની, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૯ (બંને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાની કે યંત્રો, સાધનો સાથે લઈ જવાં નહી. એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો-અથવા આકૃતિઓ અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાં નહી. અશ્લીલ ગીતો ગાવાં નહી;

(ઘ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી બનાવવા નહી, અથવા તો તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે, કામ કરતી કોઈ વ્યકિતઓને. જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર, લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવુ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલિસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય, તેવા અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આજરોજ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપવામાં આવ્યો.

આર. એમ. પગી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું

નંબર પલસ/ફાયરીંગ/ શેરૂલા /વશી. ૧૩૫૧/૯૯.—સુરત જિલ્લાંના ઉકાઈ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ-૧૦ ઉકાઈનાં જવાનોનો ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૯ થી ૩૦મી એપ્રિલ, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજા-જનોની સલામતી સારું હું વી. ડી. અસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું. સોનગઢ તાલુકાનાં ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહુ ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૯ થી ૩૦મી એપ્રિલ, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહિ

આ હુકમનો ભંગ કરનાર, ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૯નાં રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

Supple. C. G. I.—65

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JUNE 17, 1999 / JYAISTHA 27, 1921 [No. 24

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	269-274
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayat, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	24
Part- I-B	—Government Notifications, published under Land Acquisition Act only.	541-590
Part-I-L	-Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act,	1286-1387

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૪) અન્વયે .

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૮૪૮/૯૯.— અમદાવાદ શહેર પોલીસ મુખ્યમથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટે જે સુભાષ-બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૯ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર ઢાંખરની સલામતી સારું સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે—

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્યમથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૦મી જુન,

INDEX

૧૯૯૯ સુધી સવાર કલાક ૬.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુ રહીશો તેમજ બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહીં. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય કલાક ૬.૦૦ થી ૧૨.૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૯ ના રોજ સહી કરી સિક્કા માર્યા છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

પ્રાથમિક જાહેરનામું

નંબર ઉ ગપક/ટફક/ભારે વાહનો/ નાના વરાછા ગામ/૧૦૩૮/૯૯.—સુરત શહેરનાં કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નાના વરાછા-ગામમાંથી પસાર થતાં તાપી નદીનાં કિનારા પાસેનાં રસ્તા પર રેતીની ટ્રકો, ટ્રેકટરો, વિગેરે ભારે વાહનોનાં અવર-જવર ખૂબ જ થાય છે. સદરહુ રોડ કાચો અને ઘણો જ સાંકડો છે. સદરહુ રોડ પર આજુબાજુ રહેણાંક વિસ્તારો આવેલ છે. જેથી સદરહુ રોડ પર ભારે વાહનોનાં અવર જવરનાં કારણે અકસ્માતનાં બનાવો બનતાં હોય છે. જેથી સદરહુ રોડ પ આવેલ રહેણાંક વિસ્તારનાં લોકોની સલામતીની દ્રષ્ટિએ તેમજ કોઈ અકસ્માતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે અકસ્માત અટકાવવાનાં હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી અને કલમ ૨(૬) થી મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં કાપોદ્રા પોલીસ સ્ટે. સ્ટેશનનાં વિસ્તારમાં આવેલ નાનાં વિરાછા ગામમાંથી પસાર થતાં રસ્તા પર ભારે વાહનોનાં અવર-જવર પર પ્રતિબંધ અંગેનું નીચે મુજબનું પ્રાથમિક ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરત શહેરનાં કાપોદ્રા પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાં આવેલ નાના વરાછા ગામમાંથી પસાર થતાં રોડ પર અકસ્માત નિવારવાનાં હેતુ માટે ભારે વાહનોનાં અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.'

આ જાહેરનામું પ્રાથમિક ધોરણે બહાર પાડવામાં આવે છે. જેથી સદરહુ જાહેરનામા સામે જો કોઈ વ્યકિત/સંસ્થાને અસર થવા સંભવ હોય, તેમનાં વાંધા-સુચનો હોય તો અત્રેની કચેરીને એક માસ સુધીમાં મોકલી આપશો. ત્યાર પછી આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૩૧ મુજબ સજાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૯ના રોજ મારી સહી -સિક્કા કર્યા.

આઇ. એમ. દેસાઇ,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાક સરમ-૦૧કે-૧૪૮-૯૯, તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૯

(૨) શ્રી રેવા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી આમોદ જિલ્લો ભરૂચ બોર્ડ ઓફ ડીરેકટર્સની તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૯ તથા તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ ની લેખિત રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

શ્રી રેવા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી, આમોદ જીલ્લો ભરૂચ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ ખાંડ સહકારી મંડળી છે. જેનો નોંધણી કમાંક સે-૬૦-૮૯, તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૮૯ છે. (જેનો હવે પછી અત્રે સંસ્થા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

પ્રસ્તુત સંસ્થાને ભારત સરકારશ્રીના તારીખ ૧૦મી જૂલાઇ ૧૯૮૯ ના પત્રથી ૨૫૦૦ ટી. સી. ડી. દૈનિક પીલાણ ક્ષમતાના ખાંડના કારખાના માટે ઔદ્યોગિક પરવાનો આપવામાં આવેલ તે સંદર્ભે સહકારી કાયદા અન્વયે મંડળીની નોંધણી તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૮૯ ના રોજ કરવામાં આવેલ. સંસ્થાના મંજૂર કરવામાં આવેલ પેટા નિયમ મુજબ સંસ્થાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

૧. શેરડીના વાવેતર માટે તથા મકાનો બાંધવા અને યંત્રો ગોઠવવા વગેરે માટે જમીન ખરીદવી પટે રાખવી અગર બીજી કોઇ રીતે મેળવવી;

૨. સભાસદોમાં આધુનિક સુધારેલી ઢબે ખેતી કરવાની અને શેરડીનું વાવેતર કરવાની રીતો દાખલ કરવી અને શેરડી ઉગાડવા બી, ખાતર દવાઓ, ઓજારો વગેરે લોનથી પુરા પાડવા અને સભાસદોને ખેતી વિષયક ઔદ્યોગિક શિક્ષણ તથા તેમના ઉત્કર્ષ માટે વ્યવસ્થા કરવી.

૩. સભાસદો તથા ઇતરોએ ઉગાડેલી તથા પુરી પાડેલી શેરડીમાંથી ખાંડ ગોળ, અને તેમાંથી બીજી અપેદાશો બનાવવી અને વેચવી

૪. ખાંડનું કારખાનું ઉભું કરવુ અને તે ચલાવવાની વ્યવસ્થા કરવી અને તે ઉદ્દેશને પાર પાડવા માટે યંત્ર સામગ્રી ખરીદવી

૫. શેરભંડોળ ઉભું કરવું અને અથવા જોઇતી મૂડી સહકારી મંડળીઓ, સેન્ટ્રલ ફાઇનાન્સ સંસ્થાઓ, મધ્યસ્થ નાણાં ધિરનાર સંસ્થાઓ, ઇતરો પાસેથી મંડળીની સ્થાવર જંગમ મિલ્કતની જામીનગીરી ઉપર અથવા બીજી રીતે મેળવવી.

૬. સભાસદોને શેરડીના પાક ઉપર અગર તેમની શેરડીમાંથી બનાવેલી ખાંડ પર પાક ઉગાડવા તથા ખેતીનાં વિકાસ માટે ધિરાણ કરવું અને સભાસદોને પુરી પાડેલી શેરડીના નાણાંમાંથી ધિરાણની વસુલાત કરવી.

૭. શેરડીમાંથી ખાંડ ઉપરાંત મળતી ઇતર પેદાશોમાંથી ખાંડ ઉદ્યોગ ખીલવવા અને ઇતર પેદાશો તૈયાર કરવા યંત્રો ખરીદી ગોઠવવા તેના ઉત્પાદન માટે જરૂરી સામગ્રી ખરીદવી અથવા પેદાશોની ઉપયોગ અને વેચાણની તથા આયાત નિકાસની વ્યવસ્થા કરવી.

પ્રસ્તુત સંસ્થાના પેટા નિયમ ૨૧ ની જોગવાઇ અન્વયે તેના સંચાલક મંડળની રચના સરકારશ્રીની સંમતીથી આ કચેરીના તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૦ ના હુકમથી કરી પ્રમુખ તરીકે શ્રી ઇશ્વરભાઇ

INDEX

પહેલની નિમણુંક પાંચ વર્ષ માટે કરેલ અને પછી તેમાં ફેરફાર કરી વખતો વખત તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ અને ૨૦મી જાન્યુઆરી ૧૯૯૭ ના આદેશથી નવા સંચાલક મંડળની નિમણુંક આ કચેરીએથી કરવામાં આવેલ.

સંસ્થાએ પ્રોજેકટની કામગીરી ૧૯૯૦માં શરૂ કરેલ અને તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૩ થી પ્રથમ પીલાણ શરૂ કરેલ હતું અને નીચે મુજબ શેરડી પીલાણ તથા ખાંડનું ઉત્પાદન થવા પામેલ.

વર્ષ	શેરડી પીલાણ મે. ટનમાં	ખાંડ ઉત્પાદન કવીન્ટલમાં	રીકવરી ટકામાં
૧૯૯૩-૯૪	૫૨,૧૯૮	૩૬,૪૮૦	૭.૨૫
૧૯૯૪-૯૫	૨૩,૪૫૨	૧૩,૫૫૯	૭.૧૭

આ સંસ્થા સને ૧૯૯૫-૯૬ અને ૧૯૯૬-૯૭ ના પીલાણ વર્ષમાં શેરડી પીલાણની કામગીરી કરી શકેલ નથી સંસ્થાના કેટલાક વહીવટી તેમજ આંતરિક પ્રશ્નોને કારણે તેમજ નાણાંકીય મુશ્કેલીને કારણે આ સંસ્થા શેરડી પીલાણ કાર્ય શરૂ કરી શકેલ ન હતી આ સંસ્થાને ચાલુ કરવા માટે સરકારશ્રીએ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૬ ના ઠરાવથી ૪૦ લાખ તેમજ તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૬ ના ઠરાવથી ૮૦ લાખ મળી કુલ ૧૨૦ લાખનો વધારાનો શેરફાળો મંજુર કરેલ કુલ સરકારશ્રીનો શેરફાળો રૂા. ૭૫૦ લાખ આપવામાં આવેલ છે તેમજ મધ્યસ્થ ધિરાણ સંસ્થાઓની ટર્મલોન રૂા. ૧૬૦૦ લાખ અને અન્ય ધિરાણ સંસ્થાઓની રૂા. ૬૧૦ લાખ માટે સરકારશ્રીએ ગેરન્ટી આપેલ છે જે પૈકી ફકત રૂા ૪૦ લાખની રકમ જમીન વિકાસ બેંક અમદાવાદને ચુકવેલ છે બાકીની રકમ ચુકવવાની હજુ બાકી છે. ઉપરાત વ્યાજ પણ ચુકવવાનું બાકી છે

સંસ્થાની તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૭ ની અંતિમ નાણાંકીય પરિસ્થિતિ જોતાં સભાસદ શેરભંડોળ ૬૪૦.૬૧ લાખ એકત્ર કરાયેલ છે જ્યારે સરકારશ્રીનો શેરફાળો ૭૫૦ લાખ છે સંસ્થાએ જુદી જુદી નાણાંકીય સંસ્થાઓ પાસેથી રૂા. ૨૨૧૦ લાખની સરકારશ્રીની ગેરન્ટી અન્વયે લોન મેળવેલ છે જ્યારે રૂા ૩૫૭. ૭૩ ની ગેરન્ટી વગરની લોન મેળવેલ છે જેનું રૂા. ૩૫૭૨.૩૦ લાખ અને ૪૧૭.૯૪ લાખનું વ્યાજ ચઢત થયેલ છે જે સંસ્થા ચુકવી શકી નથી વધુમાં સભાસદોને શેરડી ખરીદીના રૂા. ૧૩૭.૨૪ લાખ તથા વેપારી તથા અન્યને ચુકવવાની રકમ રૂા ૭૬ ૪૭ લાખ બાકી પડે છે મંડળીની એકત્રિત ખોટ રૂાં. ૩૦.૧૨ કરોડની થવા પામી છે આમ, સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખૂબજ ખરાબ છે.

પ્રસ્તુત સંસ્થાએ શેરડી પીલાણ કાર્ય શરૂ કરેલ તે પછીથી તેની દૈનિક પીલાણ ક્ષમતા કરતાં પણ ઘણા ઓછા દરથી પીલાણ કરેલ છે. જે પણ પીલાણ કાર્ય શરૂ થયા પછી ૩ વર્ષમાં બંધ થઈ ગયેલ છે આમ પૂરતી શેરડીને અભાવે તેમજ જરૂરી પાણીની વ્યવસ્થાના અભાવે તથા નાણાંકીય મુશ્કેલી તથા પુરતા લાયકાતવાળા વહીવટી સ્ટાફ અભાવે સંસ્થાનું સંચાલક મંડળ શેરડી પીલાણનું કાર્ય શરૂ કરી શકેલ નથી સને ૧૯૯૫-૯૬ ૧૯૯૬-૯૭, તથા ૧૯૯૭-૯૮ ના વર્ષમાં શેરડી પીલાણ' કાર્ય કરી શકેલ નથી સને ૧૯૯૬-૯૭ ના વર્ષમાં પીલાણ કાર્ય કરવા સંસ્થાએ આયોજન કરેલ પરંતુ સફળતા મળેલ નથી.

વધુમાં સંસ્થામાં મેનેજીંગ ડીરેકટર કોસ્ટ એકાઉન્ટન્ટ, સુગર ટેકનોલોજીસ્ટ અને સુગર ઇજનેર જેવી ચાવીરૂપ જગ્યાઓ ખાલી છે. સંસ્થા દ્વારા શેરડી પીલાણ કાર્ય શરૂ કરવું હોય તો ચાવીરૂપ જગ્યાઓ ભરીને પૂરતી શેરડી પીલાણ માટે મેળવવા કટિબંધ રીતે સમયબધ્ધ તબકકાવાર આયોજન કરવું જોઇએ જે સંસ્થાનું બોર્ડ ઓફ ડીરેકટર્સ કરી શકેલ નથી. સંસ્થાને ચાલુ કરવા માટે રાજ્ય સરકારે અને નાણાંકીય સંસ્થાઓ લોન સહાય આપી નાણાંકીય મદદ કરેલ. સંસ્થાએ શરૂઆતના વર્ષમાં શેરડી પીલાણની કામગીરી શરૂ કરેલ પરંતુ પીલાણ કામગીરી ચાલુ રહે તે માટે પૂરતી શેરડી મેળવવા તેમજ ખાંડ કારખાનું પુરી કાર્યક્ષમતાથી ચાલે તે માટે કોઇ નકકર કાર્યવાહી કે આયોજન કરવામાં આવેલ નથી. પરિણામે સંસ્થા છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં આવી જતાં તેમજ નાણાંકીય સ્થિતિ દિનપ્રતિદિન કથળી જતાં તેમજ મંડળીના મંજુર થયેલ પેટાનિયમના ઉદ્દેશ મુજબ મંડળના હાલના કાર્યવાહકોએ કામગીરી ન કરતાં સંસ્થાની આર્થિક જવાબદારીઓ એકત્રિત ખોટ તેમજ સભાસદોના શ્રેષ્ઠ હીતોને ધ્યાને લેતાં તેમજ સંસ્થાના હાલનાં કાર્યવાહકોને ખાંડ કારખાનું ચાલુ કરવા માટે કોઇ રસ ન જણાતાં સંસ્થાને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું આવશ્યક અને જરૂરી બનતાં આમુખમાં વંચાણે લીધેલ ક્રમ-૧ ના તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૯ ની કારણદર્શક નોટિસ સંસ્થાના સંચાલક મંડળને પાઠવી આ અંગે જે રજુઆત લેખિતમાં કે મૌખિક રીતે કરવી હોય તે માટે એક માસની મુદત પાઠવી સુનાવણી તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ ૧૨-૦૦ કલાકની મુકરર કરવામાં આવેલ.

જે અન્વયે તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ સંસ્થાના ઉપપ્રમુખશ્રી અજિતસિંહ માનસિંહ સુરતીયાએ હાજર રહી સંસ્થાના પ્રમુખશ્રી સહિતનાં આઠ વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓની સંયુકત લેખિત રજુઆત કરેલ છે અને લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ સંસ્થાની નાણાંકીય સ્થિતિ પૂરતી શેરડી નહીં મળવા બાબત તેમજ પાણીની ભૌગોલિક પરિસ્થિતિના કારણે સંસ્થાનાં તજગ્નોને અભાવ વગેરે કારણો દર્શાવી સરકારશ્રીને સંસ્થાની આર્થિક સ્થિતિ ધ્યાને લઇ જરૂરી પગલાં ભરવાં તેમજ વ્યવસ્થાપક કમિટિ સભ્યોને આ જવાબદારી માંથી મુકત કરવા અને સંસ્થા માટે જે યોગ્ય જણાય તેવી કાર્યવાહી કરવા આમુખમાં વંચાણે લીધેલ ક્રમ-૨ ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે. તેમજ સંસ્થાના ચેરમેન, વાઇસ ચેરમેન તેમજ અન્ય બે વ્યવસ્થાપક કમિટિ સભ્યોએ તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૯ ના પત્રથી સંચાલક મંડળના સભ્યપદેથી રાજીનામાં મોકલી આપેલ છે.

ઉકત સમગ્ર વિગતોની સમીક્ષા કરતાં સંસ્થાની ૬૮.૧૩ કરોડની જવાબદારીઓ સામે ૩૮.૦૧ કરોડનું રોકાણ સંભવત મજરે મળે અને ૩૦.૧૨ કરોડની હાથે એકત્રિત ખોટ છે. સંસ્થા રૂા. ૩૦.૧૨ કરોડની ખોટ પુરી કરે અને દેવાની ચુકવણી કરે તે અસંભવ છે. સંસ્થાના તમામ ફંડોનું ધોવાણ થયેલ છે. જે સમગ્ર વિગતો ધ્યાને લેતાં સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અને હાલની સ્થગિત અવસ્થા અને કામગીરી જોતાં પુન: કાર્યાન્વિત થઇ શકે તેવા કોઇપણ સંજોગો જણાતાં નથી. આ સંજોગોમાં શ્રી રેવા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી આમોદ જીલ્લો ભરૂચને ફડચામાં લઇ જવા માટે સ્પષ્ટ અભિપ્રાય થાય છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ.

હું, બ્રહમભટ્ટ ડી. એચ. ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય ગાંધીનગર મને મળેલ સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) અન્વયે શ્રી રેવા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. આમોદ જીલ્લો ભરૂચને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું તેમજ સહકાર કાયદાની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (સુગર) સુરતની નિમણૂક કરૂ છું.

ફડચા અધિકારીએ આ સંસ્થાનો ચાર્જ તાત્કાલિક સંભાળી અત્રે તેની જાણ કરવી.

ગાંધીનગર, તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૯.

બ્રહમભટ્ટ ડી. એચ,
ખાંડ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :(૧) અત્રેના હુકમ નં. પુરવઠા/કશન/ભાવ/વશી. તારીખ ૨૯મી ઓક્ટોબર ૧૯૯૭.

(૨) સેકશન અધિકારીશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન /૧૧૯૫/૧૩૮૩ પાર્ટ-બ તા. ૩૧મી માર્ચ ૧૯૯૮

(૩) ઉપસચિવશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગર ના પત્ર ક્રમાંક: કસન-૧૨૯૫/૧૩૮૩/પાર્ટ બા તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૮.

(૪) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્શેશન ઓફ સીલીંગ પ્રાઈઝ આર્ડર-૧૯૯૩.

હુકમ

નંબર ઈ. પુરવઠા. કશન. ભાવ. વશી.૧૮૬૯/૧૯૯૯.—આમુખ-૧ માં જણાવેલ હકમથી જિલ્લાના જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન નાં એજન્ટ તેમજ છુટક વિક્રેતા/ફેરીયાઆને સિધ્ધપુર ટર્મીનલ ડેપો થી પ્રાપ્ત થતા ઘરગથ્થું કેરોસીનના ટ્રાન્સપોર્ટ ચાર્જ પ્રતિકિલોલીટર પ્રતિ કીલોમીટરના રૂા. ૧-૦૪ પૈસા ઠરાવી કેરોસીનના ભાવો કેન્દ્રવાર બાંધવામાં આવેલ હતા. ટ્રાન્સપોર્ટ ચાર્જમાં ૩૦ટકા જેટલો ભાવ-વધારો આપવામાં આવેલ હતો. આમુખ-૨ના પત્રથી સરકારશ્રીએ કેરોસીન ટ્રાન્સપોર્ટ ચાર્જમાં આપવામાં આવેલ વધારો અસામાન્ય હોવાનું જણાવેલ છે.

સિધ્ધપુર ટર્મિનલ પોઈન્ટ શરૂ થતાં તરીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૭ની સ્થિતિએ જિલ્લામાં ટ્રાન્સપોર્ટ ચાર્જ પ્રતિકીલોલીટર/પ્રતિ-કિલોલીટરએ ૦.૭૦ પૈસા નક્કી કરવામાં આવેલ હતા. ત્યારબાદ એસોસિયેશન દ્વારા ટુંકા અંતરના ટ્રાન્સપોર્ટ ચાર્જ ઓછા હોઈ ટ્રાન્સપોર્ટ ચાર્જમાં વધારો કરી આપવા માંગણી કરવામાં આવતાં તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૭ની સ્થિતિએ ટ્રાન્સપોર્ટ ચાર્જ ૦.૮૦ પૈસા નક્કી કરી આપવામાં આવેલ જે પ્રતિકિલોલીટર/ પ્રતિકીલો-મીટર ૦.૧ ૦પૈસાનો વધારો છે. ત્યારબાદ ડિઝલના ભાવમાં ૨૭ટકા નો વધારો થતાં ટ્રાન્સપોર્ટ ચાર્જ પ્રતિકિલોમીટર/પ્રતિ કીલોલીટરએ રૂા. ૧.૦૪ પૈસા મુજબ નક્કી કરવામાં આવેલ છે. જે. ૩૦ ટકા મુજબ વધારો છે.

સને ૧૯૯૭ના વર્ષમાં ડિઝલના ભાવમાં ૨૭ ટકાનો વધારો થયેલ તે સામે ૩૦ટકાનો ટ્રાન્સપોર્ટ ચાર્જમાં વધારો કરી આપવામાં આવેલ. જે વધારાને સરકારશ્રીએ અસામાન્ય ગણેલ હોઈ નવેસરથી ટ્રાન્સપોર્ટ ચાર્જ નક્કી કરવા જણાવેલ છે. તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૭ની સ્થિતિને ડિઝલના ભાવમાં કોઈ વધારો થયેલ ન હોવા છતાં તે સમયે ટાન્સપોર્ટ ચાર્જમાં ૦.૧૦ પૈસાનો વધારો કરી આપવામાં આવેલ હતો. જે ૧૪ટકા મુજબ વધારો આપવામાં આવેલ હતો. ડિઝલના ભાવમાં ૨૭ટકા વધારો ૯/૯૭ માસમાં થયેલ છે. અગાઉ કોઈપણ જાતના ડિઝલના ભાવ વધારા સિવાય ૧૪ટકા વધારો ટાન્સ-પોર્ટ ચાર્જમાં કરી આપવામાં આવેલ હોઈ તે બાબત ધ્યાને લઈ ટ્રાન્સપોર્ટ ચાર્જમાં વધારો કરવો જરૂરી હતો. ૩૦ટકા મુજબ કરવામાં આવેલ વધારો અસામાન્ય હોવાનુ સરકારશ્રીએ જણાવેલ હોઈ આમુખ-૩ના પત્રની સરકારશ્રીની સુચના ધ્યાને લઈ કેરોસીન ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પ્રતિ કિલોલીટર/પ્રતિ કીલોમીટર ૦.૯૩પૈસા પ્રમાણે ધી કેરોસીન ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હું પી. ડી. વાઘેલા, આઈ. એ.એસ. કલેક્ટર, બનાસકાંઠા. પાલનપુર જે કેરોસીન ડીલરે કેરોસીનના છૂટક વિતરણ દ્વારા ફેરીયાઓને આપવામાં અને કેરોસીનના છૂટક વિક્રેતા/ ફેરીયાઓએ ગ્રાહકોને વેચાણ કરવાના ભાવો કેન્દ્રવાર નીચે મુજબ ઠરાવું છું.

અ.નં.	સ્થાનુ નામ	એજન્ટે છૂટક વિક્રેતા/ ફેરીયાને ધંધાના સ્થળે ડીલીવરી આપવાના ભાવ ૧ કીલો લીટરના.	છુટક વિક્રેતા/ફેરીયાઓ વાપરનાર વર્ગ-ગ્રાહકો ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લીટરનો ભાવ
૧	૨	૩	૪
૧	પાલનપુર	૨,૬૬૬.૮૦	૨.૮૦
૨	ડીસા	૨,૬૬૬'૮૦	૨.૮૦
૩	ભીલડી	૨,૬૬૬.૮૦	૨.૮૦
૪	ધાનેરા	૨,૬૮૩.૫૪	૨.૮૫
૫	દિયોદર	૨,૭૦૭.૭૨	૨.૮૫
૬	ભાભર	૨,૭૪૪.૯૨	૨.૯૦
૭	શિહોરી	૨,૬૯૪.૭૦	૨.૮૫
૮	થરા	૨,૭૨૦.૭૪	૨.૮૫
૯	વરાદ	૨,૭૨૬.૩૨	૨.૮૫
૧૦	દાંતા	૨,૬૬૬.૮૦	૨.૮૦
૧૧	વડગામ	૨,૬૬૬.૮૦	૨.૮૦
૧૨	વાવ	૨,૭૪૯.૫૭	૨.૯૦

સબબ આ ભાવો નીચેની શરતોને આધીન રહેશે.

શરતો :

(૧) આ ભાવોમાં ટાન્સપોર્ટ ચાર્જ રૂા. ૧.૦૪ પૈસા રદ કરી પ્રતિકિલોલીટર / પ્રતિ કિલોમીટર એ ૦.૯૩ પૈસા ગણવામાં આવેલ છે.

(૨) ઈતર ખર્ચ એજન્ટ કક્ષાએ ૪૦.૩૦ તથા કમીશન રૂા. ૧૨૬ ગણવામાં આવેલ છે. જયારે છુટક વિતરણકર્તા / ફેરીયાઓ કક્ષાએ ઈતર ખર્ચ રૂા. ૩૪ તથા કમીશન રૂા. ૧૧૩ પ્રતિ કિલોલીટરને ગણવામાં આવેલ છે.

(૩) એજન્ટે કેરોસીનનો જથ્થો છુટક વિક્રેતા/ફેરીયાના ધંધાના સ્થળે ઉતારવાનો રહેશે.

(૪) ઉપર મુજબના ભાવોમાં તમામ સ્ટેજે અપાતા કમીશનનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપરોકત ઠરાવેલ ભાવનડી લિર/છુટક વિક્રેતા ફેરીયાઓ વધારે ભાવો લઈ શકશે નહી.

(૬) કેરોસીનનો વેપાર કરતા ડીલર/છુટક વિક્રેતાએ ધંધાના સ્થળે ભાવો પ્રદર્શિત કરવાના રહેશે.

(૭) ઉપરના ભાવો સિધ્ધપુર ટર્મિનલ પોઈન્ટ ઉપરથી સપ્લાય થતા કેરોસીનને લાગુ પડશે.

(૮) તમામ કેરોસીન એજન્ટોના ટેન્કર / સિધ્ધપુર વાળા પાલનપુર થી પસાર કરવાના હશે.

(૯) ડીલરે રીટેલર/ફેરીયાના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા પેટે ૧ લીટર ના ૦.૯૫ પૈસા ટ્રાન્સપોર્ટ ચાર્જની ગણતરી આ ભાવોમાં કરવામાં આવેલ છે. ડેપો ઉપરથી કેરોસીન અનિવાર્ય કિસ્સામાં વિતરણ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટ્રાન્સપોર્ટ ચાર્જમાંથી આ રકમ બાદ આપવાની રહેશે.

(૧૦) આ ભાવોમાં સેલટેક્ષ તથા સિધ્ધપુરની ઓક્ટ્રોયનો સમાવેશ કરવાનો નથી.

(૧૧) આ ભાવોમાં સ્થાનિક ઓક્ટ્રોયનો સમાવેશ થયેલ નથી. સ્થાનિક ઓક્ટ્રોય અલગ ગણવાની રહેશે. અને તેના કારણે છુટક વેચાણ ભાવોમાં ફેરફાર થઈ શકશે. આ ફેરફારે જે તે મામલતદારશ્રી પાસે મંજુર કરાવવાનો રહેશે.

(૧૨) આ ભાવોનો અમલ તારીખ ૧લી મે ૧૯૯૯ થી કરવાનો રહેશે. આ ભાવો અમલમાં આવતાં અગાઉના ભાવો રદ ગણાશે.

INDEX

.. GISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JUNE 24, 1999 / ASADHA 3, 1921 [No. 25

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	275-280
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	25
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	591-656
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1388-1481

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Read : High Court letter No. C/2103/99, dated 22nd March 1999.

Notification

No. ADM/378/OF 1999,—Under Paragraphse 629 page 265 of chapter XXXI of Civi Manual Volume I 1960 the District Judge Kheda at Nadiad directs the closing of all the Civil Courts of the Judicial District of Kheda for the Annual Summar Vacation for a period of Five Weeks commencing from Monday the 10th May 1999 to Sunday the 13th June 1999 both days inclusive and One Week from Monday 15th November 1999 to 21st November 1999 both days inclusive suffixing Diwali Holidays as approved under High Court Letter cited in preamble.

The Offices of the Nazir and the Record keeper of the District Court Kheda at Nadiad and the office of the Nazirs of the subordinate Civil Courts in the District will remain open during the vacation on working days.

Nadiad, April 1st 1999.

M. D. SHAH,
District Judge,
Kheda at Nadiad.

પોલિસ કમીશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને (૧૯૫૧) મુંબઈની કલમ-૩૩ની પેટા કલમ-૧બી હેઠળ.

ક્રમાંક મોહરમ/રફ/૭૭૨/૯૯.—વડોદરા શહેરમાં તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૯ના રોજ તાજીયા વિર્સજન અંગેનો ધાર્મિક તહેવાર હોઈ જાહેર જનતની સલામતી તેમજ ટ્રાફિક નિયમનની સરળતા માટે તાત્કાલીક જાહેરનામું બહાર પાડવાની જરૂર હોવાથી હું જે. મહાપાત્ર (આઈ.પીએસ.), પોલીસ કમિશનર વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧)ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩(૧) બી સી થી મળેલી સત્તાની રુએ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૯ના કલાક ૧૧/૦૦ થી તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૯થી કલાક ૧-૦૦ વાગ્યા સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગેનુ જાહેરનામું પ્રસિધ્ધ કરુંછું.

જાહેરનામાની વિગતો

(૧) સવારના કલાક ૧૧/૦૦ થી ૨૪/૦૦ વાગ્યા સુધી ન્યાયમંદિર ની ચારેબાજુ વિસ્તારમાં સુરસાગર સામેનો જુનો વિસ્તાર તેમજ સરસીયા તળાવ વિસ્તાર તેમજ શહેરના ચાર દરવાજા નાના સંપુર્ણ વિસ્તારને નો પાર્કિગ ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. આ વિસ્તારમાં તાજીયા વિસર્જન માટે તાજીયા લઈ જનાર વાહનો તેમજ પોલીસ અને તાજીયા વિસર્જન સેવામાં જોડાયેલા તેમજ બીજા ખાતાના વાહનો સિવાય બાકીના કોઈ પણ વાહનો પ્રવેશી શકશે નહી.

(૨) કલાક ૧૪/૦૦ વાગ્યાથી ૨૪/૦૦ વાગ્યા સુધી આયુર્વેદિક દવાખાના ચાર રસ્તા પાણીગેટ થઈ માંડવી સંગમ ચાર રસ્તાથી માંડવી તરફ નાની શાકમાર્કેટ ત્રણ રસ્તાથી ગેંડીગેટ થઈ માંડવી તરફ તેમજ રાવપુરા ચાર રસ્તા માર્કેટ ચાર રસ્તા દાંડીયા બજાર ચાર રસ્તા તેમજ નાગરવાડા ચાર રસ્તાથી કોઈ વાહન આ વિસ્તાર માં તેમજ ભુતડીઝાંપા તથા ન્યાયમંદિર તરફ આવી શકશે નહી.

(૩) કલાક ૧૪/૦૦ વાગ્યાથી ૨૪/૦૦ વાગ્યા સુધી વિશ્વામીત્રી રાજમહેલ તરફ જવાના રસ્તેથી કોઈ ફોર વ્હીલર દાંડીયા બજાર તેમજ કીર્તીસ્થંભ તરફ જઇ સકશે નહી. તેવી જ રીતે વિશ્વામીત્રી બરોડા ઓટોમોબાઈલ્સથી આરાધના ટોકીઝ તરફ જવાના રસ્તા તરફ કોઈ ફોર વ્હીલર સલાટવાડા અને રાવપુરા રોડ તરફ જઈ શકશે નહી.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવરજવર માટે માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

(૧) પાણીગેટથી શહેર તરફ આવતા વાહનો માટે આયુર્વેદિક થી ગાજરાવાડી પાણીટાંકી થઈ વિહાર સીનેમા થઈ ગંગોત્રી એપાર્ટમેન્ટ તરફ જવાનો રસ્તો ખુલ્લો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ પાણીગેટ જવાનો તમામ રસ્તો ખુલ્લો રહેશે.

(૩) સંગમ ચાર રસ્તાથી કારેલીબાગ થઈ મુકતાનંદ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ શાસ્ત્રીબીજ થઈ અલકાપુરી જવાશે અને તેવી જ રીતે માણેકપાર્ક ચાર રસ્તાનો તમામ ટ્રાફિક વી.આઈ.પી. રોડ થઈ અલકાપુરી તરફ જવા માટે ખુલ્લો રહેશે.

(૪) એસ.ટી.ડેપોની બસો માટેની વ્યવસ્થા સારૂ ડભોઈ તરફ થી આવતી બસો પ્રતાપનગર બ્રીજ થઈ મકરપુરા પોલીસ સ્ટેશન થઈ રાજમહેલ રોડ થઈ કીર્તીસ્તંભ સુધી જઈ શકશે.

(૫) વાઘોડીયા તરફથી આવતી બસો બાપોદ જકાતનાકા પાસે થઈ વીઆઈપી રોડ ફતેગંજ સર્કલ થઈ પંડયા હોટલ થઈ એસટી ડેપો જઈ શકશે. તેમજ હાલોલ, સાવલી તરફથી આવતી બસો માણેકપાર્ક ચાર રસ્તાથી અંદર આવી શકશે નહી. તેના બદલે વી.આઈ.પી. રોડ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ ફતેગંજ સર્કલ થઈ પંડયા હોટલ થઈ એસ.ટી. ડેપો જઈ શકશે.

(૬) શહેર સીટી એસટી ડેપોમાંથી ઉપડતી બસો જેવી કે માંડવી વાયા ટાવર ન્યાયમંદિર પાણીગેટની બસોના તમામ રૂટ ઉપરોકત સમય દરમ્યાનમાં જઈ શકશે નહી. તેના બદલે સ્ટેશન-થી કાળા ઘોડા, નરહરી સર્કલ, ફતેગંજ, વુડા ઓફીસ થી ઉકર્ષ સર્કલ થઈ મુકતાનંદ થઈ સંગમ ચાર રસ્તા થઈ રીંગ રોડ થઈ કિશાનવાડી ચાર રસ્તાથી પાણીગેટ બહાર જશે. અને તેજ રૂટથી પરત સ્ટેશન તરફ જઈ શકશે.

(૭) શહેર સીટી એસટી ડેપોમાંથી જે મકરપુરાની બસો વાયા ટાવર ન્યાયમંદિર થઈ માંડવી થઈ નાની શાકમાર્કેટ થઈ પ્રતાપ-નગર બ્રીજથી જે બસો જાય છે. તે ઉપરોકત સમયમાં જઈ શકશે નહી. તેના બદલે કાળા ઘોડા થઈ સેન્ટલ જેલ રોડ થઈ બદલે કાળા ઘોડા થઈ સેન્ટલ જેલ રોડ થઈ. રાજમહેલ રોડથી મકરપુરા ડેપો અને તરસાલી ગામ જઈ શકશે.

વડોદરા, તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૯.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું.

નંબર ઉ/ગપક/ટફક/વાહનો પ્રતિબંધ/દેવડી મુબારક રોડ/૧૧૨૨/૯૯. સુરત શહેરના ઝાંપાબજાર વિસ્તારમાં આવેલ દેવડી મુબારક રોડ પર અલજમીયા તસસુફીયા અરેબીક એકેડેમીની યુનિવર્સીટી આવેલ છે. સદરહું રોડ વડા મુલ્લાજી સાહેબ દેવડી મુબારક રોડના નામથી પણ ઓળખાય છે. સદરહું જગ્યાએ વડા મુલ્લાજી સાહેબની દેવડીમાં વ્હોરા કોમનાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં અસંખ્ય સ્ત્રી, પુરૂષો તથા બાળકો સાથે રહી અભ્યાસ કરતાં હોય છે. સદરહુ જગ્યાઓ ધાર્મિક પ્રવૃત્તિના સમયે સંખ્યા બંધ સ્ત્રી, પુરૂષો તથા બાળકો એક સાથે નિકળતાં હોઇ, ત્યારે સદરહું રોડ પરથી પસાર થતાં વાહનોથી કોઈક વખતે અકસ્માતોનાં બનાવો બનતા હોય છે. તેમજ આવા સમયે ટ્રાફીક નિયમન જાળવવા માટે ઘણીજ મુશ્કેલીઓ ઉભી થાય છે જેથી સદરહું રોડ પર લોકોની સલામતીની દ્રષ્ટિએ તથા કોઈ અકસ્માતોનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે અકસ્માત

અટકાવવાના હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અને કલમ ૨ (૬) થી મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં ઝાંપા બજાર વિસ્તારમાં આવેલ દેવડી મુબારક રોડ પર તમામ પ્રકારના વાહનોની અવર જવર કરવા માટે પ્રતિબંધ અંગેનું નીચે મુજબનું પ્રાથમિક ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આ આવનાર છે.

"સુરત શહેરના ઝાંપાબજાર વિસ્તારમાં આવેલ દેવડી મુબારક રોડ એટલે કે-એર ઇન્ડિયાથી ઝાંપાબજાર આવતા કરવા રોડ ઉપર પૂર્વ-પશ્ચિમના માર્ગ આવેલ નફિસા કોર્નરની દુકાનથી મુલ્લા સાહેબની દેવડી તરફ જતો દક્ષિણ તરફનો માર્ગ, જે લેડીઝ તથા જેન્ટસ હોસ્ટેલથી પસાર થઈ, પઠાણ વાડ, ગોલવાડ તરફ જતો માર્ગ જે માર્ગના પઠાણવાડ દરગાહ, ઘર નંબર ૩/૩૦/૭૯ થી ઘર નંબર ૩/૨૦/૮૨ સુધીનો માર્ગ તથા બિલાલ ગલીનાં દક્ષિણ છેડે ગલીના નાકે આવેલ ઈલેક્ટ્રીક પોલ નં. બી. એલ-૪ થી ઝાંપાબજારથી ગોલવાડ તરફ જતાં ખાડી રોડને મળતાં માર્ગ સુધીનાં રસ્તા પર તમામ પ્રકારનાં વાહનોની અવર જવર કરવા માટે પ્રતિબંધ મુકવામાં આવે છે".

આ રોડ પરથી બંધ કરેલ વાહનો ખાડી રોડ ઉપરથી પસાર થઈ શકશે. તેમજ ગોલવાડ તરફથી પઠાણવાડા તરફ આવતાં વાહનો પણ ખાડી રોડ, બદરી રોડ પરથી પસાર થઈ શકશે.

આ જાહેરનામું પ્રાથમિક ધોરણે બહાર પાડવામાં આવનાર છે. જેથી આ જાહેરનામાનો અમલ કરતાં પહેલાં આવેલ વાંધા સૂચનો ધ્યાનમાં લઈ, પછી જાહેરનામું બહાર પાડવામાં આવશે. જેથી સદરહું જાહેરનામા સામે જો કોઈ વ્યક્તિ સંસ્થાને અસર થવા સંભવ હોય, તેમના વાંધા સૂચનો હોય તો અત્રેની કચેરીને એક માસ સુધીમાં મોકલી આપશો. ત્યાર પછી આવેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહી.

આજ તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કર્યા.

આઈ. એમ. દેસાઈ.
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

નંબર ડીસીબી/હોટલ/રજિ. ૧૨/૧૯૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૩ની પેટા, કલમ (૧) ના ખંડો (ડબલ્યુ) અને (વાય) થી મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લો મેજિસ્ટ્રેટ, રાજય સરકારની પૂર્વ મંજરીથી સને ૧૯૯૯ ની માર્ચ મહિનાની ૧લી તારીખથી વલસાડ જિલ્લા માટેના સાર્વજનિક ખાનપાનની જગા રાખવા માટેનાં નિયમોમાં આથી નીચેના સુધારા કરે છે.

૧. સદરહુ નિયમોમાં નિયમ-૪ માં પેટા-નિયમ (૪) ને બદલે નીચેના મજકુર મુકવો :—અરજદારે આપવાની લાયસન્સ ફી નીચેના કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે રહેશે:—

લાયસન્સ ફીનું કોષ્ટક

અ. નં.		૫૦,૦૦૦ થી નીચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂા.)	૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂા.)	૧,૦૦,૦૦૦ થી વધારે વસ્તીવાળા સ્થળ માટે (રકમ રૂા.)
૧	૨	૩	૪	૫
૧	(ક) સવારે ૫-૦૦ થી રાત્રીના ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેના ભોજનગૃહના સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
	(ખ) સવારના ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનિક ખાનપાનની બીજી કોઈ જગા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૨	બાબત-૧ માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતનો દરેક વધારાના કલાક માટે	૧૦૦ (વાર્ષિક)	૧૫૦ (વાર્ષિક)	૨૦૦ વાર્ષિક)
૩	લાયસન્સ તાજું કરવા માટે	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૪	પેટા નિયમ (૨) ના પરંતુક હેઠળ કાઢી આપેલા દરેક કામચલાઉ લાયસન્સ માટે.	૨૫૦	૨૫૦	૫૦૦
	ગમે તેટલા કલાક સુધી જગા ખુલ્લી રાખવામાં આવી હોય તો પણ અને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામચલાઉ લાયસન્સ માટે પરંતુ નીચે જણાવેલી કોઈપણ સંસ્થા તરફથી રાખવામાં આવેલ "આનંદમેળા" માટે.	૧૦૦	૧૫૦	૨૦૦

INDEX

૧	૨	૩	૪	૫
	કામચલાઉ લાયસન્સની જરૂર પડે ત્યારે "આનંદ મેળા" માટેના લાયસન્સ ફી સ્ટોલની સંખ્યા ગમે તેટલી હોય અને મેળો ગમે તે સ્થળે રાખવામાં આવ્યો હોય તો પણ એક દિવસના રૂા. ૨૫૦ રહેશે. (૧) શૈક્ષણિક સંસ્થા અથવા ધાર્મિક (૨) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલી સંસ્થાઓ.			
૬	તમામ અઠવાડિક બજારો ખાતાના દરેક લાયસન્સ માટે વાર્ષિક ફી	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૭	જગા નામફેર કરવા માટે	૨૫૦	૨૫૦	૨૫૦
૮	જે હેતુ સારું સાર્વજનિક ખાનપાનની જગ્યાઓનો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા (લાયસન્સ) ફરી તાજું કરવાના સમયે નહી પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯	લાયસન્સમાં દરેક એજન્ટનું નામ દાખલ કરવા માટે	૧૦૦	૧૫૦	૨૦૦
	નોંધ :—લાયસન્સ ફી તાજું કરવામાં આવે ત્યારે તેમાં તેના તે જ એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહિ.			
૧૦	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે.	૨૫૦	૨૫૦	૨૫૦
૧	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા	૧૦૦	૧૦૦	૧૦૦

વલસાડ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

હુકમ

વાંચ્યું :—(૧) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારીના ગુપ્ત પત્ર નં. એલ.આઈ.બી. / ૧૨૨૩ /૯૯, તારીખ ૧૫-૪-૧૯૯૯.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) અન્વયે.

નંબર ડી.સી.બી. / એમ.એ.જી. / વશી ૨૧/૯૯.— તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ તથા તારીખ ૨૭મી અપ્રિલ, ૧૯૯૯ ના દિવસો દરમ્યાન મુંસ્લિમભાઈઓનો મહોરમ તહેવાર નિમિતે તાજીયા શહાદત (કતલની રાત) તથા તાજીયા વિર્સજનની ઉજવણીના પ્રસંગે તમામ લોકોની વાહનો દ્વારા અવરજવરની ટ્રાફીક નિયમનને અસર થવા-સંભાવના હોય, આ વિસ્તારમાં ટ્રાફીક નિયમન માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલાં લેવા મને જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ હું,આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામું બહાર પાડી આથી નીચે મુજબ મનાઈ ફરમાવું છું.

તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ કતલની રાત્રે—

પ્રતિબંધિત માર્ગ—	પ્રતિબંધિત સમય
(૧) ટાવરથી પોસ્ટે. મોટાબજાર-કંસારવાડ પાંચહાટડી. જુનાથાણા.	તારીખ ૨૬-૪-૧૯૯૯ ના રોજ રાત્રે કે ૨૧-૦૦ થી-થી તારીખ ૨૧-૪-૧૯૯૯ ક. ૩-૦૦.
(૨) પો.સ્ટે. થી ડબગરવાડ, ખાટકી-વાડ, સહકારી પેટ્રોલપંપ સુધી.	,,

ઉપરોકત પ્રતિબાંધિત માર્ગો સુરતથી આવતા અને શહેરમાં જવા માંગતા વાહનો વિરાવળ નાકા, ઝવેરી રોડ જુના થાણા થઈ શહેરમાં જઈ શકશે. તેમજ પો.સ્ટે તરફ જતાં વાહનો સાંઢકુવા, આશાનગર દુધિયાતળાવ અથવા શાકભાજી માર્કેટ ફુવારા ગોલવાડ માર્ગે જઈ શકશે.

તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ વિર્સજન ના દિવસે

પ્રતિબંધિત માર્ગ	પ્રતિબંધિત સમય.
(૧) જુનાથાણા થી પાંચહાટડી કંસારાવાડ મોટાબજાર.	કલાક ૧૫-૦૦ થી કલાક ૨૧-૦૦ સુધી.
(૨) ટાવર થી પો. સ્ટે. ડબગરવાડ પારસી અગિયારી તરોટા બજાર.	કલાક ૧૯-૦૦ થી કલાક ૨૩-૦૦ સુધી.

ઉપરોકત પ્રતિબંધિત માર્ગ દરમ્યાન વિરાવળ નાકાથી ઝવેરીસડક પ્રજાપતિ આશ્રમ કાલાચાવાડી નાકા, દશેરાટેકરી લુન્સીકુંઈ થઈને વાહન વ્યવહાર જઈ શકશે.

ઉપરોકત જાહેરનામા અન્વયેના હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની (૨૨ માં) ની કલમ ૧૩૧-માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

નવસારી, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૯.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની (સને ૧૯૫૧ ના અધિનિયમ ૨૨માં) ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ.

જાહેરનામું

નંબર ડી.સી.બી./એમ.એ.જી./રજી-૨૧/૯૯.—**નવસારી જિલ્લામાં આગામી મહોરમ (તાજીયા) ના તહેવારને અનુલક્ષીને શાંતિ અને સલામતી સારું જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા કરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે. વાસ્તે હું આર. સી. ગોહિલ, જિલ્લા** મેજિસ્ટ્રેટ, નવસારી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ ૨૨ માં) ની કલમ-૩૭ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નવસારી જિલ્લામાં તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૯ ના દિવસ દરમ્યાન ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહીં.

આ હુકમ લગ્ન વરઘોડો કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસ માં / રેલ્વે માં મુસાફરી કરવા માંગતાં / મંદિર, મસ્જીદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ ૨૨ માં) ની કલમ ૧૩૫ (૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ:

નંબર: ડીસીબી/એમએજી/બી.પી. એ./રજિ. ૨૧/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આનંદ ડી. બાગુલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી મહોરમ (તાજિયા) નાં તહેવારને લક્ષમાં લઈ નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતા ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૯થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાંલા, સોટી, બંદુક રપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મસાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની, અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, ચિત્રો પત્રિકા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા, વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની,

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ ના કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આનંદ ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

વાંચ્યા :

(૧) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ભરૂચના પત્ર નંબર એલ.આઈ.બી.-તાજીયા-૮૮૦-૯૯, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૯.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બી) હેઠળનું.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૧૫૬૪.—ભરૂચ શહેરના તાજીયાનો પર્વ રાબેતા મુજબ તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ તથા ૨૭મી એપ્રિલ

INDEX

૧૯૯૯ નાં સમય દરમ્યાન ઉજવવામાં આવનાર છે. તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ નાં રોજ કતલની રાત્રી તથા ૨૭મી એપ્રિલ, ૧૯૯૯ નાં રોજ મહોરમના તાજીયા નિમિત્ત ઝુલુસ નિકળનાર છે. તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય જાહેર જનતાની સલામતી બાબતે તથા તાજીયાનું ઝુલુસ સરળતાથી પસાર થાય તે માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું, શ્રી વી. એન. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરનાં વેજલપુર થઈ પીરકાંઠી મોટા ચારરસ્તા, છીપવાડ, ફાટાતળાવ, થઈ કતોપોર દરવાજા થઈ વડાપડા જુમ્મા મસ્જીદ થઈ ભઠીયારવાડ, બિસ્મીલ્લા હોટલ થઈ મોટા ચારરસ્તા ફુરજારોડ નદીકિનારાસુધીનો રસ્તો. તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૯ નાં રોજ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૯ નાં રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવા ફરમાવું છું. આ સમય દરમ્યાન આ રૂટ પર લગ્નના વરઘોડા પણ પસાર થઈ શકશે નહીં.

આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જેઓ પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે કે રોકાયેલા હશે તેમને લાગુ પડશે નહીં.

આજરોજ આ હુકમ પર તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૯નાં રોજ સહી સીક્કા કરી આપ્યા છે.

વી. એન. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ બહાર પાડેલ હુકમ.

ક્રમાંક ઉ-મુકમ-પલસ-વશી. ૮૨.—કાર્યપાલક ઈજનેરશ્રી, હડફ મુખ્ય બંધ વિભાગ, ગોધરાના તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૯ તથા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરાના તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૯ના રીપોર્ટ મુજબ કોલીયારી બંધ ડેમ વિસ્તારમાં, ડેમના અસરગ્રસ્તો દ્વારા ડેમસાઈટને નુકશાન થાય તેવી માહિતી મળેલ છે. તથા ડેમના મજુરો અને અધિકારીઓની સલામતી જોખમાય તેવી શકયતાઓ રહેલી છે. જેથી લોકોના જાનમાલ જોખમ અને ભયમાં મુકાય અને જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે અને એવી રીતે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા તથા આ ડેમસાઈટની સરકારી મીલ્કતોની તોડફોડ ન થાય તેથી તેને અંકુશમાં લેવાનું અને ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, સંજય પટણી, (જી.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરા પ્રાંત, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છુ કે નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના કોઈપણ ઈસમોએ તેમાં અવરજવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવુ નહી, ચલાવવું નહી, ઉભા રહેવું નહી, રખડવુ નહી અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત
કોલીયારી સિંચાઈ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુ-બાજુના ૨૦૦મીટરના વિસ્તાર.	તા. ૧૯મી એપ્રિલ ૧૯૯૯ થી તા. ૧૯ મી મે ૧૯૯૯ સુધી.

આ હુકમ ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

મે આજરોજ તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૯નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટણી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પ્રાંત ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

26, 27

REGISTERED No. G—BA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, JULY 1, 1999 / ASADHA 10, 1921 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	281-348	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	657-685
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-E, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette,	26-348	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relati... Act.	1482-1539

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઉ/ગપક/૪૨૫/વિ. શા./૧૯૯૯.—આગામી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૯ ના રોજ "બકરી ઈદ" નો તહેવાર આવે છે. જેથી કતલખાના બહાર કોઈપણ જાહેર ખાનગી સ્થળે ગાય, બળદ, ભેંસ પાડા કે વાછરડા કે વાછડા કતલના કારણે તેમજ કોઈ શેરીમાં કે મહોલ્લામાં અગર ગલીમાં દેખાસ તે રીતે કોઈપણ પશુની કતલના કારણે અમદાવાદ શહેરમાં સુલેહ શાન્તીનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું પગલાં લેવા માટે જરૂરી છે. તેવો મારો અભિપ્રાય છે.

INDEX

જેથી હું, હીરાલાલ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૯ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૯ (બંન્ને દિવસો સહીત) પોલીસ કમીશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિત ભેસ વાછરડી કે વાછરડાની કતલ કરવી નહી. શેરીમાં અથવા કોઇ મહોલ્લા કે જાહેર જગ્યામાં દેખાઇ તે રીતે અન્ય કોઇ પશુની કતલ કરવી નહી. અને ઉપર દર્શાવેલ પ્રાણીઓ તેમજ બકરા ઘેટા કે તેવા કોઇ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે બીજી કોઇપણ રીતે જાહેરમાં લઇજવા કે ફેરવવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવો ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ(સને ૧૯૬૦ ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ ની કલમ-૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજે તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સીક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ઉ/ગપક /૪૨૬/વિ. શા./ ૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકમત વિસ્તારના જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૯ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૯ ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમ ગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૨) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ઉ/ગપક/૪૨૭/વિ. શા./૧૯૯૯.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખે ૧૭મી અપ્રિલ ૧૯૯૯ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી અપ્રિલ ૧૯૯૯ ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હીરાલાલ,
પોલીસ કમિશનર.
અમદાવાદ શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.-૧૮/૯૯.— મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી મહોરમ (તાજીયા) ના તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૯થી ૩૦મી એપ્રિલ ૧૯૯૯ (બંને દિવસો સુધીના) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રીકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઆને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૧૯/૯૯ .—જિલ્લામાં આગામી મહોરમના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસઅધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના અધિનિયમ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૯ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી, તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

હુકમ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧નાં મુંબઈ નાં ૨૨માં) ની કલમ-૩૩(૧)(બી) (એન.ઓ.) તથા ૩૭મુજબનો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૨૦/૯૯.—સને. ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૧(બી) (એન)(ઓ) તથા કલમ-૩૭ અન્વયે મળેલા અધિકારની રૂએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી મહોરમના તહેવાર અંગે વલસાડ જિલ્લામાં નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

(૧) વલસાડ જિલ્લામાં મહોરમના તહેવાર દરમ્યાન કોઈપણ તાબુત, પંજા અગર પંજા વગર સવારી, સરઘસ સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખિત જરૂરી પરવાનગી લીધા સિવાય કાઢી શકાશે નહીં.

(૨) આવી પરવાનગી ફકત મુસ્લીમ બીરાદરોનેજ આપવામાં આવશે. અને એવી પરવાનગી મેળવનાર ઈસમોએ પરવાનગી પોતાની પાસે જ રાખવી પડશે. અને જ્યારે કોઈપણ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અગર પોલીસ અધિકારીશ્રી તરફથી રજુ કરવા સુચના કરવામાં આવે ત્યારે રજુ કરવી પડશે.

(૩) પરવાનગી મેળવવાં માટે જે તે અરજદારશ્રી તરફથી રૂા. ૧-૦૦ના કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને અરજી તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૯૯ સુધીમાં ઉપરોકત સબ ડિવીઝનલ પોલીસ અધિકારીશ્રીને પહોચે તેમ કરવી.

(૪) આવી પરવાનગી ધારણ કરનારને કોઈપણ તાબુત, પંજા અગર ઢોલ, પંજા અગર સવારના સરઘસમાં સામેલ થયેલ માણસો ની શાંત વર્તણુક માટે અંગત જવાબદારી રહેશે. સરઘસમાં એવી રીતે સામેલ થયેલા ઈસમોમાંથી કોઈપણ ઈસમો તોફાની રીતે અગર અયોગ્ય રીતે વર્તે તો જિલ્લા પોલીસ અધિકારીશ્રી, સબ-ડીવીઝનલ પોલિસ અધિકારીશ્રી અગર પોલીસ ઈન્સ્પેકટરશ્રી ની નીચલી પાયરીનાં ન હોય તેવા સીનીયર પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ સબ ઈન્સ્પેકટર જે સ્થળે ઉપર હાજર હશે. તેને મૌખિક હુકમ દ્વારા આપેલી પરવાનગી એકદમ રદ થશે. અને સરઘસમાં ભેગા થયેલા સઘળા ઈસમોને તાત્કાલિક વિખરાઈ જવુ પડશે. અને ફરી ભેગા થઈ શકશે નહીં. કે તાબુત પંજા અગર સવારી સરઘસ આમ લઈ જઈ શકાવે નહીં.

(૫) મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં શેરી કે જાહેર જગ્યાની આજુબાજુ લાઉડ સ્પીકર વાજીંત્ર વગાડવાની પરવાનગી તહેવારના તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૯થી તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૯ના રોજ માટે જ આપવામાં આવશે. અને તે સિવાયના બીજા દિવસો માટે આપવામાં આવશે નહીં અને અવી પરવાનગી અરજદારશ્રી પરવાનગીની શરતોનું પાલન કરવામાં સંમત થશે તોજ આપવામાં આવશે.

(૬) મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડના નહીં હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ લાઉડ સ્પીકર વાજીંત્ર મ્યુઝીક વગાડી શકાશે નહીં.

(૭) કતલની રાત્રે કોઈપણ સરઘસ સાંજે ૭-૦૦ પહેલાં અગર રાત્રે ૨-૩ કલાક પછી કાઢી શકાશે નહીં અને સઘળી ક્રિયા બીજે દિવસે એટલે મહોરમના દિવસે સુર્યાસ્ત પહેલા અચૂક કરવી પડશે.

(૮) તાબુત પંજા કે સવારી અંગે રાબેતા મુજબ સબંધિત સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીની લેખીત પરવાનગી લેવાની રહેશે.

(૯) કતલની રાત્રે તાબુતનો તેમના જુના નિયત રૂટ પ્રમાણે ફેરવી શકાશે.

(૧૦) કતલની રાત્રે અને તાજીયા ડુબાડવાના દિવસે તાબુત, પંજા અગર ઢોલકા, પંજા અગર સવારીને ઉચકીને ફેરવવાના સઘળા સરઘસો અને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૬ પ્રમાણે જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ નક્કી કરેલા સ્થળે સમયે નિયત રૂટ પ્રમાણે કાઢવા દેવામાં આવશે.

(૧૧) તાબુતનું સરઘસ કાઢવા માટે જવાબદાર ઈસમોની એ જોવાની ફરજ રહેશે કે તાબુત સાથે જે ઈસમોને કોઈપણ જાતનો સંબંધ નથી. એવા ઈસમોને કે અનિષ્ટ તત્ત્વોને તાબુતના સરઘસમાં સામેલ થવા ન દેવા (અને તે ઉપર તાબુતનું સંચાલન કરતી વ્યક્તિએ નજરબંધી રાખવી તેમજ રસ્તામાં અડચણ ઉપસ્થિત થાય નહીં અને તાબુત લઈ જવામાં બીન જરૂરી ઢીલ થાય નહીં તે જોવાની જવાબદારી જવાબદાર ઈસમોને રહેશે.

(૧૨) કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ જુલ જન્નર પવિત્ર ઘોડાનું સરઘસ અગર માતમ અગર છાતી કુટવા અંગે પરવાનગી આપવામાં આવશે નહીં.

(૧૩) તાબુત એટલી ઉંચાઈનું હોવું જોઈએ અને એવી રીતે બનાવવું જોઈએ કે જેથી કરીને વિદ્યુત લાઈન તથા ટેલીફોન વિગેરે ને અડે નહીં આ લાઈનો બંધ ન થઈ જાય તે રીતની ઉંચાઈ રાખવાની રહેશે.

(૧૪) જિલ્લા પોલીસ અધિકારીશ્રી અગર સબ-ડીવીઝનલ પોલીસ ઓફિસરશ્રી પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડનાં નહીં હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈ પણ જાહેર જગ્યાએ તલવાર, ભાલા, સોટા, બંદુક, ચાકુ, ચપ્પુ લાકડી વિગેરે એવા બીજા કોઈ શસ્ત્રો હથિયારો કે જે ગુન્હાહિત હથિયાર તરીકે વાપરી શકાય તેવું હોય તેવા હથિયારો લઈ જવા મનાઈ ફરમાવવામાં આવશે.

(૧૫) પથ્થરો અગર બીજા શસ્ત્રો અગર તો શસ્ત્રો ફેંકવાના અગર નાંખવાના યંત્રો અગર સાધનો લઈ એકત્ર કરવાની અને તૈયાર કરવાની મનાઈ કરવામાં આવે છે.

(૧૬-અ) તાજીયા ડુબાડવાના દિવસે શાંતિ પૂર્ણ રીતે સુલેહ શાંતિ જાળવીને નક્કી થયેલાં રૂટ પ્રમાણે તાજીયા લઈ જવાના રહેશે. વધુમાં જાહેર હિતમાં સુલેહ શાંતિ જાળવવાની રહેશે. અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી કાળજી રાખવાની રહેશે.

(૧૬-બ) કોઈ પણ જાહેર જગ્યાએ માણસો મુડદાઓ આકૃતિઓ દેખાડવાની મનાઈ કરવામાં આવે છે. કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની મનાઈ કરવામાં આવે છે.

(૧૬-ક) જેનાથી સુરૂચિ અથવા જાતિનો ભંગ થવાનો સંભવ હોય અથવા જેનાથી સમાજના જુદા જુદા સમાજના જુદા જુદા વર્ગોમાં ધાર્મિક દુશ્મનાવટ ઉપસ્થિત અથવા ગુનો કરવા અગર જાહેર શાંતિનો ભંગ થાય અગર કાયદા અગર કાયદેસરનાં અધિકારીશ્રીની વિરોધ અગર ધૃણા કરવામાં આવે તેવા ચાળા પાડવાની નિશાનીઓ તથા પિકચરો સીમ્બોલો, પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બતાવવાની અને તેનો ફેલાવો કરવાની મના કરવામાં આવે છે.

(૧૭) નીચે જણાવ્યા પ્રમાણેના રસ્તાઓ તેની સામે જણાવેલ દિવસોએ સમયે ટ્રાફીક વ્હીકયુલર માટે બંધ રહેશે.

વલસાડ ટાઉન	પ્રતિબંધિત માર્ગ	સમય
(૧) કતલની રાત્રે-તારીખ-૨૬-૪-૧૯૯૯	૧. ટાવર થી મોટા-બજાર વાયા શાંતિભવન.	સાંજે ૭-૦૦ થી-રાત્રે ૧-૦૦
(૨) ડુબાડવાના દિવસો તારીખ	૧. ટાવરથી મોટાબજાર વાયા શાંતિભુવન કુલ ગલી.	બપોરે ૧-૦૦ થી-રાત્રે ૨૧-૦૦

જો બધા સરઘસો ઉપર જણાવેલા કોઈપણ રસ્તા ઉપર મના કરેલા સમય પહેલા પસાર થઈ શકે તો રસ્તો જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો રહેશે. ઉપર જણાવેલ રસ્તાઓ મના કરેલ સમયર દરમ્યાન ફાયર બ્રિગેડના પોસ્ટલવાન એમ્બ્યુલન્સ અને ફરજ પરના અધિકારીઓને વાન માટે ખુલ્લો રહેશે.

(૧૮) કોઈપણ ઈસમ ઉપર જણાવેલા કોઈપણ નિયમોનો ભંગ કરશે અગર અયોગ્ય રીતે વર્તન અગર કોઈપણ જાતની ધાંધલ કરશે તો તે સામે તાત્કાલીક અટકાયતી પગલાં લઈ કાયદેસર કામ ચલાવવામાં આવશે.

(૧૯) ઉપરના હુકમમાં "મહોરમ તહેવાર" શબ્દનો અર્થ મહોરમ માસના પહેલાં દશ દિવસો અને રાત્રી થાય છે. "મહોલ્લો" શબ્દનો અર્થ શેરી અગર ગલી કે જ્યાં તાબુત સ્થાપિત કરવામાં આવે છે. "હયુજતાબુત" શબ્દનો અર્થ તાલુકા તાજીયા છે.

વલસાડ, તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૯.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક પલસ/મજસ/વશી/૯૦૨.—કાર્યપાલક ઈજનેરશ્રી, હડફ મુખ્ય બંધ વિભાગ ગોધરાના તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ તથા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, દાહોદના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રીપોર્ટ મુજબ કેલીયારી બંધ ડેમ વિસ્તારમાં અસરગ્રસ્તો દ્વારા ડેમ સાઈટને નુકસાન થાય તથા ડેમના મજૂરો અને અધિકારીઓની સલામતી જોખમાય તેવી માહિતી મળેલ. જે અન્વયે લોકોના જાનમાલના જોખમ અંગે ભયમાં ન મુકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને ડેમ સાઈટની સરકારી મિલકતોની સલામતી રહે તે અંગે અત્રેના હુકમ નં. મકમ-પલસ-વશી-૨૪૬ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ તથા સુધારા હુકમ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પગલાં લેવા હુકમ કરેલ હતો.

INDEX

કાર્યપાલક ઈજનેરશ્રી, હડફ મુખ્ય બંધ વિભાગ ગોધરાએ તેઓના તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૯ ના જાવક નં. : હડપ/મુખ્ય બંધ વિભાગ/પીબી/કાલીયારી સલામતી/૬૦૭, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૯ થી જણાવ્યા મુજબ અસરગ્રસ્તોએ ફરીથી તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ ૫૦ થી ૬૦ માણસોના ટોળાએ ડેમના ચાલતા કામ ઉપર ધસી આવી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી ભયનું વાતાવરણ પેદા કરી ધાકધમકીઓ આપી તકરાર કર્યાનું જણાવી કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી સરકાર વતી પગલાં લેવા જણાવેલ છે.

તેથી હું, આર. એમ. પગી (જી.એ.એસ.), સબ ડીવીઝન મેજિસ્ટ્રેટ, દાહોદ વિભાગ, દાહોદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોમાં કોઈપણ ઈસમોએ તેમાં અવરજવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન તેમાં જણાવેલ વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહીં, વાહન હંકારવું નહીં, ઉભા રહેવું નહીં, રખડવું નહીં, અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવું નહીં.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત
કાલીયારી સિંચાઈ યોજનાના ડેમના બાંધકામની આજુબાજુનો ૨૦૦ મીટરના વિસ્તારમાં આવતા ખાનગી માલિકીના ખેતરો અને રસ્તા સિવાયનો ખુલ્લો વિસ્તાર.	૧૯મી એપ્રિલ ૧૯૯૯ થી ૧૮મી મે, ૧૯૯૯.

આ હુકમ ફરજ પરના પોલીસ તથા આ કામને રોકવામાં આવેલ અન્ય કર્મચારીને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૯મી એપ્રિલ, સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. એમ. પગી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
દાહોદ.

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક : મદન/૧૦૮૫/૫૨૯૫/ઠ ના આધારે)

તારીખ ૩,૧૦,૧૭,૨૪ માહે જૂન સન ૧૯૯૯ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે. :–

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૭૪/૨૧મી એપ્રિલ, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨	૭૫/૨૩મી એપ્રિલ, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૩	૭૬/૨૩મી એપ્રિલ, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪	૭૭/૨૩મી એપ્રિલ, ૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૫	૭૮/૨૯મી એપ્રિલ, ૧૯૯૯	ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૬	૭૯/૧લી મે, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૭	૮૦/૧લી મે, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૮	૮૧/૪થી મે, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૯	૮૨/૪થી મે, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર
૧૦	૮૩/૪થી મે, ૧૯૯૯	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૧૧	૮૫/૬ઠ્ઠી મે, ૧૯૯	કલેક્ટર, દાહોદ.
૧૨	૮૬/૧૩મી મે, ૧૯૯૯	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૧૩	૮૯/૧૯મી મે, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા.
૧૪	૯૦/૧૯મી મે, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૧૫	૯૩/૨૭મી મે, ૧૯૯૯	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઈડર
૧૬	૯૫/૨૯મી મે, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૭	૯૬/૪થી જૂન, ૧૯૯૯	ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૮	૯૮/૭મી જૂન, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૧૯	૯૯/૯મી જૂન, ૧૯૯૯	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

NOTE

The Notification issued by the District Registrer, Co-operative Societies of *Gujarat Government Gazette* Part I should be *read* to have been published in issue No. 26 of *Gujarat Government Gazette*, Part I dated 1st July, 1999 and for pages BHV-1 to BHV 62 (in 1 set) *read* page Nos. 287 to 348.

વિજ્ઞપ્તિ

જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી વી. દ્વારા બહાર પાડે જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજપત્ર, ભાગ I માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯ના ગુજરાત રાજ્યના રાજપત્ર ભાગ I ના અંક ૨૬માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી ૧ થી ૬૨ (૧-સંચમાં) ને પાન નંબર ૨૮૭ થી ૩૪૮ વાંચવા.

Vadodara, 1st July 1999.

P. A. BHATT,
I/C Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

૧. મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગ્રાહક) નો પત્ર ક્રમાંક ગસભ/સ-અ-૨/૧૪૪૮/૮૦ તા. ૬-૧૧-૮૦.

૨. આ કચેરીનો પત્ર નં. ફડચ ૦૧ / અ / ૩૧૮૬ / ૮૧ તા. ૨૧-૯-૮૧.

૩. આ કચેરીનો વચગાળાનો હુકમ નં. ફડચ/અ-૧/૯૪૦/ તા. ૪-૬-૮૩.

જ. નં. ફડચ/અ-૧/૮૮૩/૫૮૧૭/૮૪. ધી ઓ. એન. જી. સી. કન્ઝયુ. કો. ઓ. સો. લી., અમદાવાદ તા. સીટી જીલ્લા અમદાવાદ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની કચેરીના નોંધણી ક્રમાંક સી-૭૮ સને ૧૯૬૪ થી નોંધાયેલ છે.

૧. સદરહુ મંડળી ઘણા સમયથી કામ કરતી નથી.

૨. મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યો તથા સભાસદો મંડળીના કામકાજમાં રસ લેતા નથી.

૩. વા. સા. સભા તથા વ્યવસ્થાપક સમીતીની મીટીંગો ઘણા સમયથી મળેલ નથી.

૪. કેન્ટીનનો વહીવટ યુનીયનને સોંપવામાં આવેલ છે.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને તેમાં એક માલના રજુઆત કરવા માટે તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત ન થયેલ હોવાથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

-: અંતિમ હુકમ :-

ધી ઓ. એન. જી. સી. કન્ઝયુ. કો. ઓ. સો. લી. અમદાવાદને સને ૧૯૩૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીમાં ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા (૨) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૧-૪-૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નઘણ/૧૩૯/અ-૨/૧૦૭૪/૮૪/૬૩૯૬ સે.-૨૦૪૪૨ સને ૧૯૮૪.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સી. યુ. શાહ કોલેજ સ્ટાફ સહકારી શરાફી મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જીલ્લે અમદાવાદને હવે ૧૯૬૧ ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૨૧-૪-૧૯૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નસંબ/૨૦૪૪૪/અ/૧૦૭૯/૬૫૦૩/૧૯૮૪.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મહિલા ઉત્કર્ષ નાગરિક સહકારી બેન્ક લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જીલ્લે અમદાવાદને હવે ૧૯૬૨ ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૨૬-૪-૧૯૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નઘણ/૧૩૯/અ-૨/૧૦૮૩/૮૪/૬૭૧૬ સે. ૨૦૪૪૩ સને ૧૯૮૪.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ગુજરાત બેકાર મીલ મજૂરોની વાહનચાલક સહકારી મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જીલ્લે અમદાવાદને હવે ૧૯૬૧ ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૨૭-૪-૧૯૮૪

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ / ૩૧૧૯ / અ-૧ તા. ૧૯-૩-૭૬

(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/-૨/૮૧ તા. ૨૬-૩-૮૪.

હુકમ

નં. ફડચ-(અ)-૧/૧૧૧૯/૧૯૮/૭૦૯૯ ધી નવા ચમનપુરા ઓ. કામ કન્ઝયુ. કો. ઓ. સો. લી. અમદાવાદ નોધણી ક્રમાંક: ભ-૧૯ તા. ૩-૧૦-૬૨ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ/૩૧૧૯/અ-૧ તા. ૧૯-૩-૭૬ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ અને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૨-૫-૮૪

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ/૩૨૫(બ)/૧૭૯૦ તા. ૨૦-૯-૭૬.

(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/-૨૦/ફ-૧/ ૧૯૫ તા. ૧૦-૮-૮૧.

INDEX

હુકમ

નં. ફડચ-૩૨૫(અ)/૧૧૧૨/૧૯૮૧૪/૭૩૦૮ ધી માતંગી કો. ઓ. સો. લી. અમદાવાદ નોંધણી ક્રમાંક : સી-૬૩૯૮ તા. ૫-૫-૧૯૫૯ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ/૩૨૫(બ)/૧૭૯૦ તા. ૨૦-૯-૭૬ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૪-૫-૮૪

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ/ધ-૭૪૯ તા. ૧૧-૨-૭૨.
(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/ફ-૨/૧૨૧ તા. ૨-૫-૮૪.

હુકમ

નં. ફડચ-(અ)૧૧૩૬/૧૯૮૪/૭૩૦૭ ધી વિમુકત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળીમાં અમદાવાદ નોંધણી ક્રમાંક : એફ/૪૯૨ તા. ૨૨-૧૨-૧૯૫૫ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ/ધ/૭૪૯ તા. ૧૧-૨-૭૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૫-૫-૮૪

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ/બ-૨/૩૩૪/૭૭ તા. ૧૦-૩-૭૭.
(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/૩/ફ-૧ તા. ૧૦-૩-૮૪.

હુકમ

નં. ફડચ-બ-૨, અ-૧/૧૧૩૮/૧૯૮૪-૭૩૫૭ ધી કડીયા કામદાર સહ. મંડળીઓ અમદાવાદ નોંધણી ક્રમાંક : ઉ-૨૫૫૬ તા. ૬-૭-૭૦ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ/બ-૨/૩૩૪/૭૭ તા. ૧૦-૩-૭૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૭-૫-૮૪

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ/ધ-૩૪૯૪/૭૨ તા. ૨૮-૯-૭૨.
(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/૨/ફ-૧ તા. ૧૦-૩-૮૪.

હુકમ

નં. ફડચ-(અ)/૧૧૩૯/૧૯૮૪/૭૩૫૬ ધી નરોડા ગોપાલક વિવિધ કાર્યકારી સ. મં. લી. તા. સીટી જી. અમદાવાદ નોંધણી ક્રમાંક : ૨૪૪૫૯ તા. ૧૦-૩-૫૯ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ / ધ / ૩૪૯૪ / ૭૨ તા. ૨૮-૯-૭૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૭-૫-૮૪.

વાંચ્યો :- (૧) આ કચેરીનો હુકમ નં. ફડચ/૧૮૪(અ)/૮૩૧ તા. ૧-૬-૮૨.
(૨) ફડચા અધિકારીશ્રીની નોંધણી રદ કરાવવા બાબતનો અહેવાલ નં. ફડચ/-૧/૮૫ તા. ૨૭-૩-૮૪.

હુકમ

નં. ફડચ-(અ)/૧૧૪૬/૧૯૮૪/૭૩૯૮ ધી પંજાબ નેશનલ બેંક એમ્પ. કો. ઓ. કે. સો. લિ. અમદાવાદ નોંધણી ક્રમાંક : સે-૧૦૩૧ તા. ૧૯-૫-૬૫ થી નોંધવામાં આવેલ હતી, જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદના હુકમ નં. ફડચ/૧૮૪/અ/૮૩૧ તા. ૧-૬-૮૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી, તેની ફડચાની કાર્યવાહીઓ અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે, અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૮-૫-૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નઘણ/૧૩૯/અ-૨/૧૨૪૩/૮૪/૮૦૦૪ ઉ.-૫૬૬૧ સને ૧૯૮૪.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શીવશક્તિ મજુર કામદાર સહકારી મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જીલ્લે અમદાવાદને હવે ૧૯૬૧ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૨૨-૫-૧૯૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નઘણ/૧૩૯/અ-૨/૧૨૪૧/૮૪/૮૦૦૩ ભ-૩૩૮૦ સને ૧૯૮૪.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સ્વામી વિવેકાનંદ ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જીલ્લે અમદાવાદને હવે ૧૯૬૧ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૨૨-૫-૧૯૮૪ (બી. આર. કટારા)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ.

વંચાણે લીધા :-

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇ.

૨. ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬-બી, તા. ૩૦-૭-૬૫.

૩. સહકાર કમિશ્નરશ્રી અને રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદના હુકમ નં. એડીએમ (૧)એ, તા. ૨૯-૧-૬૬.

૪. સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૨ નો તા. ૨૩-૫-૮૩ નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૧૦૯૪/૮૩ શ્રી ડભોડા પિયત સહકારી મંડળી લી. મુ. ડભોડા તા. ગાંધીનગર જી. ગાંધીનગર જે નોંધણી નં. એફ-૨૭૨ તા. ૮-૧૧-૫૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/ચ-૩/૧૭૬૨ તા. ૨૬-૧૧-૭૪ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તા. ૨૩-૩-૮૩ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આદેશ

હું સુ. છો. શાસ્ત્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રુરલ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક: ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રુએ શ્રી ડભોડા પિયત સહકારી મંડળી લી. મુ. ડભોડા તા. ગાંધીનગર જી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક એફ-૨૭૨ તા. ૮-૧૧-૫૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તા. ૨૭-૧૦-૯૩.

------

(૧) સરકારશ્રીનો ખેતીવાડી અને સહકાર વિભાગના આદેશ ક્રમાંક ધબ-૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬ તારીખ ૨૭-૫-૬૮.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કાર્યાલયનો વચગાળાનો આદેશ ક્રમાંક-ઉખસ-ફડચ-ચ-૩ ૭૨૯/૮૨, તા. ૮-૬-૮૨.

(૪) મંડળીના ચેરમેનશ્રી પટેલ જીવાભાઇ મરઘાભાઇ તથા અન્ય સભ્યોની તા. ૧૨-૧૧-૮૩ ની લેખિત બાંહેધરી તથા નાણાંકીય સ્થિતિ દર્શાવતા હિસાબી પત્રકો, તા. ૩૦-૬-૮૩.

ક્રમાંક નં. ઉખસ-ફડચ-ચ-૩-૪૧૫ ઉપર દર્શાવેલ ક્રમાંક. ૪ થી નીચે સહી કરનારને ધ્યાન પર આવ્યા મુજબ ધી ગલુદણ સેવા સહકારી મંડળી લી. મુ. ગલુદણ તા. જી. ગાંધીનગર મંડળીના ચેરમેનશ્રી પટેલ જીવાભાઇ મરઘાભાઇ તથા અન્ય સભ્યોના તા.૧૨-૧૧-૮૩ની લેખિત બાંહેધરી મંડળીના સભ્યોને સંસ્થા ચાલુ રહે તેમાં રસ છે. તા. ૩૦-૬-૮૩ પુનઃવસન યોજનાનો લાભ લઇ સભાસદોએ રૂા. ૧,૩૦,૦૦૦ વસુલ આવેલ છે. મંડળીને અર્થક્ષમતાના ધોરણમાં ૧૫૦ કરજ લેતા સભાસદો છે. સંસ્થાની આર્થિક સ્થિતિ સુધરતાં ગોડાઉન બાંધવામાં આવશે. તા. ૩૦-૬-૮૩ ના રોજ મંડળીએ રૂા. ૫૦,૦૦૦ નફો કરેલ છે. વસુલાત કરી નફો કરી આપવામાં આવશે. મંડળીને સધ્ધર કરવામાં આવશે. આર્થિક રીતે સક્ષમ જણાતાં ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ વચગાળાનો આદેશ હવે ટકી શકે તેમ ન હોવાથી રદ કરવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું સુ. છો. શાસ્ત્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ શ્રી ગલુદણ સેવા સહકારી મંડળી લી. મું. ગલુદણ તા. જી. ગાંધીનગર કે જેનો નોંધણી નં. ૧૩૩૫૪ તા. ૧૩-૧૨-૪૯ છે. તે મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)ક (૨) (૪) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરેલ છે. જે કલમ ૧૦૭ (૨) અન્વયે વચગાળાનો આદેશ રદ કરવાનો આદેશ કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોની નોંધાયેલ ટપાલથી કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૪-૪-૮૪.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૮ (૧) ની જોગવાઇ.

(૨) સહકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાક : ઘબ - ૨૭૭- ડીડીસી / ૧૧૬૮૧ / ૮૪૪૯૬ તા. ૨૭-૫-૬૮.

INDEX

(૩) ઢાઢદિર સેવા સ. મં. લિ. તા. ધંધુકા (ફડચામાં) અંતિમ.
(૧) આદેશ ક્રમાક : ફડચ/ચ-૩/૨૧૯/ તા. ૧૯-૧-૭૭ ફડચા નં. ૨ના ચાર્જની.
(૨) અમદાવાદ જીલ્લા સહકારી બેંક લિ. અમદાવાદ તા. ૩૦-૯-૮૩ નો પત્ર.
(૩) અધિક રજીસ્ટ્રારશ્રીનો અ. સ. પત્ર નં. ફડ્ચ/૧૫૩/ ક-૧-૧૦૧, તા. ૧૫-૧-૮૩.

(૧) જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૨૫/૮૪ શ્રી ઢાઢોદર સેવા સ. મંડળી લી. મુ. ઢાઢોદર તા. ધંધુકાના નં. ૨ના ચાર્જની આ કચેરીના વંચાણે લીધા ક્રમાક (૩) મુજબ અંતિમ આદેશથી આટોપી લેવા આદેશ થતા ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી નં. ૨ની નિમણૂંક કરવામાંઆવેલ છે. રજીસ્ટ્રારશ્રીના અ.સ. પત્ર ક્રમાંક ફડચ ૧૫૩-ક-૧ ૧૦૧ તા.૧૫-૧-૮૩થી જણાવ્યા મુજબ નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

આદેશ

હું સુ. છો. શાસ્ત્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને પ્રાપ્ત થયેલ અધિકારીની રૂએ શ્રી ઢાઢોદર સેવા સહકારી મંડળી લિ. તા.ધંધુકા ફડચા અધિકારી નં. ૨ની નિમણૂંક થયેલ તે આથી રદ કરી તેમના સ્થાને શ્રી સતીષકુમાર ભીમજીભાઇ પરમાર C/o અમદાવાદ જીલ્લા સહકારી બેંક લિ. શાખા ધંધુકાની સાથેની યાદીમાં જણાવેલ મંડળીઓમાં ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૯-૪-૮૪

નં. ઉખસ-નધણ/૩-૩/૧૦૯૫/૮૪ સેદુ ૧૦૯૮૬/૮૪ :– આથી જાહેર કરે છે કે લક્ષ્મીપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. લક્ષ્મીપુરા તાલુકા : દહેગામ જિલ્લો : અમદાવાદ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૧૬-૪-૮૪

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ
(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪/૮૪૯૬-બી તા.૨૭-૫-૬૮
(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસખ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬
(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૫૩૩/૮૩/તા. ૧૭-૫-૮૩
(૫) આ કાર્યાલયના નોટીસ ફડચ/ચ-૩/૧૯૮/૮૩/તા.૨૫-૨-૮૨

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩-૪૩૩-૧૯૮૪-૦૮ શ્રી સાદરા ગોપાલક ખેતી વસાહત સ. મં. લિ. મુ. સાદરા જી. દહેગામ કે જેની નોંધણી ક્રમાંક મે ૨૯૭ તા. ૩-૨-૬૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ/ચ-૩/૫૩૩/તા. ૧૭-૫-૧૯૮૩થી આટોપી લેવા આદેશ કરીને તે આદેશ સામે એ મંડળને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવામાં આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવાયા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી આપવી અને મંડળી આટોપી લેવાનું નિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ અને મળેલ સત્તાની રૂએ શ્રી સાદરા ગોપાલક ખેતી વસાહત સ. મં. લિ. મુ. સાદરા તા. દહેગામ કે જે નોંધણી ક્રમાંક ખે ૨૯૭ તા. ૩-૨-૬૭ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબ કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૧-૪-૮૪

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ
(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪/૮૪૯૬-બી તા. ૨૭-૫-૬૮
(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસખ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬
(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૫૬૫/૮૩/તા. ૨૦-૫-૮૩
(૫) આ કાર્યલયના નોટીસ ફડચ/ચ-૩/૨૦૮૯/૮૨/તા. ૧૪-૧૨-૮૨

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૪૧/૧૯૮૪ શ્રી નવદુર્ગા દૂધ ઉત્પાદન સ. મં. લિ. મું. મોરૈયા તા. સાણંદ કે જેની નોંધણી ક્રમાંક ઉ. ૭૮૧૩ તા. ૨૯-૧૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ/ચ-૩/૫૬૫/તા. ૨૦-૫-૧૯૮૩થી આટોપી લેવા આદેશ કરીને તે આદેશ સામે જો મંડળીને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવામાં આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવાયા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી

INDEX

થયાથી અને મંડળી આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ શ્રી નવદૂર્ગા દૂધ ઉત્પાદક સ. મં. લિ. મું. મોરૈયા તા. સાણંદ કે જે નોંધણી ક્રમાંક ઉ. ૭૮૧૩ તા. ૨૯-૧૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૩-૪-૮૪

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ
(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ઘખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪/૮૪૯૬-બી તા. ૨૭-૫-૬૮
(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસમ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬
(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૫૭૦/૮૩/તા. ૨૦-૫-૮૩
(૫) આ કાર્યાલયના નોટીસ ફડચ/ચ-૩/૧૧૬૭/૮૨/તા. ૨૮-૯-૮૨.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૪૨શ્રી દહેગામ દૂધ ઉત્પાદક સ. મં. લિ. મું. દહેગામ તા. દહેગામ કે જેની નોંધણી ક્રમાંક ઉ. ૨૪૯૭ તા. ૨૯-૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ/ચ-૩/૫૭૦/તા. ૨૦-૫-૧૯૮૩થી આટોપીલેવો આદેશ કરીને તે આદેશ સામે જો મંડળને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવામાં આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવાયા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી થવાથી અને મંડળી આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ શ્રી દહેગામ દૂધ ઉત્પાદક સ. મં. લિ. મું. દહેગામ તા. દહેગામ કે જે નોંધણી ક્રમાંક ઉ. ૨૪૯૭ તા. ૨૯-૨-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબ કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૭-૪-૮૪.

J-23-2.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ
(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ઘખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪/૮૪૯૬-બી તા. ૨૭-૫-૬૮
(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસમ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬
(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૪૫૧/૮૩/તા. ૪-૫-૮૩.
(૫) આ કાર્યાલયના નોટીસ ફડચ/ચ-૩/૨૧૧૫/૮૨/તા.૧૭-૧૨-૮૨.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૪૩ ૧૯૮૪ શ્રી ધોળકા ગ્રુપ કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોલી. મું. ધોળકા તા. ધોળકા કે જેની નોંધણી ક્રમાંક ઉ. ૧૯૬૨૩ તા. ૩૦-૯-૫૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ/ ચ-૩ / ૪૫૧ / તા. ૪-૫-૮૩ થી આટોપી લેવા આદેશ કરીને તે આદેશ સામે જો મંડળીને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવામાં આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવાયા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી થવાથી અને મંડળી આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ શ્રી ધોળકા ગ્રુપ કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોલી. મું. ધોળકા તા. ધોળકા કે જે નોંધણી ક્રમાંક ૧૯૬૨૩ તા. ૩૦-૯-૫૪ ૧૯૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૩-૪-૮૪.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ
(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ઘખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪/૮૪૯૬-બી તા. ૨૭-૫-૬૮
(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસમ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬
(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૫૭૬/૮૩/તા. ૨૦-૫-૮૩.
(૫) આ કાર્યાલયના નોટીસ ફડચ/ચ-૩/૨૦૮૭/૮૨/તા.૧૪-૧૨-૮૨.

ઉખસ/ફડચ/ચ-૩/૪૪૪ ૧૯૮૪ શ્રી નવાગામ મહાત્મા ગાંધી કો-ઓપ. કા. સો. લિ. મું. નવાગામ તા. વિરમગામ કે જેની નોંધણી ક્રમાંક ૧૦૯૮ તા. ૪-૧-૬૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ / ચ-૩ / ૫૭૬ / તા. ૨૦-૫-૮૩ થી આટોપી લેવા આદેશ કરીને તે આદેશ સામે એ મંડળને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવા આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવ્યા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી થયાથી અને મંડળી આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ શ્રી નવાગામ મહાત્મા ગાંધી કો-ઓપ. કા. સો. લિ. મું. નવાગામ તા. વિરમગામ કે જે નોંધણી ક્રમાંક ૧૦૯૮ તા. ૪-૧-૬૫ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબ કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા-ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૩-૪-૮૪.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ

(૨) સરકારશ્રીનો ખેતી વન અને સહકાર વિભાગના હુકમ ક્રમાંક/ ઘખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૮૧/૮૪૯૬-બી તા. ૨૭-૫-૬૮

(૩) મે રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના ક્રમાંક/બસમ/૨-ક/૩૯૬૫ તા. ૧૮-૬-૭૬

(૪) આ કાર્યાલયના હુકમ ક્રમાંક ફડચ/ચ-૩/૫૬૮/૮૩/તા. ૨૦-૫-૮૩.

(૫) આ કાર્યાલયના નોટીસ નં.ફડચ/ચ-૩/૨૦૮૪/૮૨/તા. ૧૪-૧૨-૮૨.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૪૫-૧૯૮૪ શ્રી અબાસણા દૂધ ઉત્પાદન સહકારી મંડળી લી., મું. અબાસણા તા. વિરમગામ કે જેનો નોંધણી ક્રમાંક ઉ. ૭૩૭૯ તા. ૧૦-૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૪) મુજબના વચગાળાના આદેશ ક્રમાંકઃ ફડચ / ચ-૩ / ૫૬૮ / તા. ૨૦-૫-૮૩ થી આટોપી લેવા આદેશ કરીને તે આદેશ સામે એ મંડળીને કંઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાની તારીખથી એક માસની અંદર કરવા જણાવેલ. મંડળીને વચગાળાનો આદેશ પ્રાપ્ત થઇ ગયેલ છે. અને મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ રજુ થયેલ નથી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક(૫) મુજબની નોટિસથી તક આપવા આવેલ, મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઇ વાંધા વિરોધ કે રજુઆતો થયેલ નથી. વંચાણે લીધા ક્રમાંક (૪) ના વચગાળાના આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવામાં જે સંજોગો દર્શાવાયા છે તે સઘળા અસ્તીત્વમાં હોવા ખાત્રી થવાથી અને મંડળી આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

: અંતિમ આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ અને મળેલ સત્તાની રૂએ શ્રી અબાસણા દૂધ ઉત્પાદન સહકારી મંડળી લી., મું. અબાસણા તા. વિરમગામ કે જે નોંધણી ક્રમાંક ઉ. ૭૩૭૯ તા. ૧૦-૧-૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) મુજબ કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક(૪) મુજબનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

અમદાવાદ તા. ૨૩-૪-૮૪.

ઉખસ/નધણ/ક-૩/૧૩૮૯/૮૪ સેદુ ૧૦૯૮૭/૮૪ - આથી જાહેર કરે છે કે આંત્રોલી દૂધ ઉત્પાદન સહકારી મંડળી લી., મું. આંત્રોલી તા. દહેગામ જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત-કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ - ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૨૫-૪-૮૪.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ધખ/ડીડીસી/૧૧૬૩/ ૭૨૮૩/બી/૩૦-૭-૬૫.

(૩) સહકાર કમીશ્નરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧) એ તા. ૨૯-૧-૬૬

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૬ ની તા. ૬-૪-૮૪ નો અહેવાલ.

ક્રમાંક ઉખસ/ફડચ/ચ-૩/૮૪ શ્રી વનાળીયા સેવા સહકારી મંડળી લી. મું. વનાળીયા તા. આણંદ જી. અમદાવાદ કે જેની નોંધણી નં. ૪૨૭૦ તા. ૪-૬-૬૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંકઃ ફડચ / ચ / તા. ૨-૨-૭૭ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે તેમજ આ મંડળીની ફડચા કાર્યવાહી અત્રેના તા.....................ના આદેશથી સમાપ્ત થયેલ જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

INDEX

: આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંકઃ ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધીકારોની રુએ શ્રી વનાળીયા સેવા સહકારી મંડળી લી. મું. વનાળીયા તા. આણંદ જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૪૨૭૦ તા. ૪-૬-૬૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬/બી/૩૦-૭-૬૫.

(૩) સહકાર કમીશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧) એ તા. ૨૯-૧-૬૬

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૪ ની તા. ૪-૪-૮૪ નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૬૩-૮૪ શ્રી વિઝોલ સેવા સહકારી મંડળી લી. મું. વિઝોલ તા. દશક્રોઇ જી. અમદાવાદ જે નોંધણી નં. ૧૨૬૧૩ તા. ૧૧-૧-૫૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંકઃ ફડચ / ચ-૩ - ૧૪૮૧ તા. ૧૧-૩-૭૭ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તા.................... ના આદેશથી સમાપ્ત થયેલ જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

: આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંકઃ ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધીકારોની રુએ શ્રી વિઝોલ સેવા સહકારી મંડળી લી. મું. વિઝોલ તા. દશક્રોઇ જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૧૨૬૧૩ તા. ૧૧-૧-૫૦ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬/બી/૩૦-૭-૬૫.

(૩) સહકાર કમીશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧)એ, તા. ૨૯-૧-૬૬.

(૪) વિસ્તરણ અધિકારી અને ફડચા અધિકારી વિરમગામનો તા. ૧૨-૪-૮૪ નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૬૫-૮૪ શ્રી બાલસાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બાલસાસણ તા. વિરમગામ જી. અમદાવાદ જે નોંધણી નં. ઉ. ૩૩૬૪ તા. ૧૮-૧૦-૬૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ. ક્રમાંકઃ ફડચ / ચ-૩ / ૭૨૪/૭૫ તા. ૧૫-૫-૭૫ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તા.................... ના આદેશથી સમાપ્ત થયેલ જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

: આદેશ :

હું શ્રી સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંકઃ ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધીકારોની રુએ શ્રી બાલસાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બાલસાસણ તા. વિરમગામ જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ઉ. ૩૩૬૪ તા. ૧૮-૧૦-૬૯ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬/બી/તા. ૩૦-૭-૬૫.

(૩) સહકાર કમીશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧)એ, તા. ૨૯-૧-૬૬

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૬ નો તા. ૪-૨-૮૪ તા. ૭-૪-૮૪ નો અહેવાલ.

જા.નં. ઉખસ/ફડચ/ચ-૩/૪૬૪-૮૪ શ્રી સી. આર. પી. એફ. ગ્રુપ ગ્રાહક સહકારી ભંડાર લી., ગાંધીનગર તા. ગાંધીનગર જી. ગાંધીનગર જે નોંધણી નં. ભ-૩૦૨૯ તા. ૨૦-૨-૮૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંકઃ ફડચ / ચ-૩ / ૧૩૧૩ તા. ૨૭-૧૨-૮૩ થી કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તા.................... ના આદેશથી સમાપ્ત થયેલ જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઇ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

INDEX

: આદેશ :

હું. સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંકઃ ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધીકારોની રૂએ શ્રી સી. આર. પી. એફ. ગૃપ ગ્રાહક સહકારી ભંડાર લી. તા. ગાંધીનગર જી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંકઃ ભ-૩૦૨૯ તા. ૨૦-૨-૮૦ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂં છું.

(સુ. છો. શાસ્ત્રી)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહ-મંડળીઓ (રૂરલ) અમદાવાદ.

જા. ક્રમાંકઃ ઉખસ/૧૮૦/૧૧૦૫/ઉ. ૪૨૮૭ શ્રી આંબાવાડી ઔદ્યોગીક મહિલા સહકારી મંડળી લી., આથી જાહેર કરે છે કે મર્યાદિત સ્થળ અમદાવાદ તાલુકો સીટી, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૧૪-૫-૮૪.

(બા. એ. પરાંજપે)
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) ગોપાલપુરા સેવા સહકારી મંડળી લી. ગોપાલપુરા તા. સાણંદમાં વહીવટદારની નિમણૂંક કરતો હુકમ જા. નં. સવન/ ૦૧/૬૯/ખ-૪૩૫૦ તા. ૯-૮-૭૯.

(૨) ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદના તા. ૩-૧૨-૮૩ તથા તા. ૨૧-૨-૮૪ ના પત્રો.

જા. નં. ઉખસ/૦૧/ખ-૧૮૫૨/૮૪ ગોપાલપુરા સેવા સહકારી મંડળી લી. ગોપાલપુરા તા. સાણંદનાં આ કાર્યાલયના હુકમ જા. નં. સવન/૦૧/૬૯/ખ-૪૩૫૦ તા. ૯-૮-૭૯ થી ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદની વહીવટદાર તરીકે નિમણૂંક કરતાં હુકમો કરવામાં આવ્યાં હતાં. બેંકે સદર મંડળીનો વહીવટ તા. ૬-૧૦-૭૯ ના રોજ સંભાળેલ હતો અને સદર મંડળીના વહીવટની મુદત ક્રમે ક્રમે વધારી તા. ૫-૧૦-૮૩ સુધી વધારી આપેલ હતી. મંડળીની તા. ૩૧-૮-૮૩ ની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરી મંડળીની વહીવટની મુદત તા. ૫-૧૦-૮૩ ના રોજ ચાર વર્ષ પૂર્ણ થતાં હોવાથી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ જા. નં. ફડચ/૦૧/ખ-૫૦૬૩ તા. ૪-૧૦-૮૩ થી કરવામાં આવેલ હતો.

ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદે તેમના તા. ૩-૧૨-૮૩ ના પત્રથી મંડળીના વહીવટની મુદત તા. ૫-૧૦-૮૩ ના રોજ ચાર વર્ષ પુર્ણ થઇ ગયેલ હોઇ બેંકને જે કારણોસર વહીવટ સોંપેલ છે તે પુર્ણ કરવાનો હોવાથી તે કાર્ય માટે તથા મંડળીમાં મોટી રકમો મુદતવીતી બાકી પડતી હોવાથી મંડળીમાં કસ્ટોડીઅનની નિમણૂંક કરવા બેંકના સંચાલક મંડળે કરેલ ઠરાવ સહિત ભલામણ કરેલ છે. બેંકે તા. ૨૧-૨-૮૪ ના પત્રથી જણાવેલ છે કે જો મંડળીનો વહીવટ ચુંટણી કરી પરત સોંપવામાં આવે તો જુના હોદ્દેદારોના હાથમાં વહીવટ જાય અને જે હેતુથી બેંકે મંડળીનો વહીવટ સંભાળેલ છે તે બર આવે નહિ તેથી તે હેતુ બર લાવવા મંડળીમાં બેંકની કસ્ટોડીઅનની નિમણૂંક કરવી હિતાવહ છે.

ઉપરોક્ત વિગતો જોતાં મંડળીમાં બેંકની વહીવટદાર તરીકે નિમણૂંક જે હેતુથી કરેલ છે તે હેતુ પૂર્ણ કરવા માટે મંડળીના વહીવટની મુદત ચાર વર્ષ પૂર્ણ થયેલ હોઇ હવે કાયદાકીય રીતે મુદત વધી શકે તેમ ન હોઇ, મંડળીનો વહીવટ જુના હોદ્દેદારોને સુપ્રત કરવો હિતાવહ ન હોવાથી મંડળીમાં કસ્ટોડીઅનની નિમણૂંક કરવી જરૂરી જણાય છે જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૭૪-ધ અન્વયે મળેલ અધિકારની રૂએ ગોપાલપુરા સેવા સહકારી મંડળી લી. ગોપાલપુરા તા. આણંદમાં ઉકત પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી કસ્ટોડીઅનની નિમણૂંક કરવી જરૂરી હોઇ ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની કસ્ટોડીઅન તરીકે નિમણૂંક કરવામાં આવે છે. અને સદર હુકમની તારીખથી બે વર્ષમાં કે તે અગાઉ તમામ કામગીરી પૂર્ણ કરી મંડળીનો વહીવટ નવી ચૂંટાએલ સમિતિને સુપ્રત કરી દેવાનો રહેશે.

નડીયાદ, તા. ૩૧-૩-૮૪.

વંચાણે લીધા :-

(૧) કાસોર સેવા સહકારી મંડળી લી. કાસોર તા. આણંદમાં વહીવટદારની નિમણૂંક કરતો હુકમ જા. નં. સવન / ૦૧ / ૬૮ / ખ-૪૩૪૯ તા. ૯-૮-૭૯.

(૨) ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદના તા. ૩-૧૨-૮૩ તથા તા. ૨૧-૨-૮૪ ના પત્રો.

જા. નં. ઉખસ/૦૧/ખ-૧૮૪૮/૮૪ કાસોર સેવા સહકારી મંડળી લી. કાસોર, તા. આણંદમાં આ કાર્યાલયના હુકમ જા. નં. સવન/૦૧/૬૮/ખ-૪૩૪૯ તા. ૯-૮-૭૯ થી ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદની વહીવટદાર તરીકે નિમણૂંક કરતાં હુકમો કરવામાં આવ્યાં હતાં. બેંકે સદર મંડળીનો ચાર્જ તા. ૨૦-૧૧-૭૯ ના રોજ સંભાળેલ હતો અને સદર મંડળીના વહીવટની મુદત ક્રમે ક્રમે વધારી તા. ૧૯-૧૧-૮૩ સુધી વધારી આપેલ હતી. મંડળીની તા. ૩૧-૮-૮૩ ની આર્થિક સ્થિતિનો

અભ્યાસ કરી મંડળીની વહીવટની મુદત તા. ૧૯-૧૧-૮૩ ના રોજ ચાર વર્ષ પૂર્ણ થતાં હોવાથી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ જા. નં. ફડચ/૦૧/ખ-૫૭૫૬ (A) તા. ૧૭/૩૦-૧૧-૮૩ થી કરવામાં આવેલ હતો.

ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદે તેમના તા. ૩-૧૨-૮૩ ના પત્રથી મંડળીના વહીવટની મુદત તા. ૧૯-૧૧-૮૩ ના રોજ ચાર વર્ષ પુર્ણ થઇ ગયેલ હોઇ બેંકને જે કારણોસર વહીવટ સોંપેલ છે તે પુર્ણ કરવાનો હોવાથી તે કાર્ય માટે તથા મંડળીમાં મોટી રકમો મુદતવીતી બાકી પડતી હોવાથી મંડળીમાં કસ્ટોડીઅનની નિમણુંક કરવા બેંકના સંચાલક મંડળે કરેલ ઠરાવ સહિત ભલામણ કરેલ છે. બેંકે તા. ૨૧-૨-૮૪ ના પત્રથી જણાવેલ છે કે જો મંડળીનો વહીવટ ચુંટણી કરી પરત સોંપવામાં આવે તો જુના હોદ્દેદારોના હાથમાં વહીવટ જાય અને જે હેતુથી બેંકે મંડળીનો વહીવટ સંભાળેલ છે તે બર આવે નહિ તેથી તે હેતુ બર લાવવા મંડળીમાં બેંકની કસ્ટોડીઅનની નિમણુંક કરવી હિતાવહ છે.

ઉપરોક્ત વિગતો જોતાં મંડળીમાં બેંકની વહીવટદાર તરીકે નિમણુંક જે હેતુથી કરેલ છે તે હેતુ પૂર્ણ કરવા માટે મંડળીના વહીવટની મુદત ચાર વર્ષ પૂર્ણ થયેલ હોઇ હવે કાયદાકીય રીતે મુદત વધી શકે તેમ ન હોઇ, મંડળીનો વહીવટ જુના હોદ્દેદારોને સુપ્રત કરવો હિતાવહ ન હોવાથી મંડળીમાં કસ્ટોડીઅનની નિમણુંક કરવી જરૂરી જણાય છે જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૭૪-ઘ હેઠળ મળેલ અધિકારની રૂએ કાસોર સેવા સહકારી મંડળી લી. કાસોર તા. આણંદમાં ઉક્ત પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી કસ્ટોડીઅનની નિમણુંક કરવી જરૂરી હોઇ ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની કસ્ટોડીઅન તરીકે નિમણુંક કરવામાં આવે છે. અને સદર હુકમની તારીખથી બે વર્ષમાં કે તે અગાઉ તમામ કામગીરી પૂર્ણ કરી મંડળીનો વહીવટ નવી ચૂંટાએલ સમિતિને સુપ્રત કરી દેવાનો રહેશે.

નડીયાદ, તા. ૩૦-૩-૮૪.

ક્ર. ઉખસ-નધણ-ઘ ૧૧૧૨૦/ખ/૧૯૮૮/૮૪ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે સાંકેત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડીઆ તાલુકો નડીઆદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નધણ/થ-૧૧૧૨૦ તા. -૪-૮૪ થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૬-૪-૮૪

વંચાણે લીધા :-

(૧) ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદના તા. ૧૫-૬-૮૩, ૬-૮-૮૩, ૬-૧૨-૮૩, ૧૧-૧૧-૮૩ તા. ૭-૨-૮૪ અને તા. ૨૨-૨-૮૪ ના પત્રો.

(૨) લક્ષ્મણપુરા સેવા સહકારી મંડળી લી., લક્ષ્મણપુરા તા. કપડવંજના વ્યવસ્થાપક કમિટિના સભ્યોને આપેલ કારણદર્શક નોટિસ જા. નં. સવન/૦૧/ખ-૪૩૯૧ તા. ૭-૯-૮૩.

(૩) મંડળીના વ્ય. ક. સભ્યોએ તા. ૨૨-૯-૮૩ ના પત્રથી કરેલ લેખિત રજૂઆત.

હુકમ

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૨૧૨૬/૮૪ લક્ષ્મણપુરા સેવા સહકારી મંડળી લી., લક્ષ્મણપુરા તા. કપડવંજની વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા-કાનૂન અને પેટા કાયદાની અન્વયે નાખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોક્ત કારણોસર સંતોષકારક રીતે બજાવવા શક્તિમાન ન હોવાથી અને મંડળીની હાલની અનિયમિતતાઓ દૂર કરવામાં ઉપરની છણાવટની દ્રષ્ટિએ પગલાં ભરવા માટે નિષ્ફળ ગયેલ હોવાથી ખાત્રી થવાથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું શ્રી પી. એસ. મહેતા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીઆદની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાની હસ્તક લેશે અને તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે.

નડીયાદ, તા. ૧૭-૪-૮૪.

વંચાણે લીધા :-

(૧) રામનગર સેવા સહકારી મંડળી લી. રામનગર તા. આણંદના વહીવટદાર ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નો તા. ૫-૪-૮૪ નો પત્ર.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૨૧૫૮/૮૪ રામનગર સેવા સહકારી મંડળી લી. રામનદર તા. આણંદના ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીઆદની વહીવટદાર તરીકે નિમણુંક કરતા હુકમો આ કાર્યાલયના જા. નં. સવન/૦૧/ખ-૬૩૫૯ તા. ૫-૧૨-૭૯ થી કરવામાં આવ્યા હતા. બેંકે મંડળીનો વહીવટ તા. ૬-૨-૮૦ થી સંભાળેલ હતો. અને તેના વહીવટની મુદત ક્રમે ક્રમે વધારી તા. ૫-૨-૮૪ સુધી વધારેલ હતી.

ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદે તેના તા. ૫-૪-૮૪ ના પત્રથી અત્રે રજુઆત કરેલ હતી. અને રજૂઆતમાં જણાવેલ છે કે જો સદર મંડળીનો વહીવટ પરત કરવા ચૂંટણી કરવામાં આવે તો અગાઉ જે હોદ્દેદારો હતા તેજ ફરીથી ચૂંટાઇ આવવાની શક્યતા હોઇ. જે કારણોસર વહીવટનો હુકમ કરવામાં આવેલ તે હેતુ બર આવે તેમ જણાતો નથી જેથી મંડળીમાં હવે વહીવટદારને બદલે બેંકની કસ્ટોડીઅન તરીકે નિમણુંક કરવા જણાવેલ છે.

ઉપરોક્ત પરિસ્થિતિ જોતાં મંડળીના વહીવટની મુદતને તા. ૫-૨-૮૪ ના રોજ ચાર વર્ષ પૂર્ણ થઇ ગયેલ હોઇ, વહીવટદાર જે હેતુથી નીમવામાં આવેલ છે તે હેતુ બર લાવવા માટે મંડળીની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં મંડળીનાં બેંકની કસ્ટોડીઅન તરીકે નિમણુંક કરવી જરૂરી જણાય છે જે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૭૪-ઘ હેઠળ મળેલ અધિકારની રૂએ રામનગર સેવા સહકારી મંડળી લી. રામનગર તા. આણંદમાં ઉકત પરિસ્થિતિ પ્રવર્તતી હોઈ કસ્ટોડીઅનની નિર્મણૂંક કરૂં છું.

નડીયાદ, તા. ૨૧-૪-૮૪.

વાંચ્યો : (૧) આ કાર્યાલયનાં જા નં./ફડચ/૦૧/ખ-૨૬૨/૮૪ તા. ૧૩-૧-૮૪નો ત્રંબોવાડ દૂધ ઉત્પાદક સહ. મં .લી. મુ. ત્રંબોવાડ તા. પેટલાદને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ.....

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક.જ. ફડચ/ખ/૨૧૬૬ ત્રંબોવાડ દૂધ ઉત્પાક સહ. મં. લી. ત્રંબોવાડ મુકામ ત્રંબોવાડ તાલુકો પેટલાદ જિલ્લો ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જી. પં. નડીયાદની ઓફિસના નોંધ નંબર એફ-૧૦૦૦૨ તા. ૨૬-૭-૬૭ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ નડીયાદ ના સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં '૦-૯૮ કો-ઓપરેશન' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ તા. ૨૧-૪-૮૪

વાંચ્યો : (૧) દહેવાણ સેવા સહ. મંડળી લી. દહેવાણ તા. બોરસદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ જા. નં. ફડચ/ ૬૨૩૭ તા. ૨૧-૧૨-૮૨.

(૨) દહેવાણ સેવા સહ. મંડળી લી. દહેવાણ તા. બોરસદે તારીખ વિનાના પત્રથી કરેલ રજૂઆત.

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક.જ. ફડચ/ખ/૨૧૭૧ દહેવાણ સેવા સહકારી મડળી લી. મુકામ દહેવાણ તાલુકો બોરસદ જિલ્લો ખેડા, શ્રી આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અમદાવાદની ઓફિસના નોંધ નંબર ૨૬૨૮૮ તા. ૩૧-૭-૪૯ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં '૦-૯૮ કો-ઓપરેશન' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ તા. -૪-૮૪

વાંચ્યો :- રામનગર મચ્છી ઉછેર સહકારી મંડળી લી. રામનગર તા. આણંદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ નં. ફડચ/ ૦૧/ખ-૫૦૬૦ તા. ૪-૧૦-૮૩.

હુકમ

ક્રમાંક જી. ઉ. કે. સે./ઉખસ/ફડચ/ગ/૨૫૫/૮૪.- શીવઆશિષ કો. ઓપ. સર્વીસ સો. લી. મોજે ઉધના, તા. ચોર્યાસી, જિ. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરતના તા. ૨૧-૬-૭૧ની નોંધથી ક્રમાંક ઉ-૧૧૦૫થી નોંધવામાં આવી હતી. ઓડીટરશ્રી સ.મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧-૧-૮૧ થી તા. ૩૧-૩-૮૩ના ઓડિટ અહેવાલ પ્રમાંણે મંડળી સ્થગીત દશામાં છે. મંડળી છેલ્લા પાંચ વર્ષથી ક અને ડ વર્ગમાં છે. મંડળીમાં વ્યવસ્થાપક કમીટીના કે સાધારણ સભાની મીટીંગો મળતી નથી. મંડળી ખોટમાં ચાલે છે. તેમજ મંડળીમાં સભ્યોને કાર્યવાહકોને રસ ન હોવાને કારણે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એચ. આર. શાહ, મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉ) સુરત આથી શીવ આશિષ ઈન્ડ. કો. ઓપ. સર્વીસ ઓ. લી. સુરત, તા. ચોર્યાસી, જિ. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭/૧/ક/૨ અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) વલસાડની નિમણુંક કરું છું.

સુરત, ૯ માહે જુલાઈ, સને ૧૯૮૪.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધું :

૧. અત્રેની કચેરીની તા. ૩-૫-૮૪ની કારણ દર્શક નોટીસ.

૨. આપની તા. ૨૯-૫-૮૪ના પત્રમાં કરેલ રજુઆતને ગ્રાહય રાખી શકાય તેમ ન હોય.

ક્રમાંક : જિ. ઉ. કે. સુ./ફડચ/ગ/૨૫૬/૮૪.- દિવ્યાનંદ ઈન્ડ. કો. ઓપ. સર્વીસ સો. લી. મોજે કટોદરા, તા. ચોર્યાસી, જિ. સુરત સને ૧૯૬૧ના અધિનિયમ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતની નોંધણી ક્રમાંક ઉ-૪૪૧૯, તા. ૮-૧૦-૮૦ થી કરવામાં આવેલ હતી.

અત્રેની કચેરીએથી તા. ૧૪-૬-૮૪ના પત્રથી આપને કારણદર્શક નોટીસમાં જણાવ્યા પ્રમાણેના આધારો સહિત અત્રેની કચેરીમાં રૂબરૂ રજૂઆત માટે બોલાવેલ પરંતુ તમો મુદતે આધારો સહિત હાજર રહેલ ન હતા. આધારો નીચે પ્રમાણે છે.

૧. શહેરી ટોચ મર્યાદા ધારાની કલમ-૨૦ હેઠળ મુક્તિ મેળવેલ નથી.

૨. લેન્ડ સીલીંગ એકટ નીચે મંજૂરી મેળવેલ નથી.

૩. સુરત મહાનગર પાલીકાની બાંધકામની રજાચિઠ્ઠી મેળવેલ નથી.

૪. લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬ અન્વયે પરવાનગી લેવામાં આવેલ નથી.

૫. સક્ષમ અધિકારીનું એન. ઓ. સી. મેળવેલ નથી.

વધુમાં ઓડીટર વણકર ગ્રેડ-૧ સ.મં. સુરતે આપની મંડળીના ૧-૭-૮૦ થી ૩૦-૬-૮૪ના ઓડીટ અંગે નીચે જણાવ્યા મુજબના પત્રો તેમજ સમન્સ ઈસ્યુ કરવા છતાં આપની મંડળીના નોંધાયેલાં સરનામે રૂબરૂ મળતા નથી. આમ આપની મંડળીનાં સંચાલકો તેમજ મંડળીનું નોંધાયેલા સરનામેથી લખેલ પત્રો પણ પાછા આવતા હોય. આપની મંડળી કામ કરે છે કે નહિ તે માલુમ પડતું નથી.

૧. મંડળીને ઉદ્દેશીને લખેલ પત્ર ક્રમાંક : અષણ/૦૧/૬/૩૮ તા. ૨૪-૧-૮૩.

૨. સમન્સ નં. અષણ/સમન્સ/૬/૨૧૨/૮૩ તા. ૩૦-૫-૮૩.

૩. સમન્સ નં. અષણ/૦૧/૨/૧૯૮૩ તા. ૯-૬-૮૩.

૪. સમન્સ નં. અષણ/સમન્સ/૬/૧૯૮૪ તા. ૨૧-૧-૮૪.

ઉપરોક્ત વિગતો જોતાં મંડળી તેના પેટાનીયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામ કરી શકે તેમ ન હોય સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મને મળેલી સત્તાની રૂએ હું શ્રી એચ. આર. શાહ, મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ, સુરત સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મં.ઓના કાયદાની કલમ ૧૦૭/૧/૬/૧ તેમજ કલમ ૧૦૭/૧/૬/૪ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને તેજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના

INDEX

ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વસલાડની નીમણૂંક કરૂં છું.

સુરત, ૧૦ માહે જુલાઈ, સને ૧૯૮૪.

એચ. આર. શાહ,
મેનેજર,
(કે.વી.સી.આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રારશ્રી,
સ.મં. (ઉદ્યોગ), સુરત

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ઉ. ૫૧૭૨.- અમદાવાદ આથી જાહેર કરે છે કે વાત્રકકાંઠા ગાલીચા વણાટ અને ગ્રામોદ્યોગ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : દેવકરણના મુવાડા, તાલુકો દહેગામ, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૩ માહે એપ્રિલ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ઘ-૧૧૧૯૬.- અમદાવાદ આથી જાહેર કરે છે કે જગજનની ગેરતપુર કો. ઓપરોટીવ હાઉસીંગ સોસોયટી લિ. મર્યાદિત સ્થળ : ગેરતપુર, તાલુકો દસક્રોઈ, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨)ની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ભં.-૩૩૪૭.- અમદાવાદ આથી જાહેર કરે છે કે અંશરફી સહકારી ગ્રાહક ભંડાર લિ. મર્યાદિત સ્થળ : રાણપુર, તાલુકો ધંધુકા, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૩મી જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. સે-૧૮૯૨૮.- અમદાવાદ આથી જાહેર કરે છે કે કરીયાણા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : કરીયાણા, તાલુકો ધોલકા, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨)ની કલમ ૯ (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૩ માહે એપ્રિલ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ઘ-૧૧૧૯૭.- અમદાવાદ આથી જાહેર કરે છે કે ન્યુ વર્ધમાન એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : ઘાટલોડીયા, તાલુકો સીટી, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ખ-૨૫૮૫.- અમદાવાદ આથી જાહેર કરે છે કે સાણંદ તાલુકા અનુસૂચિત જાતિ સંયુક્ત ખેતી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : કુંવાર, તાલુકો સાણંદ, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૧ના (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨ના ગુજરાતના કાયદાની કલમ ૯-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. ખે-૨૫૮૬.- અમદાવાદ આથી જાહેર કરે છે કે ધોલકા તાલુકા અનુસૂચિત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : ધોલકા, તાલુકો ધોલકા, જિલ્લો-અમદાવાદ.

સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨)ની કલમ ૯-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૧૪ માહે જુન, સને ૧૯૮૪:

ભગવતપ્રસાદ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, અમદાવાદ.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી ફડચા અધિકારી ધી ભાચલવા સેવા સ.મં.લી અને સહકારી અધિકારી ફડચો, પાલનપુરનો પત્ર ક્રમાંક : ફડચ/૨૪૪, તારીખ ૨૫-૫-૮૪

૨ શ્રી ...... સહકારી મંડળી લી., (ફડચામાં)ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. .... તારીખ ....

હુકમ

નંબર : ફ-૬૦૯૦/ફડચ/૧૯૩/૦૧/૯૬૪/૮૪.-ધી ભાચલવા સેવા સહકારી મંડળી લી., ગામ ભાચલવા, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠા કે જે તારીખ ૨૭-૭-૬૦ના રોજ નોંધણી નંબર, ૨૬૬૮૪થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર ફ-૬૦૯૦, તા. ૨૯-૬-૭૭ થી આટોપી લેવામાં આવી હતી.તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર-૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, ૨૯ માહે મે, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮

૨ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ

૩ શ્રી ચેરમેન/સેક્રેટરી, ધી ગણેશપુરા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી., પાલનપુરની તા. ૨૮-૫-૮૪ની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નંબર : ફ-૭૫૩૪/ફડચ/૦૧/ગ-૯૬૭/૮૪.-ધી ગણેશપુરા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી., મુકામ પાલનપુર તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર ઘ-૩૮૦૫ તારીખ ૧૩-૭-૭૩ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા.નં. ફડચ-(ગ), પાલનપુર, તા. ... થી કાઢવામાં આવેલ હતી તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ), ૬૪૧૯, તા. ૧૫ નવેમ્બર ૧૯૬૮થી નકકી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૩૧ માહે મે, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી ઓડીટર સહકારી મંડળીઓ દુધ ડીસાના તા. ૧-૧-૭૯ થી તા. ૩૦-૬-૮૩ સુધીના ઓડીટની તા. ૩૧-૧૨-૮૩ની નોંધ મંડળીને ફડચામાં લઇ જવા બાબતે.

૨ સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮

૩ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ

હુકમ

ક્રમાંક નંબર : ફ-૭૫૩૬/ફડચ/૦૧/ગ-૧૨૪૯/૮૪ થી સણાદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સણાદર, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર સે-૧૫૩૨૧, તારીખ ૧૯-૧-૭૮ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પંચાયત, પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા.નં. ફડચ-૦૧(ગ)-૮૬૫, પાલનપુર, તા. ૧૬-૫-૮૪ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ(૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ), ૬૪૧૯, તા. ૧૫ નવેમ્બર ૧૯૬૮થી નકકી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી સબ ઓડીટર સહકારી મંડળીઓ દુધ ડીસાના તા. ૧-૭-૮૧ થી તા. ૩૦-૬-૮૩ સુધીના ઓડીટની તા. ૫-૧૨-૮૩ની નોંધ મંડળીને ફડચામાં લઇ જવા બાબતે.

૨ સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮

૩ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ

હુકમ

ક્રમાંક નંબર : ફ-૭૫૩૫/ફડચ/૦૧/ગ-૧૨૪૮/૮૪ થી ચારડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ચારડા, તાલુકો થરાદ, જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર ૧૪૭૫૯, તારીખ ૨૮-૩-૭૭ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પંચાયત, પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા.નં. ફડચ-૦૧(ગ)-૮૬૪, પાલનપુર, તા. ૧૬-૫-૮૪ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ(૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો,નવી જગ્યા, પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ), ૬૪૧૯, તા. ૧૫ નવેમ્બર ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી સબ સહકારી મંડળીઓ દુધ શિહોરીનો તા. ૧-૭-૮૨ થી તા. ૩૧-૧૨-૮૩ સુધીના ઓડીટની તા. ૨-૪-૮૪ની નોંધ મંડળીને ફડચામાં લઇ જવા બાબતે.

૨ સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮

૩ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ

હુકમ

ક્રમાંક નંબર : ફ-૭૫૩૭/ફડચ/૦૧/ગ-૧૨૫૦/૮૪ થી વૌવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ વૌવા, તાલુકો સાંતલપુર, જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર સે-૧૬૧૨૪, તારીખ ૫-૨-૭૯ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પંચાયત, પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા.નં. ફડચ-૦૧(ગ)-૯૧૯, પાલનપુર, તા. ૨૨-૫-૮૪ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ(૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, નવી જગ્યા પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ), ૬૪૧૯, તા. ૧૫ નવેમ્બર ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી સબ ઓડીટર સહકારી મંડળીઓ દુધ ડીસાના તા. ૧-૭-૮૨ થી તા. ૩૦-૬-૮૩ સુધીના ઓડીટની તા. ૨-૧-૮૪ની નોંધ મંડળીને ફડચામાં લઇ જવા બાબતે.

૨ સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮

૩ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇ

હુકમ

ક્રમાંક નંબર : ફ-૭૫૩૮/ફડચ/૦૧/ગ-૧૨૫૧/૮૪ થી ઈસરવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ઈસરવા, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર સે-૧૬૬૮૪, તારીખ ૫-૫-૭૯ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પંચાયત, પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા.નં. ફડચ-૦૧(ગ)-૮૬૬, પાલનપુર, તા. ૧૬-૫-૮૪ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ(૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, નવી જગ્યા, પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ), ૬૪૧૯, તા. ૧૫ નવેમ્બર ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી ફડચા અધિકારી ધી સખોલ મહાદેવીયા દુધ ઉત્પાદક સ.મં. લી. અને સહકારી અધિકારી ફડચો ન.જ. પાલનપુરનો પત્ર ક્રમાંક ફડચ-૮૧ તારીખ : ૨૦-૬-૮૪.

૨ શ્રી ...... સહકારી મંડળી લી. (ફડચામાં) ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. .... તારીખ ....

હુકમ

નંબર : ફ-૬૯૬૯/ફડચ/૨૪૪/ગ-૧૨૫૨/૮૪ થી સખોલ મહાદેવીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સખોલ, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠા કે જે તારીખ ૩૦-૬-૭૨ના રોજ નોંધણી નંબર ૧૧૭૨૦ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુરના હુકમ નંબર ફ-૬૯૬૯, તા. ૧૫-૩-૭૯ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર-૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧ શ્રી ફડચા અધિકારી ધી એદ્રાણા જયકિસાન પિયત સ.મં.લી અને સહકારી અધિકારી, ફડચો નવી જગ્યા, પાલનપુરનો પત્ર ક્રમાંક ફડચ-૮૪ તારીખ : ૧૬-૬-૮૪.

૨ શ્રી ... સહકારી મંડળી લી. (ફડચામાં) ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. ... તારીખ ...

હુકમ

નંબર : ફ-૬૯૮૧/ફડચ/૧૯૫/ગ-૧૨૫૩/૮૪ થી એદ્રાણા જયકિસાન પિયત સહકારી મંડળી લી., મુકામ એદ્રાણા, તાલુકો વડગામ, જિલ્લો બનાસકાંઠા કે જે તારીખ ૧-૨-૭૧ના રોજ નોંધણી નંબર ખે-૮૯૮ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુરના હુકમ નંબર ફ-૬૯૮૧, તા. ૨૮-૩-૮૦ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર-૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, ૭ માહે જુલાઇ, સને ૧૯૮૪

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ઉખસ/નધણ/સે/દુધ/૨૦૧૯૪/૦૧/૧૨૭૯/૮૪.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બં.કાં., પાલનપુર આથી જાહેર કરે છે કે માલપુરીયા દુધ ઉત્પાદક સ.મં. લી., મર્યાદિત સ્થળ માલપુરીયા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, ૧૧ માહે જુલાઇ, સને ૧૯૮૪.

વી. પી. દવે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, બ. કાં.
પાલનપુર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉખસ/ખે-૨૬૫૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બ.કાં., પાલનપુર આથી જાહેર કરે છે કે ધી શીડયુઅલ કાસ્ટ અને શીડયુઅલ ટ્રાઇબ્સ સામુદાયીક સહકારી ખેતી મંડળી લી., સ્થળ ટીમરકોટ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠાને ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૧૦)ની કલમ-૯ (૧), મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાલનપુર, ૨૯ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉખસ/ખે-૨૬૫૪.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બ.કાં., પાલનપુર આથી જાહેર કરે છે કે ધી જેની ગ્રુપ ગામોની આદીવાસી ગરાસીયાઓની સામુદાયીક સહકારી ખેતી મં. લી., મર્યાદિત સ્થળ જેની, તા. પાલનપુર, જિ. બનાસકાંઠાને ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૧૦)ની કલમ-૯ (૧), મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

પાલનપુર, ૨૯ માહે જુન, સને ૧૯૮૪.

જે. એમ. ઠક્કર,
નોંધણી અમલદાર અને
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બ. કાં., પાલનપુર.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ક્રમાંક : સે.મ./૧૨૭૭૯/૧૯૮૪.- આથી જાહેર કરે છે કે કડવેલ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. સ્થળ : કડવેલ, તાલુકો : ચીખલી, જિલ્લો : વલસાડ.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, ૮ માહે જુન, સને ૧૯૮૪.

એન. જી. આહિર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, વલસાડ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૪/૨૫૩/૮૪૮/ધ-૩૯૭૨.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી નારાયણનગર (ગૃહ સંકુલ) કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : અંકલેશ્વર, તાલુકો : અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં-આવી છે.

ભરૂચ, ૨૮ માહે મે, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

આ કાર્યાલયના જા. નં. ફડચ/૦૧/ખ-૩/૧૪૫ તા. ૨૮-૨-૧૯૮૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો અપાયેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૩/૨૭૮-સને ૧૯૮૪.- શ્રી શ્યામસુંદર સહકારી વારીગૃહ મંડળી લી. મું. તા. જંબુસર, જિ. ભરૂચને અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ-૩/૧૪૫, તા. ૨૮-૨-૧૯૮૪થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ સહકારી અધિકારી ફડચા ભરૂચ નં. ૨ ફડચા અધિકારી શ્રી ભરૂચ એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પૂરી કરવાની રહેશે.

ભરૂચ, ૨૯ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે-૩૬૨૯/ક-૪/૨૬૪/સને-૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી ધી પીપલોદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : પીપલોદ તાલુકો : દેડીયાપાડા, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૪ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઉ-૨૮૦૫/ક-૪/૨૮૧ સને-૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી ધી સાકવા ગૃપ મજૂર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : સાકવા પો. સમારીયા તાલુકો : નાંદોદ, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૧૧ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે-૩૬૩૧/ક-૪/૨૯૮/ સને-૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી ધી કાબરીપઠાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : કાબરીપઠાર તાલુકો : દેડીયાપાડા, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે-૩૬૩૦/ક-૪/૨૯૭/સને-૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી ધી સરભાણ ગૌપાલક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : સરભાણ તાલુકો : આમોદ, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નઘણ/સે-૩૬૩૨/ક-૪/૩૩૮/સને-૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે ધી ઉભારીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ઉભારીયા તાલુકો : સાગબારા, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૭ માહે જુલાઈ, સને ૧૯૮૪.

એસ. પી. ભટ્ટ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ભ-૭૧૪-જિ.પં. (સહકાર) ૨/૧૦૫૮/૧૦૬૫.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ આથી જાહેર કરે છે કે ધી ગુજરાત કાર્બન એમ્પલોઈઝ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી. મર્યાદિત સ્થળ : પાલેજ, તાલુકો : ભરૂચ, જિલ્લો : ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૨૮ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ભ-૭૧૩-જિ.પં. (સહકાર) ૨/૧૦૬૬/૧૦૭૩.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ.પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી વાગરા ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ : વાગરા, તાલુકો : વાગરા, જિલ્લો : ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૨૮ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઘ-૧૦૦૮૯.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ.પં., ભરૂચ આથી જાહેર કરે છે કે શ્રી બજરંગ કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ : કુકરવાડા, તાલુકો : ભરૂચ, જિલ્લો : ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૨૯ માહે જુન, સને ૧૯૮૪.

બી. યુ. મકવાણા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિ. પં., ભરૂચ.

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-૮૦/૩૨૯૭.- જિલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે, શ્રી કે. એમ. જી. હોસ્પીટલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મું. બાલાસિનોર, તાલુકો : બાલસિનોર, જિલ્લો : ખેડાને ગુજરાત સહકારી મંડળીઓનાં ૧૯૬૧નાં કાયદાની કલમ ૯/૧/અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, ૨૮ માહે જુન, સને ૧૯૮૪.

એન. આર. પટેલ,
સહમંત્રી,
ઉત્પાદન અને સહકાર સમિતિ અને
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સ.મં., ખેડા
જિલ્લા પંચાયત કચેરી, નડીઆદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ઘ/૧૦૮૩૭/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી રૂપલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : બાલીસણા, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૨૮ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ઘ/૧૦૮૩૮/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી દેવીકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : નાગલપુર, તાલુકો : મહેસાણા, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૮ મે, સને ૧૯૮૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ઘ/૧૦૮૩૯/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી સુભાષનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : હાંસાપુર, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૪ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ઘ/૧૦૮૪૦/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી બાહુબલીનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : મહેસાણા, તાલુકો : મહેસાણા, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૫ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ઘ/૧૦૮૩૭/૨૧૫૫/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી બાબરી વિભાગ ઘેટાંપાલકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : બાબરી તાલુકો : સમી, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૫ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ખે/૨૬૯૪/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી હાજીપુર ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : હાજીપુર તાલુકો : સિધ્ધપુર, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. પં./ખે/૨૬૯૫/સને-૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી ખટાસણા પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ખટાસણા, તાલુકો : સિધ્ધપુર, જિલ્લો : મહેસાણા

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ની ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના ગ્રામ વિકાસ ખાતાના હુકમ નંબર એસ. સી. ૧૧૬૩ એ., તારીખ ૨૫-૩-૬૩

૨. જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ મહેસાણાના હુકમ નં. ઉખસ/ફ-૬૬૮૧/ઘ-૨૬૨/૧૯૭૮, તારીખ ૧૬-૧-૭૮થી ફડચામાં લઇ જવાનો હુકમ

૩. જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ-૦૧/૧૬૪૮/૮૪, તારીખ ૨૨-૫-૮૪થી આવેલા કામના કાગળો.

૪. જિલ્લા પંચાયત મહેસાણાની ઉત્પાદન અને સહકાર સમિતિના ઠરાવ નં. ૧૧૯, તારીખ ૨૮-૫-૮૪.

હુકમ

નંબર : સહક/નધણ/વશી./૧૦૨૦-૨૪/૧૯૮૪.- આથી આમુખ નં. ૪માં જણાવેલ જિલ્લા પંચાયત મહેસાણાની ઉત્પાદન અને સહકાર સમિતિની તારીખ ૨૮-૫-૮૪ની બેઠકના ઠરાવ નં. ૧૧૯થી નિર્ણય થયા અનુસાર શ્રી વાગડોદ સેવા સહકારી મંડળીલી. ને સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કલમ ૧૯ અન્વયે પુનઃઘટન કરવાનું ઠરાવવામાં આવતાં તેને પુનઃઘટન કરવા હુકમ કરવામાં આવે છે. આ મંડળીનો નોંધણીનો નંબર અને તારીખ ચાલું રાખવામાં આવે છે.

મહેસાણા, ૧૨ માહે જુન, સને ૧૯૮૪.

એમ. એ. ચુડાસમા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત,
[મહેસાણા વતી]

નોંધણીનું પ્રમાણપત્ર

નં. જિ. પં./સે-૧૮૭૨૭/સને ૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી શુશી સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ શુશી, તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણા.

INDEX

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ના કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૨૦ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. જિ. પં./ધં-૧૦૮૪૨/સને ૧૯૮૪.- જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી જય આશિર્વાદ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નાગલપુર, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦)ના કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૨૭ માહે જુન, સને ૧૯૮૪.

એમ. એ. ચુડાસમા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, (મહેસાણા વતી)

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ઘ-૧૧૧૪૯.- જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે કુવરવાડા કો.ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કુવરવાડા, તાલુકો ડભોઇ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૮ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. સે-૨૦૭૯૫.- જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે જી. એ. જી. એલ. એમ્પ્લોઇઝ કો.ઓ. કે. સો. લી. મર્યાદિત સ્થળ કલાલી, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. સે-૨૦૭૯૬.- જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે દોલતપુરા તમાકુ ઉત્પ. સ. મં. લી. દોલતપુરા, મર્યાદિત સ્થળ દોલતપુરા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

એસ. બી. ઉગલે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત,
વડોદરા જિલ્લા પંચાયત વતી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ખે-૨૬૨૪/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ઢબુકા જામદરા પિયત સહકારી મંડળી લી. ઢબુકા, તા. લીમખેડા, જિ. પંચમહાલને આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૪ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સે-૧૬૯૮૫/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી કમલ હાઇસ્કુલ એમ્પ્લોઇઝ એન્ડ કન્ઝુમર્સ કો. ઓ. સો. લી. પીપલોદ, તા. બારીઆ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૨૪ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઘ-૯૪૬૩/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ઉમા કો. ઓ. હાઉસીંગ સ. મં. હાલોલ લી. તા. હાલોલ જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૨૪ માહે મે, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઉ/૫૭૧૩/ડીપી-સહકાર/ક/વશી.- શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા, આથી જાહેર કરું છું કે ધી સેંજલી વિભાગ હરિજન કુટિર ઉદ્યોગ શ્રમજીવીઓની લી., સ. મં. લી., સેંજલી, તા. ઝાલોદ,

જિલ્લા પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ-૯૪૬૪/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી શિવનગર નિયમિત જવાબદારીવાળી કો. ઓ. હાઉસીંગ સો.લી. હાલોલ, તા. હાલોલ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સે-૧૬૯૮૮/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે, કે ધી સંજલી માધ્યમિક શાળાના કર્મચારીઓની સ.-મં. લી. સંજલી, તા. ઝાલોદ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઉ-૫૭૧૬/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ફરોડ વિભાગ ગ્રામ્ય ગૃહ ઉદ્યોગ અને ઔદ્યોગિક ઉત્પાદક સ. મં. લી. ફરોડ, તા. બારીઆ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સે-૧૬૯૯૦/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી જ્યોતિ ફાઉન્ડ્રી ડીવીઝન કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ. મં. લી. હાલોલ, તા. હાલોલ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સે-૧૬૯૮૪/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી જાંબુઘોડા તાલુકા તલાટી-કમ-મંત્રીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રા. સ. મં. લી. જાંબુઘોડા, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઉ-૫૭૧૫/ડીપી/સહકાર/ક/વશી.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી જંતાલ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી, લી. જંતાલ, તા. કાલોલ, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૬ માહે જુન, સને ૧૯૮૪.

યુ. ડી. ભટ્ટ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, પંચમહાલ,
ગોધરા.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઉખણ/સે/૨૦૬૨૧/ક/૧૧૧૭/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે ધી શિવરાજપુર દૂધ ઉત્પાદકની સહકારી મંડળી, મર્યાદિત સ્થળ શિવરાજપુર, લી. તા. હાલોલ, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૨૮ માહે મે, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. છેલ્લી તક ર. પો. એન્ડ ધરમ/૦૧/ક/૭૩૬, તા. ૨૩-૪-૮૪

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ક/૧૧૫૦/૮૪.-ધી સર્વોદય એરીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મીરાખેડા, તા. ઝાલોદ, જિ. પંચમહાલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ક/૪૩૫, તા. ૬-૩-૮૪થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, ૩૦ માહે મે, સને ૧૯૮૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૦૬૨૨/ક/૧૨૦૭/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, આથી જાહેર કરે છે કે રનેલા વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રનેલા, તા. સંતરામપુર, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૭ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. કારણદર્શક નોટિસ ર.પો. એડ. જા.નં. રપવ/૦૧/ક/૨૮૩, તા. ૧-૬-૮૩

૨. સબ. ઓડીટર સ.મં. ના તા. ૨૧-૨-૮૪ ઓડીટ મેમો.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૬૭૩૫/ક/૧૨૪૩/૮૪.-ધી ભદ્રાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ભદ્રાલ, મુ. પો. ભદ્રાલ, તા. શહેરા, જિ. પંચમહાલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ક/૭૨૨/૮૪, તા. ૨૧-૪-૮૪થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. શ્રી ફડચા અધિકારી સદર કચેરીના તા. ૩૧-૫-૧૯૮૪ના પત્ર નં. ફડચ/૦૨/ક/૧૮૬/૮૪ ની દરખાસ્ત

૨. શ્રી સબ ઓડીટર સ. મં. લિ.જિ. ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ક/૧૨૩૯/૮૪.-ધી સાગટાણા વિ.સ.ખ.વે.સંઘ લી. ફડચામાં મુ. સાગટાણા, તા. દે.બારીઆ, જિ. પંચમહાલની નોંધણી તા. ૨૦-૩-૬૭ના રોજની નોંધણી નં. સે-૩૧૦થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ ઓટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચ/૩૧૦/ક/૧૯૫૮, તા. ૧૨-૮-૭૭થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. કારણદર્શક નોટિસ જા.નં. સપવ/૦૧/ક/૪૬૦/૮૪ તથા સબ ઓડીટર સ. મં. સંતરામપુરની અંતિમ નોંધ.

ફડચા/અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૧૫૯૫૩/ક/૧૨૪૫/૮૪.-ધી કેળામૂળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. કેળામૂળ, મુ. પો. તા. સંતરામપુર, જિ. પંચમહાલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ક/૭૫૭/૮૪, તા. ૨૩-૪-૮૪થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. શ્રી ફડચા અધિકારી સદર કચેરીના તા. ૩૦-૫-૧૯૮૪ના પત્ર નં. ફડચ/૦૨/ક/૧૮૧/૮૪ ની દરખાસ્ત

૨. શ્રી સબ ઓડીટર સ. મં. લિ.જિ. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ક/૧૨૪૦/૮૪.-ધી કાલોલ ગ્રામ એમ્પો. સહકારી મંડળી લી. ફડચામાં મુ. કાલોલ, તા. કાલોલ, જિ. પંચમહાલની નોંધણી તા. ૧૯-૨-૧૯૩૦ના રોજની નોંધણી

નં. ૬૬૨૭ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ ઓટાપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચા/૬૬૨૭/ક/૧૯૦૬, તા. ૨-૮-૭૭થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. કારણદર્શક નોટિસ ર. પો. એ. ડી. સપવ/૦૧/ક/૪૭૧, તા. ૯-૩-૮૪.

૨. સબ ઓડીટર સ. મં. દે. બારીઆ ઓડીટ મેમો

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૧૬૩૮/ક/૧૨૪૪/૮૪.-ધી સવાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સવાપુરા, મુ. પો. સવાપુરા, તા. દે.બારીઆ, જિ. પંચમહાલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ક/૭૫૬/૮૪, તા. ૨૩-૪-૮૪થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. કારણદર્શક નોટિસ જા.નં. સપવ/૦૧/ક/૩૮૪/૮૪, તા. ૬-૩-૮૪

૨. ઓડીટર સ. મં. લીમખેડાની ઓડીટ નોંધ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૬૫૬૫/ક/૧૨૪૬/૮૪.-ધી ઝાલોદ સેનેટરી એમ્પ્લોઇઝ કો.ઓપ.સ. મં. લી. ઝાલોદ, તા. ઝાલોદ, જિ. પંચમહાલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ક/૭૫૬/૮૪, તા. ૨૩-૪-૮૪થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, ૧૮ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૦૬૨૩/ક/૧૨૮૩/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે ધોળી દૂધ ઉત્પાદક સહકારી મંડળી, મર્યાદિત સ્થળ ધોળી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૨૨ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૨/ક/૧૪૦૧/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે જામાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જામાના મુવાડા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૫૮/ક/૧૪૦૦/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે નાથકુવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નાથકુવા, તા. દે.બારીઆ, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૫૯/ક/૧૩૯૯/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે

કે નાના ડોકવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નાના ડોકવા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૭/ક/૧૪૧૨/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે પાવાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પાવાપુર, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૩/ક/૧૪૦૯/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે લાડુપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ લાડુપુરા, તા. ગોધરા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૬/ક/૧૪૧૧/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે નવાધરામાળ કસલાવીટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નવાધરામાળ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૪/ક/૧૪૧૦/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે જાલીઆ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જાલીઆ, તા. ગોધરા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૭૨/ક/૧૪૦૮/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે બડેસરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ બડેસરા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૭૦/ક/૧૪૦૭/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે મોતાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મોતાલ, તા. ગોધરાં, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૯/ક/૧૪૦૬/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે હોસેલીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ હોસેલીયા, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૫૪/ક/૧૪૦૪/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે ભાદરોલીખુર્દ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ભાદરોલીખુર્દ, તા. કાલોલ, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૫૫/ક/૧૪૦૩/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે મોટીચરેલ મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મોટીચરેલ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૧/ક/૧૪૦૨/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે ગરીયાલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગરીયાલ, તા. હાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૦૬૨૫/ક/૧૪૦૫/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે ગમનબારીયાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગમનબારીયાના મુવાડા, તા. શહેરા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૯ માહે જુલાઇ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/સે/૨૧૦૬૮/ક/૧૪૨૦/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ગોધરા, આથી જાહેર કરે છે કે કેવડીયા મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કેવડીયા, તા. ગોધરા, જિ. પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૧૦ માહે જુલાઇ, સને ૧૯૮૪.

એસ. એસ. ચૌહાણ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી, ગોધરા.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. સે-૨૦૭૯૩.- જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે મહિસાગર માછીમાર સ. મં. લી. અનગઢ, મર્યાદિત સ્થળ અનગઢ, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૧૫ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. સે-૨૦૭૯૪.- જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી બકુલ કો. ઓ. ક્રેડીટ સો. લી. નંદેસરી, મર્યાદિત સ્થળ નંદેસરી, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૨૨ માહે જુન, સને ૧૯૮૪.

એસ. બી. ઉગલે,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત,
વડોદરા જિલ્લા પંચાયત વતી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેદુ-૨૦૯૦૯/નધણ/૦૧/ખ/૨૪૮૬/૮૪.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, હિંમતનગર, આથી જાહેર કરે છે કે ધી માંલ્લી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ માંલ્લી, તા. માલપુર, જિ. સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, ૨૧ માહે જુન, સને ૧૯૮૪.

એસ. જે. મહેતા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મંડળીઓ, હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીના આદેશ ક્રમાંક /ફડચ/૧૨૦/ફ/૬૫૧૨/ખ/૨૯૫૭, તા. ૨૯-૧૧-૭૬.

૨. શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તા. ૧૪-૧૨-૮૩નો જા. નં. ફડચ/૦૧/ખ/૬૭૯/૮૩ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત તથા તા. ૨૨-૫-૮૪નો અહેવાલ.

૩. આ કચેરીની તા. ૦૦-૧૨-૮૩ની મંજુર થયેલ નોંધ.

INDEX

આદેશ

ક્રમાંક : ફડચ/૨૬૩૬/૮૪.- ધી માલપુર મહાલ મજુર કામદાર સહકારી મંડળી લી. મું. માલપુર, તા. માલપુર, જિ. સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) હિંમતનગરના નોંધણી નંબર : ૫૩૯૬, તા. ૩૧-૫-૬૦થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રીના સંદર્ભ (૨)માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઇ તેમજ હવે કોઇ કાર્યવાહી કરવાની રહેતી ન હોઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, ૨૮ માહે જુન, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ઉ/૫૬૮૧ ક. નધણ/૦૧/ખ/૨૪૮૭.- આથી જાહેર કરે છે કે, શ્રી અરવલ્લી આયુર્વેદિક ફાર્મસી સ.મં.લી. મર્યાદિત સ્થળ/તાલુકો : વિજયનગર, જિલ્લો : સા.કાં.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, ૧૨ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. શ્રી તાલુકા વિકાસ અધિકારી મોડાસાને તા. ૪-૪-૮૪નો અહેવાલ નં. સહક/નધણ/નોંધણી રદ/૧૮૮.

૨. ધી રત્નજ્યોત કો. ઓપ.હા.સો. લી. મોડાસાની તા. ૨૮-૭-૮૩ની વા.સા. સભાનો ઠરાવ નં. ૩.

૩. આ કચેરીનો તા. ૧૧-૬-૮૪ની મંજુર થયેલ નોંધ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ફ/૭૮૨૧/૦૧/ખ૨૬૬૯.- ધી રત્નજ્યોત કો. ઓપ.હાઉસીંગ સો. લી. મોડાસા, તા. મોડાસા, જિલ્લો : સાબરકાંઠા કે જેનો નોંધણી નંબર ૫૩૯૦ તા. ૧૪-૧૦-૭૯ છે. જેને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઇ જવાની જરૂર જણાંતાં ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો કાયમી આદેશ કરવામાં આવે છે. અને ઉકત અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ હુકમની તારીખથી ૩વર્ષમાં ફડચાની તમામ કામગીરી પુર્ણ કરવાની રહેશે.

ફડચા અધિકારીના મહેનતાણા પેટેની રકમ નિયમાનુસાર સરકારી તિજોરીમાં જમાં કરાવવાની રહેશે.

હિંમતનગર, ૪ માહે જુલાઈ, સને ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. સેહુ/૨૦૯૧૦ ક્રમાંક- નધણ/૦૧/ખ/૨૬૭૮.- આથી જાહેર કરે છે કે, શ્રી રંભોડા (નવી વસાહત) દૂ. ઉ. સ.મં.લી. મર્યાદિત સ્થળ : રંભોડા(નવી વસાહત) તાલુકો : માલપુર, જિલ્લો : સા.કાં.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, ૪ માહે જુલાઈ, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :

૧. શ્રી આસી. મેનેજર (લોન્સ) ધી સા.કો. બેંક લી., હિંમતનગરનો તા. ૨૪-૧૦-૮૩નો પત્ર નં. સુપર/૨૬/૮૮૫૯.

૨. આ કચેરીનો તા. ૨૩-૧૧-૮૩નો પત્ર સવન/૦૧/ખ/૨૬૧૬.

૩. મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોએ તા. ૫-૧૨-૮૩ના પત્રથી આપેલ નિવેદન.

૪ આ કચેરીનો તા. ૯-૧૨-૮૩નો પત્ર નં. નધણ/૦૧/ખ/૨૫૮૫ તથા તા. ૧૩-૩-૮૪નો પત્ર નં. સવન/૦૧/ખ/૧૧૧૭.

૫. મંડળીના સેક્રેટરીશ્રીએ તા. ૨૦-૩-૮૪ના રોજ આપેલ નિવેદન.

૬. મેનેજરશ્રી સા.કો. બેંક લી. નો તા. ૨૫-૪-૮૪નો અહેવાલ.

૭. આ કચેરીની તા. -૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક : સવન/૦૧/ખ/૨૪૦૪.- આથી હું એચ. જે. મહેતા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રર, સ.મં. હિંમતનગર, મને મળેલ સત્તા અને અધિકારની રૂહે આલોચનામાં જણાવેલ વિગતે ધી માલપુર ગ્રુપ સેવા સ.મં.લી. મુ.પો.તા. માલપુર, જિ. સા.કાં.ની વ્ય. કમીટી ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૭૪ થી તથા મંડળીના પેટા નિયમોથી લાદેલ ફરજો બજાવવામાં નિષ્ફળ જતાં પ્રિ-૬ વાળા મેનેજરશ્રી સા.કો. બેંકના છેલ્લા અહેવાલના અનુસંધાને મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા જરૂરી જણાતાં ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૮૧(૧) અન્વયે સદર સંસ્થાની વ્ય. કમીટીને

INDEX

દૂર કરી ધી સા.કો. બેંક લી. હિંમતનગરની વહીવટદાર તરીકેની નિમણુંક હુકમ થયાની તારીખથી ૧ વર્ષની મુદત નીચેની શરતોને આધીન કરૂં છે.

શરતો

૧. મંડળીના વહીવટદારની કામગીરી માટે રૂા. ૫૦ માસીક મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી બેંકને ચુકવવાનું રહેશે.

૨. મંડળીના કામકાજ સારૂ અત્રેની પરવાનગી સિવાય કલાર્ક રોકી શકાશે નહિ.

૩. મંડળીના કામકાજ સારૂ વહીવટદાર અને સેક્રેટરીએ જ ભાડા ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી લેવાનો રહેશે.

હિંમતનગર, ૧૩ માહે જુન, સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીનો તા. ૩-૪-૮૪નો હુકમ નં. સવન/૦૧/ખ/૧૪૭૭.

૨. શ્રી આસી. મેનેજર (લોન્સ) સા. કો. બેંક લી., હિંમતનગરનો તા. ૨૬-૪-૮૪નો પત્ર નં. લોન્સ/વહટ/૨૬/૨૪૦૭૦.

૩. આ કચેરીની તા. ૨૩-૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક : સવન/૦૧/ખ/૨૪૦૨.- આ કચેરીના પ્રીએમ્બલ-૧ વાળા હુકમથી ધી મોડાસા જનતા શરાફી સ. મં. લી. મુ. પો. મોડાસાની કારોબારીને દૂર કરી ધી સા. કો. બેંક હિંમતનગરની વહીવટદાર તરીકે નિમણુંક કરેલ હતી. સદર હુકમની શરત નં. ૧થી વહીવટદારને માસીક રૂા. ૫૦નું મહેનતાણું ચુકવવા ઠરાવેલ હતું પરંતુ પ્રિએમ્બલ-૨ વાળા આસી. મેનેજરશ્રી (લોન્સ) સા. કો. બેંક, હિંમતનગરના પત્રથી સદર મહેનતાણું ઓછું હોઇ વધારી આપવાની વિનંતી કરતો પ્રિએમ્બલ-૧ વાળા હુકમની શરત નં. ૧માં નીચે મુજબનો સુધારો કરું છું.

સુધારો

શરત

નં. ૧ મંડળીના વહીવટદારની કામગીરી માટે રૂા. ૧૫૦ માસીક મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી બેંકને ચુકવવાનું રહેશે.

હિંમતનગર, ૧૩ માહે જુન સને ૧૯૮૪

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીનો તા. ૨-૪-૮૪નો હુકમ નં. સવન/૦૧/ખ/૧૪૦૭.

૨. શ્રી આસી. મેનેજર (લોન્સ) સા. કો. બેંક લી., હિંમતનગરનો તા. ૯-૪-૮૪નો પત્ર.

૩. આ કચેરીની તા. ૨૩-૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક : સવન/૦૧/ખ/૨૪૦૩.- આ કચેરીના પ્રીએમ્બલ-૧ વાળા હુકમથી ધી બારનોલી ગૃપ સેવા સ. મં. લી. મુ. પો. મોડાસાની કારોબારીને દૂર કરી સા. કો. બેંક લી. હિંમતનગરની વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી. અને હુકમની શરત નં. ૧થી વહીવટદારને માસીક રૂા. ૫૦ મહેનતાણું ચુકવવા ઠરાવેલ હતું પરંતુ પ્રિએમ્બલ-૨ વાળા આસી. મેનેજરશ્રી, સા. કો. બેંક, લી., હિંમતનગરે મહેનતાણું ઓછું હોઇ વધારી આપવાની વિનંતી કરેલ જેથી સદર હુકમની શરત નં. ૧માં નીચે મુજબનો સુધારો કરું છું.

સુધારો

શરત

નં. ૧ મંડળીના વહીવટદાર સારૂ માસીક રૂા. ૨૫૦ મહેનતાણું આપવામાં આવશે જે ખર્ચ મંડળીમાં પાડી બેંકને ચુકવવાનું રહેશે.

હિંમતનગર, ૧૩ માહે જુન સને ૧૯૮૪

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીનો તા. ૬-૪-૮૪નો હુકમ નં. સવન/૦૧/ખ/૧૪૭૬.

૨. આસી. મેનેજર (લોન્સ) સા. કો. બેંક લી., નો તા. ૨૬-૪-૮૪નો પત્ર.

૩. આ કચેરીની તા. ૨૩-૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક : સવન/૦૧/ખ/૨૪૦૦.- આ કચેરીના પ્રિએમ્બલ-૧ વાળા હુકમથી ધી કમાલપુર ગૃપ સેવા સ. મં. લી. તા. પ્રાંતિજની કારોબારીને દૂર કરી ધી સા. કો. બેંક લી., હિંમતનગરની વહીવટદાર તરીકેની નિમણુંક કરેલ હતી. સદર હુકમની શરત નં. ૧માં વહીવટદારને માસીક રૂા. ૫૦ મહેનતાણું ચુકવવા ઠરાવેલ હતું પરંતુ પ્રિએમ્બલ-૨ વાળા આસી. મેનેજરશ્રી (લોન્સ) સા. કો. બેંક લી., હિંમતનગરના પત્રથી સદર મહેનતાણું ઓછું હોઇ વધારી આપવા જણાવતો સદર હુકમની શરત નં. ૧માં નીચે મુજબનો સુધારો કરું છું.

સુધારો

શરત

નં. ૧ મંડળીના વહીવટદારની કામગીરી માટે રૂા. ૨૦૦ માસીક મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી બેંકને ચુકવવાનું રહેશે.

હિંમતનગર, ૧૩ માહે જુન સને ૧૯૮૪.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. આ કચેરીનો તા. ૩૦-૩-૮૪નો હુકમ ક્રમાંક : ફડચ/૭૮૧૯/૦૧/ખ/૧૩૭૪-૮૪.

૨. આસી. મેનેજર (લોન્સ) સા. કો. બેંક લી., હિંમતનગરનો તા. ૧૭-૪-૮૪નો પત્ર.

૩. આ કચેરીની તા. ૨૩-૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક : ફડચ/ફ/૭૮૧૯/૦૧/ખ/૨૪૦૧.- આ કચેરીના પ્રિએમ્બલ-૧ વાળા હુકમથી ધી માલપુર ગૃપ દુ. ઉ. સ. મં. લી. માલપુરને ફડચામાં લઇ જઇ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) આ કચેરીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ પ્રિએમ્બ-૨ વાળા પત્રથી આસી. મેનેજર (લોન્સ) સા. કો. બેંક લી., હિંમતનગરે સદર મંડળીમાં બેંકનું લેણું મોટું હોય ફડચાની કામગીરી બેંકને સોંપવા વિનંતી કરતો પ્રિ.-૧ વાળા હુકમમાં નીચે મુજબનો સુધારો કરૂં છું.

સુધારો

આ કચેરીના પ્રિ-૧ વાળા હુકમથી ધી માલપુર ગૃપ દુધ ઉ. સ. મં. લી., માલપુરને ફડચામાં લઇ જઇ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) આ કચેરીની નિમણૂંક કરેલ હતી જેને બદલે અંશતઃ સુધારો કરી ફડચાની કામગીરી માટે ફડચા અધિકારી તરીકે ધી સા. કો. બેંક લી., હિંમતનગરની નિમણૂંક કરૂં છુ.

હિંમતનગર તા. ૧૩ માહે જુન સને ૧૯૮૪.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :

૧. તા. ૨૫-૪-૮૪નાં રોજ મંડળીની લીધેલ રૂબરૂ મુલાકાતનો મુલાકાત મેમો.

૨. આ કચેરીની તા. ૪-૫-૮૪ની તમામ વ્ય. કમીટી સભ્યોને આપેલ નોટીસ ન. સવન/૦૧/ખન૧૦૩૭.

૩. મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોએ તા. ૧૪-૫-૮૪થી મંડળીમાં વહીવટદાર ની આપેલ લેખીત સંમતિ.

૪. આ કચેરીની તા. -૫-૮૪ની મંજુર થયેલ નોંધ.

આદેશ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :
(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : સવન-૧૫૩-ક-૨૭૫૫, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૮૦
(૨) વહીવટદારનો પત્ર તારીખ ૧લી ઓકટોબર, ૧૯૮૪.

હુકમ

જા. નં.: સવન—ડ/૧૮૪/૧૫૭૬/૧૫૭૭૮.—આથી હું જી. કે. ફકીર, જિલ્લા રજિસ્ટ્રાર મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ સને ૧૯૭૧ની કલમ-૮૧ (૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ગ્રીન ફાઉન્ટન કો. ઓ. હા. સો. લી. ના વહીવટદારની અવધિ તારીખ ૯મી ઓકટોબર, ૧૯૮૪ના રોજ સમાપ્ત કરતો આથી હુકમ કરું છું.

અમદાવાદ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૮૪.

વંચાણે લીધું :—(૧) આ કચેરી ના તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૦ હુકમ ક્રમાંક : સવન-૩૧૭૦ (ક)-૮૦
(૨) વહીવટદાર શ્રી મહારાજ જગદીશ પાક કો. ઓ. હાઉસીંગ સોસાયટીના તારીખ ૮ મી ઓકટોબર, ૧૯૮૪નો પત્ર.

હુકમ

જાવક નં.: સવન-(ડ) ૧૫૭૪/ઓ - ૧૫૫૯૭ - ૧૯૮૪.—હું જી. કે. ફકીર જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ (૪) અન્વયે મહારાજ જગદીશ પાક કો. ઓ. હા. સો. લી., અમદાવાદના વહીવટીદારની નિમણુંકની અવધિ તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૮૪ ના રોજ પુરી થાય તે રીતે સમાપ્તિનો હુકમ કરું છું.

અમદાવાદ, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૪.

વાંચો :— (૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ગ્રાહક) અમદાવાદ નો પત્ર ક્રમાંક ગસભ/સી-૧/૩૦૧/૬૯૩ તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૮૩.
(૨) આ કચેરીનો પત્ર નં.: ફડચ/અ-૧/૧૫૭૪/ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૩.
(૩) આ કચેરીનો હુકમ ક્રમાંક ફડચ/અ(૧/૭૨૩/તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૪.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ-૧૫૫૯૬/એજી-૧/૧૯૦૭/૮૪.—ધી મારૂતી કન્ઝયુ. કો. ઓ. સો. લી. અમદાવાદ તાલુકા સીટી જિલ્લા અમદાવાદ નોધણી ક્રમાંક ૩૧૫૦, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૮૧ થી નોંધવામાં આવેલ હતી.

(૧) સદરહું મંડળી ઘણા સમયથી કામ કરતી નથી.
(૨) મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યો તથા સભાસદો મંડળીના કામકાજમાં રસ લેતા નથી.
(૩) મંડળીએ પોતાનું શેર ભંડોળ બિન અધિકૃત રીતે પેટા કાયદા વિરૂધ્ધ સભાસદોને પરત કરી દીધેલ છે.
(૪) મંડળી ૩ વર્ષથી સ્થગીત છે.
(૫) મંડળીએ રજિસ્ટ્રેશન થયા બાદ ઉદેશો મુજબ કોઈપણ જાતની કામગીરી હાથ ધરેલ નથી.

ઉપરોકત કારણોને લઈને મંડળીને ફડચામાં શા માટે ન લઈ જવી તે બાબતે અત્રેની કચેરીએથી નોટીસ આપી તારીખ ૩જી ઓકટોબર ૧૯૮૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ અને સુનાવણી સમયે કોઈ હાજર ન રહેતા કે રજુઆત ન થતા તેઓ કોઈ રજુઆત કરવા માંગતા નથી. તેમ માની આ કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ-અ-૧/૭૨૩, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૪ થી હુકમ કરવામાં આવેલ તથા રજુઆત કરવા માટે એક માસનો સમય આપવા છતાં કોઈ રજુઆત થયેલ ન હોવાથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી મારૂતિ કન્ઝયુ. કો. ઓ. સો. લી., અમદાવાદને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીમાં ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા (૨) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની સંદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૪

વંચાણે લીધા.— (૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ગ્રાહક) અમદાવાદનો પત્ર તારીખ ૫મી મે, ૧૯૮૨.
(૨) ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. નો ખાસ સા. સભાનો તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૮૦નો ઠ. નં. ૩.

ક્રમાંક ફડચ/અ-૧/૧૯૦૮/૧૫૫૯૫/૮૪.—ધી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તાલુકો સીટી, જિલ્લા અમદાવાદ નોંધણી ક્રમાંક ભ-૩૧૨૮, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. સદરહું મંડળીને નીચે જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવા ભલામણ થયેલ છે.

(૧) સદરહુ મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો તથા સભાસદોને મંડળીના કામકાજ ચલાવવામાં બિલકુલ રસ નથી.
(૨) મંડળીના ૧૩૭ સભાસદો પૈકી ૧૩૬ સભ્યોને શેરફાળાની રકમ પરત કરી દેવામાં આવેલ છે.
(૩) મંડળીનો તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૮૦ની ખાસ સાધારણ સભાના ઠ. નં. ૧ થી મંડળીના સભાસદોએ મંડળીનું કામકાજ બંધ કરવા ઠરાવ કરેલ છે. મંડળીની સા. સભા એજ મંડળીનું કામ કાજ બંધ કરવા ઠરાવ કરેલ હોઈ સુનાવણી કે વચગાળાનો આદેશ કરવો મુનાસીબ જણાયેલ નથી.

ઉપરોકત સંજોગોને લઈને નીચેનો હકમ કરવામાં આવે છે:

અંતિમ હુકમ

ધી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. ને સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીમાં ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર), અમદાવાદને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૩૯/અ-૨/૧૯૯૮.ભ-૩૩૮૫ સને ૧૯૮૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સિવીલ હોસ્પીટલ કર્મચારી સહકારી કેન્ટીન સો. લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૧ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૮૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૩૯/અ-૨/૧૯૯૬/ભ-૩૩૮૬ સને ૧૯૮૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સરીતા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૧ના ગુજરાતના કાયદો (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૮મી આકટોબર, ૧૯૮૪.

વંચાણે લીધો.—વહીવટદારશ્રીનો તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૮૪નો પત્ર ક્રમાંક વહટ/૨૯૨.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/સપવ/ડ/૧૬૩૯/૧૬૭૭૨/૮૪.—મહારાજ જગદીશ પાર્ક કો. ઓ. હા. સો. લી., ગુજરાત કો. ઓ. સોસાયટીના કાયદો સને ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સદર સંસ્થાના વહીવટમાં ગંભીર પ્રકારની ગેરરીતિઓ જણાતાં ગુજરાત સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૮૧ (૧-ક) ની જોગવાઈ મુજબ સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી તેની જગ્યાએ આ કચેરીના હુકમ ક્રમાંક : સવન/૧૫૪/ક/૩૧૭૮/૮૦, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૪ થી વહીવટદારની નિમણૂંક કરવામાં આવેલ.

કાયદાની કલમ-૮૧ (૩) ની જોગવાઈ મુજબ વહીવટદારની નિમણૂંકની મહત્તમ સમય મર્યાદા (૪) વર્ષની તારીખ ૨૩મી-ઓકટોબર, ૧૯૮૪ સુધીની પુરી થતાં વહીવટદારની અવધિની અત્રેની કચેરીની હુકમ ક્રમાંક : સવન/ડ/૧૫૭૪/૮૪ તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૪ થી સમાપ્તિ અંગેની હુકમ કરવામાં આવેલ તદનુસાર વહીવટદારશ્રીએ તેના સંદર્ભે ચૂંટાયેલી કમીટીને વહીવટ સુપ્રત કરવા માટે તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૪ના રોજ ખાસ સાધારણ સભા બોલાવવા માટેનો એજન્ડા તથા ચૂંટણી કાર્યક્રમ તૈયાર કરી મંડળીના દરેક સભ્યને તારીખ ૯મી ઓકટોબર, ૧૯૮૪ના રોજ મોકલી આપવામાં આવેલી ચૂંટણી કાર્યક્રમ અનુસાર તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૮૪ ના રોજ કારોબારી કમીટી સભ્યોની ઉમેદવારી પત્રો સ્વીકારવીના હતા. કુલ સાત સભ્યોની ચૂંટણી કરવાની હતી, ત્રણ સભ્યોઓ ઉમેદવારી પત્રો ભરેલા તેની ચકાસણી કરતાં ત્રણે સભ્યો મુદતવીતી બાકીદારો હોવાથી તેમના ઉમેદવારી પત્રો નામંજુર કરવામાં આવે છે. જેથી કારોબારી કમીટીની રચનાની કોઈ શકયતા રહેલી નથી. અને તેથી વહીવટદાર તરીકે તેઓ (વહીવટદાર) કલમ-૮ (૧) (૩) ની જોગવાઈ મુજબ ચૂંટાયેલી વ્યવસ્થાપક કમિટીને હવાલે સુપરત કરી શકાય તેમ નથી. તેથી વહીવટદારશ્રીએ કસ્ટોડીયન તરીકેની નિમણૂંક કરવા માટેની ભલામણ કરેલી છે.

ઉપરની હકીકત ધ્યાનમાં લેતા નવી વ્યવસ્થાપક કમિટી અસ્તીત્વમાં આવી ન હોઈ, સહકારી કાયદાની કલમ-૭૪ (૫) અન્વયે કસ્ટોડીયનનો હુકમ કરવાનો આવશ્યક હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જી. કે. ફકીર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ-૭૪ (૫) અન્વયે મહારાજ જગદીશ પાર્ક કો. આ. હા. સો. લી. ઉપર સહકારી ખાતોની પેનલ ઉપરના શ્રી એસ. કે. પટેલની તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૮૪ થી ૬ માસ અગર નવી સમિતિની ચૂંટણી થાય તે બેમાંથી જે વહેલું હોય તે સમજીને કસ્ટોડીયન તરીકે નિમણૂંક કરતાં આથી હુકમ કરું છું. અને તેમનું માસિક મહેનતાણું રૂા. ૩૮૦ નક્કી કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૮૪.

વંચાણે લીધા :—

(૧) ઓડીટરશ્રી. સ. મં. ગ્રેડ-૨, નવી જગ્યા (શહેર) અમદાવાદનો પત્ર તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૨.

(૨) આ કચેરીના વચગાળાનો હુકમ નં. : ફડચ/૧૮૮/આ/૧૦૭૪ તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૮૨.

ક્રમાંક ફડચ/૧૮૯/આ/૧૬૮૪૪/૨૦૬૬/૯૪.—ધી અનુપમ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદવાદ તાલુકા સીટી જિલ્લા આમદાવાદ નોંધણી ક્રમાંક : ભ-૨૯૧૨, તારીખ ૨૫મી જુન, ૧૯૭૫ થી નોંધવામાં આવી હતી.

(૧) સદરહું મંડળી ઘણા સમયથી કામ કરતી નથી.

(૨) મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યો તથા સભાસદો મંડળીના કામકાજમાં રસ લેતા નથી.

આથી મંડળીને ફડચામાં શા માટે લઈ ન જવી. તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી તે માટે આ કચેરીએ સુનાવણી રાખતા સુનાવણી સમયે કોઈ હાજર રહેલ નહીં અને વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને વચગાળાનો હુકમ કરી એક માસમાં મંડળીને પોતાની દલીલ રજુ કરવાની તક આપવામાં આવેલ અને મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી અનુપમ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૩૦મી ઓકટોબર. ૧૯૮૪.

વંચાણે લીધા :—

(૧) છઠા વધારાના ઓડીટરશ્રી, સ. મં. ગ્રાહક અમદાવાદનો પત્ર નં. અષણ/ફડચ/૫૧, તારીખ ૮મી માર્ચ, ૧૯૮૨.

(૨) આ કચેરીનો પત્ર નં. ફડચ/૧૮૯/બ/૫૬૫, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૮૨.

(૩) આ કચેરીનો વચગાળાનો હુકમ નં. ફડચ/૧૮૯/અ/૧૦૧૪, તારીખ ૭મી જુલાઈ, ૧૯૮૨.

ક્રમાંક : ફડચ/૧૮૯/અ-૧/૨૦૭૭/૧૬૯૦૬/૮૪.—ધી આવકાર કન્ઝ્યુમર્સ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ તાલુકા સીટી જિલ્લા

અમદાવાદ નોંધણી ક્રમાંક : ભ-૨૯૦૮ તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૭૫ થી નોંધવામાં આવી હતી.

(૧) સદર મંડળી ઘણા સમયથી કામકાજ કરતી નથી. અને આને સ્થગિત છે,

(૨) મંડળીમાં ઘણા સમયથી વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૩) મંડળીમાં ઘણા સમયથી વ્યવસ્થાપક સમિતિની મીટીંગો મળેલ નથી.

(૪) મંડળીના સભાસદોને મંડળીના કામકાજમાં રસ નથી.

(૫) મંડળીનું સભ્યપદ અમદાવાદ કોલેજના સ્ટાફ પુરતું મર્યાદિત હોવા છતાં અન્ય વ્યકિતઓને સભ્યપદે દાખલ કરેલ છે.

(૬) મંડળીએ ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૭) મંડળીએ ઓડીટ ફી ભરેલ નથી.

(૮) મંડળીની આર્થિક સ્થિતિ સધ્ધર નથી.

ઉપરોકત કારણોને લઈને મંડળીને ફડચામાં લઈ જવાનો, વચગાળાનો તારીખ ૭મી જુલાઈ, ૧૯૮૨નો રોજ હુકમ કરવામાં આવેલ અને એક માસમાં અત્રેની કચેરીને મંડળીને પોતાની દલીલ રજુ કરવાની તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી આવકાર કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી. અમદાવાદને સને ૧૯૬૧ ના ગુજરત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૧) લગત જિલ્લા રજિસ્ટ્રર. સ. મ (શહેર) અમદાવાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૮૪.

વાંચ્યો :—

(૧) ઓડીટર, સ.મં. (શહેર) અમદાવાદનો તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૮૨નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૩૨/૮૨.

(૨) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/અ-૧/૧૪૩, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૮૩.

જા. નંબર ફડચ/અ-૧/૨૦૭૮/૧૬૯૦૭/૮૪.—એલીસબ્રીજ મ્યુ. સ્ટાફ કન્ઝયુમર્સ. કો. ઓ. સો. લી., અમદાવાદ તાલુકો સીટી, જિલ્લો અમદાવાદની શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સં. મં. (શહેર) અમદાવાદની કચેરીમાં નોંધણી ક્રમાંક સી-૩૫૪૦ તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૬૦ થી નોંધવામાં આવેલ હતી.

(૧) ૧૯૭૮-૭૯ થી સંસ્થા ખોટમાં કામ કરેલ છે. તેની એકત્રીત ખોટ રૂા. ૨૨,૫૫૩.૩૬ પૈસા છે. સોસાયટીએ ફકત નિયંત્રીત ચીજોની વહેંચણીનું કામ કરેલ. તેની કામગીરી જોતા આ ખોટ ભવિષ્યમાં સરભર થઈ શકે તેમ જણાતું નથી.

(૨) અગાઉના ઓડીટ નોધના દુરસ્તી રીપોર્ટ કરવામાં આવેલ નથી.

(૩) પેટા નિયતની કલમ-૧૮ મુજબ દર વર્ષે તારીખ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં બોલાવવી જોઈતી વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં આવતી નથી. છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૭૮નો રોજ બોલાવેલ હોવાનું જોવા મળેલ છે.

(૪) દર માસે વ્યવસ્થાપક કમીટીની બેઠક મળવી જોઈએ, તે મળતી નથી.

(૫) રૂા. ૩૦૦ ના માસિક પગારથી પગારદાર મેનેજર રોકેલ છે. સ્ટોક તપાસણી નિયમિત થયેલ નથી, વેચાણ રજિસ્ટર, સ્ટોકપત્રક વ્યવસ્થિત રાખવામાં આવેલ નથી.

(૬) સંસ્થાના સભ્યોને કોઈ રસ હોય તેમ જણાતું નથી સંસ્થાની પાછળની ઓડિટ ફી રૂા. ૮૫૯.૬૫ વારંવાર ઉઘરાવવા પ્રયત્નો કરવા છતાં ભરપાઈ કરવાની કોઈ કાર્યવાહી થઈ નથી.

ઉકત કારણોસર મંડળીને શા માટે ફડચામાં લઈ ન જવી તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી તે માટે આ કચેરીએ તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૮૨ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ અને કોઈ રજુઆત ન થતા તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૮૩ ના રોજ વચગાળાનો હુકમ કરી ૧ માસની અંદર સંસ્થાના હોદ્દેદારોને રજુઆત કરવાની તક આપેલ.

વચગાળાના હુકમથી સંસ્થાના સેક્રેટરીશ્રીએ તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૮૩ ના સત્રથી સંસ્થામાં સંપુર્ણ રસ લઈ મંડળી ચલાવવા પ્રયત્નો કરશે અને ખોટ તે દુરકરવા પ્રયત્નો કરશે. તેમજ જનરલ મીટીંગ બોલાવી પુર્નરચના કરી વહીવટને વ્યવસ્થિત કરવાની ખાત્રી આપેલ.

મંડળીના ઉપરોકત તારીખ ૬ઠી ફેબ્રુઆરી ૧૯૮૩ ના પત્ર મુજબ મંડળીને તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૪ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે સુનાવણી રાખી સંસ્થાને ચાલુ કરવા બાબત જે કોઈ પ્રગતિ થયેલ હોય તે બાબત પ્રગતિ દર્શક અહેવાલ સાથે તેમજ તારીખ ૧લી જુલાઈ ૧૯૮૨ થી ૩૦મી જુન ૧૯૮૩ સુધીમાં હિસાબ પત્રકો અને ચોપડાઓ લઈ કચેરીએ હાજર થવા જણાવેલ.

ઉપરોકત સુનાવણીની તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૪ના રોજ મંડળી વતી શ્રી ક્રિસ્ટોફર સી. પરમાર હાજર રહી એવી રજુઆત કરેલ કે મંડળીનું કામકાજ બંધ છે. તથા મંડળ નું ઓડિટ ચાલુ હોવાથી તેઓ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૮૪ ના રોજ દફતર સાથે હાજર રહેશે તેમજ જણાવેલ. સંસ્થાના દફતર બાબત ફરીથી તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૮૪ ના રોજ હાજર રહેવા નોટીસ આપેલ પરંતુ સંસ્થાનો હોદેદાર દફતર સાથે હાજર ન રહેતા કે કોઈ રજુઆત ન કરતા અને મંડળીનું કામકાજ બંધ હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ધી એલીસબ્રીજ મ્યુ. સ્ટાફ કન્ઝયુ. કો. ઓ. સો. લી. એ અમદાવાદ ને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીમાં ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. (૨) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૮૪.

વાંચ્યો :—

(૧) સીમા ટેક્ષટાઈલ્સ કો. ઓ. ક્રેડીટ સો. લી. તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૮૨ નો પત્ર.

(૨) આ કચેરીનો વચગાળાનો હુકમ ફડચ/અ-૧/૪૨/બ/૮૩ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૮૩.

ક્રમાંક ફડચ/અ-૧/૨૦૭૯/૧૬૯૦૯/૮૪.—ન્યુ નેશનલ મીલ્સ કો. ઓ. કન્ઝયુ. સ્ટોર્સ લી., અમદાવાદ, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદ નોંધણી ક્રમાંક : સી-૧૫૫ સને ૧૯૪૧ થી નોંધાયેલ હતી.

INDEX

(૧) સદરહું મંડળી ઘણા સમયથી કામ કરતી નથી.
(૨) મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યો તથાં સભાસદો મંડળીના કામકાજમાં રસ લેતા નથી.
(૩) મંડળી ઘણા વર્ષથી સ્થગિત છે.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં શા માટે ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી તે માટે રજુઆત કરવા તક આપેલ છતાં કોઈ રજુઆત થતાં થતા વચગાળાનો હુકમ કરવામાં આવેલ. તેમાં પણ એક માસમાં રજુઆત કરવા તક આપેલ પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ ન હોવાથી એને વચગાળાના હુકમનું કવર (Refused) થઈ પરત આવેલ જેથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ન્યુ નેશનલ મીલ્સ કો. ઓ. કન્ઝયુ. સ્ટોર્સ લી. ને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩). અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે અને સદરહ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૨) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદ ની સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૮૪.

જી. કે. ફકીર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ.

વંચાણે લીધા :—
(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.
(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. : ઘખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૯-બી, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.
(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, અમદાવાદના હુકમ નં. : એડીએમ (૧) એ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.
(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૧, નો તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૪નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૮૯૧/૮૪.—શ્રી લેકાવાડા દૂધ ઉ. સ. મં. લિ., મુ. લેકાવાડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો, ગાંધીનગર, જે નોંધણી નંબર ૭૨૨, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ચ-૩/૪૬૮૨, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૧ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીઓ છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે, અને છેલ્લે ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવા આજે આપેલ છે.

આદેશ

હું સુ. છો. શાસ્ત્રી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૨ તથા ૨ મુજબનો સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનયમની કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ શ્રી લેકાવાડા દૂધ ઉ. સ. મં. લી., મુ. લેકાવાડા, તાલુકો ગાંધીનગર, જિલ્લા ગાંધીનગર, કે જેનો નોંધણી ક્રમાંક : ૭૨૨ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૨ છે. તેનો નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૮૪.

વંચાણે લીધા :—
(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.
(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્રનં. : ઘખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૯-બી તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.
(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧) એ. તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.
(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૫નો તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૯૦૬/૮૪.—શ્રી દેવડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. દેવડી તાલુકો દસક્રોઈ, જિલ્લો અમદાવાદ નોંધણી નં. ૩૩૭૯ તારીખ ૧૯મી મે, ૧૯૭૧થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ચ-૩/૩૩૯૫ તારીખ ૨૩મી મે, ૧૯૭૮થી કાયમી ફડચામા લઈ જવામા આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીનો છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લે ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આદેશ

હું, સુ. છો. શાસ્ત્રી, જિલ્લા રજિસ્ટ્રાર સહકાર મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક (૧) તથા (૨) મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ શ્રી દેવડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. દેવડી, તાલુકો દસક્રોઈ, જિલ્લો અમદાવાદને જેનો નોંધણી ક્રમાંક ૩૩૯૫, તારીખ ૧૮મી મે, ૧૯૭૧ છે. તેનો નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૪.

વંચાણે લીધા :—
(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.
(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ઘખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૯-બી તારીખ ૩૦મી જુલાઈ ૧૯૬૫.
(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુજરાત રાજય અમદાવાદના હુકમ નં. એડીએમ (૧) ને તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૬૬.
(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૧નો તારીખ ૧લી ઓકટોબર, ૧૯૮૪નો અહેવાલ.

જા. નં. : ઉખસ/ફડચ/ચ-૩/૯૩૬/૮૪.—શ્રી નાગરિક કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. મુ. ધોળકા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ જે નોંધણી નં. ભ-૧૯૧૮ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૬૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સહકારી મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ-ચ-૩/૨૩૮૨ તારીખ ૨૪મી મે, ૧૯૭૬ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહ મંડળીનો છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે અને છેલ્લે ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

INDEX

આદેશ

હું સ. છો. શાસ્ત્રી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદના વંચાણે લીધા ક્રમાંક (૧) તથા (૨) મુજબના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ શ્રી નાગરિક કન્ઝ્યુ. કો. ઓ. સ્ટોર્સ લી. મુ. ધોળકા તાલુકો ધોળકા જિલ્લો અમદાવાદ જેનો નોંધણી ક્રમાંક ૨૩૮૨ તારીખ ૨૪મી મે ૧૯૭૬ છે. તેનો નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓક્ટોબર, ૧૯૮૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં.: ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬-બી, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી, અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં. એડીએમ(૧) ને તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૧ નો તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૮૪નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૯૩૮/૮૪.—શ્રી જનતા ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. વિરમગામ, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ જે નોંધણી નં. ૨૦૨૦ તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૭૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/ચ-૩/૩૧૮૨/ તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૭૮ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લે ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી રદ આથી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આદેશ

હું સુ. છો. શાસ્ત્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ,) અમદાવાદના વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ શ્રી જનતા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ વિરમગામ, તાલુકો વિરમગામ જિલ્લો અમદાવાદ, કે જેનો નોંધણી ક્રમાંક: ૨૦૨૦ તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૭૩ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓક્ટોબર, ૧૯૮૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, -૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઈ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં.: ધખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬ બી, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદનો હુકમ નં.: એડીએમ (૧) એ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં. ૨નો તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૮૪નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ-ચ-૩/૯૩૯/૮૪.—શ્રી લીહોડા ગ્રુપ સેવા સહકારી મંડળી લી, મુ. લીહોડા, તાલુકો દહેગામ, જિલ્લો અમદાવાદ જે નોંધણી નં. ૧૨૬૩૨ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૧૯૫૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહુ મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/ચ-૩/૭૧૧, તારીખ ૧૨મી મે, ૧૯૭૫ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લે ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આદેશ

હું સુ. છો. શાસ્ત્રી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ શ્રી લીહોડા ગ્રુપ સેવા સ. મં. લી., મુ. લીહોડા, તાલુકો દહેગામ, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક: ૧૨૬૩૨ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૧૯૫૩ છે. તેનો નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓક્ટોબર, ૧૯૮૪.

નંબર ઉખસ/નધણ/ક-૩/૨૭૬૩/ઉ/૫૩૮૩/૮૪.—આથી જાહેર કરે છે કે શ્રી શકિત હરિજન મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધારપીપળા તાલુકો ધંધુકા, જિલ્લો અમદાવાદ સને. ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૮૪.

નં. :- ઉખસ/નધણ/ક-૩/૨૭૬૪/ સેદુ ૧૦૯૯૭/૮૪.—આથી જાહેર કરે છે કે કષ્ટભંજન દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સાળંગપુર, તાલુકો ધંધુકા, જિલ્લો અમદાવાદ સને. ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૮૪

સુ. છો. શાસ્ત્રી,
જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળી,
(રૂરલ) અમદાવાદ.

નં. ઉખસ/નધણ/ખે/૨૭૫૨/જ/૨૭૫૦.—આથી જાહેર કરે છે કે કલોલ તાલુકા અનુસુચિત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૮૪.

નં. ઉખસ/નધણ/ઘ-૧૦૯૨૩/જ/૨૭૫૧.—આથી જાહેર કરે છે કે રામબલરામ એપાર્ટમેન્ટ કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૮૪.

INDEX

વાંચ્યો :—

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૫૬૪૪/તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૭૩.

(૨) શ્રી સહકારી અધિકારી /ફડચો/૨/મહેસાણાના જા. નં. ફડચ/૦૧/૧૪૩૯/૮૪ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૮૪થી આવેલ તાવડીયા પિયત સહકારી મંડળી લી. ફડચામાં મુ. તાવડીયા તા. મહેસાણાની નોંધણી રદ થવા માટેની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/જ/૨૭૯૪ સને ૧૯૮૪.—તાવડીયા પિયત સહકારી મંડળી લી. (ફડચામાં) મુ. તાવડીયા, મુકામ તાવડીયા તાલુકો. મહેસાણા જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા. ની ઓફીસના જાવક નંબર ફ/૫૬૪૪ તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૭૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—

૧. શ્રી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી શ્રી પ્રમાણિત નં. ૧ મહેસાણાના ક્રમાંક /અમણ/૦૧/૨૫૪/૮૩ તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૮૩થી આવેલ ખાસ અહેવાલ.

શ્રી હરસિધ્ધનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સો. લી. મુ. લાલ-કતા. વિસનગરનું ઓડીટ તારીખ ૧લી જુલાઈ ૧૯૮૨ થી ૧૨મી ઓકટોબર ૧૯૮૩ સુધીનું કરવામાં આવેલ છે. મંડળીનું રજિસ્ટ્રેશન થયા પછી કોઈ પ્રગતિ કરવામાં આવેલ નથી. મંડળીને પોતાના મકાનો બાંધવા માટે લોન મળેલ નથી. તેથી સભ્યોને મંડળીમાં રસ રહયો નથી. મંડળીમાં ફકત એક જ સભ્ય સિવાય તમામને ફાળો પરત આપી દેવામાં આવેલો છે. મંડળીને ચાલુ રાખવામાં કાર્યવાહકો તેમજ સભ્યોને રસ જણાતો નથી મંડળી તેનાં પેટા નિયમ પ્રમાણે કામકાજ કરતી નથી. મંડળી "ડ" વર્ગમાં આવે છે. મંડળી તરફથી ઓડીટની દુરસ્તી કરવામાં આવતી નથી. મંડળીના સભ્યો વતી પ્રમુખશ્રીએ મંડળીને સ્વેચ્છાએ ફડચામાં લઈ જવાનું લેખીત નિવેદન આપેલ છે. સઘળી હકીકત જોતાં સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થા કે સભ્યોના હીતમાં નથી.

ઉપરોકત નોંધમાં જણાવેલ કારણોસર આથી હું એન. ટી. ખરાદી જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરૂ છું.

વચગાળાનો આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/જ/૨૭૯૫/૧૯૮૪.—ધી શ્રી હરસિધ્ધ-નગર કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી. મું. ભાલક તાલુકો વિસનગર જિલ્લો મહેસાણાને નોંધણી નંબર જિ. પં.સ. ૫૧૮૭ તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૭૫થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ ક-૨/(૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી જી. જી. લાકડાવાલા ખાસ ફડચા અધિકારી મહેસાણા. મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હકમ નીકળ્યા તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાચ્યો :

(૧) શ્રી સબ-ઓડીટર સહકારી મંડળીઓ હારીજના પત્રક આષાણ (૦૧) ૧૩૧/૮૨, તારીખ ૫-૪-૧૯૮૨ થી આવેલ આડીટ અહેવાલ.

રામવિજય કો. ઓપરેટીવ. હા. સો. લી. મુ. વાઘેલ તા. સમીનું ઓડીટ તારીખ ૧-૪-૧૯૮૧ થી-- ૨૮-૨-૧૯૮૨ સુધીના સમયનું સબ-ઓડીટર સ. મં. હારીજ તરફથી થતા નીચેની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી તરફફથી છેલ્લા છ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ કરવામાં આવેલ નથી. (૨) ઓડીટ સમય દરમ્યાન વાર્ષિક સા. સભા મળી નથી. તેમજ આ અંગે કોઈ મંજૂરી લેવામાં આવી નથી (૩) મંડળી ની વ્ય. કમીટીની ઠરાવ બુકઓડીટ સમયે રજુ કરવામાં આવેલ નથી. (૪) હિસાબો લખવા કોઈ પગારદાર માણસ રાખેલ નથી. (૫) શેર સર્ટિ. આપેલા નથી તેમજ સભાસદોના વારસદારોની નિમણુંક કરવામાં આવેલ નથી. (૬) મંડળી તેના પેટા-નિયમ મુજબ કામકાજ કરતી નથી. (૭) મંડળીની તારીખ ૨૨મી ઓગષ્ટ ૧૯૮૦ની વા. સા. સભામાં મંડળને ફડચામાં લઈ જવા ઠરાવ કરેલ છે. તે પછી કોઈ સા. સભા મળી નથી.

સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો ન હોઈ સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થા કે સભ્યોના હીતમાં ન હોઈ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

જા. નં. ઉખસ/ફ/૭૬૬૮/જ/૨૭૯૬/૮૪.— રામવિજય કે. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ વાઘેલ, તાલુકો સમી જિલ્લો મહેસાણા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર જિલ્લા પંચાયત સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ઘ. ૩૪૨૨ તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૭૩ થી નોંધાવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (અ) (બ) (ક) ૨, ૪, અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા-- અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ૩ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

INDEX

વાંચ્યો :

(૧) આ કચેરીના પત્ર ક્રમાંક /ફડચ/૦૧/જ/૧૩૫૧/૮૪ થી આપેલ કારણ નોટીસ.

શ્રી ગણવાડા સેવા સહકારી મંડળી લી. ગણવાડા તા. સિધ્ધપુરનુ આડીટ તારીખ ૧-૧-૧૯૮૨ થી ૩૧-૧૨-૧૯૮૨ સુધીના સમયનુ શ્રી સબ આડીટર સ. મં. સિધ્ધપુર તરફથી થતાં નીચેની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીએ છેલ્લા સાતથી આઠ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ કરેલા નથી. (૨) મંડળી તેના પેટા નિયમ મુજબ કામકાજ કરતી નથી. (૩) મંડળીમાં ઓડીટ ફી બાકી પડે છે. (૪) મંડળી "ડ" વર્ગમાં ચાલે છે અને ધિરાણ પ્રવૃત્તિ બીલકુલ સ્થગીત છે: તદ્ઉપરાંત સંસ્થામાં શેરભંડોળ કરતાં ખોટનું પ્રમાણ વધારે છે. સંસ્થામાં મોટી બેંક લોન મુદતવીતી બાકી છે. જેના દાવાના કાગળો પણ તૈયાર કરવામાં આવ્યા નથી અને ધિરાણનુ પુનઃવસન પણ કરેલ નથી મંડળી હાલમાં બીનસક્ષમ અને બીનકાર્યક્ષમાં ગણી શકાય. મંડળીની વ્ય.કમીટી પોતાની ફરજો બજાવવમાં રસ દાખવતી હોય તેવું જણાતું નથી.

આવા સંજોગોમાં સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થા કે સભ્યોના હીતમાં ગણી શકાય નહીં.

ઉપરોક્ત નોંધમાં જણાવેલ કારણોસર આથી હું, એન. ટી. ખરાદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

વચગાળાનો આદેશ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧/જ/૨૭૯૭.— ધી ગણવાડા સેવા સહકારી મંડળી લી. સહકારી મંડળી લી. મુ. ગણવાડા જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૧૫૦૭ તાલુકો સિધ્ધપુર થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અ, બ, ક, ૨, જ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી જી. જી. લાકડાવાલા ખાસ ફડચા અધિકારી મહેસાણા, મહેસાણાની-- નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા- તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

———

વાંચ્યો :—

(૧) આ કચેરીના જા. નં. ફડચ/૦૧/જ/૧૩૩૮/૮૪ તારીખ ૭મી એપ્રિલ ૧૯૮૪થી આવેલ કારણ દર્શક નોટીસ.

શ્રી સદુથલા મજૂર સહકારી મં. લી., સદુથલા તા. ચાણસ્માનુ તારીખ ૧૩મી માર્ચ ૧૯૮૨ થી તારીખ ૩૦મી જૂન ૧૯૮૩ સુધીના સમયનુ ઓડીટ શ્રી સબ ઓડીટરસ. મુ. ચાણસ્મા તરફથી થતી નીચેની ખામીઓ જણાઇ આવેલ છે.

૧. મંડળી તેના પેટા નિયમ મુજબ કામકાજ કરતી નથી. ૨. છેલ્લા નવ વર્ષથી મંડળીસ્થગીત છે. ૩. મંડળીમાં ૧૯૭૫ પછી કોઈ મીટીંગો ભરવામાં આવી નથી. ૪. મંડળીના સભ્યોને મંડળીના વહીવટમાં રસ જણાતો નથી. ૫. મંડળીની ઓડીટ ફી ૧૯૭૨ -૭૩ થી બાકી પડે છે. જે ભરવામાં આવેલ નથી. ૬. મંડળીના હીસાબી ચોપડાઓ સ્થળપર રાખવામાં આવતાં નથી. ૭. મંડળી "ડ" વર્ગમાં ચાલે છે. ૮. મંડળીએ અત્યાર સુધી કોઇ પ્રગતિ કરેલી નથી. તેમજ ઓડીટ કામગીરીમાં પણ નિષ્કાળજી દાખવેલ છે.

સદર હકીકત જોતાં સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થાના કે સભ્યોના હીતમાં જણાતુ નથી.

ઉપરોક્ત નોંધમાં જણાવેલ કારણોસર આથી હું એન. ટી. ખરાદી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરુ છું.

વચગાળાનો આદેશ

જા. નં. ઉખસ/ ફડચ/૦૧/જ/૨૭૯૮.— ધી સદુથલા મજુર સહકારી મંડળી લી. મુ. સહકારી મંડળી લી. સદુથલા તાલુકો ચાણસ્મા જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૨૫૦૩ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૭૦ થી– નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (અ.) (ક)-૨ (જ)અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકાર અધિકારી /ફડચો) ૩ મહસાણા મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાનો હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

———

વાંચ્યો :—

(૧) આ કચેરીનો ફડચાનો હુકમ ક્રમાંક/ઉખસ/ફડચ/ ૭૬૬૩/જ/૮૩૫. તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૪

(૨) શ્રી સહકારી અધિકારી /ફડચો/૩/મહેસાણાના ક્રમાંક /ફડચ/૦૧/ ૩/૧૬૪/૮૪ તારીખ ૩૦મી જુલાઈ ૧૯૮૪.

હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/જ/૨૭૯૯/સને ૧૯૮૪.—શ્રી ગજાનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ફડચામાં મુકામ કણઘેર તાલુકો પાટણ, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉખસ/ફ/૭૬૬૩ તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૪થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—

(૧) આ કચેરીનો હુકમ ક્રમાંક/ઉખસ/ફ/૬૬૫૫/ધ/૧૬૩૮/૭૭ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૭૭.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચો(ર) મહેસાણાના જા. નં. ફડચ/૦૧/૧૪૨૯/૮૪ તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૮૪થી આવેલ ડીંગુચા પિયત સહકારી મંડળી લી. /ફડચામાં/ ની નોંધણી રદ કરવા માટેની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક/ઉખસ/ફડચ/૦૧/જ/૨૮૦૦/સને ૧૯૮૪.—ડીંગુચા પિયત સહકારી મંડળી લી., /ફડચામાં/ મુકામ ડીંગુચા તાલુકો કલોલ. જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૬૬૫૫ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૭૭ થી આટેપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—

(૧) આ કચેરીનો હુકમ ક્રમાંક/ઉખસ/ફ/૭૪૪૪ તારીખ ૨૯ મી જુલાઈ ૧૯૮૨.

(૨) શ્રી જી. જી. લાકડાવાલા ખાસ ફડચા અધિકારીના જા. નં. (ફ)વિજયનગર(ગો) ગણો/૮૪ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૮૪થી આવેલ વિજયનગર ગોપાલન અને ગણોતીયાની ખેતી સહકારીમંડળી લી (ફડચામાં) મુ. બલાસર તા કડીની નોંધણી રદ કરવા માટેની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/જ/૨૮૦૧/સને ૧૯૮૪.—વિજયનગર ગોપાલન અને ગણોતીયા ખેતી સહકારી મંડળી લી. (ફડચામાં) મુકામ બલાસર તાલુકો કડી, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા ની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૪૪૪ તારીખ ૨૯મી જૂલાઈ ૧૯૮૨થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે અને આ હુકમ નીકળ્યાની તારીખ થી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા,- તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો:—

(૧) આ કચેરીના જા. નં. ફડચ/૦૧/જ/૧૮૨૬/૮૪ તારીખ ૩૧મી મે ૧૯૮૪થી આવેલ કારણદર્શક નોટીસ.

ધમાસણ, સેવા સહકારી મંડળી લી. નું ઓડીટ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૮૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૮૩ સુધી ના સમય નું ઓડીટર સ. મં. કલોલ, (નવી જગ્યા) તરફથી થતાં નીચેની ખામીઓ જણાઇ આવેલ છે.

૧ સંસ્થા છેલ્લા સાત વર્ષથી સ્થગીત હાલતમાં છે. ૨ છેલ્લા ત્રણ વર્ષ થી વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવતી નથી તારીખ ૧૫મી જૂલાઈ ૧૯૮૨ પછી વ્યવસ્થાપક કમીટીની મીટીંગો મળી નથી ૪ મંડળીમાં લાંબા સમયથી મુદતવીતી ધિરાણ બાકી પડે છે જે વસુલાત અંગે કોઇ પ્રયત્નો કરેલ નથી ૫ ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી ૬ મંડળીને ફડચામાં લઈ જવા ખાસ સાધારણ સભામાં ઠરાવ કરેલ છે ૭ મંડળી "ડ" વર્ગમાં ચાલે છે ૮ સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

આવા સંજોગોમાં સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થા કે સભ્યોના હીતમાં ગણી શકાય નહી.

હુકમ

જા. નં. ઉખસ/ફ/૭૬૬૯/જ/૨૮૦૨/૪૪—ધમાસણ સેવા સહકારી મંડળી લી. ધમાસણ મુકામ ધમાસણ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટાર, જિલ્લા પંચાયત સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ૨૦૨૮૫ તારીખ ૨૪મી માર્ચ ૧૯૬૦થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (અ), (બ), ક-૨, ૪, અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જી જી લાકડાવાલા ખાસ ફડચા અધિકારી, મહેસાણા ની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—

૧. આ કચેરીનો ફડચાનો હુકમ ક્રમાંક /ઉખસ/ફ/૭૪૪૮/ તારીખ ૨૯મી જૂલાઈ ૧૯૮૨

૨. શ્રી જી. જી. લાકડાવાલા, ખાસ ફડચા અધિકારીના જા. નં ફ/રામનગર/ગો/૮૪ તારીખ ૨૨મી જૂલાઈ ૧૯૮૪થી આવેલ રામનગર પંચાયતની ગોપાલ અને ગણોતિયાની સહકારી ખેતી મંડળી લી. ફડચામાં/મુ બલાસર તાલુકો કડીની નોંધણી રદ કરવા માટેની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક /ઉખસ/ ફડચ/૦૧/જ/૨૮૦૩/૧૯૮૪—રામનગર ગોપાલન અને ગણોતીયાની સહકારી મંડળી લી મુકામ બલાસર તાલુકો કડી, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ મહેસાણા ની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૪૪૮ તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૨ થી આટેપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે, અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / ધ-૧૦૯૨૪ / જ / ૨૮૧૪.— આથી જાહેર કરે છે કે પંચશીલ કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા,

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ-૧૦૯૨૬ / જ / ૨૮૧૫.— આથી જાહેર કરે છે કે અભિષેક કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો. ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / ધ-૧૦૯ ૨૫ / જ / ૨૮૧૬.— આથી જાહેર કરે છે કે નિર્ણય નગર કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / સે-૨૦૦૯૭ / જ / ૨૮૫૭.—આથી જાહેર કરે છે કે સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ કડી તાલુકો કડી જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી ઓકટોબર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / સેદૂ-૨૦૦૯ ૬ / જ / ૨૮૫૮.—આથી જાહેર કરે છે કે અંજરાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ અંજરાપુરા તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી ઓકટોબર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / સેદૂ / ૨૦૦૯૫ / જ / ૨૮૫૯.— આથી જાહેર કરે છે કે સયાજીનગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ સયાજીનગર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી ઓકટોબર, ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / ધ-૧૦૯૨૭ / જ / ૩૨૫૨.— આથી જાહેર કરે છે "ગોલ્ડનપાર્ક કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવ છે.

મહેસાણા, તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૮૪.

નંબર ઉખસ / નધણ / સેદૂ ૨૦૦૯૮ / જ / ૩૩૧૪.— આથી જાહેર કરે છે કે મોતીપુર (વેડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળ લિ. મર્યાદિત સ્થળ મોતીપુરા (વેડા) તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૫મી નવેમ્બર ૧૯૮૪.

નંબર ઉખસ/નધણ/સેદૂ-૨૦૧૦૦/જ/૩૩૧૬.—આથી જાહેર કરે છે કે દેત્રોજપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દેત્રોજપુરા તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી નવેમ્બર ૧૯૮૪.

નંબર ઉખસ/નધણ/સેદ-૨૦૦૯૯/જ/૩૩૧૫.—આથી જાહેર કરે છે કે વિજાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિજાપુર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા. સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી નવેમ્બર ૧૯૮૪.

એન. ટી. ખરાદી,
જિલ્લા રજિસ્ટ્રાર.
સહકારી મંડળીઓ,
મહેસાણા.

નંબર નધણ/ધ-૧૧૪૩૩/૫૩૨૨/૮૪.—જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદ આથી જાહેર કરે છે કે સંતરામ એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ જી. નડીયાદ તાલુકો નડીયાદ જિલ્લો ખેડા સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓની કાયદો ૧૯૬૧)ની કલમ અન્વયે આજરોજ ક્રમાંક નધણ/ધ-૧૧૪૩૩/૮૪, તારીખ સપ્ટેમ્બર ૧૯૮૪ થી નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૮૪.

હુકમ

વાંચ્યો :—બી/ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) નં. ૪ નડીયાદ ના જા. નં. ફડચ/૦૧/જ/૬૩/૮૪ તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૮૪ નો પત્ર.

જા. નં. ઉ.ખ.સ./ફડચ/ખ/૫૩૨૩ :—વરસડા મચ્છી ઉત્પાદક વાઘરી કામદાર સહકારી મંડળી લી. મુકામ વરસડા તાલુકા ખંભાત,

INDEX

જિલ્લો ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૧૩૦૭૪ તારીખ ૨૨મી જુલાઇ ૧૯૭૫ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ. સ. /ક જ /ફડચા/ખ/૨૬૫૩ તારીખ ૨૩મી મે ૧૯૮૪થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૪૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખ થી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—ભડકદ સેવા સહકારી મંડળી લી. ભડકદ તાલુકા પેટલાદ ને ફડચામાં લઇ જવા અંગેના આ કચેરીનો વચગાળાનો હુકમ જા. નં. ફડચ/૦૧/ખ/૨૯૨૨ તારીખ ૨જી જુન ૧૯૮૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૫૩૨૫.—ભડકદ સેવા સહકારી મંડળી લી. ભડકદ મુકામ ભડકદ તાલુકો પેટલાદ, જિલ્લા ખેડા શ્રી મદદ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (જી.પં.) નડીઆદની ઓફીસના નોંધ નંબર ૧૪૮૮૫, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૬૩ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ૧- નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) થી હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીયાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—આ કચેરીનો યોગી પીયત સહકારી મંડળી લી. મું. ગંભીરા તાલુકા બોરસદને ફડચામાં લઇ જવા બાબતનો તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૮૪ નો વચગાળાનો ફડચાનો હુકમ.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૫૩૫૪ .—યોગી પિયત સહકારી મંડળી લી., ગંભીરા મુકામ ગંભીરા, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (જી. પં.) નડીઆદ ની ઓફીસના નોંધ નંબર ખે-૨૪૮૬ તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૮૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ન. જ. નડીઆદની- સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—આ કચેરીનો કહાનવાડી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. કહાનવાડી, તાલુકો બોરસદને ફડચામાં લઇ જવા બાબતનો તારીખ ૧૮મી ઓગષ્ટ ૧૯૮૪નો જા. નં. ફડચ/૦૧/ખ/૩૯૬૭/૮૪ નો ફડચાનો વચગાળાનો હુકમ.

હુકમ

ક્રમાક ઉ.ખ.સ./ક.જ./ફડચ//ખ/૫૩૬૦.—કહાનવાડી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુકામ કહાનવાડી, તાલુકો બોરસદ જિલ્લા ખેડા, શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (જિ. પં.) નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે-૨૪૮૨ તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૮૦થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ન. જ. નડીઆદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ /નિમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વાંચ્યો :—આ કચેરીનો ખેડાસા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., ખેડાસા, તાલુકો બોરસદને ફડચામાં લઈ જવા બાબતનો તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૮૪ ના જા.નં. ફડચ/૦૧/ખ/૩૯૬૯/૧૯૮૪ નો ફડચાનો વચગાળાનો હુકમ.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૫૩૬૨.—ખેડાસા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ ખેડાસા, તાલુકો બોરસદ, જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (જિ. પં.) નડીઆદની ઓફીસના નોંધ નંબર-૪૬૨૫ તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૨૫થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓ કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ન.જ. નડીઆદ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૯૮-કો-ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવુ.

નડીઆદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૪.

વંચાણે લીધો :—

(૧) આ કાર્યાલયના હુકમ નં. ઉખસ/ક.જ-/ફડચ/ખ-૫૨૧૭ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો નવચેતન ગ્રાહક સહકારી મંડળી લી. કણજરી તાલુકો નડીઆદ સહકારી મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ.

(૨) ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહ. બેંક લી- નડીઆદનો તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના પત્ર નં. ત/૧૨૬૯૯

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૫૩૬૭/૧૯૮૪ —નવચેતન ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. કણજરી, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક : ઉખસ/ક જ /ફડચ/ખ/૫૨૧૭, તારીખ.

INDEX

૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) નં. ૪, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. ફડચા અધિકારીની વધુ જગ્યા આવ-વાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) નં. ૪, નડીઆદની નિમણૂંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની નિમણૂંક કરું છું.

નડીઆદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

વાંચ્યો :—શ્રી ફડચા અધિકારી-ખાણુસોલ સેવા સહકારી મંડળી લી. (ફડચામાં) મુ. ખાણસોલ તાલુકો પેટલાદ અને મેનેજર ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. નડીઆદના જા. નં. ૩૭/૫૬૭૮ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૪નો મંડળીની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હૂકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૫૪૨૨/૮૪—ખાણુસોલ સેવા સહકારી મંડળી, લી., મુકામ ખાણસોલ, તાલુકા પેટલાદ, જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૧૧૨૯૪ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૭૧ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/ખ/ફડચા/૧૯૯૯ તારીખ ૧૮મી મે, ૧૯૭૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

વાંચ્યો —શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા-૧) નડીઆદના જા.નં. ફડચ/જ/૪૨૮, તારખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો પોલ્સન ડેરી એમ્પ્લોઈઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. (ફડચામાં) મુ. આણંદની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉ.ખ.સ./ફડચ/ખ/૫૪૨૪-૮૪.—પોલશન ડેરી એમ્પ્લોઈઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., મુકામ આણંદ, તા. આણંદ, જિલ્લા ખેડા, શ્રી જિલ્લા રજિસ્ટર, સહકારી મંડળીઓ નડીઆદ ઓફીસના નોંધ નંબર ૪૨૨૬ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૬૩ થી નોંધવામાં આવી હતી. અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રર, સહકારી મંડળીઓ નડીઆદના હુકમ નંબર ઉખ.સ/સ./.જ./ફડચ/ખ/૬૯૪ તારીખ ૧૧મી ફેબ્રુઅરી, ૧૯૮૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

વાંચ્યો:—શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) ન.જ. નડીઆદાના જા. નં. ફડચ/૦૧/જ/૧૩૬/૮૪ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો પત્ર.

હુકમ

જા. નં. ઉ-ખ-સ /ફડચ/ખા/૫૪૪૧/૮૪—રૂદેલ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. રૂદેલ, મુ. રૂદેલ, તાલુકો બોરસદ, જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદના ઓફીસના નોંધ નંબર ૧૪૦૬૦ તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૭૬ નોંધવામાં આવી હતી. અને જેનુ કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખા. સ./ક. જ./ફડચ/ખા/૨૪૪૫ તારીખ ૧૪મી મે ૧૯૮૪થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦) સને ૧૯૬૨ ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૮૪.

નંબર ઉખસ/નધણ/સ-/૨૨૬૩/ખ/૫૫૩૫ ૮૪—આથી જાહેર કરે છે કે ધી બાલાસિનોર મજૂર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સ્થળ બાલાસિનોર તાલુકા જીલ્લા ખેડા, સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) અન્વયે આજરોજ ક્રમાંક નધણ/સ/૨૨૬૩/તારીખ ૯મી ઓકટોબર ૧૯૮૪થી નોંધવામાં આવી.

નડીઆદ, તારીખ ૯મી ઓકટોબર ૧૯૮૪.

વંચાણે લીધા :

(૧) મેઘદૂત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. નડીઆદના વ્યવસ્થાપક કમીટી સભ્ય શ્રી ચંદુભાઇ હરમાનભાઇનો તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૮૪ નો રાજીનામા પત્ર.

(૨) શ્રી બી. બી. પટેલ, પ્રમુખશ્રી, મેઘદૂત, કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. નડીઆદનું રાજીનામું તેમજ વહીવટીદાર નીમણુંક અંગેની તારીખ ૨૨મી જૂન ૧૯૮૪ ની સ્વૈચ્છિક રજૂઆત.

(૩) શ્રી કે. એચ. પટેલ, ૧૦, માતંગી સોસાયટી, વૈશાલી રોડ, નડીઆદનો વહીવટદાર તરીકે કામગીરી કરવાનો તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૮૪ નો સંમતિપત્ર

હુકમ

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૫૫૩૩/૮૪ :—મેઘદૂત કો. ઓપ. હાઈઉસીંગ સોસાયટી લી. નડીઆદ, તાલુકા નડીઆદની વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા કાનુન અને પેટા કાયદાની અન્વયે નાખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર સંતોષકારક રીતે બજાવવા શકિતમાન ન હોવાથી અને મંડળની હાલની અનિયમિતતાઓ દૂર કરવામાં ઉપરની છણાવટની દ્રષ્ટિએ નકકર પગલાં ભરવા માટે નિષ્ફળ થયેલ હોવાથી, ખામી થવાથી ગુજરાત સહકારી મંડળીઓના, કાયદા-૧૯૬૧ની કલમ-૮૧ (૧) હે ળ મને મળેલ અધિકારની રૂએ હું, શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી નડીઆદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જ જગ્યાએ શ્રી કે. એચ. પટેલ, નડીઆદની મંડળીનું કામકાજ ચલાવવા

INDEX

માટે વહીવટદાર તરીકે નીમણંક કરૂ છુ વહીવટદાર પોતે જે તારીબથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે અને તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે. શ્રી કે. એચ. પટેલનું માસિક મહેનતાણું ચાર્જ લીધા બાદ નકકી કરવામાં આવશે જે મેઘદૂત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. એ ભોગવવાનું રહેશે અને મંડળીના ફંડમાંથી ચૂકવવામાં આવશે.

નડીઆદ, તારીખ ૯મી ઓકટોબર ૧૯૮૪.

વંચાણે લીધા : (૧) કમલેશ પાર્ક કો. ઓપ. હા. સો. લી. નડીઆદ ની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૦મી જૂલાઈ ૧૯૮૪ ક. નં. ૫ થી વહીવટદાર નીમવા અંગેનો પસાર થયેલ ઠરાવ

(૨) કમલેશપાર્ક કો. ઓપ. હા. સો. લી. નડીઆદ ના પ્રમુખશ્રીનો તારીખ ૨૯મી જૂલાઈ ૧૯૮૪ નો પત્ર

(૩) શ્રી કે. એચ. પટેલ, ૧૦, માતંગી સોસાયટી વૈશાલી રોડ, નડીઆદનો તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૮૪થી આવેલ સંમતિ પત્ર

હુકમ

જા નં ઉખસ/સવન/૭૧/ખ-૫૩૬/૮૪ —કમલેશપાર્ક કો. ઓપ હા. સો. લી. નડીઆદ તાલુકો નડીઆદની વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા કાનૂન અને પેટા-કાયદાની અન્વયે નાખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર સંતોષકારક રીતે બજાવવા શકિતમાન ન હોવાથી અને મંડળીની હાલની અનિયમિતતાઓ દૂર કરવામાં ઉપરની છણાવટની દ્રષ્ટિએ નક્કર પગલાં ભરવા માટે નિષ્ફળ ગયેલ હોવાથી ખાત્રી થવાથી ગુજરાત સહકારી માંડળીઓના કાયદા -૧૯૬૧ ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું શ્રી પી. એસ. મહેતા જિલ્લા રજિસ્ટાર, સ. માં નડીઆદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટિની દૂર કરી તેની જગ્યાએ શ્રી કાન્તિલાલ એચ. પટેલ નડીઆદની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણૂંક કરું છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે અને તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે શ્રી કે. એચ. પટેલ નું માસિક મહેનતાણું ચાર્જ લીધા બાદ કામકાજના પ્રમાણમાં હવે પછી નક્કી કરવામાં આવશે-

નડીઆદ, તારીખ ૯મી ઓકટોબર ૧૯૮૪.

વાંચ્યો :—

આ કચેરીનો તારીખ ૪થી સપ્ટેમ્બર નો ૧૯૮૪નો પત્ર જા. નં. ફડચ/૦૧/ખ/૫૦૦૧ નો તારાપુર મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. તારાપુર તા. ખંભાતને ફડચામાં લઈ જવા અંગેનો ફડચાનો વચગાળાનનો હુકમ

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક. જ./ડચ/ખ/તારાપુર.—મજર કામદાર સહકારી મંડળી લી. મુકામ તારાપુર તાલુકો ખંભાત, જિલ્લો ખેડા, શ્રી મદદ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત)નડીઆદ ની ઓફીસના નોંધ નંબર ૧૪૨૪૩ તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૭૮ નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ન. જ. નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું

નડીઆદ, તારીખ ૯મી ઓકટોબર ૧૯૮૪.

નં ઉખસ/નધણ/ઘ-૧૧૪૩૬/ખ-૫૫૪૪/૮૪.—આથી જાહેર કરે છે કે સ્વામિકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નધણ/ઘ-૧૧૪૩૬ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૮૪થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૮૪.

વાચ્યો :- (૧) આ કચેરીનો તારીખ ૧૮મી ઓગષ્ટ ૧૯૮૪નો પત્ર જા. નં. ફડચ/૦૧/ખ/૩૯૭૦નો અમીયાદ સેવા સહકારી મંડળી લી. અમીયાદ તાલુકો બોરસદ ને ફડચામાં લઈ જવા અંગે ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) મંડળીની ફડચા અધિકારી તરીકેની નિમણૂંક ની સહમતી દર્શાવતો ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદ નો તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૮૪નો પત્ર નં. ૧/૩૭/૧૬૦૦૮.

હૂકમ

ક્રમાંક ઉ.ખ.સ./.ક.જ./ફડચ/ખ/૫૫૬૯.—અમીયાદ સેવા સહકારી મંળી લી. મુકામ અમીયાદ તાલુકો બોરસદ જિલ્લા ખેડા. ની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત) નડીઆદ ની ઓફીસના નોંધ નંબર ૪૨૬૦ તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૬૭ થી નોધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હૂકમ કરવામાં આવે છે .અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદ ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવુ.

નડીઆદ, તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૮૪.

વાંચ્યો :-આ કચેરીનો તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૮૪નો પત્ર જા. નં ફડચ/૦૧/ખ/૫૦૮૫/૮૪નો આજરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. આજરોલી તા. ઠાસરાનો ફડચાનો વચગાળાનો હુકમ.

ક્રમાંક ઉ.ખ. સ./ક.જ./ ફડચ/ખ/૫૬૮૩.—આજરોલી દૂધ ઉત્પાદક સહાકરી મંડળી લી. મુકામ આજરોલી તાલુકો ઠાસરા જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (જિલ્લા પંચાયત) નડીઆદ ની ઓફીસના નોંધ નંબર સે. ૬. ૧૩૦૬૩ તારીખ -૩જી માર્ચ ૧૯૭૫થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)

INDEX

ન. જ. નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નીમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવુ.

નડીઆદ, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૮૪.
જા. નં. ઉખસ/ફ/૦૧/૪/૭૬૭૧/૩૯૫૪/૧૯૮૪.– અદગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. અદગામ મુકામ અદગામ તાલુકો સમી જિલ્લો મહેસાણા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ. મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ૧૭૧૧૪ તારીખ ૧૫-૧૦-૭૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ /અ/ક, ૨, ૪/ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ૩ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૦-૧૨-૧૯૮૪.

વાંચ્યો :–(૧) આ કચેરીના ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/જ/૨૫૪૮/૮૪ તા. ૨૪-૮-૮૪.

શ્રી વિસનગર કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લી. ધી વિસનગર તાલુકા ઔદ્યોગીક સ. મં. લી. તથા વિસનગર યંત્રશાળ વણકર સ. મં. લી.ના કર્મચારીઓની શાખ અને પુરવઠા સ. મં. લી. વિસનગરનું તા. ૨૮-૬-૭૯થી ૩૦-૬-૮૩ સુધીનું સબ-ઓડીટર સ. મં. વિસનગર તરફથી થતાં નીચેની ખામીઓ જણાઇ આવેલ છે.

૧. મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગીત હાલતમાં છે. ૨. મંડળી તેના પેટા નિયમ પ્રમાણે કામ કરતી નથી. ૩. મંડળી છેલ્લા ત્રણ વર્ષથી ''ડ'' વર્ગમાં ચાલે છે. ૪. વ્ય. કમીટીની મીટીંગો મળતી નથી. ૫. છેલ્લા ચાર વર્ષમાં ફક્ત બે જ સાધારણ સભા મળેલ છે. ૬. ઓડીટના દુરસ્તી રીપોર્ટ કરવામાં આવતા નથી. ૭. મંડળીના બાકીદારો પાસેથી વસુલાત અંગેના કોઈ પ્રયત્નો કરેલ નથી. ૮. મંડળી ચલાવવા માટે કોઇ સભ્યોને રસ જણાતો નથી.

આવા સંજોગોમાં મંડળીને ચાલુ રાખવી તે મંડળી કે સભ્યોનાં હીતમાં ન હોઇ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

જા. નં. ઉખસ/ફ/૦૧/૪/૭૬૭૨/૩૯૫૫/૧૯૮૪.– વિસનગર કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લી. ધી વિસનગર તાલુકા ઔદ્યોગીક સ. મં. લી. તથા વિસનગર યંત્રશાળ વણકર સ. મં. લી.ના કર્મચારીઓની શાખ અને પુરવઠા સ. મં. લી. વિસનગર મુકામ વિસનગર તાલુકો વિસનગર જિલ્લો મહેસાણા શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ૧૫૪૦ તારીખ ૨૧-૮-૬૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ /અ/ક, ૨, ૪/ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ૧ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૦-૧૨-૧૯૮૪.

J-47-36.

વાંચ્યો :–(૧) આ કચેરીના ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/જ/૨૫૪૯/૮૪ તા. ૨૪-૮-૮૪.

શ્રી સદાસણા શાકભાજી અને ફળફળાદિ ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળીનું ઓડીટ તા. ૧-૩-૮૨ થી ૩૧-૩-૮૩ સુધીનું ઓડીટર ગ્રેડ-૨ (લીરી) લગત જિ. ર. સ. મં. મહેસાણા તરફથી થતાં નીચેની ખામીઓ જણાઇ આવેલ છે.

૧. મંડળી તેના પેટા નિયમ મુજબ કામ કરતી નથી. ૨. જે હેતુથી મંડળી રચાઇ છે તે હેતુ પ્રમાણે કામકાજ થતું નથી. ૩. મંડળી ''ડ'' વર્ગમાં છે. ૪. મંડળી ચલાવવા કોઇ સભ્યને રસ નથી. તેમજ સલાહ સૂચનો સાંભળવા પ્રમાણેનો કોઈ અમલ થતો નથી. ૫. હાલમાં મંડળી સ્થગીત છે કોઇ કામકાજ કરતી નથી. ૬. હાલમાં મંડળીમાં ખોટ છે. ૭. મંડળી તરફથી ઓડીટના દુરસ્તી રીપોર્ટ કરવામાં આવતા નથી. ૮. પેટા નિયમ પ્રમાણે સમયસર મીટીંગો મળતી નથી.

આવા સંજોગોમાં સંસ્થાને ચાલુ રાખવી તે સંસ્થા કે સભ્યોનાં હીતમાં જણાતું ન હોઇ જેથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

જા. નં. ઉખસ/ફ/જ/૭૬૭૦/૩૯૫૬/૧૯૮૪.– સુદાસણા શાકભાજી અને ફળફળાદિ ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુકામ સુદાસણા તાલુકો ખેરાલુ જિલ્લો મહેસાણા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ. મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ઉ. ૩૫૭૮ તારીખ ૬-૧૧-૭૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ /અ/ક, ૨, ૪/ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ૨ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૦-૧૨-૧૯૮૪.

વાંચ્યો :

(૧) શ્રી લક્ષ્મી કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. મુ. ધિણોજ તા. ચાણસ્માની વ્ય. કમીટીના તા. ૨૧-૧-૧૯૮૪ ઠ. નં. ૪૪ થી મંડળીને સ્વેચ્છાએ ફડચામાં લઇ જતો ઠરાવ.

(૨) સંસ્થાની આર્થિક સ્થિતિ દશાવતુ સરવૈયું જેમાં શેર-ભંડોળ રૂા. ૭૨૬૦-૦૦, રીફંડ ૧૦૫૩-૮૩, અન્ય ફંડ ૪૮૫-૯૦, પાકો નફો રૂા. ૧૪૧-૦૦ છે. તથા ચાણસ્મા તા. સંઘ ૧૦૦-વિસનગર સ્પી. મીલ ૧૦૦-અનાજ ડીપોઝીટ ૧૦૦-ખાંડ ડીપોઝીટ ૧૦૦-ગલ્લાજી માલંગજી ૮૮૧-૦૦ ખોટ રૂા. ૬૭૧૦-૫૨ સિલક રૂા. ૩૨૭-૨૧ છે. એકદરે જોતાં સંસ્થા તદન સ્થગીત અવસ્થામાં છે. અને સંસ્થા ચલાવવા કોઇપણ સભ્યને રસ હોય તેમ જણાઇ આવેલ નથી.

INDEX

ઉપરોક્ત નોંધમાં જણાવેલ કારણોસર, આથી હું શ્રી એન. ટી. ખરાદી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નાચે મુજબ વચગાળાનો આદેશ કરૂ છું.

વચગાળાનો આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૩૯૬/૧૯૮૪.—ધી લક્ષ્મી કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. ધીણોજ સહકારી મંડળી લી. મું. ધીણોજ તા. ચાણસ્માથી જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૮૪/૧૪૨ તા. ૩૧-૩-૧૯૬૫ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) (ક) (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીખે શ્રી જી. જી. લાકડાવાળા ખાસ ફડચા અધિકારી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીએ જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૦-૧૨-૮૪.

નં. ઉખસ/નધણ/સે-૨૦૬૫૪/જ/૪૦૦૪/૮૪.—આથી જાહેર કરે છે કે પાટણ પ્રોપર ફળ અને શાકભાજી ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો મહેસાણા.

સને. ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩૧-૧૨-૧૯૮૪.

નં. ઉખસ/નધણ/ઉ/૫૨૭૧/જ/૪૦૨૪/૮૪.—આથી જાહેર કરે છે કે સમી તાલુકા મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સમી તાલુકો સમી જિલ્લો મહેસાણા.

સને. ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩૧-૧૨-૧૯૮૪.

નં. ઉખસ/નધણ/ધ-૧૦૯૨૮/જ/૪૦૨૫/૮૪.—આથી જાહેર કરે છે કે લાલભાઇ પાર્ક કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો મહેસાણા.

સને. ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩૧-૧૨-૧૯૮૪.

વાંચ્યો :—ઓડીટરશ્રી, સ. મં. (પ્રમાણિત-૨) મહેસાણાએ હારીજ જનતા બજાર કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી. હારીજનો તારીખ ૧-૭-૮૩ થી ૩૦-૬-૮૪ સુધી કરેલ ઓડીટનો ઓડીટ અહેવાલ જેમાં જણાવ્યા પ્રમાણે સંસ્થાએ નોંધણી થયા પછી ત્રણ વર્ષ ઉપરાંતનો સમય વિતવા છતાં બેંકમાં સુચિત ખાતે જમા પડી રહેલ રકમ સેવિંગ્સ ખાતે તબદીલ કરાવેલ નથી. ઓડીટ સમય દરમ્યાન કોઇ પણ જાતની કામગીરી કરેલ નથી. મંડળીના કાર્યવાહકો તદ્દન નિષ્ક્રિય છે. જેથી સંસ્થાની કામગીરી ચાલુ નથી. સંસ્થાએ તા. ૨૫-૭-૮૦ થી ૩૦-૬-૧૯૮૩ સુધીના દુરસ્તી અહેવાલો મોકલી આપેલ નથી. વળી છેલ્લા બે વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક કમીટી સભાઓ મળતી નથી તથા ૮૩-૮૪- ના સમય દરમ્યાન વાર્ષિક સાધારણ સભા પણ ભરવામાં આવેલ નથી. તથા મંડળી છેલ્લા ૨ વર્ષથી ઓડીટ વર્ગ- "ડ" માં આવે છે.

ઉપરોક્ત નોંધમાં જણાવેલ કારણોસર આથી હું શ્રી એન. ટી. ખરાદી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરૂ છું.

વચગાળાનો આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/જ/૧૯૮૩.—ધી જનતા બજાર કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી. સહકારી મંડળી લી. મુ.હારીજ તા. હારીજ જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ભ-૧૯૮૭ તા. ૨૪-૪-૧૯૮૧ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) (ક) (૨) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો (૨) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૯-૧-૮૫.

વાંચ્યો :–(૧) શ્રી પાટણ સિધ્ધપુર તાલુકા નોમેડીક મજુર સ. મં. લી. ના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૪-૧૨-૧૯૮૪ના પત્ર ક્રમાંક/પાટણ/સિધ્ધપુરથી નોંધણી રદ કરવા કરેલ દરખાસ્ત.

(૨) આ કચેરીનો ફડચા/૦૧/છ/૧૦૪૦ તા. ૨૪-૬-૧૯૮૨ થી ફડચાની કાર્યવાહી સમાપ્ત કરતો હુકમ.

હુકમ

ક્રમાંક/ઉખસ/ફડચ/૦૧/જ/૮૪.–પાટણ-સિધ્ધપુર તાલુકા નોમેડીક મજુર સહકારી મંડળી લી. મુકામ પાટણ તાલુકો પાટણ જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ફડચ/૦૧/૪૮૨ તારીખ ૭-૧૧-૭૩ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૯-૧-૮૫.

વાંચ્યો :–ઈન્ડિયન લીફટ ટોબેકો ડેવલપમન્ટ એમ્પલોઇઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. વિજાપુરના ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચો, મહેસાણાના તા. ૫-૧૨-૧૯૮૪ ના પત્ર નં. ફડચ/૦૧/૧૬૧૧/૮૪ થી મંડળી નોંધણી રદ કરવા રજુ કરેલ દરખાસ્ત.

હુકમ

ક્રમાંક/ઉખસ/ફડચ/૦૧/જ/૮૫/૧૯૮૫.–શ્રી ઇન્ડિયન લીફટ ટોબેકો ડેવલપમેન્ટ એમ્પલોઇઝ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મુકામ વિજાપુર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉવસ/ફડચ/૭૬/૯/જ/૧૨૩ તારીખ ૫-૧-૮૪ થી આટેપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૯-૧-૮૫.

વાંચ્યો :–શ્રી વિજાપુર તાલુકા કો. ઓપ. કપાસ ખરીદ વેચાણ જીનીંગ એન્ડ પ્રેસીંગ સહકારી મંડળી લી. ના ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચો, મહેસાણાના તા. ૧૧-૧૨-૧૯૮૪ ના પત્ર નં. ફડચા/૦૧/ક/૨૪૪/ થી મંડળીની નોંધણી રદ કરવા રજુ કરેલ દરખાસ્ત.

હુકમ

ક્રમાંક/ફડચ/૦૧/જ/૮૨/સને ૧૯૮૫.–શ્રી વિજાપુર તાલુકા કપાસ ખરીદ વેચાણ જીનીંગ અને પ્રેસીંગ સ. મં. લી. મુકામ વિજાપુર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉખસ/ફ/૬૬૫૨/પ તારીખ ૮-૬-૭૭ થી આટેપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૧૦-૧-૮૫.

(એન. ટી ખરાદી)
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહ. મં. (ઉદ્યોગ) મહેસાણાનો ફડચામાં લઇ જવાનો અતિમ હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ/૮૦૩૯/૮૩, તા. ૨૬-૧૨-૮૩.

(૨) ફડચા અધિકારીને પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ખ/૨૭૧૯/૮૪, તા. ૨૬-૧૧-૮૪.

આદેશ

જા. નં. ફડચ/૦૧/ઉખસ/૨૭૪૬/૮૪/૧૯૯૨૯.– શ્રી વિસનગર તાલુકા ગ્રામોદ્યોગ સહ. મં. લિ. વાલમ, ગામ વાલમ, તા. વિસનગર, જિ. મહેસાણા જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ), મહેસાણાના ક્રમાંક : ઉ/૨૫૪૮ તા. ૧૨-૩-૭૦ થી નોંધવામાં આવેલ અને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) મહેસાણાના હુકમ નંબર : ફડચ/ઉખસ/૮૦૩૯/૮૩, તારીખ ૨૬-૧૨-૮૩ થી ફડચામાં લઇ જવામાં આવેલ છે. તે ફડચાની કામગીરી પૂર્ણ થઇ ગયાનો રીપોર્ટ આવતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ અને ૨૦ ની જોગવાઇ અન્વયે લક્ષમાં લેતાં અમોને મળેલ અધિકારની રુએ મંડળીની નોંધણી રદ કરતો આદેશ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહ. મં. (ઉદ્યોગ) મહેસાણાનો ફડચામાં લઇ જવાનો અતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦ખ/૧૪૫૧/૮૪, તા. ૧-૬-૮૪.

(૨) ફડચા અધિકારીનો પત્ર ક્રમાંક : ફડચ/૦૨/ખ/૨૭૧૮/૮૪, તા. ૨૬-૧૧-૮૪.

આદેશ

જા. નં. ફડચ/૦૧/ખ/ઉખસ/૨૭૪૭/૮૪/૧૯૯૨૯.– શ્રી લાખવડ ખાદી ગ્રામોદ્યોગ સહ. મં. લિ. લાખવડ, ગામ લાખવડ, તા. મહેસાણા, જિ. મહેસાણા જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, જિલ્લા પંચાયત, મહેસાણાના ક્રમાંક : ઉ/૨૫૦૯ તા. ૪-૭-૭૩ થી નોંધવામાં આવેલ અને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) મહેસાણાના હુકમ નંબર : ફડચ/૦ખ/૧૪૫૧/૮૪, તા. ૧-૬-૮૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તે ફડચાની કામગીરી પૂર્ણ થઈ ગયાનો રીપોર્ટ આવતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ અન્વયે લક્ષમાં લેતાં અમોને મળેલ અધિકારની રુએ મંડળીની નોંધણી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩-૧૨-૮૪.

(એમ. એમ. પંડ્યા)
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા.

નં. ઉખસ-નઘણ/ઘ-૧૧૪૩૫/ખ-૫૩૭૭/૧/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે કૃષ્ણનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નડીઆદ તાલુકો નડીઆદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/ઘ-૧૧૪૩૫ તા. ૨૭-૯-૮૪થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૭-૯-૮૪.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ ના ગુજ. સહ. મંડળીઓના કાયદાની કલમ-૧૭ અને સહકારી કાયદાની કલમ-૧૮.
(૨) કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લી. નડીઆદના તા. ૨૬-૨-૮૪ ના રોજ મળેલ ખાસ સાધારણ સભાના ઠરાવની નકલ.
(૩) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ (ગૃહ મંડળીઓ) અમદાવાદનું તા. ૨૩-૬-૮૨ નું હુકમનામું.
(૪) ગુજ. સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી લી. અમદાવાદનો તા. ૧-૨-૮૪નો પત્ર.

જા. ક્રમાંક/ઉખસ/નઘણ/૦૧/ખ-૫૩૩૭/૨/૮૪.– કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લી. નડીઆદે તેની તા. ૨૬-૨-૮૪ ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં સદર મંડળીનું વિભાજન કરવા સર્વાનુમતે ઠરાવેલું અને સદર વિભાજનની દરખાસ્ત આ કાર્યાલયને મોકલી આપેલ હતી. સહકારી કાયદાની કલમ-૧૭ મુજબ વિભાજનની દરખાસ્ત જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ ચકાસણી કરી મંજુરી આપવાની રહે છે. અને સહકારી કાયદાની કલમ-૧૮ મુજબ જ્યારે મંડળીનું વિભાજન કરવામાં આવે ત્યારે મૂળ મંડળીનું રજિસ્ટ્રેશન રદ કરવાનું રહે છે.

કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદને નોંધણી નંબર : ધ-૩૧૧૨ તા. ૧૦-૪-૬૮ થી કરવામાં આવેલ હતી. આ મંડળીના કુલ-૪૮ સભાસદો હતા ત્યારબાદ મંડળીએ વધારાની જમીન લઈને બીજા ૩૦ (ત્રીશ) સભ્યો બનાવેલ હતા. આમ મંડળીમાં કુલ -૭૮ સભાસદોની સંખ્યા થઈ હતી.

નવી વધારાની જમીનના પ્લોટો માટે જે ૩૦ (ત્રીશ) સભ્યો બનાવેલ હતા. તેઓએ પોતાના વિસ્તરણ વિભાગમાં અલગ રજિસ્ટ્રેશન મેળવવા માટે આ કાર્યાલયને તેમજ સંયુક્ત રજિસ્ટ્રાર અને રજિસ્ટ્રારશ્રીના નોમીની ગૃહ સહકારી મંડળીઓ ગુ. રા. અમદાવાદને રજુઆત કરેલ હતી. નામદાર કોર્ટે બંને પક્ષકારોને સાંભળીને લવાદી દાવા નં. ૨૨૭/૮૦ તા. ૨૩-૬-૮૨ થી કેટલીક શરતોને આધીન હુકમનામું કરી આપેલ હતું.

કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદની ખાસ સાધારણ સભા તા. ૨૬-૨-૮૪ના રોજ મંડળીના વિભાજનના હેતુ માટે મળેલ હતી. અને સદર સભામાં વિભાજન બાબતે ઠરાવ પસાર કરેલ હતો. તે મુજબ મંડળીના કુલ-૭૮ સભ્યો પૈકી-૪૮ સભ્યોએ મુખ્ય વિભાગમાં તથા ૩૦ સભ્યોએ વિસ્તરણ વિભાગમાં રહેવા સંમતિ દર્શાવેલ હતી. વિસ્તરણ વિભાગનું નામ વ્રજભૂમિ કો. ઓપ. હા. સો. લી. નડીઆદ રાખવાનું ઠરાવેલ હતું. જ્યારે કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદનું નામ વિભાજન બાદ શ્રી કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદ રાખવાનું નક્કી કરાયું હતું.

ઉપરોક્ત વિગતો જોતાં કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદે તેની તા. ૨૬-૨-૮૪ની ખાસ સાધારણ સભામાં મંડળીના વિભાજન અંગે જે કાર્યવાહી કરેલ છે તે ચકાસણી કરતાં બરાબર જણાતી હોઈ સદર બાબતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદે તેની તા. ૨૬-૨-૮૪ની ખાસ સાધારણ સભાએ મંજુર કરેલ વિભાજનની દરખાસ્તને સહકારી કાયદાની કલમ-૧૭-ક (૧) અન્વયે આથી મંજુરી આપવામાં આવે છે.

કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદની વિભાજનની દરખાસ્તને મંજુર કરતાં અને વિભાજીત થયેલ બંને મંડળીઓને નોંધણી કરવામાં આવવાથી સદર મંડળીને નોંધણી નંબર : ધ-૩૧૧૨/૬૮ તા. ૧૦-૪-૬૮ થી નોંધવામાં આવેલ છે. તેને આથી સહકારી મંડળીના કાયદાની કલમ-૧૮ હેઠળ તા. ૨૭-૯-૮૪ થી નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે.

કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લિ. નડીઆદનું વિભાજન થતાં અને તેની નોંધણી રદ થતા નીચે પ્રમાણેની બે મંડળીઓ નોંધણી કરતાં હુકમો કરવામાં આવે છે.

અનુ. નંબર	મંડળીનું નામ	નોંધણી નંબર
(૧)	વ્રજભૂમિ કો. ઓપ. હા. સો. લી. નડીઆદ (સભ્ય સંખ્યા - ૩૦)	ધ-૧૧૪૩૪ તા. ૨૭-૯-૮૪
(૨)	શ્રી કૃષ્ણનગર કો. ઓપ. હા. સો. લી. નડીઆદ (સભ્ય સંખ્યા - ૪૮)	ધ-૧૧૪૩૫ તા. ૨૭-૯-૮૪

નડીઆદ, તા. ૨૭-૯-૮૪.

વંચાણે લીધો :–

(૧) ખારાઘાટડા સે. સ. મં. લી. મુ. ખારાઘાટડા તા. બાલાસિનોરનો વહીવટદાર નિમણૂંકનો આ કચેરીનો હુકમ નં. સવન/૦૧/૯૩/ ખ-૨૯૫૨ તા. ૧૦-૬-૮૦.

(૨) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદનો તા ૧૮-૯-૮૪નો પત્ર નં. વ/૩૭/૧૪૪૫૬.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ/૫૯૯૬/૮૪.– ખારાઘાટડા સેવા સહકારી મંડળી લી. ખારાઘાટડા તા. બાલાસિનોર જિ. ખેડામાં આ કાર્યાલયના હુકમ નં. સવન/૦૧/૯૩/ખ-૨૯૫૨ તા. ૧૦-૬-૮૦ થી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. બેંકે સદર મંડળીનો ચાર્જ તા. ૫-૮-૮૦ ના રોજ સંભાળેલ હતો. અને સદર મંડળીના વહીવટની મુદત તા ૫-૮-૮૪ ના રોજ ચાર વર્ષ પૂર્ણ થયેલ હોઇ બેંકને જે કારણોસર વહીવટ સુપ્રત કરેલ હતો. તે હેતુ પૂર્ણ કરવાનો હોવાથી તે કાર્ય માટે તેમજ ધીરાણની વસુલાતમાં સમય લાગે તેમ હોવાથી અને કલમ-૧૦૬:૨ મુજબના દાવાની કાર્યવાહી ચાલુ હોવાથી મુદત પુરી થતાં કસ્ટોડીયનની નિમણૂંક કરવા માટે બેંકના સંચાલન મંડળની તા. ૧૮-૮-૮૪ ની સભાના ઠરાવ નં. ૧૦ થી તા. ૧૮-૯-૮૪ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. આમ જે હેતુથી બેંકે મંડળીનો વહીવટ સંભાળેલ છે. તે હેતુ બર લાવવા મંડળીમાં બેંકની કસ્ટોડીયન તરીકે નિમણૂંક કરવી જરૂરી છે.

ઉપરોકત વિગતો જોતાં મંડળીમાં બેંકની જે હેતુથી વહીવટદાર તરીકે નિમણૂંક કરેલ છે. તે પૂર્ણ કરવા માટે મંડળીના વહીવટની મુદત ચાર વર્ષ પૂર્ણ થયેલ હોઇ, હવે કાયદાકીય રીતે મુદત વધારો મળી શકે તેમ ન હોઇ, મંડળીનો વહીવટ જુના હોદેદારોને સુપ્રત કરવો હિતાવહ ન હોવાથી મંડળીમાં કસ્ટોડીયનની નિમણૂંક કરવી જરુરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. નડીયાદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૭૪(ઘ) હેઠળ મળેલ અધિકારની રુએ ખારાઘાટડા સે. સ. મં. લી. મું. ખારાઘાટડા તા. બાલસિનોરમાં ઉપરોકત પરિસ્થિતિ હોવાથી કસ્ટોડીયનની નિમણૂંક કરવી જરુરી હોવાથી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદની કસ્ટોડીયન તરીકે તા. ૫-૮-૮૪ થી નિમણૂંક કરવામાં આવે છે. અને સદર હુકમની તારીખથી બે વર્ષમાં કે તે અગાઉ તમામ કામગીરી પૂર્ણ કરી મંડળીનો વહીવટ નવી ચુંટાયેલ સમિતિને સુપ્રત કરી દેવાનો રહેશે.

નડીયાદ, તા. ૧૫-૧૧-૮૪.

વંચાણે લીધો :–

(૧) ચરેડ સેવા સ. મં. લી. મુ. ચરેડ તા. કપડવંજ જિ. ખેડાનો વહીવટદાર નિમણૂંકનો આ કાર્યાલયનો હુકમ નં. સવન/૦૧/ખ-૩૩૨૧ તા. ૧૩-૬-૭૯.

(૨) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદનો તા. ૧૮-૧૦-૮૪નો પત્ર નં. વ/૧૯૨૭૭.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ/૫૯૯૮/૮૪.– ચરેડ સેવા સહકારી મંડળી લી. ચરેડ તા. કપડવંજમાં આ કાર્યાલયના હુકમ નં. સવન/૦૧/ ખ-૩૩૨૧ તા. ૧૩-૬-૭૯ થી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદના વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. બેંકે સદર મંડળીનો ચાર્જ તા. ૨૦-૧૨-૮૦ ના રોજ સંભાળેલ હતો. ક્રમાનુસાર વહીવટનો મુદત વધારો કરવામાં આવેલ હતો. અને સદર મંડળીના વહીવટની મુદત તા. ૧૯-૧૨-૮૪ ના રોજ ચાર વર્ષ પૂર્ણ થાય છે. બેંકને જે કારણોસર વહીવટ સુપ્રત કરેલ હતો. તે હેતુ પૂર્ણ કરવાનો હોવાથી તે કાર્ય માટે તેમજ ધીરાણની વસુલાત અને કલમ-૧૦૬ હેઠળના દાવાની કાર્યવાહી ચાલુ હોવાથી સમય લાગે તેમ હોવાથી મુદત પુરી થતાં કસ્ટોડીયનની નિમણૂંક કરવા માટે બેંકની સંચાલન મંડળની તા. ૨૭-૯-૮૪ ની સભાના ઠરાવ આંક ૧૬ સાથે તા. ૧૮-૧૦-૮૪ ના પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે. આમ જે હેતુથી બેંકે મંડળીનો વહીવટ સંભાળેલ છે. તે હેતુ બર લાવવા મંડળીમાં બેંકની કસ્ટોડીયન તરીકે નિમણૂંક કરવી જરૂરી છે.

ઉપરોકત વિગતો જોતાં મંડળીમાં બેંકની જે હેતુથી વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી તે હેતુ પૂર્ણ કરવા માટે મંડળીના વહીવટની મુદત ચાર વર્ષ પૂર્ણ થતાં હોઇ હવે કાયદાકીય રીતે મુદત વધારો મળી શકે તેમ ન હોઇ, મંડળીનો વહીવટ જુના હોદેદારોને સુપ્રત કરવો હિતાવહ ન હોવાથી મંડળીમાં કસ્ટોડીયનની નિમણૂંક કરવી જરુરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. નડીયાદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૭૪(ઘ) હેઠળ મળેલ અધિકારની રુએ ચરેડ સેવા સહકારી મંડળી લી. ચરેડ તા. કપડવંજમાં ઉપરોકત પરિસ્થિતિ હોવાથી કસ્ટોડીયનની નિમણૂંક જરુરી હોઈ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની સદર મંડળીમાં કસ્ટોડીયન તરીકે નિમણૂંક કરવામાં આવે છે. અને સદર હુકમની તારીખથી બે વર્ષમાં કે તે અગાઉ તમામ કામગીરી પૂર્ણ કરી મંડળીનો વહીવટ નવી ચુંટાયેલ સમિતિને સુપ્રત કરી દેવાનો રહેશે.

નડીયાદ, તા. ૧૫-૧૧-૮૪.

INDEX

નં. ઉખસ/નઘણ/સે/૨૦૫૪૩/ખ-૬૦૮૬/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે એ. એમ. બારોટના કર્મચારીઓની ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નડીઆદ તાલુકો નડીઆદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/સે-૨૦૫૪૩ તા. ૧૯-૧૧-૮૪થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૯-૧૧-૮૪.

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) ૧ નડીઆદના જા. નં. ફડચ/જ/૪૮૯ તા. ૨૧-૧૧-૮૪નો ધુવારણ સેવા સહકારી મંડળી લી.(ફડચામાં) તા. ખંભાતની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ ૬૧૩૮.– ધુવારણ સેવા સહકારી મંડળી લી. મુ. ધુવારણ તાલુકા ખંભાત જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૪૧૨૯ તારીખ ૩૦-૧૧-૧૯૬૦ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/૪૧૧૦ તારીખ ૩૦-૧૧-૭૭ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૦-૧૧-૮૪.

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી અને શ્રી મેનેજર ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. નડીઆદના જા.નં. ફ/૩૭/૧૭૦૯૪ તા. ૯-૧૦-૮૪નો બગડોલ સેવા સહકારી મંડળી લી. (ફડચામાં) તા. કપડવંજની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ ૬૧૩૯.– બગડોલ સેવા સહકારી મંડળી લી. મુ. બગડોલ તાલુકા કપડવંજ જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૯૯૭૬ તારીખ ૪-૧-૬૭ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/૩૫૯૨ તારીખ ૧૯-૮-૭૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૦-૧૧-૮૪.

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) ૧ ના જા. નં. ફડચ/જ/૪૮૮ તા. ૨૧-૧૧-૮૪નો ગાના સેવા સહકારી મંડળી લી. (ફડચામાં) તા. આણંદની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૬૧૪૧.– ગાના સેવા સહકારી મંડળી લી. મુ. ગાના તાલુકા આણંદ જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર ૨૬૯૪૦ તારીખ ૨૭-૬-૬૦ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/ખ/૧૬૩૨ તારીખ ૧૧-૭-૭૭ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૦-૧૧-૮૪.

નં. ઉખસ/નઘણ/ઘ/૧૧૪૩૭/ખ-૬૧૫૮/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે ગુરુદત્તાત્રય કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નડીઆદ તાલુકો નડીઆદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/ઘ-૧૧૪૩૭/૮૪ તા. ૩૦-૧૧-૮૪થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૦-૧૧-૮૪.

નં. ઉખસ/નઘણ/ઘ/૧૧૪૩૮/ખ-૬૨૪૯/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે હરિકિર્તન હરિજન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/ઘ-૧૧૪૩૮/૮૪ તા. ૧૦-૧૨-૮૪થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૦-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) વીણા દૂધ ઉત્પાદક સ. મં. લી. વીણા તા. નડીઆદના સભાસદોની તા. ૨૮-૯-૮૪ તથા ૯-૧૧-૮૪ની અરજી.

(૨) શ્રી ખાસ અન્વેષક, સહકારી મંડળીઓ (દૂધ) ફોલોઅપ, આણંદનો તા. ૨૦-૯-૮૪નો પત્ર.

(૩) શ્રી મેનેજીંગ ડીરેકટર, ખેડા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. આણંદનો તા. ૧૩-૧૧-૮૪નો પત્ર ક્રમાંક : ARS/MP-૧૦૮૯૭.

(૪) શ્રી વીણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. વીણાની વ્યવસ્થાપક ક્મટિ સભ્યોને આપેલ કારણદર્શક નોટિસ જા. નં. સવન/૦૧/ખ-૬૦૧૯/૮૪ તા. ૧૬-૧૧-૮૪.

(૫) વીણા દૂધ ઉત્પાદક સ. મં. લી. વીણાના ૭ વ્ય. ક. સભ્યોએ તા. ૩-૧૨-૮૪ ના રોજ રૂબરૂ કરેલ રજુઆત તથા લેખીતમાં આપેલ જવાબ.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ/૬૨૩૪/૧૯૮૪.–વીણા દૂધ ઉત્પાદક સ. મં. લી. વીણા તા. નડીયાદના સભાસદોએ તા. ૨૮-૯-૮૪ની અરજી તથા તેના અનુસંધાને ફરીથી લખેલ તા. ૯-૧૧-૮૪ ની અરજીથી મંડળીને સભાસદોના હિત સારૂ તથા અમુલ ડેરીએ દાણ આપવાનું તથા દૂધ લેવાનું બંધ કરેલ હોઇ વ્યવસ્થાપક કમિટિને સસ્પેન્ડ કરીને મંડળીને વહેલી તકે ચાલુ કરવા વિનંતી કરેલ હતી.

સદર મંડળી બાબતના વહીવટ અંગે શ્રી સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ (દૂધ) ફોલોઅપ, આણંદે તા. ૨૦-૯-૮૪ ના પત્ર ક્રમાંક અષક/૦૨/ક-૭૦૩૦/૮૪ થી મંડળીમાં ચાલતી અનિયમીતતાઓ તથા ગેર-વહીવટને ધ્યાનમાં લઇને મંડળીમાં વહીવટદાર નીમવા બાબતે સંમતિ દર્શાવેલ છે.

(૧) મંડળીને એપ્રિલ-૮૪ થી સંઘે દાણ આપવાનું બંધ કરેલ છે અને તારીખ ૨૪-૭-૮૪ થી મંડળીએ તેને સંઘ તરફથી દૂધનાં નાણાં નહીં મળતાં હોવાથી દૂધ ભરવાની કામગીરી બંધ કરેલ છે.

(૨) મંડળીમાં ખર્ચનું પ્રમાણ ઉંચું રહે છે. અને વ્ય. ક. સભ્યો વહીવટ ચલાવવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૩) મંડળીનાં ઉચાપત અંગે ખાસ અહેવાલ તથા તેના ખર્ચના ઉંચા પ્રમાણ અંગે વહીવટી અહેવાલ ઓડીટરશ્રીએ સાદર કરેલ છે. અને વહીવટદાર નીમવાની ભલામણ કરેલ છે.

(૪) સંસ્થાએ અગાઉની ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી અને ઓડિટ નોંધ વ્યવસ્થાપક કમિટિએ વંચાણે લીધેલ નથી

(૫) હાથ ઉપર સિલક હોવા છતાં બેંકમાંથી ઉપાડ કરવામાં આવે છે.

(૬) ધીરાણ વસુલાતની કાર્યવાહી માટે લવાદી દાવા કરેલ નથી.

(૭) સેમ્પલ દૂધનાં નાણાંની વસુલાત થયેલ નથી. તેમજ ટેલિફોનના નાણાં જવાબદારો પાસેથી વસુલાત થતાં નથી.

(૮) ગ્રેજ્યુઇટી ફંડની વધુ ચુકવેલ રકમ વસુલ થતી નથી.

(૯) મંડળી હાલમાં તા. ૧-૭-૮૪ થી બંધ થયેલ છે. પરિણામે સભ્યોને આર્થિક નુકશાન સહન કરવું પડે છે. આમ હાલ મંડળી સ્થગિત થયેલ છે.

ઉપરોકત અનિયમિતતાઓ મંડળીના વ્ય. ક. સભ્યોને આ કાર્યાલયના જા. નં. સવન/૦૧/ખ-૬૦૧૯/તા. ૧૬-૧૧-૮૪ થી જણાવી મંડળીની વ્ય. કમિટિને દુર કરી વહીવટદારની નીમણૂંક કેમ ન કરવી તે બાબતે રજુઆત માટે કારણદર્શક નોટિસ આપી લેખીતમાં અગર તા. ૩-૧૨-૮૪ ના રોજ રૂબરૂમાં રજુઆત કરી જવા જણાવવામાં આવેલ હતું.

મંડળીના ૭ વ્ય. ક. સભ્યોએ તા. ૩-૧૨-૮૪ ના રોજ આ કાર્યાલયે રૂબરૂ હાજર રહી કારણદર્શક નોટિસમાં જણાવેલ મુદ્દાઓની વિગતે ચર્ચા કરેલ છે. અને સદર મંડળી સભાસદોના આર્થિકહિતને ધ્યાનમાં લઇ, સમાજના નીચલાવર્ગના હીતોનું રક્ષણ કરવા અત્રેની કચેરીને લેખીતમાં યોગ્ય તે નિર્ણય લઇ મંડળી વેળાસર ચાલુ થાય તેવી કાર્યવાહી કરવા જણાવેલ છે. સદર મંડળીમાં વહીવટદાર તરીકે અમુલડેરીએ કામગીરી કરવા અર્થે સંમતિ આપેલ છે. જેને અનુલક્ષીને વહીવટદારની નીમણૂંક કરવા નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

વીણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. વીણા તા. નડીયાદની વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા, કાનુન અને પેટા-કાયદાની અન્વયે નાખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર સંતોષકારક રીતે બનાવવા શકિતમાન ન હોવાથી અને મંડળીની હાલની અનિયમીતતાઓ દુર કરવામાં ઉપરથી છણાવટની દ્રષ્ટિએ નક્કર પગલાં ભરવા માટે નિષ્ફળ ગયેલ હોવાની ખાત્રી થવાથી ગુજરાત સહકારી મંડળીના કાયદા ૧૯૬૧ ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ શ્રી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘશ્રી આણંદની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નીમણૂંક કરુ છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે.

નડીયાદ, તા. ૧૧-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) શ્રી દેગામ દૂધ ઉત્પાદક સ. મં. લી. દેગામ તા. નડીઆદના વ્યવસ્થાપક કમિટિના સભ્યોના રાજીનામાં આપતી તારીખ ૧૬-૫-૮૪ ની અરજીઓ.

(૨) શ્રી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. આણંદનો તારીખ ૧૩-૧૧-૮૪ નો પત્રાંક : એમએમયુ/એમપી/૧૦૮૯૬

(૩) શ્રી દેગામ દૂધ ઉ. સ. મં. લી. દેગામની વ્યવસ્થાપક કમિટી સભ્યોને આપેલ કારણદર્શક નોટિસ જા. નં. : સવન/૦૧/ખ-૬૦૫૫/૮૪. તા. ૨૩-૧૧-૮૪.

હુકમ

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૬૨૬૦/૮૪.–દેગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. દેગામ તા. નડીયાદની વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા, કાનુન અને પેટાકાયદા અન્વયે નાખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર સંતોષકારક રીતે બજાવવા

શક્તિમાન ન હોવાથી અને મંડળી હાલ છેલ્લા સાતથી આઠ માસથી બંધ છે. અને જેથી તેના સભાસદોના આર્થિક હિતને નુકશાન થઈ રહેલ હોવાનું તેમજ સમાજના નીચલા વર્ષના હિતોનું રક્ષણ મંડળી તરફથી નહીં થવાની ખાત્રી થવાથી ગુજરાત સહકારી મંડળીના ૧૯૬૧ ના કાયદાની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેની જગ્યાએ શ્રી કે. એચ. પટેલની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નીમણૂંક કરું છું. વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે. તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે.

નડીયાદ, તા. ૧૧-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સવન/૧૧૧/ખ-૨૦૩૭ તારીખ ૨-૫-૮૧.

(૨) વહીવટદારશ્રી આર. એમ. પટેલના અવસાન બાબતે તેમના પુત્ર તરફથી આવેલ તા. ૨-૧૧-૮૪ નો પત્ર.

(૩) શ્રી જી. કે. પટેલ અમદાવાદનો તા. ૨૭-૧૧-૮૪નો સંમતિપત્ર.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૬૨૭૮/૮૪.–અત્રેની કચેરીના આમુખમાં દર્શાવેલ હુકમથી શ્રી આર. એમ. પટેલ વહીવટદારશ્રીની શ્રી અંબિકાનગર કો. ઓપ. હાઉસીંગ લી. નડીયાદમાં વહીવટદારશ્રી તરીકે નીમણૂંક કરવામાં આવેલ હતી.

સ્વ. શ્રી આર. એમ. પટેલનું તા. ૧-૧૧-૮૪ ના રોજ અવસાન થતા તેઓના પુત્ર શ્રી એન. આર. પટેલ તરફથી તા. ૨-૧૧-૮૪ ની અરજીથી સદર મંડળીમાં નવા વહીવટદારની નીમણૂંક કરવા અત્રે માંગણી કરેલ છે કે જેથી તેનો વહીવટ વ્યવસ્થિત ચાલી શકે અને સભાસદોની મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય. આ મંડળીમાં શ્રી જી. કે. પટેલે તેમના તા.૨૭-૧૧-૮૪ ના પત્રથી વહીવટદાર તરીકે કામગીરી કરવાની સંમતિ દર્શાવેલ છે.

ઉપરની વિગતો ધ્યાનમાં લઇને વહીવટદાર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧(૧) હેઠળ મળેલ અધિકારની રૂએ સ્વ. શ્રી આર. એમ. પટેલનો શ્રી અંબિકાનગર હાઉસીંગ સોસાયટી લી. નડીયાદમાં વહીવટદાર તરીકેની નીમણૂંક કરતો આ કચેરીનો હુકમ ક્રમાંક : સવન/૧૧૧/ખ-૨૦૩૭/૮૧ તા. ૨-૫-૮૧ રદ કરું છું અને તેમની જગ્યાએ મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી જી. કે. પટેલની નીમણૂંક કરું છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી તા. ૧૩-૫-૮૫ સુધી વહીવટ ચલાવશે. વહીવટદારની નીમણૂંકની શરતો અગાઉના હુકમ અનુસારજ રહેશે. સદર મુદત પૂરી થતાં મંડળીનો વહીવટ મંડળીની વ્યવસ્થાપક કમિટિને સોંપી દેવા.

નડીયાદ, તા. ૧૨-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સવન/૮૮/ખ-૮૬ તારીખ ૨૨-૯-૮૦

(૨) વહીવટદારશ્રી આર. એમ. પટેલના અવસાન બાબત તેમના પુત્ર તરફથી આવેલ તા. ૨-૧૧-૮૪ નો પત્ર.

(૩) શ્રી પી. એસ. મહેતા એડવોકેટ આણંદનો તા. ૨-૧૧-૮૪ નો સંમતિપત્ર.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૬૨૭૯/૮૪.–અત્રેની કચેરીના આમુખમાં દર્શાવેલ હુકમથી શ્રી આર. એમ. પટેલ વહીવટદારશ્રીની શ્રી પરમહંસ કો. ઓપ. હાઉસીંગ લી. નડીયાદમાં વહીવટદારશ્રી તરીકે નીમણૂંક કરવામાં આવેલ હતી.

સ્વ. શ્રી આર. એમ. પટેલનું તા. ૧-૧૧-૮૪ ના રોજ અવસાન થતાં તેઓના પુત્ર શ્રી એન. આર. પટેલ તરફથી તા. ૨-૧૧-૮૪ ની અરજીથી સદર મંડળીમાં નવા વહીવટદારની નીમણૂંક કરવા અત્રે માંગણી કરેલ છે કે જેથી તેનો વહીવટ વ્યવસ્થિત ચાલી શકે અને સભાસદોની મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય. આ મંડળીમાં શ્રી પી. એસ. મહેતા આણંદે તેમના તા.૨૮-૧૧-૮૪ ના પત્રથી વહીવટદાર તરીકે કામગીરી કરવાની સંમતિ દર્શાવેલ છે.

ઉપરની વિગતો ધ્યાનમાં લઇને વહીવટદાર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧(૧) હેઠળ મળેલ અધિકારની રૂએ સ્વ. શ્રી આર. એમ. પટેલનો શ્રી પરમહંસ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નડીયાદમાં વહીવટદાર તરીકેની નીમણૂંક કરતો આ કચેરીનો હુકમ ક્રમાંક : સવન/૮૮/ખ-૯૬/૮૦ તા. ૨૨-૯-૮૦ રદ કરું છું અને તેમની જગ્યાએ મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી પી. એસ. મહેતા, એડવોકેટ આણંદની નીમણૂંક કરું છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી તા. ૫-૭-૮૫ સુધી વહીવટ ચલાવશે. વહીવટદારની નીમણૂંકની શરતો અગાઉના હુકમ અનુસારજ રહેશે.

નડીયાદ, તા. ૧૨-૧૨-૮૪.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સવન/૦૧/ખ-૭૬૬ તારીખ ૫-૨-૮૧.

(૨) વહીવટદારશ્રી આર. એમ. પટેલના અવસાન બાબતે તેમના પુત્ર તરફથી આવેલ તા. ૨-૧૧-૮૪ નો પત્ર.

(૩) શ્રી પી. એસ. મહેતા એડવોકેટ આણંદનો તા. ૨૮-૧૧-૮૪ નો સંમતિપત્ર.

જા. નં. ઉખસ/સવન/૦૧/ખ-૬૨૮૦/૮૪.–અત્રેની કચેરીના આમુખમાં દર્શાવેલ હુકમથી શ્રી આર. એમ. પટેલ વહીવટદારશ્રીની શ્રી આદર્શનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નડીયાદમાં વહીવટદારશ્રી તરીકે નીમણૂંક કરવામાં આવેલ હતી.

સ્વ. શ્રી આર. એમ. પટેલનું તા. ૧-૧૧-૮૪ ના રોજ અવસાન થતાં તેઓના પુત્ર શ્રી એન. આર. પટેલ તરફથી તા. ૨-૧૧-૮૪ ની અરજીથી સદર મંડળીમાં નવા વહીવટદારની નીમણૂંક કરવા અત્રે માંગણી કરેલ છે કે જેથી તેનો વહીવટ વ્યવસ્થિત ચાલી શકે અને સભાસદોની મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય. આ મંડળીમાં શ્રી પી. એસ. મહેતા, એડવોકેટ, આણંદે તેમના તા.૨૮-૧૧-૮૪ ના પત્રથી વહીવટદાર તરીકે કામગીરી કરવાની સંમતિ દર્શાવેલ છે.

ઉપરની વિગતો ધ્યાનમાં લઇને વહીવટદાર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એસ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧(૧) હેઠળ મળેલ અધિકારની રૂએ સ્વ. શ્રી આર. એમ. પટેલનો શ્રી આદર્શનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નડીયાદમાં વહીવટદાર તરીકેની નીમણૂંક કરતો આ કચેરીનો હુકમ ક્રમાંક: સવન/૦૧/ખ-૭૬૬/૮૧ તા. ૫-૨-૮૧ રદ કરું છું અને તેમની જગ્યાએ મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી પી. એસ. મહેતા, એડવોકેટ, આણંદની નીમણૂંક કરું છું. વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી તા. ૧૮-૨-૮૫ સુધી વહીવટ ચલાવશે. વહીવટદારની નીમણૂંકની શરતો અગાઉના હુકમ અનુસાર જ રહેશે.

નડીયાદ, તા. ૧૨-૧૨-૮૪.

નં. ઉખસ/નધણ/સા/૨૨૬૪/ખ-૬૪૧૨/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે પરવટા મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પરવટા તાલુકો આણંદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નધણ/સા-૨૨૬૪ તા. ૨૦/૨૧-૧૨-૮૪ થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૧-૧૨-૮૪.

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી ગ્રેડ- ૧ નડીઆદના જા. નં. ફડચ/૦૧/જ/૧૦૩ તા. ૧૭-૧૨-૮૪નો બાંધણી મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી.(ફડચામાં) તા. આણંદની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ ૬૫૨૧/૮૪.– બાંધણી મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. મુ. બાંધણી તાલુકા પેટલાદ જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૧૪૦૬૮ તારીખ ૧૭-૭-૭૬ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/ખ/૫૮૮૫ તારીખ ૭-૧૧-૮૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૧-૧૨-૮૪.

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) ૪ નડીઆદના જા. નં. ફડચ/૦૧/જ/૩૮૪/૮૪ તા. ૨૯-૧૨-૮૪નો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ ૬૫૨૨/૮૪.– સણાલી પિયત સહકારી મંડળી લી. મુ. સણાલી તાલુકા નડીઆદ જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે. ૨૨૭૫ તારીખ ૨૦-૨-૮૦ થી નોંધવામાં આવી હતી અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/ખ/૨૦૩ તારીખ ૧૯-૯-૮૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આ વી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૧-૧૨-૮૪.

INDEX

વાંચ્યો : શ્રી ફડચા અધિકારી - મંજુપુરા સેવા સહકારી મંડળી લી. (ફડચામાં) તા. નડીઆદ અને શ્રી મેનેજર ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. નડીઆદના જા. નં. ફ/૩૭/૩૧૭૫૪ તા. ૨૮-૧૨-૮૪ નો મંડળીની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૬૫૨૩/૮૪.– મંજુપુરા સેવા સહકારી મંડળી લી. મુ. મંજુપુરા તાલુકા નડીઆદ જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદની ઓફીસના નોંધ નંબર ૨૨૨૧૩ તારીખ ૨૮-૧૨-૫૪ થી નોંધવામાં આવી હતી. અને જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/સ/ક.જ/ફડચા/૩૫૮૩ તારીખ ૧૯-૮-૭૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૩૧-૧૨-૮૪.

વાંચ્યો : બાલાશીનોર સ. મં.ના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સ. મં. લી. મુ. બાલાશીનોરને ફડચામાં લઈ જવા અંગેની ઓડીટ સ. મં. (ન. જ.) કપડવંજના તા. ૧-૪-૮૩ થી ૩૧-૧૨-૮૩ સુધીના સમયની ઓડીટ નોંધના સામાન્ય શેરાની ભલામણ.

હુકમ

ક્રમાંક : ઉખસ/ક જ. ફડચ/ખ/૩/૮૫.– બાલાશીનોર સ. મં.ના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સ. મં. લી. મુ. બાલાશીનોર તાલુકા બાલાશીનોર જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર ભ. ૩૨૮૦ તારીખ ૧૭-૧૦-૮૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ન. જ. નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૧-૧-૮૫.

નં. ઉખસ/નઘણ/સા/૨૨૬૫/૯/૨૦/૮૫.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે પીપલાતા વિભાગીય મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પીપલાતા તાલુકો નડીયાદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/સા-૨૨૬૫ તા. ૨-૧-૮૫ થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨-૧-૮૫.

નં. ઉખસ/નઘણ/સા/૨૨૬૬/૯/૨૧/૮૫.–જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે મહીયારી મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મહીયારી તાલુકો ખંભાત જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/સા-૨૨૬૬ તા. ૨-૧-૮૫ થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨-૧-૮૫.

નં. ઉખસ/નઘણ/સેદુ/૨૦૫૪૪/૯/૮૭/૮૫.–જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ આથી જાહેર કરે છે કે અબુજીનીવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ અબુજીનીવાવ તાલુકો બાલાસિનોર જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ ક્રમાંક નઘણ/સેદુ-૨૦૫૪૪ તા. ૭-૧-૮૫ થી નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૭-૧-૮૫.

વાંચ્યો :–કપડવંજ તાલુકા હાઈબ્રીડ બીજ ઉત્પાદક અને વિતરક સહકારી મંડળી લી. કપડવંજને ફડચામાં લઇ જવા અંગેનો સબ ઓડિટરશ્રી સ. મં. કપડવંજના તા. ૧-૫-૮૩ થી ૩૧-૩-૮૪ ના સમય અન્વેષણ નોંધ ના સામાન્ય શેરા ભાગ-૨ ની ભલામણ.

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક જ. ફડચ/ખ/૨૨૧/૮૫.–કપડવંજ તાલુકા હાઈબ્રીડ બીજ ઉત્પાદક અને વિતરક સહકારી મંડળી લી. મુકામે કપડવંજ તાલુકો કપડવંજ જિલ્લો ખેડા, શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે-૪૩૪૬ તારીખ ૧૨-૯-૭૩ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) નં. ૧ નડિઆદ ની સદર કાયદાની

કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરી "૦-૯૮ કો-ઓપરેશન" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૧૧-૧-૮૫.

(પી. એસ. મહેતા)
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ખેડા અને
પંચમહાલ જિલ્લો, નડીઆદ.

વંચાણે લીધા :–

૧. અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સપવ/૦૧/જ-૪/૩૩૦૧ તા. ૨૦-૧૧-૮૧.
૨. તા. -૩-૮૪ નો હુકમ ક્રમાંક વહટ/૦૧/ઘ-૧.
૩. અષણ/૦૧/૨લ/૧૩૫૮/૮૪ તા. ૧-૯-૮૪.
૪. વહિવટદારશ્રી એલ. એમ. પટેલ તરફથી તેમના તા. ૨૧-૧૧-૮૪ના પત્રથી આપેલ મુદત વધારવાની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : અષણ/૦૧/૨લ/૨૦૩૩/૮૪.– હું શ્રી જે. બી. દવે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (૧) (બ) અન્વયે ધર્મેન્દ્ર એપાર્ટમેન્ટ કો. ઓ. હા. સો. લી. ના વહીવટદારની મુદત વધુ છ માસ માટે અત્રેની કચેરીના ઉપરોક્ત હુકમોમાં જણાવેલ શરતોને આધીન રહીને તા. ૧-૧૨-૮૪ થી તા. ૩૧-૫-૮૫ સુધી વધારી આપવામાં આવે છે.

૨. તેમનું મહેનતાણું રૂ. ૧૫૦/- નક્કી કરવામાં આવે છે.

૩. સદરહુ સમય દરમ્યાનમાં વહીવટદારે મંડળીની વા. સા. સભા બોલાવી વ્ય. કમીટીના સભ્યોની ચુંટણી કરી ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

વડોદરા, તા. ૧૩-૧૨-૮૪.

નં. ઉખસ/સે.ક. ૨૦૮૨૦/નધણ/ક-૩/૫૫૩/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે માનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ માનપુરા તાલુકો ડભોઈ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

વડોદરા, તા. ૨૭-૧૨-૮૪.

નં. ઉખસ/સે.ક. ૨૦૮૧૯/નધણ/ક-૩/૫૫૫/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે તરસવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તરસવા તાલુકો વાઘોડીયા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

વડોદરા, તા. ૨૭-૧૨-૮૪.

નં. ઉખસ/સે.ક. ૨૦૮૨૧/નધણ/ક-૩/૫૫૧/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે શીરના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ શીરના મુવાડા તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

વડોદરા, તા. ૨૯-૧૨-૮૪.

નં. ઉખસ/સે.ક. ૨૦૮૨૨/નધણ/ક-૩/૫૪૬/૮૪.– જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે તેરસા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તેરસા તાલુકો શિનોર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

વડોદરા, તા. ૨૯-૧૨-૮૪.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૩-૯-૮૩ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૮૮૩ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. "ઊખસ" ફડચા/ફ-૭૮૭૩/૦૧/ઘ-૧/૧૧/સને૧૯૮૫.:– ધી મુવાલ સેન્ટર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. મુવાલ તા. પાદરા જે તારીખ ૧૧-૧૨-૪૯ ના નોંધણી ક્રમાંક ૧૭૨૭૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય/ સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સહરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક

INDEX

માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૪-૭-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૯૫ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૪/૦૧/ઘ-૧/૧૨/સને૧૯૮૫.:– ધી મોટી ચીખલી કન્ઝ્યુમર્સ કો. ઓપ. સ્ટોર લી. મું. મોટી ચીખલી તા. છોટા ઉદેપુર જે તારીખ ૧૭-૭-૮૨ ના નોંધણી ક્રમાંક ભ-૨૩૪૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સહરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૨૦ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૫/૦૧/ઘ-૧/૧૩/સને૧૯૮૫.:– ધી દેલવાડા સોમજ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. દેલવાડા તા. કરજણ જે તારીખ ૨૭-૫-૫૯ ના નોંધણી ક્રમાંક ૧૭૮૬૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૧૫ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૬/૦૧/ઘ-૧/૧૪/સને૧૯૮૫.:– ધી આવરણ કર્મચારી માલ પુરો પાડનારી સહકારી મંડળી લી. મું. છાણી જકાતનાકા તા. વડોદરા જે તારીખ ૧૯૭૯ ના નોંધણી ક્રમાંક સે-૨૮૬૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૧૭ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૭/૦૧/ઘ-૧/૧૫/સને૧૯૮૫.:– ધી શ્રી કલકી મરઘાં ઉછેરનારાઓની સહકારી મંડળી લી. મું. કલકી તા. પાવી જેતપુર જે તારીખ ૧૬-૭-૭૯ ના નોંધણી ક્રમાંક ઉ-૭૭૧૭/૭૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

INDEX

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/ ૦૧/ઘ-૧/૨૧૪ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૮/૦૧/ઘ-૧/૧૬/સને૧૯૮૫.:– ધી વેડપુર મરઘાં ઉછેર સહકારી મંડળી લી. મું. વેડપુર તા. વાઘોડીયા જે તારીખ ૨૪-૧૦-૮૦ ના નોંધણી ક્રમાંક ઉ-૭૭૩૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૧૧-૭-૮૪ નો ક્રમાંક-ફડચા/ ૦૧/ઘ-૧/૨૭૯૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૭૯/૦૧/ઘ-૧/૧૭/સને૧૯૮૫.:– ધી સૈયદ વાસણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. સૈયદ વાસણા તા. વડોદરા જે તારીખ ૨૨-૨-૭૧ ના નોંધણી ક્રમાંક સેફ-૧૧૧૪૬ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૧૬-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/ ૦૧/ઘ-૧/૨૦૮ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૮૦/૦૧/ઘ-૧/૧૮/સને૧૯૮૫.:– ધી શ્રી રસબિંદુ કો. ઓપ હાઉસીંગ સોસાયટી લી. મું. કપુરાઇ ડભોઇ રોડ, તા. વડોદરા જે તારીખ ૧૪-૧૦-૬૯ ના નોંધણી ક્રમાંક ઘ-૨/૧૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૪-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ ઘ-૧/૧૭૦ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૮૧/૦૧/ઘ-૧/૧૯/સને૧૯૮૫.:– ધી મેસરાડ ખેતી પિયત સહકારી મંડળી લી. મું. મેસરાડ તા. કરજણ જે તારીખ ૨૦-૬-૬૭ ના નોંધણી ક્રમાંક ખે-૧૪૨૬ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૯-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૧૬ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૮૨/૦૧/ઘ-૧/૨૩/સને૧૯૮૫.:– ધી વાડી રંગમહાલ ગ્રાહક સહકારી ભંડાર લી. મું. વાડી રંગમહાલ તા. વડોદરા જે તારીખ ૨૮-૨-૬૩ ના નોંધણી ક્રમાંક ભ-૪૧૧ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૦-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૨૦-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૧૧ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૮૩/૦૧/ઘ-૧/૨૪/સને૧૯૮૫.:–ધી સુસકાલ શિહોદ મરઘાં ઉછેર સહકારી મંડળી લી. મું. સુસકાલ તા. પાવી જેતપુર જે તારીખ ૪-૧-૭૮ ના નોંધણી ક્રમાંક ઉ-૭૪૭૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૦-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૪-૬-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૧૭૧ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ''ઊખસ'' ફડચા/ફ-૭૮૮૪/૦૧/ઘ-૧/૨૫/સને૧૯૮૫.:– ધી કલેડીયા વિભાગ કો. ઓપ. કોટન સેલ સોસાયટી લી. મું. કલેડીયા તા.સંખેડા જે તારીખ ૩૦-૧૨-૭૨ ના નોંધણી ક્રમાંક સે-૧૨૦૭૧ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (ક) (૧) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજાુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજાુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૦-૧-૮૫.

વંચાણે લીધો :– આ કાર્યાલયનો તા. ૧૧-૭-૮૪ નો ક્રમાંક-ફડચા/૦૧/ઘ-૧/૨૮૦ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર. ૨૮/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો:—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ -૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની સજા તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર : ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૨૯/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ ફરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૯ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૯ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (વિસ્તાર) (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાય નો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./તલમ/રજિ. નં. ૨૮/૯૯.—આસી. સીકયુરીટી કમિશ્નરશ્રી આર. પી. એફ. ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ વેસ્ટર્ન વલસાડનાં પત્ર નં જી/ટીઆરજી/જી.બી. તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૯ થી જણાવ્યા અનુસાર એસ.આઈ.પી.એફ. નું

INDEX

પ્રી-પ્રમોશન કોર્ષ બેચ નં. ૪ નું ફાયરીંગ પ્રેક્ટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧. મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભીલાડ તાલુકે ઉમરગામ જિલ્લા વલસાડના ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૯ થી ૨૭મી જુલાઈ, ૧૯૯૯ સુધી સમય સવારે ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અન-અધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એમ.એ.જી./વશી/૩૯૦૬/૯૯.—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હુ એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૯ થી તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાંની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપળા).

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

હુકમ

ક્રમાંક એમએજી/ પીઓએલ/વશી-૩૦૫૨.—ભરૂચ શહેરમાં તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૯નાં રોજ જગન્નાથ રથયાત્રા દત્તમંદિર, ફૂરજા રોડ થી નિકળી મોટા ચાર રસ્તા, કતોપોર બજાર, કતોપોર સ્લોપ, વડાપડા, ચોકસીવાડ, લાલબજાર, જૂના બજાર, લલ્લુભાઈ ચકલા, હાજીખા બજાર, ત્રણ રસ્તા, આચારવાડ રોડ, સોનેરી મહેલ, મોટા ભોઈવાડ, થઈ ભોઈપંચની વાડીમાં થશે. સદર રથયાત્રામાં મોટી મેદનીમાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતિ માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશત: નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એન. એ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે

જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૯નાં રોજ બપોરનાં ૧૨.૦૦ કલાકથી રથયાત્રાના વિસર્જન થતાં સુધી નીચેના રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓએ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :—

૧. વડાપડાથી ચાર રસ્તા સુધી.

સદર રસ્તો બંધ થતા ટ્રાફીક લાલબજાર ચોકી સામેથી ફાટા તળાવ ગાંધી બજાર નાં રસ્તે થઈને જશે.

૨. હાજીખાના ત્રણ રસ્તાથી ચકલા તરફ જતો રસ્તો.

સદર રસ્તો બંધ થતાં હાજીખાના ત્રણ રસ્તાથી બળેલી ખો, અથવા સોનેરી મહેલ તરફના રસ્તેથી થઈને જશે.

૩. ચોકસીવાડ અને વડાપાડામાં થઈને જતો રસ્તો.

સદર રસ્તો બંધ થતાં વાહન વ્યવહાર ડૉ. બાબરઅલીના દવાખાનાથી પાયોનીયર હાઈસ્કુલ તરફ થઈને જશે.

૪. રથયાત્રા હાજીખાના ત્રણ રસ્તેથી સોનેરી મહેલ તરફ જવા રવાના થાય ત્યારે સોનેરી મહેલથી હાજીખાના તરફ જતો ટ્રાફીક રતન તળાવવાળા રસ્તે થઈને જશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૯ સને ના રોજ મારી સહી તથા કોટનો સિક્કો કરી આપ્યો.

એસ. એ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માંની કલમ-૩૭ (૪)મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૦૫૨/૯૯.—વિસનગર તાલુકાના વિસનગર ગામે આવેલ એમ. એન. કોલેજ કેમ્પસ વિસનગર ખાતે-૭, ગુજરાત બટાલીયન એન.સી.સી. મહેસાણા તરફથી રાયફલથી ફાયરીંગ પ્રેકટીસ રાખવામાં આવેલ છે ગોળીબાર પ્રેકટીસ તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી લેવાનાર હોઈ લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હુ, આઇ.જી. પરીખ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વિસનગર તાલુકાના વિસનગર ગામે એમ. એન. કોલેજ, વિસનગર એરીયા વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી સવારના ૭-૦૦ કલાકથી ૧૦-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રૂપે માણસો તથા ઢોરઢાંખરનો અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી માહે જુલાઈ ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું.

સને ૧૯૫૧ નામુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૩૧૪૫/૯૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ-૧૦ ઉકાઈના જવાનોનો ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૮મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હુ ડી. યુ. કમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારીની રૂએ ફરમાવું છુ કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૮મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુના રહેતા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહુ ફયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૮મી જુલાઈ ૧૯૯૯ થી ૩૧મી જુલાઈ ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જુલાઈ ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

ડી. યુ. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :—(૧) અત્રેની કચેરીના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૯ ના હુકમ નંબર સપ/કસન/ભાવ/વશી/૨૩૦૫ થી ૨૩૫૫/૯૯.
(૨) મામલતદારશ્રી, પાટણ તરફથી રજૂ થયેલ તારીખ ૧લી જૂન, ૧૯૯૯ ધી ઓઈલ કંપની તરફથી રજૂ થયેલ બીલ.
(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર, ૧૯૯૩.

હુકમ

નં. કમકપ/સપ/વશી/૨૯૭૪ થી ૨૯૯૩/૯૯.—આમુખ-૧ માં જણાવેલ હુકમથી પાટણ જિલ્લાના જુદા જુદા કેન્દ્ર માટે કેરોસીન એજન્ટ / જથ્થાબંધ વિક્રેતાએ તેમજ છૂટક વિક્રેતાઓનાં સિધ્ધપુર (સુથણપુર) ડેપોથી પ્રાપ્ત થતાં કેરોસીનના વેચાણ ભાવો ઠરાવવામાં આવેલ છે.

INDEX

સિધ્ધપુર(સુથણપુર) ટર્મિનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના પ્રતિ કિલો લીટરના ભાવો રૂા. ૨,૨૯૨.૪૦ પૈસાને બદલે રૂા. ૨,૨૯૫.૮૮ પૈસા થયેલ હોઈ નવેસરથી ભાવ જાહેર કરવા આમુખ-૨ થી જણાવેલ છે.

સિધ્ધપુર ટર્મિનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના પ્રતિ કિલોલીટરના ભાવ રૂા. ૨,૨૯૫.૮૮ પૈસા કંપનીએ કરેલ હોઈ પ્રતિ કિલોલીટરે રૂા. ૩.૪૮ પૈસાનો વધારો થતો હોઈ આમુખ-૩ ની મળેલ સત્તાની રૂઈએ હું હિમાંશુ શેઠ (જી.એ.એસ.) કલેકટર, પાટણ કેરોસીનના કેન્દ્રવાર વેચાણભાવ આ હુકમથી નીચે મુજબ ઠરાવું છું.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	કેરોસીન એજન્ટે જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦ લીટર વેચાણ વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલર / ફેરીયાને ૧૦૦૦ લી. વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા	રીટેઈલર / ફેરીયાએ ગ્રાહકોને ૧ લી. નો વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા
૧	૨	૩	૪	૫
૧	પાટણ	૨,૬૬૩.૭૮	૨,૬૬૩.૭૮	૨.૮૦
૨	[illegible]વાડા ...	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૩	[illegible]	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૪	જંગરાલ	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૫	સિદ્ધપુર	૨,૬૨૮.૪૮	૨,૬૨૮.૪૮	૨.૮૦
૬	ઊંઝા	૨,૬૫૩.૭૮	૨,૬૫૩.૭૮	૨.૮૦
૭	કાકોસી ...	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૮	હારીજ	૨,૬૪૩.૭૮	૨,૬૪૩.૭૮	૨.૮૦
૯	સમી	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૧૦	સંખેશ્વર	૨,૬૭૪.૩૪	૨,૬૭૪.૩૪	૨.૮૫
૧૧	ચાણસ્મા	૨,૬૫૩.૭૮	૨,૬૫૩.૭૮	૨.૮૦
૧૨	બાલીસણા	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૧૩	ખલી ચાર રસ્તા	૨,૬૩૩.૭૮	૨,૬૩૩.૭૮	૨.૮૦
૧૪	રાધનપુર	૨,૭૦૩.૦૬	૨,૭૦૩.૦૬	૨.૮૫

શરતો :—(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધાઓ ધરાવતી નથી તેમની પાસેથી ઓઈલ કું. ઈલાયદી રીતે રૂા. ૪૩.૦૦ કી. લીટર દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ, જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટે જથ્થાબંધ વિક્રેતા પાસેથી કી. લીટર દીઠ રૂા. ૪૦.૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) કેન્દ્રથી ૫ કિ. મી. કરતા વધુ દૂરના સ્થળો માટે ૧ લીટરના ૦.૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાનો રહેશે.

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમીશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપર મુજબ બાંધેલ ભાવોથી વધુ ભાવ એજન્ટ, જથ્થાબંધ વિક્રેતા કે છુટક વિક્રેતા / ફેરીયા લઈ શકશે નહીં.

(૬) ઉપરના ભાવ સિધ્ધપુર (સુથણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ ઉપરથી સપ્લાય થતા કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૭) ઉપરના ભાવોમાં સેલટેક્ષ / સરચાર્જ / સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૮) આ ભાવ જાહેર થયા પછી અગર તો નવીન ભાવ જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તો તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠરાવવાનો રહેશે. અને તે પ્રમાણે ઠરાવેલ ભાવથી વિતરણ કરી શકાશે.

(૧૦) આ ભાવો જાહેર થયા બાદ અગાઉના ભાવ અમલમાં રહેશે નહિ.

(૧૧) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છુટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૧૨) ફેરીયાએ પોતાની લારી ઉપર છુટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૧૩) આ હુકમનો અમલ જુલાઈ, ૧૯૯૯ થી કરવાનો રહેશે.

ઉપયુકત દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવ લેનાર સામે આવશ્યક ધારા-૧૯૫૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

પાટણ, તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૯.

હિમાંશુ શેઠ,
કલેકટર, પાટણ.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમ, ૧૯૬૬ના ૧૮(૧)(ગ).

નંબર ઉ-મકમ-એન.એમ.-ક્યુ.એલ.-કેસ૫-જાહેરનામું-૧૮૯૨.—મહેસાણા જિલ્લાના (ખેરાલુ) સતલાસણા તાલુકાના મોજે નં દરડી ગામના સ. નં. ૨૦૩ પૈકી ૧-૦૦-૦૦ હેક્ટર વિસ્તારમાંથી બિલ્ડીંગ સ્ટોન ખનીજ કાઢવા માટે શ્રી દાદુભાઈ રસુલભાઈ મીર ને આ કચેરીના હુકમ નંબર એ.જી.એમ. / ક્યુ.એલ. / ૬૧૭/૮૭૮/૮૧, તારીખ ૧૩ મી માહે એપ્રિલ, સને ૧૯૯૮ થી ૧૦ (દસ) વર્ષની મુદત માટે ક્વોરીલીઝ મંજૂર કરવામાં આવેલ હતું. સદર મંજૂરી હુકમની શરત (૧) પ્રમાણેની કાર્યવાહી હાથ ન ધરવા માટે ઉપરોક્ત હુકમ આપોઆપ રદ થતા હવે ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ ના નિયમ-૧૮(૧)(ગ) હેઠળ ઉપરોક્ત વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ બાદ ફરીથી લીઝ હેઠળ આપવા માટે ઉપલબ્ધ થઈ શકશે, એમ હું એચ. બી. વરિયા, આઈ. એ. એસ. કલેક્ટર, મહેસાણા જાહેર કરું છું.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	લીઝ માટે ફરીથી ઉપલબ્ધ થતો વિસ્તાર (હેક્ટરમાં)
૧	૨	૩	૪	૫
મહેસાણા	(ખેરાલુ) સતલાસણા.	નં દરડી	૨૩૦ પૈકી	૧ ૦૦ ૦૦

મહેસાણા, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૯.

એચ. બી. વરીયા,
કલેક્ટર, મહેસાણા.

જાહેરનામું

મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતના અધિનિયમ ૧૯૪૮.

ક્રમાંક ટેનન્સી / ડી / ૭૪૭ / ૯૯ :—સને ૧૯૪૮ ના મુંબઇ ગણોત વહીવટ અને ખેત જમીન બાબતના અધિનિયમની કલમ-૬૭ ની પેટા કલમ-૧ અને ૨ તથા ગણોત વહીવટ અધિનિયમની કલમ ૭૨ (એ એ) અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ કલેક્ટરશ્રી વડોદરા વહીવટી અનુકૂળતાની દ્રષ્ટિએ મુંબઇ ગણોત વહીવટ અને ખેત જમીન બાબતના અધિનિયમના અમલીકરણ માટે (૧) મામલતદારશ્રી છોટાઉદેપુર, (૨) મામલતદારશ્રી જેતપુરપાવી, (૩) મામલતદારશ્રી કવાંટ, મામલતદારશ્રી સંખેડા (૫) મામલતદારશ્રી નસવાડીને કૃષિપંચશ્રી, તરીકેની ફરજો તથા અધિકાર ભોગવવા અને કાર્યો અદા કરવા તેઓશ્રીના તાલુકાના કાર્યક્ષેત્ર પુરતા અધિકાર આપવામાં હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમનો અમલ તાત્કાલીક અસરથી કરવામાં આવે છે.

વડોદરા, તારીખ ૯મી જુલાઇ ૧૯૯૯.

(સહિ) આચાર્ય,
કલેક્ટર વડોદરા વતી.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/પલસ/વશી.—કોલીયારી બંધ ડેમ વિસ્તારમાં ડેમના અસરગ્રસ્તો દ્વારા ડેમ સાઈડને નુકશાન થાય તેવી શકયતાઓને લીધે લોકોમાં જાનમાલ જોખમ અને ભયમાં મુકાય નહી, સુલેહ શાંતી જળવાઈ રહે અને એવી રીતે સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા તથા ડેમ સાઈડની સરકારી મિલ્કતોની તોડફોડ ન થાય તેથી તેને અંકુશમાં લેવાનું યોગ્ય જણાતાં અત્રેથી જાહેરનામા ક્રમાંક : ઉ/મકમ/પલસ/વશી-૮૯૨, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૯ થી કોલીયારી સિંચાઈ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુબાજુનો ૨૦૦ મીટરનો વિસ્તાર પ્રતિબંધીત જાહેર કરેલ છે. જેનો અમલ તારીખ ૩૦મી જુન, ૧૯૯૯ સુધી હતો.

કાર્યપાલક ઈજનેરશ્રી હડફ મુખ્ય બંધ વિભાગ ગોધરાના પત્ર જા. નં. હમુબંવિ/પીબી/કોલીયારી/સલામતી / વ્યવસ્થા ૧૦૧૦/૯૯, તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૯ થી કોલીયારી બંધ સ્થળ ખાતે વિવિધ સિવીલ કામો પ્રગતિ હેઠળ છે. બંધ કામની પ્રગતિમાં બંધ સ્થળ ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સરકારશ્રીના હિતમાં કલમ-૧૪૪ નો અમલ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૯ સુધી રાખવા માટે દરખાસ્ત કરેલ છે. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ પત્ર નં. : એલઆઈબી/જા.નામુ/૩૦૦૨, તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૯ થી જરૂરી ભલામણ કરેલ છે.

તેથી હું સંજય પટ્ટણી (આઈ.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ગોધરા, પ્રાંત ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના કોઈપણ ઈસમોએ અવર-જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતુ તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ જાહેર સહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હકારવું નહી, ચલાવવું નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી, અથવા હરવું-ફરવું નહી, અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	મુદત
કોલીયારી સિંચાઈ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુ બાજુનો ૨૦૦ મીટરનો વિસ્તાર	તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૯થી તારીખ ૩૧માં જુલાઈ, ૧૯૯૯ સુધી (બંને દિવસો સહિત)

આ હુકમ ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૫માં જુલાઈ, ૧૯૯૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટણી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પ્રાંત ગોધરા.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ફરારી ઇસમ અંગેનું જાહેરનામું

ઢંઢેરો

નંબર પરવ/ટીટીએન/કિ. નં./૨/૯૯ /વશી/૨૯૪૪/૯૯.— શ્રી નટવરસિંહ પ્રભાતસિંહ ઝાલા, રે. મોરાઇ, તાલુકા લુણાવાડાની આવશ્યક ચીજવસ્તુઓનાં કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩ હેઠળ તારીખ ૧૯મી જુન ૧૯૯૯ ના રોજ અટકાયતી હુકમો કરવામાં આવેલા, અને તેના અમલ બજવણી માટે તે હુકમ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાને મોકલાવેલ આ અટકાયતી અંગે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા તરફથી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ અટકાયત હેઠળની વ્યકિત ફરાર હોવા અંગેનો અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો છે આથી સદરહુ અહેવાલના આધારે હું એ. કે. રાકેશ (આઇ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબત અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૭(એ) અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૮૨ હેઠળ મળેલ સત્તાની રૂએ જેની સામે અટકાયતી હુકમ બહાર પાડવામાં આવ્યો છે તે ઇસમ શ્રી નટવરસિંહ પ્રભાતસિંહ ઝાલા, ઉંમર ૩૭ વર્ષ રે. મોરાઇ, તાલુકા લુણાવાડાને આ જાહેરનામાંથી ફરારી જાહેર કરૂ છું.

આ જાહેરનામાની તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ૩૦ ત્રીસ દિવસ એટલે કે તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ કે તે પહેલાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે જો તેમ કરવામાં કસૂર કરશો તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૮૩ મુજબ તમે તેમજ તમારા વાલી-વારસદારોએ ધારણ કરેલ મિલ્કતની જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવા જણાવવામાં આવે છે.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Supple.C. G. I—217

INDEX

REGISTERED No. G-BA-14-E.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, SEPTEMBER 30, 1999 / ASVINA 8, 1921 [No. 39

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	729-910
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	39
Part I-B	—Government Notifications published under Land Acquisition Act only.	1030-1047
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2342-2391

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

નંબર ઉ/ગપક/વિશા/૪૩૭/૯૯.—અમદાવાદ શહેરમાં કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે હિંસક બનાવો બનવા પામેલ તેના કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં લોકોના જનમાલ જોખમમાં હોઈ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવો ભય હોઈ અને આવી રીતે ભંગ થતો અટકાવવાનો જરૂરી છે. અને તેમ થતું તાત્કાલીક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

અને મને ખાત્રી થઈ છે કે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતા કારણો છે. અને પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં એકતરફી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

જેથી હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફરમાવું છુ કે, નીચે જણાવેલ અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોના રહેવાસીઓએ તથા તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેષ કરેલા વિસ્તાર પુરતા તે અનુસૂચિમાં દર્શાવેલ સમય દરમ્યાન નીચે જણાવેલ વિસ્તારોની અંદર આવેલા કોઇપણ માર્ગ જાહેર રાહદારી રસ્તાઓ રાજ માર્ગો શેરીઓ, ગલીઓ તેમજ પેટા ગલીઓમાં સવારી કરવી નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી અથવા હરવું ફરવું નહી તેમજ તેનો બીજી કોઇ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તાર : કાલુપુર પોલીસ સ્ટેશનના કાલુપુર સર્કલ, મણીલાલ મેન્શન સ્ટેશન રોડ સારંગપુર સર્કલ સિવાય સમગ્ર કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર તારીખ અને સમય ૨૦મી જુલાઇ ૧૯૯૯ કલાક ૧૯-૦૦થી બીજો હુકમ થતા સુધી

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહ ખાતાના જાહેરનામા નંબર જીવી/૩૬૫/૭૯/એસ.બી-૧/સીએલએ/૧૦૭૯/૧૦૭૨૬, તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીન જામીનલાયક ગુનો છે.

અપવાદ :—આ હુકમ ફરજ પરના પોલીસ દળ, ફાયરબ્રીગેડ, રેડ ક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડઝ, એસ.આર.પી .દળના સભ્યો, મીલ તથા ફેકટરી કામદારો, ડોકટરો, નર્સો. પ્રેસ રીપોર્ટરો, રેલ્વે, મ્યુનિસિપલ કોર્પોરેશન, એ. એમ.ટી. એસ, અને એસ. ટી. ના કર્મચારીઓ ઇલેકટ્રીકસીટી કંપની, ઓ.એન.જી.સી., ટેલીગ્રાફ તથા તાર અને ટપાલ ખાતાના કર્મચારીઓ જેમને તેમની સંસ્થાના વડાઓએ કટોકટીમાં ફરજ બજાવવા માટે ઓળખપત્ર આપેલ હોય તેમજ બીજાઓએ પોતાના ઓળખપત્રો રજુ કરવાના રહેશે. તેમજ પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તરફથી કરફ્યુ વિસ્તારમાં ફરવાની આપવામાં આવેલી પરમીટ ધરાવતી વ્યકિતઓને લાગુ પડતો નથી.

આજ તારીખ ૨૦મી માહે જુલાઇ સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે. કાઢેલ.

નંબર ઉ/ગપક/૪૩૬/૯૯, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ તથા નંબર ઉ/ગપક/૪૩૭/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કાઢેલ હુકમમા છુટછાટ.

નંબર ઉ/ગપક/૪૩૮/વિ.શા./૧૯૯૯ .— અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમોથી દરિયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાન માલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાન્તીનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલાં તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઇસ્ટ જણાય છે.

જેથી હુ પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/વિશા/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ થી દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથ નંબર ઉ/ગપક/૪૩૭/વિશા/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ કાલુપુર વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમ્યાન બહેનો તથા બાળકો માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છુ.

વિસ્તાર	છૂટછાટનો સમય
	૨૧મી જુલાઇ ૧૯૯૯
(૧) દરિયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	કલાક ૧૬-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી

નોંધ : કાલુપુર તથા દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બહેનો તથા બાળકો માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૨૧મી જુલાઇ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/૯૯, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ તથા નં. ઉ/ગપક/૪૩૭/૯૯, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કાઢેલ હુકમમાં છુટછાટ.

નંબર ઉ/ગપક/૪૩૯/૯૯/વિશા/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમોથી દરિયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાન માલ જોખમમાં મુકાતા તેમજ જાહેર સુલેહ શાંન્તીનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલાં તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને ન જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છૂટછાટ આપવાનો મને ઇસ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/વિશા/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯થી દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથા નંબર ઉ/ગપક/૪૩૭/વિશા/૧૯૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ કાલુપુર વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમ્યાન તમામ માટે કરફ્યુના અમલમાં છૂટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છૂટછાટનો સમય
	૨૨મી-જુલાઈ-૧૯૯૯
(૧) દરિયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	કલાક ૮-૦૦ થી કલાક ૧૪-૦૦ સુધી.

નોંધ :—કાલુપુર તથા દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ માટે કરફ્યુના અમલમાં છૂટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૨૨મી જુલાઇ ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/૯૯. તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ તથા નંબર ઉ/ગપક/૪૩૭/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કાઢેલ હુકમમાં છૂટછાટ.

નંબર ઉ/ગપક/૪૪૦/૯૯/વિ.શા/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમોથી દરીયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર માં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમા મુકાતા તેમજ જાહેર સુલેહ શાંતી નો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલા લીધેલા તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈસ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૭ની કલમ અન્વયે મેં જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/વિ.શા./૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯થી દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથા નંબર ઉ/ગપક/૪૩૭/૯૯ વિ.શા/૯૯ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ કાલુપુર વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમ્યાન તમામ માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર.	છુટછાટનો સમય તથા તા. ૨૨-૭-૧૯૯૯
(૧) દરીયાપુર તથા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	કલાક ૮-૦૦ થી ૧૪-૦૦ સુધી હતો તે ફરીથી કલાક ૧૪-૦૦ થી ૧૯-૦૦ સુધી લંબાવવામાં આવેલ છે.

નોંધ : કાલુપુર તથા દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૨૨મી જુલાઇ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૩૬/૯૯, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ તથા નંબર ઉ/ગપક/૪૩૭/૯૯, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કાઢેલા કરફ્યુ હુકમમાં સંપુર્ણ પણે કરફ્યુ તારીખ ૨૩મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કલાક ૦૮-૦૦ વાગ્યાથી ઉઠાવી લેવામાં આવે છે.

નંબર ઉ/ગપક/૪૪૧/વિશા/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમોથી તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૯ના કલાક ૧૬-૪૫થી બીજો હુકમ થતાં સુધી દરિયાપુર પોલીસ સ્ટેશન તથા તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૯ના કલાક ૧૯-૦૦ થી બીજો હુકમ થતાં સુધી કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરફ્યુ નાખવામાં આવેલ તે તારીખ ૨૩મી જુલાઇ ૧૯૯૯ સવાર કલાક ૦૮-૦૦ વાગેથી સંપૂર્ણ પણે કરફ્યુ ઉઠાવી લેવામાં આવે છે.

આજ તારીખ ૨૩મી જુલાઇ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

કરફ્યુ હુકમ

નંબર ઉ/ગપક/વિશા/૪૪૨/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં કારંજ, શાહપુર, ખાતે હિંસક બનાવો બનવા પામેલ તેના કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં લોકોના જાનમાલ જોખમમાં હોઈ જાહેર સુલેહ શાન્તીનો ભંગ થાય તેવો ભય હોય અને આવી રીતે ભંગ થતો અટકાવવાનું જરૂરી છે. અને તેમ થતું તાત્કાલીક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

અને મને ખાત્રી થઈ છે કે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતા કારણો છે. અને પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઇ જાહેર જનતાના હિતમાં એક તરફથી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

તેથી હં પી. સી. પાન્ડે, પોલિસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફરમાવું છું કે, નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોના રહેવાસીઓએ તથા તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસુચિમાં નિર્દેષ કરેલા વિસ્તાર પુરતા તે અનુસુચિમાં દર્શાવેલ સમય દરમ્યાન નીચે જણાવેલ વિસ્તારોની અંદર આવેલા કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, તેમજ પેટા ગલીઓમાં સવારી કરવી નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી, અથવા હરવું ફરવું નહી, તેમજ તેનો બીજી કોઇ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસુચિ

વિસ્તાર	તારીખ અને સમય
કારંજ, શાહપુર પો. સ્ટેશનનો સમગ્ર. વિસ્તાર.	તારીખ ૨૭ મી જુલાઇ ૧૯૯૯ના ક. ૧૮-૨૫ થી બીજો હુકમ થતાં સુધી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫મા અધિનિયમ) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના

INDEX

ખાતાના જાહેરનામા નંબર જીજી/૩૧૫/૭૯/એસબી-૧/સી.એલ.એ. ૧૦૭૯/૧૦૭૨૬, તારીખ ૧૪મી ડીસેમ્બર, ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બિન જામીન લાયક ગુન્હો છે.

અપવાદ.—આ હુકમ ફરજ પરના પોલીસ દળ, ફાયર બ્રીગેડ, રેડક્રોસ એમ્બ્યુલન્સ, હોમગાર્ડઝ, એસ.આર.પી. દળના સભ્યો, મીલ તથા ફેકટરી કામદારો, ડોકટરો, નર્સો, પ્રેસ-રીપોર્ટરો, રેલ્વે, મ્યુનિસિપલ કોર્પોરેશન, એ.એમ.ટી. એસ. અને એસ.ટી. ના કર્મચારીઓ ઈલેકટ્રીક સીટી કંપની, ઓ.એન.જી.સી. ટેલીગ્રાફ, તથા તાર અને ટપાલ, ખાતાના કર્મચારીઓ જેમને તેમની સંસ્થાના વડાઓએ કટોકટીમાં ફરજ બજાવવા માટે ઓળખપત્રો આપેલ હોય તેમજ બીજાઓએ પોતાના ઓળખ પત્રો રજુ કરવાના રહેશે, તેમજ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર તરફથી કરફ્યુ વિસ્તારમાં ફરવાની આપવામાં આવેલી પરમીટ ધરાવતી વ્યકિતઓને લાગુ પડતો નથી.

આજ તારીખ ૨૭ માહે જુલાઈ સને ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ઓ) મુજબના હુકમની મુદતમાં વધારો કરવા હુકમ.

નંબર ડી./એમએજી/૧-સભા/સરઘસ/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ઓ) મુજબ જિલ્લાના શહેરો અને ગામોમાંથી સભા-સરઘસ કાઢવા, યોજવા માંગતા હોય તો કેવી રીતભાત, વર્તણૂંકથી સભાઓ તથા સરઘસો કાઢવા જે સંબંધનું જાહેરનામું આ કચેરીના હુકમ નં. ડી.એમ.એ.જી.-૧૯૮૬, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૮૬ થી પ્રસિધ્ધ કરેલ છે.

સબબ પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં લેતાં તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જાહેરનામાની મુદતમાં વધારો કરવો જરૂરી જણાયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ઓ) અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામું એક વર્ષ માટે એટલે કે તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૦ સુધી લંબાવવા હુકમ કરુ છુ.

આજરોજ તારીખ ૨૦મી માહે જુલાઈ સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

નંબર ડીસીબી/એમએજી/પોલ/વલ/૭/૯૯.—આ કચેરીના હુકમ નં. ડીસીબી/એમએજી/પોલ/વલ/૧૦/૯૯, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૫ થી અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક ડીસીબી/એમએજી/પોલ/૧૯૭૬, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૭૬ થી નિયત સભા સરઘસ વિનિયમો સુધારો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડો (થ) (દ) અને (લ) થી મળેલ સત્તાની રૂએ સભા અને સરઘસ (વલસાડ જિલ્લા વિસ્તાર) ના નિયમન અને વ્યવસ્થા, નિયમો-૧૯૭૬ કરવામાં આવેલ તેમાં અત્રેના ઉકત ૩૦મી જાન્યુઆરી ૧૯૯૫ ના હુકમથી ફેરફાર કરી સરઘસ અને સભા એ બંને માટેની પરવાનગીઓ આપવા સબંધે પેટા વિભાગીય પોલીસ અધિકારીશ્રીથી ઉતરતા નહીં હોય તેવા પોલીસ અધિકારીને "અધિકૃત અધિકારી" તરીકે અધિકૃત કરેલ તે ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૫ નો હુકમ રદ કરી તેમાં પુન: સુધારો કરી સભા માટે સ્થાનિક કાર્યપાલક મેજિસ્ટ્રેટ (મામલતદાર) તથા સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વલસાડને "અધિકૃત અધિકારી" તરીકે અધિકૃત કરવામાં આવે છે. જયારે અન્ય જોગવાઈઓ યથાવત રહે છે. એટલે કે "સરઘસ" અંગેની પરવાનગી આપવાના અધિકારો પેટા-વિભાગીય પોલીસ આધિકારીશ્રી વલસાડ પાસે રહેશે.

ઉકત સુધારો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

વલસાડ, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૯.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ક્રમાંક /અમ.એ.જી.-પી. એઓ.એલ-વશી-૩૧૬૩/૯૯.—સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) હેઠળ મળેલ અધિકાર અન્વય સદરહું કાયદાની કલમ-૩૭ (૧) ની પેટા-કલોઝ (બી) હેઠળ ઘડવા ધારેલા નિયમો હેઠળ નીચે મુજબના જાહેરનામાનો મુસદ્દો ઉકત કાયદાની કલમ-૩૩(૬) (૬) પ્રમાણે જોગવાઈની લાગતા વળગતા ઈસમો કે જેમને આ જાહેરનામાની અસર થાય છે. તેમની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ જાહેરનામા અંગે જેમને કોઈ વાંધાઓ હોય, અગર સૂચનો કરવા હોય તે તેવા વાંધા તથા સૂચનો આ જાહેરનામું ગુજરાત રાજય ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦(ત્રીસ) દિવસ સુધી જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સ્વીકારશે અને દયાનમાં લેશે. ઉપરોકત સમય બાદ મળેલા વાંધા અથવા સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

મુસદ્દો

ક્રમાંક એમએજી-પ.ઓ.એલ વશી-૩૧૬૩/૯૯ —ભરૂચ વેલફેર હોસ્પીટલ થઈ મહમદપુરા એમ. જી. રોડ પાંચબ-ત્તી થઈ સ્ટેશન તરફ તો રોડ સાંકડો, વળાંકવાળો હોય તેમ વાહનોની અને રાહદારીઓની અવરજવર પુષ્કળ પ્રમાણમાં રહેતાં હોય, એસ ટી. બસ જેવા ભારે વાહનોના પસાર થવાથી ટ્રાફીકનું સરળ સંચાલન કરવામાં અડચણ ઉભી થાય છે. તથા અકસ્માત થવાની પણ શકયતા રહે છે.

જેથી જંબુસર, વાગરા, બાજુથી આવતી એસ.ટી. બસને ભરૂચ શહેરમાં ભરૂચ વેલફેર હોસ્પીટલ, મહમદપુરા, પાંચબત્તી થઈ સ્ટેશન તરફ જતા રોડ પર આવવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું અને અન્ય વૈકલ્પિક રસ્તા પરથી એસ.ટી. ડેપો સુધી જવા માટેનું નક્કી કરવું આવશ્યક જણાય છે.

જેથી હું બી. બી. સ્વેન, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ(૧) ના પેટા કલોઝ(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ જંબુસર/વાગરા તરફથી આવતી એસ.ટી. બસોને ભરૂચ વેલફેર હોસ્પીટલ, મહમદપુરા, એમ. જી. રોડ, પાંચબતી થઈ એસ.ટી. ડેપો તરફ જતાં રોડ પરથી પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. એસ.ટી. માટે સદર માર્ગ બંધ થવાથી જંબુસર, વાગરા તરફથી આવતી એસ.ટી. બસો દહેજ બાયપાસ ફાટક થઈ શેરપુરા, નંદેલાવ ચોકડી રસ્તે ગોડીવાળા રસ્તે થઈ બસ ડેપો થઈ શકશે. તે મતલબનો નિમય કરૂ છું.

ભરૂચ એસ.ટી. ડેપોમાંથી જંબુસર/વાગરા તરફ જતી બસો ભરૂચ શહેરી વિસ્તારમાંથી રાબેતા મુજબ જઈ શકશે.

આજ તારીખ ૨૦મી માહે જૂલાઈ સને ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. બી. સ્વેન
જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને (૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૧) ખ મુજબ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૩/(૧)ખ/વશી/૪૧૫૯ થી ૪૧૭૯/૯૯.—ગાંધીનગર જીલ્લાના મોટેરા ગામે સંત આશારામ આશ્રમ ખાતે ગુરૂપુર્ણિમાં નિમિત્તે દર વર્ષની જેમ ચાલુ વર્ષે તારીખ ૨૭, ૨૮મી જુલાઈ ૧૯૯૯ના કલાક ૧૨-૦૦ થી ૨૯મી જુલાઈ ૧૯૯૯ ના ૧૨.૦૦ સુધી ગુરૂપુર્ણિમાંનો મહોત્સવ ઉજવવામાં આવનાર હોઈ જે પ્રસંગે દેશભરમાંથી દર્શનાર્થીઓ આશ્રમ ખાતે આવનાર હોઈ ભુતકાળના વર્ષોમાં પણ આ પ્રસંગે પાંચથી સાત લાખ દર્શનાર્થીઓની અવર જવર રહેવા પામેલ આવા પ્રસંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી અત્રેની કચેરીના તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૯ના જાહેરનામાં ક્રમાંક બીપીએ/જાહેરનામું-૩૭ (૧) વશી ૩૯૬૩ થી ૭૩/૯૯ થી ગાંધીનગર જીલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં જે કૃત્ય કરવા સામે મનાઈ ફરમાવેલ છે તે પૈકી નીચે દર્શાવેલ વિસ્તારમાં તેવા કૃત્ય કરવા સામે સંપૂર્ણ મનાઈ ફરમાવવું જરૂરી જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખ થી મને મળેલ સત્તાની રૂએ હુ સંજય પ્રસાદ, જીલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ર૭મી જુલાઈ ૧૯૯૯ થી તા. ર૯મી જુલાઈ ૧૯૯૯ સુધી એવા કૃત્ય કરવા માટે સંપૂર્ણ મનાઈ ફરમાવું છુ.

આથી આ સમગ્ર વિસ્તારમાં કોઈપણ પ્રકારની મંજુરી આપવામાં આવશે નહી તેની સમગ્ર જનતાએ નોંધ લેવી.

વિસ્તાર : પ્રતિબંધિત માર્ગ.

૧. સાબરમતી તરફથી ગુજરાત સ્ટેડીયમ મોટેરા તરફ આવતો રોડ;

૨. મોટેરા સ્ટેડીયમ કંપાઉન્ડના મુખ્ય પ્રવેશ દ્વારથી મોટેરા આશ્રમ તરફ જતો રોડ;

૩. ભાટ ગામથી કોટેશ્વર થઈ મોટેરા આશ્રમ તરફ જતો રોડ;

૪ સુઘડ રાધાસ્વામી આશ્રમ ત્રણ રસ્તાથી મોટેરા ગામ તરફ જતો રોડ;

ઉપરોકત જણાવેલ એપ્રોચ રોડ ઉપર ભારે વાહનોની અવર જવર ઉપર દર્શનાર્થીઓના વાહનો સિવાયના વાહનો માટે પ્રતિબંધ કરવામાં આવે છે. તેમજ ૧ થી ૪ના એપ્રોચ રોડ ઉપરના જતા આવતા વાહનો આ દિવસો દરમ્યાન મુખ્ય ધોરી માર્ગો ઉપર થઈને અવરજવર કરશે.

આજ તારીખ ર૩મી જુલાઈ ૧૯૯૯ ના રોજ મારાં સહી સિક્કા કર્યા.

સંજય પ્રસાદ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એજી/વશી/૪૦૯૬ થી ૪૧૧૨ .—નર્મદા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું એન. કે. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં ઉશ્કેરણી સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં:

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા એવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા અથવા લાકી લઇ જવાની પરવાનગી આપી શકાય ને વ્યકિતને.

અનુસૂચિ

'નર્મદા જીલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૩મી જુલાઇ ૧૯૯૯ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અને (૨) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એજી./વશી/૪૧૪૨ થી ૪૧૫૮.—તાજેતરમાં ધાર્મિક તહેવારો ગૌરીવ્રતના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા સમગ્ર જિલ્લામાં કોમી એખલાસ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ બને નહીં અને કાયદો અને વ્યવસ્થાને વિપરીત અસર ન પહોંચે તથા સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

આથી હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ. ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧)અને(૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત **થવા** સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી,

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ/હોમગાડઝ/ગ્રામ રક્ષક દળના કર્મચારી તથા અધિકારી.

(૨) લગ્ન વરઘોડો, સ્મશાનયાત્રામાં જોડાયેલ વ્યકિત.

ઉપરોકત હુકમ તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૯ થી તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમાનુસાર પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ ૨૩મી જુલાઈ, સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો,

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૧) / વશી/૪૩૦૭-૧૭/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી મુજબ રજુઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૯ થી ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

અપવાદ:—(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું, હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના રોજ મારા સહી-સિકકા કરી આપ્યાં

એસ. એલ. નિમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨ માંની કલમ(૩૭(૪).

નંબર પીઓએલ/વશી/૧૦૫૩/૯૯.—મહેસાણા સીટીમાં પોલીસ હેડકવાર્ટર પાસે એન.સી.સી. કેડેટસની પસંદગી માટે " ૨૨ રાઈફલસ " દ્વારા ગોળીબાર પ્રેક્ટીસ તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૯ થી ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૯ સુધી ચાલનાર હોઈ લોકોની તથા ઢોરઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું આઈ. જી. પરીખ, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મહેસાણા સીટીમાં આવેલ પોલીસ હેડ કવાર્ટરનો વિસ્તાર તથા તેની આજુબાજુના ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૯ થી ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી બપોરના ૧૫-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રૂપે માણસો તથા ઢોરઢાંખરની અવરજવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ માહે જુલાઈ, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ / મકપ / પલસ / મજસ / વશી / ૧૮૭૨ થી ૧૯૨૧.—તારીખ ૨૬મી જુલાઈ ૧૯૯૯ થી ૩૦મી જુલાઈ, ૧૯૯૯ ના સમય દરમ્યાન "ગૌરીવ્રત ના તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવાર ઉજવણી પ્રસંગે કુમારીકાઓ તેમજ સ્ત્રીઓ સાંજના સમયે બગીચાઓમાં ફરવા જાય છે આ તહેવારની ઉજવણ દરમ્યાન કોઈ છેડતીના બનાવો ન બને તેમજ કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જાળવાય તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક એલ આઈ બી -જાહેરનામું-૩૦૯/૯૯, તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૯ થી ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરુષો અને છોકરાઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ માટેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ ઉપરોકત સંજોગોમાં હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરુષો અને છોકરાઓને તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ થી ૩૦મી જુલાઈ, ૧૯૯૯ ના સમય દરમ્યાન પ્રવેશ કરવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

BY COLLECTOR

Notification

No. LND / WS / 4676/99.— In Excercise of the Power conferred by Section 126 of Bombay Land-Revenue Code 1879, Collector of Sabarkantha at Himatnagar, District Sabarkantha is pleased to declare the following Land to Village SONASAN taluka Prantij, District Sabarkantha for Fixation of the City-survey Limits as per Para-97 of the ciy survey manual

INDEX

SCHEDULE

District Sabarkantha, taluka Prantij, village Sonasan,

(1)	Village Site Area	15 27 76
(2)	Agricultural Area	13 21 32
(3)	Non-Agricultural Area	5 09 13
	Total Area	33 58 12

Agriculturals Surveys No.

Sr. No.	Survey No.	Block No.	An.	Area Un-Useble	Useble	Remarks
1	2	3	4	5	6	7
1		1	1 29 50		1 29 50	
2		250	0 06 07		0 06 07	
3		251	0 20 23		0 20 23	
4		252	1 38 61		1 38 61	
5		249	0 29 34		0 29 34	
6		308	0 20 23		0 20 23	
7		311	0 31 36		0 31 36	
8		321	0 45 53		0 45 53	
9		619	2 80 25		2 80 25	
10		752	0 34 40		0 34 40	
11		753	0 64 75		0 64 75	
12		755	0 27 32		0 27 32	
13		763	0 69 81		0 69 81	
14		790	0 47 55		0 47 55	
15		791	0 02 02		0 02 02	
16		792	0 49 57		0 49 57	
17		794	0 02 02		0 02 02	
18		795	0 64 76		0 64 76	
19		682	1 80 10		1 80 10	
20		1263	0 54 63		0 54 63	
21		1264	0 21 25		0 21 25	
22		826	0 02 02		0 02 02	
		Total	13 21 32		13 21 32	

Non-Agriculturals Surveys No.

Sr. No.	Survey No.	Block No.	An.	Area Un-Useble	Useble	Remarks
1	2	3	4	5	6	7
23		313	0 39 46	0 39 46		
24		314	0 07 08	0 07 08		
25		315	0 39 46	0 39 46		
26		316	0 30 35	0 30 35		
27		317	0 45 53	0 45 53		
28		617	0 81 91	0 81 91		
29		618	0 01 01	0 01 01		

1	2	3	4	5	6	7
30		754 Paiki	0 55 64	0 55 64		
31		793	0 56 66	0 56 66		
32		796 Paiki	0 51 60	0 51 60		
33		825	0 07 08	0 07 08		
34		1134	0 08 09	0 08 09		
35		1135	3 50 86	3 50 86		
36		1265	0 34 40	0 34 40		
		Total	5 09 13	5 09 13		

Himatnagar, 2nd July, 1999.

Notification

No. LND / WS / 4676/1/99.—In excercise of the Power Conferred by section 126 of Bombay Land Revenue Code 1879, the Collector of Sabarkantha at Himatnagar. District Sabarkantha is pleased to declare the following Land to Village : Moyad, Taluka : Prantij, District : Sabarkantha for Fixation of the City-survey limits as per Para-97 of the city survey manual.

SCHEDULE

Village Moyad, Taluka Prantij, District Sabarkantha.

(1)	Village Site Area	82 87 00
(2)	Agricultural Area	28 83 45
	Total Area	111 70 45

Agriculturals Survey No,

Sr. No.	Survey No.	Part No.	Area An.	Area Un-Useble	Area Useble	Remarks
1	2	3	4	5	6	7
1	1		0 18 21	0 04 05	0 14 16	
2	2		0 43 50		0 43 50	
3	3		0 23 27		0 23 27	
4	4		2 47 87	0 01 01	2 46 86	
5	5		0 19 22		0 19 22	
6	6		0 02 02	0 02 02		
7.	7		0 79 93		0 79 93	
8	8		0 51 60		0 51 60	
9	9		1 25 45	1 25 45		
10	10		0 84 98	0 09 11	0 75 87	
11	11		1 66 94	0 07 08	1 59 86	
12	12		0 18 21		0 18 21	
13	13		0 10 28		0 10 28	
14	14		1 21 41		1 21 41	
15	15		0 75 88		0 75 88	
16	16		0 47 55		0 47 55	
17	17		88 28 27	88 28 27		
18	37		0 49 58		0 49 58	
19	38		0 56 66	0 05 06		
20	39		0 66 77		0 66 77	
21	41		2 52 93	0 91 05	1 61 88	
22	42		0 84 99	0 45 53	0 39 46	
23	43		1 15 34	0 84 98	0 30 36	
24	44		1 19 38	0 45 52	0 73 86	
25	45		0 88 02	0 39 02	0 48 56	

1	2	3	4	5	6	7
26	46		1 21 41		1 21 41	
27	238		0 15 18	0 15 18		
28	239		0 69 81		0 69 81	
29	240		0 92 07		0 92 07	
30	241		0 40 47		0 40 47	
31	242		0 76 89		0 76 89	
32	243		0 38 45		0 38 45	
33	244		1 01 17		1 01 17	
34	245		0 64 75		0 64 75	
35	246		0 63 74		0 63 74	
36	247		0 81 95	0 03 04	0 78 91	
37	248		1 00 16		1 00 16	
38	249		1 24 45		1 24 45	
39	250		1 05 22		1 05 22	
40	253		0 69 81		0 69 81	
41	265		1 19 38		1 19 38	
42	266		0 61 71		0 61 71	
43	719		1 52 77		1 52 77	
44	724		2 09 43		2 09 43	
45	728		0 75 88		0 75 88	
46	729		1 09 27		1 09 27	
47	730		1 24 44		1 24 44	
48	731		1 12 30		1 12 30	
49	732		1 84 13	0 06 07	1 78 06	
50	733		1 84 14		1 84 14	
51	734		0 71 83		0 71 83	
52	735		0 71 83		0 71 83	
53	736		1 65 95	0 06 07	1 59 88	
54	737		1 67 95	0 06 07	1 61 88	
55	738		0 83 97		0 83 97	
56	739		0 38 45		0 38 45	
57	740		0 44 52		0 44 52	
58	741		2 31 68		2 31 68	
59	742		1 91 21		1 91 21	
60	743		0 80 94		0 80 94	
61	744		0 51 60		0 51 60	
62	745		0 56 66		0 56 66	
63	746		1 44 18		1 44 18	
64	747		2 30 67		2 30 67	
65	748		0 40 47		0 40 47	
66	749		1 06 23	0 04 05	1 02 18	
67	750		0 56 66	0 06 07	0 50 59	
68	751		1 74 02	0 80 94	0 93 08	
69	752		0 76 89		0 76 89	
70	1616		0 52 61		0 52 61	
71	1617		0 40 47	0 40 47		
72	1618		25 00 00	25 00 00		
73	1775		0 57 67		0 57 67	
74	1776		0 52 61		0 52 61	
75	1777		0 28 33		0 28 33	
76	1778		0 23 27		0 23 27	
77	1779		0 51 60		0 51 60	
		Total	28 83 45	25 40 47	3 42 98	

Himatnagar, 2nd July, 1999.

Notification

No. LND / WS / 4676 / 2/99.— In Exercise of the Power Conferred by Section 126 of Bombay Land Revenue Code 1879, the Collector of Sabarkantha at Himatnagar District Sabarkantha is pleased to declare the following Land to Village Ilol, Taluka Himatnagar, District Sabarkanha for fixation of the City Survey Limits as per Para-97 of the city survey manual.

INDEX

SCHEDULE

District Sabarkantha, taluka Himatnagar, village Ilol,

(1) Village Site Area	47	26	76
Total Area	47	26	76

Himatnagar, 2nd July, 1999.

Notification

No. LND / WS / 4676 / 3/99.— In Excercise of the Power Conferred by Section 126 of Bombay Land Revenue Code 1879, the Collector of Sabarkantha at Himatnagar, District Sabarkantha is pleased to declare the following Land to Village Akrund, taluka Bayad, District Sabarkantha for Fixation of the City-survey Limits as per Para-97 of the city survey manual.

SCHEDULE

District Sabarkantha, taluka Bayad, village Akrund.

(1) Village Site Area	23	42	13
(2) Agricultural Area	04	53	24
(3) Non-Agricultural Area ..	02	63	99
Total Area ..	30	59	36

Agriculturals Survey No,

Sr. No.	Survey No.	Part No.	Area An.	Area Un-Useble	Area Useble	Remarks
1	2	3	4	5	6	7
1	1300	1	0 48 56		0 48 46	
2	71435		0 75 s8		0 75 88	
3	1444		2 30 67	0 03 03	2 27 64	
4	1455	1	9 37 43	0 02 02	0 35 41	
5	1456	A	0 29 34		0 29 34	
6	1301	1	0 31 36		0 31 36	
		Total ..	4 53 24	0 05 05	4 48 19	

Non-A griculture Survey No.

Sr. No.	Survey No.	Part No.	An.	Un-Useble	Useble	Remarks
1	1300	2	0 13 15	0 13 15		
2	1434		0 66 45	0 66 34		
3	1436		0 36 42	0 36 42		
4	1455	2	0 42 49	0 42 49		
5	1456	B	0 17 26 31	0 17 26 31		
6	1456	B	0 56 85	0 56 85		
7	1301	2	0 15 18	0 15 18		
8	1301	3	0 16 19	0 16 19		
		Total	2 63 99	2 63 99		

Himatnagar, 2nd July, 1999.

MANOJ AGRAWAL,
Collector, Sabarkantha,
Himatnagar.

INDEX

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર જમીન/વશો./૪૬૭૬/૯૯.—ધી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ, ૧૮૭૯ની કલમ-૧૨૬ હેઠળ મળેલ અધિકારની રૂએ સીટી સર્વે મેન્યુઅલના પેરા નં. ૯૭ મુજબ મોજે સોનાસણ, તાલુકો પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠાની સીટી સર્વે વિસ્તારની હદ નક્કી કરવા માટે કલેકટરશ્રી, સાબરકાંઠા જિલ્લો, સાબરકાંઠા નીચે જણાવ્યા પ્રમાણેની જમીનો ગામની સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા સારૂ જાહેર કરું છું.

પરિશિષ્ટ—૧

મોજે : સોનાસણ, તાલુકો પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા

ધી લાલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લાલોડા તા. ઈડરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(પંચાયત) હિંમતનગરના નોંધણી નંબર ૧૧૨૦૭થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રિ.-૧માં ટાંકેલ અત્રેની કચેરીના તા. ૯-૩-૮૨ના હુકમ નં. સવન/૦૧/ખ/૯૨૮ મંડળીને વહીવટદારની પ્રથા હેઠળ લઈ જવા આદેશ કરવામાં આવેલ હતો તથા મંડળીના વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરવામાં આવેલ હતી. સદર મંડળીનો વહીવટ પ્રથા હેઠળ ચાર વર્ષ પુર્ણ થવા આવેલ છતાં પણ મંડળીની વહીવટી પરિસ્થિતિ સુધરેલી ન હોવાના કારણે મંડળીના વહીવટદારશ્રીએ પ્રિ.-૨માં ટાંકેલ તેમનો તા. ૧૯-૧૦-૮૫ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા દરખાસ્ત કરેલ હતી. આ બાબતે વહીવટદારશ્રી સાથે તા.૨૩-૧૨-૮૫ના રોજ રૂબરૂ ચર્ચા પણ કરેલ હતી. વહીવટદારશ્રીએ તા. ૭-૩-૮૬ના રોજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવેલ હતી. સદર તા. ૭-૩-૮૬ના રોજ મળેલ ખાસ સાધારણ સભામા અત્રેની કચેરીથી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર હાજર રહેલ હતા. આ ખાસ સાધારણ સભામાં મંડળીને ચાલુ રાખવા સભ્યોને વિસ્તૃત સમજુતી આપી લંબાણપુર્વક ચર્ચા વિચારણા કરેલ હતી. પરંતુ આ ખાસ સાધારણ સભામાં હાજર રહેલા તમામ સભ્યોએ મંડળીને ફડચામાં લઇ જવાઆગ્રહ રાખતા અને મંડળીમાં વહીવટદારશ્રીની મુદત પુર્ણ થતાં મંડળીને ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવ નં. ૩થી ઠરાવેલ છે. જેથી ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની કાયમી નિમણુંક કરવામાં આવે છે.

ફડચા અધિકારીશ્રીએ ફડચાની કાર્યવાહી હુકમ થયાની તારીખથી ત્રણ વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા અધિકારીશ્રીએ ફડચાની રકમ શ્રી રજીસ્ટ્રાર સ.મં.ગુ.રા. અ'વાદના પરિપત્રનં. ક્રમાંક ફડચ/૭અ/૬૪૧ તા. ૬-૧૧-૭૮ તથા ફડચ/૭અ/૧૮૩૯ તા. ૨૯-૬-૭૨ અનુસાર આકારી ધી સા.કાં. જી.મ. સ. બેંક લી. હિંમતનગરને ચૂકવવાની રહેશે.

હિંમતનગર, તા. ૪-૪-૮૬

સે.દુ./૨૧૯૬૬/નધણ/૦૧/ખ/૪૨૪-૮૬

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મ. આથી જાહેર કરે છે કે ધી હડમતીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ હડમતીયા પો. તખતગઢ તાલુકો પ્રાંતિજ જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૦-૪-૮૬

વંચાણે લીધા :-

(૧) આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરનો તા. ૨૬-૧૨-૮૫નો અહેવાલ.
(૨) તા. ૨૯-૯-૮૫ના રોજ મંડળીને વાર્ષિક સાધારણ સભામાં મંડળીને વહીવટની પ્રથા હેઠળ મુકવા સબબ થયેલ ઠરાવ નં. ૧૦ની ખરી નકલ.
(૩) મંડળીના સંચાલકોએ અત્રેની કચેરી તા. ૨૪-૩-૮૬ના રોજ આપેલ સંમતિ નિવેદન.
(૪) આ કચેરીની તા. ૨૫-૩-૮૬ની મંજુર કરેલ નોંધ.

આલોચના :-

ક્રમાંક નં. સવન/૦૧/ખ/૪૩૫/૮૬

ધી દખણેશ્વર ગૃપ વિવિધ સેવા સહકારી મંડળી લી. દખણેશ્વર તા. બાયડ જી. સા.કાં.એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નંબર ૨૦૭૦૪ તા. ૨-૧૨-૫૧થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં શ્રી આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરે પ્રિ.-૧માં જણાવેલ તેમના તા. ૨૬-૧૨-૮૫ના અહેવાલથી ધી દખણેશ્વર ગૃપ વિ. કા. સેવા સહકારી મંડળી લી.માં વહીવટદારની પ્રથા દાખલ કરવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના અનુસંધાને મંડળીના તમામ ક.સભ્યોને તા. ૧૫-૨-૮૬ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૩૧૦/૮૬થી રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી ક-૮૧ અન્વયે કારણ છે કે નોટીસ આપીને તા. ૨૮-૨-૮૬ના રોજ ૧૨-૦૦ કલાકે મુદત આપી રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે મુદતની તારીખમાં ફેરફારની જરૂર પડેલ હોઈ અત્રેની કચેરીના તા. ૨૫-૨-૮૬ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૧૭૦/૮૬થી મંડળીના સંચાલકોને તા. ૫-૩-૮૬ના રોજ ૧૫-૩૦ કલાકે હાજર રહેવા જણાવેલ હતું. સદર તારીખે પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી.

ત્યારપછી અત્રેની કચેરીના તા. ૧૩-૩-૮૬ના પત્ર નં. સવન/૦૧/ખ/૨૭૬/૮૬થી મંડળીના તમામ ક. સભ્યોને છેલ્લી તક આપીને તા. ૨૪-૩-૮૬ના રોજ ૧૨-૩૦ કલાકે રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા જણાવેલ હતું. તા. ૨૪-૩-૮૬ના રોજ મંડળીના ચાર ક. સભ્યોએ હાજરની મંડળીને વહીવટદારની પ્રથા હેઠળ લઈ જવા સંમતિ આપી લેખીત નીવેદન આપેલ છે. તથા મંડળીનો વહીવટ સુધારવા માટે તેમણે તા. ૨૯-૯-૮૫ના રોજ મળેલ વા. સા. સભામાં ઠરાવ નં. ૧૦થી ઠરાવેલ છે. તે પ્રમાણે મંડળીમાં તાત્કાલીક વહીવટદારની પ્રથા દાખલ કરવા સંમતિ સહ વિનંતી કરેલ છે.

ઉપરોક્ત મુદ્દાઓ વિગતોને આધારે ધી દખણેશ્વર ગૃપ વિ. કા. સેવા સહકારી મંડળી લી. દખણેશ્વર તા. બાયડમાં વહીવટદારની નિમણુંક કરવાની જરૂર જણાતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) વહીવટદારની નિમણુંક અંગેનો નીચે મુજબનો આદેશ કરૂ છું.

—: આદેશ :—

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તાની રૂએ આલોચનામાં જણાવેલ વિગતોએ ધી દખણેશ્વર ગૃપ વિ. કા. સેવા સહકારી મંડળી લી. દખણેશ્વર તા. બાયડ જી. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક કરવાની જણાતાં વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંકના હુકમની તારીખથી એક વર્ષ માટે નિમણુંક આપવા નીચેની શરતોએ આદેશ કરૂં છું.

શરતો :-

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં રૂ. ૩૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.
(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી સેક્રેટરી અગર અન્ય કર્મચારી માટે ક્લાર્ક રોકી શકશે.
(૩) મંડળીના કામકાજ અંગે વહીવટદાર તથા સેક્રેટરીએ ભાડા-ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચૂકવવાના રહેશે.

હિંમતનગર, તા. ૧૫-૪-૮૬

વંચાણે લીધા :-

(૧) આસી. મેનેજર (લોન્સ) ધી સા. કાં. જિ. મ. સ. બેંક લી. હિંમતનગરનો તા. ૨૯-૧૧-૮૫નો અહેવાલ.
(૨) આ કચેરીના તા. ૨૦-૧-૮૬ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૫૮/૮૬ તા. ૨૦-૧-૮૬ના તથા તા. ૧૩-૩-૮૬ના પત્ર ક્રમાંક સવન/ખ/૨૭૩/૮૬ થી મંડળીના સંચાલકોને આપેલ નોટીસ.
(૩) આ કચેરીની તા. ૨૪-૩-૮૬ની મંજુર થયેલ નોંધ.

આલોચના :-

જા.નં. સવન/૦૧/ખ/૪૩૬/૮૬

ધી શેરડીકંપા ગૃપ સેવા સહકારી મંડળી લી. શેરડીકંપા તા. બાયડ જી. સાબરકાંઠાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. જીલ્લા પંચાયત

INDEX

હિંમતનગરના નોંધણી ક્રમાંક ૨૫૧૪ તા. ૨-૩-૬૩ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં શ્રી આસી. મેનેજર (લોન્સ) ધી સા. કાં.જી.મ.સ. બેંક લી. હિંમતનગરને પ્રિ.-૧માં ટાંકેલ અહેવાલથી મંડળીમાં વહીવટદારની પ્રથા દાખલ કરવા ભલામણ કરેલ છે. સદર અહેવાલને આધારે ધી શેરડીકંપા ગૃપ સેવા સ. મં. લી. તા. બાયડ તમામ કમીટી સભ્યોને પ્રિ.-૨માં ટાંકેલ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૫૮/૮૬ તા. ૨૦-૧-૮૬થી રજી. એ.ડી.થી સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કારણદર્શક નોટીસ આપીને તા.૧૦-૨-૮૬ના રોજ મુદત આપીને હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ સદર તારીખે મંડળીના કમીટી સભ્યો પૈકી મંડળીના કોઈ પણ હોદ્દેદારો હાજર રહેલ નથી. તથા લેખીત અગર મૌખીક રજુઆત કરેલ નથી. ત્યાર પછી અત્રેની કચેરીના તા. ૧૩-૩-૮૬ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૨૭૩/૮૬થી તમામ કમીટી સભ્યોને રૂબરૂ રજુઆત માટે તા. ૨૪-૩-૮૬ની મુદત આપવામાં આવેલ હતી. તથા ઉક્ત નોટીસથી જણાવેલ છે તે મુદતે હાજર નહીં રહેતા સંસ્થામાં વહીવટદારની નિમણુંકનો આદેશ કરવામાં આવશે. જે તમોને બંધનકર્તા રહેશે તેમ છતાં પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. કે લેખીત અગર મૌખીક રજુઆત કરેલ નથી. આ ઉપરથી ફલીત થાય છે કે મંડળીના સંચાલકોને મંડળીના વહીવટમાં બીલકુલ રસ નથી તથા સંપુર્ણ નિષ્ક્રીય છે.

આમ ઉપરોક્ત મુદ્દાઓ વિગતોને આધારે ધી શેરડીકંપા ગૃપ સેવા સ. મં. લી. તા. બાયડ જી. સાબરકાંઠામાં વહીવટદારની નિમણુંક કરવાની જરૂર જણાતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક અંગેનો નીચે મુજબનો આદેશ કરૂ છું.

—: આદેશ :—

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તાની રૂએ આલોચનામાં જણાવેલ વિગતોએ ધી શેરડીકંપા ગૃપ સેવા સ. મં. લી. તા. બાયડ જી. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક કરવાની જરૂર જણાતાં વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંકના હુકમની તારીખથી એક વર્ષ માટે નીચેની શરતોએ નિમણુંક આપવા આદેશ કરૂં છું.

<u>શરતો :-</u>

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં રૂા. ૩૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.
(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી સેક્રેટરી અગર અન્ય કર્મચારી માટે કલાર્ક રોકી શકશે.
(૩) મંડળીના કામકાજ અંગે વહીવટદાર તથા સેક્રેટરીએ ભાડા-ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચૂકવવાના રહેશે.

હિંમતનગર, તા. ૧૫-૪-૮૬

સે.દુ./૨૧૯૬૫/નધણ/૦૧/ખ/૪૨૬-૮૬

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. આથી જાહેર કરે છે કે ધી ધનીવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધનીવાડા તાલુકો મેઘરજ જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૮-૪-૮૬

<u>વંચાણે લીધા :-</u>

(૧) ધી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, પ્રાંતિજનો ધી સાગપુર (રોઝડ) સે. સ. મં. લી. માં તા. ૨૯-૯-૮૪નો ખાસ અહેવાલ.
(૨) આસી. મેનેજર (લોન્સ) મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા સબબ તા. ૮-૩-૮૫નો અહેવાલ.
(૩) આ કચેરીની તા. ૩૦-૪-૮૬ની મંજુર કરેલ નોંધ.

<u>આલોચના :-</u>

જા. નં. સવન/૦૧/ખ/૫૧૩/૮૬

ધી સાગપુર (રોઝડ) ગૃપ સે. સ. મં. લી. એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પંચાયત હિંમતનગરના નોંધણી ક્રમાંક ૨૨૨૮ તા. ૨૮-૧-૬૧થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રિ.-૧માં ટાંકેલ ખાસ અહેવાલથી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, પ્રાંતિજએ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે અત્રેની કચેરીના તા. ૯-૧૧-૮૪ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૩૬૪૫થી મંડળીના તમામ સંચાલકોને રજી.એ.ડી. થી કારણદર્શક નોટીસ આપીને રૂબરૂ રજુઆત માટે તા.૪-૧૨-૮૪ના રોજ અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ હતું.

તા.૪-૧૨-૮૪ના રોજ મંડળીના સંચાલકોએ અત્રેની કચેરીએ હાજર રહીને તા.૩૧-૩-૮૫ સુધીમાં કામગીરી કરવાની નીચે પ્રમાણે ખાત્રી આપેલ હતી.

(૧) મંડળીનું કુલ બાકી ધીરાણ રૂા. ૩૩૫૭૯૦-૩૧ પૈ. છે જે પૈકી રૂા. ૨૯૪૭૧૨-૫૩ પૈસા મુદતવીતી બાકી છે. જે પૈકી ૩૦% રકમની વસુલાત તા. ૩૧-૩-૮૫ સુધીમાં કરવાની ખાત્રી આપેલ હતી.

(૨) મંડળીમાં કરજ બાકીદાર સભાસદોના ધીરાણ ખાતાની વ્યાજની ગણતરી કરેલ ન હતી. જે તાકીદે કરવા ખાત્રી આપેલ હતી.

આમ તા.૪-૧૨-૮૪ના રોજ હાજર રહીને ઉપર મુજબની કામગીરી કરવાની બાંહેધરી આપેલ હતી. તે માટે ૩૧-૩-૮૫ સુધીની મુદત માંગેલ હતી. ત્યાર પછી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૧૨૭૬/૮૫થી મંડળીના સંચાલકોને સમીક્ષા અર્થે અત્રેની કચેરીએ તા. ૨૫-૬-૮૫ના રોજ હાજર રહેવા જણાવેલ હતું. સદર તારીખે અનિવાર્ય સંજોગોને કારણે સુનાવણી થઈ શકેલ ન હતી. ત્યાર પછી અત્રેની કચેરીના તા. ૧૦-૯-૮૫ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૧૫૧૬/૮૫થી સંચાલકોને તા.૧૬-૯-૮૫ના રોજની મુદત આપેલ હતી. પરંતુ સદર તારીખે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. જેથી ફરીથી મંડળીના સંચાલકોને અત્રેની કચેરીના તા. ૧૫-૧૦-૮૫ના રજી.એ.ડી. પત્ર નં. સવન/૦૧/ખ/૧૭૧૦-૮૫થી તા. ૨૮-૧૦-૮૫ની મુદત આપીને રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. સદર મુદતે મંડળીના સેક્રેટરી વસુલાતની માહિતી પત્રક સાથે હાજર રહેલ હતા તા. ૨૮-૧૦-૮૫ના અત્રેની કચેરીના પત્રથી તમામ કમીટી સભ્યોને તા. ૪-૧૧-૮૫ના રોજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. તથા આ મુદતની નોટીસો સેક્રેટરીશ્રીને રૂબરૂમાં આપેલ હતી. તા. ૪-૧૧-૮૫ના રોજ મંડળીના સંચાલકોએ અત્રેની કચેરીએ રૂબરૂ રહીને તા. ૯-૧૨-૮૫ સુધીમાં ૧૦૬ના તમામ કેસો તૈયાર કરી અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ પહોંચાડીને તે બદલનો તાલુકા વિકાસ અધિકારીનો દાખલો રજુ કરવા ખાત્રી આપેલ હતી. સદર તારીખે અત્રેની કચેરીના પત્ર નં. સવન/૦૧/ખ/૧૮૧૫/૮૫તા. ૪-૧૧-૮૫થી મંડળીના સંચાલકોને કરેલ કામગીરીની વિગતો સાથે સમીક્ષા અર્થે તા. ૯-૧૨-૮૫ના રોજ અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ હતુ. પરંતુ સદર તારીખે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. ત્યાર પછી અત્રેની કચેરીના પત્ર નં. સવન/૦૧/ખ/૨૦૯૬/૮૫ તા. ૨૩-૧૨-૮૫ થી મંડળીના સંચાલકોને તા. ૬-૧-૮૬ની મુદત આપીને હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ તા. ૬-૧-૮૬ના રોજ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. જેથી ત્યાર પછી અત્રેની કચેરીના તા. ૧૩-૩-૮૬ના પત્ર નં. સવન/૦૧/ખ/૨૬૧/૮૬ થી તા. ૧૯-૩-૮૬ની મુદત આપીને મંડળીના સંચાસકોને હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ સદર તારીખે આ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. ત્યાર પછી મંડળીના સંચાલકોને અત્રેની કચેરીએ તા. ૨૫-૩-૮૬ના પત્ર નં. સવન/૦૧/ખ/૩૪૮/૮૬થી તા. ૭-૪-૮૬ની છેલ્લી મુદત આપીને હાજર રહેવા જણાવેલ હતું. તથા સદર નોટીસમાં એમ પણ જણાવેલ હતું કે આ મુદતે તમો હાજર નહી રહો તો અત્રેથી તમારી સંસ્થામાં વહીવટદારની નિમણુંક કરવાનો આદેશ કરવામાં આવશે. જે તમોને બંધનકર્તા રહેશે તેમ છતાં પણ છેલ્લી તા. ૧-૪-૮૬ના રોજની મુદતમાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. આમ એકી સાથે સળંગ ચાર મુદતમાં મંડળીના સંચાલકો હાજર રહેલ નથી. તે બાબત મંડળીના સંચાલકોની મંડળીના વહીવટ પરત્વે સંપુર્ણ નિષ્ફળતા તથા નિષ્કાળજી દર્શાવે છે.

ઉપરોક્ત મુદા અને વિગતોને આધારે ધી સાગપુર રોઝડ ગૃપ સેવા સહકારી મંડળી લી. માં વહીવટદારની નિમણુંક કરવાની જરૂર જણાતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) વહીવટદારની નિમણુંક અંગેનો નીચે મુજબનો આદેશ કરૂ છું.

—: આદેશ :—

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તાની રૂએ આલોચનામાં જણાવેલ વિગતોએ ધી સાબપુર રોઝડ ગૃપ સેવા સહકારી મંડળી લી. તા.પ્રાંતિજ જી. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક કરવાની જણાતાં વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંકના હુકમની તારીખથી એક વર્ષ માટે નીચેની શરતોએ નિમણુંક આપવા આદેશ કરૂં છું.

<u>શરતો :-</u>

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં રૂા. ૩૦૦/- નો મહેનતાણાં મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી સેક્રેટરી અગર અન્ય કર્મચારી માટે કલાર્ક રોકી શકશે.

(૩) મંડળીના કામકાજ અંગે વહીવટદાર તથા સેક્રેટરીએ ભાડા-ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચૂકવવાના રહેશે.

હિંમતનગર, તા. ૬-૫-૮૩

<u>વંચાણે લીધા :-</u>

(૧) આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરનો તા. ૨૮-૨-૮૬નો અહેવાલ.

(૨) મંડળીને તા. ૩૧-૧-૮૬ના રોજ વ્ય. કમીટીની બેઠકમાં સંસ્થાનો વહીવટ બેકને સોંપવા અંગે કરેલ ઠરાવ નં. ૪ની ખરી નકલ.

(૩) અત્રેની કચેરીના પત્ર નં.સવન/૦૧/ખ/૩૦૬/૮૬ તા.૨૦-૩-૮૬ થી વ્ય. કમીટીને કલમ ૨૧ અન્વયે આપેલ નોટીસ.

(૪) મંડળીના બે કમીટી સભ્યોએ અત્રેની કચેરીએ મુદતે હાજર રહીને આપેલ લેખીત નિવેદન.

(૫) આ કચેરીની તા. ૭-૪-૮૬ની મંજુર કરેલ નોંધ.

<u>આલોચના :-</u>

જા. નં. સવન/૦૧/ખ/૫૧૪/૮૬

ધી ચોઈલા ગૃપ સેવા સહકારી મંડળી લી. એ સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નંબર ૧૯૭૯૩ તા. ૪-૪-૧૯૫૧થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીમાં વહીવટી પરિસ્થિતિ બગડી જતાં આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.એ પ્રિ.-૧માં જણાવેલ તેમના તા.૨૮-૨-૮૬ ના અહેવાલથી મંડળીને વહીવટની પ્રથા હેઠળ લઈ જવા ભલામણ કરેલ છે. તથા મંડળીના કમીટી સભ્યોએ પણ તેમની તા. ૩૧-૫-૮૬ના રોજ મળેલ વ્ય,કમીટીની બેઠકમાં જણાવેલ ઠરાવ નં. ૪થી મંડળીને વહીવટની પ્રથા હેઠળ લઈ જવા ઠરાવેલ છે. તથા તેની ખરી નકલ પણ બેંક તરફથી અત્રે મળેલ અહેવાલમાં સામેલ હતી. છતાં પણ કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ મંડળીના તમામ કમીટી સભ્યોને અત્રેની કચેરીના તા. ૨૦-૩-૮૬ના પત્ર ક્રમાંક સવન/૦૧/ખ/૩૦૬/૮૬થી રજીસ્ટર્ડ એ.ડી. ટપાલથી કારણદર્શક નોટીસ આપીને તા. ૭-૪-૮૬ની મુદત આપીને રૂબરૂમાં ચર્ચા માટે હાજર રહેવા જણાવેલ હતું. સદર મુદતની તારીખે મંડળીની કમીટી સભ્યો પૈકી બે કમીટી સભ્યો અત્રેની કચેરીએ હાજર રહેલ હતા તથા વહીવટી નિષ્ક્રીયતાઓ મંડળીમાં ખોટ જાંગડ ધીરાણ વિગેરે કારણો દર્શાવીને મંડળીને વહીવટની પ્રથા હેઠળ લઈ

જવા પ્રિ.૪માં ટાંકેલ લેખીત નીવેદનથી સંમતિ આપેલ છે.

આમ ઉપરોક્ત મુદ્દાઓ અને હકીકતોને જોતાં ધી ચોઈલા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. ચોઈલા તા. બાયડ વહીવટદારની પ્રથા દાખલ કરવાની જરૂર જણાતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક અંગેનો નીચે મુજબનો આદેશ કરૂ છું.

–: આદેશ :–

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તાની રૂએ આલોચનામાં જણાવેલ વિગતોએ ધી ચોઈલા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. ચોઈલા તા.બાયડ જી. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક કરવાની જણાતાં વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંકના હુકમની તારીખથી એક વર્ષ માટે નીચેની શરતોએ નિમણુંક આપવા આદેશ કરૂં છું.

શરતો :-

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં રૂા. ૩૦૦/-નું મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી સેક્રેટરી અગર અન્ય કર્મચારી માટે કલાર્ક રોકી શકશે.

(૩) મંડળીના કામકાજ અંગે વહીવટદાર તથા સેક્રેટરીએ ભાડા-ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચૂકવવાના રહેશે.

હિંમતનગર, તા. ૬-૫-૮૬

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનાં તા. ૧૦-૧૨-૮૫ના વચગાળાના આદેશ ક્રમાંક/ ફડચ/૦૧/ખ/૨૦૨૫-૮૫

(૨) સંસ્થાના સંચાલકોએ અત્રેની કચેરીના તા. ૬-૧-૮૬ના રોજ હાજર રહી આપેલ નિવેદન.

(૩) સંચાલકોએ કરેલ કામગીરીની વિગતો સાથે સુનાવણી માટેના અત્રેની કચેરીના તા.૧૩-૩-૮૬ પત્રનં.ફડચ/૦૧/ખ/૨૭૦-૮૬ તથા ફડચ/૦૧/ખ/૩૩૩-૮૬

(૪) સંસ્થાના સંચાલકોએ અત્રેની કચેરીએ હાજર રહી આપેલ સંમતિ નિવેદન.

(૩) આ કચેરીની તા. ૩૦-૪-૮૬ની મંજુર થયેલ નોંધ.

-: અંતિમ આદેશ :-

ક્રમાંક/ફડચ/ફ/૭૮૩૮/૦૧/ખ/૬૧૫-૮૬

ધી સાંઠબા મજુર કામદાર સ.મં. લી. સાંઠબા તા. બાયડ જી. સા.કાં. એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નં. ૮૫૧૨ તા. ૩૦-૧૧-૮૧થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સંસ્થાનું કાનુની ઓડીટ રાબ ઓડીટર સ. મં. બાયડે તા. ૧-૧-૮૪થી૩૦-૪-૮૪ સુધીનું કરેલ છે. જેના ખાસ અહેવાલથી સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરતાં પ્રીએમ્બલ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી મંડળીને ૬-૧-૮૬ના રોજ સુનાવણીની તક આપવામાં આવેલ. સદર તારીખે મંડળીના સંચાલકોએ હાજર રહી તા. ૧૩-૨-૮૬સુધીમાં મંડળીમાં પ્રગતિ કરવાની લેખીત ખાત્રી આપેલ હતી.

ત્યારબાદ અત્રેની કચેરીનાં પ્રિ-૨ જણાવેલ પત્રનં.ફડચ/૦૧/ ખ/૨૭૦-૮૬ તા. ૧૩-૬-૮૬થી નોટીસ આપીને તા. ૨૧-૩-૮૬ના રોજ હાજર રહેવા જણાવેલ હતું પરંતુ સદર મુદતે મંડળી વતી કોઈ હાજર ન રહેતા ફરીથી અત્રેની કચેરીના પત્ર નં. ફડચ/૦૧/ખ/૩૩૩-૮૬ તા. ૨૫-૩-૮૬થી નોટીસ આપીને તા. ૭-૪-૮૬ના રોજ હાજર રહેવા જણાવેલ હતું.

સદર મુદતે મંડળીના સંચાલકોએ હાજર રહી મંડળીને ફડચામાં લઈ જવા લેખીત સંમતિ નિવેદન આપેલ છે. તેથી મને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે આ કચેરીના પ્રી.-૧ વાળો હુકમ કાયમ કરવામાં આવે છે. અને ઉક્ત અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી (ફડચા) લગત આ કચેરીની કાયમી નિમણુંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ હુકમની તારીખથી ૩ વર્ષમાં તમામ ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીના મહેનતાણા પેટેની રકમ નિયમાનુસાર સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૬-૫-૮૬

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો તા. ૪-૧૧-૮૧નો હુકમ ક્રમાંક સવન/૦૧/ખ/ ૩૦૨૧.

(૨) વહીવટદારશ્રી, ધી ભાણકોટ ગ્રુપ પિયત સ. મં. લી. ના તા. ૪-૮૬ના પત્રથી વહીવટ મંડળીને પરત સોંપવા અંગેની દરખાસ્ત.

(૩) આ કચેરીની તા. -૪-૮૬ની મંજુર થયેલ નોંધ.

આલોચના :-

ક્રમાંક સવન/૦૧/ખ/૫૪૭/૮૬

ધી ભાણમેર ગ્રુપ પિયત સ. મં. લી.. ભાણમેર તા. ભીલોડ જી. સાબરકાંઠામાં અત્રેની કચેરીના પ્રિ.-૧ વાળા હુકમથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ (૧) અન્વયે

INDEX

વ્યવસ્થાપક કમિટિને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ.

વહીવટદારશ્રીએ પ્રિ-૨ વાળા પત્રથી સદર મંડળીમાં વહીવટદારની પ્રથા કલમ ૮૧(૩) અન્વયે પુર્ણ થતી હોઈ મંડળીમાં વહીવટદારની પ્રથા સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે. વહીવટદારે તા. ૩૦-૩-૮૬ની ખાસ સાધારણ સભામાં મંડળીનો વહીવટ ચૂંટાયેલ વ્યવસ્થાપક કમિટિ દ્વારા થાય તે માટે ચર્ચા વિચારણા કરી, વ્યવસ્થાપક કમિટિની રચના કરી નામો નક્કી કરેલ છે. અને તા. ૩૦-૩-૮૬ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩થી મંડળીનો વહીવટ પરત સોંપવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત મુદા અને વિગતોને આધારે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૩) મુજબ નીચે મુજબ આદેશ કરૂ છું.

—: આદેશ :—

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ (સ્ટેટ) હિંમતનગર મને મળેલ અધિકારની અને સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૩) અન્વયે ધી ભાણમેર ગૃપ પિયત સ. મં. લી.. ભાણમેર તા. ભીલોડા જી. સાબરકાંઠાની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી, પ્રિએમ્બલ-૧, વાળા હુકમથી નિમણુંક કરવામાં આવેલ વહીવટદારની પ્રથા મુદત પૂરી થયાની તારીખથી વહીવટદારને મંડળીનો તમામ ચાર્જમાં તેમની મંડળીની માલમિલ્કત સાથે મંડળીના પેટા નિયમ પ્રમાણે નવી વ્યવસ્થાપક કમિટિ રચી, તેને ચાર્જ સુપ્રત કરવા આદેશ કરૂ છું.

હિંમતનગર, તા. ૧૨-૫-૮૬

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના ધી જુના દાદરડા દુધ ઉ.સ.મં. લી.ને ફડચામાં લઈ જવા અત્રેના અંતિમ આદેશ નં. ફડચ/ફ/૭૮૩૬/૦૧/ખ/૩૯૮/ ૮૬ તા. ૪-૪-૮૬

(૨) આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા બેંક લી. હિંમતનગરનો તા. ૮-૪-૮૬નો પત્ર નં. લોન્સ/ફડચ/૨૮/૨૨૫૬૬.

(૩) આ કચેરીની તા. ૨૮-૪-૮૬ની મંજુર થયેલ નોંધ.

આલોચના :-

જા.નં./ફડચ/૦૧/૦૧/ખ/૫૪૯-૮૬

ધી જુના દાદરડા દુધ ઉત્પા. સ. મં. લી.ને અત્રેની કચેરીના પ્રિ.-૧માં ટાંકેલ હુકમ નં. ફડચ/ફ/૭૮૩૬/૦૧/ખ/૩૯૮/૮૬ તા. ૪-૪-૮૬થી ફડચામાં લઈ જવા અંગેના અંતિમ આદેશ કરવામાં આવેલ છે. જેના ફડચા અધિકારી (ફડચા) તરીકે સહકારી અધિકારી (ફડચા)લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી. પરંતુ પ્રિ-૨માં ટાંકેલ આસી. મેનેજર (લોન્સ) ધી સાબરકાંઠા બેંક લી. હિંમતનગરનો તા. ૮-૪-૮૬નો પત્ર નં. લોન્સ/ફડચ/૨૮/ ૨૨૫૬૬થી સદર મંડળી પાસે બેંકનું લેણું બાકી હોવાથી ફડચા અધિકારી તરીકેબેંકને નિમવાની માંગણી કરાઈ હતી. સદર માંગણી વ્યાજબી હોવાથી ફડચા અધિકારીની નિમણુંકના ફેરફાર અંગેનો નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

J-54-89.

સુધારો :

ધી જુના દાદરડા દુધ ઉત્પાદક સ.મં. લી. ના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી તે નિમણુંકમાં ફેરફાર કરીને સદર મંડળીમાં ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્ય. સહ. બેંક લી. ની નિમણુંક કરવા અંગે નીચેની શરતો સહિત સુધારો બહાર પાડવામાં આવે છે.

શરતો :-

(૧) ફડચા અધિકારીએ ફડચાની કાર્યવાહી હુકમ થયાની તારીખથી ત્રણ વર્ષમાં પુર્ણ કરવાના રહેશે.

(૨) ફડચા અધિકારીએ ફડચાની રકમ શ્રી રજિસ્ટ્રાર, સ.મં.ગુ.રા. અમદાવાદના પરિપત્ર ક્રમાંક ફડચા (૭) (અ) ૬૪ તા. ૧૬-૧૧-૬૮ અને ફડચા (૭) (અ) ૧૮૩૯ તા.રીખ ૨૯-૬-૭૨ અનુસાર અધિકારી તે રકમ ધી સા. જી. મ. સ. બેંક લી. હિંમતનગરને ચુકવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨-૫-૮૬.

વંચાણે લીધા :-

(૧) શ્રી ધુળાભાઈ કોદરભાઈ પ્રજાપતીની તથા સભ્યની તા. ૮-૧૦-૮૪ તથા તા. ૨૪-૫-૮૫ તથા ૧૩-૧૨-૮૫ની અરજી.

(૨) અત્રેની કચેરીના તા. ૨૩-૮-૮૫ના પત્ર નં. સપવ/૦૧/ઘ/ ૭૭૩ તથા તા. ૧૭-૯-૮૫ના પત્ર નં. સપવ/૦૧/૫/ ૧૨૮૭.

(૩) ધી પાનોલ ગ્રૂપ સે. સ. મંડળી લી. વ્ય. કમીટીની તારીખ ૨૪-૯-૮૫ના રોજ મળેલ બેઠકમાં થયેલ ઠરાવ નં. ૨૦ની ખરી નકલ.

(૪) અત્રેની કચેરીનો તા. સપવ/૦૧/છ/૧૪૯૧ તા. ૩-૧૨૮૫ તથા ૬-૧-૮૬ નો પત્ર નં. સપવ/૦૧/૫/૧૫ તથા ૨૪-૨-૮૬નો પત્ર નં. સપવ/૦૧/ઘ/૧૬૩/૮૬.

(૫) પટેલ વીરાભાઈ ગલબાભાઈ તથા સભ્યની તા.૨૭-૨-૮૬ની અરજી તથા તા. ૩-૩-૮૬નું નિવેદન

(૬) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) નો તા. ૧૨-૩-૮૬નો અહેવાલ.

(૭) અત્રેની કચેરીનો તા. ૨૯-૩-૮૬નો પત્ર સવન/૦૧/ખ/ ૩૫૬/૮૬.

(૮) શ્રી મોતીભાઈ માધુભાઈ પટેલ તથા અન્ય ૫ ક. સભ્યોનું તારીખ ૧૫-૪-૮૬ નું નિવેદન.

(૯) આ કચેરીની તા. ૬-૫-૮૬ની મંજુર થયેલ નોંધ.

<u>આલોચના :-</u>

જા./નં./સવન/૦૧/ખ/૫૫૮/૮૬.

ધી પાનોલ ગ્રૂપ સેવા સ. મં. લી. તા. ઇડર કે જે સહકારી કાયદા અન્વયે તા. ૩૧-૫-૬૦ના રોજ નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીના પેટા નિયમ મુજબ ૧૩ કમીટી સભ્યોની કારોબારી મંડળીનો વહીવટ કરે છે. જે પૈકી ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૧) ૮-૧૦-૮૪ તા. ૨૪-૯-૮૫ની અરજીથી ધુળાભાઇ કોદરભાઇ પ્રજાપતિ તથા અન્ય ક. સભ્યોએ શ્રી હરીભાઇ છગનભાઇ પટેલને ક. સભ્યપદેથી છુટા કરવા અત્રે રજુઆત કરી હતી. શ્રી હરીભાઇ છગનભાઇ પટેલ ગુ. રાજ્ય જમીન વિકાસ સહકારી બેંક લી. હિંમતનગર શાખામાં નોકરી કરે છે. સદર સદસ્યએ સ્વીકારેલ ચુંટણીના નિયમ ૩ (ડ) મુજબ કોઇપણ મંડળીનો પગારદાર નોકર પાનોલ સેવા મંડળના ૬ સભ્યપદે રહી શકે નહીં. જમીન વિકાસ બેંક પણ રાજ્યકક્ષાની સહકારી સંસ્થા હોઇ શ્રી હરીભાઇ છગનભાઇ પટેલને અત્રેના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબની નોટીસથી સુનાવણીની તક આપી હતી. જે અન્વયે તારીખ ૩૦-૯-૮૫ના રોજ શ્રી પટેલ રાજીનામુ આપતાં સદરે રાજીનામુ મંજુર કરી અત્રેના જાણ કરવા અત્રેના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક ૪ મુજબના પત્રોથી વારંવાર સુચના આપવા છતાં જાણીબુઝીને શ્રી પટેલનું રાજીનામું મંજુર કરવામાં સદર મંડળીના ક્રમાંક (૧) મુજબના અરજદાર ક. સભ્યો સિવાયના ક. સભ્યોએ વિલંબ કર્યા હતો. ત્યારબાદ ૧૩-૧૨-૮૫ના રોજની વ્ય. ક. ની મીટીંગના ઠરાવ નં. ૧૫ થી તેઓનું રાજીનામું મંજુર કર્યાની અત્રે જાણ કરેલ હતી.

આમ શ્રી હરીભાઇ પટેલની ગેરલાયકાતના કારણે તેઓને ક. સભ્યપદેથી દુર કરાતાં સદર મંડળીના વ્યવસ્થાપકોમાં બે પક્ષ ઉભા થયા છે. એક પક્ષમાં શ્રી હરીભાઇ પટેલને છુટા કરાવવા અત્રે રજુઆત કરનાર કમીટી સભ્યો છે. જ્યારે સામે પક્ષે શ્રી હરીભાઇ પટેલને ક. સભ્ય પદેથી છુટા નહીં. કરનાર ક. સભ્યોનો પક્ષ અસ્તિત્વમાં આવેલ અને ત્યારબાદ ઉકત બંને પક્ષોએ એક બીજાના પક્ષની બહુમતી પુરવાર કરવા પ્રયત્નો ચાલુ કર્યા. તા. ૧૩-૧૨-૮૫ ની મીટીંગમાં શ્રી હરીભાઇ પટેલનું રાજીનામું મંજુર કરવા ઉપરાંત તેઓને છુટા કરવા અત્રે રજુઆત કરનાર ક. સભ્યો પૈકી (૧) ધુળાભાઇ કોદરભાઇ પ્રજાપતિ (૨) ઠાકરડો કોદરભાઇ બાદરભાઇને ક. સભ્યપદેથી છુટા કરવા ઠરાવ કરેલ હતો. શ્રી પ્રજાપતિ પગારદાર નોકર હોવાના કારણે તથા શ્રી ઠાકરડા મંડળીના ઉદ્દેશ સાથે સંબંધ ધરાવતો વેપાર ધંધો કરવાના કારણોસર તેઓને છુટા કરવા ઠરાવ કરેલ હતો. પરંતુ ઉકત બંને ક. સભ્યોએ સદર બાબતે તા. ૨૩-૨-૮૬ ની અરજીથી ખોટી રીતે છુટા કર્યાની અત્રે રજુઆત કરેલ હતી. સદર બાબતે તપાસ કરતાં તેઓ બંને બદઇરાદાથી છુટા કરાયા હોવાના જણાતાં અત્રેના તા. ૧૨-૩-૮૬ ના પત્ર નંબર/૦૧/ધ/૧૯૪ મુજબ ચાલુ રાખવા સદર મંડળીને સૂચનો કરેલ હતી.

ઉક્ત બેંક. સભ્યોને બદઇરાદાથી વિના કારણે છુટા કરવાં ઉપરાંત તા. ૨૧-૨-૮૬ ની મીટીંગમાં ઠરાવ નં. ૩ થી ફરીથી (૧) શ્રી ધુળાભાઇ કોદરભાઇ પ્રજાપતિ (૨) ઠાકરડા કોદરજી બાદરજી (૩) પટેલ બેચરભાઇ છગનભાઇ (૪) વીરાભાઇ ગલબાભાઇ (૫) પટેલ હીરાભાઇ કાળાભાઇને ચાર મીટીંગની સતત ગેરહાજરી ગણી છુટા કરવા ઠરાવ કરેલ અને તેઓની જગ્યાએ અન્ય ૫ કમીટી સભ્યો કો. ઓપ્ટ કરેલ હતા. ઉક્ત ૫ ક. સભ્યોએ અત્રે રજુઆત કર્યા મુજબ (૧) તારીખ ૨૫-૧-૮૬ (૨) ૨૭-૧-૮૬ (૩) ૧૦-૨-૮૬ તથા (૪) ૧૭-૨-૮૬ ની ચારેય મીટીંગમાં હાજરી આપવા મંડળીના સ્થળે જવા છતાં નોન કોરમ ગણી ઈરાદા પુર્વક ગેરહાજરી ગણવા ઠરાવ બુકમાં સહીઓ લેવામાં આવી ન હતી. સદર બાબતે અત્રેના તા.૨૪-૨-૮૬ના પત્ર નં. સવન/૦૧/ધ/૧૬૩ મુજબ સુનાવણી અર્થે તેઓને તા .૩-૩-૮૬ના રોજ સુનાવણી માટે બોલાવતા સદર તારીખના નિવેદનમાં જણાવવા મુજબ કમીટી સભ્યોમાં અંદરોઅંદર રાગદ્વેષના હિતમાં નિસ્વાર્થ કામગીરી થતી ન. હોવાનું કબુલ કરેલ હતું અને ૬ કમીટી સભ્યોએ અંગત વિખવાદોને લીધે મંડળીના વિકાસમાં રૂકાવટ આવતી હોવાને સદર મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા વિનંતી કરી હતી. જ્યારે મંડળીના ચેરમેન પટેલ મોતીભાઇ માધુભાઇ તથા અન્ય ૬ ક. સભ્યોએ વહીવટદારની નિમણુંક કરવા સંમતિ આપી ન હતી. પરંતુ સદરે મંડળીના વ્યવસ્થાપકો સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમ મુજબની કામગીરી કરવાને બદલે એકબીજાના પક્ષની બહુમતી સાબીત કરવા નિયમો વિરુધ્ધ જઇ નિર્ણયો લેતા હોવાનું અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે અને સદર બાબતને પ્રજાપતિ ધુળાભાઇ કોદરભાઇ તથા અન્ય ૫ કમીટી સભ્યોએ સમર્થન આપી સદર મંડળી અને સહકારી પ્રવૃત્તિના હિતમાં વહીવટદારની નિમણુંક કરવા વિનંતી કરેલ છે. જે આધારે અત્રેના ૨૯-૩-૮૬ ના પત્ર નં. સવન/૦૧/ખ/૩૫૬/૮૬ થી મંડળીના તમામ કમીટી સભ્યોને સહકારી કાયદાની કલમ ૮૧ અન્વયે કારણદર્શક નોટીસ રજિ. એ. ડી. ટપાલથી આપીને તથા તા. ૧૫-૪-૮૬ ના રોજની ૧૨-૦૦ કલાકની મુદત આપીને હાજર રહેવા જણાવેલ હતું. સદર મુદતે મંડળીના તમામ ક. સભ્યો હાજર રહેલ હતા. તે પૈકી ૬ કમીટી સભ્યોએ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા સબબ લેખીત નિવેદન આપેલ છે. જ્યારે બાકીના છ કમીટી સભ્યોએ મંડળીને વહીવટદારની પ્રથા હેઠળ ન લઇ જવા લેખીત નિવેદન આપેલ છે.

ઉપરોક્ત સમગ્ર મુદ્દાઓ અને વિગતો જોતાં તથાં મંડળીના વર્તમાન પરિસ્થિતિ તથા મંડળીમાંના અંગત રાગદ્વેષ તથા આંતરીક વિખવાદો તથા સહકારી ભાવનાની વિરૂધ્ધમાં પરિબળો વિ.ને ધ્યાને લઈને ધી પાનોલ ગૃપ સેવા સ.મં. લી. પાનોલ તા. ઈડરમાં વહીવટદારની નિમણુંક કરવાની જરૂર જણાતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા અંગેનો નીચે મુજબનો આદેશ કરૂ છું.

—: આદેશ :—

આથી હું પી. એમ. ભટ્ટ મદદનીશ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તાની રૂએ આલોચનામાં જણાવેલ વિગતોએ ધી પાનોલ ગૃપ સેવા સ.મં. લી. પાનોલ તા. ઈડરમાં જી. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંકના હુકમની તારીખથી ૧વર્ષ માટે નીચેની શરતોએ નિમણુંક કરતો આદેશ કરૂં છું.

શરતો :-

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં રૂા. ૩૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી સેક્રેટરી તથા અન્ય કર્મચારી માટે ક્લાર્ક રોકી શકશે.

(૩) મંડળીના કામકાજ અંગે વહીવટદાર તથા સેક્રેટરીએ ભાડા ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચૂકવવાનો રહેશે.

હિંમતનગર, તા. ૨૦-૫-૮૩

(પી. એમ. ભટ્ટ)
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

જાહેરનામું

ક્રમાંક બે./૨૭૦૬/૧૯૮૬

સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી પ્રાંતિજ તાલુકા અનુસુચિત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વાઘપુર તાલુકો પ્રાંતિજ જીલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૬-૨-૮૬

જાહેરનામું

ક્રમાંક બે./૨૭૦૭/૧૯૮૬

સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી બાયડ તાલુકા અનુસુચિત જનજાતિ અને અન્ય સામુદાયિક ખેતી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો બાયડ જીલ્લો સાબરકાંઠાને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૬-૨-૮૬

જાહેરનામું

ઉ./૬૦૫૪

સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી દેરોલી ચર્મ ઉદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ દેરોલી તાલુકો બાયડ જીલ્લો સાબરકાંઠાને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૫-૪-૮૬

(ગિ. મા. ત્રિવેદી)
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સાબરકાંઠા જિ. પંચાયત, હિંમતનગર.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નં. હ-૨૮/૮૪-ડીડીસી.-૧૧૮૨/૭૪૨૫-ગ તા. ૨૨-૩-૧૯૮૪.

(૨) આ કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ઝ-૬૬૧-૧૯૮૫, તારીખ ૩-૧-૮૫ વાળો વચગાળાનો હુકમ.

(૩) આ કચેરીની તારીખ ૧૮-૩-૮૫ વાળી નોંધ તથા તા. -૧૧-૮૫ વાળી નોંધ.

-: અંતિમ આદેશ :-

ફડચ/૦૧/૧૧૯/ઝ/૭૧/૧૯૮૫

શ્રી વૃંદાવન કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ગાંધીધામ મુ. ગાંધીધામ તા. અંજાર જીલ્લો કચ્છ કે જેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)(સી)(૪) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉક્ત વંચાણ-૨ વાળા હુકમથી વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તેને તેજ કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, તા. ૧૬-૧-૮૬

(એમ. જી. પોપટ)
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (સહકાર)
કચ્છ-ભુજ.

INDEX

I-40 to 43

REGISTERED No. G—GA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, OCTOBER 7, 1999 / ASVINA 15, 1921 [No. 40

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	911-973	Part I-C-Government Notifications published under Land Acquisition Act only.	1048-1061
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	40	Part I-L Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2392-2455

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

નંબર ઉ/ગપક/૪૪૨/વિ. શા./૧૯૯૯.—તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૯ ના રોજ કાઢેલ કરફ્યુ હુકમમાં છુટછાટ નંબર ઉ/ગપક/૪૪૮/વિ. શા./૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાન માલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંન્તીનો ભંગ થતો તાત્કાલીક અટકાવા માટે પગલાં લીધેલાં જે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઇષ્ટ જણાય છે.

INDEX

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૪૨/વિ.શા.૯૯, તારીખ ૨૭ની જુલાઈ ૧૯૯૯થી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશનમાં જણાવેલ સમય દરમ્યાન તમામને તથા બહેનો અને બાળકો માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છુટછાટનો સમય તથા તારીખ
કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	તા. ૧લી ઓગસ્ટ ૧૯૯૯ ના સવાર સવાર કલાક ૮-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી તમામ માટે છુટછાટ તેમજ કલાક ૧૯-૦૦ થી ૨૨-૦૦ સુધી ફકત બહેનો અને બાળકો માટે છુટછાટ.

નોંધ :—કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૯ફેના સવાર કલાક ૮-૦૦ થી કલાક ૧૯(૦૦ સુધી સુધી તમામ માટે કરફ્યુમાં છુટછાટ તેમજ કલાક ૧૯-૦૦ થી ૨૨-૦૦ સુધી ફકત બહેનો અને બાળકો માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૯ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ.

નંબર ઉ/ગપક/૪૪૨/વિશા/૧૯૯૯, તારીખ ૨૭મી જૂલાઈ ૧૯૯૯ ના રોજ કાઢેલ કરફ્યુ હુકમમાં છુટછાટ.

નંબર ઉ/ગપક/૪૪૯/વિશા/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાન માલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંન્તીનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલાં, જે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈષ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૪૪૨/વિશા/૯૯, તારીખ ૨૭મી જૂલાઈ ૧૯૯૯ થી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશનમાં જણાવેલ સમય દરમ્યાન તમામ ને કરફ્યુના અમલ માં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છુટછાટનો સમય તથા તારીખ
કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે. તે તમામ કરફ્યુ ગ્રસ્ત વિસ્તાર.	તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ ના સવાર કલાક ૦૬-૦૦થી ૨૨-૦૦ સુધી તમામ માટે છુટછાટ.

નોંધ.—કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ના સવાર કલાક ૦૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી તમામ માટે કરફ્યુમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૧માહે ઓગષ્ટ સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨ માં) ની કલમ-૩૩ (૧) મુજબ.

નંબર ડી.-એમ.એ.જી./૧/બી.પી.એ./લાઉડસ્પીકર / વશી.—૧૪, બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગની લોકસભા ચૂંટણી દરમ્યાન માન્ય રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. અને લાઉડ સ્પીકરનો ઉપયોગ ચૂંટણીપંચે નક્કી કરેલ નીતિ-નિયમો મુજબ થવો જરૂરી છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવું મને જરૂરી જણાયેલ હોઈ, હું પી. ડી. વાઘેલા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠ, પાલનપુર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨માં) ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૯ થી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી (બંને દિવસો સહિત) સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૨૨૦૦ કલાકના સમય દરમ્યાન ચૂંટણીના કામ માટે લાઉડ સ્પીકર સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી મેળવીને, ઉપયોગ કરી શકાશે. તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઈપણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા આથી પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કા કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.
પાલનપુર.

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ -૧૨૭(ક)ની જોગવાઈઓનો પાલન માટેનું.

ક્રમાંક એમ.એ.જી. /વશી/૮૪૯૫/૯૯.—આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં માહે સપ્ટેમ્બર-૧૯૯૯ના માસમાં યોજનાર છે. ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયાં ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોકપ્રતિનિધિત્વ ધારા-, ૧૯૫૧ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ-૧૨૭(ક)(૧) ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રણ અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીના લગતા ચોપાનીયાં કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં. તેવી જ રીતે

INDEX

કલમ-૧૨૭(ક)(૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહીં કે છપાવવાની વ્યસ્વસ્થા કરી શકશે નહીં.

ઉપરોકત જોગવાઈઓની આવશ્યકતાઓના કડક અમલ તથા અનુપાલન થાય તે જરુરી હોઈ તેના કડક અમલ માટે ભારતીય નિર્વાચીન આયોગ દ્વારા પણ આ બાબતે જરુરી આદેશો કરેલ હોઈ, હું, હિમાંશુ શેઠ જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત કાયદાના જોગવાઈઓ મુજબ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) કલમ-૧૨૭(ક) (૧) ની જોગવાઈ મુજબ ચૂંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉકત કાયદાની કલમ-૧૨૭(ક)(૨) ની જોગવાઈઓ મુજબ મુદ્રકે નિર્વાચન આયોગ દ્વારા નક્કી થયેલા આ સાથેના જોડાણ (ક) મુજબના ઠરેલ નમૂનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાનો રહેશે અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પોતે અધિકૃત કર્યા બદલ સહી કરી અન્ય માહીતી સાથે એકરાર પત્રની એક નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્રા(૨)માં નિર્વાચન આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામા સાથે મુદ્રીત સામગ્રીની ચાર(૪) નકલો તેના મુદ્રણ ત્રણ દિવસની અંદર નિર્વાચન આયોગ તરફથી નક્કી થયેલા આ સાથેના જોડાણ (ખ) મુજબના નમુનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહીતી વિગેરે દર્શાવી મુદ્રકે સહી કરી અત્રેની કચેરીએ ની ચુંટણી શાખાને બીનચુક રજુ કરવાની રહેશે.

(૪) મુદ્રકે તેમણે છાપેલા ચૂંટણીના દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં એવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહીતી સંયુકત રીતે નહી પણ અલગઅલગ રજુ કરવાની રહેશે.

(૫) કલમ-૧૨૭(ક) ઉપર દર્શાવેલ જોગવાઈ અને નિર્વાચન આયોગના આદેશ મુજબ આપવામાં આવેલ ઉપર્યુકત સુચનાઓનું દરેક મુદ્રકે ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે અને જો તેનો ભંગ થશે તો કલમ-૧૨૭(ક)(૪) ની જોગવાઈ મુજબ છ માસની સજા અગર રુપીયા બે હજારના દંડ કે બંને સજાઓને પાત્ર રહેશે. આ ઉપરાંત ઉકત જોગવાઈઓ સુચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવા પણ પગલાં ભરવામાં આવશે.

જોડાણ (ક)

ચુંટણીના ભીતપત્રો, ચોપાનીયા વગેરેના પ્રકાશકે રજુ કરવાના એકરારપત્ર માટેની પ્રોફોર્મા (જુઓ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ--૧૯૫૧ની કલમ-૧૨૭(ક)

હું.................................... તેથી....................................
નો/ની પુત્ર/પુત્રી/પત્નિ..
ગ્રામ / નગર.............................જિલ્લો......................રાજયનો
રહેવાસી આથી એકરાર કરું છું કે..

(મુદ્રણાલયનું નામ)
દ્વારા છાપવામાં આવેલ..

ચુંટણીના ભીંતપત્રો, ચોપાનીયા વગેરે ટૂંકી વિગતો આપેલાનો પ્રકાશક છું.

સ્થળ : ....પ્રકાશકની સહી ....
તારીખ : ....પુરું સરનામું.........................

પ્રમાણિત કરનાર પ્રકાશકને અંગત રીતે ઓળખતી વ્યકિત.

સહી
નામ અને સરનામું

સહી
નામ અને સરનામું

સામી સહી કરનાર

સહી
મુદ્રકનું નામ અને સરનામું

જોડાણ (ખ)

ચુંટણીના ભીંતપત્રો, ચોપાનીયા વગેરેના મુદ્રણને લગતી માહીતી રજુ કરવા માટેના પ્રોફોર્મા

(૧) મુદ્રકનું નામ અને સરનામું.

(૨) પ્રકાશકનું નામ અને સરનામું.

(૩) પ્રકાશકના છાપકામ હુકમની તારીખ

(૪) પ્રકાશકના એકરારપત્રની તારીખ

(૫) ચુંટણીના ભીંતપત્રો, ચોપાનીયા વગેરેની ટૂંકી વિગતો

(૬) ઉકત દસ્તાવેજોની મુદ્રિત નકલોની સંખ્યા.

(૭) મુદ્રણની તારીખ

(૮) ઉકત દસ્તાવેજોની બાબતમાં પ્રકાશક પાસેથી વસુલ કરવામાં આવતું મુદ્રણ ખર્ચ (કાગળના ખર્ચ સહીત)

સ્થળ   મુદ્રકની સહી

તારીખ   મુદ્રકનો સિક્કો.

આજ તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિમાંશુ શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭(૧) મુજબનો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૩૦/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. એમ. કોટવાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨)ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૯ થી તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદૂક, ખંજર, અસ્ત્રા, સળગતી મશાલ તથ સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક આવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળો વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષા પાત્ર થશે.

આજ તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨)માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૩૧/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. એમ. કોટવાલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧, નો મુંબઈ અધિનિયમ-૨૨મ.થી)અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છૂં કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૯ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૯ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (વિસ્તાર) : (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓને પણ સમાવેશ થાય છે.

અપવાદ આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં માં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારી પાછથી મંજૂરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. એમ. કોટવાલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી.પી.એ. ૭/૯૯.—આગામી ૧૩મી લોકસભાની ચૂંટણી માહે સપ્ટેમ્બર-૯૯માં યોજાનાર હોઈ તથા તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી થનાર છે. તેમજ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯ના પારસી નૂતન વર્ષ અને તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ રક્ષાબંધનનો તહેવાર આવતો હોઇ તેમજ અમદાવાદ શહેરની હાલની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઇ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાનાં ધકેલવાના યંત્રો અથવા તો સાધનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીમાં બતાવવાથી, અથવા તેનો ફેલાવો કરવાની રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે હું, એમ. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રુએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરું છું. આ હુકમ તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ તેવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી એ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ રોજ તારીખ ૨૯મી માહે જુલાઈ સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કા કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.૨૯/૯૯ .—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, શ્રી વલસાડ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી નિમિત્તે નિર્વાચન આયોગ તરફથી મળેલી સુચનાઓને ધ્યાનમાં રાખીને પ્રવર્તમાન પરિસ્થિતિ જોતાં વલસાડ જીલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા નીચે પ્રમાણેનો હુકમ કરવો ઇષ્ટ જણાતા વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩૦મી જુલાઇ ૧૯૯૯ થી તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯ બંને દિવસોના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(ગ) કોઇપણ સભામાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, હાવભાવ કરવાની, ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ વિગેરે દ્વારા ફેલાવો કરવાની.

કોઇપણ વ્યકિત કે કોઇપણ રાજકીય પક્ષ દેશની સલામતી માટે જોખમ ઉભું થાય અગર નાત જાત કે વિવિધ કોમ કે ધર્મ વચ્ચે તંગદીલી કે વૈમનસ્ય ઉભુ થાય અગર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે અથવા સરકારની નીતિનો ભંગ થતો હોય એવા કોઇ છટાદાર ભાષણો જાહેર ખબરો કે તેવા કોઇ પ્રચાર પ્રસાર કરી શકશે નહી અને તે માટે કોઇ માધ્યમનો પણ ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનો ખંડ(ક) સરકારી અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, તથા સશસ્ત્રદળ, પોલીસ દળ, તેમજ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ ભારતના નિર્વાચન આયોગ તરફથી અધિકૃત કરવામાં આવેલ અધિકારીશ્રી કે કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડ અગર સજા અગર બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૯મી જુલાઇ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૩) (ઘ)(ખ), ૩૩(૧) (ખ) મુજબનો.

નં. ડીસીબી/એમએજી/રજી. ૩૦/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, -૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ ૩૩(૧) (ખ) તથા ૩૩(૩)(ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી લોકસભા ની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતાની અને નિર્વાચન આયોગની વખતોવખતની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુકત અને ન્યાયી લોકસભાની ચૂંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૯ થી તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચૂંટણી અંગેનાં સૂત્રો, નિશાનીઓ તથા આકૃતિઓ કે ભીંત-ચિત્રો વિગેરે જાહેર મકાનો ઉપર કે જાહેર સ્થળોએ ચિત્રત કરવા, ઉભા કરવા પ્રદર્શિત કરવા, જડવા તથા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવે છે. તે ઉપરાંત તેઓ જયાં એક કરતા વધુ રસ્તા ભેગા થતા હોય તેવા રસ્તાઓ ઉપર બેનર્સ લગાવી શકશે નહીં તેમ છતાં રાજકીય પક્ષો કે ઉમેદવારો તરફથી આ અંગે પ્રતિબંધ હોવાં છતા કાર્યવાહી કરવામાં આવશે તો આ અંગેનો ખર્ચ જે તે ઉમેદવારના ચુંટણી ખર્ચમાં ગણી લેવામાં આવશે. અને લાગુ પડતા કાયદા નીચે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તદ્ ઉપરાંત ઉમેદવારના ખર્ચે અને જોખમે તે દૂર કરવામાં આવશે.

(૨) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણ થી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રુપે જવા દેવાશે નહિ. કેન્દ્ર કે રાજય સરકાર ના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાના હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતાં આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાને આધીન રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૩) (ઘ)(ખ)+ ૩૩(૧) (ખ) વિગેરે જોગવાઈના ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ ૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/ એમએજી /બીપીએ/રજી. ૩૧/૯૯.—જિલ્લામાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અનુલક્ષીને જાહેર શાંતિ ચૂંટણી આચાર સંહિતા સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે. વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ મુંબઈ પોલીસ અધિનિય, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ,વલસાડ જિલ્લાનાં તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૯ થી ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી (બંને દિવસ સુધ્ધા) અને અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી. સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા, કે સ્મશાનયાત્રા કે એસ.ટી બસમાં , રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./વશી-૩૮૩૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭ ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ચાકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(છ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવીચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરનો હોળી કરી સળગાવવા નહિ.

INDEX

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨જી ઓગષ્ટ, સને ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૩૭-(૧) મુજબનું.

નંબર ઉ-મકમ-પલસ-મજસ/વશી/૧૯૧૦.—આગામી તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ દરમ્યાન ૧૫મી ઓગષ્ટ પતેતી, દિવસો, રક્ષાબંધન, નાળીયેરી પૂનમ, નાગપંચમી જેવાં તહેવારોની ઉજવણી થનાર હોઇ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે, અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧-ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧-ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું કે. આઈ. વસાવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ (બંને દિવસો સહીત)

નંબર. ઉ/ ગપક/ ૪૫૩/વિશા/૧૯૯૯.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાન માલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાન્તીનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ. જે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈષ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર. ઉ/ગપક/૪૪૨/વિશા/૧૯૯૯ તારીખ ર૭મી જૂલાઈ ૧૯૯૯ થી કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશનમાં જણાવેલ સમય દરમ્યાન તમામને કરફ્યુના અમલમાં છૂટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર :-	છુટછાટનો સમય તથા તારીખ
કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુ-ગ્રસ્ત વિસ્તાર.	તા. ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૯ ના સવાર કલાક ૦૫-૦૦ થી કલાક ૨૩-૦૦ સુધી તમામ માટે છુટછાટ.

નોંધ :—કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૯ના સવાર કલાક ૦૫-૦૦ થી કલાક ૨૩-૦૦ સુધી તમામ માટે કરફ્યુમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૫, માહે ઓગસ્ટ સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમ, સને. ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યું હુકમ.

નંબર ઉ/ગપક/૪૪૨/વિ. શા /૯૯.—તારીખ ર૭મી જુલાઈ ૧૯૯૯. ૧૮/૨૫, વાગ્યાથી કાઢેલ કરફ્યું હુકમમાં સંપુર્ણપણે કરફ્યુ તારીક ૭મી ઓગસ્ટ ૧૯૯૯ના સ. ક. ૫/૦૦ થી ઉઠાવી લેવામાં આવે છે.

નંબર, ઉ/ગપક/૪૫૪/ વિશા/૧૯૯૯.—હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર, અદાવાદ શહેર, મેં ઉપર જણાવેલ હુકમથી તારીખ ર૭મી જુલાઈ ૧૯૯૯ના કલાક ૧૮-૨૫ થી બીજો હુકમ થતાં સુધી કારંજ શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરફ્યુ નાખવામાં આવેલ. જે તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૯ ના સવાર કલાક ૦૫-૦૦ વાગ્યાથી સંપૂર્ણ પણે કરફ્યુ ઉઠાવી લેવામાં આવે છે.

આજ તારીખ ૬ માહે ઓગસ્ટ,૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

INDEX

BY JOINT DISTRICT JUDGE

Notification

No. B.-8/ADM / 23 of 1999.— The following Judicial Officers working in this District were prevented from availing of Summer Vacation 1999 commencing from the 3rd May, 1999 and ending with 13th June, 1999 for the period shown against their respective names under Rules 741 of the Bombay Civil Services Rules, 1959 Vol. I.

Sr. No.	Name of the Judicial Officer	Period for which Prevented	No. of Days.
1	2	3	4
1.	Shri C. S. Gaur, Civil Judges (S. D.), Mahesana.	Enjoyed Full Vacation.	
2.	Shri K. D. Solanki, Chief Judicia Magistrate Mahesana.	3rd May, 1999 To 5th June, 1999	34
3.	Shri P. G. Vyas, 2nd Joint Civil Judge (S. D.) and J. M. F. C., Mehesana.	3rd May, 1999 To 30th May, 1999	28
4.	Shri J. S. Thakkar, 3rd Joint Civil Judge (S. D.) and J. M. F. C., Mahesana.	3rd May, 1999 To 30th May, 1999	28
5.	Shri D. N. Vyas 4th Joint Civil Judge (S.D.) and J. M. F. C., Mahesana.	3rd May, 1999 To 16th May, 1999 24th May, 1999 To 6th June, 1999	28
6.	Shri B. J. Dhandha, 5th Joint Civil Judge (S.D.) and J. M. F. C., Mahesana.	3rd May, 1999 To 17th May, 1999 31st May, 1999 To 13th June, 1999	29
7.	Shri A. S. Chandekar, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Mahesana.	3rd May, 1999 To 16th June, 1999 24th May, 1999 To 13th June, 1999	35
8.	Shri K. K. Hathila, 2nd Joint Civil Judge (J.D.) and J.M.F.C., Mahesana.	3rd May, 1999 To 7th May, 1999 17th May, 1999 To 5th June, 1999 11th June, 1999 To 13th June, 1999	28
9.	Shri S. H. Patel, 3rd Joint Civil Judge (J. D.) and J M. F. C., Mahesana.	3rd May, 1999 To 23rd May, 1999 7th June, 1999 To 13th June, 1999	28
10.	Shri A. D. Anero, 4th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Mahesana.	17th May, 1999 To 13th June, 1999	28
11.	Shri B. S. Upadhyay, Civil Judge (J.D.) and J. M. F. C., Visnagar.	3rd May, 1999 To 20th May, 1999 31st May, 1999 To 13th June, 1999	32
12.	Miss P. V. Pandya. Joint Civil Judge (J.D.) and J. M. F. C., Visnagar.	3rd May, 1999 To 30th May, 1999	28
13.	Shri P. M. Atodaria, Civil Judge (J. D.) and J.M.F.C., Vadnagar.	14th May, 1999 To 13th June, 1999	31
14.	Shri N. G. Parmar, Civil Judge (J.D.) and J.M.F.C., Kheralu.	3rd May, 1999 To 31st May, 1999	29

INDEX

1	2	3	4
15.	Shri H. B. Paneri, Civil Judge (J. D.) and J.M.F.C., Siddhpur.	3rd May, 1999 To 19th May, 1999 23rd May, 1999 To 2nd June, 1999.	28
16.	Shri D. M. Acharya, Civil Judge (J.D.) and M.M. F. C., Unjha.	3rd May, 1999 To 17th May, 1999 20th May, 1999 To 29th May, 7999 31st May, 1999 To 2nd June, 1999	28
17.	Shri C. T. Punjabi, Civil Judge (S.D.) and J. M. F. C., Patan.	3rd May, 1999 To 10th May, 1999 25th May, 1999 To 13th June, 1999	28
18.	Shri D. V. Vaidya, Joint Civil Judge (J.D.) and J. M. F. C. Patan.	3rd May, 1999 To 5th May, 1999 13th May, 1999 To 30th May, 1999 7th June, 1999 To 13th June, 1999	28
19.	Shri P. P. Parmar, 2nd Civil Judge (J.D.) and J. M. F. C., Patan.	3rd May, 1999 To 17th May, 1999 25th May, 1999 To 30th May, 1999 1st June, 1999 To 13th June, 1999	34.
20.	Shri V. M. Gadhavi, Civil Judge (J. D.) and J. M. F. C., Chanasma.	3rd May, 1999 To 6th May, 1999 14th May, 1999 To 29th May, 1999 7th June, 1999 To 13th June, 1999	27
21.	Shri L. S. Rabari, Civil Judge (J. D.) and J. M. F. C., Harij-Sami.	3rd May, 1999 To 14th May, 1999 22nd May, 1999 To 6t June, 1999	28
22	Shri V. A. Darabar, Civil Judge (J. D.) and J. M. F. C., Kadi.	3rd May, 1999 To 17th May, 1999 1st June, 1999 To 13th June, 1999	28
23.	Shri H. A. Dave, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Kadi.	3rd May, 1999 To 31st May, 1999	29
24.	Shri K. K. Patel, Civil Judge (J. D.) and J. M. F. C., Kalol	10th May, 1999 To 23rd May, 1999 31st May, 1999 To 13th June, 1999	28
25.	Kum. A. S. Trivedi, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Kalol.	3rd May, 1999 To 13th May, 1999 21st May, 1999 To 6th June, 1999	28
26.	Shri D. L. Patel, 2nd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Kalol.	3rd May, 1999 18th May, 1999 To 13th June, 1999	28
27.	Shri P. G. Vyas, 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Kalol.	3rd May, 1999 To 23rd May, 1999 31st May, 1999 To 6th June, 1999	28
28.	Shri V. B. Barot, Civil Judge (J. D.)- and J. M. F. C., Vijapurl.	3rd May, 1999 To 30th May, 1999	78
29.	Shri M. G. Ravalji, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Vijapur.	17th May, 1999 To 21st May, 1999 24th May, 1999 To 11th June, 1999	24
30.	Kum. N. C. Raval, Civil Judge (J. D.) and J. M. F. C., Mansa.	3rd May, 1999 To 21st May, 1999 24th May, 1999 To 30th May, 1999	26

Mahesana, 28th June, 1999.

A. G. URAIZEE,
Joint District Judge,
Mahesana.
Incharge Sadar station.

સંયુક્ત જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જાવક નંબર બી.-૮ / વહીવટ / ૨૩—૧૯૯૯.— આ જિલ્લાં કામ કરતા ન્યાયખાતાના નીચે જણાવેલ અમલદારોને તારીખ ૩જી મે, ૧૯૯૯ થી તારીખ ૧૩મી જૂન, ૧૯૯૯ સુધી સને ૧૯૯૯ ના વેકેશન દરમ્યાન તેમના નામની સામે દર્શાવેલ સમય માટે બી. સી. એસ. આર. ૭૪૧ વોલ્યુમ-૧ મુજબ ફરજ ઉપર રોકવામાં આવેલા હતા.

અનુ. નંબર	અમલદારનું નામ	કેટલા સમય પુરતા રોકવામાં આવેલા હતા	દિવસો
૧	૨	૩	૪
૧	શ્રી સી. એસ. ગોર, સીવીલ જજ (એસ. ડી.), મહેસાણા. ...	... ...	૦૦
૨	શ્રી કે. ડી. સોલંકી, ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૫મી જૂન, ૧૯૯૯	૩૪
૩	શ્રી પી. જી. વ્યાસ, બીજા જો. સીવીલ જજ (એસ.ડી.), મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯	૨૮
૪	શ્રી જે. એસ. ઠક્કર, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (એસ. ડી. મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯	૨૮
૫	શ્રી ડી. એન. વ્યાસ, ૪થા જોઈન્ટ સીવીલ જજ (એસ. ડી.), મહેસાણા ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૬મી મે, ૧૯૯૯ ૨૪મી મે ૧૯૯૯ થી ૬ઠ્ઠી જૂન ૧૯૯૯	૨૮
૬	શ્રી બી. જે. ધાન્ધા, ૫માં જોઈન્ટ સીવીલ જજ (એસ. ડી.), મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૭મી મે, ૧૯૯૯ ૩૧મી મે, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૨૯
૭	શ્રી એ. એસ. ચાંદેકર, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૬મી મે, ૧૯૯૯ ૨૪મી મે, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૩૫
૮	શ્રી કે. કે. હદીલા, બીજા જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૭મી મે, ૧૯૯૯ ૧૭મી મે, ૧૯૯૯ થી ૫મી જૂન, ૧૯૯૯ ૧૧મી જૂન, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૨૮
૯	શ્રી એસ. એચ. પટેલ, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), મહેસાણા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૨૩મી મે, ૧૯૯૯ ૭મી જૂન, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૨૮
૧૦	શ્રી એ. ડી. આણેરાવ, ૪થા જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), મહેસાણા. ...	... ૧૭મી મે, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૨૮
૧૧	શ્રી બી. એસ. ઉપાધ્યાય, સીવીલ જજ (જે. ડી.), વિસનગર. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૨૦મી મે, ૧૯૯૯ ૩૧મી મે, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૩૨
૧૨	મીસ પી. વી. પંડયા, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), વિસનગર. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯	૨૮
૧૩	શ્રી પી. એમ. અટોદરીયા, સીવીલ જજ (જે. ડી.), વડનગર ...	... ૧૪મી મે, ૧૯૯૯ થી ૧૩મી જૂન, ૧૯૯૯	૩૧
૧૪	શ્રી એન. જી. પરમાર, સીવીલ જજ (જે. ડી.), ખેરાલુ. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૧મી મે, ૧૯૯૯	૨૯

૧	૨	૩	૪
૧૫	શ્રી એચ. બી. પાનેરી, સીવીલ જજ (જે. ડી.), સીધ્ધપુર. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૯મી મે, ૧૯૯૯ ૨૩મી મે, ૧૯૯૯ થી ૨જી જુન, ૧૯૯૯	૨૮
૧૬	શ્રી ડી. એમ. આચાર્ય, સીવીલ જજ (જે. ડી.), ઉંઝા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૭મી મે, ૧૯૯૯ ૨૦મી મે, ૧૯૯૯ થી ૨૯મી મે, ૧૯૯૯ ૩૧મી મે, ૧૯૯૯ થી ૨જી જુન, ૧૯૯૯	૨૮
૧૭	શ્રી સી. ટી. પંજાબી, સીવીલ જજ (એસ. ડી.), પાટણ. ...	... ૩જી મે ૧૯૯૯ થી ૧૦મી મે, ૧૯૯૯ ૨૫મી મે, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૮
૧૮	શ્રી ડી. વી. વૈદ્ય, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), પાટણ. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૫મી મે, ૧૯૯૯ ૧૩મી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯ ૭મી જુન, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૮
૧૯	શ્રી પી. પી. પરમાર, બીજા જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), પાટણ. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૭મી મે, ૧૯૯૯ ૨૫મી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯ ૧લી જુન, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૩૪
૨૦	શ્રી વી. એમ. ગઢવી, સીવીલ જજ (જે. ડી.), ચાણસ્મા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૬ઠ્ઠી મે, ૧૯૯૯ ૧૪મી મે, ૧૯૯૯ થી ૨૯મી મે, ૧૯૯૯ ૭મી જુન, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૭
૨૧	શ્રી એલ. એસ. રબારી, સીવીલ જજ (જે. ડી.), હારીજ--સમી. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૪મી મે, ૧૯૯૯ ૨૨મી મે, ૧૯૯૯ થી ૬ઠ્ઠી જુન, ૧૯૯૯	૨૮
૨૨	શ્રી વી. એ. દરબાર, સીવીલ જજ (જે. ડી.), કડી. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૭મી મે, ૧૯૯૯ ૧લી જુન, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૮
૨૩	શ્રી એચ. એ. દવે, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), કડી. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૧મી મે, ૧૯૯૯	૨૯
૨૪	શ્રી કે. કે. પટેલ, સીવીલ જજ (જે. ડી.), કલોલ. ...	... ૧૦મી મે, ૧૯૯૯ થી ૨૩મી મે, ૧૯૯૯ ૩૧મી મે, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૮
૨૫	કુ. એ. એસ. ત્રિવેદી, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), કલોલ. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૧૩મી મે, ૧૯૯૯ ૨૧મી મે, ૧૯૯૯ થી ૬ઠ્ઠી જુન, ૧૯૯૯	૨૮
૨૬	શ્રી ડી. એલ. પટેલ, બીજા જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), કલોલ. ...	... ૩જી મે, ૧૯૯૯ ૧૮મી મે, ૧૯૯૯ થી ૧૩મી જુન, ૧૯૯૯	૨૮
૨૭	શ્રી પી. જી. વ્યાસ ત્રીજા જો. સીવીલ જજ (જે.ડી.), કલોલ. ...	... ૩જી મે ૧૯૯૯ થી ૨૩મી મે ૧૯૯૯ ૩૧મી મે, ૧૯૯૯ થી ૬ઠ્ઠી જુન, ૧૯૯૯	૨૮
૨૮	શ્રી વી. બી. બારોટ, સીવીલ જજ (જે. ડી.), વિજાપુર. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯	૨૮
૨૯	શ્રી એમ. જી. રાવલજી, જોઈન્ટ સીવીલ જજ (જે. ડી.), વિજાપુર. ...	... ૧૭મી મે, ૧૯૯૯ થી ૨૧મી મે, ૧૯૯૯ ૨૪મી મે, ૧૯૯૯ થી ૧૧મી જુન, ૧૯૯૯	૨૪
૩૦	કુ. એન. સી. રાવલ, સીવીલ જજ (જે. ડી.), માણસા. ...	... ૩જી મે, ૧૯૯૯ થી ૨૧મી મે, ૧૯૯૯ ૨૪મી મે, ૧૯૯૯ થી ૩૦મી મે, ૧૯૯૯	૨૬

મહેસાણા, તારીખ ૨૮મી જુન, ૧૯૯૯.

એ. જી. ઉરેઝી,
સંયુકત જિલ્લા ન્યાયાધીશ, મહેસાણા.
ઈન્ચાર્જ સદર સ્ટેશન.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ -૨૨ની કલમ--૩૭ (૧) (છ).

નંબર ડીસીબી/એમએજી/૧/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) (છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. આર. ચૌહાણ જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી આગામી લોકસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન આચાર-સંહિતાને ધ્યાનમાં રાખતા અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચુંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું તથા જાહેર હિત અને આચાર સંહિતાની નીતિને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીયપક્ષ / સંગઠન / સંસ્થા અથવા ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકો દ્વારા કે અન્ય કોઈ વ્યકિત મારફત કોઈપણ સરકારી મિલ્કતો જાહેર મિલ્કતે જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના ક્રાસીંગ પર માર્ગ / દિશા બતાવતા સાઈન બોર્ડ / માઈલ સ્ટોનો ઉપર અથવા રેલ્વે સ્ટેશનો, પ્લેટફોર્મ, ટ્રેઈનો, એ.સટી. બસો ઉપર કે ડેપો ઉપર કે શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કત વિગેરે ઉપર પોસ્ટરો ચોંટાડીને કે સુત્રો લખીને કે પ્રતિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો મિલ્કતો, દિવાલો ઉપર કોઈ પ્રકારની ચુંટણી જાહેરાત થઈ શકશે નહીં.

આ હુકમ તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૯ ની મુદત સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના પોલીસ અધિનિયમ) ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછીમાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થશે અને દંડને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવે છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ :

નંભર ડીસીબી/એમએજી./બીપીઓ/રજિ, ૧/૯૯—આગામી લોકસભાની સામાન્ય ચુંટણી યોજનાર છે આ સમય દરમ્યાન જુદા જુદા હરિફ જુથો વચ્ચે ચુંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે તેઓએ તેઓના હથિયારો સાથે લઈ જવા નહી, તથા સાથે રાખવા નહી તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હું આર. આર. ચૌહાણ જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નવસારી જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૯ સુધી હથિયાર એક જગ્યાઓથી બીજી જગ્યાએ લઈ જવા નહી તથા પ્રવાસ દરમ્યાન હથિયાર સાથે રાખવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં જે કિસ્સામાં હથિયાર પરવાનેદારોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જૂની પરમીટો આપવામાં આવેલ છે પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભંગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ

આજરોજ તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

હુકમ

ફોજદારી કાર્યરીની અધિનિયમ (૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/૧ગી/૩૪૪૭.—ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ૧૯૯૯ લોકસભાની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાન તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ તેમજ મતગણતરી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ના રોજ થનાર છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ હથિયારો અંગે પ્રતિબંધ મૂકવા આદેશ ક્રમાંક ૪૬૪-કાયદો અને વ્યવસ્થા ઈએસજી-૨૧-૯૪ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી જરૂરી આદેશ બહાર પાડેલ છે.

અનુભવે જણાવેલ છે કે, ૧૯૮૯ની લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯૦ ની વિધાનસભાની સામાન્ય ચૂંટણી, ૧૯૯૧ની લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ૧૯૯૯ ની લોકસભા વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ભરૂચ જિલ્લા જુદા જુદા સ્થળોએ મોટા પાયે હિંસા ફાટી નિકળેલી હતી. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગયેલ હતી તે ધ્યાનમાં લેતા આ વખતે લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન હિંસક બનાવો ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવા આવશ્યક જણાય છે.

સબબ મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુ માટે સમગ્ર ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું બી. બી. સ્વેન, આઇ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે;

(૧) ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારના કોઇ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઇપણ હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) ભરૂચ જિલ્લા બહારના મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યકિતઓ કે જેઓ હાલમાં ભરૂચ જિલ્લામાં વસવાટ કરતાં હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમા રાખવું તથા હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી.

લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ ગયેલ હોય, અને ચૂંટણીનો સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય, અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય, ઉપર પારામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૨) હેઠળ જાહેર કરૂ છું.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે

આજ તારીખ ૬માહે ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી નહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૩૪૪૧.—ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૯ નાં કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ તેમજ મત ગણતરી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪, હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/ઈએસ/૦૭૭/૯૪ જે.એચ. ૨/૫૨૧૬, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમજ ગુજરાત રાજયનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી પરિપત્ર ક્રમાંક ઈ.એલ.સી./૧૦૯૮/૭૬ (૨) છ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષા અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચારરસ્તા, શેરીઓ, નાકા જાહેર માર્ગ, માલિકીના મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર રાજકીય અગ્રણીઓનાં કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે. પ્રદર્શિત કરવામાં આવશે એ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતનો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતસૂત્રો, ધજા-પતાકા, ભીતચિત્રો, વિગેરે ઉભા કરે છે. અથવા મૂકે છે. આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓ અસલામતિ વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મૂકવા ઉપર નિયંત્રણ મુકવા માટે હું બી. બી. સ્વેન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું.

(અ) રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો, પંચાયતની માલિકીના રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીશ ન હોય, એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પટાકા બેનર, મૂકી શકાશે નહિ કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહિ કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા પતાકા, બેનર્સ, ખાનગી માલિકીની જગ્યામાં મૂકવા માંગતા હોય તો લોકસભાના ઉમેદવાર કોઈ મંડળ, સંગઠન, અથવા વ્યકિતને નીચેની શરતોનું પાલન કરવાની શરતે મૂકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફટ x ૮ ફટથી વધારે હોવી જોઈએ નહિ.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે રાજકીય પક્ષ, ઉમેદવાર ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ મુકવા હશે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી / ચૂંઢણી અધિકારી / પોલીસ અધિકારી / જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજૂ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસૂત્રો, પાટીયા, બેનર વિગેરે કોઈક સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, સને ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.ઓ.જી.-વશી-૩૪૪૩.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંઢણી-૧૯૯૯નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાન તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ તેમજ મતગણતરી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નાં રોજ થનાર છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪, હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ મતદાન કેન્દ્રો તથા મતગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત સેલ્યુલર ફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ બહાર પાડેલ છે.

સબબ મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ ચૂંટણી પ્રચાર થતો અટકાવવા અને મતગણતરી મથકોએ મતગણતરીના દિવસે એટલે કે તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નાં રોજથી મતગણતરીની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મતગણતરી મથકોની અંદર તથા તેના ૧૦૦ મીટરના ત્રિજયામાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન પેજર, કોડલેસ-ફોન અને વાયરલેસ સેટ/વોકી-ટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું બી. બી. સ્વેન, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪(૧) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે.—

ભરૂચ જિલ્લામાં આવેલ તમામ મતદાન કેન્દ્રો અને મતગણતરીના મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મતદાન અને મતગણતરીના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર. કોડલેસ ફોન અને વાયરલેસ સેટ-વોકી-ટોકી સાથે લઈ જઈ શકશે નહિ, અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન, અને વાયરલેસ સેટ, વોકી-ટોકી જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમના નિયંત્રણો કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ ધરાવતા અધિકારીઓ, સુરક્ષા અધિકારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ અને મતગણતરી અધિકારીઓને લાગુ પડશે નહિ.

આજ તારીખ ૬ઠ્ઠી માહે ઓગષ્ટ સને ૧૯૯૯નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

— — — —

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૩૪૪૪.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ તેમજ મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૯ (ઈએસ)૦૦૮/૯૪ જેસ. એસ. ૨/૫૧૫૨ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ થી આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતા ચોપાનીયા ભીતપત્રો, વિગેરે મુદ્રણ અને પ્રકાશનો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે જેથી ચૂંટણીને લગતા ચોંપાનીયા, ભીતપત્રો, વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

લોકસભાંની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષના ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો, વિગેરે છપાવવામાં આવે છે. આ ચોંપાનીયા ભીતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામું છુપાવવાની ખાસ આવશ્યકતા છે.

જેથી હું બી. બી. સ્વેન, આઇ. એ. એસ જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ન કલમ-૩૭ (૧)(એફ) થી મને મળેસ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.

(૧) કોઇપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામાં ન હોય એવા ચૂંટણીને લગતાં ચોંપાનીયા કે ભીતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ, છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહી.

(૨) કોઇપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે.

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય.

(બ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર ચોપાનીયા, ભીતપત્રો, વિગેરે સાહીત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલીક કે મુદ્રકે આવા સાહીત્ય ઉપર પોતાનું નામ મુદ્રકનું નામ, સરનામું તથા છાપેલા સાહીત્યની સંખ્યા લખવાની રહેશે.

લોકપ્રતિનિધિત્વવ અધિનિયમની કલમ-૧૨૭ (ક) હેઠળ આવું સાહીત્ય છાપનાર તેની ૪ ચાર નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને મોકલી આપવાની રહેશે તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજીસ્ટ્રેટને લેખીતમાં જાહેરાત કરવાની રહેશે. આ સુચનાની તમામ પ્રીન્ટીંગ પ્રેસના માલીકો મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમનો અમલ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો.

— — —

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/વશી-૩૪૪૫ .—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેમના હુકમ નંબર ૫૭૬-૧૧ઈ-એસ-૦૨૮-૯૫ જીએસ-૮ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૫ ના પારા નંબર ૪/૧માં આપેલ સુચના મુજબ ચૂંટણીના મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રીજયામાં

કોઇપણ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવારનું સૂચના આપવા માટેનું અથવા મતદારોને મતદાર યાદીમાં અરજદારોનું નામ તથા નંબર પર આપેલ છે તે માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે તે ટેબલ મતદાન મથકની ૨૦૦ મીટર અંદરની ત્રીજ્યામાં ગોઠવવામાં દેવામાં આવશે નહી.

લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો તથા તેમના સંસ્થા મારફતે જાહેર રસ્તાઓ પર ટેબલ ગોઠવવામાં આવે છે. આ ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય, હરકત, અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઇ પ્રકારે રાહદારી તથા મત આથવા જનારા લોકોને અગવડ ઉભી થાય તે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું બી. બી. સ્વેન, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટથી, ભરૂચ ધી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે—

(૧) તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં અને નગરપાલીકા વિસ્તારમાં ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ પક્ષના ઉમેદવારોને મત આપવા જનારા લોકોને મતદારયાદીમાંથી તેમના નામ તથા મતદારયાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવું નહી કે ગોઠવવાની કોશીશ કરવી નહી.

(૨) તથા આવું ટેબલ જાહેર રસ્તા ઉપર ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સંબંધીત નગરપાલિકાના મુખ્ય અધિકારીની તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના તલાટી કમ-મંત્રીની અગાઉથી પરવાનગી લેવાની રહેશે તથા જો ખાનગી જમીન પર ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલિકની લેખીતમાં સંમતિ લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ એક દિવસ અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૩૪૪૬.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ તેમજ મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪-એલ.એન.ઓ-ઈએસ-૦૨૧-૯૪ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પારા-૪.૧ માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોના અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારના વાહનો, ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું બી. બી. સ્વેન. આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છુ કે,

(૧) ભરૂચ જિલ્લામાં જાહેર રસ્તાઓ પર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર. અન્ય વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર. ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક: એમ.એ.જી.-વશી-૩૪૪૯.—ભારતનાં નિર્વાચીન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર. ૧૯૯૯ નાં રોજ અને મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચીન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક: ૩/૮/૯૪ જે. એસ. ૨ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ નાં પારા નં. ૩૩ અને ૩.૫ માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ. સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર નહી, પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબજ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના વાહનો તમામ માર્ગો, શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ

વસવાટોને, મહોલ્લાએ અને વસાહતોએ અને લત્તાચોમાં પણ જાય છે. આને કારણે ખૂબ ધ્વનિ પ્રદૂષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આથી ખૂબ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલા સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે. અને તે ખૂબ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબજ હરકત અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી, હું, બી. બી. સ્વેન., આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે (૧) ચૂંટણી પ્રચાર કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ-સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર. ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી સ્થળ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સક્ષમ સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરનો ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાનાં રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતા અરજીમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ માટે આવી પરવાનગી-પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારની પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ સને ૧૯૯૯નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીકલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી/૩૪૩૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી, હવે મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ મા) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ. :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગુહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં૪૫ માની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ઓગષ્ટ, સને ૧૯૯૯ નાં દિને મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કમમ-૩૩ (૩) (ઘ)(ખ)

નંબર ડીસીબી/એમ.એજી./રજી. નં. ૩૨/૯૯ :—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૨ ના મુંબઈના અધિનિયમ ૨૨ની કલમ ૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૯ ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે મુકત અને ન્યાયી લોકસભાની ચુંટણી માટે જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ

વ્યકિત સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ બીન રાજકીય પક્ષ તથા આર્ધ રાજકીય પક્ષ તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૯ થી ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ બેનર્સ વિગેરે કોઇપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહી એટલે કે સરકાર મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહીં.

(બ) જો કટઆઉટ હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઇએ.

(૧) હોર્ડીંગ્ઝની સાઇઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહી.

(૨) કટઆઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહીં.

(૩) રાજકીય પક્ષ ઉમેદવારો ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાંત. પાટીયાં બેનર વિગેરે મુકયાં હશે તે જગ્યાના માલીકની લેખીત મંજુરી લીધેલ હોવી જોઇએ. આ મંજૂરી જિલ્લા ચુંટણી અધિકારી/ ચુંટણી અધિકારી / પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

(૪)કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે કોઇ સ્થળે મુકત પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદનુસાર ઉમેદવાનોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાને રહેશે.

(૬) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટ આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઇએ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૨૨(૩) (ઘ) (ખ) જોગવાઇનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપવામાં આવ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એજી.વશી-૪૩૫૭ થી ૪૩૭૭.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. એ. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા પહોચાડી શકાય તેવું બીજું કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઇ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી, અથવાં ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધ કેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા નહી એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી; અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પત્રિકા પોષ્ટકાર્ડ, અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી, તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇ પણ પોલીસ અધિકારીને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

જાહેરનામું.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)(છ) મુજબ.

નંબર પલસ-મજસ-વશી-૨૦૬૪ :—આગામી લોકસભાની સામાન્ય ચુંટણીઓને અનુલક્ષીને સુરૂચિ અગર નીતિનો ભંગ થતો હોય તેવા કોઇપણ પ્રકારના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ કરવો જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કે. આઇ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ

જિલ્લામાં તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯થી તારીખ ૬ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી છટાદાર ભાષણો આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજો કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી અથવા દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા તથા છટાદાર ભાષણ આપવાની કેચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આજ રોજ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) હેઠળ.

નંબર પલસ/મજસ/વશી/૨૦૫૧ થી ૨૧૦૦.—ભારતનાં ચુંટણી પંચે લોકસભા ચુંટણી ૧૯૯૯ માં યોજવા જાહેરાત કરેલ છે. આ અંગે ચુંટણીની જાહેરાતથી ચુંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ભારતના ચુંટણીપંચની આચારસંહિતા અમલમાં છે. જે બાબત લક્ષમાં લેતાં જાહેર શાંતિ અને જાહેર હિત માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૩ (૧) (થ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં આગામી લોકસભા ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે, જાહેરસભા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ રાત્રીનાં ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી કરી શકાશે નહી, તેમજ આ સિવાયના સમયગાળા દરમ્યાન સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીનેજ, લાઉડસ્પીકરનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો અમલ હુકમ થયાની તારીખથી તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૯ સુધી રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨ માં) ન કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

હુકમ

સને ૧૯૫૧ નાં મુંબઈનાં પોલીસ ધારાની કલમ-૩૭ (૩)

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી ૨૧૦૧ થી ૨૨૦૦.—ભારતનાં ચુંટણી પંચે લોકસભા ચુંટણીઓ ૧૯૯૯ માં યોજવા જાહેરાત કરેલ છે. જે અન્વયે જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં રોજ ચુંટણીઓ યોજાશે. જેથી આ પ્રસંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર સુલેહ શાંતિ તેમજ જાહે[2] સુરક્ષા લક્ષમાં લેતાં એક જગ્યાએ મોટી જનમેદની એકત્રિત થાય તે ઈચ્છનીય નથી. જેથી જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબ મળેલા અધિકારની રૂએ જાહેર હિતમાં આથી ફરમાવું છું કે,

જિલ્લાના તાલુકા મથકોએ તથા ગામોમાં તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯ અને તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯નાં રોજ મેળા, હાટ ભરાશે નહી તથા લોકોએ આ માટે એકત્રિત થવું નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પિનલ કોડની કલમ-૧૮૮ અને મુંબઈ પોલીસ ધારાની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૭ (૧) (છ).

નંબર પલસ/મજસ/વશી/૨૨૦૧ થી ૨૨૫૦.—ભારતનાં ચુંટણી પંચે લોકસભા ચુંટણીઓ ૧૯૯૯ માં યોજવા જાહેર કરેલ છે. ચુંટણીઓ દરમ્યાન, ચુંટણી પ્રચાર દરમ્યાન મિલ્કતોનાં બગાડ પર નિયંત્રણ મુકેલ છે. જે બાબત લક્ષમાં લેતાં જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨ મો) ની કલમ-૩૭ (૧) (છ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં આગામા લોકસભાની ચુંટણી દરમ્યાન ચુંટણીનો પ્રચાર માટે મકાન માલિકની લેખિત પરવાનગી સિવાય કોઈપણ પક્ષ ઉમેદવાર કે તેમનાં ટેકેદારો કે અન્ય સંસ્થાઓએ દિવાલો ઉપર લખાણ લખીને ચિત્રો બનાવીને કે, પોસ્ટરો ચોંટાડીને ઉપયોગ કરવો નહી. આ નિયંત્રણ જાહેર તથા ખાનગી એમ બન્ને પ્રકારનાં મકાનો અંગે લાગુ પડશે. આ હેતુસર કોઈ જાહેર રસ્તા કે તે પરનાં દિશા સુચક, અંતર સુચક, તરીટે સુચક મુકેલ બોર્ડ અંગે પણ આ નિયંત્રણ લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમને અમલ હુકમની તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૯ સુધી રહેશે.

આજરોજ તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી).

ક્રમાંક : પલસ/વશી/૩૭૯૬/૯૯.—સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાના કરવામા ગામે સ્વાધ્યાય પરિવારનાં ઉપક્રમે વૃક્ષ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ કરવામાં આવેલ છે. જેમાં પ. પૂ. પાંડરગ શાસ્ત્રી આઠવલે પધારનાર છે. આ મહોત્સવમાં સ્વાધ્યાય પરિવારનાં લગભગ ૧ લાખ ભાઈ, બહેનો પધારનાર છે. જેથી લોકોનો ધસારો અને ગીર્દી રહેવાનો સંભવ છે. સબબ રાજ્ય ધોરી માર્ગ નં. ૬૬ સુરત તરફથી ઓલપાડ ગામમાં થઈ વડોલી વળાંક થઈ હાંસોટ તથા કીમ તરફથી જવાનો રસ્તો તેવી જ રીતે કીમ હાંસોટ તરફથી ઓલપાડ આવવાના રસ્તા પરનો વાહન વ્યવહાર ભારે વાહનો માટે ચાલુ રાખવામાં આવે તો અકસ્માત કે અડચણ થવાની સંભાવના છે.

વાસ્તે અર્થે હું આર. જે. માંકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ રાજય ધોરી માર્ગ નં. ૬૬ ઉપર ૮-૦૦ થી સાંજે ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા ઠરાવું છું આ અમલ દરમ્યાન

(૧) સુરત તરફથી આવતા ભારે વાહનો ઓલપાડ પર ત્રણ રસ્તા થઈ સાયણ થઈ કીમ તરફ જશે.

(૨) કિમ તરફથી તથા હાંસોટ તરફથી આવતાં ભારે વાહનો વડોલી વળાંક કીમ ત્રણ રસ્તા થઈ સાયણ થઈ સુરત તરફ જશે.

આજ તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. જે. માંકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩(૩)(ઘ)(ખ), ૩૩(૧) (ખ) મુજબનો.

નંબર એમએજી/વશી-૨૫૫૧-૨૫૬૬/ ફા. નં. ૧૪૨/૧૯૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ ૩૩(૧) (ખ) તથા ૩૩(૩)(ઘ)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી તથા ચુંટણીની આચાર સંહિતા અને નિર્વાચન આયોગની વખતોવખતની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુકત અને ન્યાયી લોકસભાની ચુંટણી માટે, જાહેર હિતમાં ડાંગ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચુંટણી અંગેનાં સૂત્રો, નિશાનીઓ તથા આકૃતિઓ કે ભીંત-ચિત્રો વિગેરે જાહેર મકાનો ઉપર કે જાહેર સ્થળોએ ચિત્રત કરવા, ઉભા કરવા પ્રદર્શિત કરવા, જડવા તથા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવે છે. તે ઉપરાંત તેઓ જ્યાં એક કરતા વધુ રસ્તા ભેગા થતા હોય તેવા રસ્તાઓ ઉપર બેનર્સ લગાવી શકશે નહીં તેમ છતાં રાજકીય પક્ષો કે ઉમેદવારો તરફથી આ અંગે પ્રતિબંધ હોવા છતાં કાર્યવાહી કરવામાં આવશે તો આ અંગેનો ખર્ચ જે તે ઉમેદવારના ચુંટણી ખર્ચમાં ગણી લેવામાં આવશે અને લાગુ પડતા કાયદા નીચે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તદ્ઉપરાંત ઉમેદવાર ના ખર્ચે અને જોખમે તે દૂર કરવામાં આવશે.

(૨) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રુપે જવા દેવા નહિ. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતા આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાને આધીન રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૩)(ઘ)(ખ) ૩૩(૧)(ખ) વિગેરે જોગવાઈના ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ.
આહવા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, OCTOBER 21, 1999 / ASVINA 29, 1921 [No. 42

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	990-1003
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	42
Part	I-B–Government Notifications published under Land Acquisition Act only.	1078-1090
Part-I-L	–Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2562-2682

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુંજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૫૫/વિ.શા./૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે ઓગષ્ટ, સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY JOINT DISTRICT JUDGE

Read :—(1) This Office Notification No. B-46(1) 1998, dated 21st November, 1998

(2) High Court Letter No. C-2105/74, dated 18th August, 1971 and 18th December, 1984.

(3) High Court Notification No. C, 2101/99, dated 10th August, 1999.

(4) Government G. A. D. Notification No. GS/96/34/PHD/1099/208 /GH, dated 17th July, 1999.

Notification

No B-46(1)/1079/1999.— The District Judge, Bharuch, is pleased to declare Tuesday, September 14th, 1999, to be a Public Holiday for the District Court and all its Subordinate Courts and offices in Bharuch District on account of Samvantsari (Chaturthi Paksha) instead of Monday, September, 13th 1999, notified *vide* Notification cited in the preamble, the District Court and all its Subordinate Courts and Offices in Bharuch District, shall remain open on Monday, September, 13th, 1999.

Bharuch, 13th August, 1999.

C. K. RANE,
Joint District Judge, Bharuch
In-Charge of the District.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ.

નંબર ડી/એમએજી/ લોકસભા ચૂંટણી/વશી.—આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે, આગામી સપ્ટેમ્બર, ૧૯૯૯ના માસમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે. આ ચૂંટણીના સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પ્રક્રિયા સરળ બને શાંત વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી પંચથી મળેલ સુચના અન્વયે હથિયારો સાથે લઈ ફરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

આથી, હું પી. ડી. વાઘેલા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુર ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, આગામી લોકસભા ચૂંટણીની પ્રક્રિયા સુધી એટલે કે તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધીના સમય દરમ્યાન સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં (સરકારી ફરજ સિવાયની વ્યકિત એટલે કે ખાનગી વ્યકિત) જેઓ હથિયાર પરવાના તળે હથિયાર ધારણ કરે છે, તેઓ તેમના હથિયારો સાથે લઈને જાહેરમાં ફરવા પર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

જો કે સદરહું હુકમ વ્યકિતગત રીતે સમગ્ર બનાસકાંઠા જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારો ને બજાવી શકાય તેમ નથી, તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એકતરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૯થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૫મી માહે ઓગષ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪.—લોકસભાની આગામી દિવસોમા સામાન્ય ચૂંટણી યોજનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સાંભાવનાઓ નકારી શકાય નહીં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સામે લઈ જવા નહિ તથા સાથે રાખવા નહિ તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું પંકજકુમાર, આઈ એ એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૦મી ઓગષ્ટ ૧૯૯૯ થી તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૯ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહીં. તથા સાથે રાખવા નહિ. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યકિતઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સુચના અનુસાર આવું કોઈપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૩૭/સીઆરપીસી/૧૪૪/૯૯.—લોકસભાની સામાન્ય ચુંટણી આગામી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ યોજનાર છે. આ ચુંટણીના સરળ સંચાલન, આચાર સંહિતા અને નિર્વાચન આયોગના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૯૮/૪૮૭૨-૯૭-ભાગ-૨, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯, ૭મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મત ગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ચુંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચુંટણી અધિકારીશ્રી, મદદનીશ ચુંટણી અધિકારીશ્રી તથા ચુંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચુંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેમ બીજી વ્યકિતઓ.

(૩) ચુંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજરોજ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ ૩૭(૪) અન્વયેનો હુકમ

નંબર ડીસીબી/એમ/એજી/બીપીએ/ રજી/૨/૯૯—નવસારી શહેરમાં આવેલ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે, આ કચેરીઓમાં પ્રજા પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર અવાગમ ન કરી શકે તે ખુબ જ ઈચ્છનીય છે કેટલાક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીના કંપાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો રે તે અટકાવવા જરૂરી જાણાય છે.

વાસ્તે હું આર. આર. ચૌહાણ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નવસારી નવસારી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી બહુમાળી બિલ્ડીંગ કંપાઉન્ડમાં કે બહુમાળી સંકુલમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધરણાના કાર્યક્રમો ઘેરાવ કાર્યક્રમો ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષા પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૧૯૯૯ થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યું છે.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ.

નંબર એમએજી-વશી-૧૬૪૦/૯૯.—૧૯૯૯માં યોજનાર લોકસભાની સામાન્ય ચુંટણીના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાન તથા તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મત ગણતરી હાથ ધરવામાં આવનાર છે. ભારતના ચૂંટણી પંચના તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના આદેશ ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/ઈએસ/૦૨-૯૪થી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર, અન્ય વાહનોની અવરજવર અંગે સૂચનાઓ આપેલ છે.

લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી આચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે રહે તો લોકોમાં ભય પેદા થાય ટ્રાફીકને અડચણ ઉભી થાય વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે સાઈકલ ઉપર જનારા અથવા ચાલતા જનારને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે હું મનોજ અગ્રવાલ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.

(૧) સાબરકાંઠા જિલ્લામાં જાહેર રસ્તા ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/અન્ય વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહી.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનો,

(૨) ચુંટણી કામે જતાં સરકારી વાહનોને,

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચુંટણી કામે સંપાદન કરવામાં આવેલ વાહનોને.

INDEX

અ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિકકો કરવામાં આવ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયે

નંબર એમ.એજી.-વશી-૧૬૪૧/૯૮.—૧૯૯૯ની લોકસભાની સામાન્ય ચુંટણીઓ યોજવાનો કાર્યક્રમ ચુંટણી પંચ દ્વારા જાહેર થયેલ છે. તે મુજબ અત્રેના જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાનની તારીખ નકકી થયેલ છે. ભારતના ચુંટણી પંચ દ્વારા તેમના તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના આદેશ નંબર ૩/૯/-ઇએચ/૦૦૮/૯૪/જેએસ-૨/૫૧૫૨/થી થયેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી ચુંટણીને લગતાં ચોપાનીયાં ભીંતપત્રો વિગેરે ના મુદ્રણ અને પ્રકાશનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૭ (ક) ની જોગવાઇઓ લાગુ પડે છે. જેથી ચુંટણીને લગતા ચોપાનીયા ભીતપત્રો વિગેરેના મુદ્રણ ઉપર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

લોકસભાની ચુંટણી દરમિયાન રાજકીય પક્ષના ઉમેદવારો તરફથી ચુંટણીને લગતા ચોપાનીયાં ભીંતપત્રો વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયાં ભીંતપત્રો વિગેરે પર મુદ્રક / પ્રકાશકનું નામ અને સરનામું છપાવવાની ખાસ આવશ્યકતા છે.

જેથી હું મનોજ અગ્રવાલ આઇ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે

(૧) કોઇપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામાંના હોય એવા ચૂંટણીને લગતાં ચોપાનીયા કે ભીંતપત્રો હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી. અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી.

૨ કોઇપણ વ્યકિત ચૂંટણીને લગતાં ચોપાનીયાં કે ભીંતપત્રો છાપી શકશે નહીં. કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યકિતઓને શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપી હોય.

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ પ્લેકાર્ડ પોસ્ટર ચોપાનીયાં ભીંતપત્રો વિગેરે સાહીત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલીક કે મુદ્રકે આવા સાહીત્ય ઉપર પોતાનું નામ મુંદ્રકનું નામ સરનામું તથા છાપેલ સાહીત્યનો સંખ્યા લખવાની રહેશે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭ (ક) હેઠળ આવું સાહીત્ય છાપનારે તેની ૪(ચાર) નકલ જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠાને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજીસ્ટ્રેટને લેખીતમાં જાહેરાત કરવાની રહેશે. ૫આ સુચનાનો તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલીકો / મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદર હુકમ તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી-વશી-૧૬૪૨/૯૯.—ભારતના ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્યચુંટણી ૧૯૯૯નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ આ જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાન તથા તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ મત ગણતરીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. ચુંટણી પંચ દ્વારા મતદાન કેન્દ્રો તથા મત ગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇપણ વ્યકિત સેલફોન લઇ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ બહાર પાડેલ છે.

સબબ મુકત અને ન્યાયી રીતે ચુંટણી યોજાય તેમજ ચુંટણી પ્રક્રિયા યોજાય દરમિયાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે ચુંટણી પ્રચાર થતો અટકાવવા તેમજ મત ગણતરી મથકોએ મત ગણતરીના દિવસે મત ગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મત ગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇપણ વ્યકિતને સેલ્યુલર ફોન પેજર. કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ/વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે હું મનોજ અગ્રવાલ, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સાબરકાંઠા જિલ્લાના તમામ મતદાન મથકોએ તેમજ હિંમતનગર ખાતેના મત ગણતરી મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇપણ વ્યકિત મતદાન અને મત ગણતરીના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ સાથે લઇ જઇ શકશે નહી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

સદર આદેશ કાયદો વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચુંટણી પંચે નીમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ, અને મત ગણતરી અધિકારીઓને લાગુ પડશે નહી.

સદર આદેશનો ભંગ કરી જો કોઇ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ, ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે

નંબર એમએજી/વશી/૧૬૪૩/૯૯.—ભારતના ચુંટણી પંચ દ્વારા ૧૯૯૯ ની લોકસભાની સામાંન્ય ચુંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાનની તારીખ તથા તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મતગણતરીની તારીખ નકકી થલેલ છે. મુખ્ય ચુંટણી અધિકારી, ગાંધીનગરના તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના પરિત્રપત્ર નંબર ઈએલસી-૧૦૯૮-૭૬-(૨)છ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમિયાન વિશાળ કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચુંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા શેરીઓ, નાકા જાહેરમાર્ગ માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે પ્રદર્શિત કરવામાં આવશે. એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનોં તથા વીજળી ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગાએ વિશાળ કમાનો, દરવાજો, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીતસૂત્રો, ધજા, પતાકા, ભીતચિત્રો, વિગેરે ઉભા કરે છે અથવા મુકવામાં આવે છે. આના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. જેથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે આગામી લોકસભાની સામાન્ય ચુંટણીની પ્રક્રિયા દરમિયાન વિશાળ કટ આઉટ, જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર પ્રતિબંધ મુકવા માટે હું મનોજ અગ્રવાલ, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

(૧) રાજય સરકારના નગરપાલિકાઓ, અથવા સરકારી બોર્ડ, નિગમો નિગમો પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાએ ઉપર કોઇ પણ રાજકીય પક્ષ અથવા લોકસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઇ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઇ પણ પ્રકારના કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા બેનર્સ મુકી શકાશે નહીં કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકશે નહીં કે કમાનો દરવાજા ઉભા કરી શકાશે નહીં. આવી આ મિલકત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહી.

(૨) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર. ધજા, પતાકા, બેનર્સ, ખાનગી માલીકીની જગ્યામાં મુકવા, માગતા હોય તેવા લોકસભાના ઉમેદવાર, ઉમેદવાર માટેના કોઇ મંડળ સંગઠન અથવા વ્યકિતઓ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સ ની સાઇઝ ૧૫ફૂટ × ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહીં.

(૨) કટ આઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહીં.

(૩) જે તે રાજકીય પક્ષ ઉમેદવાર ખાનગી જગામાં કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ મુકયા હશે તે જગાના માલીક્ની લેખિત મંજૂરી લીધેલી હોવી જોઇએ. આ મંજૂરી જિલ્લા ચુંટણી અધિકારી ચુંટણી અધિકારી, પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજૂ કરવાની રહેશે.

(૪) કટ આઉટ જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા, બેનર વિગેરે સ્થળે મુકત પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા સ્થાનિક કાયદા અનુસાર, સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલ હોવી જોઇએ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ. ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/વસી/૧૬૪૪/૯૯.—ભારતના ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૯ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ, સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાન તથા તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ મતગણતરી હાથ ધરાનાર છે. ચુંટણી પંચ દ્વારા હથિયારો અંગે જરૂરી સૂચના તેમના તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ ના હુકમ નંબર ૪૬૪/૯૬/ એલ.એન્ડ.ઓ/પીએલએન-૧/થી બહાર પાડેલ છે.

ચુંટણી દરમિયાન જિલ્લાની કાયદો/વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો, આવશ્યક જણાય છે. મુકત અને ન્યાયી અને શાંતિપુર્ણ ચુંટણી યોજાય તેમજ ચુંટણી પ્રક્રિયા દરમિયાન લોકોની સલામતી રહે સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું મનોજ અગ્રવાલ, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાંબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે.

(૧) સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઇ પણ હથિયાર ધારણ કરી ફરવું નહી તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી.

ચુંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઇ, યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઇ અને સુનાવણી શકય ન હોઇ, ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂ છું.

સદરહું આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારી શ્રીઓ સુરક્ષા કર્મચારીઓ, ચુંટણી પંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહીં.

સદર આદેશનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદર જાહેરનામું તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડવામાં આવ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કરેલ.

ક્રમાંક એમએજી/વશી. ૧૬૪૫/૯૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ અને મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ નક્કી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક : ૩-૮-૯૪/જેએસ-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના પારા નં. ૩.૩ અને ૩.૫ માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રાજકીય પક્ષો, ઉમેદવારો, અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર નહીં પરંતુ, ટ્રક, ટેમ્પો, કાર,જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા, વિગેરે જેવા વાહન ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરવા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં કરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોને મહોલ્લાઓ વસાહતોને અને લતાઓમાં પણ જાય છે. આના કારણે ખૂબ ધ્વનિ પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરુ થઈ જાય છે. અને તે ખૂબ જ મોડીરાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમિયાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરુરી રહે છે.

જેથી હું મનોજ અગ્રવાલ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧)(આર) (૩) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરુ છું કે (૧) ચૂંટણી પ્રચાર ના કોઈપણ હેતુ માટે કોઈ પણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬.૦૦ થી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યાથી પહેલાં અને રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્ય પહેલાં કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબધિત અધિકારી સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિતશ્ચિ કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેરમાં ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડસ્પીકરનો ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે ફરતાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીમાં વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકર ના ઉપયોગ માટે જે પરવાનગીપત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનોનો પ્રકારને રજિસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર-પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર રહેશે.

આ હુકમ તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૦મી ઓગસ્ટ સને ૧૯૯૯ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

મનોજ અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.

હુકમ

ક્રમાંક ફજદ / સીઆરપીસી / ૧૪૪ /વશી -૩૨૭૮-૮૩ / ૧૯૯૯.—આ આગામી દિવસોમાં લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જુથો દ્વારા ચુંટણી પ્રચાર કરવામાં આવશે. આ સમયે જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી. જુથ અથડામણના બનાવ વેળાએ હથિયારનો ઉપયોગ થાય નહી તેવા આશયથી અગમચેતીના પગલાં રૂપે જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે તેઓનાં હથિયારો સાથે લઇ જવા નહી તથા સાથે રાખવા નહી તે મુજબનો પ્રતિબંધ મુકવાનું યોગ્ય જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ આવા હથિયારોં પર પ્રતિબંધ મુકાવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું જ. પ્ર. ગુપ્તા, આઇ એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ મને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં હથિયાર

પરવાનેદારોએ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૭મી ઓક્ટોબર ૧૯૯૯ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા નહી તથા સાથે રાખવા નહી. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યકિતઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સુચના અનુસાર આવું કોઇપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જ. પ્ર. ગુપ્તા,
જિલ્લા મેજિસ્ટ્રેટ.
ડાંગ, આહવા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડી.સી./એમ.એ.જી/એસ.આર/૩૨/૯૯ .—લોકસભાની સામાન્ય ચુંટણી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ યોજનાર છે. ભારતના ચુંટણી પંચના તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ના આદેશ નંબર ૩-૧૦-ઇએસઓ-(૦૦૭) ૯૪-જે. એસ.-૨-૫૨૧૬-થી યા આવેલ સુચનાનુસાર કોઇપણ ખાનગી કે જાહેર મિલ્કતો જેવી કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઇવે ઉપરના માઇલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરની ચેતવણી આપતાં બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન અને ઇલેકટ્રીકના થાંભલાઓ નગરપાલીકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો જાહેર માર્ગો તથા ખાનગી માલીકીના મકાનો અને ખાનગી બોર્ડ ઉપર કોઇ પણ રાજકીય પક્ષ સંસ્થા ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતી રાખનાર કે અન્ય કોઇપણ વ્યકિત-ઓએ ચુંટણી જાહેરાત, પ્રસાર કરતાં પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા તેમજ ચુંટણીનો પ્રચાર કરતાં લખાણો કરે તે ઉપર વર્ણન કરેલ મીલ્કતોને તેના માલીકની લેખીત પુર્વ મંજુરી મેળવ્યા સિવાય લગાડવામાં આવે છે તેના ઉપર પ્રતિબંધ ફરમાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એમ. એમ. કોટવાલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની ક-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

૧. ભારતના ચુંટણી પંચના આદેશ મુજબ નકકી થયેલ આચાર સંહિતા અન્વયે કોઇપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઇપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મીલ્કતો ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટરો, બેનરો, પડદા કે પુતળા કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો કરી મિલ્કતોને બગાડવા ઉપર પ્રતિબંધ મુકું છું.

૨. મિલ્કતના માલિકની લેખીતમાં પુર્વમંજૂરી વગર મિલ્કતોને બગાડવા કે નુકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે, તથા જાહેર કે ખાનગી મિલ્કતોને બગાડવામાં આવશે તો બગાડ કરનારાના ખર્ચે તે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમની તારીખથી લોકસભા ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ કરનાર ઇસમ ભારતીય દંડ સહીત ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) ના મહેસુલી વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ.

નંબર ડી. સી./એમ. એ. જી/એસ. આર.૩૩/૯૯ .—લોકસભાની બેઠકોની ચુંટણી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ યોજનાર છે.

ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ ના આદેશ નં. ૪૩૭/૬/૯૬/પીએલએન/૩/૨૪૦૩/થીસરકારી વાહનોના ઉપયોગ સંબંધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણથી વધુ વાહનોને કાફલારૂપે જવા દેવાપર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. કોટવાલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ/ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણી પંચના આદેશ મુજબ નકકી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઇપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારે કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઇપણ વ્યકિત ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઇ શકાય તેવું યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતુ કોઇપણ પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં (ગ્રામ્ય) મહેસુલ વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તાર ને લાગુ પડશે.

INDEX

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યકિતઓજ અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજજાથી સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યકિત.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી અને કચેરીના સિકકો સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

એમ. એમ. કોટવાલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૩૪/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ શપાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની, અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨) માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ / એમએજી / એસ. આર. ૩૫/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(વિસ્તાર) પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

INDEX

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારી ની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી-૩૩/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું ડી. બી.રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી નિમિત્તે નિર્વાચન આયોગ તરફથી મળેલી સુચનાઓને ધ્યાનમાં રાખીને પ્રવર્તમાન પરિસ્થિાત જોતાં વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિાત જાળવવા સારૂ નીચે પ્રમાણેનો હુકમ કરવો ઇસ્ટ જણાતા વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૯ બન્ને દિવસોના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો : શસ્રો, દંડા, તલવાર, ભાલા, સોટ, બંદૂક ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની ;

(ગ) પથ્થર અથવા બીજા શસ્રો અથવા સાધનો સાથે લઇ જવા લઇ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની;

(ગગ) કોઈપણ સભામાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, હાવભાવ કરવાની, ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા બોર્ડ વિગેરે દ્વારા ફેલાવો કરવાની.

કોઇપણ વ્યકિત કે કોઇપણ રાજકીય પક્ષ દેશની સલામતી માટે જોખમ ઉભું થાય અગર નાત, જાત કે વિવિધ કોમ કે ધર્મ વચ્ચે તંગદીલી કે વૈમનસ્ય ઉભું થાય અગર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે અથવા સરકારની નીતિનો ભંગ થતો હોય તેવા કોઇ છટાદાર ભાષણો જાહેર ખબરો કે તેવા કોઇ પ્રચાર પ્રસાર કરી શકશે નહી અને તે માટે કોઇ માધ્યમનો પણ ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ખંડ (ક) સરકારી અધિકારીઓ, કર્મચારીશ્રીઓ, તથા સશસ્રદળ, પોલીસ દળ, તેમજ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ ભારતના સિર્વાચન આયોગ તરફથી અધિકૃત કરવામાં આવેલ અધિકારીશ્રી કે કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડ અગર સજા અગર બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/ બીપીએ/ રજી./ ૩૫/૯૯. —જિલ્લામાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અનુલક્ષીને જાહેર શાંતિ ચૂંટણી આચાર સંહિતા સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ ત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૯ થી ૩૦મી ઓગસ્ટ ૧૯૯૯ સુધી (બંને દિવનોસો સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૪ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૮ (૨) (ખ) મુજબનો.

નંબર : ડીસીબી/એમએજી/બીપીએ/રજી.-૩૪/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૮ (૨) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૧૯૯૯ ની પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીની આચારસંહિતાને ધ્યાનમાં રાખતાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચુંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ભારતીય ચૂંટણી આયોગના હુકમ નં. : ૩જી ઓગષ્ટ, ૧૯૯૪ જે.એન. ૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ ની સુચના મુજબ ચૂંટણી

પ્રચારના કોઈપણ હેતુ માટે સ્થાયી કે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ કલાક સુધી જ કરવો. વલસાડ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરોના ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવા તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(અ) ફરજ ઉપરના મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨ માં) ની કલમ-૧૩૬ મુજબ ત્રણ મહિના સુધીની કેદની સજા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અને તે બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/રજી. ૩૬/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ-૩૩ (૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચારસંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકત અને ન્યાયી લોકસભાની ચૂંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી, કે રાજકીય પક્ષ, બીન-રાજકીય પક્ષ અર્ધ રાજકીય પક્ષ તથા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ થી ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બંને દવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણ થી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રૂપે જવા દેવાશે નહીં, કેન્દ્ર કે રાજય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજિત કરવાના રહેશે. આમ છતાં આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગીપત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) જોગવાઈ નો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર: ડીસીબી/એમએજી/બી.પી.એ./ રજી. ૨૩ / ૯૯.—મુંબઈ પોલીસ, અધિનિયમ,-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આનંદ ડી. બાગુલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી 'દિવાસાનાં' તહેવારને લક્ષમાં લઈ નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સંપુર્ણ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો .—

(ક) શસ્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, છરા, લાકડી લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાવડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવે કરવાની;

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયા લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ના કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

INDEX

આજરોજ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આનંદ ડી. બાગુલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનો હુકમ.

નંબર ડીસી/એમએજી/સીઆરપીસી/૧૪૪/વશી ૪૬૯૯-૪૭૦૯/૯૯.—આગામી ૧૩મી લોકસભાની ચુંટણી વખતે લોકસભાની ચુંટણીઓનું સંચાલન સરળ શાંતીપુર્વક થાય તેમજ ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામાન્ય રીતે જળવાઈ રહે તે માટે ચુંટણીની (પ્રેસ) 'જાહેરાત કરવામાં આવેથી પરવાનાવાળા શસ્રો સાથે રાખવા પ્રતિબંધ મુકવા આદેશ આપેલ છે.

(૧) આથી ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકસભાની ચુંટણી ભય વગર સુમેળભર્યા વાતાવરણમાં થઈ શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે યોગ્ય નિયમન અને તકેદારી રાખવી અતિ આવશ્યક છે. આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવાનું પુરતું અને આવશ્યક કારણ રહેલ છે. તેમજ લોકોની સલામતી જાળવણી તે ખુબજ જરૂરી છે તેવો મારો અભિપ્રાય છે તેથી હું એસ. એલ. નિનામા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મજકુર અધિનિયમની કલમ-૧૪૪ નીચે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે હવે પછી લેખિત પરવાનગી વિના નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ પરવાનાવાળા શસ્રો લઈને જાહેરમાં ફરવું નહી સાથે રાખવા નહીં. લોકોને ભય ઉભો થાય તેવા કોઈ અન્ય શસ્રો સાથે રાખવા નહી પાક રક્ષણ કે જાત રક્ષણ માટે મેળવેલ પરવાનાવાળી વ્યકિત પણ તેઓના પરવાનાવાળું શસ્ર જાહેરમાં પોતાની સાથે રાખી શકશે નહીં તેવું આ જાહેરનામું ફરમાવું છું.

(૨) લોકસભાની ચૂંટણી વખતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં ચૂંટણી દરમ્યાન પાંચ કે તેથી વધુ વ્યકિતઓ એકઠી થાય નહી તેમજ ટાઉનશીપ વિસ્તાર માટે તથા ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તાર માટે મતદાન મથકના ૨૦૦ મીટર વિસ્તાર સિવાયના માટે આ જાહેરનામું ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમમાં નિયત થયેલ જોગવાઈઓ અનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

અનુસૂચિ

ગાંધીનગર શહેર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

આ હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, જિલ્લા પોલીસ અધિકારીશ્રી ગાંધીનગર, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની બનેલ સમિતિ દ્વારા અપાયેલ મંજુરીવાળા વ્યકિતને લાગુ પડશે નહી અને ફરજ ઉપર હાજર રહેનાર કર્મચારી તથા અધિકારીને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી/સિક્કો કર્યો.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક : એમ.એ.જી.-વશી-૩૬૭૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ-

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ઓગષ્ટ, સને ૧૯૯૯નાં દિને મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ.

નંબર પી. ઓ. એલ./ચૂંટણી/૯૯.—લોકસભાની બેઠકોની ચૂંટણી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ યોજાનાર છે.

ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હી તરફથી વાહનોના ઉપયોગ સબંધે આચારસંહિતા બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં ત્રણથી વધુ વાહનો કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, જિલ્લો,આણંદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલા અન્ય કોઈપણ વ્યકિત ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) "વાહનોનો અર્થ" પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્રશકિતથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર આણંદ જિલ્લામાંના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

. આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે :

માત્ર પ્રધાન મંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યકિતઓ જ અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યકિત.

આજ તારીખ ૧૩ માહે ઓગષ્ટ સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) :હેઠળ જાહેર હુકમ

નંબર પલસ/મજસ/વશી/૨૨૬૫.—ભારતના ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી "૧૯૯૯" માં યોજવા જાહેરાત કરેલ છે. આ અંગે ચૂંટણીની જાહેરાતની ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ભારતના ચૂંટણી પંચની આચારસંહિતા અમલમાં છે. જે બાબત લક્ષમાં લેતાં જાહેર શાંતિ અને જાહેર હિત માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (થ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

દાહોદ જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે, જાહેરસભા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રીનાં ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી કરી શકાશે નહીં. તેમજ આ સિવાયનાં સમયગાળા દરમ્યાન સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો અમલ હુકમ થયાની તારીખથી તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૯ સુધી રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨મો) ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ શેરૂલા / વશી ૪૦૩૯/૯૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાનાં "ડી" કંપનીનાં જવાનોનો ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ થી ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હુ આર. જે. માંકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહું ફાયરીગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ થી ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનો.

નં. પલસ/લોકસભા/ચુંટણી/વશી/૪૩૮૧ થી ૪૪૮૧ / ૯૯.—સને ૧૯૯૯ ની લોકસભાની આગામી ચુંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરૂરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું આર. જે. માંકડીયા આધક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત જિલ્લાના અનુસૂચિમાં જણાવેલાં વિસ્તામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે નીચે અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) કોઈપણ વ્યકિતએ—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચાકુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

INDEX

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં. ગીતો ગાવા નહી અથવા વાદ્ય વગાડવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહી તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહી. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ ૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી એ વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ-બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર વિસ્તાર સિવાય)

આ હુકમ કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી.ઓ.એલ/વશી/૩૨૮૪/૯૪/૯૯.—મુંબઈ પોલીસ અધિનયિમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને ળેલસત્તાની રૂએ હું, દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ હાલની કારગીલ ક્ષેત્રની સંરક્ષણની કામગીરી તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિક બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમને ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૩૨૮૪-૯૪/૯૯.—જિલ્લામાં હાલની કારગીલ ક્ષેત્રની સંરક્ષણની કામગીરી તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના સંદર્ભ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં) ની કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર ભેગા થવું નહી.

INDEX

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચો : (૧) સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારી, ગાંધીનગરના પત્ર નંબર : ઈએલસી/૧૩૯૯/૩૨૬૦-છ, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૯, લોકસભા ચુંટણી કાર્યક્રમ-૧૯૯૯.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૧૭ (૩) (બી).

નંબર ૫લસ/હયર/વશી/૧૭૫૨ થી ૧૭૯૨.—આગામી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના માસમાં લોકસભાની સામાન્ય ચુંટણીઓ યોજવા ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. અને ઓકટોબર-૧૯૯૯ માં મતગણતરી થનાર છે. જેથી આ અંગે જિલ્લાના વિધાનસભા મત વિભાગોમાં ઉપરોકત સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે પંચમહાલ જિલ્લામાં પાકરક્ષણ માટે હથિયાર ધારણ કરનાર પરવાનેદારોના હથિયારો તેમજ દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આદેશ કરવો હિતાવહ જણાય છે.

સબબ પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર શાંતિ અને લોકોની સલામતી જળવાઈ રહે તે હેતુસર ભારતના શસ્ત્ર અધિનિયમની કલમ-૧૭ (૩) (બી) ની જોગવાઈ અનુસાર પંચમહાલ જિલ્લાના આ સાથેની યાદી મુજબના પાકરક્ષણ માટેના પરવાનેદારોના હથિયાર પરવાના તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ સુધી મોકુફ (સસપેન્ડ) કરવામાં આવે છે. જેથી પંચમહાલ જિલ્લાના તમામ પાકરક્ષણ માટેના હથિયાર પરવાના ધારણ કરનારાઓએ તેમની હસ્તકના હથિયારો તથા દારૂગોળો તેમને લગતા પોલીસ સ્ટેશનમાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધીમાં અચુક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

આથી જે તે પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીઓએ તેમની તાબામાં આવતા તમામ પાકરક્ષણ માટે ધારણ કરતાં હથિયારો અને દારૂગોળો તાત્કાલિક અસરથી મેળવી પોલીસ સ્ટેશને જમા કરાવી તેમ કર્યાનો રીપોર્ટ કરવા આથી જણાવવામાં આવે છે.

આ હુકમનો અમલ તાકીદે કરવો.

ગોધરા, તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૯.

સંજય પટણી,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, OCTOBER 28, 1999 / KARTIKA 6, 1921 [No. 43

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1004-1022
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	43
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	1091-1102
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C. under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	2683-2800

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી અન્વયે કાઢવામાં આવેલ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૧/૯૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨માં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ તથા મત ગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૩૭/૬/૯૬ પી એલ.એન./૩/૨૨૮૯/તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૬ પેરા ૪-૧માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર સભા પછી ૩ થી વધુ વાહનોના કાફલામાં મોટરકાર વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહી.

INDEX

લોકસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે રહે તો લોકોમાં ભય પેદા થઇ શકે છે. અને ટ્રાફીકને અડચણ ઉભી થઇ શકે છે. વધુમાં ચુંટણી પ્રકીયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો / ગાડીઓ તથા સવાર થઇને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું કે. એન. શર્મા આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) બી થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર / વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

(૧) પોલીસના વાહનોને
(૨) ચુંટણી કામે જતા સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલા વાહનોને

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) ડી એ. અન્વયે કાઢવામાં આવેલ.

ક્રમાંક એસ.બી/જાહેરનામું/૧૯/૯૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૯નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨ માં મતદાનની તારીખ પમી સપ્ટેમ્બર ૧૯૯૯ તેમજ મત ગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ એ બંધારતણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦-ઇ-એલ-૦૦૭-૯૪-જે એચ. ર ૫૩૧૬ તારીખ ર૭ સપ્ટેમ્બર ૧૯૯૯૪ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણો રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમમધમતા રસ્તા શેરીઓ નાકા, જાહેર માલીકોના મકાનો વિગેરે ઉપર વિશાળ, પોસ્ટરો બેનરો રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. અને પ્રદર્શીત કરવામાં આવે છે, એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થા ઓના મકાનો તથા વીજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા બેનર, ધ્રજા, પતાકા ભીતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ડી.એ) થી મળેલ સત્તાની રૂએ હકમ કરૂ છું કે,

(૧)રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો પંચાયતોની પાલીકા ના રસ્તાઓ માર્ગો મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઇપણ રાજકીય પક્ષ અથવા લોકસભા ની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઇ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધીત સરકારી કચેરી, નગરપાલીકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખીત પૂર્વે મંજૂરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઇપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર ધ્રજા, પતાકા બેનર્સ મુકી શકાશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

(૨) ઉપરના ખંડ-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતાં પહેલાં સંબંધીત સરકારી કચેરીના રહેતા અધિકારી અથવા નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચીત રસ્તાઓ માર્ગો સ્થળ અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ કમાનો દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી છે, સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઇ પ્રકારની અવર જવરમાં કોઇ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલીકા, પંચાયતો સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધીત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજૂરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર-૩ અન્વયે કાઢવામાં આવેલ.

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૦/૯૯.—ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી-૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨ માં મતદાનની તારીખ પમી સપ્ટેમ્બર, ૧૯૯૯ તથા મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નકકી

કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગએ બાંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આવેલ આદેશ ક્રમાંક ૩, ૮, ૯૪ જે.એસ.-ાા, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પેટા-૩ (૩) અને ૩ (૫) માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો, ચુંટણી-પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહીં, પરંતુ ટ્રક, ટેમ્પા, કાર, જીપ, ટેકસી વાન. ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબજ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે, તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોએ મહોલ્લાએ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતજો વિદ્યાર્થીઓ ઉપર આવી ખુબજ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે, વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાના શરૂ થઈ જાય છે અને ખુબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે, આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે, વૃધ્ધા, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ઘણીજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબજ હરકત અગવડ અને ત્રાસ, જોખમ અને ભય થાય છે, જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડસ્પીકર બેફામ અને મન્સ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર-૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના કલાક ૦૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધીજ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના કલાક ૦૬-૦૦ વાગ્યા પહેલા રાત્રે કલાક ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે કલાક ૦૬-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે કલાક ૨૨-૦૦ વાગ્યા પછી રક્ષણ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત અધિકારી, સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે, આવી પરવાનગી આપતી વખતે સંબંધિત અધિકારી સત્તાધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતી જોખમાય નહીં, તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાનો રહેશે.

(૩) ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્રારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટેજ પરવાનગી પત્ર (પરમીટ આપવામાં આવે તેવા વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.) મેળવવાનું રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્રારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર, સુરત.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read :—(1) This office Notification No B/8/3/2994/98, dated 3rd December, 1998.
(2) G. A. D. Notification No. GS/99-34/PHD-1099/2786/27/86/GH, dated 17th July, 1999.

Notification

No. B/8/3/1778 of 1999.— The District Judge, Ahmedabad (Rural), at Ahmedabad is pleased to declare Tuesday, September, 14th, 1999 as a Public Holiday on account of "Samvantsari (Chaturthi-- Paksha)" instead of Monday, 13th September, 1999, for all the Civil and Criminal Courts of the Judicial District of Ahmedabad (Rural), as notified in District Court Notification No B/8/3/2994/98, dated 3rd December, 1998.

Ahmedabad, 13th August, 1999.

P. D. GUJARATHI,
District and Sestsions, Judge
Ahmedabad.

BY DISTRICT JUDGE

Notification

No. B-7 (i) / 1104 / 1999.— The following Assistants (Junior Clerks), working in the Judicial Department of Bharuch District have been declared Passed in Higher and Lower Standard Departmental Examinations hald on 5th and 6th July, 1999, in District Court, Bharuch.

INDEX

Their names are arranged in order of merits.

Higher Standard Departmental Examination

1.	Kum. K. M. Vaishnav,	Assistatant	Civil Court, Sr. Dn. Bharuch.
2.	Shri A. M. Saiyed,	"	Civil Court, Sr. Dn., Bharuch.

Out of the Successful Candidates In Higher Standard Departmental Examination, Exemption was Granted in the Paper Shown Against their Names, as under :—

Sr. No. 2. Paper No. I and III.

Lower Standard Departmental Examination

1.	Shri M. A. Sanchawala,	Assistant,	District Court, Bharuch.
2.	Shri B. R. Shah,	"	Civil Court, Sr. Dn., Bharuch.

Out of the Successful Candidates in Lower Standard Departmental Examination, Exemption was Granted in the Paper Shown Against their Name as under :—

Sr. No. 2 Paper No. I, II and III

Bharuch, 18th August, 1999.

V. S. BHATT,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

ક્રમાંક નં. બી-૭(૧) / ૧૧૦૪ / ૧૯૯૯.— ભરૂચ જિલ્લાના ન્યાયાખતાની તારીખ ૫મી અને ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૯ ના રોજ જિલ્લા ન્યાયાધીશ કોર્ટ, ભરૂચમાં લેવામાં આવેલ ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ આસીસ્ટન્ડ (જુનીયર કલાર્ક) ઉતીર્ણ થયેલ છે. તેમની ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલ છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા

અનુ. નંબર	નામ		કચેરીનું નામ
૧	કુમારી કે. એમ. વૈષ્ણવ, આસીસ્ટન્ટ (જુનીયર કલાર્ક)	... ...	સીવીલ કોર્ટ (એસ. ડી.) ભરૂચ.
૨	શ્રી એ. એમ. સૈયદ, આસીન્સેન્ટ (જુનીયર કલાર્ક)	... ...	"

ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોમાંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરને તેમની સામેના પેપરરોમાં મુક્તિ-- આપવામાં આવેલ હતી.

અનુ. નંબર ૨ પેપર નંબર--૧ અને ૩.

નિમ્ન શ્રેણી પરીક્ષા

અનું. નંબર	નામ		કચેરીનું નામ
૧	૨		૩
૧	શ્રી એમ. એ. સંચાવાલા, આસીસ્ટન્ટ (જુનીયર કલાર્ક)	...	જિલ્લા ન્યાયાલય, ભરૂચ.
૨	શ્રી બી. આર. શાહ, આસીસ્ટન્ટ (જુનીયર કલાર્ક)	...	સીવીલ કોર્ટ (સી. ડી.), ભરૂચ.

નિમ્ન શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોમાંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરને તેમની સામેના પેપરોમાં મુક્તિ આપવામાં ચાવેલ હતી.

અનું. નંબર ૨. પેપર નંબર— ૧, ૨ અને ૩.

ભરૂચ, તારીખ ૧૯માં ઓગસ્ટ, ૧૯૯૯.

વિ. એસ. ભટ્ટ,
જિલ્લા ન્યાયાધીશ, ભરૂચ.

———

INDEX

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨માં) ની કલમ -૩૩ (૧) મુજબ.

નંબર ડીએમએજી/૧/બીપીએકટ.—આગામી લોકસભા ચૂંટણી ૧૯૯૯ દરમ્યાન અન્ય રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચાર અર્થે વાહનોનો મહત્તમ ઉપયોગ થશે ઉપરાંત માન્ય રાજકીય પક્ષોના રાષ્ટ્રીય મહાનુભાવો ચુંટણી પ્રચાર અર્થે જિલ્લાના મતદાર વિભાગોની મુલાકાત લેશે. ચુંટણી પ્રચારાર્થે ઉપયોગમાં લેવાનારા વાહનોનો ઉપયોગ ચુંટણી પંચે નકકી કરેલ નિતિ-નિયમો મુજબ થવો જરૂરી છે. આથી તેનું નિયમન કરવું મને જરૂરી જણાયેલ હોઈ, હું પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર સને (૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (૨૨માં) ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે બનાસકાંઠા જિલ્લાના સમગ્ર મહેસુલ વિસ્તારમાં તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૯ થી ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી (બંને દિવસો સહીત) ત્રણથી વધુ વાહનોના બનેલા કાફલા રૂપે વાહનો ફરી શકશે નહી. આથી કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવાર કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા અન્ય વ્યકિત ચુંટણી સમય દરમ્યાન પ્રચાર અર્થે અથવા અન્ય હેતુ માટે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં વાહનો જઈ શકશે નહી.

(૨) આ જાહેરનામાના હેતુ માટે 'વાહનનો ખર્ચ' પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લેવાનું કે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ વાહન તેવો થશે.

આજરોજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

નંબર ડીસીબી/એમએજી/૮/૯૯.—સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના કલોઝ (આર) હેઠળ આ કચેરીના જાહેરનામાં નંબર ડીસીબી/પી.ઓ.એસ/૪૭૦, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૭૨ થી લાઉડ સ્પીકર વગાડવા અંગે લાયસન્સ આપવા અને તેનો નિયંત્રિત ઉપયોગ કરવા અંગેના નિયમો બહાર પાડવામાં આવેલા છે. સદરહું નિયમોના નિયમ-૩ અન્વયે અત્રેની કચેરીના હુકમ નંબર ડીસીબી/એમએજી/૯/૯૫/તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૫ થી સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારો માટે લાઉડ સ્પીકર વગાડવા અંગે લાયસન્સો આપવા અંગે સંબંધિત પોલીસ સ્ટેશનની હદ અનુસાર પોલીસ ઈન્સ્પેકટર અથવા સીનીયર પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીઓને અધિકૃત કરવામાં આવેલ છે.

ઉકત તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૫ના હુકમમાં આંશિક સુધારો કરી જો અરજદાર એક કરતાં વધુ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મેળવવા માંગતા હોય તો, તેવા લાયસન્સ આપવા પેટા વિભાગીય પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે. તદ ઉપરાંત પેટા વિભાગીય પોલીસ અધિકારીશ્રીને તેઓઓશ્રીના કાર્ય વિસ્તારના સમગ્ર વિસ્તાર પુરતી આવી પરવાનગી આપવા અધિકૃત કરવામાં આવે છે

વલસાડ, તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૯.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪/રજી નં. ૩૯/૯૯.—લોકસભાની આગામી દિવસોમાં સામાન્ય ચુંટણી યોજનાર છે તે સમયે જિલ્લાના પ્રજાજનો પોતાની માગણી કે રજુઆત પરત્વે વ્યકિતગત કે સમુહમાં જાહેરમાં ધરણાના કાર્યક્રમો, ઘેરાવોના કાર્યક્રમો અથવા ઉપવાસ ઉપર જવાના કાર્યક્રમો યોજતાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સલામતી ખોરવવાની શકયતા રહે છે આથી જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા આવા કૃત્યો અટકાવવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી અને ઈષ્ટ જણાય છે તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, પંકજ કુમાર, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૯ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી કોઈ વ્યકિતગત અથવા સમુહમાં જાહેરમાં ધરણા ધરવા ઘરાવો કરવા, તેમજ ઉપવાસના કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

પંકજ કુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ડીઓ) અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/૧/૯૯/વ. ૩૮૧૧ થી ૩૯૧૧/૯૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ તેમજ મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૩-૧૦-ઈ-એસ-૦૦૭/૯૪-જે.એસ.-૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ-આઉટ જાહેરાત પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર, રાજકીય અગ્રગણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે, એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વ-

INDEX

રાજયની સંસ્થાઓના મકાન તથા વીજળી અને ટેલિફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર, ધજાપતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે, આને લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે, તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

જેથી હું સંગીતાસિંહ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ડીએ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ / નિગમો પંચાયતોની માલિકીની રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચૂંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ, નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટલ ધજા પતાકા, બેનર્સ મુકી શકાશે નહીં, કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહી,કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહીં.

(૨) ઉપરના ખંડ-૧ માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સબંધિત સરકારી કચેરીના સત્તા અધિકારી અથવા નગર-પાલીકા, પંચાયતો સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટલ ધજા, પતાકા, બેનર્સ, કમાનો દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતા નથી. અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી, અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજૂરી આપવા સબંધિત નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ડીએ) અન્વયે કાઢેલો હુકમ.

નં. ૫લસ/ચૂંટણી /૧/૯૯/વ. ૩૮૧૧ થી ૩૯૧૧/૯૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૧૯૯૯નો કાર્ય-ક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ તેમજ મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક : ૩-૧૦-ઈ-એસ-૦૦૭/૯૪-જે.એસ.-૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરુર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગો-ની બંને બાજુ વાહન વ્યવહારની થી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રગણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મકાન તથા વીજળી અને ટેલિફોન-ના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજાપતાકા, ભીંત-ચિત્રો વિગેરે ઉભા કરે છે. અથવા મુકે છે, આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરુરી કાર્યવાહી કરવાની જરુરી જણાય છે.

જેથી હું સંગીતાસિંહ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ડીએ) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

(૧) સજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો પંચાયતોની માલિકીની રસ્તાઓ, માર્ગો ,મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચૂંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી. નગરપાલીકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ, નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકાર ના કટઆઉટ, જાહેરાત પાટીયા પોસ્ટલ ધજા પતાકા બે નર્સ મુકી શકાશે નહી. કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહી. કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી'.

(૨) ઉપરના અંક-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સબંધિત સરકારી કચેરીના સત્તા અધિકારી અથવા નગરપાલીકા. પંચાયતો. સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટલ ધજા, પતાકા, બેનર્સ, કમાનો દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતા નથી. અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી. અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા સબંધિત નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી આંકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૫મી ઓગષ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (આર) (૩) અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/વશી/૩૯૨૯ થી ૪૦૨૯/૯૯.—ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત રૂરલ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ તથા મત ગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ નકકી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩જી ઓગસ્ટ ૧૯૯૪ જેએસ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના પારા ૩ (૩) અને ૩ (૫) માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરની ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહી પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેકસી તથા ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પછી તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબજ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોએ મહોલ્લાઓ વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબજ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે. અને તે ખુબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે આના પરીણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઉંચાં અવાજથી ખુબજ તકલીફ થાય છે. સામાન્ય પ્રજાને ખુબજ હરકત અગવડ, ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું સંગીતા સિંહ આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે (૧) ચૂંટણી પ્રચારના કોઈ પણ હેતુ માટે કોઈ પણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોના ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ વાગ્યા સુધીજ કરવાનો રહેશે કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને સાંજના ૧૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે સાંજના ૧૧-૦૦ વાગ્યા પછી સ્થળ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીનો અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત સરકારી સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહી તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેના વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેઓ ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ વિગતો લેખિતમાં જાણ કરવાની રહેશે

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાના પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૬ઠી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલો.

નંબર પલસ / વાહનો/વશી/૪૦૯૦ થી ૪૧૯૦/૯૯.— ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૯નો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ તેમજ મતગણતરીની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ સંવિધાનની કલમ-૨૩૪ હેઠળ તેમને મળેલ સત્તાઓની રુએ ક્રમાંક ૪૩૭/૬/૯૬ પી.એલ.એન. /૩/૨૨૮૯ / તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬ થી મળેલ સુચના મુજબ વાહનોની અવર જવર પર નીચેના નિયંત્રણો મુકવામાં અને જરુરી જણાય છે.

જેથી, હું, સંગીતા સિંહ આઈ એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) થી મેળેલી સત્તાની રુએ હુકમ કરું છું કે સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તા પર વાહનોના કાફલા તથા અવર જવર કરવા માટે નીચે મુજબ નિયંત્રણો મુકું છું.

(૧) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા પર નિયંત્રણ મુકું છું. સદર ઉકત ગેરરીતિ બદલ લોક પ્રતિનિધીત્વ, અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૩ હેઠળ રૂા. ૫૦૦-૦૦ સુધી દંડની શિક્ષા થશે.

(૨) (૧) ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે પોતાના ઉપયોગ માટે અલગ મતદાન વિભાગ પુરતું એકજ વાહન વાપરી શકશે.

(૨) ચૂંટણી એજન્ટ, કાર્યકરો તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે સંસદીય વિભાગમાં આવેલ પ્રત્યેક મતદાર વિભાગ દીઠ એક જ વાહન વાપરી શકશે

INDEX

(ક) ઉમેદવાર પોતાના માટે એક જ વાહન ઉપયોગ કરી શકશે.

(ખ) આ પ્રસંગે ઉમેદવાર તેના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરના ઉપયોગ માટે ઉપર દર્શાવેલા પૈકીનું એક જ વાપરી શકશે.

ઉપરોકત નિર્દિષ્ટ વાહનો માટેની પરમીટ નિર્વાચન અધિકારી દ્વારા આપવામાં આવશે ઉમેદવારોએ સંબંધિત અધિકારી પાસે પોતાના વાહનો નોંધવવાના રહેશે. અને તેમની આપેલી પરમીટ પોતાના વાહનોના વિન્ડસ્ક્રીન પર લગાવવાની રહેશે. રાજકીય પક્ષના મંત્રી, કોઈપણ ઉમેદવારના કાર્યકર એજન્ટ અને સમર્થકને આ સિવાયના કોઈપણ વાહનો વાપરવા દેવામાં આવશે નહીં. આ શરત યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા તમામ વાહનોને લાગું પડશે.

(૩) આદેશના ભંગ બદલ તેઓ સામે લોક પ્રાંતનિધીત્વ અધિનિયમ, ૧૯૫૧ તથા ભારતીય દંડ સહિતના પ્રકરણ ૯ (ક) એ બંને હેઠળની જોગવાઈઓ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ આદેશોનો ભંગ કરીને વાપરવામાં આવેલ તમામ વાહનો જપ્ત કરવામાં આવશે.

આમાંથી નીચેના વાહનોને સાચા અને શુધ્ધબુદ્ધિ પૂર્વકના ઉપયોગ હશે તો મુકિત આપવામાં આવે છે.

(૧) અંગત કારણોસર ચૂંટણીમાં ન સંકળાયેલા હોય તેવા ખાનગી વાહનો.

(૨) વાહનો માલિક પોતે અથવા પોતાના પરિવારના સભ્યો માટે વાપરતા ખાનગી વાહન મતદાન મથકથી ૨૦૦ મીટરની હદ બહારના ઉપયોગ માટે.

(૩) આવશ્યક સેવા હોસ્પિટલ વાન, એમ્બ્યુલન્સ, દુધની ગાડી, પાણીના ટેન્કરો, વીજળીની આકસ્મિકતાના સંદર્ભમાં ફરજ બજાવની વાન, ફરજ પરના પોલીસ તથા ચૂંટણી ફરજ પરના અધિકારીઓ દ્વારા વપરાતા વાહનો.

(૪) નિયત કરેલા માર્ગો ઉપર ચાલતી બસો જેવા જાહેર પરિવહનના વાહનો.

(૫) અનિવાર્ય મુસાફરી જેવી કે હવાઈ મથકો, રેલ્વે મથકો આંતર રાજ્ય બસ મથકો સુધી જવા માટે વપરાતા ટેકસી, ત્રણ પૈડાના સ્કુટર રીક્ષા જેવા વાહનો.

(૬) માંદી અને અપંગ વ્યકિત દ્વારા પોતાના અંગત ઉપયોગ માટે વપરાતા ખાનગી વાહનો.

(૪) ભય ઉભી થાય તેવી રીતે એજન્ટો તથા પક્ષના નેતાઓ ટેકેદારો ઉમેદવારના મતદાર વિભાગની અંદર ટેકેદારોને લાવવા લઈ જવાનો ઉપયોગ તથા ખાનગી વાહનો મતદારોમાં ભયની લાગણી જન્માવવા માટે બાહુબળ ધરાવતા અસામાજિક તત્વોને ખુલ્લે આમ લઈ જાય લાગે છે. આવા વાહનોમાં ગેરકાયદેસર શસ્ત્રો તથા દારુગોળાનો દાણચોરી પણ કરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓના ઉપયોગમાં વપરાતા ખાનગી વાહનો પર પ્રતિબંધ મુકું છું અને જો ઉપયોગ થશે તો વાહનોનો કબજો લઈ ફોજદારી રાહે-કાર્યવાહી થશે.

(૫) તમામ વાહનની ચકાસણી ગમે ત્યારે ગમે તે સ્થળે ગમે તે જગ્યાએ ચૂંટણી ફરજ પરના અધિકારી તથા પોલીસ ખાતા તરફથી રોકી શકાશે અને ચકાસણી થઈ શકશે.

(૬) અંગત વપરાશ માટેના ઓથા હેઠળ કોઈપણ વાહનનો દુરુપયોગ થતો જણાશે, ચૂંટણીમાં દખલગીરી જણાશે તો વાહન કબજે કરવામાં આવશે.

આ હુકમ તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ઓગસ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/જાહેરનામું/૪૨૯૮ થી ૪૩૭૮/૯૯.—ભારતના નિર્વાચીન આયોગ દ્વારા ભારત દેશની લોકસભા સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૯ નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગ ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/૯૬/એલએન્ડઓ/પીએલએન-૧/ તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ના પેરા નંબર-૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

(૨) લોકસભાની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણીઓ દરમ્યાન કોઈ હિંસક બનાવો ન બને તથા મુકત અને ન્યાયી ચૂંટણીઓ થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

(૩) જયારે હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને બગાડના કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેર કાયદેસર રીતે થઇ શકે તે માટે સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂર જણાય છે. સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલીક જરૂર જણાય છે. તેમજ સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલા હોય તેવા હથિયારોનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ન કરી શકે તેનો પણ ઉપાય કરવાની મને તાત્કાલીક જરૂર જણાય છે.

અને જેથી હું સંગીતા સિંહ (આઇ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે —

(૧) સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોઇ પણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઇ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

(૨) સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર બાહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

અપવા.દ :

આ હુકમની પેરા નંબર-૪(૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(૨) રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્નમેન્ટ તેમજ રાંજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચુંટણીનો સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નંબર ૪માં જણાવ્યા મુજબ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૨) હેઠળ હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક : પીઓએલ/જા૫૮૩/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (મુંબઈનો ૨૨મો) ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧)ના ખંડ થ, દ અને લ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સુરત એ તારીખ ૨૨મી મે ૧૯૮૯ નાં રોજ સભા-સરઘસ કાઢવા માટેનાં જરુરી નિયમો કરેલાં છે. જેની આખરી પ્રસિધ્ધિ ગુજરાત સરકારનાં સેન્ટ્રલ ગેઝેટમાં ભાગ-૧માં (સપ્લીમેન્ટરી) ઉપર તારીખ ૨૭મી જૂલાઈ ૧૯૮૯નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબ ઉકત નિયમોમાં જરુરી સુધારો કરવાનું યોગ્ય જણાતાં હું શ્રીમતી સંગીતાસિંહ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત અમોને મળેલ સત્તાની રુએ અધિકૃત અધિકારીઓની સુચિમાં નીચે મુજબનો સુધારો કરી જે તે મહેસુલ ક્ષેત્ર વિસ્તાર માટે સંબંધિત સબ ડીવીઝનલ-મેજિસ્ટ્રેટશ્રી તથા તાલુકાનાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને કોલમ-૩ માં જણાવેલ વિસ્તારો માટે અધિકૃત કરું છું

અ.નં.	અધિકારીનો હોદ્દો	જે વિસ્તાર માટે અધિકૃત કરવામાં આવેલ છે તે વિસ્તાર
૧	૨	૩
૧.	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ચોર્યાસી	૧. પલસાણા ટાઉન ૨. કડોદરા
૨.	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ઓલપાડ	૧. ઓલપાડ ટાઉન, તા. ઓલપાડ ૨. સાયણ ટાઉન ૩. કીમ ૪. માંડવી ટાઉન તા. માંડવી ૫. બોધાન તા. માંડવી ૬. તડકેશ્વર તા. માંડવી ૭. અરેઠ તા. માંડવી ૮. માંગરોળ ટાઉન તા. માંગરોળ ૯. મોસાલી ટાઉન તા. માંગરોળ ૧૦. કોસંબા ટાઉન તા. માંગરોળ ૧૧. ઝંખવાવ ટાઉન તા. માંગરોળ ૧૨. કામરેજ ટાઉન તા. કામરેજ ૧૩. કઠોર ટાઉન તા. કામરેજ
૩.	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વ્યારા	૧. વ્યારા ટાઉન તા વ્યારા ૨. વાલોડ ટાઉન તા. વાલોડ ૩. બહારી ટાઉન તા. વાલોડ ૪. બારડોલી ટાઉન તા. બારડોલી ૫. મઢી ટાઉન તા. બારડોલી ૬. કડોદ ટાઉન તા. બારડોલી ૭. મહુવા ટાઉન તા મહુવા ૮. કરચેલીયા ટાઉન. તા. મહુવા ૯. સોનગઢ ટાઉન તા. સોનગઢ ૧૦. ઉકાઈ ટાઉન તા. સોનગઢ ૧૧. ઉચ્છલ ટાઉન તા. ઉચ્છલ ૧૨. નિઝર ટાઉન તા. નિઝર
૪.	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, પલસાણા	પલાસણા ટાઉન, કડોદર સિવાય પલસાણા તાલુકાનો સમગ્ર વિસ્તાર
૫.	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ઓલપાડ	ઓલપાડ ટાઉન, સાયણ ટાઉન, કીમ સિવાય ઓલપાડ તાલુકાનો

૧	૨	૩
૬.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, માંડવી	માંડવી ટાઉન, બૌધાન થડકેશ્વર, અરેઠ સિવાય માંડવી તાલુકાનો સમગ્ર વિસ્તાર
૭.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, માંગરોળ	માંગરોળ ટાઉન, મોસાલી ટાઉન, કોસંબા ટાઉન, ઝખવાવ ટાઉન સિવાય માંગરોળ તાલુકાનો સમગ્ર વિસ્તાર
૮.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજ	કામરેજ ટાઉન, કઠોર ટાઉન સિવાય કામરેજ તાલુકાનો સમગ્ર વિસ્તાર
૯.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, વ્યારા	વ્યારા ટાઉન સિવાય વ્યારા તાલુકા નો સમગ્ર વિસ્તાર
૧૦.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, વાલોડ	વાલોડ ટાઉન, બહારી ટાઉન સિવાય વાલોડ તાલુકાનો સમગ્ર વિસ્તાર
૧૧.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, બારડોલી	બારડોલી ટાઉન, મઢી ટાઉન, કડોદ ટાઉન, સિવાય બારડોલી તાલુકા નો સમગ્ર વિસ્તાર
૧૨.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, મહુવા	મહુવા ટાઉન, કરચેલીયા ટાઉન સિવાય મહુવા તાલુકાનો સમગ્ર વિસ્તાર
૧૩.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, સોનગઢ	સોનગઢ ટાઉન, ઉકાઇ ટાઉન સિવાય સોનગઢ તાલુકાનો સમગ્ર વિસ્તાર
૧૪.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ઉચ્છલ	ઉચ્છલ ટાઉન સિવાય ઉચ્છલ તાલુકાનો સમગ્ર વિસ્તાર
૧૫.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, નિઝર	નિઝર તાલુકા સિવાયનો નિઝર તાલુકાનો સમગ્ર વિસ્તાર
૧૬.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ઉમરપાડા	ઉમરપાડા તથા ઉમરપાડા તાલુકાનો સમગ્ર વિસ્તાર

ઉપરોકત અનુસુચિ મુજબ તાલુકાનાં એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સભા સરઘસ સુરત (ગ્રામ્ય) જિલ્લા વિસ્તારનાં નિયમન અને વ્યવસ્થા સુધારો નિયમો-૧૯૮૯ મુજબ જરૂરી પરવાનગી આપવાની રહે છે. અનુસુચિમાં જે સુધારો કરવામાં આવેલ છે તે સિવાય ૧૯૮૯નાં ઉપરોકત નિયમોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

સુરત, તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૯

સંગીતા સિંહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૩) (ઘ) (ખ)

નંબર ડીસીબી/એમએજી/રજી/૪૦/૯૯ :—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ ૨૨ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી બી રહેવર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ચુંટણીની આચારસંહિતા અને નિર્વાચન આયોગની તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૯ ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે મુકત અને ન્યાયી લોકસભાની ચુંટણી માટે જાહેર હિતમાં વલસાડ જીલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિત, સંસ્થા મંડળી કે રાજકીય પક્ષ બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ કે તથા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના ભાવી ઉમેદવારોને તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બંન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વિગેરે કોઇપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહી અટલે કે સરકાર, મ્યુનીસીપાલીટી કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહી

(બ) જો કટ આઉટ/હોડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઇએ.

૧ હોડીંગ્સની સાઇઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહી

૨. કટ આઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહી

૩. રાજકીય પક્ષ/ ઉમેદવારે ખાનગી જગ્યામાં કટ આઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે મુકયાં હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઇએ. આ મંજુરી જીલ્લા ચુંટણી અધિકારી. ચુંટણી /અધિકારી પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે કોઇ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જીલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે

૫. આ અંગેના ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ કટઆઉટ, વિગેરે મુકેલ હોય તદનુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાની રહેશે.

૬. ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ, વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઇએ.

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૩)(ઘ) (ખ) જોગવાઇનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સીકકો કરી આપવામાં આવ્યો છે

ડી. બી. રહેવર.
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧)(૨).

નંબર : પલસ/લોકસભા/ચુંટણી/વશી ૩૫૯૭ થી ૩૬૮૨ / ૯૯.—સને ૧૯૯૯ ની લોકસભાની આગામી ચૂંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરૂરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭(૧)(૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું આર. જે. માંકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત જિલ્લાના અનુસૂચિમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે, નીચે અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યકિતએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર. ધોકા, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચાકુ, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા

(ગો.) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી. ગીતો ગાવા નહીં અથવા વાદ્ય વગાડવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ-૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી કે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ) સુરતે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર વિસ્તાર (સિવાય)

આ હુકમ કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મે. આજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૯ નાં રોજમારી સહી સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/લોકસભા/ચૂંટણી/વશી ૩૬૮૩ થી ૩૭૬૮/૯૯.—સુરત જિલ્લામાં સને ૧૯૯૯ ની લોકસભા સામાન્ય ચુંટણીના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે હું, આર. જે. માંકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાલીસ કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચાલીસથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :—

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૨. તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમ ચુંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રિત થયેલ મતદારોને લાગુ પડશે નહી.

(૪) ચૂંટણીના લોકસભા ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૩(૧)(બી) સાથે ૩૩(૬) મુજબ કાઢેલું

નંબર : પલસ/રેલ્વે/સમારકામ/વ. ૪૬૬૦/૯૯.—સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાનાં કીમ ગામે આવેલ રેલ્વે ફાટક નં. ૧૫૮-બી નું સમારકામ સ્વીપર બદલવાની કામગીરી તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૯ થી ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી ત્રણ દિવસ રાત્રીનાં ૨૦-૦૦ કલાકમાં સવારનાં ૮-૦૦ કલાક સુધી કરવાની હોવાથી સદરહું રસ્તો તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રાખવાનું જરૂરી છે.

INDEX

જે અર્થે હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ ની બાબત "બી" સાથે કલમ-૩૩ ની પેટા કલમ (૬)થી મને મળેલાં અધિકારની રૂએ સુરત જિલ્લામાં ઓલપાડ તાલુકાનાં કીમ ગામે રેલ્વે ફાટક નં, ૧૫૮ નાં રસ્તાને વાહન વ્યવહાર માટે તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૯ થી થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯ સુધી રાત્રીનાં ૨૦-૦૦ કલાકથી સવારનાં ૮-૦૦ કલાક સુધી બંધ રાખવાનું ઠરાવું છું.

(૧) આ હુકમનો અમલ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૯ થી ૨૨ મી ઓગષ્ટ, ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાં) દરમ્યાન રાત્રીનાં ૨૦-૦૦ કલાકથી સવારનાં ૮-૦૦ કલાક સુધી કરવાનો રહેશે.

(૨) વિકલ્પ તરીકે આ સમય દરમ્યાન સુરત ઓલપાડથી કીમ તરફ જતો ટ્રાફીક વડોલી વાંકળ-હાંસોટ તરફ તથા કીમ ચાર રસ્તાથી કીમ તરફ આવતો ટ્રાફીક કીમ ચાર રસ્તાથી કઠોર, સાયણ થઈ ઓલપાડ જવા વાહનવ્યવહાર થઈ શકશે.

(૩) સદરહું સમય દરમ્યાન વાહન વ્યવહાર નિયમન અંગે જરૂરી બંદોબસ્ત જિલ્લા પોલીસ વડાશ્રી સુરત(રૂરલ) સુરતે કરવાનો રહેશે.

(૪) ઉપરોકત માર્ગ ઉપર પણ જરૂર જણાય તે સ્થળોએ જરૂરી લખાણવાળા બોર્ડ જાહેર જનતાને સરળતાથી દેખી શકાય તે રીતે કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) વિભાગ નં. ૨, સુરતનાએ મુકવાનો રહેશે.

આજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા.

જાહેરનામું.

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬

નંબર ઉમકવ/એજીવી/કયુએલ/ખણક/જાહેરનામું/૫૬૩૨ :—આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૧૯૬૬ના નિયમ ૧૧ અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારોમાંથી ક્વોરીલીઝ કેન્સલ કરેલ, સરન્ડર કરાયેલ અને લીઝની મુદત પુરી થયેલ હોય તેમજ કવેવોરીલીઝ મંજુર થયેલ અને કરારખત ન કરાવતાં રીવોક કરવામાં આવેલ હોય તેવી નીચે જણાવેલ લીઝોની લીઝ વિસ્તારો ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) સી મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેતું હોય હું કલેકટર અને સક્ષમ અધિકારી, વડોદરાને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારો ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામાં પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદના સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરૂ છું નિયત સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	અરજદારનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર હેકટરમાં	ખનિજ
૧	૨	૩	૪	૫	૬	૭
૧	શ્રી કાર્યપાલક ઈજનેર	તટવા	શિનોર	૧૩૪ તળાવ	૯ ૦૭ ૩૩	સાદી માટી
૨	શ્રી કાર્યપાલક ઈજનેર	કંબોલા	કરજણ	બ્લોક નંબર ૯૭૨	૫ ૫૬ ૫૨	,,
૩	શ્રી કાર્યપાલક ઈજનેર	હરેશ્વર	સંખેડા	બ્લોક નંબર ૬૬	૧ ૧૧ ૧૯	,,
૪	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	કડકુઈ	વડોદરા	બ્લોક નંબર ૧૬૯	૦ ૮૦ ૯૪	,,
૫	શ્રી કાર્યપાલક ઈજનેર	સણોલી	સંખેડા	બ્લોક નંબર ૨	૧ ૫૫ ૮૦	,,
૬	શ્રી કાર્યપાલક ઈજનેર	પીપલસટ	સંખેડા	સર્વે નંબર ૩૪૯	૧ ૦૪ ૩૫	,,
૭	શ્રી કાર્યપાલક ઈજનેર	રેનીયા	નસવાડી	સર્વે નંબર ૨૧	૩ ૮૧ ૦૦	,,
૮	શ્રી કાર્યપાલક ઈજનેર	ગોત્રી	વડોદરા	સર્વે નંબર ૯૩૩/૧પૈકી	૦ ૫૪ ૭૦	,,
૯	શ્રી કાર્યપાલક ઈજનેર	ટીંબરવા	શિનોર	બ્લોક નંબર ૧	૧૨ ૯૭ ૩૮	,,
૧૦	શ્રી કાર્યપાલક ઈજનેર	કાંડા	સંખેડા	બ્લોક નંબર ૮	૧ ૦૭ ૨૪	,,
૧૧	શ્રી કાર્યપાલક ઈજનેર	બારોટ્ટાર	ડભોઈ		૨ ૫૯ ૨૪	,,
૧૨	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	મોભા	પાદરા	બ્લોક નંબર ૧૧૧૫	૧ ૯૧ ૪૫	,,
૧૩	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	મોભા	પાદરા	બ્લોક નંબર ૧૬૪૪	૧ ૬૬ ૪૮	સાદી માટી
૧૪	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	મોભા	પાદરા	બ્લોક નંબર ૧૨૦૦	૨ ૪૨ ૫૯	,,
૧૫	શ્રી કાર્યપાલક ઈજનેર	વિશ્રામપુરા	પાદરા	બ્લોક નંબર ૨૬૧	૦ ૮૪ ૪૬	,,
૧૬	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	વિશ્રામપુરા	પાદરા	બ્લોક નંબર ૨૮૧	૦ ૮૪ ૪૩	,,
૧૭	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	ધાયજ	પાદરા	સર્વે નંબર ૫૦	૦ ૮૩ ૨૪	,,
૧૮	શ્રી કાર્યપાલક ઈજનેર	વડજ	ડભોઈ	બ્લોક નંબર ૮૯૧	૧૨ ૩૬ ૭૩	,,

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૧૯	શ્રી કાર્યપાલક ઈજનેર	સેવાસી	વડોદરા	બ્લોક નંબર ૯/અ ૨૭૦/૧	૦૦ ૦૫ ૦૬	સા. માટી
૨૦	શ્રી કાર્યપાલક ઈજનેર	કાવીઠા	સંખેડા	સર્વે નંબર ૪૩૬	૩ ૧૬ ૩૨	,,
૨૧	શ્રી કાર્યપાલક ઈજનેર	હરેશ્વર	સંખેડા	સર્વે નંબર ૧૪૮	૨ ૧૮ ૫૩	,,
૨૨	શ્રી કાર્યપાલક ઈજનેર	હરેશ્વર	સંખેડા	સર્વે નંબર ૧૦૯	૫ ૭૮ ૭૦	,,
૨૩	શ્રી કાર્યપાલક ઈજનેર	સૂર્યા	સંખેડા	સર્વે નંબર ૪૨	૧ ૦૮ ૨૫	,,
૨૪	શ્રી કાર્યપાલક ઈજનેર	બાલપુરા	નસવાડી	સર્વે નંબર ૫૬	૧ ૩૪ ૯૮	,,
૨૫	શ્રી કાર્યપાલ ઈજનેર	સોખડાખુર્દ	પાદરા	સર્વે નંબર ૩૬૪	૦ ૯૯ ૮૯	,,
૨૬	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	અંગુઠણ	ડભોઈ	બ્લોક નંબર ૧૮૬૯	૨ ૦૯ ૨૮	,,
૨૭	શ્રી કાર્યપાલક ઈજનેર	ફાંટા	સંખેડા	સર્વે નંબર ૭૦	૩ ૦૦ ૪૮	,,
૨૮	શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર	પોરટીંબી	વાઘોડીયા	સર્વે નંબર ૧૦૦ પૈ.	૪ ૫૦ ૦૦	,,
૨૯	શ્રી કાર્યપાલક ઈજનેર	સેવાસી	વડોદરા	સર્વે નંબર ૧૦૩	૦ ૬૫ ૭૬	,,
૩૦	શ્રી કાર્યપાલક ઈજનેર	ભાયલી	વડોદરા	સર્વે નંબર ૨૨૪	૧ ૨૯ ૪૪	,,
૩૧	શ્રી સમસુદ્દીન ઈબ્રાહીમ દિવાન	સૈડી વાસણા	છોટાઉદેપુર	સર્વે નંબર ૨૪૪	૧ ૦૦ ૦૦	કલર લાઈમ સ્ટોન
૩૨	શ્રી અરવિંદભાઈ ભુલાભાઈ પટેલ	વરસડા	સાવલી	૧૩૪ની સામે મહી નદી પટ્ટ પૈકી.	૦ ૫૩ ૦૦	બ્લેક ટ્રેપ
૩૩	શ્રી જયંતિલાલ જીવણલાલ પટેલ	ખેરવાડી	વાઘોડીયા	૯૨પૈકી	૧ ૦૦ ૦૦	ક્વાર્ટ્ઝાઈટ
૩૪	શ્રી રાજેન્દ્રકુમાર કાંતીલાલ	અજબપુરા	સાવલી	૨૧૫/૧, ૨, ૩, ૪, ૫, ૨૧૭, ૨૪૫, ૨૪૬ને લાગુ કરડ નદી પટ પૈકી	૩. ૦૦ ૦૦	બ્લૅક ટ્રેપ

વડોદરા, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૯.

અનીલ મુકીમ,
કલેક્ટર, વડોદરા.

નાયબ ખેતી નિયામક (જ. સં.) અને સચિવ જિલ્લા જમીન સુધારણા મંડળ દ્વારા

જાહેરાત

જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૯ (૨) મુજબ યોજનાની પ્રસિદ્ધિ.

નંબર : તાંત્રિક / ચ-૨ / મું.જ.સુ.યો. / ચી-૧૫૮ / ૩૭૫૨-૫૬.—આથી નોટીસ આપવામાં આવે છે કે (૧) જમીનની જાળવણી અને સુધારણા, (૨) જમીનનું ધોવાણ અટકાવવા, (૩) પાણી-પુરવઠાની સુધારણા, (૪) સુકી ખેતી પધ્ધતિઓ દાખલ કરવા, (૫) ખેતીની પધ્ધતિઓમાં સુધારણા કરવા, (૬) ખરાબાની અને પડતર જમીનનું ખેડાણ કરવા, (૭) જેને લીધે ખેડાણ હાનીકારક રીતે અસર થવાની કે ખેડાણમાં દખલ ઉભી થવાનો સંભવ હોય તેવા હરિયાળી અગર બીજા જાતના નિંદણ કે વનસ્પતિને નિર્મુળ કરવા અંગે જોગવાઈ કરતી યોજનાઓને નીચે જણાવેલી જમીન માટેના જે ખાના નં. ૨, ૩ અને ૪માં બતાવેલ ગામો, તાલુકાઓ અને જિલ્લામાં આવેલી છે. તેને ૧૯૫૮ના મુંબઈ જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમની કલમ (૧) મુજબ મંડળે મંજુર કરી છે.

મંડળે સદરહુ અધિનિયમની કલમ-૧૧ (૧) મુજબ ચીખલી મદદનીશ ખેતી નિયામક (જમીન સંરક્ષણ) ની યોજનાના કામ માટે નિમણુક કરી છે.

પત્રક

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૧) (૨) સંયુકત ચીખલી-૧૫૮ શીડ્યુલ પત્રક વોટર કોર્સ યોજના :

અનુ. નંબર	ગામનું નામ તથા ઘટક નંબર	તાલુકો	સર્વે નંબર અને જમીનનું વર્ણન તથા ક્ષેત્રફળ		અમલ કરનાર અધિકારી
			ક્ષેત્રફળ	સર્વે નંબર	
૧	૨	૩	૪	૫	૬
૧	દોલધા ચક નંબર-૧	વાંસદા	૬૮—૯૮	૧ થી ૯, ૫૮ થી ૨૨૪, ૨૩૭ થી ૨૩૯, ૨૫૪ થી ૨૬૩, ૩૮૦ થી ૪૪૨.	મદદનીશ ખેતી નિયામક, ચીખલી જિલ્લો : વલસાડ.
૨	,, ચક નંબર-૨	,,	૧૭—૯૦	૩૧૬ થી ૩૨૩, ૩૨૫ થી ૩૨૯, ૩૩૩ થી ૩૩૭, ૩૭૧ થી ૩૭૩, ૩૭૫ થી ૩૮૧.	

INDEX

૧	૨	૩	૪	૫	૬
૩	ચાંપલધરા ચક નંબર-૩	વાંસદા	૩૭-૭૩	૧૭૬૮ થી ૧૭૭૪, ૧૭૮૧ થી ૫૯૬, ૩૩૮ થી ૩૪૦, ૩૫૬ થી ૩૭૬.	મદદનીશ ખેતી નિયામક ચિખલી જિલ્લો વલસાડ
૪	દોલધા ચક નંબર-૪	"	૪૧-૪૯	૨૦૫, ૨૨૪ થી ૨૩૬, ૨૪૧ થી ૨૫૩, ૨૬૮ થી ૨૭૭, ૨૮૨ થી ૨૯૦, ૨૯૩ થી ૩૧૪, ૩૩૪ થી ૩૫૬, ૩૭૪.	
૫	ચાંપલધરા ચક નંબર-૫	"	૩૫-૭૮	૧૭૯૮, ૧૮૦૦ થી ૧૮૨૪, ૧૮૩૪ થી ૧૮૫૪, ૧૭૬૬, ૧૭૬૯.	"
૬	દોલધા/રાજપુર/ચક-૬	"	૪૫-૮૬	૧ થી ૫૫, ૧૬૦, ૧૬૩, ૧૭૫ થી ૧૯૩, ૨૬૪ થી ૨૬૯, ૨૮૧ થી ૨૮૨, ૨૯૦ થી ૨૯૨, ૩૦૨, ૧૮૩૮	"
		કુલ ...	૨૪૭-૭૪		

વલસાડ, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯.

જાહેરાત

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) મુજબની યોજનાની પ્રસિધ્ધિ.

જાવક નંબર તાંત્રિક/કે.ચે./ડ્રેન-૯૩/મુ.જ.સુ.યો./૩૭૫૭-૬૧.—આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેના પત્રકનાં ખાના નં. ૪માં દર્શાવેલ સ્થળો અને ખાના નં. ૨માં અને ૩માં બતાવ્યા મુજબની સુરત જિલ્લાનાં તાલુકાઓનાં ગામોમાં આવેલી જમીનનાં પિયત પધ્ધતિ માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાઓની વલસાડ જિલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૧) મંજુરી આપી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહુ અધિનિયમની કલમ-૧૧ (૧) મુજબ નિમણુંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની, કલમ-૯ (૨) ની દરખાસ્ત ડ્રેન-૯૩.

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ઉગત ડી. આર. સબ માઈનોર નવસારી બ્રાન્ચ.	નવસારી	૭૪૫ થી ૭૫૪, ૭૬૯ થી ૭૮૪, અને ૭૩૮	૧૫ ૩૯ ૭૬	ઢાળિયા કામ	ના. કા. ઈ.શ્રી ડ્રે. પે. વિ. નવસારી.
૨	" ઈ એજન	"	૭૫૫ થી ૭૬૭ અને ૭૭૮, ૭૭૯, ૭૭૧.	૧૭ ૧૮ ૬૨	"	"
૩	નવાપરા એલ એજન	"	૨૪, ૨૫, ૨૭, ૫૩, અને ૬૩ થી ૭૫.	૧૯ ૫૨ ૫૬	"	"
૪	" ટેઈલ એજન	"	૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૭૪, ૭૮, ૮૯, ૮૨, ૮૧, ૮૦.	૧૪ ૦૦ ૮૫	"	"

વલસાડ, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯.

જાહેરાત

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) મુજબની યોજનાની પ્રસિધ્ધિ,

જાવક નંબર તાંત્રિક-ચ-૨/મુ. જ. સુ. યો./ડ્રેન-૧૧૯/૩૭૬૨-૬૬.—આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેનાં પત્રકનાં ખાના નં. ૪માં દર્શાવેલ સ્થળો અને ખાના નં. ૨ માં અને ૩ માં બતાવ્યા મુજબની સુરત જિલ્લાનાં તાલુકાઓનાં ગામોમાં આવેલી જમીનમાં પિયત પધ્ધતિ માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાઓની વલસાડ જિલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૧) મંજુરી આપી છે.

INDEX

કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહુ અધિનિયમની કલમ-૧૧ (૧) મુજબ નિમણૂંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) ની દરખાસ્ત ડ્રેન-૧૧૯ :

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકા	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી
૧	ઉગત—જી-૧ ૨ આર.એસ.પી./૩ સ. ખ. મા.	નવસારી	૪૪૫, ૪૪૦, ૪૪૬, ૫૪૯, ૫૫૦, ૫૫૨, ૫૫૧, ૫૫૩	૧૧ ૨૬ ૦૪	ઢાળિયા યોજના	નાયબ કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ પે. વિ. નવસારી.
૨	સીંગોદ+અંબાડા ૨ એલ. ડી.-૧ વલસાડ માઈનોર.	"	સીંગોદ ૮૭ થી ૯૫ ૧૧૦ થી ૧૧૪ અંબાડા ૬૦૭, ૬૦૮	૧૩ ૮૬ ૦૬	"	"

વલસાડ, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯.

જાહેરાત

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) મુજબની યોજનાની પ્રસિધ્ધિ.

જાવક નંબર તાંત્રિક/ચિ-૨/ડ્રેન-૯૨ / મુ.જ.સુ.યો. / ૩૭૬૭-૭૧.—આથી નોટીસ આપવામાં આવે છે કે, નીચેનાં પત્રકનાં ખાના નં. ૪ માં દર્શાવેલ સ્થળો અને ખાના નં. ૨ માં અને ૩ માં બતાવ્યા મુજબની સુરત જિલ્લાનાં તાલુકાઓના ગામોમાં આવેલી જમીનમાં પિયત પધ્ધતિ માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાઓની વલસાડ જિલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯ (૧) મંજુરી આપી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહું અધિનિયમની કલમ-૧૧ (૧) મુજબ નિમણૂંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) ની દરખાસ્ત ડ્રેન-૯૨ :

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી
૧	મહુડી—બી મહુડી માયનોર	નવસારી	૭૧ થી ૭૫, ૭૯, ૮૯, ૯૧ થી ૧૦૧, ૧૮૮	૧૮ ૨૪ ૦૨	ઢાળિયા યોજના	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રે. પે. વિ. નવસારી.
૨	મહુડી—સી "	"	૧૧૨ થી ૧૧૩, ૧૮૦ થી ૧૮૬	૧૨ ૯૮ ૦૬	"	"
૩	મહુડી—ડી "	"	૧૧૪ થી ૧૪૨, ૧૫૩, ૧૫૪, ૧૭૯, ૧૮૧,- ૧૮૨, ૧૯૦, ૧૪૬, ૧૯૭ થી ૨૪૧.	૧૩ ૮૧ ૦૧	"	"
૪	મહુડી—ઈ "	"	૧૪૩, ૧૫૦ થી ૧૫૨, ૧૫૫ થી ૧૫૯, ૧૬૬ થી ૧૭૧, ૧૭૬, ૧૭૭, ૧૭૮.	૭ ૮૪ ૦૯	"	"
૫	મહુડી—એફ "	"	૨૦૨ પી. થી ૨૧૨ પી, ૨૪૬, ૨૪૭, ૨૮૫, ૨૩૮ પી, ૨૫૩.	૭ ૩૫ ૫૯	"	"

INDEX

૧	૨	૩	૪	૨	૬	૭
૬	મહુડી—જી	મહુડી માયનોર	,,	૨૦૨ પી થી ૨૧૨ પી, ૨૧૩ થી ૨૨૨, ૨૩૮ પી, ૨૪૧ થી ૨૪૪.	૧૧ ૪૮ ૨૯	ઢાળીયા યોજના	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રે.પે.વિ. નવસારી.
૭	મહુડી—એચ	,,	,,	૨૭૫ થી ૨૮૫.	૯ ૦૧ ૪૬	,,	,,
					૮૦ ૬૫ ૫૨		

વલસાડ, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯.

જાહેરાત

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) મુજબની યોજનાની પ્રસિધ્ધિ :

જાવક નંબર : તાંત્રિક/ચ-૨/ડ્રેન-૧૦૧ / મુ.જ.સુ.યો. / ૩૭૭૨-૭૬.—આથી નોટીશ આપવામાં આવે છે કે નીચેના પત્રકનાં ખાના નં. ૪ માં દર્શાવેલ સ્થળો અને ખાના નં. ૨માં અને ૩માં બતાવ્યા મુજબ સુરત જિલ્લાનાં તાલુકાઓનાં ગામોમાં આવેલી જમીનમાં પિયત પધ્ધતિ માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાઓની વલસાડ જિલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૧) મંજુરી આપી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહું અધિનિયમની કલમ-૧૧ (૧) મુજબ નિમણુંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) ની દરખાસ્ત ડ્રેન-૧૦૧ :

અનુ. ક્રનંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકા	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી
૧	લવાછા ૩ એલ-૧૫ ૩ એલ. સબ માઈનોર	પારડી	૧૨, ૨૪, ૨૫, ૨૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૭, ૯૮.	૧૭-૮૫-૬૦	ઢાળિયા કામ	ના. કા, ઈ.શ્રી, ડ્રે. પે. વિ. નવસારી.

વલસાડ, તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૯.

જાહેરાત.

મુંબઈ જમીનસુધારણા યોજના અધિનિયમની કલમ ૯/૨ મુજબની યોજનાની પ્રસિધ્ધી.

જા. નં. તાંત્રીક/ચ. ફ.ક્રિન-૧૧૩/મુ.જ. સુ. યો./૩૭૭૭-૮૧ :—આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેનાં પત્રકનાં ખાના નંબર ૪માં દર્શાવેલ સ્થળો અને ખાના નંબર ૨ અને ૩માં બતાવ્યા મુજબની સુરત જિલ્લાના તાલુકાઓનાં ગામોમાં આવેલી જમીનમાં પિયત પધ્ધતી માટે ઢાળીયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાની વલસાડ જીલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯/૧ મંજુરી આપી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહું અધિનિયમની કલમ ૧૧/૧ મુજબ નિમણુંક કરવામાં આવેલી છે

INDEX

શીડ્યુલ પત્રક-ક

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ-૯ (૨) ની દરખાસ્ત.

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી.
૧	મહુડી એફ. એડીશનલ મહુડી માઈનોર.	નવસારી	૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૪૭/૫-ક ૨૪૮, ૨૪૯, ૨૫૧/ ૫-ક	૫-૨-૭૫	ઢાળિયા કામ	ના. કા. ઈ. શ્રી. ડ્રે.પે.વિ. વિભાગ નવસારી.

વલસાડ, તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯.

જાહેરાત

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯/૨ મુજબની યોજનાની પ્રસીધ્ધી.

જાવક નંબર/તાંત્રીક/ચ-૨/ડ્રેન/૧૧૪/મુ.જ.સુ.યો./૩૭૮૨-૮૯.—આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેનાં પત્રકનાં ખાના નંબર ૪માં દર્શાવેલ સ્થળો અને ખાના નંબર ૨માં અને ૩માં બતાવ્યા મુજબની સુરત જીલ્લાના તાલુકાઓનાં ગામોમાં આવેલી જમીનમાં પિયત પધ્ધતિ માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઈ કરતી યોજનાઓની વલસાડ જીલ્લા જમીન સુધારણા મંડળે મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯ (૧) મંજુરી આપી છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીનાં કામ માટે સદરહુ અધિનિયમની કલમ-૧૧/૧ મુજબ નિમણુંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુંબઈ જમીન સુધારણા અધિનિયમની કલમ-૯ (૨) ની દરખાસ્ત

ડ્રેન ૧૧૪

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકા	સવે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી.
૧	લવાછા ૩એલ-૧૫ એ.ડી. ૩એલ. સબ માઈનોર વાપી.	પારડી	૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬	૧૧ ૦૪ ૮૨	ઢાળિયા યોજના	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રે.પે.વિ. નવસારી.
૨	આસમા એલ-૪ ૨એલ માયનોર પારડી ડીસ્ટ્રી.	,,	૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૭, ૧૩૩ ૧૨૩ થી ૧૨૯	૧૯ ૦૧ ૦૯	,,	,,
૩	આસમા એલ-૫ —એજન-	,,	૯૮ પાર્ટ ૯૭ ૯૫ પાર્ટ-૧૦૭, ૧૦૮, ૧૦૯	૨ ૭૨ ૩૦		
૪	આસમા આર/૫	,,	૯૮ પાર્ટ ૯૯ થી ૧૦૬, ૭૧, ૭૨	૦ ૮૬ ૦૦		,,

વલસાડ તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯.

INDEX

જાહેરાત

મુંબઇ જમીન સુધારણા અધિનિયમની કલમ ૯/૨ મુજબની યોજનાની પ્રસીધ્ધિ.

જાવક નંબર /તાંત્રીક ચ-૨/ડ્રેન/૮૭/મુ.જ.સુ.યો./૩૭૮૭/૯૧.—આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેના પત્રકનાં ખાના નંબર ૪માં દર્શાવેલ સ્થળો અને ખાના નંબર ૨મા અને ૩માં બતાવ્યા મુજબની સુરત જિલ્લાના તાલુકાઓના ગામોમાં આવેલી જમીનના પીયત પધ્ધતી માટે ઢાળિયા યોજના અંગેની જોગવાઇ કરતી યોજનાઓની વલસાડ જિલ્લા જમીન સુધારણા મંડળે મુંબઇ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯/૧ મંજુરી આપી છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારીના કામ માટે સદરહુ અધિનિયમની કલમ-૧૧/૧ મુજબ નિમણુંક કરવામાં આવેલી છે.

શીડ્યુલ પત્રક-૬

મુંબઇ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯ (૨) ની દરખાસ્ત. ડ્રેન-૮૭

અનુ. નંબર	કામનું નામ અને ઘટક નંબર	તાલુકા	સર્વે નંબર	વિસ્તાર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	મુનસાડ ડી.ઓ.આર/૭એડીશનલ નવસારી બ્રાન્ચ	નવસારી	૪૮૨, ૪૮૬, ૪૮૭, ૪૮૮	૯ ૯૭ ૫૬	ઢાળિયા યોજના	નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ડ્રેનેજ પેટા વિભાગ, નવસારી.
૨	સાતેમ/ઉગત ૨ આર. એસ.વી.-૩ ૨ આર, નવસારી.	”	સાતેમ ૪૨૬ થી ૪૩૭ ઉગત ૪૫૪, ૪૫૫, ૪૫૬, ૫૪૯, ૪૭૪ ૪૭૫, ૪૭૬, ૪૭૭, ૪૭૯, ૪૩૯	૫૦ ૭૬ ૮૩	”	”
				૬૦ ૭૪ ૩૯		

વલસાડ. તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯.

ડી. ઝેડ પટેલ,
નાયબ ખેતી નિયામક (જ.સં.)
નવસારી અને સચિવ,
જિલ્લા જમીન સુધારણા મંડળ,
વલસાડ.

ભાગ-૧
અસાધારણ રાજયપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૫૯ /ડના આધારે)

તારીખ ૭,૧૪,૨૧,૨૮ માહે ઓકટોબર સન ૧૯૯૯ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રો પ્રસિદ્ધ થયેલા છે:—

અનુ. નંબર	અસાધારણ રાજયપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૬૮/૪થી સપ્ટેમ્બર, ૧૯૯૯	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૨	૧૭૧/૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૩	૧૭૨/૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ

INDEX

૧	૨	૩
૪	૧૭૪/૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯	કલેક્ટર, ખેડા જિલ્લો.
૫	૧૭૫/૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૬	૧૭૬/૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૭	૧૭૭/૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૮	૧૭૮/૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૯	૧૭૯/૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૦	૧૮૦/૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૧૧	૧૮૧/૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૧૨	૧૮૨/૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૩	૧૮૩/૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૪	૧૮૪/૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૫	૧૮૫/૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૬	૧૮૬/૪થી ઓક્ટોબર, ૧૯૯૯	કલેક્ટર, વડોદરા
૧૭	૧૮૭/૪થી ઓક્ટોબર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૮	૧૮૮/૪થી ઓક્ટોબર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૧૯	૧૮૯/૫મી ઓક્ટોબર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૨૦	૧૯૦/૭મી ઓક્ટોબર, ૧૯૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૨૧	૧૯૧/૭મી ઓક્ટોબર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ
૨૨	૧૯૨/૭મી ઓક્ટોબર, ૧૯૯૯	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૨૩	૧૯૫/૧૨મી ઓક્ટોબર, ૧૯૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

Supple. C. G. I—263

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-GA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

44

Vol. XL] THURSDAY, NOVEMBER 4, 1999 / KARTIKA 13, 1921 [No. [illegible]

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	1023-1208
Part I-A	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	44
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	1103-1123
Part I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2801-3005

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Read :—(1) This Office Notification No. CB. 1781/98, dated 23th November, 1998.

(2) Government G. A. D. Notification No. GS/96/34/HD/099/2086/GH, dated 17th July, 1999.

Notification

No. CB/1076 of 1999.—The District and Sessions Judge, Vadodara is pleased to declare Tuesday 14th September, 1999, to be a Public Holiday for the District Court and all its Subordinate Courts and Offices in Vadodara District on account of Samvantsari (Chaturthi-Paksha) instead of Monday 13th September, 1999, notified *vide* Notification cited in the preamble. The District Court and all its Subordinate Courts and offices in Vadodara District, shall remain open on Monday, 13th September, 1999.

Vadodara, 24th August, 1999.

R. M. PARMAR,
District Judge,
Vadodara.

INDEX

Read :—(1) This Office Notification No. UHC/B/8/5/1174/98, dted 30th November, 1998.

(2) High Court Letter No. C-2105/74 dated 18th August, 1974 and 18th, 18th December, 1984.

(3) High Court Notification No. C-2101/99, dated 10th August, 1999.

(4) Government G. A. D. Notification No. GSD /96 / 34/PHD/1099/2086/GH, dated 17th July, 1999.

Notification

No UHC/B/8/5/740/1999.—The District Judge Sabarkantha at Himatnagar is pleased to declare Tuesday, 14th September, 1999, to be a Public Holiday for the District Court and all its Subordinate Courts and offices in Sabarkantha District ion account of Samvantsari (Chaturthi-Paksh) nstead of Monday, 13th September, 1999, notified vide Notification cited in the preamble, the District Court and all its subordinate Courts and Offices in Sabarkanta District, shall remain open on 13thSeptember, 1999.

Himatnagar, 20th August, 1999.

K. M. VIN,
District Judge, Sabarkantha,
Himatnagar.

Read :—(1) High Court of Gujarat, Letter No. C-2105/74, dated 18th December, 1984.

(2) High Court of Gujarat Notification No. C.2101/99, dated 10th August, 1999.

(3) This office Notification No. 2969/98, dated 8th November, 1998.

Notification

No. 2489 of 1999.—The District Judge, Panchmahals, at Godhra notified that Tuesday September, 14th 1999 be observed as Holiday instead of Monday 13th 1999 by the District Court and its Subordinate Courts in the District of Panch Mahals and all Courts and office at Godhra and Taluka Places in the District shall remain closed on account of Samvansari (Chaturshi Paksha).

Godhra, 13th August, 1999.

Notification

Vide High Court Civil Manual, 1960, Para—569.

No. 2493 of 1999.—The following Assistant (Junior Clerk) serving in the District Court and Subordinate Courts of the Judicial District of Panch Mahals has passed the DepartmentalExamination held in July, 1999 The name is arranged in order of merita :—

Higher Standard Examination :

1. Shri B. N. Rathod.
2. Shri D. T. Gandhi
3. Shri K. H. Patel.
4. Kum. N. Y. Shaikh.

The following Clerks who appeared at the Higher Standard Examination have failed, tha but are entified to exemption from passing in the Papers mentioned against their names shown here under :—

1. Shri G. L. Baria.	Paper No. I
2. Shri B. G. Baria.	Paper No. I
3. Shri H. S. Patel.	Paper No. I
4. Shri S. N. Baria.	Paper No. II

Lower Standard Examination :

1. Shri D. H. Taviad.
2. Kum. D. J. Baria.
3. Shri R. B. Damor.
4. Smt. D. M. Patel.
5. Shri V. N. Tadvi.
6. Kum. S. S. Bhuria.
7. Kum. A. D. Minama.

INDEX

8. Shri S. K. Vasava.
9. Shri G. A. Patel.
10. Shri V. V. Bilwal.
11. Shri K. K. Damor.

The below mentioned Clerks who appeared at the Lower Standard Departmental Examination is entitled to exemption from appearing in paper mentioned against his name shown below.

1. Shri P. P. Raval.	Typing Test
2. Kum. M. A. Dhobi.	Typing Test
3. Shri V. D. Rathva.	Paper No. I, III and Typing Test.
4. Shri S. N. Palas.	Paper No. III
5. Shri R. M. Bhabhor.	Typing Test
6. Shri B. C. Bhabhor.	Typing Test

Godhra, 21st August, 1999.

J. C. UPADHYAYA,
District Judge, Panchmahals, Godhra.

જિલ્લા ન્યાયાધીશ

જાહેરનામું

હાઈકોર્ટ સીવીલ મેન્યુઅલના પેરા–૫૬૯, ૧૯૬૦ મુજબ.

ક્રમાંક ૨૪૯૩/૧૯૯૯.—પંચમહાલ જિલ્લાના અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં નીચે જણાવેલ કલાર્કો ખાતાકીય–પરીક્ષા જે જુલાઈ, ૧૯૯૯માં લેવાઈ હતી તેમાં ઉતીર્ણ થયા છે. તેમના નામો ગુણવત્તા મુજબ ગોઠવવામાં આવ્યાં છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા :

૧. શ્રી બી. એન. રાઠોડ
૨. શ્રી ડી ટી. ગાંધી
૩. શ્રી કે. એચ. પટેલ
૪. કું. એન. વાય. શેખ

નીચે જણાવેલ કલાર્ક ખાતાકીય ઉચ્ચ શ્રેણી પરીક્ષામાં બેઠા હતા તે અનઉતીર્ણ થયા છે. પરંતુ હવે પછી થનાર સદરહું પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧. શ્રી જી. એલ. બારીયા, ...	... પેપર નંબર ૧.
૨. શ્રી બી. જી. બારીયા, ...	... પેપર નંબર ૧.
૩. શ્રી એચ. એસ. પટેલ ...	... પેપર નંબર ૧.
૪. શ્રી એસ. એન. બારીયા ...	... પેપર નંબર ૨.

નીમ્ન શ્રેણી પરીક્ષા :—

૧. શ્રી ડી. એચ. તાવીયાડ
૨. કું ડી. જે. બારીયા
૩. શ્રી આર. બી. ડામોર

૪. શ્રીમતી ડી. એમ. પટેલ
૫. શ્રી વી. એન. તડવી
૬. કું. એસ. એસ. ભુરીયા
૭. કું. એ. ડી. મિનામા
૮. શ્રી એસ. કે. વસાવા
૯. શ્રી જી. એ. પટેલ
૧૦. શ્રી વી. વી. બીલવાલ
૧૧. શ્રી કે. કે. ડામોર

નીચે જણાવેલ ઉમેદવારો ખાતાકીય નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેઠા હતા. તે અનઉત્તીર્ણ થયા છે, પરંતુ હવે પછી થનાર પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧.	શ્રી પી. પી. રાવલ	ટાઈપીંગ ટેસ્ટ
૨.	કું. એમ. એ. ધોબી	ટાઈપીંગ ટેસ્ટ
૩.	શ્રી વી. ડી. રાઠવા	પેપર નંબર ૧, ૩ અને ટાઈપીંગ ટેસ્ટ.
૪.	શ્રી એસ. એન. પલાસ	પેપર નંબર ૩
૫.	શ્રી આર. એમ. ભાભોર	ટાઈપીંગ ટેસ્ટ.
૬.	શ્રી બી. સી. ભાભોર	ટાઈપીંગ ટેસ્ટ.

ગોધરા, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૯.

જે. સી. ઉપાધ્યાય,
જિલ્લા ન્યાયાધિશ, પંચમહાલ.
ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨ના રોજનું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું જાહેરનામું નં.: ડીસી-એમએજી-બીપીએ - જાહેરનામું-વશી.

(૨) વલાદ ગ્રામ પંચાયતનો તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯ નો પત્ર.

(૩) તલાટી-કમ-મંત્રીશ્રી વલાદનો તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૯ નો ઠરાવ.

(૪) વલાદ પગાર કેન્દ્ર શાળાનો તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯ નો પત્ર.

(૫) વલાદ સેવા સહકારી મંડળી લીમી. નો તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯ નો પત્ર.

(૬) વલાદ ગ્રામજનોની સામુહિક સહી વગરની અરજી.

(૭) વલાદ ગ્રામ પંચાયતનો તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯નો બાંહેધરી આપતો પત્ર

હુકમ

નંબર ડીસી-એમએજી-જાહેર નામું-વશી-૫૩૩૦ થી ૩૬.—આમુખ-૧ થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરના તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨ ના જાહેરનામા નંબર ડીસી-એમએજી-બીપીએ-જાહેરનામું-વશી થી ગાંધીનગર જિલ્લાના વલાદ ગામ નજીકથી સાબરમતી નદી પસાર થાય છે. આ નદીમાંથી બાંધકામ માટે રેતી કોકરી લઈ જતા વાહનો વલાદ, ફુલપુરા તથા પંચવટી તથા પોલીસ ચોકીના રસ્તેથી રેતી કાંકરી ભરેલા વાહનો પસાર થતા હતાં જેના ઉપર પ્રતિબંધ ફરમાવેલ હતો.

આમુખ-૨ થી ૬ ની રજુઆતોમાં વલાદ ગ્રામ પંચાયત, વલાદ પગાર કેન્દ્ર શાળા, વલાદ સેવા સહકારી મંડળી તથા ગામલોકોની સામુહિક સહીવાળી રજુઆત મુજબ વલાદ ગામે સુરજ ચારેથી પોલીસ સ્ટેશનની બાજુમાં રસ્તો ચાલુ કરવા રજુઆત કરેલ છે.

આમ ઉપરોકત તમામ રજુઆતો ધ્યાને લઈ રોડ ઉપર આવતી બંને શાળાના સમય પહેલાં અને છુટવાના સમયના એક કલાક પહેલા રસ્તો ભારે વાહનો રેતી / કાંકરી ભરીને આવે છે તેના માટે બંધ કરવાની શરતે હુ સંજય પ્રસાદ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે મળેલ સત્તાની રૂઈએ અગાઉના બહાર પાડેલા તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨ ના જાહેરનામામાં નીચે જણાવેલ રસ્તાને પ્રતિબંધમાંથી મુકિત આપવા હુકમ કરવામાં આવે છે.

INDEX

‘ વાલદ ગામે સુરજ આરેથી પોલીસ સ્ટેશનની બાજુનો રસ્તો ”.

આજરોજ તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિક્કા કર્યા.

સંજયપ્રસાદ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક ફજદ/વશી-૩૩૮૨-૯૬/૧૯૯૯.—આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીના સરળ સંચાલન આચાર સંહિતા અને નિર્વાચન આયોગના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૯૮/૪૮૭૨-છ, ભાગ-૨ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે મતદાર મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર સેલ્યુલર ફોન કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, જ. પ્ર. ગુપ્તા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર સેલ્યુલર ફોન કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ

(૩) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજ રોજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ મારી સહી થાત મુદ્રા કરી આપ્યા છે.

જ. પ્ર. ગુપ્તા,
જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ,
આહવા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૨૬૫૧ થી ૨૭૦૦— લોકસભા ચૂંટણીઓ, ૧૯૯૯ સંદર્ભમાં જિલ્લામાં ચૂંટણી અનુસંધાને રેલી સરઘસ કાઢવા એક સાથે ૩ (ત્રણ) થી વધુ વાહનોના ઉપયોગથી જાહેર અડચણ તથા લોકોના જાનસલામતીને જોખમ થવા સંભવ રહે છે. આથી હું એ. કે. રાકેશ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે—

(૧) પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં ચૂંટણી સબંધી રેલી અથવા સરઘસમાં એક સાથે ત્રણ થી વધુ વાહનો (જેવા કે ટેક્ષીઓ, ખાનગી મોટરકારો, ટ્રકર્સ, ટ્રેકટરર્સ, ટ્રોલી સાથે કે ટ્રોલી વગર, જીપ, ઓટોરીક્ષાઓ, સ્કુટર્સ, મોટર સાયકલો, બસો, મીની બસો, સ્ટેશન વેગનો વિગેરે) નો ઉપયોગ કરવો નહીં.

(૨) આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

(૩) આ હુકમ સરકારી ફરજ પરના પોલીસ સ્ટાફ વાહનોને લાગુ પડશે નહીં.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૨૫૧૪થી ૨૫૯૦.—લોકસભા ચૂંટણી ૧૯૯૯ નું મતદાન જિલ્લાનાં મતદાન મથકો ઉપર તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ તેમજ મતગણતરીની કામગીરી તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૯ના રોજ આઈ.ટી.આઈ. ગોધરાના સ્થળે હાથ ધરાનાર છે. જેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે હું, એ. કે. રાકેશ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯નાં રોજ થનાર મતદાન દરમ્યાન મતદાન મથકથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં મતદારો સિવાય ૪ થી વધુ વ્યકિતઓએ એક સ્થળે ભેગા થવું નહીં, યા હેરાફેરી કરવી નહી, તેમજ મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ તંબુ ઉભા કરવા નહીં.

(૨) મતગણતરીનું સ્થળ આઈ.ટી.આઈ., ગોધરા છે. આ સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યાનાં વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ૭મી ઓકટોબર, ૧૯૯૯ સુધીના (બંને દિવસો સહિત) ૪ થી વધુ વ્યકિતઓએ એક સ્થળે ભેગા થવું નહી યા હેરાફેરી કરવી નહી.

INDEX

(૩) ઉકત તારીખો દરમ્યાન મતદાન મથકો તથા મતગણતરીના સ્થળો (અ) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી. (બ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી (ક) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવા વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં (ડ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેમજ જાહેર શાંતિ અને કાયદો વ્યવસ્થા ખોરવાય તેવું ભાષણ કરવું નહીં., તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં (ઈ) સરકાર દ્વારા અધિકૃત કરેલ સરહદોને ઓળગવાનો પ્રયત્ન કરવો નહીં, તેમજ સરકારી મિલકતો, વાહનોને નુકશાન પહોંચાડવું નહીં કે પહોંચાડવાનો પ્રયત્ન પણ કરવો નહીં.

(૪) આ હુકમ સરકારી ફરજ પરના સ્ટાફ, પોલીસ સ્ટાફ તથા ચૂંટણીના કામ અંગેના સ્ટાફને લાગુ પડશે નહીં.

(૫) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૯નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

હુકમ

નંબર એમએજી/વશી/૨૪૩૯ થી ૨૪૪૩/૯૯.—સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪નો બીજો એકટ) ફોજદારી અધિનિયમની કલમ-૧૩૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું એચ. બી. વરિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીને તેમની સામે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૭૪ ના અધિકાર તેઓ હવાલો સંભાળે ત્યાં સુધીના સમય માટે આપું છું.

અ. નં.	નામ અને હોદ્દો	કાર્યક્ષેત્રનો વિસ્તાર
(૧)	શ્રી જી. એસ. પટેલ નાયબ મામલતદાર (મહેસુલ) વ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મહેસાણા.	મહેસાણા તાલુકો.

મહેસાણા, તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૯.

એચ. બી. વરિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ એ જી/વશી/૪૯૪૦/૯૯.—નર્મદા જીલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧ ના મુંબઇ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હુ એન. કે. ડામોર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૯ થી ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ સાધન સાથે લઇ જવું નહી.

૨. કોઇપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

૩ પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયત છાંટવા અથવા ફેંકવા નહી, અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. મનુષ્યો અવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી,

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

૬. જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇ પણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા રાજપીપળા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી/૨૪/૯૯.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કીરીટ ધાત અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારને લક્ષમાં લઇ નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઇ.

(ગ) પથ્થરો અથવા બીજા, શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની

(છ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવા ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની ચિત્રો, પત્રિકા અને પ્લેબોર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરવી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઇપણ હથિયાર લઇ જવાનુ હોય અથવા એવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીને જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ ના ૨૨માં કાયદાની)કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ-૨૨) ની કલમ-૩૮ (૨) (ખ) મુજબનો.

ક્રમાંક ફજદ/વશી-૩૩૬૭-૮૧/૧૯૯૯.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમની ૨૨) ની કલમ ૩૮ (૨) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૯ ની પ્રક્રિયા દરમ્યાન ચુંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખતા લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચુંટણીના સરળ સંચાલન તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ભારતીય ચુંટણી આયોગના હુકમ નંબર ૩જી ઓગષ્ટ ૧૯૯૪ જે એસ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ ની સૂચના મુજબ ચુંટણી પ્રચારના કોઇપણ હેતુ માટે સ્થાયી કે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ કલાક સુધીજ કરવો ડાંગ જિલ્લાના કોઇપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને સાંજના ૧૦.૦૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરનો ચૂંટણી પ્રચારના કોઇપણ હેતુ માટે ઉપયોગ કરવા તારીખ ૧૯મી ઓગષ્ટ ૧૯૯૯ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ ઉપરના મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.
(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતી એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઇ અધિનિયમ-૨૨ મો) ની કલમ ૧૩૬ મુજબ ત્રણ મહીના સુધીની કેદની સજા અથવા રૂપિયા પાંચસો સુધીનો દંડની અથવા તે બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ). ૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર એમએજી / વશી-૩૩૯૭-૩૪૨૧,ફા. નં. ૧૪૨/૯૯.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ-૨૨ ની કલમ-૩૩ (૧) (ખ) તથા ૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચારસંહિતા અને નિર્વાચન આયોગની વખતો વખતની સુચનાઓ ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુકત અને ન્યાયી લોકસભાની ચૂંટણી માટે જાહેર હિતમાં ડાંગ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિત સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ, તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના

INDEX

ભાવિ ઉમેદવારોને તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૯ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ કે જે ૧૫ દિવસ કરતા વધુ નથી એવા બંને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચૂંટણી અંગેના સૂત્રો, નિશાનીઓ તથા આકૃતિઓ કે ભીંતચિત્રો વિગેરે જાહેર મકાનો ઉપર કે જાહેર સ્થળોએ ચિત્ર કરવા, ઉભા કરવા, પ્રદર્શિત કરવા, જડવા તથા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવે છે. તે ઉપરાંત તેઓ જ્યાં એક કરતાં વધુ રસ્તા ભેગા થતા હોય તેવા રસ્તાઓ ઉપર બેનર્સ લગાવી શકશે નહી. તેમ છતાં રાજકીય પક્ષો કે ઉમેદવારો તરફથી આ અંગે પ્રતિબંધ હોવા છતાં કાર્યવાહી કરવામાં આવશે તો આ અંગેનો ખર્ચ જે તે ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ગણી લેવામાં આવશેઅને લાગુ પડતા કાયદા નીચે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તદ્‌ઉપરાંત ઉમેદવારના ખર્ચે અને જોખમે તે દુર કરવામાં આવશે.

(૨) કોઈપણ સંજોગોમાં કાર / વાહનોને ત્રણથી વધુ વાહનોના બનેલા રક્ષા કાફલા રૂપે જવા દેવાશે નહી. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાના હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતાં આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાને આધીન રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) ૩૩ (૧) (ખ) વિગેરે જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ
આહવા.

સબ. ડીવીનલ મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૪ ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક ઉ/મકમ/પલસ/૧૭૯૯ થી ૧૮૧૦ :—કોલીયારી બંધ ડેમ વિસ્તારમાં ડેમના અસરગ્રસ્તો દ્વારા ડેમસાઇડને નુકશાન થાય તેવી શકયતાઓને લીધે લોકોમાં જાનમાલ જોખમ અને ભયમાં મુકાય નહી, સુલેહ શાંતિ જળવાઇ રહે અને એવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા તથા ડેમ સાઇડની સરકારી મિલ્કતોની તોડફોડ ન થાય તેથી તેને અંકુશમાં લેવાનુ યોગ્ય જણાતા અત્રેથી જાહેરનામાં ક્રમાંક ઉ/મકમ/પલસ/વશી ૧૪૮૫ તારીખ ૧૫મી જુલાઇ ૧૯૯૯ થી કોલીયારી સિચાઇ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુબાજુનો ૨૦૦ મીટરનો વિસ્તાર પ્રતિબંધીત જાહેર કરેલ છે. જેનો અમલ તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૯ સુધી હતો.

કાર્યપાલક ઇજનેરશ્રી હડફ મુખ્ય બંધ વિભાગ ગોધરાના પત્ર જાવક નંબર હમુબવિ/પીબી/કોલીયારી/સલામતી/વ્યવસ્થા ૧૧૨૮/૯૯ તારીખ ૨૮મી જુલાઇ ૧૯૯૯ થી કોલીયારી બંધ સ્થળ ખાતે સીવીલ કામો પ્રગતિ હેઠળ છે. બંધ કામની પ્રગતિમાં બંધ સ્થળ ખાતે ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સરકારશ્રીના હિતમાં કલમ-૧૪૪ નો અમલ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી રાખવા માટે દરખાસ્ત કરેલ છે. જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ પત્ર નંબર એલઆઇબી/જાહેરનામું/૩૨૫૭/૯૯ તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૯ થી જરૂરી ભલામણ કરેલ છે.

તેથી હું સંજય પટણી (જી.એ.એસ.) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા પ્રાંત ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના કોઇપણ ઇસમોએ અવર જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલ મુદત દરમ્યાન વિસ્તારની અંદર આવેલ કોઇપણ માર્ગ જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી પેટા ગલીમાં સવારી કરવી નહી, નહી વાહન હંકારવું નહી, ચલાવવું નહી, ઉભા રહેવું નહી, રખડવું નહી. અથવા હરવું ફરવું નહી, અથવા તેનો બીજો કોઇ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ.

વિસ્તારનું વર્ણન	મુદત
કોલીયારી સિચાઇ ડેમના બાંધકામની પંચમહાલ જિલ્લાની હદ પુરતા આજુબાજુનો ૨૦૦ મીટરનો વિસ્તાર	તા. ૨૪મી ઓગષ્ટ ૧૯૯૯થી થી તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહીત)

આ હુકમ ફરજ પરના પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

સંજય પટણી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ.
પ્રાંત ગોધરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વાંચ્યો :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૨૮/અ-૨૦૫૭ તા. ૪થી ડિસેમ્બર, ૧૯૭૯.

(૨) ફડચા અધિકારીનો નોંધણી રદ કરવા બાબતનો અહેવાલ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૭ પત્રક્રમાંક ફડચ/ફ-૧/૬૧.

હુકમ

જા. નં. : ફડચ/૧૨૮/ઘ-૧/૨૧૦૨-૫૨૪૨.—શ્રી અખંડ ગુજરાત કન્ઝ્યુમર્સ કો. ઓ. સો. લી. (ફડચામાં) અમદાવાદ, તાલુકો સીટી જિલ્લો અમદાવાદ નોંધણી ક્રમાંક : ભ-૧૮૦૯ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૬૪ થી નોંધવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક : ફડચ/૧૨૮/અ-૨૦૫૭ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૭૯ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેથી ફડચાની કાર્યવાહીઆ સને ૧૯૬૧ ના ગુજરાતી

સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૮૭.

વાંચ્યો :—

(૧) આ કચેરીનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ-૧૩૦/અ-૨૦૫૬ / ૭૯, તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૭૯.
(૨) સહકારી અધિકારી ફડચા નં. ૧ નો તારીખ ૧૦મી માર્ચ, ૧૯૮૭નો પત્ર ક્રમાંક : ફડચ/ફ-૧/૮૯ સને ૧૯૮૭.

હુકમ

જા. નં. ફડચ/૧૩૦/ધ-૨૧૨૫-૫૪૩૩-૧૯૮૭.—ધી ઢાલગરવાડ કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી., અમદાવાદ તાલુકો સીટી, જિલ્લો અમદાવાદ (ફડચામાં) નોંધણી ક્રમાંક : સી-૪૦૭, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૮૩ થી નોંધવામાં આવેલ હતી. જેને જિલ્લા-રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ/૧૩૦/અ ૨૦૫૬/૭૯, તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૭૯ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઆના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ભ-૩૫૧૩/નધણ/૩૬૦/ક-૩/૫૫૨૯ / ૬૨૧/૧૯૮૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અમરેશ્વર ગ્રાહક સહ. ભંડાર લી., સ્થળ અમદાવાદ, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદ હવે ૧૯૬૨ ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળી-ઓના કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૮૭.

વાંચ્યો :—

(૧) તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૭ ની કારણદર્શક નોટીસ.
(૨) શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તારીખ ૨૬મી જાન્યુઆરી, ૧૯૮૭નો પત્રક્રમાંક : ગસભ/૦૧/સી-૧/૧૧૪.

મીનાબજાર ગ્રાહક સહકારી ભંડાર લી., નવરંગપુરા, અમદાવાદ તાલુકો સીટી, જિલ્લો અમદાવાદ, નોંધણી નંબર : ભ-૩૩૯૦, તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૮૫ થી નોંધવામાં આવી હતી.

(૧) મંડળીની નોંધણી થયા બાદ કોઈ કામગીરી હાથ ધરેલ નથી.

(૨) પ્રથમ સામાન્ય સભા બાદ કોઈ સામાન્ય સભા કે કમીટી, સભાઓ ભરેલ નથી.

વચગાળાનો હુકમ

જા. નં. : ફડચ-૪૫-ધ-૧-૫૧૭૯-૬૧૮૨-૮૭.—આ કારણોને લઈને મંડળીને સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ગ) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા-૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. આ હુકમની તારીખથી એક માસની અંદર શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ સમક્ષ મંડળીને રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ હુકમથી એક માસની મુદત દરમ્યાન મંડળી તરફથી સંતોષકારક ખુલાસો કરવામાં નહી આવે તો આ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવશે. અને મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૩જી એપ્રિલ, ૧૯૮૭.

વાંચ્યો :—

(૧) આડિટર, સહકારી મંડળીઓ ગ્રેડ-૨ (શહેર) અમદાવાદનો તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૫ નો પત્ર ક્રમાંક અષણ-૦૧/૩૪૮.

(૨) ઓડિટર અન્ડર એડીશનલ સ્પે. ઓડિટર, સહકારી મંડળીઓ અમદાવાદનો પત્ર ક્રમાંક અષણ / ૦૧ / ખાસ. અહેવાલ / ૧૩૨ તા.

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૮૭ના પત્ર ક્રમાંક ફડચ/૨૫/ધ-૧/૧૮૪૭ ની નોટીસ.

(૪) મંડળીના સેક્રેટરીશ્રીનો તારીખ ૧૭મી માર્ચ, ૧૯૮૭ નો પત્ર.

આમુખ

જા. નં./ફડચ/૨૫ / ધ-૨૧૯૪/૬૨૮૮ સને ૧૯૮૭.— અંમલદીના-ના કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. સંસ્થાના વ્યવસ્થાપક કમિટિ ના હોદેદારોએ સંસ્થા જે ઉદેશો માટે નોંધાયેલ છે. તે ઉદ્દેશો મુજબ કામકાજ હાથ ધરેલ હોય તેમ જણાતું નથી. અને સંસ્થા ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે. હોદ્દેદારો પેટા નિયમ અનુસારની ફરજ / જવાબદારી અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. જે નીચેની વિગતો જોતા જણાય છે.

(૧) સંસ્થા જે ઉદેશો માટે નોંધાયેલ છે તે ઉદ્દેશો બર લાવવા કોઈ કામગીરી હાથ ધરેલ નથી. મંડળીની જમીન સરકારશ્રીએ એકવાયર કર્યા બાદ અન્ય જમીન મેળવવા મંડળી નિષ્ક્રિય રહેલ છે.

(૨) ૧૯૮૩ પછી મંડળીની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. વાર્ષિક સાધારણ સભામાં હિસાબો મંજૂર કરવામાં આવતા નથી.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમીટીની મીટીંગો ૧૯૭૮ પછી મળેલ નથી.

INDEX

(૪) મંડળીના સભ્યો કે વ્યવસ્થાપક કમીટીના સભ્યોને મંડળીના વહીવટમાં કે મંડળીના ઉદ્દેશો પાર પાડવામાં રસ હોય તેમ જણાતું નથી.

(૫) મંડળીએ નિયમ મુજબનું દફતર રાખેલ નથી. હિસાબો નિયમિત લખાતા નથી મંડળીની સ્થિતિ પગભર થઈ શકે તેમ નથી.

સંસ્થાને ફડચામાં શા માટે ન લઈ જવી તે માટે સંસ્થાના હોદ્દેદારોને તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૭ થી નોટીસ આપી તારીખ ૧૯ મી ફેબ્રુઆરી, ૧૯૮૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. જેમાં સુનાવણી તારીખ કોઈ હોદ્દેદારો હાજર રહેલ નથી. તેમજ લેખિતમાં-માં પણ કોઈ રજૂઆત થયેલ નથી. જે ધ્યાને લઈ આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

અલમદીના કો. આ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ઉપરોકત જણાવેલ કારણોને લઈને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) ની જોગવાઈ અનુસાર ફડચામાં લઈ જવાનો વગચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમની તારીખથી એક માસની અંદર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ સમક્ષ સંસ્થાને પોતાની દલીલ રજુ કરવાની-તક આપવામાં આવે છે. આ હુકમથી એક માસની મુદત દરમ્યાન સંસ્થા તરફથી સંતોષ કારક ખુલાસો કરવામાં નહીં આવે તો આ વચ-ગાળાનો હુકમ કાયમ કરવામાં આવશે. અને સંસ્થાએ ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૯ઠ્ઠી અપ્રિલ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સે-૨૨૩૦૪ / ૬૨૩૪ નધણ/૩૩૫/ક-૩ ૭૨૦/સને-૧૯૮૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સૌરાષ્ટ્ર વર્ધમાન કો. ઓ. ક્રેડિટ સોસા. લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી જિલ્લે અમદાવાદ ને હવે ૧૯૬૨ ના ગુજરાત ના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯(૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯ઠ્ઠી એપ્રિલ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

માંક સે-૨૨૩૦૫/૬૫૯૭/નધણ/૩૪૬/૬૫૯૭/ક-૩/૭૮૦/૮૭. — આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે વૃંદાવન કો. ઓ. ક્રેડીટ અને સપ્લાય સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદ ને હવે ૧૯૬૨ ના ગુજરાત ના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સે-૨૨૩૦૩-૭૧૦૫/નધણ/ ૩૨૬/ક-૩/૮૪૪ સને ૧૯૮૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આમદાવાદ આર.એમ.અસ. અનુસૂચિત જાતિ કર્મ. ની ધિરાણ અને ગ્રા. સ. મં. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨નો ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ-૫૬૩૮/૮૭/નધણ/૦૧/ક-૩/૮૫૦/૭૨૦૩/સને ૧૯૮૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે રાજદીપ ગ્રૂપ મજુર કામદાર સહ. મં. લિ., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો, કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ-૧૨૫૫૪-નધણ/૪૧૧/ ક-૩/ ૧૬૧૧ સને ૧૯૮૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે રૂગુનમલ શોપ્સ એન્ડ ઓફિસીઝ કો. ઓ. સો. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી, જિલ્લો : અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા(૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ (૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ-૫૬૭૪-નધણ/૩૪૮/ક-૩/૪૦૭૫/૧૫૭૬૫/સને ૧૯૮૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સુખીપુરા મજુર બાંધકામ સહ. મં. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો : સીટી, જિલ્લો : અમદાવાદને હવે ૧૯૬૨ ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭.

બી. સી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ.

INDEX

નં.: સેદુ-૨૧૮૬૩-ઉખસ/નધણ/ ક-૩/૪૩૩/ ૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી લેખંબા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ લેખંબા તાલુકો સાણંદ જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૭.

નં.: સેદુ-૨૧૮૬૨-ઉખસ/નધણ/ક-૩/૪૩૪/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી ઉંચડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ઉંચડી તાલુકો: ધંધુકા, જિલ્લો : અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૭.

નં.: સેદુ/૨૧૮૬૪-ઉખસ/નધણ/ક-૩/૪૪૯/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી સહાનપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સહાનપુરા, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ,,

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨જી એપ્રિલ, ૧૯૮૭.

નં.: સેદુ-૨૧૮૬૬-ઉખસ/નધણ/ક-૩/૪૫૭/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી કાચરોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કાચરોલ, તાલુકો : વિરમગામ, જિલ્લો : અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૮૭.

નં. સે.દુ-૨૧૮૬૫-ઉખસ/નધણ/ક-૩/૪૫૮/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી ખેંગારીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ખેંગારીયા, તાલુકો : વિરમગામ, જિલ્લો : અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૮૯૭.

નં. ઉ/૫૪૦૮/ઉખસ/નધણ/ક-૩/૧૪૯૭/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી વિવેક મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગાંધીનગર, તાલુકો : ગાંધીનગર, જિલ્લો : ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૭.

નં. સેદુ/૨૧૮૭૫-ઉખસ/નધણ/ક-૩/૧૪૯૮/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી તાજપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : તાજપુર, તાલુકો : સાણંદ, જિલ્લો : અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૭.

બી. વી. પુરબીયા,
જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ),
અમદાવાદ.

ક્રમાંક ઉખસ/નધણ/સે/દુધ / ૨૧૨૨૬ / ખ/૧૪૬૬/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી રૂપપુરા ગ્રુપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રૂપપુરા, પો. સનાલી, તા. દાંતા, મર્યાદિત સ્થળ રૂપપુરા, તાલુકો દાંતા જિલ્લો : બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

ક્રમાંક ઉખસ/નધણ/સે/દુધ/૨૧૨૨૭/ખ/૧૪૬૭/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી પીપળાવાવી વાવ ગ્રુપ દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. પીપળાવાવીવાવ પો. વસી, તા. દાંતા મર્યાદિત સ્થળ પીપળાવાવી વાવ તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

ક્રમાંક ઉખસ/નધણ/સે/દુધ/૨૧૨૨૮/ખ/૧૪૬૮/૮૭.— આથી જાહેર કરે છે કે શ્રી ખૂણીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખૂણીયા પો. અમીરગઢ તા. પાલનપુર, મર્યાદિત સ્થળ ખૂણીયા, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/સે-દુધ/૨૧૨૨૩/ખ/૧૪૬૯/૮૭.— આથી જાહેર કરે છે કે શ્રી પાન્છા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પાંન્છા, તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

ક્રમાંક ઉખસ/નધણ/સે/દુધ/૨૧૨૨૪/ખ/૧૪૭૦ / ૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી સેલલપાણી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સેલલપાણી, તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

ક્રમાંક ઉખસ/નધણ/સે/દુધ / ૨૧૨૨૫ / ખ/૧૪૭૧/૮૭.—આથી જાહેર કરે છે કે શ્રી કુંભારીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કુંભારીયા, તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

આર. એન. જોષી
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

વંચાણે લીધા :—

આ કાર્યાલયના જા. નં. ફડચ/૦૧/ખ-૩/૩૬૨/૮૭ તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૮૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અપાયેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ૦૧ / ખ-૩ / ૪૧૮/૧૯૮૭.— ધી ગાયત્રીનગર-ગ્રાહક અને ધીરાણ સહકારી ભંડાર લી., ભરૂચ, તારીખ ભરૂચ જિલ્લા ભરૂચને અત્રેની કચેરીના જાવક નંબર ફડચ / ૦૧ / ખ-૩/૩૬૨, તારીખ ૫ મી ઓગસ્ટ, ૧૯૮૭ સદરહુ મંડળી ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી-મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાને અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નીમાયેલ શ્રી સહકારી અધિકારી (ફડચા) ભરૂચ એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પૂરી કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

વંચાણે લીધા :—

આ કાર્યાલયના જા. નં. ફડચ / ૦૧ / ખ-૩ / ૩૨૪ તારીખ ૨૯મી જુન, ૧૯૮૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અપાયેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ૦૧ / ખ-૩ / ૪૧૯ / ૧૯૮૭.— ધી મોહંમદી-ખેતી માટે પાણીપુરું પાડનારી સ. મ. લી., મુ. ઈખર, તારીખ આમોદ, જિલ્લો ભરૂચને અત્રેની કચેરીના જા. નં. ફડચ / ૦૧ / ખ-૩ / ૩૨૪, તારીખ ૨૯મી જુન, ૧૯૮૭ સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાને અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નીમાયેલ શ્રી સહકારી અધિકારી (ફડચા) ભરૂચ એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પૂરી કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

વંચાણે લીધાં :—

સહકારી અધિકારી (ફડચો) લગત સદર કચેરીના- તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના પત્ર ક્રમાંક ફડચો / ૦૧ / નો. રદ. દર. / ૩૭૧/૮૭.

હુકમ

ક્રમાંક ફડચા / ૦૧ / ખ-૩ / ૪૨૧/૧૯૮૭.— ધી નર્મદા ગૃહ નિર્માણ સહકારી મંડળી લીમીટેડ, મુકામ નિકોરા તાલુકો ભરૂચ જિલ્લો ભરૂચ કે જે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૧ ના નોંધણી ક્રમાંક નં. ઘ-૯૮૧ થી નોંધવામાં આવી હતી, અને જે અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક નં. ફડચા / ૦૧ / ઘ-૫ / ૪૧૪/૮૦, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૦ થી આટોપી લેવામાં આવી હતી, તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ અધિનિયમની કલમ ૨૦ હેઠળ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

વંચાણે લીધાં : સબ ઓડીટર સ. મ. લી. રાજપીપલાના તારીખ ૧લી જુલાઈ ૧૯૮૬ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૭ સુધીના ઓગસ્ટ મેમાના સામાન્ય શેરો
(૨) ફડચા અધિકારી, લગત ભાડી, સં. કો. ઓપ. બેંક નેત્રગના તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૮૭ નંબર ૮૭૮ થી મળેલ મંડળી નોંધણી રદ કરવાની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/૯૩/૪૨૩/સને ૧૯૮૭.— ધી ખેડીપાડા ગૃપ કો. ઓપ. મ. ૫. સહકારી મંડળી લીમીટેડ, મુકામ ખેડીપાડા, તાલુકો ડેડીઆપાડા જિલ્લો ભરૂચ કે જે તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૫૯ના

INDEX

નોંધણી ક્રમાંક નં. ૨૧૧૯૦થી નોંધવામાં આવી હતી, અને જે અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક નં. ફડચ/ઘ-૫/૭૦૩ તારીખ ૧૨મી મે ૧૯૮૦થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪-(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ અધિનિયમની કલમ ૨૦ હેઠળ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૭.

વંચાણે લીધાં : સબ-ઓડીટર સ. મં. લીલરીઝ ભરૂચનાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૭ થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૮૭ સુધીના ઓડીટમેમાનો સામાન્ય શેરા વિભાગ-૧ તથા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૭ની ફડચા અધિકારી તરફથી મળેલ મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/ખ-૩/૪૨૩/સને ૧૯૮૭.—ધી નબીપુર ગ્રુપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લીમીટેડ, નબીપુર મુકામ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ કે જે તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૩૯ ના નોંધણી ક્રમાંક નં ૭૯૮૧ થી નોંધવામાં આવી હતી, અને જે અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક નં. ક/જ/ફડચ/૩૬/ફ/૨૦૩૩/ખ/૭૭૪ તારીખ ૧૪મી જૂન ૧૯૬૮થી આટોપી લેવામાં આવી હતી તેની ફડચાની તપાસ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ અધિનિયમની કલમ ૨૦ હેઠળ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૭.

વંચાણે લીધાં : ફડચા અધિકારી લગત ભરૂચ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. ભરૂચના તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૭ના પત્ર ક્રમાંક ફડચ થી મળેલ દરખાસ્ત.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/મ-૩/૪૨૪/સને ૧૯૮૭.—ધી વલા આદીવાસી ગ્રુપ કો. આપ. મ. પ. સો. લી. સહકારી મંડળી લીમીટેડ, મુકામ વલા, તાલુકો જગડીયા જિલ્લો ભરૂચ, કે જે તારીખ ૨૬મી મે ૧૯૫૮ના નોંધણી ક્રમાંક નં. ૨૧૧૬૧ થી નોંધવામાં આવી હતી, અને જે અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક નં. ફડચ/૧૦૬/ફ/૧૮૮૯/ક/૪૬૨ તારીખ ૨૨મી જુલાઈ ૧૯૮૭ થી આટોપી લેવામાં આવી હતી તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪-(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ અધિનિયમની કલમ ૨૦ હેઠળ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૭.

વંચાણે લીધા :—ફડચા અધિકારી લગત ભ.ડી.સે.કો.ઓપ. બેંક લી., ભરૂચનો તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના પત્ર નં. : ફડચ/ થી મળેલ દરખાસ્ત.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ક-૩/૪૨૫/૮૭.—ધી ભાદી કો. ઓ. મલ્ટીપરપઝ સહકારી મંડળી લીમીટેડ, મુકામ ભાદી, તાલુકો : અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ કે જે તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૨૧ ના નોંધણી ક્રમાંક નં. : ૩૯૬૬ થી નોંધવામાં આવી હતી, અને જે અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક નં. : ક/જ/ફડચ/૫૫/૨-૨૦૩૧/ખ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૬૮ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ અધિનિયમની કલમ-૨૦ હેઠળ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

નં. : ભ-૭૭૮-નધણ/૦૧/ક-૪/૩૯૧/૮૭.—આથી જાહેર કરે છે કે ધી ઉત્કર્ષ કન્ઝ્યુમર્સ કો. ઓ. સોસાયટી મર્યાદિત સ્થળ : ભરૂચ, તાલુકો : ભરૂચ, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

નં. સા-૮૭૮-નધણ/૦૧/ક-૪/.—આથી જાહેર કરે છે કે ધી જયભારત ટ્રાવેલ્સ કો. ઓ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ : અંકલેશ્વર તાલુકો : અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૮૭.

નં. ધ-૩૯૮૨/ક-૪/૪૦૮.—આથી જાહેર કરે છે કે ધી ગોકુલધામ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : અંકલેશ્વર, તાલુકો : અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૮૭.

નં. ઉ-૨૮૧૮-નધણ/૦૧/ક-૪/૮૭.—આથી જાહેર કરે છે કે ધી પરિશ્રમ બાંધકામ સહકારી મંડળી લી., સ્થળ : કોઠી તાલુકો : નાંદોદ, જિલ્લો : ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૮૭.

યુ. એમ. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

INDEX

વંચાણે લીધો :—

આ કાર્યાલયના હુકમ નં......... ઉ.ખ.સ. / ક.જ. / ફડચ / ખ / ૮૨, તારીખ જથી જાન્યુઆરી, ૧૯૮૬ નો ગધાવાડા નાના સીમાંન્ત ખેડૂતોની પિયત સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ખ-૬૩૬/૧૯૮૮.— ગધાવાડા નાના સીમાંન્ત ખેડૂતોની પિયત સહકારી મંડળી લી., મુ. ગધાવાડા તાલુકો બાલાસીનોર જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક ઉ. ખ. સ. / ક. જ. / ફડચ / ખ / ૮૨, તારીખ જથી જાન્યુઆરી, ૧૯૮૬ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની ૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નીમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કામદાની કલમ ૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારીની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ--૧ નડીઆદની નીમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ૧ નડીઆદની નીમણુંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધો :

આ કાર્યાલયના હુકમ નંબર......... ઉ. ખ. સ. / ક. જ. / ફડચ / ખ / ૨૫૫૫, તારીખ ૨૮મી મે, ૧૯૮૫ નો ભાટીયેલ સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૬૩૬/૧૯૮૭.— ભાટીયેલ સેવા સહકારી મંડળી લી., મુ. ભાટીયેલ, તાલુકો પેટલાદ જિલ્લા ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક ઉ. ખ. સ. / ક. જ. / ફડચ/ ખ/ ૨૫૫૫ તારીખ ૨૮મી મે, ૧૯૮૫ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ--૧ નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારીની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ--૧ નડીઆદની નીમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ૧ નડીઆદની નીમણુંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ. ૧૯૮૭.

વંચાણે લીધો :—આ કાર્યાલયના હુકમ નં. :ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૨૦૦૨ તારીખ ૨૨મી અપ્રિલ, ૧૯૮૫નો એલીકોન એમ્પ્લોઈઝ કેન્ટીન સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ-૬૩૬/૧૯૮૭.—એલીકોન એમ્પ્લોઈઝ કેન્ટીન સહકારી મંડળી લી. મુ. આણંદ, તાલુકો : આણંદ જિલ્લા ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક : ઉખસ/ક.જ./ફડચ/ખ/૨૦૦૨ તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૫ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમા લઈ ફડચા અધિકારીની વધુ જગ્યા આવવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડિઆદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)-૧ નડીઆદની નિમણુંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધો :—આ કાર્યાલયના હુકમ નં. :ઉ.ખ.સ./ક. જ./ફડચ/ખ/ ૫૩૨૫, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો ભડકદ સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ-૬૩૬/૧૯૮૭.—ભડકદ સેવા સહકારી મંડળી લી., મુ. ભડકદ, તાલુકો : પેટલાદ, જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક : ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૫૩૨૫, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૨ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારીની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ૧ નડીઆદની નિમણુંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધો :—આ કાર્યાલયના હુકમ નં. ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ-૨૨૬૨, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૪ નો માતર તાલુકા પોલ્ટ્રીફાર્મ સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૬૩૬/૧૯૮૭.—માતર તાલુકા પોલ્ટ્રી ફાર્મ સહકારી મંડળી લી., મુ. માતર, તાલુકો માતર, જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૨૨૬૨, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૪ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી

સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વહીવટી અનુકળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની નિમણૂંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)-૨ નડીઆદની નિમણૂંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધા :—આ કાર્યાલયના હુકમ નં. ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૧૨૪૩, તારીખ ૧લી માર્ચ, ૧૯૮૪નો ખાંડીવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૬૩૬/૧૯૮૭.—ખાંડીવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખાંડીવાવ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૧૨૪૩, તારીખ ૧લી માર્ચ, ૧૯૮૪થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી, (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની નિમણૂંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)-૨, નડીઆદની નિમણૂંક કરું છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધા :—આ કાર્યાલયના હુકમ નં. ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૯૮૩, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૪નો આદરૂજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ-૬૩૬/૧૯૮૭.—આદરૂજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આદરૂજ, તાલુકો ખંભાત, જિલ્લો ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક : ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૯૮૭, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૪ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૨ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી સહકારી અધિકારી (ફડચા) ગ્રેડ-૧, નડીઆદની નિમણૂંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ૧ નડીઆદની નિમણૂંક કરૂં છું.

નડીઆદ, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૭.

વંચાણે લીધા :—આ કાર્યાલયના હુકમ નં. ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/ ૬૨૦૦, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૮૨ નો સરદારપુરા સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો હુકમ.

હુકમ

જેના અનુસંધાને ખરેખર ૩' બેઝની ઉંચાઈવાળી અને બેઝથી ૬' ઉંચાઈવાળાં ગણપતિ મૂર્તિ આ રીતે કુલ ઉંચાઈ ૯' ની ગણપતિ મૂર્તિઓ રાખવાની રહેશે. તે રીતે સુધારીને વાંચતા આથી જણાવવામાં આવે છે. આ રીતે ૩' થી વધુ ઉંચાઈની બેઝવાળી અને બેઝથી ૬' થી વધુ ઉંચાઈવાળી ગણપતિની મૂર્તિઓની સ્થાપના કરવી નહીં અને ગણપતિ સરઘસમાં વિસર્જન વખતે આવી મૂર્તિઓ રાખવી નહીં.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ. ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી. /જાહેરનામું/૨૭/૯૯.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા. આઇ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧માંની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૯ના કલાક. ૦૦-૦૦ થી તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૯ના કલાક. ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઇ બીજી શકે તેવી કોઈ ચીજ વસ્તુઓ લઇ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયકર્મી પદાર્થો લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક(૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૫૬/વિ. શા./૧૯૯૯.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં લોકસભાની ચૂંટણી અંગે તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમીશનર અમદાવાદ શહેર, બોમ્બે પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું, કે નીચે જણાવેલ વિસ્તારમાં વિસ્તારમાં તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૯ ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના કલાક ૨૦-૦૦ સુધી કોઇ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી. મતદાન મથકની ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહી. કે ચિન્હો રાખવા નહી.

વિસ્તાર : પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓની ફુટપાથ, ગલીઓ, તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડા અથવા જે સરઘસને તથા સભા માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૬ (ગ) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા./૪૫૭/૯૯.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં લોકસભાની ચુંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ અડચણ થતી અટકાવવા વ્યવસ્થા જાળવવા પગલ. લેવા જરૂરી છે.

વાસ્તે હું વી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, બોમ્બે પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૬ (ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સદરહું ચુંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ.

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશસ્થાન વાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે'

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછીએક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૫મી સપ્ટેમ્બર ૯૯૧૯ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમ કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૪૫૮/વિ. શા./૧૯૯૯. —અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ પગલાં લેવાં જરૂરી છે. તેમજ અમદાવાદ પાલીસ શહેર કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને એવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર ભાલા, સોટી, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો, અથવા ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વતૂઓ તેયાર કરેવાની તથા ચિજો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થ અથવાં વસ્તુ તૈયાર કરવાવી દેખાડવાની અથવા તેવા ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અિથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર .—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઆને લાગુ પડશે નહી પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમા હોય તેમને જેના ઉપરી અધિકારીઆએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવાકે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને પડશે નહી.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોઇ કોઇપણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા સાથે રાખવાની પરવાનગી માંગેલહોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ના પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમની નંબર ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ સને ૧૯૯૯ ના રોજ મારી સહી અનેસિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો હુકમ

નંબર ઉ / ૪૫ક / ૪૫૯ / વિ.શા. / ૯૯.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારો માં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર,

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતા નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે ઓગસ્ટ, ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/૪૫ક/૪૬૦/વિ.શા./૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવા સારૂ જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર અમદાવાદ શહેર અને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/જપક/પોલીસ હેડકવાર્ટર/ફા. પ્રે./વશી-૪૬૨/૨૩૯૧૫/૯૯.— સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૩) મુજબ જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નંબર ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નંબર ૮ ની

INDEX

વચ્ચે આપેલી જમીન ઉપર તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી દિન-૧૬ સુધી પોલીસ હેડકવાર્ટર ખાતે ૫ ગુજરાત બટાલીયન એન. સી. સી. સુરતનાઓ ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ની મુંબઇ અધિનિયમ કલમ-૩૭ ૪ પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર ના હુકમ નંબર એમસીબી-૧ / ૧૯૮૮/૨૯૦૬૫ના તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) હેઠળ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉંમરા ગામની નજીક આવેલ સર્વે નંબર ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નંબર ૮ વચ્ચે આપેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ દિન-૧૬ સુધી ૫, બટાલીયન એન. સી. સી. સુરતનાઓનું ફાયરીંગ હોવાથી આજુબાજુના રહીશો તથા બહારના કોઇપણ અન-અધિકૃત વ્યકિતઓએ ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૬-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીમાં વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલાં પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઇસમોને ઇ. પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સિકકા કરી કરી આપેલ છે.

એમ. સેકર.
નાયબ પોલીસ કમિશનર,
(વહીવટ) સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી/૨૫/૯૯.—મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું, આર. આર. ચૌહાણ, જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી આગામી ગણેશ ચતુર્થી-નાં તહેવારને લક્ષમાં લઇ નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરુરી જણાતા ફરમાવું છુ કે, નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધા) નાં સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છે :—

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઇ;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઈ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મસાલ લઇ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના સબ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવા ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની ચિત્રો પત્રિકા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈ ણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઇ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઇ, પોલીસ અધિકારીને જે તે શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨ના કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચનમાં લીધું :-

(૧) ભારતનું ચુંટણી પંચ, નિર્વાચન સદન નવી દિલ્હીના પત્ર નંબર ૫૭૬/૧૪/૯૬/પીએસઆઈ/૧૭૩૬,તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૬.

(૨) મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯-કલમ-૧૪૨(૧)

હુકમ

નંબર પલસ/લોકસભા /૯૯/ચુંટણી /પ્રોહીબીશન/વશી. ૫૧૯૪ થી ૫૨૪૪/૯૯.—ઉપરોકત વાંચનમાં અનુક્રમ નં. ૧ માં ભારત ચુંટણી આયોગની સુચના મુજબ આગામી લોકસભા ચુંટણી ૧૯૯૯ દરમ્યાન (૧) મતદાનના બે દિવસ અગાઉ (૨) મતદાનના દિવસે (૩) મતદાનના દિવસ પછીના બીજે દિવસે (૪) મતગણતરીના દિવસ અગાઉના દિવસે (૫) મતગણત્રીના દિવસે (૬) મતગણત્રીના દિવસ પછીના દિવસે સુરત જિલ્લામાં મુકત યોગ્ય શાંત અને સરળ રીતે સામાન્ય ચુંટણીનું કામ પાર પાડે તે હેતુસર જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટલો રેસ્ટોરન્ટ કલબોને બીજી સંસ્થાઓ દારુનું વેચાણ/ પીરસતી હોય તેને બંધ રાખવાની સુચના છે.

INDEX

સબબ મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ની કલમ -૧૪૨ (૧) હેઠળ મળેલી સત્તા રૂએ હું, સંગીતાસિંહ, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત શહેરમાં આવેલી નીચે જણાવેલી દારુની દુકાનો કેફી પદાર્થોનું દારુનું વેચાણ કરતી પીરસતી દુકાનો નીચેના સમયગાળા માટે બંધ રાખવાનો હુકમ કરું છું.

તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૯ સુધી.

દુકાનો :

૧.	મે.એચ.એસ.એન્ડ સન્સ	કણપીઠ, ૯/તારીખ ૧૭૯૪ લાલગેટ, સુરત
૨.	હોટેલ ઓએસીસ ...	વૈશાલી સિનેમા પાસે, વરાછારોડ, સુરત.

આ હુકમના ઉલ્લંઘન અન્વયે બોમ્બે પોલિસ એકટની કલમ-૧૩૫ તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૧મી ઓગષ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

સંગીતા સિંહ,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનું.

નંબર પલસ/લોકસભા ચૂંટણી/૧૯૯૯/વ/૫૨૪૫ થી ૫૨૯૫/૯૯.- સુરત જિલ્લાના પોલીસ કમિશનર વિસ્તાર સિવાયના વિસ્તારમાં આવેલ મતદાન મથકોના કમ્પાઉન્ડની દિવાલથી તથા મતગણતરી મથકોના કમ્પાઉન્ડની દિવાલથી ચૂંટણી પ્રકિયા દરમ્યાન તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ મતદાન પુરૂ થાય ત્યા સુધી તેમજ ૫મી ઓકટોબર ૧૯૯૯ થી ૭મી ઓકટોબર ૧૯૯૯ ના દિવસ (બંને દિવસો) તેમજ મતગણતરી પુર્ણ થાય ત્યાં સુધી કોઇપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને ૨૦૦ મીટરની અંદર મોબાઇલ તથા સેલ્યુલર ફોન લઇને હરવા ફરવાની પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવાની મનાઇ ફરમાવું છું;

આ હુકમનો ભંગ કરનાર સામે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)(૨) અન્વયેનો.

નંબર પલસ / લોકસભા / ચૂંટણી / તહેવારો / વશી / ૫૫૩૫ થી-૫૬૩૫ / ૯૯.— સને ૧૯૯૯ ની લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ ધાર્મિક તહેવારોમાં દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરૂરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭(૧)(૨) અન્વયે મળેલી સત્તાની રુએ હું, આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત જિલ્લાના અનુસુચિમાં જણાવેલ વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૯ (બંન્ને-દિવસો સુધ્ધાં) કોઈ પણ વ્યકિતએ—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, તલવાર. સોટા, બંદુક, ચાકુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો. અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકત્ર કરવા નહી. તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહીં.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં. ગીતો ગાવા નહી અથવા વાધ વગાડવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહી. તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ-૩૭(૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (છ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હકમનો ભંગ કરશે તો કોઈ પણ પોલીસ અધિકારીએ વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (સુરત) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર વિસ્તાર (સિવાય) .

આ હુકમ કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ--૩૭ અન્વયે.

નંબર પલસ / લોકસભા / ચૂંટણી / વશી / ૫૭૩૬ થી ૫૭૩૭/૯૯.— સુરત જિલ્લામાં સને ૧૯૯૯ ની લોકસભા સામાન્ય ચુંટણી તેમજ ધાર્મિક તહેવારોના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરુરી જાણાયું છે.

વાસ્તે, હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છે કે સુરત (રુરલ) જિલ્લામાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસ સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવુ નહીં તેમજ ચાર થી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસફરી કરવા માંગતા મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમ ચુંટણીના મતદાન કેન્દ્ર મતદાન માટે એકત્રીત થયેલ મતદારોને લાગુ પડશે નહીં.

(૪) ચુંટણીના લોકસભા ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી **સિક્કા** કરી આપ્યો છે.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી.ઓ./ એલ/ વશી-૩૮૨૭-૩૭ / ૯૯:— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, હાલની કારગીલ ક્ષેત્રની સંરક્ષણની કામગીરી તથા આગામી લોકસભાની સામાન્ય ચૂટણીના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર **વિસ્તારમાં** કોઇ પણ સમય માટે તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૯ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સહીત) ના સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદૂક ચપ્પુ, છરી લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ચ) વ્યકિતએ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ, નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ હિથિયાર લઇ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ, અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીશ્રીએ જેને શારીરિક અશકિતના કારણે લાકી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૩૮૨૭-૩૭/૯૯.—જિલ્લામાં હાલની કારગીલ ક્ષેત્ર સંરક્ષણની કામગીરી તથા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મા) ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૩૦મી ઓગષ્ટ ૧૯૯૯ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈસભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નિચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેની થી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ ૧૯૯૯નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૪૬/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલી સત્તાની રુએ હુ ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ આગામી ગણેશચતુર્થી તહેવારને અનુલક્ષીને તથા પ્રવર્તમાન પરિસ્થિતિ જોતાં વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા નીચે પ્રમાણેનો હુકમ કરવો ઈષ્ટ જણાતા વલસાડ જિલ્લા સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ બંને દિવસોના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા,લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈપણ સભામાં જવાની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, હાવભાવ કરવાની, ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ વિગેરે દ્વારા ફેલાવો કરવાની.

કોઈપણ વ્યકિત કે કોઈપણ રાજકીય પક્ષ દેશની સલામતી માટે જોખમ ઉભુ થાય અગર નાત-જાત કે વિવિધ કોમ કે ધર્મ વચ્ચે તંગદીલી કે વૈમનસ્ય ઉભુ થાય અગર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે અથવા સરકારી નીતિનો ભંગ થતો હોય એવા કોઇ છટાદાર ભાષણો જાહેર ખબરો કે તેવા કોઈ પ્રચાર કરી શકશે નહીં અને તે માટે કોઇ માધ્યમનો પણ ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ખંડ(ક) તેમને સરકારી અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા સશસ્ત્રદળ, પોલીસદળ, તેમજ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ ભારતના નિર્વાચન આયોગ તરફથી અધિકૃત કરવામાં આવેલ અધિકારીશ્રી કે કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડ અગર સજા અગર બંને પ્રકારી કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૪૭/૯૯.—જિલ્લામાં આગામી ગણેશ ચતુર્થી તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ, ચુંટણી આચાર સંહિતા સલામતી જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી (બંને દિવસ સુધી) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થનાં માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ -૧૩૫ (૩)મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૬) મુજબનું.

ક્રમાંક ઉ-મકપ/પલસ/વશી/૨૮૨૨ થી ૨૮૮૦.—પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ગણપતી ઉત્સવની ઉજવણી શરુ થનાર છે. સાર્વજનિક સ્થળોએ ગણપતી સ્થાપન કરી જાહેર કાર્યક્રમો રાખવામાં આવે છે. તેજ રીતે ગણપતીના વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન થતાં નાચગાનમાં જુદાજુદા પ્રકારના રંગો, ગુલાલ, અબીલ, વગેરે પદાર્થોનું બહોળા પાયે ઉપયોગ થાય છે. શાંતી સમીતીની મીટીંગમાં થયેલ ચર્ચાઓ રજુઆતો મુજબ આ પ્રસંગોએ કેટલાક વ્યકિતઓ શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખને હાની કરે તેવા પદાર્થ, પાવડર કે ભુકાના સ્વરૂપમાં ઉપયોગ કરે છે. જેથી આવી મુશ્કેલી નિવારવા માટે આંખને તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભુકાનું વિતરણ અને છંટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૬) મુજબ પંચમહાલ જિલ્લાના કોઈપણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય કોઈ સ્વરૂપના પદાર્થને વેચાણ વિતરણ પર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ગણપતી વિસર્જનની શોભાયાત્રા દરમ્યાન કોઈપણ વ્યકિતએ આવો આંખ તેમજ શરીરને હાની પહોંચાડે તેવો પાવડર, ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહી કે તેનો ઉપયોગ કરવો નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર કોઈપણ ઈસમને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યા.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૪૨/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨)ની કલમ-૩૦ (૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનુ હોય એવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્રો અથવા તે શસ્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલિસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ

INDEX

અધિકારીઓ એ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨)માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૪૩/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ ફરલ જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ. : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

ક્રમાંક એમ.એ. જી./-વશી-૫૮૬૨.—અંકલેશ્વર શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે ચૌટાબજાર વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં સવારના ૧૧.૦૦થી રાત્રીના ૮.૦૦નાં સમયે દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ના શુક્રવાર ના રોજ વાહન વ્યવહાર ઉપર અંશત: નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) અન્વયે મેને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં શુક્રવારના દિવસે સવારના ૧૧.૦૦ થી રાત્રીના ૮.૦૦ કલાક સુધી નીચે જણાવેલા માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આ હકમ પોલીસ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતાં હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) અંકલેશ્વર થી હાંસોટ જતા રોડ પૈકી પિરામણ નાકાથી ભરૂચી નાકાનો રસ્તો.

(૨) હાંસોટથી અંકલેશ્વર આવતો રોડ પૈકી ભરૂચી નાકાથી પિરામણ નાકા સુધીનો રસ્તો.

સદર માર્ગ બંધ થવાથી પિરામણનાકાથી સુરતી ભાગોળ થઇ કાગદીવાડ કસ્બાતીવાડ થઇ સર્વોદયનગર થઈ આશીર્વાદ નગર થઇ જકાતનાકા થઇ હાંસોટ તરફ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

ઉરોક્ત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જનના સરઘસમાં ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૧૦મી માહે સપ્ટેમ્બર સને ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક : એમ.એ. જી.-૫વશી-૫૮૭૧.—ભરૂચ શહેર ગણેશ વિર્સજન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં સવારના ૯.૦૦ થી રાત્રીના ૮.૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે સરઘસ નિકળનાર હોવાથી અને તેમા મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય, જયારે જનતાની સલામતી માટે તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ શુક્રવાર નાં રોજ વાહન વ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ

વિસ્તારમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ શુક્રવારના દિવસે સવાર ના ૯.૦૦ થી રાત્રીના ૮.૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઇ ચકલાથી ભોઇવાડ સોનેરી મહેલ સુધી.
(૩) કતોપોર સ્લોપથી કોઠી થઇ સોનેરી મહેલ તરફ.
(૪) હાથીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૫) લાલબજાર, લલ્લુભાઇ ચકલા સુધીનો માર્ગ.
(૬) મોટાબજાર રસ્તાથી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોક્ત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જનના સરઘસમાં ગણપતિની મુર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનુ ઉલ્લંઘન કરનાર સામે કાયદેસના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર સને ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

———

હુકમ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમી કલમ-૩૩(૧)(બી) અન્વયે જાહેરનામું.

ક્રમાંક પી. ઓ. એલ.-વશી-૫૮૭૨.—ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ તથા ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ ગણેશજીની મૂર્તિઓનુ વિસર્જન કરવામાં આવનાર છે. સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. અનુભવે જણાવેલ છે કે, ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સના કારણે શરીરને વિપરિત અસર થાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમની કલ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે ભરૂચ જિલ્લામાં તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ તથા ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ આનંદ ચૌદશ દિવસેના ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે. તેમાં ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૫ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. ભરૂચ.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ ૩૭ ની પેટા કલમ ૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૧)વશી-૬૦૧૯ થી ૩૯/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ એલ.એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતી આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અંગે રજુઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા જીસ્ટોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઇ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાવી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર મહેસૂલી વિસ્તાર તથા ગાંધીનગરના શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફૂવારા, સેક્ટર ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

INDEX

J-48 ના બાકોરા પેજ નંબર જેના નંબર ૨૫૦૨ વર્ષ છે

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સમસ્ય નિવાસ સેકટર ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.
રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઇ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કીસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નં. ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૩) વશી-૬૦૪૦ થી ૫૯/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાર્ટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે. અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે, તે વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂએ હું, એસ. એલ. નિનામા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી કે રેલી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫. સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફવારા સેકટર ૨૧, ૨૨ ના ખૂણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ ૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા તરફનો સમસ્ય નિવાસ સેકટર ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notification issued by the District Registrar, Co-operative Societies Ltd. of *Gujarat Government Gazette* Part I should be *read* to have been published in issue No. 48, of *Gujarat Government Gazette*, Part I, dated 2nd December, 1999 and for pages BHV- 409 to BHV 495, (in 1 set) *read* page Nos. 1368 to 1454.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ લી. દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજપત્ર, ભાગ I માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૯ના ગુજરાત રાજ્યના રાજપત્ર ભાગ I ના અંક ૪૮માં પ્રસિદ્ધ થયેલ છે તેમ વાંચવું અને પાના બીએચવી ૪૦૯ થી બીએચવી ૪૯૫ (૧-સંચમાં) ને પાન નંબર ૧૩૬૮ થી ૧૪૫૪ વાંચવા.

Vadodara, 2nd December 1999.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

I-48 - ઓક્ષવા 409 થી ૪૮-૫ સૂચના જોઓ
1361 પછી લેવા

પરવાનો :

ક્રમાંક : જા. નં.-ઉખશ/વખર/૦૧/ધ-૧૪૪૨/૯૦૭/૮૫.

સને ૧૯૫૯ના મુંબઈ વખારા ધારાના અધિનિયમો અને સને ૧૯૬૦ના મુંબઈ વખારાધારાના કાનૂન અન્વયે શ્રી ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોર્પો. (શાહીબાગ) વખારાધારા શાહીબાગ વખાર મંડળી /જેને હવે પરવાનેદાર તરીકે ઓળખવામાં આવશે. રૂ.૧૦૦/-નું લવાજમ લાયસન્સફી (ભરેલ હોવાથી વખારદારને શાહીબાગ મધ્યે આપેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે.) વખારદાર તરીકે ધંધા ચલાવવાના કાનૂન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને સને ઉપરોકત વખારના કાયદા કાનૂની જોગવાઈને આધીન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૬ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહિ.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહિ.

(૫) નિયત કરેલા અધિકારીની મંજૂરી સિવાય મુંબઈ વખારના કાનૂન નં.-૧૭ થી નક્કી થયેલ દરોના અનુસુચીમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહી.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમની કલમ-૮ અને ૯ અનુસાર સદર પરવાનો પાછા ખેંચવાને યા કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે, ત્યારે પરવાનેદારે તેના બે કબ્જામાં રહેલા વગર વપરાયેલી રસીદોના કબજા વહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૧૧-૧૦-૧૯૮૫.

પરવાનો :

જા. નં.-ઉખશ/વખર/૦૧/ધ-૧૪૪૪/૯૦૮/૮૫.

સને ૧૯૫૯ના મુંબઈ વખારા દ્વારાના અધિનિયમો અને સને ૧૯૬૦ના મુંબઈ વખારા ધારાના કાનૂન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસ કોર્પોરેશન વખારા ધારા શાહ આલમરોડ વખાર મંડળી (જેને હવે પરવાનેદાર તરીકે ઓળખવામાં આવશે. રૂ. ૨૬૦૪/-નું લવાજમ લાયસન્સ ફી) ભરેલ હોવાથી વખારદારને શાહઆલમ મધ્યે આપેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે.) વખારદાર તરીકે ધંધા ચલાવવાના કાનૂન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને સને ઉપરોકત વખારના કાયદા કાનૂનનો જોગવાઈને આધીન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૬ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહિ.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ-સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજૂરી સિવાય મુંબઈ વખારના કાનૂન નં.-૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસૂચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહિ.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમની કલમ-૮ અને ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાને યા કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદારે તેના બે કબ્જામાં રહેલા વગર વપરાયેલી રશીદોના કબજો વહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૧૧-૧૦-૧૯૮૫.

પરવાનો :

જા. નં.-ઉખશ/વખર/૦૧/ધ-૧૪૪૩/૯૦૯/૮૫.

સને ૧૯૫૯ના મુંબઈ વખારા ધારાના અધિનિયમો અને સને ૧૯૬૦ના મુંબઈ વખારાધારાના કાનૂન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર-હાઉસ કોર્પોરેશન વખારાધારા નારોલ વખાર મંડળી. (જેને હવે પરવાનેદાર તરીકે ઓળખવામાં આવશે. રૂ. ૫૦૦/-નું લવાજમ લાયસન્સ ફી) ભરેલ હોવાથી વખારદારને નારોલ મધ્યે આપેલ વખારનો સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે) વખારદાર તરીકે ધંધા ચલાવવાના કાનૂન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને સને ઉપરોકત વખારના કાયદા કાનૂનની જોગવાઈને આધીન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૬ સુધીની મુદતનો છે

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહિ.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજૂરી સિવાય મુંબઈ વખારોના કાનૂન નં.-૧૭ થી નક્કી થયેલ દરોના અનુસૂચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહિ.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમની કલમ-૮ અને ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાને યા કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

INDEX

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદારે તેના એ કબજામાં રહેલા વગર વપરાયેલી રસીદોના કબજા વહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૧૧-૧૦-૧૯૮૫.

પરવાનો :

જા. નં. ઉખસ/વખર/૦૧/ધ-૧૪૪૬/૯૧૦/૮૫.

સને ૧૯૫૯ના મુંબઈ વખારા ધારાના અધિનિયમો અને સને ૧૯૬૦ના મુંબઈ વખારા ધારાના કાનૂન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસ કોર્પોરેશન વખારાધારા ઈસનપુર વખાર મંડળી (જેને હવે પરવાનેદાર તરીકે ઓળખવામાં આવશે. રૂા. ૭૫૪/-નું લવાજમ લાયસન્સ ફી) ભરેલ હોવાથી વખારદારને ઈસનપુર મધ્યે આપેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે.) વખારદાર તરીકે ધંધા ચલાવવાના કાનૂન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને સને ઉપરોકત વખારના કાયદા કાનૂનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૬ સુધીની મુદતનો છે

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહિ.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહિ.

(૫) નિયત કરેલા અધિકારીની મંજૂરી સિવાય મુંબઈ વખારોના કાનૂન નં.-૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસૂચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહિ.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમની કલમ-૮ અને ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાને યા કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદારે તેના જે કબજામાં રહેલાં વગર વપરાયેલો રસીદોના કબજો વહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૧૧-૧૦-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક નં.-ઉખસ/નધણ/૧૩૯/ક/૧૯૭૭ ભ/૩૩૮૯/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ન્યુ જ્યોતિ ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧ની કલમ-૯(૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૪-૧૦-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક : નં.-ઉખસ
ક્રમાંક : નં.-ઉખશ/નધણ/૧૩૯/ક-૩/ભ-૩૩૯૦/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મીના બજાર ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકે સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯(૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૫-૧૦-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક : નં.-ઉખશ/નધણ/૧૩૯/ક-૩/૧૯૯૧/ભ/૩૩૯૧/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગણનાયક ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૫-૧૦-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક : નં.-ઉખસ/નધણ/૧૩૯/ક-૩/૨૦૨૩/ધ-૧૦૮૨૧./૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, દર્શન શોપ્સ એન્ડ કોમર્શીયલ કો. ઓ. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૨ની કલમ ૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩૦-૧૦-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક : નં-ઉખશ/નધણ-૧૩૯/ક-૩/૨૦૩૪-ભ-૩૩૯૩/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આશિવાદ ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૫-૧૧-૮૫.

વંચાણે લીધા :
(૧) આ કચેરીનો હુકમ ક્રમાંક : સપવ/ડ/૧૫૩/૩૪૫૨ તા. ૧૫-૧૧-૮૦.
(૨) વહીવટદારશ્રીનો તા. ૮-૧૧-૮૫નો પત્ર.

INDEX

હુકમ :

જા. નં.-સપવ/ખ/૨૧૧૨/૮૫.

હું જી. કે. ફકીર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯-૬૧ની કલમ ૮૧(૩) અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ ઉકત વંચાણે લીધેલ (૧) થી યશપાલ એપાર્ટમેન્ટ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ ઉપર નિમાયેલ વહીવટદારની અવધી તા. ૧૨-૧-૮૫ના રોજથી પૂરી થયેલ જાહેર કરતો હુકમ કરૂં છું.

વહીવટદારશ્રીએ નવી કમીટીની રચના કરી મંડળીનો વહીવટ કમીટીને સુપ્રત કરવાનો રહેશે.

અમદાવાદ, તા. ૨૧-૧૧-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર :

ક્રમાંક : નં.સે-૨૧૧૦૯ (પ્ર)/૧૩૯-અ/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સતગુરૂં કો. ઓપરેટીવ ક્રેડીટ સો. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૯ (૧)-(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૨-૧૧-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર.

ક્રમાંક : નં.-ધ-૧૦૮૨૩/ઉખસ/નધણ/૧૩૯/૧/૨૧૭૦/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ન્યુ. જયશ્રી કો. ઓ. હાઉ. સો. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૨-૧૧-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નં.-ઉખસ/નધણ/ક/૧૩૯/૨૨૯૧/૧૦૮૨૨/૮૫

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સમીર એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉ. સો. લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૯(૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨-૧૨-૧૯૮૫.

નોંધણીનું પ્રમાણપત્ર :

ક્રમાંક નં.-ઉખસ/નધણ/ક/૧૩૯/૨૩૯૨/૩૩૯૪/૮૫.

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જવાલા ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી. જિલ્લો અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૯ (૧)(અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩-૧૨-૧૯૮૫.

જી. કે. ફકીર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર) અમદા.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના આદેશ ક્ર. ફડચ/ચ-૩/૨૨૦/૮૫ તા. ૧૬/૨/૮૫.
(૨) અમદાવાદ ડી. કો. ઓ. બેન્ક લી. અમદાવાદનો તા. ૧/૧૦/૮૫નો પત્ર.

હુકમ

ક્રમાંક:ઉખસ/ફડચ/ચ/૩/૧૧૭૮/૮૫.

૩.	શ્રી એચ. આર. દોડીયા.	(૩૧) આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ વડોદરા.	...
૪.	શ્રી જે. કે. સુરતી	(૧૫) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ (એસ. ડી.) વડોદરા.	...
૫.	કુ. એ. આર. શીંદે	(૨૧) આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	...
૬.	કુ. એસ. વી. કોરડે	(૨૯) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જે. ડી) ડભોઇ.	...
૭.	કુ. વી. એસ. શીવાપુરકર	(૨૫) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (એસ. ડી.) વડોદરા.	...
૮.	શ્રી પી. આર. કાપડીયા	(૧૮) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (એસ. ડી.) વડોદરા.	...
૯.	શ્રી એચ. વી. ચૌહાણ	(૧૮) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જેડી) શીનોર.	...
૧૦.	કુ. પી. બી. રાણા	(૧૭) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જે. ડી.) કરજણ.	...
૧૧.	શ્રી ડી. આર. ગાંધી	(૨૬) આસીસ્ટન્ટ જે. એમ. એફ. સી. સેકન્ડ કોર્ટ, વડોદરા.	...
૧૨.	શ્રી આર. આર. ચૌહાણ	(૨૪) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે.ડી) કરજણ.	...
૧૩.	શ્રીમતી એસ. પી. ભાવે	(૨૮) આસીસ્ટન્ટ જે. એમ. એફ. સી ત્રીજી કોર્ટ, વડોદરા.	...

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાય ખાતાની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા હોવા છતાં તેઆને તેમના નામ સામે જણાવેલ પ્રશ્નપત્રોમાંથી મુકિત આપવામાં આવે છે

			પેપર નંબર
૧.	શ્રી કે. એન. વસાવા.	(૪)આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે.ડી.) સંખેડા,	૨
૨.	શ્રી એન. આર. વસાવા.	(૫) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જે.ડી.) છોટાઉદેપુર.	૨
૩.	શ્રી જે. જે. તડવી.	(૮) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જે. ડી.) સંખેડા.	૨
૪.	શ્રી એન. બી. વસાવા.	(૯) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) શીનોર.	૨
૫.	શ્રી એ. બી. તડવી.	(૧૨) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) પાદરા.	૨
૬.	શ્રી ડી. ડી. રાઠવા.	(૧૩) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) સંખેડા.	૨
૭.	આઇ. એચ. રાઠવા.	(૧૪) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) છોટાઉદેપુર.	૨
૮.	કુ. જે. આર. અધ્યારૂ.	(૧૯) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (અસ. ડી.) વડોદરા.	૧
૯	કુ. પી. એસ. સીન્દકર.	(૨૨) આસીસ્ટટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા	૧ અને ૨

વડોદરા, તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૯.

આર. એમ. પરમાર,
ડીસ્ટ્રીકટ જજ,
વડોદરા.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ૨૨માંની) કલમ-૪૩ (૧) મુજબનો હુકમ.

નંબર ઉ/ગ .ક/૪૬૧/વિ.શા./૧૯૯૯.—તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ સુધી મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શાહ આલમ રોજા પાસે ભરાનાર ઉર્સ મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેર મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઇ યાત્રાળુ પીવાના પાણીનાં તળાવમાં કે કવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણાં મેળાના વિસ્તારમાં કોઇ વેચી શકશે નહીં. ફરજ ઉપર હાંજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડશે.

(૩) ખાસ નકકી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઇપણ બીજી જગ્યાએ કોઇપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલાં આરોગ્ય નિરીક્ષક ચાની તથા ઠંડા પીણાંની અને ખાનપાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

INDEX

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવામાટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે. અને મરકી શીતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલીક મેળા વિસ્તાર બહાર ખસેડી શકાશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધીના દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ

નંબર ઉ/ગપક/૪૬૨/વિ.શા./૧૯૯૯ :—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુંનહીં. અગર કોઇ સભા ભરવી કે બોલાવી નહી, તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક/ઉપક/૮૨/૯૯ :—આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાએએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતા આવતા ઇસમોને રોકી બળજબરી થી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીનો ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસદાયક કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ અથવા ઇજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હલ્લડ થવાની પ્રબળ શકયતા રહે છે, અને તેમ થતું અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩થી કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટેના પૂરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારૂ માનવું છે.

તેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે.

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરની, હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૯ (બંને દિવસો સહિત) દરમ્યાન કોઇપણ વ્યકિતએ કોઇપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો યા ઇસમો પાસેથી નવરાત્રી કે દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહિ, અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનોને રોકવા નહી. નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઇ અશ્લિલ અરૂચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કોઇપણ કૃત્યો કરવા નહિ.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક જીજી/૩૬૫/૭૯/એસબી/૧/સીએલએ/ ૧૦૮૦/૧૦૭૨૬/તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૭૯ થી એક પોલીસ અધિકારનો અને બિન જામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

હુકમ

ક્રમાંક ઉ/ગપક/આઇ/૩૭૨/૨૧૫૦/૯૯. —અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાસ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે, તે સદરી જગ્યા પર તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૯ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૯ સુધીના સમય દરમીયાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઇ સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારૂ સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમની કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું :–

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૯ સુધી સવાર કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુ રહીશો તેમાં બહારની કોઇપણ અધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર ઢાંખર ને પ્રવેશ આપવો નહી. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઇસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૯ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મેં આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ સહી કરી સિકકા માર્યાં છે.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશ્નર,
અમદાવાદ સહેર.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી મુજબનું.

ક્રમાંક નંબર ઉ/ગ ન્ક/એસ.બી. / ગણુપતિ / જાહેરનામું / ૨૮/૯૯.—આગામી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં રોજ સુરત શહેરમાં યોજવામાં આવનાર ગણપતિ વિસર્જન યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર અન્ય તમામ વાહન વ્યવહારનાં ટ્રાફિક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જરૂરી બનતી હોવાથી હું કે. એ શર્મા, આઈ. પી.એસ. પોલીસ કમિશનર સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ની સને ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રુએ આથી ફરમાન કરું છું કે,—

તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૯નાં રોજ ગણપતિ વિર્સજન યાત્રા દરમ્યાન કલાક ૦૮--૦૦ થી વિસર્જન કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલા માર્ગોનો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને બંધ કરેલા માર્ગોનો વાહન વ્યવહાર અન્ય વૈકલ્પીક માર્ગોથી પસાર થશે.

અનું.	બંધ કરેલ માર્ગો	સુચવેલ વૈકલ્પીક માર્ગ-વ્યવસ્થા
૧	૨	૩
(૧)	દિલ્હીગેટથી સીનેમા રોડ થઈ,--થઈ, ચોકબજાર તરફ જતો ટ્રાફિક દિલ્હીગેટ પોલીસ ચોકી પાસેથી-બંધ કરવામાં આવશે.	આ રસ્તાનો ટ્રાફિક-દિલ્હીગેટથી રીંગ રોડા-માર્ગે આગળ જઈ--શકશે.
(૨)	ગલેમંડી પોલીસ ચોકીથી ણીની-ટાંકી તરફ આવતો દારુખાના રોડ ગલેમંડી ગેટથી બંધ કરવામાં--આવશે.	
(૩)	ગલેમંડીથી ભવાનીવડ તરફ આવતો રસ્તો ભવાની માતા મંદિર પાસેથી-બંધ રહેશે, રુવાળા ટેકરા તરફ થઈ શકાશે નહીં.	...
(૪)	કાંસકીવાડથી કળજુગ મહોલ્લો થઈ ભવાની માતાના મંદિર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	
(૫)	રુવાળા ટેકરાથી શાકભાજી માર્કેટ-તરફનો રસ્તો રુવાળા ટેકરાથી બંધ રહેશે.	
(૬)	નવસારી બજાર ચાર રસ્તાથી ભાગળ તરફ કોટસફીલ રોડ વાયા રુવાળા-ટેકરા પીરછડી રોડથી દિલ્હી ગેટ-સુધી.	(૧) નવસારી બજાર--ચાર રસ્તાથી હનુમાન-ચારરસ્તા ગોપીપુરા-ચોકી, ખપાટીયા ચકલા ચૌટાપુલ નીચે થઈ-નાણાવટ થઈ, મહા--નગરપાલીકા રસ્તેથી-જશે. (૨) નવસારી બજાર-ચારરસ્તા તરફથી આવતો ટ્રાફિક-રાજેશ્રી સિનેમા, ઢેડ તલાવડી, કૈલાસનગર મજુરાગેટથી રીંગરોડ--જશે.
(૭)	નવાપુરા કરવારોડથી પારસી શેરી-તરફનાં રાજમાર્ગ ચારરસ્તાથી બંધ કરવામાં આવશે.	
(૮)	લીનીયર બસ સ્ટેન્ડ સામે હોટલ-સમ્રાટની બાજુમાં ડાંગી શેરી તરફ જતો રસ્તો ટ્રાફિક અને ગણપતિ-માટે બ્લોક રહેશે.	
(૯)	કાંસકીવાડ બસ સ્ટેન્ડથી કળજુગ-મહોલ્લા તરફ જતો રસ્તો તેમજ-કળજુગ મહોલ્લો શરૂ થાય તેના--નાકા થી ભવાનીવાડ તરફ જતો રસ્તો વાહનો ગણપતિ માટે બંધ-રહેશે.	
(૧૦)	ગોળવાળા ચકલાા પશ્ચિમ તરફનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે-બંધ રહેશે.	...
(૧૧)	સૈયદપુરા પંપીંગ સ્ટેશનથી હરીજન વાસ, રાણીતળાવ બસ સ્ટેન્ડ, ભાજી વાળી પોળ, ભાગળ તરફ આવતા ડાબા હાથ તરફથી તમામ ગલીઓ બેરીકેટીંગ કરવાથી બંધ રહેશે.	...
(૧૨)	ડી. કે. એમ મુલ્લાજીની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે.	...
(૧૩)	રુખમાબાઈ હોસ્પીટલથી નાણાવટ તરફ જતો રસ્તો વાહનો માટે બંધ રહેશે.	...
(૧૪)	લાલગેટથી સૌદાગરવાડ તથા નાણાવટ તરફ જતો રસ્તો તેમજ ચોકી પાછળની ખાલી જગ્યા વાહન-વ્યવહાર અને ગણપતિ માટે બંધ રહેશે.	...
(૧૫)	ચોકબજાર સર્કલ પાસે ચોકબજાર--પોલીસ સ્ટેશન તરફ જવાનો--રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે,	...

૧	૨	૩
(૧૬) ઠાકોરભાઈ મીઠાઈવાલાના ગલીની-- એન્ટ્રી લીમડા શેરી આગળ-- આવેલ બંને ગલીઓ, લાલગેટ-સામે મુસા ચશ્માઘરની ગલી,-લાબેલા સામે ચૌટાબજારમાં-- જવાનો રસ્તો, રુખમાબાઈ હોસ્પીટલની સામેની ગલી, સલીમભાઈ સોપારીવાલાના ઘર તરફ જતી-ગલી, સિલ્ક હાઉસનો રસ્તો-તથા મ્યુઝીમય તરફ જવાનો રસ્તો-વાહનો ગણપતિ માટે બંધ રહેશે.	...	
(૧૭) રુવાળા ટેકરાથી ભાગળ આવતો-- રસ્તો બંને બાજુ ગણપતિ તથા-- વાહનો માટે બંધ રહેશે.	...	
(૧૮) નવસારી બજાર ચારરસ્તાથી-ભાગળ કોટસફીલ રોડ વાયા રુવાળા ટેકરા પીરછડી રોડથી દિલ્હીગેટ તરફ જવાનોરસ્તો.	...	
(૧૯) હોપપુલમી આવતો તેમજ ચોક-બજાર ગાંધીજીની પ્રતિમા તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે.	...	
(૨૦) સાગર હોટલથી ગાંધીજીની પ્રતિમા તરફ આવતો રસ્તો સીવીલ હોસ્પીટલ પાસેથી બંધ રહેશે.	...	
(૨૧) ચાર ગલીમાંથી ચોકબજાર ટ્રાફિક-સર્કલ તરફ આવતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	...	
(૨૨) ગોવાલક તરફથી ખરવરનગર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	...	

સરકારી સેવાના આવશ્યક વાહનો પોસ્ટલ વાહનો, ફાયરબ્રીગેડ. એમ્બ્યુન્સ વાહનોનું ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૯ રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) ૩ હેઠળ.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી/જાહેરનામું/૨૯/૯૯ :—લોકસભા ચુંટણી સને ૧૯૯૯ અંગે ૨૪ સુરત સંસદીય મત વિસ્તાર તથા ૨૫ માંડવી સંસદીય મત વિસ્તારની થયેલ તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ ની ચુંટણી અંગે મતદાનની મતગણતરી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ સવારે કલાક ૮-૦૦ વાગ્યાથી થનાર છે. મત ગણતરીના સ્થળો નીચે મુજબના છે. ઉપરોકત મત ગણતરી સમયે સુલેહશાંતી જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર મત ગણતરી સ્થળોની આજુબાજુમાં ૧૦૦ મીટર ઘેરાવામાં ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું કે.એન.શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર સુરત શહેર મને મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની પેટા કલમ-૩૭ (૧)૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહુ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ના રોજ કલાક ૦૦-૦૦ થી મત ગણતરી પૂર્ણ થાય તે તારીખ તથા સમય સુધી ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઇ ફરમાવું છું.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના નીચે મુજબના મત ગણતરીના સ્થળો.

(૧) એસ. વી. આર. એન્જી. કોલેજ, ઇચ્છાનાથ, સુરત.
(૨) ડો. એસ. એન્ડ એમ. ગાંધી એન્જી. કોલેજ, મજુરાગેટ, સુરત.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) મત ગણતરી કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૩) કોઇ લગ્નના વરઘોડાને કોઇ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબનું.

ક્રમાંક નંબર/ટફઙ/મૌની/ઓવારા/૨૨૩૭.—આગામી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ સુરત શહેરમાં યોજવામાં આવનાર ગણપતિ વિસર્જન યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર ટ્રાફિક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જરૂરી બનતી હોવાની હું કે. એન. શર્મા, આઇ. પી. એસ પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાન કરું છું.

INDEX

તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન કલાક ૦૬-૦૦ થી વિસર્જન કાર્યપુર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલ માર્ગોનો વાહન વ્યવહાર ગણપતિ વિસર્જનના વાહનો સિવાય બંધ રહેશે.

(૧) ગૌશાળાથી મોદી મહોલ્લો વૈદરાજનો ઓવારા સુધી, પુષ્પક સોસાયટીના ત્રણ રસ્તાથી વૈદરાજના ઓવારા સુધી અશ્વનીકુમાર

(૨) ગણપતિ વિસર્જનના વાહનો ગૌશાળાથી મોદી મોહલ્લાથી અંદર પ્રવેશી ગણપતિ વિસર્જન કરી પુષ્પક સોસાયટી થઈ બહાર જશે.

સરકારી સેવાના આવશ્યક વાહનો પોસ્ટલ વાહનો, ફાયરબ્રીગેડ એમ્બ્યુલન્સ વાહનોનું ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના) ની કલમ-૩૩ ની પેટા કલમ હેઠળ (૧) બી હેઠળ.

ક્રમાંક ઉગપક/ટફક/ગણપતી વિસર્જન / ૧૬૭૪/૯૯.—વડોદરા શહેરમાં આવતી કાલે તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ ગણેશ વિસર્જન અંગેનો ધાર્મિક તહેવાર હોઈ અને જાહેર જનતાની સલામતી તેમજ ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે તે હેતુથી આ જાહેરનામું તાત્કાલિક બહાર પાડવાની જરૂર હોવાથી હું જે. મહાપાત્ર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર અને પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માંની) કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલી સત્તાની રૂએ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના કલાક ૯-૦૦ થી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના કલાક ૦૬-૦૦ (સવારના) સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે જાહેરનામું બહાર પ્રસિધ્ધ કરું છું.

જાહેરનામાની વિગત

(૧) સવારના કલાક ૯-૦૦ વાગ્યાથી જયાં સુધી ગણપતી વિસર્જન પુરો ન થાય ત્યાં સુધી ન્યાયમંદિરનો ચારે બાજુનો તથા માંડવીના ચારે દરવાજાનો વિસ્તાર તથા સુરસાગરના ચારે બાજુનો જુનો વિસ્તાર સંપુર્ણને "નો પાર્કિંગ" ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. અને આ વિસ્તામાં ગણપતી વિસર્જન માટે ગણપતીની મૂર્તિઓ લઈ જનાર વાહનો તથા પોલીસ અને ગણપતી વિસર્જનના સેવામાં જોડાયેલા બીજા ખાતાના વાહનો સિવાય બાકીના કોઈપણ વાહનો પ્રવેશી શકશે નહીં.

(૨) કલાક ૯-૦૦ વાગ્યાથી આર્યુવેદિક દવાખાના ચાર રસ્તાથી પાણીગેટ થઈ માંડવી આવતો તમામ ટ્રાફિક તથા સંગમ ચાર રસ્તાથી માંડવી તરફ અને નાની શાકમાર્કેટથી ચોખંડી ચાર રસ્તા થઈ માંડવી તરફ અને તેવીજ રીતે કોઠી ચાર રસ્તાથી રાવપુરા થઈ માંડવી તરફ અને દાંડીયા બજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તાથી અને નાગરવાડા ચાર રસ્તા તથા પથ્થરગેટ ચાર રસ્તાથી કોઈપણ વાહન ન્યાયમંદિર તેમજ સુરસાગર તળાવ તરફ આવી શકશે નહીં.

(૩) કલાક ૧૨-૦૦ વાગ્યાથી વિશ્વામિત્રી (બરોડા ઓટોમોબાઈલસ) થી સેન્ટ્રલ જેલ રોડ થઈ રાજમહેલ રોડ થઈ લાલબાગ થઈ ફોર વ્હીલ જઈ શકશે અને બરોડા ઓટોમોબાઈલ્સ થી આરાધના સનેમા થઈ કોઠી ચારરસ્તા થઈ ફોરવ્હીલર જઈ શકશે નહી અને તેવીજ રીતે રાજમહેલ મેઈન ગેટથી અને નર્સિગ હોમથી શહેર તરફ કોઈપણ ફોર વ્હીલર જઈ શકશે નહી

(૪) કલાક ૧૨-૦૦ વાગ્યાથી વિશ્વામિત્રીથી રાજમહેલ તરફ જવાના રસ્તેથી તથા દાંડીયા બજાર ચાર રસ્તા માર્કેટ ચાર રસ્તા તરફ જવાના રસ્તે તેમજ વિશ્વામિત્રી બ્રીજ થઈ આરાધના સીનેમા તરફ જવાના રોડ થઈ સલાટવાડા નાગરવાડા ચાર રસ્તા સુધી અને કોઠી ચાર રસ્તા સુધીનો રસ્તો ફકત 'ટ' થ્રી વ્હીલર જઈ શકશે. જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવરજવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે :—

(૧) પાણીગેટ થી શહેર તરફ આવતો તમામ ટ્રાફિક આયુર્વેદિક થી ગાજરાવાડી પાણી ટાંકી થઈ વિહાર સીનેમા થઈ ૭.ગોત્રી એપાર્ટમેન્ટ થઈ જયરત્ન બિલ્ડીંગ સરદાર પટેલ માર્કેટ થઈ મોતીબાગ તોપ ત્રણ રસ્તા થઈ ખુલ્લો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તા થી વારસીયા થઈ પાણીગેટ જવાનો રસ્તો તમામ ખુલ્લો રહેશે.

(૩) સંગમ ચાર રસ્તા થી કારેલીબાગ થઈ મુકતાનંદ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ શાસ્ત્રીબ્રીજ થઈ અલકાપુરી જવાશે તેવીજ રીતે માણેક પાર્ક ચારરસ્તાનો તમામ ટ્રાફિક વી.આઈ. ી. રોડ થઈ અલકાપુરી તરફ જવા માટે ખુલ્લો રહેશે.

(૪) એસ. ટી. ડેપોથી બસો માટેની વ્યવસ્થા સારૂં ડભોઈ તરફથી આવતી તમામ બસો પ્રતાપનગર બ્રીજ થઈ મકરપુરા પોલીસ સ્ટેશન થઈ રાજમહેલ રોડ થઈ કીર્તીસ્તંભ અને સ્ટેશન તરફ જઈ શકશે.

(૫) વાઘોડીયા તરફની આવતી તમામ એસ. ટી. બસો શહેર તરફ આવી શકશે નહીં. જેના બદલે બાપેદ જકાતનાકાથી વારસીયા રીંગરોડ થઈ અને વીઆઈપી રોડ થઈ સ્ટેશન તરફ જઈ શકાશે

(૬) સીટી એસટી બસો ડેપોમાંથી ઉપડતી બસો જેવી કે માંડવી વાયા ટાવર ન્યાયમંદિર પાણીગેઢની બસો કલાક ૧૦-૦૦ થી ગણપતી વિસર્જન પુરો ન થાય ત્યાં સુધી આ રૂટ ઉપર જઈ શકશે નહી. જેના બદલે કાળાઘોડા સર્કલ થી નરહરી સર્કલ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ મુકતાનંદ થઈ સંગમ ચાર રસ્તા થઈ કીશનવાડી થઈ પાણીગેટ તરફ જઈ શકશે. અને તેજ રૂટ ઉપરથી પરત જઈ શકશે.

(૭) શહેર સીટી એસટી ડેપોમાંથી જે મકરપુરાની બસો વાયા ટાવર માંડવી, નાની શાકમાર્કેટ થઈ પ્રતા નગર બ્રીજ થઈ જે બસો જાય છે. તે ઉપરોકત સમયમાં જઈ શકશે નહિ. જેના બદલે કાળા ઘોડા સર્કલથી જેલ રોડ થઈ રાજમહેલ રોડ થઈ લાલબાગ સર્કલ થઈ મકપુરા તરફ જઈ શકશે અને તેજ રૂટની બસો વાયા દાંડીયાબજાર માર્કેટ ચાર રસ્તા થઈ પ્રતા નગર લારીલપ્પા રોડ ઉપર જઈ શકશે નહી.

મેં આજરોજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

BY THE DISTRICT MAGISTRATE

Notification

Order requiring the presence of detenue under-section 8 of the Gujarat Prevention of Anti-social Activities Act, 1985.

No. PASA/4/1992.— Whereas a Detention Order No. PASA/4/1999, has been made by me in respect of Shri Mahendra Budhiyabhai Chaudhary, R/o. Village-Umarvav, Taluka-Vyara, District-Surat on-27th August, 1999.

Whereas it is reported that the said Shri Mahendra Budhiyabhai Chaudhary is absconding or concealin himself to avoid the service of the above detention order.

Now, therefore, under the powers vested in me under section 8 of the Gujarat Prevention of Anti-social Activities Act, 1985, I, Smt. Sangeeta Singh IAS, District Magistrate, Surat hereby require the said Shri Mahendra Budhiyabhai Chaudhary who is stated to be belonging to village-Umarvav, Taluka Vyara, District-Surat to appear at Police Station, Vyara, District Surat or at the office of the District Superintendent of Police, Surat Rural, Chowk--Bazar, Killa, Surat within fifteen days of the date of publication of this order in the official Gazette.

Issued under my seal and approval on this 28th-September, 1999.

SANGEETA SINGH,
District Magistrate, Surat.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા-૧૯૮૫ ના કલમ-૮ હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ.

નંબર પાસા/૪/૯૯ :—અત્રેના હુકમ નંબર પાસા/૪/૯૯ તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૯ અન્વયે શ્રી મહેન્દ્રભાઇ બુધીયાભાઇ ચૌધરી રહેવાસી ઉમરવાવ નજીક તાલુકો વ્યારા જીલ્લો સુરતને અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી મહેન્દ્રભાઇ બુધીયાભાઇ ચૌધરી તેઓ ભાગી ગયા છે અથવા તેમનાં ઉપર ઉપરોકત હુકમનો અમલ ન થઇ શકે તે માટે નાંસતા સંતાતા ફરે છે.

જેથી હું, સંગીતાસિહ, આઇ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારો, ૧૯૮૫ની કલમ-૮ અન્વયે મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે ઉપરોકત શ્રી મહેન્દ્રભાઇ બુધીયાભાઇ ચૌધરીએ વ્યારા પોલીસ સ્ટેશનમાં અથવા જીલ્લા પોલીસ અધિકારી સુરત ગ્રામ્યની કચેરી ચોકબજાર કિલ્લામાં સુરત મુકામે આ હુકમ સરકારી ગેઝેટમાંપ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫માં હાજર થવું.

મારી સહી અને સિકકો તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ કરી આપ્યો.

સંગીતા સિહ,
જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (સી) હેઠળનો હુકમ.

ક્રમાંક એમ.એ.જી/જા.નં,વશી-૨૯૯૮ :—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માંની) કલમ ૩૩ (૧) (સી) આધારે મને મળેલ સત્તાની રૂએ, હું બી. બી. સ્વેન, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદો અને તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઇપણ વાંધાઓ સૂચનાઓ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ભરૂચ તરફ લેખિત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારાં કરવામાં આવશે.

જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની મુદત બાદ મળેલ વાંધા સૂચનાઓ ધ્યાને લેવામાં આવશે નહી.

પ્રાથમિક જાહેરનામાનો મુસદો.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૩ની પેટા, કલમ-(૧) (સી) થી મળેલી સત્તાની રૂએ જંબુસર શહેર મ્યુનિસિપલ હદમાંજદા જદા સ્થળોએ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબના રિક્ષા સ્ટેન્ડ અને પરિશિષ્ટ "બ" માં જણાવ્યા મુજબના જીપ/ટેમ્પો સ્ટેન્ડ નકકી કરવા આથી હુકમ કરૂ છું.

આજ તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી. પોલ. વશી. ૮૯૭૨ થી ૯૦૪૨/૯૯.—વડોદરા જિલ્લામાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ ગણેશજીની મુર્તિઓનું વિસર્જન કરનાર છે. ગણેશજીના વિસર્જનની શોભાયાત્રા માં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. અને ગણેશજીની વિર્સજનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા અબીલ ગુલાલ સાથે કેમીકલ યુકત પાવડરનો છુટથી ઉપ-યોગ કરવામાં આવતો હોય છે. જે પાવડરથી લોકોના શારીરિક સ્વાસ્થ્યને નુકસાન કરે છે. જેથી ગણેશજીની મુર્તિઓની શોભાયાત્રા દરમ્યાન આવા કેમીકલયુકત ઝેરી પાવડરના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

જેથી હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ. ૩૩(૧)(યુ) અન્વયે મને મળેલ સત્તાની રુઇએ ફરમાવું છું કે વડોદરા જિલ્લાના તમા મ

INDEX

ગ્રામ્યવિસ્તાર (પોલીસ કમિશનર શ્રી વડોદરા શહેર વિસ્તાર સિવાય) માં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના આનંદ ચૌદશના દિવસે ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે. તેમાં માનવ સ્વાસ્થ્યને નુકશાન કરે તેવા ઝેરી પાવડરનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ, ૧૩૧ પ્રમાણે સજા અને દંડ પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૭(૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી/ ૩૧૯૬ થી ૩૨૪૬.—આગામી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૯ દરમ્યાન લોકસભા ચુંટણી ૧૯૯૯ની મત ગણતરીની કામગીરી યોજાનાર હોઇ તથા નવરાત્રી અને દશેરા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને મત ગણતરી શાંતીમય વાતાવરણમાં યોજાય અને તહેવારો દરમ્યાન શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ, ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૯ (બંને દિવસો સહિત)

ક. શસ્ત્રો. દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો. લાકડા કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઇ જવું નહીં.

ખ. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહીં.

ગ. પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઇ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અપમાન કરવાનાં અથવા જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહી.

ઘ. જેનાંથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવુ કોઈપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીનાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતનાં કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આજ રોજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયરીંગ/તલમ/રજી/૪૮/૯૯ :— લેફ. કમાન્ડીંગ ઓફીસરશ્રી કોસ્ટગાર્ડ એર સ્ટેશન દમણના પત્ર નંબર ૩૧૧/૬ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ થી જણાવ્યાનુસાર સ્મોલ આર્મ્સનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હુ, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ અને અને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મળેને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગામ જીલ્લો વલસાડના ૨ કી.મી. વિસ્તારમાં તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૯ સુધી સમય સવારે ૭.૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઇ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આવવા મનાઇ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઇજા ન થાય તે માટે જાહેર જનતાને અસાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નં. ડીસીબી /એમએજી/ બીપીએ/રજી. ૪૯/૯૯.—જિલ્લામાં લોકસભાની સામાન્ય ચુંટણીઓ અનુલક્ષીને જાહેર શાંતિ, ચુંટણી આચાર

INDEX

સંહિતા સલામતી જાળવવા સારુ તથા નવરાત્રી, દશેરાના મહોત્સવ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા સાર માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૯ સુધી (બંને દિવસ શુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ.ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી /એમએજી/ બીપીએ/ રજી. ૫૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, શ્રી,વલસાડ લોકસભાની સામાન્ય ચુંટણી નિમિત્તે નિર્વાચન આયોગ તરફથી મળેલી સુચનાઓને ધ્યાનમાં રાખીને નવરાત્રી, દશેરા મહોત્સવ દરમ્યાન વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા નીચે પ્રમાણેનો હુકમ કરવો ઈષ્ટ જણાતા વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૯ બંને દિવસોના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારિરીક ફહસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈપણ સભામાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની, અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, હાવભાવ કરવાની, ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ વિગેરે દ્વારા ફેલાવો કરવાની.

કોઈપણ વ્યકિત કે કોઈપણ રાજકીય પક્ષ દેશની સલામતી માટે જોખમ ઉભુ થાય અગર નાત-જાત કે વિવિધ કોમ કે ધર્મ વચ્ચે તંગદીલી કે વૈમનસ્ય ઉભુ થાય અગર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે અથવા સરકારની નીતિનો ભંગ થતો હોય એવા કોઇ છટાદાર ભાષણો જાહેર ખબરો કે તેવા કોઈ પ્રચારપ્રસાર કરી શકશે નહીં અને તે માટે કોઇ માધ્યમનો પણ ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ખંડ (ક) સરકારી અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, તથા સશસ્ત્રદળ, પોલીસદળ, તેમજ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ ભારતના નિર્વાચન આયોગ તરફથી અધિકૃત કરવામાં આવેલ અધિકારીશ્રી કે કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડ અગર સજા અગર બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ

નંબર પલસ/ગણપતિ વિસર્જન/ગાય પગલા/વ-૫૭૪૮/૯૯.—સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં કામરેજ ખાતે આવેલ નદીનાં ગાય પગલાં ઓવારે તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ ગણેશ વિસર્જન કરવામાં આવનાર છે. જે દિવસે ગાય પગલાં તાપી નદીના આવારે ગણેશ વિસર્જન કરવા માટે ઘણો ઘસારો રહે છે. કામરેજ તાલુકાના તથા સુરત શહેરમાંથી પણ ગણેશ વિસર્જન કરવા માટે આવે છે. ગાય પગલા ખાતે અગાઉ પણ ઘણાં લોકો નદીના પાણીમાં અકસ્માત ડૂબી જઇ મરણ પામેલાનું કામરેજ પોલીસ સ્ટેશન નોંધાયેલ છે. સુરત શહેરનાં લોકો ગાય પગલા ખાતે ગણેશ વિસર્જનનો આગ્રહ રાખતા હોઈ પરિણામ કોઇ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ કામરેજમાં તાપી નદી ગાય પગલા ઓવારે ગણેશ વિસર્જન પર પ્રતિબંધ પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે.

સબબ હું આર. જે. માંકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મળેલા અધિકારીને રૂએ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કામરેજ મુકામે તાપી નદીના ગાય પગલા ઓવારે કોઇ પણ વ્યકિતએ જનસમુદાય ગણપતિ વિસર્જનનાં હેતુસર જવું નહીં અને ગાય પગલાં ઓવારે વિસર્જન કરવું નહીં જે માટે પ્રતિબંધ ફરમાવું છું આ હુકમનો અમલ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધા) રહેશે.

સ્થાનિક પોલીસ અધિકારીએ આ હુકમનો ઉપરોકત વિસ્તારમાં અને કામરેજ તાલુકા અને શહેરી વિસ્તારમાંથી ગાય પગલાં ઓવારે ગણેશ વિસર્જન માટે મોકલવામાં આવતા વિસ્તારમાં બહોળો પ્રચાર કરવો.

INDEX

નોંધ :—ગાય પગલા ઓવારામાં ઓવારાની આજુબાજુ તાપી નદીને લાગુની જગ્યા અથવા વિસ્તારનો પણ સમાવેશ ગણવાનો છે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) : હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૫૮૧૧/૯૯.—સુરત જિલ્લાના (રૂરલ) ઓલ ઈન્ડીયા પોલીસ ડ્યુટીમીટ-૧૯૯૯ અન્વયે પોલીસ કર્મચારીઓનું ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારુ હુ આર. જે. માંકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચારાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહુ ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૫૮૧૩/૯૯.-સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૦ ના જવાનોને / અધિકારીઓને ૧૯૯૯ ના વર્ષનો ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ૪થી ઓકટોબર, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારના અજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવા આવતા હોરઢાંખર વિગેરે સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ/લોકસભા/ચુંટણી/૫૯૪૩ થી ૬૦૩૩ :—સને ૧૯૯૯ની લોકસભાની સામાન્ય ચુંટણીની મતગણતરીની તેમજ નવરાત્રીના ધાર્મિક તહેવારોના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરૂરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, આર. જે. માકડીયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત સુરત જિલ્લાના અનુસૂચિમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે, નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમ. તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૯ (બન્ને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકા, ભાલા, સોટા, બંદૂક ચાકુ લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠાં કરવાં નહીં તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ઘ) વ્યકિતઓ અને શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં. ગીતો ગાવા નહીં અથવા વાદ્ય વગાડવા નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાંથી રાજ્યની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં. તેવાં હાવભાવ (ચાળા) વગેરે કરવાં નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં કલમ-૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (છ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારીએ વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે. આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

અનુસૂચિ

સુરત જીલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર વિસ્તાર (સિવાય)

-આ હુકમ કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મે આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૬ મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નં. પલસ/લોકસભા/ચૂંટણી/વશી. ૫૯૪૩ થી ૬૦૩૩/૯૯.—સુરત જિલ્લામાં સને ૧૯૯૯ ની લોકસભા સામાન્ય ચૂંટણીની મતગણતરી તેમજ નવરાત્રીનાં ધાર્મિક તહેવારોના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે, હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૯ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસ સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી;

૨. તાલુકા એકઝીક્યુટીવ મેજિટ્રેસ્ટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી;

૩. આ હુકમ ચુંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રિત થયેલ મતદારોને લાગુ પડશે નહી.

૪. ચૂંટણીના લોકસભા ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૨ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અનવયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૫૯૯૯. —ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગાર હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, સને ૧૯૯૯ નાં દિને મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૦૯૨.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિાત જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હુ આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેરમાં શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં).

INDEX

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ

ક્રમાંક એમ.એ.જી/વશી/૫૨૯૬ :—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧)ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ જથી ઓકટોબર ૧૯૯૯ સુધી

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં. એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આ કૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહી. અસ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું. નહી, તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ અધિકારીને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવનગી આપી હોય તે વ્યકિતઓ.

અનુસૂચિ.

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘાન કરનાર ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને સદર વિસ્તારમાં દાંડી પીટાવીને લાઉડસ્પીકર વાન દ્વારા જાહેરાત કરીને પ્રસિધ્ધ કરવા હું આથી ફરમાવું છું.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઇ અધિનિયમ નંબર ૨૨) ની કલમ ૩૩ (૧) (ઠ) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૪૪/૯૯ :—અમદાવાદ જિલ્લાના દશક્રોઇ તાલુકાના ભુલાવડી ગામમાં જાનવરોમાં કાળીયા તાવનો રોગચાળો ચાલી રહેલ છે. આ રોગ જાનવરોમાંથી માણસોમાં ફેલાવવાની શકયતા રહેલી છે. અને તેને કારણે જાનવરો ઉપરાંત માણસોના પણ મૃત્યુ થવાની શકયતાઓ હોઇ, આ રોગચાળો ફેલાતો અટકાવવાનું જાહેર આરોગ્ય અને જાહેર હિતમાં આવશ્યક અને જરૂરી છે.

આથી હું લલીત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો તે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ (૧) (૩૩) (ઠ) હેઠળ નીચે મુજબ હુકમ કરૂ છું.

નીચે દર્શાવેલ પરિશિષ્ટના કોલમ નંબર ૨માં દર્શાવેલ વિસ્તારને "કાળીયા તાવ ગ્રસ્ત વિસ્તાર" તરીકે અને કોલમ નંબર ૩માં જણાવેલ વિસ્તારને "કાળીયા તાવ ભયગ્રસ્ત વિસ્તાર" તરીકે જાહેર કરૂં છું. તથા કોલમ નંબર ૪ માં જણાવેલ અધિકારીશ્રીઓની આ રોગચાળા સામે ઉપચારાત્મક પગલાં લેવા નિમણુંક કરૂ છું.

અનુ. નંબર	કાળીયા તાવ ગ્રસ્ત વિસ્તાર	કાળીયા તાવ ભયગ્રસ્ત વિસ્તાર	નિમણુંક કરેલ અધિકારીશ્રીનો હોદો.
૧	૨	૩	૪
૧	ભુલાવડી ઝાણું અને કુબડથલ	દશક્રોઇ તાલુકો	૧ નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયત, અમદાવાદ. ૨ પશુ ડોકટરશ્રી પશુ દવાખાનું, કણભા.

દશક્રોઇ તાલુકાના તમામ ગામોના પશુ રાખનાર ઇસમો નીચે જણાવ્યા મુજબના સાવધાનીના પગલાં લેવા જાણ કરવામાં આવેછે.

(૧) આ રોગના રોગીષ્ટ પશુઓમાં નાક, કાન, ગુદા, આંખ વગેરે ભાગોમાંથી તાવ સાથે કાળુ લોહી નીકળતું હોય છે. આ લોહીનો લાકડાથી બાળીને નાશ કરવો.

(૨) કાળીયા તાવ જેવા ચિન્હો ધરાવતા બિમાર પશુને તંદુરસ્ત પશુથી અલગ રાખવું તથા બિમાર પશુના શરીરના ભાગોમાંથી નીકળતું લોહી માણસ તથા પશુના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી.

(૩) આ રોગથી મરણ પામેલ પશુઓ (જાનવરો) ની ચીરફાડ કરવી નહીં. પરંતુ જમીનમાં ઉંડો ખાડો ખોદી મીઠા અને ચુના સાથે દાટી દેવા ખાસ કાળજી રાખવી.

(૪) આ રોગથી સપડાયેલ પશુની નજીકના પશુ દવાખાનાનો સંપર્ક સાધી સારવાર કરાવવી તથા તંદુરસ્ત પશુઓને રોગવિરોધી રસી મુકાવવી આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

—

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) મુજબ.

નંબર ડીસી/એમએજી/એસઆર/૪૫/૯૯.—ચાલુ ચોમાસા દરમ્યાન વરસાદ ખેંચાવાના કારણે પીવાના પાણીની તીવ્ર અછત ઉભી થવા સંભવ છે. આથી સિચાઇ જળાશયોમાં ઉપલબ્ધ પાણીનો સમગ્ર જથ્થો પીવાના હેતુસર અનામત રાખવાનું સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ હોવાથી સિચાઇ જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાનો અનઅધિકૃત રીતે બગાડ કે ઉદવહન અટકાવવું જાહેર જનતાના હિતાર્થે ઇષ્ટ, આવશ્યક અને જરૂરી જણાય છે.

આથી હુ લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ તે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઇ અધિનિયમ ૨૨ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (એમ) હેઠળ નીચે મુજબ હુકમ કરૂ છું.

અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામે આવેલ જળાશયની પુર્ણ સપાટીના લેવલથી ૨૦૦ મીટર ઉપરવાસમાં અને જળાશયની હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં પાણીનો બગાડ કે ઉપાડ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ પીવાના પાણીની અછત રહેશે ત્યાં સુધી અમલમા રહેશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

— —

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ નંબર ૨૨) ની કલમ ૩૭(૧) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૪૬/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હુ લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઇ અધિનિયમ, નંબર ૨૨) ની કલમ

૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદૂક. ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વા જા વગડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની. દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

વિસ્તાર અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨) માંની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૪૭/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સદ ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ માંથી) અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૯ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૯ મી ઓકટોબર, ૧૯૯૯ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(વિસ્તાર) (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના વિસ્તાર.)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ ૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧ લી ઓકટોબર, ૧૯૯૯ ના રોજમારી સહી અને સિક્કો કર્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ અધિનિયમ) ની કલમ ૩૩(૧) (એમ) મુજબ.

નંબર ડી.સી. / એમ.એ.જી / એસ. આર. ૪૮/૯૯.— હુ લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (બોમ્બે એકટ–૨૨ સને ૧૯૫૧) ની કલમની પેટા કલમ (૧) (એમ) અન્વયે જાહેર જનતાના સ્વાસ્થ્યની સલામતિ માટે નીચે મુજબનો હુકમ કરું છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ ગામે આવેલ તળાવનાં પાણીનો ઉપયોગ પીવા માટે ભડીયાદ ગામના નાગરિકો કરતા હોઈ ઉર્સ/મેળામાં આવનાર કોઈપણ યાત્રાળુ કે અન્ય કોઈપણ વ્યકિત તળાવનું પાણી દુષીત થાય તેવુ કે ગંદકી થાય તેવું કોઈ કૃત્ય તળાવની પાળથી આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કરી કે કરાવી શકશે નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૧૪ મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ / જાહેરનામું/ ૩૭ (૧)/વશી-૬૩૨૦ થી ૩૬/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ-સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી ૯મી ઓકટોબર, ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર. તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને .રિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ધ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ધ-૩ થી ધ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ધ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેની દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર. રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિવિધ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર કે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

INDEX

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા-કલમ ૩ હેઠળ.

નં. ડીસી/બીપીએ / જાહેરનામું / ૩૭ (૩)/વશી-૬૩૩૭ થી ૫૬/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ-સ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું એસ. એલ. નિનામા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદ્દત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીના રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીના રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીના રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે.૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાય).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાય)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યા.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/ પી.ઓ. એલ./વશી-૩૮૭૪-૯૩/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આગામી ધાર્મીક તહેવારોના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારુ જરુરી જણાતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમય ગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

INDEX

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચી. નીતિઓ ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારી એ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીશ્રીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ ૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૩૮૭૪-૯૩/૯૯.—આગામી ધાર્મી ક તહેવારોના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારું જરુરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) ની-કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, દિનેશ જે. બરડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ (બંને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી. કે સરઘસ કાઢવું નહી તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહી.

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમો નિચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગુહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ--૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

દિનેશ જે. બરંડા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ (૩૭ (૧) અન્વયે, કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બી.ગીએ./રજી./૨૫/૯૯.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી નવરાત્રીના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં જાહેર શાંતિને અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૧૦મી ઓ ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમયે માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્રો, દંડા, તલવાર, ભાલા સોટી બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પ્રદાર્થ લઇ જવાની મનાઇ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઇ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાવડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય ગાડવાની, અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરૂચિ અથવા જાતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લેબોર્ડ અથવા બીજા કોઇપણ પ્રદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

INDEX

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યાં બદલ આવું કોઈપણ હથિયાર લઇ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઇ પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨ના કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ ૯/૯૯.— તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ સામાન્ય લોકસભા ચુંટણી ૧૯૯૯ની મત ગણતરી હોઈ તેમજ તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ થી નવરાત્રિ શરૂ થતી હોઈ તેમજ તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૯ના રોજ દશેરાના તહેવાર પ્રસંગે શોભાયાત્રા નિકળતી હોઈ લોકોની જાનહાની થવાથી તથા જાહેર સત્તામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠામાં વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા-ક્ષારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારીક સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરું છું.

આ હકમ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૯ થી [illegible] ૨૨રી ઓકટોબર, ૧૯૯૯ સુધી બંન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૪ થી માહે ઓકટોબર, સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા. પાલનપુર.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

(ના. હાઈકોર્ટના ફોજદારી વટહુકમ પુસ્તક પાન નંબર ૧૩૦)

ક્રમાંક એમ.એસ.જી./ મુદ્દામાલ / વશી / ૧૭૪૬ થી ૧૭૪૯ / ૯૯.— આથી જાહેર કરવામાં આવે છે કે,—પોલીસ ઈન્સપેકટરશ્રી મહેસાણા / લોઘતાજ / સાયલા તરફથી બિનવારસી મુદ્દામાલ હરરાજી થી નિકાલ કરવા અત્રેની કચેરીએ જમા કરાવેલ છે. જેની વિગત આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે. જે ઈસમને આ બિનવારસી મિલકત ઉપર / બિનવારસી મુદ્દામાલ ઉપર કોઈપણ જાતનો દાવો કે માલિકી હોય તે ઈસમ આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસમાં અમારી રૂબરૂમાં હાજર થઈ પોતાડા દાવો સાબિત કરવો. આ પ્રમાણે નહિ કરવામાં આવે તો ૬ (છ) માસ પૂરા થયા બાદ સદરહુ બિનવારસી મુદ્દામાલ ઉપરના સરકારશ્રીનો અધિકાર થશે. અને તેનો જાહેર હરરાજીથી નિકાલ કરવામાં આવશે.

INDEX

જાહેરનામા ક્રમાંક એમ.એ.જી. / મુદ્દામાલ / વશી / ૧૩૪૬ થી ૧૩૪૦ / ૯૯ :

પરિશિષ્ટ

અનુ. નંબર	બિનવારસી મુદ્દામાલ રજિસ્ટર નંબર	પોલીસ સ્ટેશનનું નામ	બિનવારસી મુદ્દામાલનું વર્ણન	પોલીસ તરફથી દર્શાવેલ કિંમત	પંચ કિંમત
૧	૨	૩	૪	૫	૬
૧	૩/૯૯	સાંથલ પોલીસ સ્ટેશન.	એક ઓ. એન. જી. સી. ના શંકર પંપની-- મોટરનું લોખંડનું સ્ટેડ પુલી સાથેનું .		
૨	૪/૯૯	મહેસાણા સીટી પોલીસ સ્ટેશન.	બજાજ સુપર, સફેદ કલરનું જુના જેવું સ્કુટર-- જેનો ચેસીસ નંબર બી--૦૫ / સી.ડી. ૦૪૩૩૧૫- જેવો/એન્જિન નંબર બી ૦૫૦ ડી.ઓ. ૩૮૯૩૪ જે જુના જેવું વપરાયેલું છે નંબર પ્લેટ નથી. સ્પેર વીલ વગર છે.	૧૦,૦૦૦	૧૦,૦૦૦
૩	૫/૯૯	મહેસાણા સીટી પોલીસ સ્ટેશન	એક હરક્યુલર્સ કંપની ની લેડીઝ સાયકલ ૨૦" ની મૂળ લાલ રંગની જેના પર કાળો કલર કરેલ છે જેનો ફ્રેમ નંબર એસ. ૨૮/૩૮ છે.	૨૦૦/--	૨૦૦--
૪	૬/૦૦	લાંઘણુજ પોલીસ સ્ટેશન.	એક હાથલારી લાકડાની છે જે ઉપરના ભાગે-- વળેલી છે અને વચ્ચેના ભાગે કોથળો બાંધેલ છે કોથળાની અંદર કાળા રંગના ૬ લોખંડના પાઈપ-- ના ટુકડા લાકડાની હાથલારીના ટાપરની રીંગો-- બેન્ડ થઈ ગયેલ છે.	૬૦/-- ૧૦૦/--	૬૦/--

મહેસાણા તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯.

જાહેરનામું

(ના. હાઈકોર્ટના ફોજદારી વટહુકમ પુસ્તક પાન નં. ૧૩૦).

ક્રમાંક એમ.એ.જી. / મુદ્દામાલ / વશી / ૫૩૦ થી ૫૪૯/૯૯.— આથી જાહેર કરવામાં આવે છે કે,— પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી મહેસાણા, રેલ્વે, મહેસાણા તરફથી બિનવારસી મુદ્દામાલ હરાજીથી નિકાલ કરવા અત્રેની કચેરીએ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૯ ના રોજ જમા કરાવેલ છે. જેની વિગત આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે. જે ઈસમને આ બિનવારસી મિલકત ઉપર / બિનવારસી મુદ્દામાલ ઉપર કોઈ-પણ જાતનો દાવો કે માલિકી હોય તે ઈસમને આ જાહેરનામાની તારીખથી ૬(છ) માસમાં અમારી રૂબરૂમાં હાજર થઈ પોતાનો દાવો સાબિત કરવો. આ પ્રમાણે નહીં કરવામાં આવે તો ૬ માસ પૂરા થયા બાદ સદરહુ બિનવારસી મુદ્દામાલ ઉપર નામદાર સરકારશ્રીનો, અધિકાર થશે અને તેનો જાહેર હરાજી થી નિકાલ કરવામાં આવશે.

પરિશિષ્ટ

અનું. નંબર	બિનવારસી મુદ્દામાલ રજિસ્ટર નંબર	પોલીસ સ્ટેશનનું નામ	બિનવારસી મુદ્દામાલનું વર્ણન.	પોલીસ તરફથી- દર્શાવેલ કિંમત	પંચ કિંમત
૧	૨	૩	૪	૫	૬
૧	૧/૯૯	મહેસાણા રેલ્વે પોલીસ સ્ટેશન.	કાઈનેટીક હોન્ડા કાળા કલરનું જુનું વપરાયેલ-- જેનો એન્જિન નંબર ૩૪૫૫૫૬ અંગ્રેજીમાં-- એચ. વી. લખેલ છે. નંબર જીજે ૧૦ ૨૦૬૮.	૧૦,૦૦૦	૧૦,૦૦૦

૧	૨	૩	૪	૫	૬
૨	૨/૯૯	મહેસાણા રેલ્વે પોલીસ સ્ટેશન.	વાસ્પા કંપનીનું સ્કુટર જીજેજે ૨૭૧૪ જેની-સીટો તૂટી ગયેલ છે. પેટ્રોલ ઢાંકણ નથી. ભંગાર હાલતમાં છે.	૮૦૦૦	૮૦૦૦/-

મહેસાણા, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯.

(સહી) અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

LICENSED No. C-I A-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, DECEMBER 16, 1999 / AGRAHAYANA 25, 1921 [No. 50

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	1477-1502
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	50
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	1212-1219
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C. under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	3858-397

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

નંબર ઉ/ગપક/૮૪/જા/૬૫૯/૭૯૬૯/૯૯.—હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ (બોમ્બે એક્ટ-૨૨ સને ૧૯૫૧)ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (યુ) થી મને મળેલ સત્તાની જાહેર જનતાનાં જાનમાલની તેમજ મિલ્કતોની સલામતી માટે નીચે મુજબ હુકમ કરુ છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાબરમ વિસ્તારમાં મેનપુર રોડ પાસે ઈન્ડીયન ઓઈલ કોરપોરેશન આવેલ છે. તે ડેપોની હદથી ૬૦૦ મીટરની હદમાં કોઈ વ્ય કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

સદરહુ હુકમ તારીખ ૨૩મી ઓક્ટોબર ૧૯૯૯ થી તારીખ ૨ નવેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

INDEX

આજરોજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

નંબર ઉ/ગપક/૮૫/જા/૬૫૯/૭૯૭૦/૯૯.—હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ (બામ્બે એકટ-૨૨ સને ૧૯૫૧)ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)(યુ) થી મને મળેલ સત્તાના રૂએ જાહેર જનતાનાં જાનમાલની તેમજ મિલ્કતોની સલામતી માટેની મુજબનો હુકમ કરું છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ ઈસમ, જાહેર રસ્તા ઉપર તેમજ જાહેર જાહેર રસ્તાની ૫૦ ફૂટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું તેમજ દુર ફેંકી શકાય તેવા બલુનના રોકેટ, હવાઇ અથવા અન્ય કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહી તેમજ ફેંકી શકશે નહીં. કોઈપણ ઈસમ, કોઈપણ વ્યકિત ઉપર કે પશુપંખી ઉપર તથા જાહેર રસ્તા ઉપર કે મકાન ઉપર, દારખાનુ પડે તેવી રીતે ફોડી શકશે નહી કે લાવી શકશે નહી. જો તેમજ કરતા પકડાશે તો મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૯ મે મારી સહી તથા સિક્કો કરી આપે છે.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

નંબર ઉ/ગપક/અંબાજી રોડ/નવરાત્રી/૨૩૬૫/૯૯. —સુરત શહેરમાં અંબાજી રોડ પર અંબાજી માતાનાં મંદિર આગળ, આગામી નવરાત્રીનાં દિવસોમાં તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯ થી તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૯ સુધ અને તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ ઘણાં દર્શનાર્થીઓ અંબાજી માતાનાં મંદિરે દેવ દર્શનાર્થે આવતાં હોઇ તે દિવસો દરમ્યાન લોકોનો ઘણો ઘસારો રહે એવો સંભવ હોવાથી તેમજ અંબાજી રોડ ઘણો સાંકડો હોવાથી આ રોડ પરનો ટ્રાફિક નવરાત્રીનાં દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવે તો જાહેર જનતા માટે ટ્રાફિકની દ્રષ્ટિએ ઘણી મુશ્કેલી ઉભી થાય તેમ છે અને યોગ્ય ટ્રાફિક નિયમન નહી જળવાય તો અકસ્માતો થવાની સંભાવના છે.

હું કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરવામાં આવે છે કે

સુરત શહેરમાં આવેલ અંબાજી રોડનાં પૂર્વમાં મહાકાળીનાં મંદિરથી પશ્ચિમમાં જતો હવાડીયા ચકલા સુધીનો રોડ નવરાત્રીના દિવસો દરમ્યાન નીચે જણાવેલ તારીખોએ તેની સામે જણાવેલ સમય તે દરમ્યાન વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

અનુ. નંબર	તારીખ	સમય
૧	૧૦મી ઓકટોબર ૧૯૯૯થી ૨૦મી ઓકટોબર ૧૯૯૯	સવાર ક્લાક ૬-૩૦ થી ૧૧-૦૦ સાંજે કલાક ૧૭-૩૦ થી ૨૩-૦૦
૨	૧૮મી ઓકટોબર ૧૯૯૯થી ૨૦મી ઓકટોબર ૧૯૯૯. દુર્ગા પુજા નિમીત્તે.	સવાર કલાક ૬-૦૦ થી ૨૩-૦૦
૩	૨૪મી ઓકટોબર ૧૯૯૯ના રોજ	કલાક ૧૮-૦૦ થી રાત્રે કલાક ૨૪-૦૦ સુધી.

ઉપરોકત તારીખોએ સામે જણાવેલ સમય દરમ્યાન વાહનો આ વિસ્તારના બીજા માર્ગે વાળવા.

ઉપરોકત પ્રતિબંધમાંથી પોલીસનાં વાહનો, ફરજ પરનાં અધિકારીનાં વાહનો, આગ બુઝાવવાના બંબાઓ તથા એમ્બ્યુલન્સ વાહનોને મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કર્યા.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

અત્રેના જાહેરનામા ક્રમાંક ડી/એમએજી/૧/અંબાજી ટ્રાફીક / વશી. તારીખ ૩જી જુન ૧૯૯૯થી પ્રાથમિક હુકમના ખરડો બહાર પાડવામાં આવે હતો. જેના અનુસંધાને નિયત મુદતમાં વાંધા રજુ થયેલ નથી. જેથી વાસ્તે સદરહુ હુકમનો ખરડો નીચે પ્રમાણે છેવટના હુકમ તરીકે બહાર પાડવામાં આવે છે.

હુકમ

નંબર ડી./એમ.એ.જી./૧/અંબાજી/ટ્રાફીક/વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (મુંબઈના ૨૨મા) ની કલમ-૩૩ની પેટા કલમ -(૧) ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મળેલ અધિકારોની રૂએ અંબાજી તાલુકો દાંતા, મુકામે દર રવિવારે તથા દર પુનમ તથા અન્ય જાહેર તહેવારોના દિવસે વાહન વ્યવહારનો ઘસારો મોટા પ્રમાણમાં રહે છે. જેના કારણે ટ્રાફીક વ્યવસ્થા ખોરવાતી હોઇ કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેર હીતમાં ઉકત દિવસો એ અંબાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ જુના વાસથી વી.આઈ.પી. દરવાજા સુધી ના રસ્તા ઉપર ચાર કે તેથી વધુ પૈડાવાળા વાહનો ચલાવવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ પ્રતિબંધ નીચે વાહનોને લાગુ પડશે નહી. (૧) ફરજ પરના સરકારી વાહનો (૨) એમ્બ્યુલન્સ વાન (૩) આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વાહનો (૪) પાણીના ટેન્કરો.

આજરોજ તારીખ ૩૦મી માહે સપ્ટેમ્બર સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.
પાલનપુર.

INDEX

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં.સપ/કસન/ભાવ/વશી/૯૭૨/૯૯, તારીખ ૧૪મી મે, ૧૯૯૯.

(૨) વધારેલ કેરોસીન ભાવ વધારાનું એચ.પી.સી. કંપનીનું બીલ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯.

(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકશેસન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર, ૧૯૯૩.

હુકમ

નંબર સપ/કસન/ભાવ/વશી/૨૩૯૯ થી ૨૪૬૪/૯૯.—આમુખ-૧ માં જણાવેલ તારીખ ૧૪મી મે,૧૯૯૯ના હુકમથી મહેસાણા જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટ/જથ્થાબંધ વિક્રતાઓ તેમજ છૂટક વિક્રતાઓના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના ભાવો ઠરાવવામાં આવેલ છે.

આમુખ-૨ના બિલ સાથે મહેસાણા બનાસકાંઠા પેટ્રોલીયમ ડીલર્સ એસોશીએશનના પ્રમુખશ્રીએ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૯ની અરજીથી કેરોસીનના તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ થી અમલમાં આવેલ ભાવવધારા માટે એચ. પી. સી. કંપનીનું બિલ નં. ૧૦૦૬૩૬ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ નું રજુ કરેલ છે. જેમાં કીલોલીટરનો ભાવ રૂા. ૨૩૦૨-૭૨ પૈસા છે. આમુખ-૧ ના હુકમથી કીલોલીટર ભાવ ૨૨૯૫-૮૮ પૈસા ગણાતા ભાવ બાંધી આપેલ છે. આમ, કીલોલીટરે રૂા. ૧૬-૮૪ પૈસાનો વધારો થયેલ છે. જેથી ભાવ વધારા નજરે નવેસરથી વેચાણભાવ નક્કી કરવાપાત્ર છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ ધી કેરોસીન રીસ્ટ્રીકશન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર,૧૯૯૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું એચ. બી. વરિયા આઈ.એ.એસ. કલેક્ટર, મહેસાણા કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રેતાઓએ છૂટક વિક્રતાઓએ તથા છુટક વિક્રતાઓએ ગ્રાહકોને વેચાણ કરવાના કમિશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે પ્રમાણે આ સાથેની શરતોને આધીન રહીને ઠરાવું છું.

અનુ. નંબર	સેન્ટરનું નામ	કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રેતાને- ૧૦૦૦લીટર કેરોસીન વેચાણ આપવાનો ભાવ	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલર/ ફેરીયાને ૧૦૦૦લીટર- કેરોસીન વેચાણ આપવાનો ભાવ.	રીટેઈલર ફેરીયાએ- ગ્રાહકોને- ૧ (એક) લીટર કેરોસીન- વેચાણ આપવાનો ભાવ.
૧	૨	૩	૪	૫
૧	મહેસાણા	૨૬૨૨-૩૨	૨૬૨૨-૩૨	૨-૮૦
૨	આંબલીયાસણ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૩	નાગલપુર	૨૬૧૭-૦૨	૨૬૧૭-૦૨	૨-૮૦
૪	જોટાણ	૨૬૨૦-૦૨	૨૬૨૧-૦૨	૨-૮૦
૫	વિજાપુર	૨૬૨૧-૦૨	૨૬૨૧-૦૨	૨-૮૦
૬	કુકરવાડ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૭	ગોઝારીયા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૮	લાડોલ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૯	વિસનગર	૨૬૧૧-૦૨	૨૬૨૧-૦૨	૨-૮૦
૧૦	ગોઠવા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૧૧	ઉમતા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૧૨	કલોલ	૨૬૪૦-૦૨	૨૬૪૦-૦૨	૨-૮૦
૧૩	નારદીપુર	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૧૪	કડી	૨૬૩૪-૨૧	૨૬૩૪-૨૧	૨-૮૦
૧૫	ઝુલાસણ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૧૬	નંદાસણ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૧૭	વડનગર	૨૬૨૧-૦૨	૨૬૨૧-૦૨	૨-૮૦
૧૮	ખેરાલું	૨૬૨૧-૦૨	૨૬૨૧-૦૨	૨-૮૦
૧૯	સતલાસણ	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૨૦	ડભોડા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૨૧	જગુદણ	૨૬૨૫-૭૯	૨૬૨૫-૭૯	૨-૮૦
૨૨	બેચરાજી	૨૬૧૧-૦૨	૨૭૧૧-૦૨	૨-૭૫
૨૩	મોઢેરા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૨૪	બ્રાહ્મણવાડા	૨૬૧૧-૦૨	૨૬૧૧-૦૨	૨-૭૫
૨૫	ઉંઝા	૨૬૩૧-૦૨	૨૬૩૧-૦૨	૨-૮૦

શરતો :—

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી. તેમની પાસેથી ઓઈલ કંપની અલાયદી રીતે રૂા. ૪૩.૦૦ કીલોલીટર દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ. કેરોસીન જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ કેરોસીન જથ્થાબંધ વિક્રેતા પાસેથી કિલોલીટર દીઠ રૂા. ૪૦-૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) સેન્ટરથી ૫ કી. મી. કરતા વધુ દૂરના સ્થળ માટે ૧ લીટરના ૦/૦૫ પૈસા પ્રમાણે વધુભાવ ગણવાના રહેશે.

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) આ હુકમનો અમલ તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૯ થી કરવાનો રહેશે.

(૬) ઉપરોક્ત બાંધેલ ભાવોથી વધુ ભાવો એજન્ટ, જથ્થાબંધ વિક્રતા કે છૂટક વિક્રતા / ફેરીયા લઈ શકશે નહીં.

(૭) ઉપરોક્ત ભાવો સિધ્ધપુર (સુજાણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ પરથી સપ્લાય થતા કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૮) ઉપરના ભાવોમાં સેલટેક્ષ / સરચાર્જ / સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

INDEX

(૯) આ ભાવો જાહેર થયા પછી અગર તો નવીન ભાવ જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તો તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠરાવવાના રહેશે. અને તે પ્રમાણે ઠરાવેલ ભાવોથી વિતરણ કરી શકશે.

(૧૦) આ ભાવો જાહેર થયા બાદ અગાઉના ભાવો અમલમાં રહેશે નહીં.

(૧૧) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૧૨) ફેરીયાઓ પોતાની લારી ઉપર છૂટક વેચાણભાવ પ્રદ[ર્શિત] કરવાનો રહેશે.

ઉપરોક્ત દર્શાવેલ ભાવો કરતાં વધુ ભાવ લેનાર સામે આવ[શ્યક] ચીજવસ્તુ ધારા, ૧૯૯૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આ[વશે.]

મહેસાણા, તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૯.

એચ. બી. વરિયા,
કલેક્ટર, મહેસાણ[ા]

વંચાણમાં લીધા : (૧) અત્રેના હુકમ નં. ઇ. પુરવઠા.કસન.ભાવ.વશી. ૨૩૦૯-૬૦ તારીખ ૧૮મી મે ૧૯૯૯.
(૨) મંત્રીશ્રી બનાસકાંઠા પેટ્રોલિયમ એસોસીએશન ના રેફ. નં. ૪/૧૯૯૯/૨૦૦૦ તારીખ ૫મી ઓક્ટોબર ૧૯૯[૯]
(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સીલીંગ ઓર્ડર ૧૯૯૩.

હુકમ

નં. ઈ.પુરવઠા.કસન. ભાવ. વશી. ૩૮૨૫/૯૯.—આમુખ-૧માં જણાવેલ હુકમથી જિલ્લાના જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજ[ન્ટ] તથા છૂટક વિક્રેતા / ફેરીયાઓને સિધ્ધપુર ટર્મિનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના ભાવોમાં આ અગાઉ ઠરાવવામાં આવેલ હતા.

આમુખ-૨ના પત્રથી બનાસકાંઠા પેટ્રોલિયમ એસોસીએશન એ કંપનીએ કેરોસીન કિંમતમાં પ્રતિ કીલોલીટર એ રૂા. ૧૬-૮૪ પૈ[સા] નો વધારો કરેલ હોઈ પ્રતિકીલોલીટરનો ભાવ રૂા. ૨૨૯૫-૮૮ પૈસા ને બદલે રૂા. ૨૩૧૨-૭૫ પૈસા થયેલ હોઈ નવેસરથી કેરોસીન ભાવો અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરે છે.

સિધ્ધપુર ટર્મિનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના પ્રતિ કીલોલીટરના ભાવો રૂા. ૨૩૧૨-૭૨ પૈસા કંપનીએ કરેલ હોઈ પ્રતિકી[લો] લીટરનો રૂા. ૧૬-૮૪ પૈસાનો વધારો થતો હોઈ આમુખ-૩ થી મળેલ સત્તાની રૂએ હું પી. ડી. વાઘેલા (આઈએએસ.) કલે[ક્ટર] બનાસકાંઠા કેરોસીનના કેન્દ્રવાર વેચાણ ભાવો આ હુકમથી નીચે મુજબ ઠરાવું છું.

અનુ. નંબર	સ્થળનું નામ	એજન્ટ/છૂટક વિક્રેતા ફેરીયા ને ધંધાના સ્થળે ડીલીવરી આપવાના ભાવ ૧કીલો લીટરના	છૂટક વિક્રેતા /ફેરીયાને વાપરનાર વર્ગ/ગ્રાહકને વેચાણ કરવાનો ૧લીટર નો ભાવ.
૧	પાલનપુર	૨૬૮૭.૧૨	૨.૮૫
૨	ડીસા	૨૬૮૭.૧૨	૨.૮૫
૩	ભીલડી	૨૬૮૭.૧૨	૨.૮૫
૪	ધાનેરા	૨૭૦૩.૮૬	૨.૮૫
૫	દિયોદર	૨૭૨૮.૦૪	૨.૮૫
૬	ભાભર	૨૭૬૫.૨૪	૨.૯૦
૭	શિહોરી	૨૭૧૫.૦૨	૨.૮૫
૮	થરા	૨૮૪૧.૦૬	૨.૯૦
૯	થરાદ	૨૭૪૬.૬૪	૨.૯૦
૧૦	વડગામ	૨૬૮૭.૧૨	૨.૮૫
૧૧	વાવ	૨૭૬૯.૮૯	૨.૯૦
૧૨	દાંતા	૨૮૬૭.૧૨	૨.૮૫

શરતો :

૧ આ ભાવોનો અમલ તારીખ ૧૫મી ઓક્ટોબર ૧૯૯૯થી કરવાનો રહેશે. આ ભાવો અમલમાં આવતાં અગાઉના ભાવો ગણાશે.
૨ આ ભાવોમાં ટ્રાન્સપોર્ટ ચાર્જ ૦.૯૩ પૈસા ગણવામાં આવેલ છે.
૩ ઈતરખર્ચ એજન્ટ કક્ષાએ રા. ૪૦.૩૦ તથા કમીશન રૂા. ૧૨૬/- ગણવામાં આવે જ્યારે છૂટક વિતરણ કરતા/ફેરીયાઓ ક[ક્ષાએ] એ ઈતરખર્ચ રૂા. ૩૪/- તથા રૂા. ૧૧૩/-પ્રતિ કીલોલીટર એ ગણવામાં આવેલ છે.

૪ એજન્ટે કેરોસીનો જથ્થો છુટક વિક્રેતા / ફેરીયાના ધંધાના સ્થળે ઉતારવામાં આવશે.

૫ ઉપર મુજબના ભાવોમાં તમામ સ્ટેજે અપાતા કમીશનનો સમાવેશ કરવામાં આવેલ છે.

૬ ઉરોકત ઠરાવેલ ભાવથી ડીલર/છુટક વિક્રેતા ફેરીયાઓ વધારે ભાવો લઈ શકશે નહી.

૭ કેરોસીનો વેપાર કરતા ડીલર/છુટક વિક્રેતા ધંધાના સ્થળે ભાવો પ્રદર્શિત કરવાના રહેશે.

૮ ઉપરના ભાવો સિધ્ધપુર ટર્મિ. પોઈન્ટથી સપ્લાય થતા કેરોસીનને લાગું પડશે.

૯ તમામ કેરોસીન એજન્ટોનો ટેન્કર સિધ્ધપુર વાયા પાલનપુરથી પસાર કરવાના રહેશે.

૧૦ ડીલર/રીટેલર/ફેરીયાના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા પેટે ૧ લીટર ના ૦.૦૫ પૈસા ટ્રાન્સપોર્ટ ચાર્જની ગણતરી આ ભાવોમાં કરવામાં આવેલ છે. ડેપો પરથી કેરોસીન અનિવાર્ય કિસ્સામાં વિતરણ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટ્રાન્સપોર્ટ ચાર્જમાંથી આ રકમ બાદ આપવાની રહેશે.

૧૧ આ ભાવોમાં સેલટેક્ષ તથા સિધ્ધપુરની ઓક્ટ્રોયનો સમાવેશ કરવાનો નથી.

૧૨ આ ભાવોમાં સ્થાનિક ઓક્ટ્રોયનો સમાવેશ થયેલ નથી. સ્થાનિક ઓક્ટ્રોય અલગ ગણવાની રહેશે અને તેના કારણે છટક ભાવોમાં ફેરફાર થઈ શકશે. આ ફેરફાર જે તે મામલતદારશ્રી પાસે મંજુર કરાવવાનો રહેશે.

કેરોસીન એજન્ટોને છૂટક વિક્રેતાઓના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવા એક કિલોમીટર/૧કીલો લીટરના ભાવ

અનુ. નંબર	ડીલરનું/ધંધાનું સ્થળ	ઓઈલ ડેપો સિધ્ધપુરના ૧ કીલોનો ભાવ	ડીલરનું કમીશન અંતર ખર્ચ સહિત કમીશન ૧૨૬.૦૦ ઈતરખર્ચ ૪૦.૩૦ ૧૬૬.૩૦	સિધ્ધપુર ટર્મિનલ ડીલરના/ધંધાના સ્થળના કી.મી.	૧કીલોલીટર/-૧કી. કીલોલીટરના૦.૯૩ પૈસા મુજબ ટ્રાન્સ-પોર્ટ ચાર્જ ટુંકા અંતરના રૂા. ૧૫૮.૧૦પૈસા	ડીલરે રીટેલરના ધંધાના સ્થળે કેરોસીનો જથ્થો ઉતારવા પેટે ૧ લીટરના ૦.૦૫ પૈસા મુજબ.	એજન્ટે વિક્રેતાના ધંધાના સ્થળે વેચાણ કરવાનો ૧કીલોના ભાવ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પાલનપુર ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૬૦	૧૫૮.૧૦	૫૦.૦૦	૨૬૮૭.૧૨
૨	ડીસા ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૧૨૦	૧૫૮.૧૦	૫૦.૦૦	૨૬૮૭.૧૨
૩	ભીલડી ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૧૬૧	૧૫૮.૧૦	૫૦.૦૦	૨૬૮૭.૧૨
૪	ધાનેરા ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૧૮૮	૧૭૪.૮૪	૫૦.૦૦	૨૭૦૩.૮૬
૫	દિયોદર ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૧૪	૧૯૯.૦૨	૫૦.૦૦	૨૭૨૮.૦૪
૬	ભાભર ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૫૪	૨૩૬.૨૨	૫૦.૦૦	૨૭૬૫.૨૪
૭	શિહોરી ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૦૦	૧૮૬.૦૦	૫૦.૦૦	૨૭૧૫.૦૨
૮	થરા ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૨૮	૨૧૨.૦૪	૫૦.૦૦	૨૭૪૨.૦૬
૯	થરાદ ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૩૪	૨૧૭.૬૨	૫૦.૦૦	૨૭૪૬.૬૪
૧૦	વડગામ ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૩૩	૧૫૮.૧૦	૫૦.૦૦	૨૬૮૭.૧૨
૧૧	વાવ ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૨૫૯	૨૪૦.૮૭	૫૦.૦૦	૨૭૬૯.૮૯
૧૨	દાંતા ...	૨૩૧૨.૭૨	૧૬૬.૩૦	૧૩૬	૧૫૮.૧૦	૫૦.૦૦	૨૬૮૭.૧૨

INDEX

કેરોસીન છુટક વિક્રેતાએ ઘરગથ્થું વાપરનાર ગ્રાહકોને વહેંચણી કરવાના ૧ લીટરના ભાવ.

અનુ. નંબર	જથ્થાના વિક્રેતાનું ધંધાનું સ્થળ	૧કીલોલીટરના કેરોસીનના છુટક વિક્રેતા/ફેરીયાની ખરીદ કિંમત	છુટક વિક્રેતા/ફેરીયા કમીશન ઈતર ખર્ચ સહિત. કમીશન ૧૧૩.૦૦ ઈતર ખર્ચ ૩૪.૦૦ ——— ૧૪૭.૦૦	કોલમ-૩ અને ૪ નો સરવાળો	છુટક વિક્રેતા / પરવાનેદાર પડતર કિંમત સાથે ૧લીટરનો ભાવ	છુટક વિક્રેતા/ ફેરીયાઓ ગ્રાહક (વાપરનાર) ને વેચાણ કરવાનો ૧લીટરનો ભાવ રાઉન્ડ ફીગરમાં
૧	પાલનપુર ...	૨૬૮૭.૧૨	૧૪૭.૦૦	૨૮૩૪.૧૨	૨.૮૩	૨.૮૫
૨	ડીસા ...	૨૬૮૭.૧૨	૧૪૭.૦૦	૨૮૩૪.૧૨	૨.૮૩	૨.૮૫
૩	ભીલડી ...	૨૬૮૭.૧૨	૧૪૭.૦૦	૨૮૩૪.૧૨	૨.૮૩	૨.૮૫
૪	ધાનેરા ...	૨૭૦૩.૮૬	૧૪૭.૦૦	૨૮૫૦.૮૬	૨.૮૫	૨.૮૫
૫	દિયોદર ...	૨૭૨૮.૦૪	૧૪૭.૦૦	૨૮૭૫.૦૪	૨.૮૭	૨.૮૫
૬	ભાભર ...	૨૭૬૫.૨૪	૧૪૭.૦૦	૨૯૧૨.૨૪	૨.૯૧	૨.૯૦
૭	શિહોરી ...	૨૭૧૫.૦૨	૧૪૭.૦૦	૨૮૬૨.૦૨	૨.૮૬	૨.૮૫
૮	થરા ...	૨૭૪૧.૦૬	૧૪૭.૦૦	૨૮૮૮.૦૬	૨.૮૮	૨.૯૦
૯	થરાદ ...	૨૭૪૬.૬૪	૧૪૭.૦૦	૨૮૯૩.૬૪	૨.૮૯	૨.૯.૦
૧૦	વડગામ	૨૬૮૭.૧૨	૧૪૭.૦૦	૨૮૩૪.૧૨	૨.૮૩	૨.૮૫
૧૧	વાવ ...	૨૭૬૯.૮૯	૧૪૭.૦૦	૨૯૧૬.૮૯	૨.૯૧	૨.૯૦
૧૨	દાંતા ...	૨૬૮૭.૧૨	૧૪૭.૦૦	૨૮૩૪.૧૨	૨.૮૩	૨.૮૫

પાલનપુર, તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૯.

પી. ડી. વાઘેલા,
કલેકટર, બનાસકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ તથા ૩૭ અન્વયે કાઢેલો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૩૦૮ થી ૩૩૫૮ ,—તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૯ થી ૧૯મી ઓકટોબર ૧૯૯૯ દરમ્યાન નવરાત્રી દશેરા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ, લોકહીત તેમજ જાહેર જનતામાં શાંતી જળવાયી અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં વાજીંત્ર વગાડવા અને ભુંગળા અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા ઉપર નિયંત્રાણ રાખવા અથવા તેની ૫ ડોસમાંનાં રહેવાસીઓને અથવા આવજા કનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન થતું અટકાવવા માટે તેમજ સાર્વજનિક જગામાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની મનાઇ કરવાનું જાહેર હીતમાં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જરૂરી હોઇ નીચે મુજબ હુકમ કરવો યોગ્ય જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ તથા ૩૭ અન્વયે હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૯ થી ૧૯મી ઓકટોબર ૧૯૯૯ (બંન્ને દિવસો સહીત) રાત્રીના ૧-૦૦ કલાક પછી રસ્તામાં અથવા સાર્વજનિક જગાઓમાં વાજીંત્રા વગાડવા નહીં ભુંગળા, લાઉડસ્પીકર, અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધન વગાડવા નહીં. પડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત અગવડ, ત્રાસ જોખમ, ભય અથવા

નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં. તેમજ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની .ણ પ્રવૃત્તિ કરવી નહી.

આજ રોજ તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે. કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી/વશી/૫૪૭૫.—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતીસારૂ ફરમાવુંછું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૯ સુધીના

(૧) શસ્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ઘોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવુ બીજ કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ, સ્ટોટક પદાર્થ, સાથે લઇ જવા નહી

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા ન નહી. એકડા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાઓ દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી, તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપળા).

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ ની કલમ-૧ હેઠળ.

નં. ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી-૬૬૨૮ થી ૪૧/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તાર માં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી ૨૪મી ઓકટોબર, ૧૯૯૯ના કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ઘોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા, તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું:

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના ઈરાદાથી અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું, અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પણે સૂરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

INDEX

વિસ્તાર.--ગાંધીનગર જિલ્લાની સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૩ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, છ. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણ.કથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૯ ના રોજ મારા સહી-સીક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ (૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/ જાહેરનામું/૩૭(૩)/વશી-૬૬૪૨થી૫૫/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હુ એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૯ ના ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૯ ના ક્લાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને ઘથા સ્મશાન દાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૩ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટર નો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાય)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાય)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેના ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૯૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૯ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યાં.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલસ અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનું.

નં. ઉ/ મકપ/ પલસ/ મજસ/વશી-૨૯૬૮.- આગામી તારીખ ૧લી ઓક્ટોબર ૧૯૯૯થી તારીખ ૩૧મી ઓક્ટોબર ૧૯૯૯ દરમ્યાન લોકસભાની ચુંટણી ૧૯૯૯ ની મત ગણતરીની કામગીરી યોજનાર હોઇ તથા નવરાત્રિ અને દશેરા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને મતગણતરી શાંતિમય વાતાવરણમાં યોજાય અને તહેવારો દરમ્યાન શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવું જરરી જણાય છે.

જેથી મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રઈએ હું કે. આઇ. વસાવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧લી ઓક્ટોબર ૧૯૯૯ થી ૩૧મી ઓક્ટોબર ૧૯૯૯ બંને દિવસો સહીત

(ક) શસ્ત્રો, દંડા, તલવાર ભાલા, બંદૂક, છરો, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પત્થર ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેકવાની ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઇ જવાં નહી, એકઠાં કરવાં નહી, તથા તૈયાર કરવાં નહી. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂંતળાં દેખાડવાં નહી, અપમાન કરવાનાં અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાં નહી, અશ્લીલ ગીતો ગાવાં નહી.

(ઘ) જેનાથી સુરચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેશ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી. બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.
(૧.) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીઓ આવું કોઈપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યુ હોય, અથવા આવું હથીયાર લઇ જવાની ફરજ હોય, પોલિસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય, તેવા અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને

આજરોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી ધથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. આઇ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨માં)ની કલમ ૩૩(૧) મુજબ.

નંબર ડી/એમ.એ.જી/૨/બીપીએ/વશી.—તારીખ ૧૦મી ઓક્ટોબર ૧૯૯૯ થી તારીખ ૧૯મી ઓક્ટોબર ૧૯૯૯ સુધીના સમયગાળા દરમ્યાન નવરાત્રિનો ઉત્સવ યોજનાર હોઇ મોડી રાત્રિ સુધી બહેનો તેમજ ભાઇઓ ગરબા રમતા હોય છે. અને આ સમય દરમ્યાન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવુ મને જરૂરી જણાયેલ હોઇ હું, એમ.બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલપુરને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (૨૨મા) ની કલમ ૩૩(૧) થી મળેલ સત્તાની રુએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં તારીખ ૧૦મી ઓક્ટોબર ૧૯૯૯ થી તારીખ ૨૪મી ઓક્ટોબર ૧૯૯૯ સુધી (બંને દિવસો સહીત) સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧-૦૦ કલાક ના સમય દરમ્યાન નવરાત્રિના તહેવાર માટે લાઉડ સ્પીકર સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવીને ઉપયોગ કરી શકશે તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઈ પણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા આથી પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૮મી માહે ઓક્ટોબર -૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૨૭૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થ જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૩મી ઓક્ટોબર, ૧૯૯૯ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૯નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબને અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ તારીખ ૧૨મી ઓક્ટોબર સને ૧૯૯૯ નાં દિને મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નં. પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૬૦૫૬/૯૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે સી.આઈ.એસ.એફ. યુનિટ યુ.ટી.પી.એસ. ઉકાઈના જવાનોને અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કાર્યક્રમ તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૯ થી ૧૮મી ઓક્ટોબર. ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારના હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૯ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલ્લા/વશી/૬૦૮૬.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજય અનામત પોલીસ દળજથ-૧૦ ના જવાનોનો વાર્ષિક ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૯ થી ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચારાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ-૩૭(૧) મુજબના.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૪૯/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું લલિત પાડલીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૯ થી તારીખ ૪ થી નવેમ્બર, ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાબું અને છેડેથી આણીવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયા ર કરવાથી, અથવાદેખાડવાથી તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હુકમતના વિસ્તાર સિવાય).

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરી માં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ. નંબર-૨૨)માંની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર : ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૫૦/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદા-વાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨માંથી) અધિનિયમનીકલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૯ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (વિસ્તાર) (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુંકમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણ દ્વારા

વંચાણમાં લીધું :

૧. નંબર અના/પુનિ/એડીએમ/૬એ/સત્તા સોંપણી/તારીખ ૩૦મી જુન ૧૯૯૮.

૨. સુયુકત સચિવશ્રી, અન્ન નાગરીક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના પત્ર નંબર ઈસીએ/૧૦૯૮/૩૬૩/બ, તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮.

આદેશ

નંબર અના/પુનિ/એડીએમ/૬એ/સત્તા સોંપણી/ ૪૪૩૧ .— આથી હું, વી. પી. પટેલ, એડીશનલ કલેકટર અને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક અમદાવાદ શહેર તે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૨ (iiR) નીચે મળેલ સત્તાની રૂએ આદેશ નંબર અના/પુનિ/એડીએમ/૬એ/સોંપણી/તારીખ ૩૦મી જુન ૧૯૯૮ થી બહાર પાડેલ આદેશમાં નીચે મુજબનો સુધારો કરુ છું.

સદર અધિનિયમની કલમ-૬એ અને ૬બી ના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજયની કચેરીના રાજય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મીલકતના કેસોમાં તેવી

INDEX

માલ મીલકતની કિંમત રૂપિયા બે લાખ સુધીની હોય તો નિયામકશ્રી નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત નાયબ નિયામકશ્રી અને તેવા માલ મીલકતની કીંમત રૂપિયા બે લાખથી વધારે હોય તો તેવા માલ મીલકતના કીસ્સામાં નિયામક નાગરિક, પુરવઠા કચેરીના નિયામક, નાગરિક પુરવઠાને ૬એ હેઠળની કાર્યવાહી કરવા સત્તા વાપરવા માટે અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૯.

વી. પી. પટેલ,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક,
અમદાવાદ શહેર.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ.

નંબર એમએ/જી/વશી/૨૫૫૯/૧૯૯૯.—મોજે શેરખી, તાલુકા વડોદરા ના સ. નં. ૬૧૨ પૈકી ની ૧૦ એકર જમીન ઓએસીસ સંસ્થાને કલેકટરશ્રી વડોદરાના હુકમ નંબર જમીન/ક/વશી/૧૭૬૮/૯૭ તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૭ થી ૧૦ વર્ષ ના ભાડા પટે હુકમની શરતોને આધિન શૈક્ષણિક અને આરોગ્યના હેતુ માટે વાર્ષિક નોમીનલ ભાડાથી ફાળવવામાં આવેલ છે. આ જમીન મૈત્રીભૂમી" Frindship Land " ના નામે ઓળખાય છે. શેરખી જુથ ગ્રામ પંચાયતે ગ્રામ સભા ભરી આ સંસ્થા પાસેથી જમીન પરત લેવા ઠરાવ કરી તાત્કાલીક પગલાં ભરવા કલેકટરશ્રી વડોદરાને તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ આવેદનપત્ર આપેલ છે.

યુવા સંસ્થા દ્વારા કલેકટરશ્રી, વડોદરાને લેખીત રજુઆત તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ આપેલ છે. તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મદદનીશ પોલીસ કમીશનરશ્રીને ઉદેશીને સંસ્થાના મહીલા ટ્રસ્ટી અને સભ્યના વાલીએ યોગ્ય કાર્યવાહી કરવા અરજી કરેલ છે.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ અધિકારીઓ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૯નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૬૩/વિ. શા/૧૯૯૯.—તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ના રોજ લોકસભા ચૂંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એકબીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતી જોખમાય તેવો સંભવ છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરુરી જણાય છે.

વાસ્તે હું પી.સી. પાન્ડે, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ) ની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, નીચે દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ ૦૬-૦૦ થી મત ગણતરી પૂરી ન થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી. કોઇ સુત્રોચ્ચાર કરવા નહી. માઇકપણ વગાડવું નહી, કોમી લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી, અને મત ગણતરી સ્થાને બિનઅધિકૃત પ્રવેશવું નહી.

INDEX

વિસ્તાર :—

(૧) પોલીટેકનીક કોલેજ જે નવરંગપુરા વિસ્તારમાં આવેલ છે તેનું કંપાઉન્ડ તથા તેની બાજુ આજુનો ૨૦૦મીટરનો સમગ્ર વિસ્તાર.

(૨) એલ. ડી. એન્જી. કોલેજ જે ગુજરાત યુનિ. વિસ્તાર નવ-રંગપુરામાં આવેલ છે તેનું કપાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૩) ગુજરાત કોલેજ જે એલીસબ્રીજમાં આવેલ છે તેનું કંપા-ઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને. ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નાં ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧માહે ઓકટોબર સને ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક / ૪૬૪ / વિ.શા/૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩)થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૯ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓકટોબરના ૧૯૯૯ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩માહે ઓકટોબર સને ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૪૬૫/વિ.શા./૧૯૯૯.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઇ જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ પગલાં લેવા જરૂરી છે તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૯ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઇપણ જાતનું ચપ્પુ જેને અઢી ઇંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની.

(ખ) કોઇપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો, અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાનો તથા તૈયાર કરવાની.

(ગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની ;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવ તેનો ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇજવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૪) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ કોઈ કોઈપણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ઓકટોબર સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/૪૬૬/વિ. શા. / ૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માહે ઓકટોબર સને ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૬૭/વિ.શા./૧૯૯૯.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૯ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમને ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે નવેમ્બર સને ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો હુકમ.

ક્રમાંક એમ.એ.જી./૩૩/વશી-૫૭૦૭.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુબઇના ૨૨ માં) ની કલમ-૩૩ (૧) (ખ) આધારે મને મળેલી સત્તાની રૂએ હું, ર. ન. યાજ્ઞિક (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા ફરમાવું છું કે રાજપીપલા શહેરમાં રાજપીપલા કોર્ટ પાસેથી દારાશા મંચરજીની ગલ્લાની દુકાન સુધી તથા શર્મા કોમ્પ્લેક્ષથી સંતોષ ટોકીઝ ચાર રસ્તા સુધીનાં રસ્તાને આર.સી.સી. રોડ બનાવવાનો હોઈ અને તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯ થી રોડનું કામ શરૂ કરવાનું હોઈ ભરૂચ તરફ અવર જવર કરતાં ગુજરાત વાહન વ્યવહાર નિગમની એસ.ટી. બસ રાજપીપલા કોર્ટની રાજેન્દ્ર સોસાયટી થઈ સંતોષ ટોકીઝ ચાર રસ્તા થઈ કાળા ઘોડા થઈ અવર જવર થાય તે હેતુથી ડાયવરઝન આપવા ફરમાવું છું તેજ રીતે વડોદરા તરફ અવર જવર કરતી એસ.ટી.

INDEX

બસ રાજપીપલા કોટ પાસેથી રાજેન્દ્ર સોસાયટી થઈ સંતોષ ટોકીઝવાળા રસ્તે અવર જવર કરવા ડાયવરઝન આપવા ફરમાવું છું.

ઉપરોકત હુકમ તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૧૩૧ (૪) હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમોનુસાર પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખ અન્વયેનો હુકમ.

ક્રમાંક. એમ.એ.જી.-૩૩-વશી-૫૮૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ (૧) (ખ) આધારે મને મળેલ સત્તાની રૂએ હું ર. ન. યાજ્ઞિક (જી.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા ફરમાવું છું કે રાજપીપલા શહેરમાં સફેદ ટાવરની સામેની બાજુએ શ્રીનાથજી ટ્રેડર્સથી શ્રી અરવિંદકાંતા ગાંધી સુધીનાં પેટ્રોલ પંપ સુધીનાં રસ્તાને આર.સી.સી. રોડ બનાવવાનું કામ તથા નાગરિક બેંકથી આર. આર. પરીખના પેટ્રોલ પંપ સુધીના રસ્તાને આર. સી. સી રોડ બનાવવા હોઈ અને તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૯ના રોજ રોડનું કામ શરૂ કરવાનું હોઈ ભરૂચ તરફ અવર જવર કરતાં ગુજરાત વાહન વ્યવહાર નિગમની એસ.ટી. બસ તથા અન્ય પ્રકારનાં વાહનો રાજપીપલા કોર્ટથી રાજેન્દ્ર સોસાયટી થઈ સંતોષ ટોકીઝ ચાર રસ્તા થઈ કાળાઘોડા થઈ અવર જવર થાય તે હેતુ ડાયવરઝન આપવા ફરમાવું છું તે જ રીતે વડોદરા તરફ અવર જવર કરતી એસ. ટી. બસ રાજપીપલા કોર્ટ પાસેથી રાજેન્દ્ર સોસાયટી થઈ સંતોષ ટોકીઝવાળા રસ્તે વાહનોને અવર જવર કરવા ડાયવરઝન આપવા ફરમાવું છું.

ઉપરોકત હુકમના તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈનાં ૨૨માંની) ની કલમ-૧૩૧ (૪) સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમોનુસાર પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો હુકમ.

વાંચ્યો :

(૧) પ્રમુખશ્રી રાજપીપલાના પત્રક્રમાંક : સી.ઓ.૫વડી-૧૪૫૦ તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૯.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમ.એ.જી.-૩૩-વશી/૫૭૦૭, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯.

સુધારા હુકમ

ક્રમાંક એમ.એ.જી./૩-વશી/૫૮૯૯/૯૯.—વંચાણે લીધા આમુખ (૨) થી બહાર પાડેલ જાહેરનામાના ફકરા-૨ માં જાહેરનામાની મુદત તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધીની હતી. જે વંચાણે લીધા આમુખ-૧ થી વધુ દિન-૧૦ ની મુદત લંબાવવા માંગણી થતાં આમુખ-૨ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની મુદત તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી લંબાવી આપવામાં આવે છે.

મૂળ જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર. ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

ર. ન. યાજ્ઞિક,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા.
રાજપીપલા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ફ) અન્વયેનો.

નં. પી.ઓ.એલ-૨/એસ.આર. ૧૯.—જિલ્લા પોલીસ વડાશ્રી આણંદે તેમના તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૯ના પત્રથી ૪ ગુજરાત એન.સી.સી. બટાલીયન વલ્લભવિદ્યાનગરનાઓએ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૯થી ૧૩મી નવેમ્બર ૧૯૯૯ સુધી અહિમા રેન્જ (બટ ઉપર) એન.સી.સી. કેડેટ અને ડેરીકેટનું ફાયરીંગ રાખેલ છે. તેના માટે ૧ કિલોમીટરના વિસ્તારમાં પશુઓ તથા માણસ હેરાફેર અટકાવવા તેમજ પ્રતિબંધિત જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ, હું પી. બી. પટણી, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(ક) થી મને મળેલ સત્તાની રુઈએ મોજે. અહિમા તા. જિ. આણંદ ખાતે ફાયરીંગ બટના (૧ કિલોમીટરના વિસ્તાર) માં તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરે આ સ્થળેથી દૂર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર-જવર કરે નહીં તેની તકેદારી રાખવું.

આજ તારીખ ૩૦મી અક્ટોબર-૧૯૯૯ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ફ) અન્વયે.

નંબર પીઓએલ-૨/એસ.આર/૨૦.— જિલ્લા પોલીસ વડાશ્રી આ આણંદે તેમના તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૯ ના .ત્રથી આણંદ જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા પોલીસ માણસોની સને ૧૯૯૯ ની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૯થી

INDEX

૧૧મી ડિસેમ્બર ૧૯૯૯ સુધી અહિમા રેન્જ (બટ ઉપર) રાખેલ છે. તેના માટે (૧) કિલોમીટરના વિસ્તારમાં પશુઓ તથા માણસો હેરાફેરી અટકાવવા તેમજ પ્રતિબંધિત જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ, હું પી. બી. પટણી, જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂએ મોજે અહિમા તાલુકો જીલ્લો આણંદ ખાતે ફાયરીંગ બટના (૧ કીલોમીટર વિસ્તાર) માં તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂ છુ.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરે ... જગ્યેથી દૂર રાખવા તથા સદરહું જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આજ તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. બી. પટણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામું

ક્રમાંક પીઓઅલ/કાર્તીકી પુનમ/મેળા/વશી / ૭૭૮-૯૯-પાટણ જિલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તીકી પુનમનો મેળો તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ થી ૨૬મી નવેમ્બર, ૧૯૯૯ સુધી ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના વિસ્તાર ઉપરાંત ઘણે દૂર-દૂરથી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેથી જાહેર જનતાની તંદુરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારું સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું હિમાંશુ શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સિધ્ધપુર મુકામે સુધરાઈ વિસ્તારમાં અને મેળામાં આવતા-જતા તમામ ઈસમોને તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના નિયમોનું પાલન કરવા હુકમ કરું છું.

(૧) કોઈપણ વ્યકિતએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહીં.

(૨) કોઈપણ વ્યકિતએ કુવામાંથી પાણી ખેંચવા માટે ફરજ ઉપર હાજર હોય તે માણસ આપે અગર કુવા ઉપર પૂરું પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઈપણ વાસણ પાણીમાં બોળવું નહીં અથવા વાસણથી પાણી ખેંચવું નહીં.

(૩) કોઈપણ વ્યકિત જે સ્થળે મેળો ભરાવવાનો હોય, તે સ્થળે નિયત કરેલી જગ્યા સિવાય, ઝાડા, પેશાબ કરવા નહીં.

(૪) ગંધાતા, વાસી, ઉતરી ગયેલા અથવા માનવ ખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળ-ફળાદી, પીણાં, ખોરાક કોઈએ વેચવા સારું રાખવા નહી અથવા રાખેલા હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે અને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટરશ્રી તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અધિકૃત કરેલા કર્મચારીઓ જપ્ત કરી શકશે.

(૫) ખાન-પાનની દુકાનની, હોટલો, રેસ્ટોરન્ટ તથા ફળફળાદી વગેરેની દુકાનો તથા મનોરંજનના સ્થળોને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જે સુચનાઓ આપે તેનો અમલ કરવો.

(૬) ફરજ પરના વૈધકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય તપાસણી અધિકારીશ્રી અથવા કોઈપણ અધિકારી જાહેર સ્વચ્છતાની દ્રષ્ટિએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઈપણ યાત્રીઓની તપાસ કરી શકશે અને કોઈપણ વ્યકિત જો પ્લેગ, શીતળા, કોલેરા અથવા સ્વચ્છતાની સ્વાસ્થયની ખાતર જરૂર જણાય તો આવા ઈસમો અલાયદા રાખવામાં આવશે.

જો કોઈપણ વ્યકિત ઉપરના નિયમોનો કોઈપણ ખંડનો ભંગ કરે અથવા તેમ કરવામાં કોઈપણ મદદગીરી કરશે તો તે મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હિમાશું શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ (ઉ. ગુ.).

જાહેરનામું

નંબર ડી / એમએજી-૧ / જાહેરનામા / વશી.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માંની) કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યકિતઓની જાણ સારું સદરહું કલમ-૩૩ની પેટા-કલમ (ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે, અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનો પુરો થયે ફેર-વિચારણા માં લેશે.

ઉપરોકત મુદત પુરી થાય તે પહેલાં સદરહું મુસદ્દાની સંબંધમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કોઈ વાંધા-સુચનો મળશે, તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

નંબર ડી/ એમએજી -૧ / જાહેરનામા.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા-કલમ-(૧) ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને મળેલ અધિકારની રૂએ આથી પાલનપુર શહેર વિસ્તારમાં ટ્રાફીક વ્યવસ્થા અંગે નીચે મુજબના-સ્થળોએ દર્શાવેલ વાહનોની વિગતે પાર્કીંગ માટે નિર્ણય કરવામાં આવે છે.

INDEX

અનુ. નંબર ૧	વિસ્તાર ૨	સ્થળ / પોઈન્ટનું નામ ૩	વાહનોની વિગત ૪
		ડીમ્પલ મેડીકલ સ્ટોર થી વ્હાઈટ હાઉસ :	
(૧)	ગુરૂનાનક ચોક	(૧) ડિમ્પલ મેડીકલ સ્ટોરથી ન્યુ શાહ ટેકટર સુધી.	૨ વીલ માટે.
		(૨) સત્કાર પ્રોવિઝન સ્ટોર્સથી પટેલ સ્ટીલ આર્યન વર્કર્સ.	,,
		(૩) વ્હાઈટ હાઉસ બિલ્ડીંગમાંના પ્લેટફોર્મમાં.	,,
		(૪) રેલ્વેબ્રીજ તથા વિશ્રામગૃહની બાજુમાં રેલીંગ પાસે.	,,
		(૫) સ્ટુડન્ટસ કોર્નરથી કલ્પના ટ્રાવેલ્સ સુધી દુકાનોથી દશ ફુટ છોડી વિસ-ફુટના અંતર સુધી.	૪ વીલ માટે. ૭ વાહનો.
		(૬) હોટલ બનાસથી ઓનેસ્ટ ફુટવેર દુકાન સુધી.	૨ વીલ માટે.
		(૭) હોટલ બનાસથી ઓનેસ્ટ ફુટવેર દુકાનથી ૩૫--૪૫ ફુટ સુધી.	૪ વીલ માટે. ૧૦ વાહનો.
		(૮) ગુરુનાનક ચોકમાં ઉત્તરદિશા તરફ આવેલ ડીપી થી ડીપી સુધી.	૧૨ ઓટો રીક્ષાનું-જાહેરનામું પ્રસિદ્ધ-થયેલ છે.
		(૯) અંબિકા કોમ્પલેક્ષ આગળ દુકાનોથી દશફુટ છોડી વીસ ફુટ માટે.	૨ વીલ માટે.
		(૧૦) ગુરુનાનક ચોકમાં આવેલ તાલુકા પંચાયત સ્ટાફ કવાટર્સમાં જવાના દરવાજાને છોડીને બન્ને તરફ ઓકટ્રોય નાકાથી સોના ઝેરોક્ષના-સામેના કોર્નર સુધી.	,,
(૨)	સીટીલાઈટ સીનેમા રોડ.	(૧૧) ગુરુનાનક ચોકથી પુનમ ઈલેકટ્રોનીકસ સુધી બન્ને બાજુ પાર્કીંગ પાવર-હાઉસના કમ્પાઉન્ડમાં નગરપાલિકાની જગ્યામાં.	૪ વીલ તથા ૨ વીલ માટે. કુલ ૨૦ વાહનો.
		(૧૨) પુનમ ઈલેટ્રોનીકસથી કુમાર દુકાન સુધી. નાળાથી દશ ફુટ સુધી.	૨ વીલ માટે.
		(૧૩) ગજનાળી, ટ્રાન્સપોર્ટથી મેટ્રો દુકાન સુધી પાંચ ફુટ સામે સીંગલ લાઈન	,,
		(૧૪) "પરદેશી" કાપડની દુકાનની સામે બાળગલગ્ન પ્રતિબંધક ઓફીસની-દિવાલને અડીને બે લાઈન પાર્કીંગ.	,,
(૩)	સંજય ચોક અમીર રોડ.	(૧૫) મોદી સાયકલ સ્ટોર્સથી ભુતનાથ મહાદેવમંદિર સુધી.	,,
		(૧૬) દિનેશ ટેલર દુકાનની બાજુમાં આવેલ ડીપી ની બાજુમાં.	,,
		(૧૭) અમીર રોડ-પંચરત્ન બીલ્ડીંગ તથા તેના સામેની દુકાનો બન્ને બાજુથી એસ.-ટી. ડી. પી. સી. ઓ. સુધીનું પાર્કીંગ કબ્રસ્તાનમાંની હદ સુધી જમીન સમતલ બનાવી બેર્ડર નગરપાલિકાને મારવી.	તમામ વાહનો માટે માટે ૧૮ વાહનો.
		(૧૮) હરીયાણા હેન્ડલુમથી "ભાઈસાબ" દુકાન સુધી દુકાનોથી પાંચફુટ છોડી-પાંચ ફુટ સુધી.	૨ વીલ માટે.
		(૧૯) ભગવાન વોચ કંપની દુકાનથી સત્યમ દુકાન સુધી દુકાનથી જગ્યા છોડી સીંગલ લાઈન.	
		(૨૦) સેન્ટ્રલ ઝેરોક્ષથી શાંતીભાઈ સોની ના દવાખાના સુધી.	,,
	સીમલાગેટ થી સીટી--પો. સ્ટે. રોડ.	(૨૧ રાજેન્દ્ર રાધાકિશન ખત્રી કાપડની દુકાનથી જયશંકર મેચીંગ સેન્ટર--સુધી દુકાનથી પાંચ ફુટ છોડી ૭ ફુટ માટે સીંગલ લાઈન.	,,
		(૨૨) ગેહાની બ્રધર્સ થી મહેશ્વરી દુકાન સુધી.	,,
		(૨૩) લક્ષ્મણ દુગ્ધાલય થી પથ્થર સડક વળાંક ઉપર આવેલ દરગાહ સુધી એકી તારીખે જમણી સાઈડ બેકી તારીખે ડાબી સાઈડ.	,,
		(૨૪) સ્ટેટ બેંક આફ ઈન્ડીયાના કોર્નરથી ભાવેશ ટ્રેડીંગ કંપની સુધી	
		(૨૫) સરસ્વતી રેસ્ટોરન્ટથી ચામુંડા લોજ સુધી.	,,

INDEX

૧	૨	૩	૪
		(૨૬) નવનીત પશુઆહાર થી ડીપી સુધી દુકાનોથી દશફૂટ જગ્યા છોડી પંદર ફુટ સુધી પ્રવેશ નવનીત પશુઆહાર તરફથી	૪ વીલ ૧૦ વાહન
	બસ સ્ટેન્ડ રોડ.	(૨૭) ડો. ગીરધર પટેલ માર્ગ ઉપરની બન્ને સાઈડોની દુકાનો એકી તારીખે ડાબી-સાઈડ બેકી તારીખે જમણી સાઈડ.	૨ વીલ માટે.
		(૨૮) કે. મા. ચોકસી સ્કુલના દરવાજાની જમણી સાઈડથી સેશન્સ જજશ્રીના-બંગલાની દિવાલ સુધી.	,,
		(૨૯) કમળ બીલ્ડીંગના કોર્નરથી ભાવના ગેસ્ટ હાઉસ સુધી એકી તારીખે જમણી--સાઈડ બેકી તારીખે ડાબી સાઈડ.	,,
		(૩૦) સર્વોદય એન્જીનીયરીંગથી આયુર્વેદિક દેશી દવાઓની દુકાન સુધી.	,,
		(૩૧) સીમલા કલોથ સેન્ટરથી સરદારજીની રમકડાની દુકાન સુધી.	,,
	દિલ્હીગેટ વિસ્તાર	(૩૨) ટાઉન હોલની દિવાલને અડીને મુકેલ લારીગલ્લા હટાવી તે જગ્યાએ તથા દિવાલના અંદરના ભાગે.	૨ વીલ માટે.
		(૩૩) આશીષ દુકાનથી એરા પ્લાસ્ટીક હોમ તથા તેની સામેની દુકાનોની--લાઈન. એકી તારીખ જમણી સાઈડે પાર્કીંગ બેકી તારીખ ડાબી સાઈડ પાર્કીંગ.	,,
		(૩૪) હોસ્ટેલથી મધુરમ પ્રોવીઝન સ્ટોર સુધી	,,
		(૩૫) વનમોર દુકાનથી સંતુર ગારમેન્ટ સુધી.	,,
		(૩૬) હરીઓમ મેર્ચીંગ સેન્ટર થી ડાયમંડ ટુલ્સ સુધી.	,,
		(૩૭) બી. શારદા મેડીકલ સ્ટોરથી જી. પી. ગાંધી દુકાન સુધી.	,,
		(૩૮) જયભારત મેડીકલ સ્ટોરથી ગ્રાન્ટ ગારમેન્ટ સુધી. એકી તારીખ શારદા મેડીકલ બાજુ બેકી તારીખ જયભારત મેડીકલ બાજુ.	,,
		(૩૯) બસ સ્ટેશનમાંથી બહાર નીકળવાના દરવાજાની જમણી સાઈડેથી ગૌતમ ઈલેક્ટ્રોનીક્સ સુધી.	,,
		(૪૦) સાત ઓટોરીક્ષા સ્ટેન્ડ જે રેલ્વેની રેલીંગને અડીને આવેલ છે, તે પાર્કીંગ બસ બસ સ્ટેન્ડના દરવાજાની ડાબી સાઈડ દિવાલ પાસે.	૭ ઓટોરીક્ષા.
		(૪૧) ૭ ઓટોરીક્ષાને પાર્કીંગ જે રેલ્વેની રેલીંગને અડીને આવે છે તે જગ્યાએ.	
	રેલ્વે સ્ટેશન સુધી.	(૪૨) મહંમદી રેસ્ટોરન્ટથી સીલ્ક પેલેસ સુધી.	તમામ વાહનો માટે-૧૨ વાહન.
		(૪૩) જીતેન્દ્ર ડાયનીંગ હોલથી માધવદાસ સેધાદાસ હાડવૈદ્યના દવાખાના સુધી તમામ વાહનો માટે	તમામ વાહનો માટે. ૭ વાહન
		(૪૪) સીમલા પ્રોવિઝન સ્ટોરથી જયાતી ફ્રુટ મરચન્ટ સુધી.	૨ વીલ માટે
		(૪૫) ગાયત્રી કગન સ્ટોર્સથી એમ. જે. વી. દુકાન સુધી.	,,
		(૪૬) અપેક્ષા પ્રોવિઝન સ્ટોર્સથી ગુપ્તા પ્રાવિઝન સ્ટોર્સ સુધી.	,,
		(૪૭) શિવશકિત સ્વીટમાર્ટની ડાબી બાજુ આગળના ભાગમાં.	,,
		(૪૮) કોઝી થીયેટર નામથી ઓળખાતી જગ્યાની આગળના ભાગમાં.	તમામ પ્રકારના વાહનો માટે ૧૫ વાહનો.

ઉપરોકત નિયત કરેલ જગ્યા સિવાય જાહેર માર્ગ ઉપર વાહનો પાર્કીંગ, હોલ્ડીંગ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માહે નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

———

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૩) / વશી-૬૯૬૫ થી ૭૪/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરુરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરુરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ મો) ની કલમ ૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રુઈએ હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૫મી આકટોબર, ૧૯૯૯ કલાક ૦૦.૦૦ થી તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયના).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયના).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૧ મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ ૧ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૧)/વશી-૭૨૨૦ થી ૩૦/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તાર વિધાનસભા, સચિવાલય, રાજ ભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા. બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

INDEX

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર

(૧) જ-૩ થી ઘ-૩ સુનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર-વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર. સદસ્ય નિવાસ એ-૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજ-ભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજ ભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયા ને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ગાંધીનગર, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કીસ્સા તરીકેની પરવાનગીને

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ ૧૪૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ૪૫ માંની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૩) / વશી-૩૭૩૧ થી ૪૦/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા કલમ(૩) થી મારી સત્તાની રૂઈએ હું એચ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૯ મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કે રેલી' સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય-તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

વિસ્તાર :— ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉતર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થ ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થ ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફને સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર - (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે-- રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમન કલમ ૧૩૫ ની પેટા કલમ ૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫ મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું / ૩૭(૧) /વશી-૭૫૧૪ થી ૭૫૨૯/૯૯.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરવા આવતા હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેરસુલેહ શાંતિ જાળવવાના હેતુથી એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦.૦૦ થી તારીખ ૮ મી ડીસેમ્બર, ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવાતે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની. દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેને ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેના દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કમ્પાઉન્ડ સિવાયનો

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિવિધ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેઓ ફરજ ઉપર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ગાંધીનગર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરને જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.
(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સીકકા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ ૩ હેઠળ

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી-૭૫૩૦ થી ૭૫૪૪/૯૯ ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભાં, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખૂબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનુ જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂએ હું, એસ. એલ. વિનામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૯ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હુ આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિત.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.
(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની ર પરવાનગીને.

હું, આદેશ કરૂ છું કે સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહું વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેનીહજાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિદ્ધ કરવામાં આવે.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરની નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.
(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર
(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો નોસગ્ર વિસ્તાર.
(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારો સેકટર ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સેકટર-૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.
(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)
(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)
(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપ્યાં.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી.ઓ.એલ./વશી-૪૦૪૩--૫૭/૧૯૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આગામી ધાર્મિક તહેવારો તથા મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા હડતાળના એલાનના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ (બંન્ને દિવસો સહિત) ના સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

INDEX

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાઓદે ખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરુચી, નીતિઓ ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીશ્રીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી / ૪૦૪૩-૫૭ / ૧૯૯૯.—આગામી ધાર્મીક તહેવારો તથા મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા હડતાલના એલાનના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો, અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૯ (બંન્ને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમો નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને,

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ ૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી. કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી. ૫ઓ.એલ./વશી-૪૧૫૧-૬૦/૧૯૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આગીમી ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થ ની પરીસ્થિતિ જાળવવા સારું જરુરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ પણ સમય માટે તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ (બંન્ને દિવસે સહિત)ના સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઇ.

(ખ) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્ર અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જમતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ગ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની થતા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરુચી નિતીઓ ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓને કે જે તે ઉપરી અધિકારીઓ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારી જેને શારીરીક અશકિતના કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

INDEX

માં)ના કાયદાની કલમ ૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૧મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના કલમ ૩૭(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી. એ. એલ/વશી-૪૧૬૧-૭૦/૯૯.—આગામી ધાર્મિક તહેવારોના સંદર્ભે જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિને જાળવવા સારું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ. ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે-ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૫મો નવેમ્બર ૧૯૯૯ થી ૧૯મી નવેમ્બર ૧૯૯૯ (બંન્ને દિવસો સહિત)ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમો નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે, ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ ૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ, આહવા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અને (૨) મુજબ.

નંબર ૫લસ/વશી/જાહેરનામું/૯૯/૬૨૧૯ થી ૬૨૮૯/૧૯૯૯.—ચાલુ વર્ષે ઓકટોબર ૧૯૯૯ માસમાં નવરાત્રી તથ તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૯ના દશેરાના ધાર્મિક તહેવાર હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હું શ્રી આર. જે. માંકડીયા જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત આથી ફરમાવું છું કે નીચેના પરશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૯ (બંને દિવસો સુધ્ધા) સુધી કોઈપણ વ્યકિતએ

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક છરા, લાકડા કે લાકડી લાઠી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા,કરવી નહીં તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેને ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ કે જીલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને

શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

(પોલીસ કમિશ્નરશ્રીના, વિસ્તાર સિવાય)

(૧) આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૨) આ જાહેરનામાની જાહેરાત ઉપરોકત બતાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવા સ્થળો ઉપર ચોટાડી લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસિદ્ધ કરવી.

આજરોજ તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

INDEX

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/વશી/જાહેરનામું/૯૯/વ/૬૨૧૯ થી ૬૨૮૯ / ૧૯૯૯ : ચાલુ વર્ષે ઓકટોબર ૧૯૯૯ ના માંસમાં નવરાત્રી તથા ૧૯મી ઓકટોબર ૧૯૯૯ ના દહેરાના ધાર્મિક તહેવારો આવતા હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાનું જરૂર જણાય છે.

વાસ્તે હું આર. જે. માકડીયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંની કલમ-૩૭ ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જીલ્લામાં તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૯ ના રોજથી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઇડ વ્યકિતઓએ લાગુ પડશે નહી.

(૨) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવનાગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૧ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખં ૧૫મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ / ફાયરીંગ / શેરૂલ્લા / વશી / ૬૪૫૨ / ૯૯.— કમાન્ડર રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૮, ગોંડલ, હાલ કેમ્પ, સુરતના "બી" વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૯થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધી શેરૂલ્લા ફાયરીંગ બટ ખાતે રાખવાંમાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેનારની સલામતી સારૂં હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુનાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાખર વિગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજું ૧૦૦ મીટર વિસ્તારમા તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલ્લા/વશી-૬૪૯૨/૯૯.—મદદનીશ પોલીસ કમિશનર મુખ્ય મથક સુરત શહેરનાં પોલીસ માણસોનાં વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૩૨મી ઓકટોબર, ૧૯૯૯ થી ૨જી નવેમ્બર, ૧૯૯૯ સુધી શેરૂલ્લા ખાતેની ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાખર વિગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમો) ની કલમ ૩૭(૧) અને (૨) મુજબ.

નંબર પલસ/દિવાળી/૬૫૭૦ થી ૬૬૪૦/૯૯.—આગામી દિવાળીના તહેવાર દરમ્યાન સુરત (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાવું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલા અધિકારની રુએ હું આર. જે. માંકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ થી ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ (બંન્ને દિવસો સુધ્ધા) સુધી કોઈ પણ વ્યકિતઓ :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવાં નહીં. તથા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) જેનાથી સુરુચિ, નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા કોઈ બીજો કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ પણ વ્યકિત જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ;

(૧) સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર સિવાય) આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨મી) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/દીવાળી/જાહેરનામું/વશી/૬૫૭૦ થી ૬૬૪૦ / ૯૯ આગામી દિવાળીના તહેવાર દરમ્યાન સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંથી કલમ-૩૭ની પેટા કલમ(૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ ના રોજથી તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ માણસો ની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સિનેમા, ટાઉન હોલ, સ્મશાન-યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં;

(૨) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪).

નંબર : પલસ/ફાયરીંગ/શેરૂલા/વ.-૬૭૨૩/૯૯.—જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ સુરતનાઓએ હોમગાર્ડઝનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ સુધી શેરૂલા ખાતેની ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની, સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કમમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ સુધી ગોળીબાર પ્રેકટીસને કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારના આજુબાજુમાં રહેતા તથા બહારથી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોરઢાંખર વિગેરે સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યો છે.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)યુ અન્વયે.

ક્રમાંક એમ.એ.જી. વશી. ૫૭૧૪.—નર્મદા જિલ્લામાં પ્રતિવર્ષની માફક દિવાળીનાં પર્વની ઉજવવામાં આવનાર છે. દિવાળીના પર્વની ઉજવણીનાં ભાગ રુપે ફટાકડા, દારુખાનું ફોડવામાં આવે છે. ફટાકડા દારુખાનુ જાહેર રસ્તાઓ ઉપર ફોડવાથી જાહેર સલામતીને અવરોધ તથા ટ્રાફીકને અડચણ થાય તેવો પુરો સંભવ છે. જેથી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૯ સુધીનાં દિવસો દરમ્યાન નર્મદા જિલ્લામાં આવેલ જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર ફટાકડા દારુખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. એન. ઘાંટીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (યુ) અન્વયે મળેલ સત્તાની રુએ ફરમાવુ છું કે ઉપરોકત જણાવેલ તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૯ થી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૯ના દિવસો દરમ્યાન નર્મદા જિલ્લામાં આવેલ તમામ શહેર/ગ્રામ્યના માર્ગો રસ્તાઓ ઉપર દારુખાનું ફટાકડા ખુલ્લા મેદાન, કોમન પ્લોટમાં ફોડી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાદાની કલમ ૧૩૫ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી ઓકટોબર-૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

બી. એન. ઘાંટીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૫૧/૯૯. —આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હુ લલિત પાડલીયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઇ અધિનિયમ નંબર ૨૨ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી અણી વાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છે તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની;

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવો ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(૬) લોકોએ બૂમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની;

વિસ્તાર : અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને;

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી;

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જીલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઇપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, નંબર-૨૨)માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૫૨/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨માંથી) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુંકે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ના કલાક ૦૦.૦૦થી તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર (વિસ્તાર) : (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી ઓક્ટોબર ૧૯૯૯ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૪૩(૧) મુજબનો.

નંબર ડીસી/એમએજી/એસ.આર. ૫૩/૯૯.—તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૯ સુધી ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વૌઠા ગામે ભરાનાર લોકમેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું, લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ન ૨૨માં અધિનિયમ)ની કલમ-૪૩(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીના તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહીં. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણાં મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહીં. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચાહની તથા ઠંડા પીણાની અને ખાન-પાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે, જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગ ચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે અને મરકી, શિતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલિક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/-સુધીનો દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ માહે ઓક્ટોબર-૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ આર/ ૫૫/૯૯. —આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાઈ ધરાવનું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

INDEX

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો ક્ષયકારીક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો, ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાચી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોત અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલ વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય):—

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચે વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીથાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. સબ ડીવીઝનલ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ. જિલ્લા પોલીસ અધિકારી જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી. આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨,માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૫૬/૯૯.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હુ. લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

વિસ્તાર : (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી અને સિકકો કર્યો.

લલીત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં.૫૩/૯૯ :—જિલ્લામાં આગામી દિવાળી નૂતન વર્ષ, ભાઈબીજના તહેવાર અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

INDEX

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે વલસાડ જીલ્લામાં તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૯ સુધી (બંન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ એકત્ર ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવ્યા છે.

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી./૫૨/૧૯૯૯ :—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ આગામી દિવાળી, નૂતન વર્ષ ભાઇબીજના તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૯ થી ૧૪મી નવેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રીકા બોર્ડ અથવા બીજી કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ,

(સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો

નં. : ડીસીબી/એમએજી/બીપીએ/૫૪/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી ગુરૂનાનક જયંતિ તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

INDEX

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજિ. નં. ૫૫/૯૯.— જિલ્લામાં આગામી ગુરુનાનક જયંતિના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલી સત્તાની રૂએ, ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી (બંને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહિ. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ એકત્ર ભેગા થવું નહિ.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતી, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનીફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૨૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૯ના રોજ મારી સિકકા કરી આમવામાં આપ્યા છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) મુજબનો હુકમ.

નંબર ડીસી/એમએજી/એસ.આર/૫૪/૯૯ :—હું કુ. મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (બોમ્બે એક્ટ-૨૨ સને ૧૯૫૧) ની કલમ-૩૩ની પેટા કલમ ૧ (યુ) થી મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના જાનમાલની તેમજ મીલ્કતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લા સમગ્ર મહેસૂલી વિસ્તારમાં કોઇપણ ઇસમે જાહેર રસ્તા ઉપર તેમજ ૨૦ ફુટની અંદરના વિસ્તારમાં કોઇપણ જાતનું દારૂખાનું તેમજ દૂર ફેકી શકાય તેવી બલૂનના રોકેટ હવાઇ અથવા કોઇપણ નામે ઓળખાતા કોઇપણ પ્રકારના ફટાકડા ટોડી શકશે નહી તેમજ ફેંકી શકશે નહી. કોઇપણ ઇસમ કોઇપણ વ્યકિત ઉપર કે પશુ પંખી ઉપર તથા રસ્તા ઉપર કે મકાન ઉપર દારૂખાનું પડે તેવી રીતે ફોડી શકશે નહી કે ફેકી શકશે નહી જો તેમ કરવામાં પકડાશે તો મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-કલમ-૧૩૧ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

સદરહુ હુકમ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૬મ નવેમ્બર ૧૯૯૯ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તેમજ સિકકો કરી આપેલ છે.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૫૪૦.—ભરૂચ જિલ્લામાં કાયદો અનો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થ જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાન મને જરૂરી જણાયુ છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૯ નાં દિવસે સવારનાં ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

INDEX

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ઓકટોબર, સને ૧૯૯૯ નાં દિને મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧).

ક્રમાંક : એમ.એ.જી.-વશી-૬૫૩૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ સુધી. (બંને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ઘોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહિ;

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના, ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ;

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવાં નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી ઓકટોબર, સને ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧).

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી. ૨૬/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરિટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી દિવાળીના તહેવારોને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતએ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની; અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેનું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેને અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ-(સને ૧૯૫૧ના ૨૨ ના કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. ધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું.

સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ઉ/મકપ/પલસ/મજન/વશી/૩૬૭૨ થી ૩૭૨૩.—આગામી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ થી ૩૦મી નવેમ્બર ૧૯૯૯ દરમ્યાન દિવાળી, ભાઈબીજ, લાભ પાંચમ, જય જલારામ જયંતિ, ગુરૂ નાનક-જયંતિ દેવ દિવાળી, વિવેગેરે જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ થી ૩૦મી નવેમ્બર ૧૯૯૯ બન્ને દિવસે સહીત.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરી લાકડી કે લાકી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજૂ કોઇપણ સાધન સાથે લઇ જવું નહીં.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પત્થર અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઇ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવ પુતળા દેખાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી ચેષ્ટા કરવી નહી તથા તેવા પકકો પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેનાં ઉપરી અધિકારીએ એવું કોણઈપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આપ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લ મેજિસ્ટ્રેટ
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે

ક્રમાંક : એમ.એ. જી.-વશી-૫૨૮૬.—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નીનામા, અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ થી તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૯ સુધી :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારિરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો :

ક્રમાંક એમ.એ.જી./વશ -૫૩૦૪.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના-મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું, આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૩૫ (૧)મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) અન્વયે જાહેરનામું.

વાંચ્યો :—અત્રેની કચેરીનાં જાહેરનામાં ક્રમાંક : એમ.એ.જી.-વશી-૫૭૧૪, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯.

સુધારા હુકમ

ક્રમાંક એમ.એ.જી.-વશી-૫૭૭૧.—વંચાણે લીધેલ આમુખથી બહાર પાડેલ જાહેરનામાંના ફકરા-૨ ની ચોથી લાઈનનાં રસ્તાઓ ઉપર 'પછી' "દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું." શબ્દો ઉમેરવા ત્યારબાદ આગળની લીટી-ફટાકડા ખુલ્લા મેદાન, કોમન પ્લોટમાં ફોડી શકાશે. તે મુજબ સુધારો વાંચવો.

મૂળ જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

રાજપીપલા, તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૯.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો :—

ક્રમાંક એમ.એ.જી.-વશી/૫૭૭૨/૯૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ના દિવસે સવારના

INDEX

૦૦-૦૦ કલાકથી તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમ.એ.જી.-વશી-૫૭૭૩/૯૯.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારુ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૯ સુધી :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ. અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

બી. ડી. નીનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપળા).

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ./૧૦/૯૯.—તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ કાર્તીકીય પુનમનો મેળો અંબાજી ખાતે ભરાનાર હોઈ તેમજ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

INDEX

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારિક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની, રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું એમ. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત જે તે ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કઈ હથિયાર લઈ જવાની ફરજ હોય

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી શ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧૧ માહે નવેમ્બર, સને ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧(યુ)).

ક્રમાંક : એમ.એ.જી./૩૩ (૧) (પ)-૫૮૧૮ થી ૫૮૨૭.—તિલકવાડા તાલુકાનાં ભાદરવા ગામે તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૯ તથા તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિ થશે. અને ઘાસ, કામળા, વાંસ વગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન ભાદરવા ગામની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩-(૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળામાં દિવસો દરમ્યાન ભાદરવા ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જાહેરનામું

ક્રમાંક એમએજી-૪૩ (ક)-વશી-૫૮૨૮ થી ૫૮૩૭.— તિલકવાડા તાલુકાનાં ભાદરવા ગામે કાર્તિકી પુનમે તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ સુધી જાહેર મેળો ભરનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલા છે. કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરો સંભવ છે. જેથી દરેક વ્યકિતએ નીચેનાં જણાવેલ નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકનાં ૧૨ (બાર) ફટનાં વિસ્તાર અથવા જે તે જગ્યા ઉપર ન્હાવું, ધોવું કે જાનવરોને નવડાવવા નહી અને વાહનો ધોવા નહી.

(૨) યાત્રાનાં સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યા પર ઝાડો પેશાબ કરવા નહી.

(૩) ગંધાતા, વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બીન ઉપયોગી એવા ફળફળાદી, પીણા તથા ખોરાક વેચવા નહી.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરેન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદા રાખવા નહી.

(૫) જે યાત્રાળુંઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરનાં સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગચાળા અટકાવવા માટેની દવા-ઈન્જેકશન વગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહી.

વાસ્તે

હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપળા સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ભાદરવા અને જયાં જયાં આજુબાજુનાં ગામમાં જયાં જયાં યાત્રા ભરાવી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો ભરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા ૨૦૦ સુધીનાં દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. અને હુકમ તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી).

ક્રમાંક એમ.એ.જી.-૩૩ (૧) (બી)-વશી ૫૩૩૮ થી ૫૮૪૬.—તિલકવાડા તાલુકાનાં ભાદરવા ગામે પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષ કાર્તિકી પુનમનો મેળો તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ સુધીમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુ નાં ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલસામાન રાખી વેચાણ કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવાનું નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૧મ નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ સુધીનાં સમયગાળામાં (બન્ને દિવસો સહિત) ભાદરવા ગામના મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ).

ક્રમાંક એમ.એ.જી.-૩૩ (૧) (એમ)-વશી ૫૮૪૮ થી ૫૮૬૦.—તિલકવાડા તાલુકાનાં ભાદરવા ગામે તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૯ તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુનાં ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજ્યોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે. અને ભાદરવાનાં મેળામાંથી ગરૂડેશ્વર પાસે આવે નર્મદા નદીના ઘાટ પર લોકો સ્નાન કરે છે. નર્મદા નદીનાં પાણી ટેઠા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શક્યતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૯ સુધીનાં સમયમાં (બન્ને દિવસો સહિત) ગરૂડેશ્વર મુકામે નર્મદા નદીમાં પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જ લોકોએ પાણીમાં સ્નાન કરવું. તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી/૫૮૭૯/૧૯૯૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૯ થી ૫મી ડીસેમ્બર ૧૯૯૯ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આંકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પ્રતિકો, પોષ્ટકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

INDEX

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનોં ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી/વશી/૫૮૮૪/૧૯૯૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિથિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ ફરમાવવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૯ થી ના દિવસ સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૯ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સહીત) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓને કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) કોઇપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨માની કલમ-૩૭

નંબર પી.ઓ.એલ/વશી/૨૨૬૮થી ૨૨૭૩/૧૯૯૯. સતલાસણા તાલુકાના ધરોઇ ગામે મહેસાણા જિલ્લાના પોલીસ કર્મચારીઓની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૦૦ દરમ્યાન યોજવાનું નકકી થયેલ હોઇ લોકોની તથા ઢોરઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું નિખિલ પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની ૨૨માંની કલમ ૩૭ (૪) થી મળેલ અધિકારની રૂએ સતલાસણા તાલુકાના ધરોઇ ગામના સર્વે નંબર ૫૦ અને તેની આજુબાજુના એક કીલોમીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાંરૂપે માણસો તથા ઢોરઢાંખરની અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગાંરી કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

નિખિલ પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેર હુકમ

૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો.

નં. : પલસ/મજસ/વશી-૩૬૬૧.—દાહોદ જિલ્લાના સંતરામપુર ગામે અને વિસ્તારના સ. નં. ૩૫ માં આવેલ ફાયરીંગ બટ વિસ્તાર ઉપર પોલીસ અધિકારીશ્રી પંચમહાલ, ગોધરાએ પંચમહાલ જિલ્લાના પોલીસોનું સને ૧૯૯૯ નું વાર્ષિક ગોળીબાર આ ફાયરીંગ પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે. તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીના સમય માટે ચાલુ રહેનાર હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમ્યાન ઉપરોકત વિસ્તાર પ્રજાની સલામતી જાળવવા સારું સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમના કલમ-૩૭ (૪) મુજબના પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક : ફાયરીંગ/સીબી-૪/૧૬૫૮૬/સને ૧૯૯૯ થી વિનંતી કરેલ છે.

સબબ હું કે. આઇ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે દાહોદ જિલ્લાના સંતરામપુર ગામે અને વિસ્તારના સ. નં. ૩૫ મા આવેલ ફાયરીંગ

INDEX

બટ ઉપર તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૩૦મી ડિસેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સહ) પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા જિલ્લાના પોલીસ માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ ઉપરોકત વિસ્તાર તથા અન્ય જાહેર સ્થળોએ દાંડી પીટાવીને પોલીસ ખાતાએ કરવી.

દાહોદ, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૯.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું.

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ ૧૯૯૯ ના હુકમ નંબર સપ/વશી/૨૯૭૪ થી ૨૯૯૩/૯૯.
(૨) મામલતદારશ્રી પાટણ તરફથ રજુ થયેલ તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૯ નો રીપોર્ટ (ઓઈલ કું. ના બીલ સહિત)
(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર ૧૯૯૩.

હુકમ

નંબર કમકપા/સપ/વશી/૮૫૦૭/૧૯૯૯.—આમુખ-૧માં જણાવેલ હુકમથી પાટણ જિલ્લાના જુદા જુદા કેન્દ્ર માટે કેરોસીન એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ તેમજ છુટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુણલપુર) ડેપોથી પ્રાપ્ત થતાં કેરોસીનના વેચાણ ભાવ ઠરાવવામાં આવેલા છે.

સિધ્ધપુર (સુથણપુર) ટર્મીનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના પ્રતિ કિલો લીટરના ભાવ રૂા. ૧૨૯૫.૮૮ પૈસાને બદલે રૂા. ૨૩૧૨.૭૨ પૈસા થયેલ હોઈ નવેમ્બર થી ભાવ જાહેર કરવા આમુખ-૨ થી જણાવેલ છે.

સિધ્ધપુર ટર્મીનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના પ્રતિ કિલોલીટરના ભાવ રૂા. ૨૩૧૨.૭૨ પૈસા કંપની એ કરેલ હોઈ પ્રતિ કિલો-લીટર એ રૂા. ૧૬.૮૪ પૈસાનો વધારો થતો હોઇ. આમુખ-૩ની મળેલ સત્તાની રૂએ હું હિમાંશુ શેઠ (જીએએસ) કલેકટર પાટણ કેરોસીનના કેન્દ્રવાર વેચાણ ભાવ આ હુકમથી નીચે મુજબ ઠરાવું છું.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	કેરોસીન એજન્ટે જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦લી. વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા	જથ્થાબંધ વિક્રેતાઓ રીટેઈલર ફેરીયાને વેચાણ ભાવ	રીટેઈલર ફેરીયાઓ ગ્રાહકોને ૧લી. વેચાણ આપવાનો ભાવ
૧	૨	૩	૪	૫
૧	પાટણ	૨૬૮૦.૬૨	૨૬૮૦.૬૨	૨.૮૦
૨	કમલીવાડા	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૩	ભાટસલ	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૪	જેગરાલ	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૫	સિદ્ધપુર	૨૬૪૫.૩૨	૨૬૪૫.૩૨	૨.૮૦
૬	કાકોસી	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૭	હારીજ	૨૬૬૦.૬૨	૨૬૬૦.૬૨	૨.૮૦
૮	સમી	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૯	સંખેશ્વર	૨૬૯૧.૧૮	૨૬૯૧.૧૮	૨.૮૫
૧૦	ચાણસ્મા	૨૬૭૦.૬૨	૨૬૭૦.૬૨	૨.૮૦
૧૨	બાલીસણા	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૧૨	ખલી ચાર રસ્તા	૨૬૫૦.૬૨	૨૬૫૦.૬૨	૨.૮૦
૧૩	રાધનપુર	૨૭૧૯.૯૦	૨૭૧૯.૯૦	૨.૮૫

શરતો :—

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધાઓ ધરાવતાં નથી. તેમની પાસેથી ઓઈલ કંપની ઈલાયદા રીતે ૪૩.૦૦ રૂા. અંકે રૂપિયા તેતાલીસ પુરા કી. લી. દીઠ વસુલ કરશે.

(૨) જયારે કેરોસીન એજન્ટ, જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રતા પાસેથી કી. લી. દીઠ રૂા. ૪૦.૩૦ પૈસા ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) સેન્ટરથી ૫ કી.મી. કરતાં વધુ દૂરના સ્થળ માટે ૧ લીટરના ૦.૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાના રહેશે.

(૪) ઉપરના ભાવમાં તમામ સ્ટેજે આવતા કમીશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપર મુજબ બાંધેલ ભાવથી વધુ ભાવ એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા કે છુટક વિક્રેતા, ફેરીયા લઈ શકશે નહીં.

(૬) ઉપરના ભાવ સિધ્ધપુર (સુથણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ ઉપરથી સપ્લાય થતા કેરોસીન જથ્થાને લાગુ પડશે.

(૭) ઉપરના ભાવમાં સેલટેક્ષ, સરચાર્જ, સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૮) આ ભાવ જાહેર થયા પછી અગર તો નવીન ભાવ જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તો તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠરાવવાના રહેશે. અને તે પ્રમાણે ઠરાવેલ ભાવથી વિતરણ કરી શકાશે.

(૯) આ ભાવ જાહેર થયા બાદ અગાઉના ભાવ અમલમાં રહેશે નહિ.

(૧૦) કેરોસીન વેચાણ કરતાં એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છુટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૧૧) ફેરીયાએ પોતાની લારી ઉપર છુટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૧૨) આ હુકમનો અમલ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ થી કરવાને રહેશે.

INDEX

ઉપર્યુકત દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવ લેનાર સામે સપ્લાય ધારા, ૧૯૫૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

પાટણ, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯.

હિમાંશુ શેઠ,
કલેકટર, પાટણ.

વંચાણમાં લીધુ :—

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સપ / કસન / ભાવ-વશી / ૨૩૯૯ થી ૨૪૬૪/૯૯, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૯.

(૨) પ્રમુખશ્રી મહેસાણા જિલ્લા કેરોસીન ફુડ-ડીલર્સ એસોસીએશનની તારીખ ૧લી મે, ૧૯૯૯ ની અરજી તથા ૮મી ઓકટોબર, ૧૯૯૯નો પત્ર.

(૩) ઉપસચિવશ્રી, અન્ન, ના. પુ. અને ગ્રા. બા. નો વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક કસન-૧૯૯૮-૧૦૮૬-બ, તારીખ ૧૦મી મે, ૧૯૯૯.

(૪) મહેસાણા જિલ્લા કેરોસીનના પરિવહન ખર્ચ નક્કી કરવા માટેની સમિતિની તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૫) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેસન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર્સ, ૧૯૯૩.

હુકમ

નંબર સપ / કસન / વશી / ૨૬૨૧ થી ૨૬૮૬/૯૯.— આમુખ-૧ માં જણાવેલ હુકમથી આ જિલ્લામાં જુદાં જુદાં કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છૂટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુજાણપુર ડેપો) થી પ્રાપ્ત થતાં કેરોસીનના વેચાણ ભાવો ઠરાવેલ હતા.

પ્રમુખશ્રી મહેસાણા જિલ્લા કેરોસીન ફુડ ડીલર્સ એસોસીએશનએ આમુખ-૩ ની રજુઆતમાં હાલ મજરે અપાતા ટ્રાન્સપોર્ટ ચાર્જ ટૂંકા અંતર માટે ૧ કી. લી. એ રૂા. ૧૩૨ અને વધુ અંતર માટે ૧ કી.મી. / કિ. મીટરે ૦-૮૦ પૈસા નક્કી કરવામાં આવેલ છે. ત્યારબાદ ડીઝલના ભાવમાં થયેલ વધારા ઉપરાંત ટેન્કરની કિંમત, ટાયર, લુબ્રિકેટીંગ ઓઈલ, ડ્રાઈવર/હેલ્પરનું વેતનમાં વધારો થયેલ હોઈ ટ્રાન્સપોર્ટ ચાર્જીસમાં વધારો કરી આપવા માંગણી કરેલ છે.

જિલ્લામાં અગાઉ અત્રેના હુકમ નં. સપ/કસન/વશી/૫૮૮૭ થી ૬૦૧૬-૯૬ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૬ થી પરિવહન દર ટૂંકા અંતર માટે કિ.મી. એ રૂા. ૧૩૨-૦૦ અને વધુ અંતર માટે એક કિલોલીટરે / ૧ કીલોમીટરે રૂા. ૦-૮૦ પૈ. ઠરાવેલ હતો.

આમુખ-૩ માં જણાવેલ ના. સરકારશ્રીના અન્ન, ના. પુ. અને ગ્રા. બા.ના વિભાગના તારીખ ૧૦મી મે, ૧૯૯૯ ના ઠરાવથી જણાવ્યા મુજબ કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટે જિલ્લામાં કેરોસીન પરિવહન ખર્ચ નક્કી કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ કેરોસીન પરિવહન ખર્ચ નક્કી કરવાનું કાર્ય કરશે.

આમુખ-૪ મુજબ મહેસાણા જિલ્લા કેરોસીન પરિવહન ખર્ચ નક્કી કરવા માટેની સમિતિની બેઠક તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મળેલ છે. જેમાં તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૬ થી હાલની સ્થિતિએ ટેન્કર કિંમત, ટાયરની કિંમત, ડ્રાઈવરનો પગાર, હેલ્પરનો પગાર, ઓવરહેડ ખર્ચ, પ્રતિ કી. મી. મેઈન્ટેનન્સ ખર્ચ તથા ડીઝલમાં થયેલ વધારો ધ્યાને લઈ હાલમાં ટૂંકા અંતર માટે (૦ થી ૯૦ કિ. મી. સુધી) રૂા. ૧૩૨-૦૦ અને વધુ અંતર માટે એક કિલો મીટર / ૧ કિલોમીટરે રૂા. ૦-૮૦ પૈસા પરિવહન ખર્ચ અમલમાં છે તેમાં ૨૦ ટકા (વીસ ટકા) વધારો કરવાં સર્વાનુમતે ઠરાવેલ છે. જેથી ટ્રાન્સપોર્ટ ખર્ચમાં નીચે મુજબ ભાવ બાંધવાપાત્ર છે.

ટૂંકા અંતર માટે	કિલોલીટરે રૂા.	૧૫૮-૪૦
વધુ અંતર માટે	એક કિલોલીટરે / ૧ કીલોલીટરે	રૂા. ૦-૯૬ પૈસા

ઉપરોકત વિગતો ધ્યાને લઈ ધી કેરોસીન રીસ્ટ્રીકશન યુઝ એન્ડ ફીકસેશ ઓફ સીલીંગ પ્રાઈઝ ઓડર, ૧૯૯૩ અન્વયે અને મળેલ સત્તાની રૂએ હું, એચ. બી. વરિયા, આઈ.એ.એસ., કલેકટર મહેસાણા કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રેતાઓએ છૂટક વિક્રેતા, ઓઓ તથા છૂટક વિક્રેતાઓએ ગ્રાહકને વેચાણ કરવાના કમિશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે પ્રમાણે આ સાથેની શરતોને આધીન રહીને ઠરાવું છું.

અનું. નંબર	સેન્ટરનું નામ	કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦લીટર કેરોસીન-આપવાનો ભાવ.	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલર / ફેરીયાને ૧૦૦૦લીટર કેરોસીન વેચાણ આપવાનો ભાવ.	રીટેઈલર-ફેરીયાએ ગ્રાહકોને ૧ (એક) લી. કેરોસીન વેચાણ આપવાનો ભાવ.
૧	૨	૩	૪	૫
૧	મહેસાણા	૨૬૪૮-૯૨	૨૬૪૮-૯૨	૨-૮૦
૨	આંબલીયાસણ	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૩	નારેલપુર	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૪	જોટાણ	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૫	વિજાપુર	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૬	કુંકરવાડા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૭	ગોઝારીયા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૮	લાડોલ	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૯	વિસનગર	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૧૦	ગોઠવા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૧૧	ઉમતા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૧૨	કલોલ	૨૬૬૬-૪૨	૨૬૬૬-૪૨	૨-૮૫
૧૩	નારદીપુર	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૧૪	કડી	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૧૫	ઝુલાસણ	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૧૬	નંદાસણ	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૧૭	વડનગર	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૧૮	ખેરાલું	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦
૧૯	સતલાસણા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૨૦	ડભોડા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૨૧	જનુદરા	૨૬૫૨-૧૯	૨૬૫૨-૧૯	૨-૮૦

INDEX

૧	૨	૩	૪	૫
૨૨	બેચરાજી	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૨૩	મોઢેરા	૨૬૩૭-૪૨	૨૭૩૭-૪૨	૨-૮૦
૨૪	બ્રહ્મમણવાડા	૨૬૩૭-૪૨	૨૬૩૭-૪૨	૨-૮૦
૨૫	ઊંઝા	૨૬૪૭-૪૨	૨૬૪૭-૪૨	૨-૮૦

શરતો :—

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી. તેમની પાસેથી ઓઈલકંપની અલાયદી રીતે રૂા. ૪૩-૦૦ કિલો લીટર દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ, કેરોસીન જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રેતા પાસેથી કીલોલીટર દીઠ રૂા. ૪૦-૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) સેન્ટરથી ૫ કિ. મી. કરતાં વધુ દૂરના સ્થળ માટે ૧ લીટરના ૦/૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાના રહેશે.

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) આ હુકમનો અમલ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૯ થી કરવાનો રહેશે.

(૬) ઉપરોકત બાંધેલ ભાવોથી વધુ ભાવે એજન્ટ, જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા / ફેરીયા લઈ શકશે નહીં.

(૭) ઉપરોકત ભાવો સિધ્ધપુર (સુજાણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ પરથી સપ્લાય થતાં કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૮) ઉપરના ભાવોમાં સેલટેક્ષ / સરચાર્જ / સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૯) આ ભાવો જાહેર થયા બાદ અગાઉના ભાવો અમલમાં રહેશે નહીં.

(૧૦) આ ભાવો જાહેર થયા પછી અગરતો નવીન ભાવ જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તો તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠારવવાના રહેશે.

(૧૧) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરાવવાનું રહેશે.

(૧૨) ફેરીયાને પોતાની લારી ઉપર છુટક વેચાણભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

ઉપરોકત દર્શાવેલ ભાવો કરતાં વધુ ભાવ લેનાર સામે આવશ્યક ચીજ વસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૯.

વંચાણમાં લીધું: –

(૧) અત્રેના હુકમ ક્રમાંક સપ/કસન/વશી/૨૬૨૧ થી ૨૬૮૬/૯૯ તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૯

(૨) મે. ી. બી. પટેલ, કેરોસીન ડીલર મહેસાણાની તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૯ની અરજી.

(૩) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકશેસન ઓફ સીલીંગ પ્રાઇસ ઓર્ડર-૧૯૯૩.

હુકમ

નંબર સપ / કસન / વશી / ૨૮૬૩ થી ૨૯૨૫ / ૯૯.— આમુખ—૧માં જણાવેલ તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૯ના હુકમથી મહેસાણા જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છૂટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના ભાવો ઠરાવવામાં આવેલ છે.

આમુખ-૨માં પત્રથી મે.પી. બી. પટેલ, કેરોસીન ડીલર મહેસાણાએ જણાવેલ છે કે, તેઓ બી. પી. સી. ના ડીલર છે. તેમને કંપનીએ જણાવેલ છે કે, સિધ્ધપુરમાં કંપની પાસે કેરોસીનનો જથ્થો નહી હોવાના કારણે સાબરમતી ડેપોથી સાબરમતીના ભાવે કેરોસીન આપશે. જ્યારે જ્યારે કંપની તરફથી સિધ્ધપુર (સુજાણપુર) ડેપોના બદલે સાબરમતી ડેપો ઉપરથી કેરોસીનની ફાળવણી આપવામાં આવે ત્યારે તુરતજ સાબરમતીથી કેરોસીન લાવી વિતરણમાં મૂકી શકાય તે સારૂ સાબરમતીના ભાવ ધ્યાનમાં લઇ જીલ્લાના જુદા જુદા સ્થળોના વેચાણભાવ નકકી કરી આપવા માંગણી કરેલ છે.

સાબરમતી ડેપોના ૧ કિ. લી. કેરોસીનનો ભાવ રૂા. ૨૨૧૫-૦૮ છે.

ઓઇલ કંપનીઓ તરફથી સિધ્ધપુર (સુજાણપુર) ડેપો ઉપરથી કેરોસીન આપવામાં આવે છે અમુક સમયે સિધ્ધપુર ડેપો ઉપર કેરોસીન જથ્થો ન હોવાના કારણે સાબરમતી ડેપો ઉપરથી કેરોસીનનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. જ્યારે જ્યારે સાબરમતી ડેપો ઉપરથી કેરોસીન પુરૂ પાડવામાં આવે ત્યારે જથ્થો તુરતજ લાવી વિતરણમાં મૂકી શકાય અને પુરવઠો સતત જળવાઇ રહે તે સારૂ સાબરમતી ડેપોથી જિલ્લાના જુદા જુદા સ્થળોના વેચાણભાવ નકકી કરવાપાત્ર છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઇ ધી કેરોસીન રીસ્ટ્રીકશન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઇસ ઓર્ડર (૧૯૯૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, એચ. બી. વરિયા, આઇ. એ. એસ. કલેકટર, મહેસાણા, કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રતાઓએ છૂટક વિક્રતાઓને તથા છૂટક વિક્રેતાઓએ ગ્રાહકોને વેચાણ કરવાના કમિશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે પ્રમાણે આ સાથેની શરતોને આધીન રહીને ઠરાવું છું.

પરિશિષ્ટ

અનુ. નંબર	સેન્ટરનું નામ	કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦ લીટર કેરોસીન વેચાણ આપવાનો ભાવ	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઇલર/ ફેરીયાને ૧૦૦૦ લીટર કેરોસીન વેચાણ આપવાનો ભાવ	રીટેઇલર/ ફેરીયાએ ગ્રાહકોને ૧(એક) લીટર કેરોસીન વેચાણ આપવાનો ભાવ
૧	મહેસાણા	૨૫૫૧-૨૮	૨૫૫૧-૨૮	૨-૭૦
૨	આંબલીયાસણ	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૩	નાગલપુર	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦

INDEX

૧	૨	૩	૪	૫
૪	જોટાણા	૨૫૪૯-૭૮	૨૫૪૯-૭૮	૨-૭૦
૫	વિજાપુર	૨૫૪૯-૭૮	૨૫૪૮-૭૮	૨-૭૦
૬	કુકરવાડા	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૭	ગોઝારીયા	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૮	લાડોલ	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૯	વિસનગર	૨૫૪૯-૭૮	૨૫૪૯-૭૮	૨-૭૦
૧૦.	ગોઠવા	૨૫૬૧-૮૬	૨૫૬૧-૮૬	૨-૭૦
૧૧	ઉમતા	૨૫૬૩-૭૮	૨૫૬૩-૭૮	૨-૭૫
૧૨	કલોલ	૨૫૬૮-૭૮	૨૫૬૮-૭૮	૨-૭૫
૧૩	નારદીપુર	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૧૪	કડી	૨૫૪૯-૭૮	૨૫૪૯-૭૮	૨-૭૦
૧૫	ઝુલાસણ	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૧૬	નંદાસણ	૨૫૩૯-૭૮	૨૫૩૯-૭૮	૨-૭૦
૧૭	વડનગર	૨૫૮૫-૩૦	૨૫૮૫-૩૦	૨-૭૫
૧૮	ખેરાલુ	૨૬૨૧-૭૮	૨૬૨૧-૭૮	૨-૮૦
૧૯	સતલાસણા	૨૬૬૯-૩૮	૨૬૬૯-૩૮	૨-૮૫
૨૦	ડભોડા	૨૬૩૨-૯૦	૨૬૩૨-૯૦	૨-૮૦
૨૧	જગુદણ	૨૫૫૪-૫૫	૨૫૫૪-૫૫	૨-૭૦
૨૨	બેચરાજી	૨૫૬૮-૮૨	૨૫૮૬-૮૨	૨-૭૫
૨૩	મોઢેરા	૨૫૮૨-૯૮	૨૫૮૨-૯૮	૨-૭૫
૨૪	બ્રાહમણવાડ	૨૫૬૫-૭૦	૨૫૬૫-૭૦	૨-૭૫
૨૫	ઊંઝા	૨૫૬૮-૦૨	૨૫૬૮-૦૨	૨-૭૫

શરતો :

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી. તેમની પાસેથી ઓઇલ કંપની અલાયદી રીતે રૂા. ૪૩-૦૦ કીલોલીટર દીઠ વસુલ કરશે ;

(૨) જ્યારે કેરોસીન એજન્ટ, કેરોસીન જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ કેરોસીન જથ્થાબંધ વિક્રેતા પાસેથી કિલોલીટર દીઠ રૂા. ૪૦-૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે ;

(૩) સેન્ટર થી ૫ કી. મી. કરતાં વધુ દૂરના સ્થળ માટે ૧ લીટરના ૦-૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાના રહેશે ;

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે ;

(૫) આ હુકમનો અમલ તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૯ થી કરવાનો રહેશે ;

(૬) ઉપરોકત બાંધેલ ભાવો સાબરમતી ડેપો ઉપરથી જયારે કેરોસીન સપ્લાય થાય તે કેરોસીન ના જથ્થાને લાગુ પડશે ;

(૭) સાબરમતી ડેપો ઉપરથી સપ્લાય થતા, કેરોસીનના જથ્થા ઉપર ઉપરોકત બાંધેલ ભાવોથી વધુ ભાવો એજન્ટ જથ્થાબંધ વિક્રેતા કે છૂટક / વિક્રેતા ફેરીયા લઇ શકશે નહી ;

(૮) ઉપરના ભાવોમાં સેલટેક્ષ સરચાર્જ સ્થાનિક જકાત વિગેરે વિગેરે મજરે આપવામાં આવેલ છે ;

(૯) આ ભાવો જાહેર થયા પછી અગરતો નવીન ભાવ જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તે તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠરાવવાના રહેશે

INDEX

(૧૦) તમામ કેરોસીન વિક્રતાઆએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૧૧) ફેરીયાએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

સાબરમતી ડેપો ઉપરથી સપ્લાય થયેલ કેરોસીનના જથ્થા ઉપર ઉપરોકત ભાવો કરતાં વધુ ભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૯.

એચ. બી. વરિયા,
કલેકટર, મહેસાણા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

પરવાનો

જા. નં. વખાર/૦૧/ચ-ર/૯૦૯/૧૪૭૮૭/૯૯.—સને ૧૯૫૯ ના મુંબઈ વખાર ધારાના અધિનિયમ સને ૧૯૬૦ ના મુંબઈ વખારા ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખારધારા, સેન્ટ્રલ વેરહાઉસ, ઈસનપુર વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે રૂા. ૯૦૦(અંકે રૂપિયા નવસો પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન ચાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલસંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજુરી સિવાય મુંબઈ વખાર ધારાના કાનુન નં. ૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસૂચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ-૮ અને કલમ-૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવાનો અથવા આ કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ જમા આવેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૨૦મો ઓકટોબર, ૧૯૯૯.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XL] THURSDAY, DECEMBER 30, 1999 / PAUSA 9, 1921 [No. 52

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

Part		Pages	Part		Pages
Part-I	Government Notifications Appoinment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	1541-1550	Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	1236-1267
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	52	Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	4106-4171

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

BY DISTRICT JUDGE

Read :—(1) High Court Letter No. C. 2103/99, dated 22nd March 1999.

(2) This Office Notification No. : ADM-378 of 1999, dated 1st April, 1999.

(3) This Office Notification No. : ADM-1382 of 1999, dated 26th October, 1999.

(4) TelephonicMessage by Honorable High Court on 5th November, 1999 at 5.30 P.M.

Notification

No. ADM/12 /1461 of 1999.—In Partial modification of this Office Notification cited in Preamble No. (2), the following modification is made in the said Notification.

6th and 7th line of notification be read as " and One Week from Tuesday November 16th. 1999 to Monday, November, 22nd. 1999. (Both days inclusive) ".

Other conditions of the Notification shall be as they are.

V. B. GANDHI,
Kheda at Nadiad.
Incharge Sadar Station.

Kheda at Nadiad, dated November 5th, 1999.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) અન્વયે.

નંબર પી.ઓ.એલ. / ફાયરીંગ / જાહેરનામું / ૯૯.— સાબરકાંઠા જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર તથા ભિલોડા તાલુકાના માકરોડા ગામના સર્વે નં. ૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલા છે. આ બંને બટ પૈકી પોલીસ હેડ ક્વાર્ટર હિંમતનગર મુકામેના ફાયરીંગ બટ ઉપર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓનું વાર્ષિક ફાયરીંગ તથા માકરોડા ખાતેના બટ ઉપર જિલ્લાના પોલીસના માણસોનું વાર્ષિક ફાયરીંગનો કાર્યક્રમ યોજાવાનો હોવાથી આ બંને બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરુરી છે.

આથી હું મનોજ અગ્રવાલ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૦ માં)ની કલમ ૩૭ (૪) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના પોલીસ હેડ-ક્વાર્ટર તથા ભિલોડા તાલુકાના મારરોડા ખાતેના બટ વિસ્તાર નામે ઓળખાતી જમીન નજીક આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧ લી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ ના દિવસો દરમ્યાન જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજાવાનો હોવાથી ઉકત બંને બટ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુ-બાજુના ૧.૬ કિ. મી. ના ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ સવારના-૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં. તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર-ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. અને બિન અધિકૃત પ્રવેશથી જો કોઈ નુકસાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તારીખ ૧૯ મી નવેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

મનોજ અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર પલસ / મજસ / વશી-૩૬૭૫.— દાહોદ જિલ્લાના સંતરામપુર ગામે અને વિસ્તારના સ. નં. ૩૫ માં આવેલ ફાયરીંગ બટ વિસ્તાર ઉપર પોલિસ અધિકારીશ્રી દાહોદ એ દાહોદ જિલ્લાના પોલિસોનું સને ૧૯૯૯ નું વાર્ષિક ગોળીબાર આ ફાયરીંગ પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે. તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીના સમય માટે ચાલુ રહેનાર હોવાથી ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારની પ્રજાની સલામતી જાળવવા સારુ સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ ૩૭(૪) મુજબના પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિકારીશ્રી દાહોદ એ તેઓના પત્ર ક્રમાંક પરચ-સીબી-૪-૧૧૦૦૮- સને ૧૯૯૯ થી વિનંતી કરેલ છે.

સબબ હુ કે. આઈ. વસાવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ સને ૧૯૫૧-- ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રુએ ફરમાવું છું કે દાહોદ જિલ્લાના સંતરામપુર ગામે સને વિસ્તારના સ. નં. ૩૫ માં આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧ લી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૯ (બંને દિવસો સહ) પોલિસ અધિકારીશ્રી દાહોદ જિલ્લાના પોલિસો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઈ પણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે. આ હુકમની બહોળી પ્રસિદ્ધિ ઉપરોકત વિસ્તાર તથા અન્ય જાહેર સ્થળોએ દાંડી પીટાવીને પોલીસ ખાતાએ કરવી.

દાહોદ, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૯.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪).

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી-૩૯૨૩.—પંચમહાલ જિલ્લાના ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ફાયરીંગ બટમાં જિલ્લાના પોલીસ અધિકારીઓનું વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે. આ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીના સમય માટે ચાલુ રહેનારી હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારના પ્રજાની સલામતી જાળવવા સારું અને લોકોની અવર જવર રહે નહી તે માટે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો પ્રતિબંધિઇ હુકમ પ્રસિધ્ધ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક: ફાયરીંગ/સીબી.૪/૧૬૫૮૫/૯૯ તારીખ ૨૨મી નવેમ્બર. ૧૯૯૯ થી વિનંતી કરેલ છે.

સબબ હુ જે. એમ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છુ કે પંચમહાલ જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર, બટ, ગોધરા ઉપર તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૯ થી તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સહ) પંચમહાલ જિલ્લાના પોલીસ અધિકારીઓના વાર્ષિક ગોળીબાર, પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનોમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯.

INDEX

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) :મુજબનો

નં. : ઉ/મકમ/પલસ/મંજસ/વશી-૪૧૨૦.—પંચમહાલ જિલ્લાના ગોધરા પોલીસ હેડ કવાર્ટર ફાયરીંગ બટ જિલ્લાના પોલીસ-અધિકારીઓનું વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે. આ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીના સમય માટે ચાલુ રહેનાર હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારની પ્રજાની સલામતી જાળવવા સારુ અને લોકોની અવરજવર રહે નહી તે માટે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક : ફાયરીંગ/સીબી.૪/૧૭૪૩૧/૯૯ તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૯ થી વિનંતી કરેલ છે.

સબબ હું જે. એમ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના પોલીસ હેડ કવાર્ટર બટ ગોધરા ઉપર તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ (બંને દિવસો સહ) પંચમહાલ જિલ્લાના પોલીસ અધિકારીઓના વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારની કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહિ.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૯.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ / ફાયરીંગ / તલમ / રજિ. નં. ૫૬/૯૯.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડના તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૯ ના પત્ર નં. હથર/સીબી-૨/વા. ફા./૧૦૧૮૪/૯૯ થી જણાવ્યા અનુસાર વલસાડ જિલ્લાના પોલીસ કર્મચારી / અધિકારીઓનું ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ, જિલ્લો વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનો કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૫૭/૯૯ :—મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી નાતાલ પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૯ થી ૧૭મી ડીસેમ્બર ૧૯૯૯ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

કૃત્યો.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની;

(ગ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ગ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજી કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા

ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માંની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી નં. ૫૮/૯૯.—જીલ્લામાં આગામી નાતાલના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના અધિનિયમ ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૯ સુધી (બન્ને દિવસો સહીત ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ. દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી. સિકકા કરી આપવામાં આવ્યા છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૫૭ / ૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઇ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૯ થી તારીખ ૧૯મી ડીસેમ્બર ૧૯૯૯ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવો કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

(પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમણે જે તે ઉપરી અધિકારીએ આવું કોઇ પણ હથીયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જીલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨માંની કલમ-૩૭ (૩) મુજબ.

હુકમ

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૫૮/૯૯.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯માં ડીસેમ્બર ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

વિસ્તાર : પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝની જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા--સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) :અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૮૦૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હુ આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ નાં દિવસે સવારનાં ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૯ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવાં ગુહરક્ષક દળનાં વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, સને ૧૯૯૯ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ- ૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૮૦૪.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિ--નિયમ--૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છં કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી. (બંન્ને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજં કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણો છાંટવા અથવા ફેંકવા નહિ, ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેની વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા સબો-અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

INDEX

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટિસો, પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરવી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચા મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા વધુ અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. એ.૧૧/૯૯.—આગામી દિવસોમાં નગરપાલિકાઓની ચુંટણી આવતી હોઈ, તેમજ નાતાલનો તહેવાર આવતો હોઇ, તથા મુસ્લીમ ભાઈઓ તરફથી રમજાન મહિનો ચાલુ થતો હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સાર સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઇ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઇ જવુ નહી.

(ખ) કોઇ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાની અ... તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતીનો ભંગ થતો હોય તેવુ કરવાનુ નહી.

વાસ્તે હું એસ. કે. પ્રજાપતિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨મા) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરૂ છું. આ હુકમ તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૯ થી તારીખ ૩૧સી ડીસેમ્બર ૧૯૯૯ સુધી બંને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨જી માહે ડીસેમ્બર સને ૧૯૯૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. કે. પ્રજાપતિ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક ૭/મકડ/પી.ઓ.એલ./વશી ૪૨૩૬-૪૫ / ૧૯૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭, (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આગામી ધાર્મિક તહેવારો તથા ૬ઠ્ઠી ડિસેમ્બર બાબરી ધ્વંસ દિનને અનુલક્ષી જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતિ જાળવવા સારું જરૂર જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨જી ડિસેમ્બર' ૧૯૯૯ થી તારીખ ૧૬મી ડિસેમ્બર. ૧૯૯૯ (બંને દિવસો સહિત) નાં સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું:—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

INDEX

(ધ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની:

(ધ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની:

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક)નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૪૨૪૬-૫૫ / ૧૯૯૯.—જિલ્લામાં આગામી દિવસોમાં આવતા ધાર્મિક તહેવારો તથા છઠ્ઠી ડિસેમ્બર, બાબરી ધ્વંસ દિનને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ. જે. બરંડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છુ કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૯ (બંને દિવસો સહિત) નાં સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં, કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હુ આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપેલ છે.

દિનેશ જે. બરંડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨મા)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ / જાહેરનામુ/ ૩૭(૩) /વશી - ૭૯૪૩થી ૭૯૬૩/ ૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ -સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તાર માં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવ-વવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઇ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ (૩)થી મારી સત્તાની રૂઈએ હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધી-નગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૯મી ડીસેમ્બર ૧૯૯૯ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૯ના કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

INDEX

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર

(૧) જ-૩ થી ધ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ધ-૩ થી ધ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ધ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા સે. ૨૧, ૨૨ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર(અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજ-ભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.
રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેના ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમના કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ડીસેમ્બર ૧૯૯૯ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨ માંની કલમ-૩૭ (૪) મુજબનું

નંબર પી.ઓ.એલ./વશી / ૨૪૩૦ થી ૨૪૩૫/૯૯.—મહેસાણા જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફાયરીંગ બટનાં સ્થળે મહેસાણા જિલ્લાનાં પોલીસ અધિકારીઓનો વાર્ષિક રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજવાનું નક્કી થયેલ છે. જેથી લોકોની તથા ઢોરઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, આઈ. જી. પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માંની) કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડક્વાર્ટસનાં ફાયરીંગ બટનાં નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુનાં ૧૫૦ મીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૯ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીનાં સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાંરૂપે માણસો તથા ઢોરઢાંખરની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિ-નિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૯નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની ૨૨ની) કલમ-૩૭ (૧) (છ) મુજબ.

નંબર ડીસીબી / એમએજી / ૨જી-૨/૧૯૯૯ :— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ (૧) (છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારી નગરપાલીકા સામાન્ય ચુંટણીની પ્રક્રિયાઓ દરમ્યાન ચુંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતા અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચુંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હીત અને આચાર સંહિતાની નીતિને ધ્યાનમાં રાખી નવસારી નગરપાલિકાના સમગ્ર વિસ્તાર માટે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકીય પક્ષ/સંગઠન/સંસ્થા અથવા ઉમેદવાર કે તેના કાર્યકરો, સમર્થકો સરકારી મિલ્કતો જાહેર મિલ્કતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના ક્રોસીંગ પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, માઈલ સ્ટોન રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ, ટ્રેઈનો એસ. ટી. બસો ઉપર કે ડીપો ઉપર તથા શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કતો વિગેરે ઉપર પોસ્ટરો ચોંટાડીને કે સુત્રો લખીને કે પ્રતિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો / મિલ્કતો દિવાલો ઉપર કોઈ પણ પ્રકારની ચુંટણી જાહેરાત લઈ શકશે નહીં.

આ હુકમ તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ની મુદત સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના પોલીસ અધિનિયમ) ની કલમ કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થશે અને દંડને પાત્ર ઠરશે.

આજ તારીખ સાતમી ડીસેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવે છે.

કીરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નંબર એજીકે/ક્યુએલ/જાહેરનામું/૯૨૦૧/૯૯ :—આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમ ધારો ૧૯૬૬ ના નિયમ અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ ક્વૉરીલીઝનો મુદત પૂરી થતાં લીઝનો વિસ્તાર જાહેર જનતા માટે ફરીથી ખુલ્લો મુંકવા ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) સી મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું રહેતું હોઈ હું, કલેક્ટર સમક્ષ અધિકારી આણંદ ને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિદ્ધ થયા ની તારીખ પછીના ૩૦ દિવસ બાદ સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરૂં છું નિયત સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપક્વ ગણવામાં આવશે.

અનુ. નંબર.	નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર	ખનીજ
૧	મહીસાગર રેપ કામદાર સહકારી મં. લી.	રાજુપુરા	આણંદ	મહી નદી	૪-૦૦ હેક્ટર	રેતી ગ્રેવલ

આણંદ, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૯.

સુધારાનું જાહેરનામું

નંબર એલએનડી/વશી/સી-૨૩૪૬૯ :—સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક મીસ/૧૦૭૮/૬/૧૦૭/હ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૮૦ થી મોજે ઉદેલ તાલુકા ખંભાત ગામમાં સીટી સર્વે દાખલ કરવા વહીવટી મંજરી મળેલી હતી અને તે આધારે કલેકટરશ્રી, ખેડાના નં. એલએનડી/વશી/૧૭૭૬ તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૮૨ થી સીટી સર્વે વિસ્તારમાં આવરી લેવાયેલ ખેતી અને બીનખેતીના રેવન્યુ સર્વે નંબરોની યાદી તથા ગામતળના નકશાનું ટ્રેસીગ સીટી સર્વે મામલતદારશ્રી વડોદરાએ રજુ કરેલ છે અને તે પ્રમાણે ખેતી અને બીન ખેતીના રેવન્યુ સર્વે નંબરો સીટી વિસ્તારમાં દાખલ કરવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨૬ મુજબ કલેકટરશ્રી, ખેડાના તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૮૨ થી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ હતું.

જમીન દફતર અધિક્ષક કમ એકત્રીકરણ અધિકારી ખેડા, મુકામ નડીઆદના તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૯ના પત્રથી મોજે ઉદેલ તાલુકા ખંભાત જિલ્લો આણંદ ગામની સીટી સર્વેની હદમાં રે.સ. નં. ૩૪ કે જેનું ક્ષેત્રફળ ૦-૩૩-૩૯ શરત ચુકથી રહી જવા પામેલ હોઇ અત્રે દરખાસ્ત કરેલ છે.

આથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨૬ થી મને મળેલ અધિકારની રૂએ હું પી. બી. પટણી, કલેકટર આણંદ તે મોજે ઉંદેલ તાલુકો ખંભાતના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના ખેતી અને બીનખેતી રેવન્યુ સર્વે નંબરો તથા ગામતળને સીટી વિસ્તારમ સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

મોજે ઉંદેલ તાલુકો ખંભાત, જિલ્લો આણંદના બીન ખેતીના સ. ન. ની યાદી.

સર્વે નંબર	હી. નં.	ક્ષેત્ર ફળ	ખરાબો	લાયક	આકાર
૩૪	...	૦-૩૩-૩૯	...	૦-૩૩	૩૯-૬.૩૧

આણંદ તારીખ ૯મી ડીસેમ્બર ૧૯૯૯.

પી. બી. પટણી,
કલેકટર, આણંદ.

ભાગ-૧/૧-એ/૧-એલ

અસાધારણ રાજ્યપત્રિની યાદી.

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે.

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮ ઓકટોબર. ૪, ૧૧, ૧૮, ૨૫, નવેમ્બર સન ૧૯૯૯ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	જાહેરાતનો નંબર અને તારીખ	વિભાગ અથવા કચેરી.
૧	૧૯૩/૮મી ઓકટોબર ૧૯૯૯	ન.. ઉમ/કસક/એજીએમ/કુએલ/ /જાહેરનામું ૪૭૩૭/૪૧,૪૧	કલેકટર, સાબરકાંઠા હિમતનગર
૨	૧૯૪/૯મી ઓકટોબર ૧૯૯૯	નં. એસ.બી/ઉગપક/જાહેરનામું/૪૨૫૬, ૪૨૮૭	વડોદરા શહેર પોલીસ કમિશ્નર,

૧	૨	૩	૪
૩	૧૯૬/૧૩મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. પીઓએલ/એસઆર/૧૬/૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪	૧૯૭/૧૩મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. એપીઓએલ/(૧)/૩૯૨૨	અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૫	૧૯૮/૧૩મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. એમએજી/વશી/પોલ/૯૩૭૦ થી ૯૪૪૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૬	૧૯૯/૨૨મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. પીઓએલ/એસઆર/૧૮/૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૭	૨૦૦/૨૨મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. એમએજી/પરીક્ષા/૧૦/૯૯	એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, હિંમતનગર
૮	૨૦૧/૨૫મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. પીઓએલ/(૧)વશી/૩૯૫૦, ૩૯૬૦	અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૯	૨૦૨/૨૫મી ઓક્ટોબર, ૧૯૯૯	નં. પીઓએલ/જાહેરનામું/૩૭(૧), ૩૭(૩), ૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૧૦	૨૦૩/૨૭મી ઓક્ટોબર, ૧૯૯૯	નંબર એસબી/ઉગપક/જાહેરનામું, ૪૪૮૫, ૪૫૦૩, ૪૫૦૪	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૧૧	૨૦૪/૧લી નવેમ્બર, ૧૯૯૯	નંબર ઉમકસ/૮૫/એજીએસ/કયુએલ/જીએસ/જાહેરનામું/૪૩૪૭	કલેક્ટર, સુરત
૧૨	૨૦૫/૨જી નવેમ્બર, ૧૯૯૯	નંબર એજીકે/કયુએલ/જાહેરનામું/૯૯	કલેક્ટર, ખેડા.
૧૩	૨૦૬/૩જી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧), ૩૭(૩),૯૯	અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા
૧૪	૨૦૭/૩જી નવેમ્બર ૧૯૯૯	નંબર એમએજી/વશી/પોલ/૧૦૫૨ થી ૧૦૨૨૨ ૧૦૨૨૩ થી ૧૦૨૯૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૧૫	૨૦૮/૪થી નવેમ્બર, ૧૯૯૯	નંબર પલસ/મજસ/વશી/૩૩૬૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા
૧૬	૨૦૯/૪થી નવેમ્બર, ૧૯૯૯	નંબર એમએજી/વશી/૭૨૩ થી ૩૫/૯૯	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૭	૨૧૦/૪થી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીઓએલ/(૧)વશી/૪૦૨૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૮	૨૧૧/૫મી નવેમ્બર, ૧૯૯૯	નં. ડી/એમએજી/૧/પારા/૨૫/૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા
૧૯	૨૧૨/૧૨મી નવેમ્બર, ૧૯૯૯	નં.એસબી/ઉગપક/જાહેરનામું ૪૭૦૬, ૪૭૦૭, ૪૭૦૮	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૨૦	૨૧૩/૧૬મી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીઓએલ/(૧)/વશી/૪૦૨૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૨૧	૨૧૪/૧૯મી નવેમ્બર, ૧૯૯૯	નં. પીઓએલ/(૧)/૩૯૭૫	"
૨૨	૨૧૫/૨૦મી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીએએલ/(૧)/વશી/૪૨૧૩	"
૨૩	૨૧૬/૨૨મી નવેમ્બર, ૧૯૯૯	નંબર ઉગપક/ટફક/નરસિંહજી વરઘોડો/૧૯૭૮/૯૯	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર
૨૪	૨૧૭/૨૪મી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીઓએલ/જાહેરનામું/શામળાજી/૪૩(૧) ૯૯	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર
૨૫	૨૧૮/૨૫મી નવેમ્બર, ૧૯૯૯	નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧) ૯૯	"
૨૬	૨૧૯/૨૯મી નવેમ્બર, ૧૯૯૯	No. DNT/PBM/SR/5/99-WS/5076/99.	District Magistarate, Vadodara.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX